શ્રી સયાજી સાહિત્યમાળા, પુષ્પ ૩૩૬

શ્રી હરિભદ્રસૂરિ

કર્તા :

પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા

'અર્ધમાગધી'ના ભૂતપૂર્વ અધ્યાપક,

એમ. ટી. બી. કૉલેજ, સુરત

પ્રાચ્યવિદ્યા મન્દિર

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

પ્રકાશક :

ડૉ ભોગીલાલ જ. સાંડેસરા,
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા

પ્રથમાવૃત્તિ, પ્રત ૫૦૦

વિ. સં. ૨૦[illegible] [ઈ. સ. ૧૯૬૩

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વ ડો દ રા

મુદ્રક :

શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર,
ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ
બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ
દરવાજા પાસે, રાજમહેલ રાડ, વડોદરા

નિવેદન

આપણા દેશી ભાષાના સાહિત્યની અભિવૃદ્ધિ કરવાના સદુદ્દેશથી, પતિતપાવન કૈ૦ શ્રીમન્ત સરકાર મહારાજા સાહેબ, શ્રી સયાજીરાવ ગાયકવાડ ત્રીજા, સેનાખાસખેલ, સમશેરબહાદુર, જી. સી. એસ. આઈ., જી. સી. આઈ. ઈ., એલએલ. ડી., એઓશ્રીએ કૃપાવન્ત થઈને બે લાખ રૂપિયાની રકમ અનામત મૂકેલી છે. તેના વ્યાજમાંથી 'શ્રી સયાજી સાહિત્યમાળા' રૂપે વિવિધ વિષયોને લગતા પુસ્તકો તૈયાર કરાવવામાં આવે છે.

તદનુસાર, આ 'શ્રી હરિભદ્રસૂરિ' એ નામનુ પુસ્તક, પ્રો. હીરાલાલ ર. કાપડિયા પાસે તૈયાર કરાવવામા આવેલું, તેને મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા તરફથી ઉક્ત માળામાં ૩૩૬મા પુષ્પરૂપે પ્રસિદ્ધ કરવામા આવે છે.

ભો. ધૂ. પારેખ
સંશોધન અધિકારી,
પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા
તા. ૧૦-૭-૧૯૬૩

જ્યોતીન્દ્ર મા. મહેતા
ઉપકુલપતિ,
મ. સ વિશ્વવિદ્યાલય,
વડોદરા

ઉત્થાનિકા

ઉદ્ભવ—જૈન કુટુંબમાં મારો જન્મ થવાથી બાલ્યવયથી મારા ઉપર જૈન સંસ્કૃતિનો પ્રભાવ પડવો શરૂ થયો હતો. આ સુરત શહેરમા--મારી જન્મભૂમિમાં પ્રાથમિક કેળવણી લીધા બાદ, માધ્યમિક કેળવણી લેવાનો પણ મને અહીં સુયોગ મળવાથી, હું આ જ શહેરમાં રહ્યો. આ સુરત શહેર એટલે જૈન મુનિવરોનું એક મહત્ત્વનું વિશ્રામ-સ્થાન આમ હોવાથી જૈન ધર્મ અને સાહિત્યના અભ્યાસની મને અભિરુચિ જાગી; અને માધ્યમિક કેળવણી લેવાનુ મારું કાર્ય ચાલુ હતું તે દરમ્યાન મેં એને થોડેઘણે અંશે સંતોષી પણ ખરી. એને પૂર્ણ અને વ્યવસ્થિત વેગ તો હું એમ. એ ની પરીક્ષામાં ૧૯૧૮માં ઉત્તીર્ણ થયો ત્યાર પછી આપી શક્યો. વાત એમ બની કે, આ અરસામા સ્વ. શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરિજીનું ચાતુર્માસ મુંબઈમા થયુ અને મારા માતાપિતા પણ—અમારું સમગ્ર કુટુંબ સુરત છોડી બેત્રણ વર્ષો થયા મુંબઈમા સ્થિર થયેલાં હોવાથી, એ સૂરિજીના વિદ્વાન શિષ્યો પાસેથી મને વિશિષ્ટ અધ્યયન કરવાનો યથેષ્ટ અવકાશ મળ્યો. ન્યાયતીર્થ, ન્યાયવિશારદ મુનિશ્રી ન્યાય-વિજયજીએ રચેલી અને જૈન દર્શન ઉપરાત ઇતર દર્શનોના મંતવ્યોને રજૂ કરતી એમની ' ન્યાયકુસુમાંજલિ ' હું આ ગ્રન્થકાર પાસે ભણ્યો, અને એથી આગળ ઉપર હું હરિભદ્રસૂરિકૃત ' ષડ્દર્શનસમુચ્ચય ' અને ' શાસ્ત્રવાર્તાસમુચ્ચય 'ના સમુચિત પઠન માટે આકર્ષાયો. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ જૈન ધર્મ અને સાહિત્યના વિશેષ અને વિશિષ્ટ અભ્યાસ માટે મને અવકાશ અને અનુકૂળતા મળવા લાગ્યાં. એવામાં, આજથી સત્તાવીસેક વર્ષ ઉપર તા. ૯–૧–'૩૫ને રોજ ' અનેકાન્તજયપતાકા 'નું સ્વોપજ્ઞ વ્યાખ્યાદિ સહિત સંપાદન કરવાનું

મને 'ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાલા'ના સંચાલક ડૉ. વિનયતોષ ભટ્ટાચાર્ય તરફથી નિમંત્રણ મળ્યું અને મેં એ સ્વીકાર્યું. આ હારિભદ્રીય કૃતિને ન્યાય આપવાના મારા મનોરથે મને એમનો જીવનવૃત્તાંત અને કૃતિકલાપ વિચારવા પ્રેર્યો. આનું ફળ એ આવ્યું કે, મારા દ્વારા સંપાદિત થઈ, બે ખંડમા પ્રસિદ્ધ થયેલી આ કૃતિને અંગે મેં ઉપોદ્ઘાત લખ્યો. એ અંગ્રેજીમા હોવાથી તેમ જ બે ખંડમા કટકે કટકે છપાયેલો હોવાથી, આને આધારે સળંગ જીવન અને કવન આલેખવાની મારી વૃત્તિ થઈ, અને 'શ્રીસયાજી સાહિત્યમાળા'મા એ પ્રકાશિત કરવાનું નક્કી થતાં, આ વૃત્તિ પોષાઈ. એનું પરિણામ તે આ પુસ્તકની રચના છે.

પ્રણાલિકા—આ 'હુંડા' અવસર્પિણીમાં અહીં—આ ભારતવર્ષમા ચોવીસ તીર્થંકરો થઈ ગયા છે, એમ જૈનોનું માનવું છે. એમાંના અંતિમ તીર્થંકર તે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી છે. એમની પટ્ટપરંપરાનો—વિક્રમની લગભગ પાંચમી શતાબ્દી સુધીમાં થઈ ગયેલા પ્રાચીન જૈન મહર્ષિઓનો સંક્ષિપ્ત પરિચય શ્રમણકપ્પમાંની તેમ જ નંદીની થેરાવલી પૂરો પાડે છે. મહાવીર સ્વામીના પ્રશિષ્ય જંબૂસ્વામી વગેરેનું જીવનચરિત્ર કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિએ 'પરિશિષ્ટ પર્વ' દ્વારા આલેખ્યુ છે, અને એમના આ કાર્યને પ્રભાચન્દ્રસૂરિએ 'પ્રભાવકચરિત' રચીને, એમના સમય સુધીમા થઈ ગયેલા મહાનુભાવો વિષે પ્રકાશ પાડચો છે. આમ, જૈન મહર્ષિઓના જીવનવૃત્તાન્તો રચવાની પ્રથા પ્રાચીન કાળથી ચાલી આવે છે, અને એ આધુનિક સંપાદકો અને સંશોધકો તરફથી અપનાવાઈ છે. આને લઈને આપણને હરિભદ્રસૂરિના પૂર્વગામી વાચકમુખ્ય ઉમાસ્વાતિ અને કવિવર સિદ્ધસેન દિવાકર જેવાની તેમ જ એમની અને એમના ઉત્તરવર્તી મુનિવરોની જીવનઝરમર જાણવાની તક મળે છે. આમ હોવા છતા, આધુનિક વાચકવૃંદની વૃત્તિને પોષી શકે એવા સ્વતંત્ર જીવનચરિત્રો, પ્રાચીન મહાપુરુષોને લક્ષીને

ભાગ્યે જ રચાયાં છે કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિને ઉદ્દેશીને જર્મન વિદ્વાન ડૉ. બ્યુહ્લર (Bühler) તરફથી આદરણીય પ્રયાસ થયો અને એનો આસ્વાદ અંગ્રેજી અને ગુજરાતી જાણનારાઓને મળે એવો પ્રબંધ પણ થયો છે

યોજના—મેં આ પુસ્તકને બે ખંડમા વિભક્ત કર્યું છે. 'પૂર્વ-ખંડ'મા મેં હરિભદ્રસૂરિના બાહ્ય જીવનની રૂપરેખા આલેખી છે, જ્યારે 'ઉત્તરખંડ'મા એમના આંતરિક જીવનનો—એમના અક્ષરદેહનો સંક્ષેપમા પરિચય કરાવ્યો છે. એમના વિદ્યાવ્યાસંગના મૂલ્યાંકન માટે તેમ જ એમના સમયના સર્વમાન્ય અને અંતિમ નિર્ણય માટે ઉપયોગી થઈ પડે એવી સામગ્રી તે એમણે નિર્દેશેલા ગ્રન્થો અને ગ્રન્થકારોને લગતી કેટલીક હકીકત છે. એમ હોઈ, એ મેં 'ઉપખંડ'મા રજૂ કરી છે.

પુરવણી—આ પુસ્તકનુ લખાણ, સંસ્થા તરફથી પ્રકાશનાર્થે સ્વીકારાયા બાદ મેં ઉપોદ્ઘાત તૈયાર કરવાનો અને પહેલી વારના મુદ્રણપત્રો (Galley-proofs) મળે ત્યારે તેમ જ એ દરમ્યાનમા મને જે બાબતો ઉમેરવા જેવી જણાઈ હોય તેની નોંધ કરવાનો વિચાર રાખ્યો હતો ઉપર્યુક્ત મુદ્રણપત્રોમા નાના પાયા પર પણ ઉમેરા કરવાથી મુદ્રણાલયને મુશ્કેલી પડશે અને પ્રકાશનમા વિલંબ થશે, એમ જાણવા મળતા, એ ઉમેરાઓ કરવાનુ મે માંડી વાળ્યું હતુ અને ન છૂટકે પુરવણીનુ કામ હાથ ધર્યું હતુ આ કામ જેમ બને તેમ ટૂંકાણમા પતાવવાનુ હતુ, એટલે ખાસ ખપપૂરતી જ વિગતો અહી આપી શકાઈ છે. જો મુદ્રણપત્રોમા જ યથાસ્થાન ઉમેરા કરી શકાયા હોત તો આ પુસ્તકનો ઉપયોગ કરનારને સુગમતા થાત.

વિજ્ઞપ્તિ—હરિભદ્રસૂરિ એટલે અનેક વિષયો ઉપર વિદ્વત્તાપૂર્ણ કૃતિ રચનારા સમર્થ આચાર્ય. આમ હોવાથી એમની એકએક ઉપલબ્ધ

કૃતિ પૂરેપૂરી જોઈ વિચારી તેનુ નવનીત તારવી, એનો વાચકવૃંદને યથેષ્ટ આસ્વાદ કરાવવો એ મારા જેવા માટે તો મુશ્કેલ—બલ્કે અશક્ય કાર્ય ગણાય. આમ હોવાથી આ રચનામા જે કંઈ ન્યૂનતા જણાય તેને દૂર કરવા વિશેષજ્ઞોને હુ વીનવુ છું. એમ લાગે છે કે મારા આ અલ્પ-સ્વલ્પ કાર્યરૂપ આ પુસ્તક ગુજરાતીમા હોવાથી, હરિભદ્રસૂરિની સાહિત્યસેવા તરફ વિશેષ લક્ષ્ય ખેંચવાનુ એ સાધન બનશે.

ઋણસ્વીકાર:—આ કાર્યનો ઉદ્ભવ 'શ્રી સયાજી સાહિત્ય-માળા 'ના સંચાલક તરફથી મળેલા નિમંત્રણને આભારી હોવાથી, હુ અહીં સૌથી પ્રથમ તો પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરાના ભૂતપૂર્વ સંચાલક ડૉ. વિનયતોષ ભટ્ટાચાર્યનો ઉપકાર માનુ છુ.

આ કાર્ય મેં હાથ ધર્યું અને જે એની પૂર્ણાહુતિ થઈ એ દરમ્યાન મારી અન્ય સાહિત્યપ્રવૃત્તિ ચાલુ હતી તેથી કેટલીક વાર આ કાર્ય કરવા માટે પ્રવૃત્ત થતો ન હતો, પરંતુ મારી પત્ની ઇન્દિરા તરફથી મને આ કાર્ય પૂર્ણ કરવાની અવારનવાર સૂચનાઓ મળતી રહેવાથી, આ કાર્ય હુ પૂરું કરી શક્યો છુ; એટલે એ બદલ હુ એનો પણ ઋણી છું.

આ પુસ્તક તૈયાર કરવામા મેં જે પુસ્તકાદિનો એક યા બીજી રીતે ઉપયોગ કર્યો છે તેના લેખકમહાશયોનો અને એના પ્રકાશક મહોદયોનો હું ઉપકૃત છુ. સંજોગવશાત્ કોઈકની આવી નોધ ન લેવાઈ હોય તો તે બદલ ક્ષમા યાચુ છુ. આ પુસ્તક સત્વર અને યોગ્ય સ્વરૂપમાં પ્રકાશિત થાય તે બદલ સજાગતા રાખવા અને સહૃદયતાપૂર્વકનો સહકાર આપવા બદલ હુ પ્રાચ્યવિદ્યા મન્દિરના નિયામકશ્રી ડૉ. ભોગીલાલ જ. સાંડેસરાનો આભારી છુ.

આ પુસ્તકની મુદ્રણાલય-પુસ્તિકા (Press-copy) તૈયાર કરવામાં મને મારા બે પુત્રો—નલિનચન્દ્ર, બી. એસસી; એસ. ટી. સી. અને વિબોધચન્દ્ર, એમ. એસસી., તેમ જ મારી પુત્રી મનોરમા, એમ.એ.,

બી. ટી. તરફથી સહાયતા મળી છે. વિશેષમા મુદ્રણપત્રો મૂળ લખાણ સાથે મેળવવામા પણ એણે સહાય કરી છે. આમ મારા આ કુટુંબી-જનોએ આ કાર્યમા જે ફાળો આપ્યો છે તેનો ઔપચારિક રીતે આભાર માનવાથી કાર્ય સરે તેમ નથી, એટલુ જ કહેવું બસ થશે

અન્તમાં, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસે મુદ્રણકાર્યને અંગે જે સહકાર આપ્યો છે તે બદલ પ્રેસનો આભાર માનું છુ.

સાંકડી શેરી,
ગોપીપુરા, **સુરત–૨** **હીરાલાલ ર. કાપડિયા**
તા. ૧૭-૪-૧૯૬૩

સંકેતોની સમજણ

અ૦જ૦પ૦ = અનેકાન્તજયપતાકા

અન્યયોગ૦ = અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા

અષ્ટા૦ = અષ્ટાધ્યાયી

આ૦દ૦દી૦ = આર્હતદર્શનદીપિકા

આ૦દિ૦ = આગમોનું દિગ્દર્શન

આ૦શ્રુ૦ = આગમોદ્ધારકની શ્રુત ઉપાસના

આ૦સ૦ = આગમોદય સમિતિ

ઉત્તર૦ = ઉત્તરજ્ઝયણ

ગ૦સ૦સ = ગણહરસડ્ઢસયગ = ગણહરસદ્ધસયગ

ગા૦પૌ૦ગ્રં૦ = ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાળા

ચ૦પ્ર૦ = ચતુર્વિંશતિપ્રબંધ

ચેઇય૦ = ચેઇયવંદણમહાભાસ

જ૦મ૦ = જઇણ મરહટ્ઠી

જિ૦કો૦
જિ૦ર૦કો૦ } = જિનરત્નકોશ

જે૦ભા૦ગ્રં૦સૂ૦ = "જેસલમેરજૈનભાડાગારીયગ્રંથાનાસૂચિપત્રમ્"

જૈ૦આ૦સ૦ = જૈન આત્માનંદ સભા

જૈ૦ગૂ૦ક૦ = જૈન ગૂર્જર કવિઓ

જૈ૦ગ્રં૦ = જૈન ગ્રંથાવલી

જૈ૦ધ૦પ્ર૦ = જૈન ધર્મ પ્રકાશ

જૈ૦ધ૦પ્ર૦સ૦ = જૈન ધર્મ પ્રસારક સભા

જૈ૦પુ૦પ્ર૦સં૦ = જૈન પુસ્તક પ્રચારક સંસ્થા

જૈ૦પુ૦પ્ર૦સ૦=જૈન પુસ્તક પ્રશસ્તિસંગ્રહ
જૈ૦સ૦પ્ર૦=જૈન સત્ય પ્રકાશ
જૈ૦સા૦સં૦=જૈન સાહિત્ય સંશોધક
જૈ૦સૂ૦=જૈમિનીય સૂત્ર
દે૦લા૦જૈ૦પુ૦સં૦=દેવચંદ લાલભાઈ જૈન પુસ્કોદ્ધાર સંસ્થા
ત૦ર૦દી૦=તર્કરહસ્યદીપિકા
પ૦જૈ૦ભા૦ગ્રં૦સૂ૦=પત્તનસ્થપ્રાચ્ય-જૈન-ભાંડારીય ગ્રંથસૂચિ
પા૦ભા૦સા૦=પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય
પુ૦પ્ર૦સં૦=પુરાતન-પ્રબંધ-સંગ્રહ
પ્ર૦ચ૦=પ્રભાવકચરિત
પ્ર૦વા૦=પ્રમાણવાર્તિક
ફા૦ગુ૦સ૦=ફાર્બસ ગુજરાતી સભા
ભા૦પ્રા૦સં૦મં૦=ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધનમંદિર
મા૦દિ૦જૈ૦ગ્ર૦=માણિકચંદ દિગંબર જૈન ગ્રંથમાલા
મુ૦ક૦જૈ૦મો૦=મુક્તિકમલ જૈન મોહનમાળા
ય૦જૈ૦ગ્ર૦=યશોવિજય જૈન ગ્રંથમાલા
યો૦દ૦સ૦=યોગદૃષ્ટિસમુચ્ચય
લ૦વિ૦=લલિતવિસ્તરા
વ૦દે૦કે૦=વડોદરા દેશી કેળવણીખાતું
વિ૦સં૦=વિક્રમસંવત્
વિસેસા૦=વિસેસાવસ્સયભાસ
શા૦વા૦સ૦=શાસ્ત્રવાર્તાસમુચ્ચય
ષડ્૦સ૦=ષડ્દર્શનસમુચ્ચય
સં૦=સંસ્કૃત

સ૦ચ૦ = સમરાઇચ્ચચરિય
સિ૦જૈ૦ગ્ર૦ = સિંધી જૈન ગ્રંથમાલા
ABORI = Annuals of the Bhandarkar Oriental Research Institute.
BSP Series = Bombay Sanskrit & Prakrit Series.
DCGCM = Descriptive Catalogue of the Government Collections of Manuscripts
GSAI = Giornale della societa Asiatica Italiana = JIAS
HCLJ = History of the Canonical Literature of the Jainas, A
HIL = History of India Literature
JA = Journal Asiatique
JIAS = Journal of the Italian Asiatic Society = GSAI
JBORS = Journal of Bihar Orissa Research Society
JUB = Journal of the University of Bombay.

અનુક્રમ

અ. અંક	વિષય	પૃષ્ઠાંક
૧.	પૂર્વખંડ : જીવનરેખા	૧–૪૬
૨.	ઉત્તરખંડ : સાહિત્યસેવા	૪૭–૨૪૪
૩.	ઉપખંડ : સમીક્ષા	૨૪૫–૩૪૬
૪.	પુરવણી	૩૪૭–૩૭૬

વિસ્તૃત વિષય-સૂચિ

[ઉત્થાનિકા—ઉદ્ભવ પ્રાગાલિકા, યોજના, પુરવણી, વિજ્ઞપ્તિ, ઋણસ્વીકાર]

વિષય	પૃષ્ઠ
પૂર્વ ખંડ: જીવનરેખા	૧–[illegible]
ઉપક્રમ	૧–૩
આત્મકથાનો અભાવ	૩
સાધન-સામગ્રી	૩–૧૫
૬ પાઇય (પ્રાકૃત) કૃતિઓ	૩–૬
૧૯ સંસ્કૃત ,,	૬–૯
૧૮ ગુજરાતી ,,	૯–૧૨
૫ હિન્દી ,,	૧૨–૧૩
૧૦ અંગ્રેજી ,,	૧૩–૧૪
૨ જર્મન ,,	૧૪
૪ ઈટાલિયન ,,	૧૫
ગૃહસ્થજીવન	૧૫–૨૩
જન્મભૂમિ અને જન્મદાતા	૧૫
જાતિ	૧૬
પુરોહિત	૧૬
બે ભાણેજ	૧૬
ભદ્ર પરિણામ	૧૬–૧૭
પાંડિત્યનું પ્રદર્શન અને વાદનો નાદ	૧૭–૧૮
ગજરાજનું દર્શન અને જિનમૂર્તિનો ઉપહાસ	૧૮–૧૯
પ્રતિજ્ઞાનુ પાલન	૧૯–૨૩

વિષય	પૃષ્ઠ
શ્રમણજીવન	૨૩–૪૫
પ્રતિબોધક (ધર્મમાતા), દીક્ષાગુરુ, વિદ્યાગુરુ અને નિશ્રા-ગુરુ	૨૩–૨૬
'વિદ્યાધર'–કુળ	૨૬–૨૮
કુક્કસૂરિ, વંશજ	૨૮
'સૂરિ' પદ	૨૮–૨૯
શિષ્યો અને તેમનો વધ	૨૯
હંસ અને પરમહંસની દીક્ષા અને એમનો શાસ્ત્રાભ્યાસ	૨૯–૩૦
બૌદ્ધતર્કના અધ્યયનાર્થે ગમન	૩૦–૩૧
હંસાદિની બે પરીક્ષાઓ	૩૧–૩૩
હંસની હત્યા	૩૩–૩૪
સૂરપાલ પાસે ગમન	૩૪
બૌદ્ધ સાથે પરમહંસનો વાદ	૩૪–૩૫
ધોબીનો વેષ	૩૫–૩૬
પરમહંસનું આગમન અને અવસાન	૩૬
હકીકતમાં ફેરફાર	૩૬–૩૭
હરિભદ્રસૂરિનું પ્રસ્થાન	૩૭
બૌદ્ધોના ગુરુ સાથે વાદ	૩૭–૩૯
બૌદ્ધોનો હોમ	૩૯
સાતસે બૌદ્ધોનું મૃત્યુ	૩૯
૧૪૪૦ બૌદ્ધોનું હોમ, શકુનિકારૂપે પરિવર્તન, તેમનો હોમ અને મરણ	૩૯
સૂરિના કોપનું નિવારણ	૩૯–૪૦
શ્રાવક દ્વારા સંબોધન	૪૦–૪૧
નિરપત્યતાને અંગે અંબાદેવી દ્વારા સાંત્વન	૪૧

વિષય	પૃષ્ઠ
લલ્લિગનો અધિકાર	૪૨
રાત્રે પણ ગ્રંથની રચના	૪૨
ભોજન-સમયનું શંખવાદન અને 'ભવવિરહ' સૂરિ તરીકેની પ્રસિદ્ધિ	૪૩
આક્ષેપ અને એનો પરિહાર	૪૩
કાર્પાસિકનું દાન	૪૩-૪૪
સમાન હકીકત	૪૪
રહસ્ય-પુસ્તકોની પ્રાપ્તિ અને અદ્ભુત સ્તંભમાં સ્થાપન	૪૫
'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ	૪૫
આરાધના અને અનશન	૪૫
સ્વર્ગપ્રાસ	૪૫.
'હરિભદ્ર'-નામક મુનિવરો	૪૫-૪૬
ઉત્તર ખંડ : સાહિત્ય-સેવા	૪૭-૨૪૪
ગ્રંથની સંખ્યા	૪૭-૪૮
ગ્રંથો વિષે પ્રાચીન નામનિર્દેશ	૪૮-૫૦
હારિભદ્રીય કૃતિઓનો અંક યાને એની (મુદ્રા)	૫૮-૫૯
(૧) સ્વતંત્ર કૃતિઓ અને સ્વોપજ્ઞ વિવરણો	૫૯-૧૮૪
(૩) અનેકાન્તજયપતાકા	૫૯-૬૪
(૪-૫) અ૦જ૦પ૦ની સ્વોપજ્ઞ વ્યાખ્યા	૬૪-૬૬
વિવરણ યાને વૃત્તિ ટિપ્પણક	૬૬-૬૭
(૧૦૧) ભાવાર્થમાત્રા વેદિની	૬૭
(૬) અનેકાન્તપ્રઘટ્ટ	૬૭
(૭-૮) અનેકાન્તવાદપ્રવેશ અને એનાં ટિપ્પણક યાને ભાષાંતર	૬૭-૬૮
(૯) અનેકાન્તસિદ્ધિ	૬૯

વિષય	પૃષ્ઠ
(૧૦-૧૧) અર્હચ્ચૂડામણિ	૬૯-૭૧
(૧૨) અષ્ટક પ્રકરણ અને અને એના વિવરણાદિ	૭૧-૮૦
(૧૩) આત્મસિદ્ધિ	૮૦-૮૧
(૧૪ અને ૧૬૨) આત્માનુશાસન	૮૧-૮૨
(૧૯) ઉપદેશ પ્રકરણ	૮૨
(૨૦ અને ૧૮) ઉવએસપય [ઉપદેશપદ]	૮૩-૮૫
(૨૨) કથાકોશ	૮૫
(૨૩) કર્પૂરકાવ્ય	૮૬
(૨૫) કિતવકથાનકપંચક	૮૬
(૨૬અ અને ૨૬) કુલય (કુલક)	૮૬
(૨૭) ક્ષમાવલ્લીબીજ	૮૬
(૩૩ અને ૧૧૪) જઇદિણકિચ્ચ [યતિદિનકૃત્ય]	૮૭
(૩૪-૩૬) જંબુદ્દીવસંગહણી [જંબૂદ્વીપસંગ્રહણી]	૮૭
(૩૭ અને ૧૧૫) જસહરચરિય [યશોધરચરિત]	૮૭-૮૮
(૩૮-૩૯) જિણહરપડિમાથોત્ત [જિનગૃહ-પ્રતિમાસ્તોત્ર] જોગવિહાણ (યોગવિધાન)	૮૮-૮૯
(૪૨ અને ૧૨૧) જોગસયગ (યોગશતક)	૮૯-૯૦
તત્ત્વતરંગિણી	
(૪૦) જિનસ્તવ યાને (૧૮૨) સ્તવ	૮૯
ત્રિભંગીસાર	
(૨૯-૩૦) ચતુર્વિંશતિસ્તવ અને એની વૃત્તિ	૮૭
(૩૧) ચૈત્યવંદનભાષ્ય	૮૭
(૫૧) દંસણસત્તરિ [દર્શન સપ્તતિ]	
(૫૨) દંસણસુદ્ધિ [દર્શનશુદ્ધિ] યાને	
(૫૩ અને ૫૫) [દરિસણસત્તરિ [દર્શનસપ્તતિ]	૯૨-૯૩

વિષય	પૃષ્ઠ
(૫૩) દરિસણસત્તરિ [દર્શનસપ્તતિ] યાને	
(૧૭૮અ) સાવગધમ્મપયરણ [શ્રાવકધર્મપ્રકરણ]	
(૬૦) દિનશુદ્ધિ	૯૪
(૬૧-૬૨) દેવિન્દનરઇન્દપયણ [દેવેન્દ્રનરેન્દ્ર-પ્રકરણ]	૯૫-૯૬
(૬૩) દ્વિજવદનચપેટાકિંવા ૬૩અ દ્વિજવદનચપેટિકા	૯૬
(૬૪ અને ૬૭) ધમ્મસંગહણી [ધર્મસંગહણી]	૯૬-૯૯
(૬૫) ધર્મબિન્દુ	૧૦૦-૧૦૬
(૬૬) ધર્મલાભસિદ્ધિ	૧૦૬
(૬૮) ધર્મસાર અને એની (૬૯) સ્વોપજ્ઞ ટીકા	૧૦૬-૧૦૮
(૭૦ અને ૭૧) ધુત્તક્ખાણ [ધૂર્તાખ્યાન]	૧૦૮-૧૧૦
(૭૭ અને ૪૩) નાણયચગવક્ખાણ [જ્ઞાનપચક વ્યાખ્યાન]	૧૧૦-૧૧૧
(૭૬ અને ૮૦) નાણાચિત્તપયરણ [નાનાચિત્ત-પ્રકરણ]	૧૧૧-૧૧૨
(૭૮ અને ૪૩અ) નાણાયત્તક [જ્ઞાનપત્રક]	૧૧૨
(૭૯) નાનાચિત્રક અને (૮૦અ) નાનાચિત્રિકા	૧૧૨
(૮૧) નૃતત્ત્વનિગમ યાને (૧૨૯) લોકતત્ત્વનિર્ણય	૧૧૩-૧૧૬
(૮૩) ન્યાયવિનિશ્ચય	૧૧૭
(૮૪) ન્યાયામૃતતરંગિણી	૧૧૭
(૮૭-૮૮) પચનિયઠી [પચનિર્ગ્રન્થી]	૧૧૮
(૮૬ અને ૯૬) પચઠાણગ [પચસ્થાનક]	૧૧૭
(૮૯) પચલિંગી	૧૧૮
(૯૦-૯૧) પચવત્થુગ [પંચવસ્તુક] અને એની (૯૨) સ્વોપજ્ઞ શિષ્યહિતા	૧૧૮-૧૨૦

વિષય	પૃષ્ટ
(૯૩) પંચસંગ્રહ	૧૨૧
(૯૯ અને ૯૭) પંચાસગ [પંચાશક]	૧૨૧–૧૨૬
(૧૦૦) પરલોકસિદ્ધિ	૧૨૬
(૧૦૪) પ્રતિષ્ઠાકલ્પ	૧૨૬–૧૨૭
(૧૦૮) બૃહન્મિથ્યાત્વમ(મં)થન	૧૨૭
(૧૦૯) બોટિકપ્રતિષેધ	૧૨૮, ૧૨૯
(૧૧૦) ભાવનાસિદ્ધિ	૧૨૯
(૧૧૨–૧૧૩) મુણિવઇચરિય [મુનિપતિચરિત(ત્ર)]	૧૨૯
(૧૧૪) યતિદિનકૃત્ય	૧૨૯, ૧૩૦
(૧૧૫) યશોધરચરિત(ત્ર)	૧૩૦
(૧૧૬) યોગદૃષ્ટિસમુચ્ચય અને એની (૧૧૭) સ્વોપજ્ઞવૃત્તિ	૧૩૦–૧૩૪
(૧૧૮) યોગબિન્દુ અને એની (૧૧૯) સ્વોપજ્ઞ (?) વૃત્તિ	૧૩૪–૧૩૭
(૧૨૦) યોગવિંશતિ	૧૩૮
(૧૨૧) યોગશતક	૧૩૮
(૧૨૩ અને ૧૨૫) લગ્ગસુદ્ધિ [લગ્નશુદ્ધિ] યાને (૧૨૨ અને ૧૨૪) લગ્ગકુંડલિયા [લગ્નકુંડલિકા]	૧૩૮–૧૩૯
(૧૨૬) લઘુક્ષેત્રસમાસ	૧૪૦
(૧૨૯) લોકતત્ત્વનિર્ણય	૧૪૦
(૧૩૦) લોકબિન્દુ	૧૪૦
(૧૩૨) વિંશતિવિંશિકા યાને (૧૩૩) વિંશિકા	૧૪૦
(૧૩૪–૧૩૫) વિમાણનરઇન્દઅ [વિમાનનરેન્દ્ર]	૧૪૦
(૧૩૭–૧૩૮) વીરત્થય [વીરસ્તવ]	૧૪૦–૧૪૧

વિષય	પૃષ્ઠ
(૧૩૯) વીરાંગદકથા	૧૪૧
(૧૪૦) વીસવીસિયા [વિંશતિવિંશિકા]	૧૪૧–૧૪૮
(૧૪૧) વેદબાહ્યતાનિરાકરણ	૧૪૮
(૧૪૨) વ્યવહારકલ્પ	૧૪૯
(૧૪૩) શતશતક	૧૪૯
(૧૪૫) શાસ્ત્રવાર્તાસમુચ્ચય અને એની (૫૯ અને ૧૪૬) દિક્પ્રદા નામની ટીકા	૧૪૯–૧૫૨
(૧૪૪) શાશ્વતજિનસ્તવ	૧૪૯
(૧૪૯) શ્રાવકધર્મતંત્ર	૧૫૨
(૧૫૦) શ્રાવકધર્મપ્રકરણ	૧૫૨
(૧૫૪) શ્રાવકપ્રજ્ઞપ્તિ અને એની (૧૫૫) ટીકા	૧૫૩
(૧૫૭) ષડ્દર્શનસમુચ્ચય	૧૫૩–૧૫૪
(૧૫૧) શ્રાવકધર્મવિધિ (પ્રકરણ)	૧૫૩
(૧૫૨) શ્રાવકધર્મસમાસ	૧૫૩
સમાનનામક કૃતિઓ	૧૫૮–૧૫૯
સર્વસિદ્ધાન્ત પ્રવેશક	૧૫૯
પંચદર્શન સ્વરૂપ	૧૫૯
પંચદર્શનખંડ	૧૬૦
સર્વદર્શનસંગ્રહ	૧૬૦
સર્વદર્શનશિરોમણિ	૧૬૦
દર્શન-દિગ્દર્શન	૧૬૦
(૧૫૯) ષોડકશકપ્રકરણ	૧૬૦–૧૬૪
(૧૫૮) ષડ્દર્શની	૧૬૦
ચેઇયવંદણમહાભાસ અને ષોડશક	૧૬૩

વિષય	પૃષ્ઠ
(૧૬૦) સંસારદાવા(નલ)સ્તુતિ (સંસાર-દાવાનલ-થુઈ)	૧૬૪-૧૬૭
(૧૬૧) સંસ્કૃતચૈત્યવન્દનભાષ્ય	૧૬૭
(૧૬૨) સંસ્કૃતાત્માનુશાસન	૧૬૭
(૧૬૩) સંકિતપ[પ]ચાસ(સિ)	૧૬૭
(૧૬૫-૧૬૬) સમરાઇચ્ચચરિય [સમરાદિત્ય-ચરિત્ર] (૧૬૬) સમરાદિત્યકથા કિંવા (૧૬૭) સમરાર્કચરિત્ર	૧૬૭-૧૭૪
સમરમયંકા-કહા	૧૭૩
(૧૬૮) સંપંચાસિત્તરિ (?)	૧૭૪
(૧૭૧ અને ૧૭૧) સંબોધસત્તરિ [સમ્બોધસપ્તતિ]	૧૭૪
(૧૭૨ અને ૧૬૯) સંબોહપયરણ [સંબોધ પ્રકરણ] યાને (૪૬ અને ૪૮) તત્તપયાસગ [તત્ત્વપ્રકાશક]	૧૭૫-૧૭૭
(૧૭૫) સર્વજ્ઞસિદ્ધિ અને (૧૭૬) એની સ્વોપજ્ઞ ટીકા	૧૭૭-૧૭૮
(૧૭૭) સાધુપ્રવચનસારપ્રકરણ	૧૭૮
(૧૭૮) સાધુસામાચારી	૧૭૮
(૧૭૮અ અને ૧૪૮ઇ) સાવગધમ્મ (શ્રાવકધર્મ) યાને (૧૭૯ અને ૧૫૧) સાવગધમ્મવિહિ-પયરણ [શ્રાવકધર્મવિધિ પ્રકરણ]	૧૭૯
(૧૮૦ અને ૧૫૨) સાવગધમ્મસમાસ (શ્રાવક-ધર્મ સમાસ) કિંવા (૧૮૦અ અને ૧૫૪) સાવયપણ્ણત્તિ [શ્રાવક પ્રજ્ઞપ્તિ] અને એની (૧૫૩ અને ૧૫૫) સ્વોપજ્ઞ ટીકા	૧૮૦-૧૮૧

વિષય	પૃષ્ઠ
(૧૮૧ અને ૧૪૪) સાસયજિણથય [શાશ્વત-જિનસ્તવ] (૧૮૨) સ્તવ	૧૮૧–૧૮૨
(૧૮૩) સ્યાદ્વાદકુચોદ્યપરિહાર	૧૮૨–૧૮૩
(૧૮૪) હિંસાષ્ટક અને એની (૧૮૫) સ્વોપજ્ઞ અવચૂરિ	૧૮૩–૧૮૪
(૨) વિવરણાત્મક કૃતિઓ	૧૮૪–૨૩૧
(અ) જૈન આગમોનાં વિવરણો	૧૮૬–૨૧૪
(૨) અનુયોગદ્વાર–વિવૃત્તિ યાને (૧૪૮) શિષ્યહિતા	૧૮૬–૧૮૮
(૧) અનુયોગદ્વાર (સૂત્ર) લઘુવૃત્તિ	૧૮૮–
(૧૫) આવશ્યક (સૂત્ર) બૃહદ્વૃત્તિ	૧૮૮–૧૮૯
(૧૬–૧૭) આવશ્યક સૂત્ર વિવૃત્તિ યાને (૧૪૮અ) શિષ્યહિતા	૧૮૯–૧૯૩
(૨૧) ઓઘનિર્યુક્તિ ટીકા	૧૯૩
(૩૨) ચૈત્યવન્દન સૂત્રવૃત્તિ યાને (૧૨૮) લલિત-વિસ્તરા	૧૯૩–૨૦૩
(૩૫) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ટીકા	૨૦૩
(૪૧) જીવાજીવાભિગમ સૂત્ર–લઘુવૃત્તિ યાને (૧૦૫) પ્રદેશ ટીકા	૨૦૩–૨૦૪
(૫૬) દશવૈકાલિકટીકા યાને (૧૪૭) શિષ્ય-બોધિની	૨૦૪–૨૦૯
(૫૭–૫૮) દશવૈકાલિક (સૂત્ર) લઘુટીકા	૨૦૯
(૭૨) ધ્યાનશતકવૃત્તિ	૨૧૦
(૭૩) નન્દિ(દી)ટીકા યાને (૭૪) નન્દ્યધ્યયનવૃત્તિ	૨૧૦–૨૧૨
(૧૦૧) પિંડનિર્યુક્તિ વિવૃત્તિ	૨૧૨

વિષય	પૃષ્ઠ
(૧૦૨-૧૦૩) પ્રજ્ઞાપ્ના સૂત્ર ટીકા યાને (૧૦૬) પ્રદેશ વ્યાખ્યા	૨૧૨-૨૧૪
(૧૩૬) વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ	૨૧૪
(આ) જૈન અનાગમિક કૃતિઓનાં વિવરણો	૨૧૪-૨૩૧
(૪૯) તત્ત્વાર્થસૂત્ર લઘુવૃત્તિ યાને (૪૫) ડુપડુપિકા	૨૧૫-૨૨૨
(૨૪) કર્મસ્તવવૃત્તિ	૨૧૪-૨૧૫
(૨૮) ક્ષેત્રસમાસવૃત્તિ	૨૧૫
(૮૫) ન્યાયાવતારવૃત્તિ	૨૨૨-૨૨૩
(૯૫) પંચસૂત્રકવ્યાખ્યા	૨૨૩-૨૨૫
(૧૦૭) પ્રશમરતિટીકા	૨૨૫-૨૨૬
(૧૩૧) વર્ગકેવલિવૃત્તિ	૨૨૬-૨૨૭
(૧૫૫) શ્રાવક પ્રજ્ઞપ્તિવૃત્તિ	૨૨૭
(૧૬૪) સંગ્રહણીવૃત્તિ	૨૨૭-૨૨૮
(ઇ) અજૈનકૃતિનું વિવરણ	૨૨૮-૨૩૦
(૮૨) ન્યાય પ્રવેશક વ્યાખ્યા યાને (૧૪૮ ઇ) શિષ્યહિતા	૨૨૮-૨૩૦
મહાનિસીહનો ઉદ્ધાર	૨૩૦
હારિભદ્રીય કૃતિઓના વૃત્તિકારો	૨૩૦-૨૩૧
ભાષાંતરો	૨૩૧-૨૩૩
ગુજરાતી ભાષાંતરો	૨૩૧-૨૩૩
ઇટાલિયન ભાષાંતર	૨૩૩
વિષયોનું વૈવિધ્ય	૨૩૩-૨૩૪
સાહિત્યક્ષેત્રમાં ફાળો (કૃતિઓના નામ અને ગ્રન્થાગ્ર)	૨૩૪-૨૩૭
નિષ્કર્ષ	૨૩૭-૨૪૪

વિષય	પૃષ્ઠ
ઉપખંડ : સમીક્ષા	૨૪૫
(૧) હરિભદ્રસૂરિએ નિર્દેશેલા **ગ્રંથો અને ગ્રંથકારો**	૨૪૫–
(અ) **ગ્રંથો**	૨૪૫–૨૫૯
(૧) પ્રમાણમીમાંસા	૨૪૫–૨૪૬
(૨–૩) પ્રિયદર્શના ને વાસવદત્તા	૨૪૭–૨૪૮
(૪) યોગનિર્ણય	૨૪૮
(૫) રેવણાઇકવ્વ	૨૪૮–૨૪૯
(૬) વાક્યપદીય	૨૪૯–૨૫૦
(૭) વાર્તિક (પ્રમાણવાર્તિક)	૨૫૦–૨૫૪
(૮) વિંશિકા	૨૫૪
(૯) વૃદ્ધગ્રન્થ	૨૫૪
(૧૦) શિવધર્મોત્તર	૨૫૪–૨૫૫
(૧૧) સમ્મઇ-પયરણ	૨૫૫–૨૫૬
(૧૨) સમ્મતિ (ટીકા)	૨૫૬
(૧૩) સ્યાદ્વાદભંગ	૨૫૭
(૧૪) હેતુબિન્દુ	૨૫૭–૨૫૯
(આ) ગ્રંથકારો	૨૫૯
જૈન, બૌદ્ધ અને વૈદિક ગ્રંથકારોના નામ	૨૫૯–૨૬૦
(૧) અજિતયશસ્	૨૬૦–૨૬૧
(૨) અનંત	૨૬૧
(૩) અવધૂતાચાર્ય	૨૬૧
(૪) આસુરિ	૨૬૨–૨૬૩
(૫) ઈશ્વરકૃષ્ણ	૨૬૩–૨૬૪
(૬) ઉમાસ્વાતિ	૨૬૪–૨૬૫

વિષય	પૃષ્ઠ
(૭) કાલાતીત	૨૬૫
(૮) કુક્કાચાર્ય	૨૬૫–૨૬૬
(૯) કુમારિલ	૨૬૬–૨૬૭
(૧૦) ક્ષીરકદમ્બક	૨૬૭
(૧૧) ગોપેન્દ્ર=ભગવદ્ગોપેન્દ્ર	૨૬૮
(૧૨) જિનદાસગણિ મહત્તર	૨૬૮–૨૭૦
(૧૩) જિનભદ્રગણિ ક્ષમાક્ષમણ	૨૭૦–૨૭૩
(૧૪) જૈમિનિ	૨૭૩
(૧૫) દિઙ્નાગ, દિન્ન અને ભદન્ત	૨૭૩–૨૮૧
(૧૬) દિવાકર	૨૮૧
દેવવાચક	
(૧૭) ધર્મકીર્તિ	૨૮૨–૨૯૩
(૧૮) ધર્મપાલ	૨૯૩–૨૯૫
(૧૯) નારદ	૨૯૫
(૨૦) ન્યાયવૃદ્ધ	૨૯૫–૨૯૬
(૨૧) પતંજલિ=ભગવત્-પતંજલિ	૨૯૬–૨૯૭
(૨૨) પુરુષચન્દ્ર	૨૯૭–૨૯૮
(૨૩) બંધુ–ભગવદ્દત્ત	૨૯૮–૨૯૯
(૨૪) ભદન્ત–ભાસ્કર	૨૯૯
(૨૫) ભર્તૃહરિ (વૈયાકરણ)	૨૯૯–૩૦૧
(૨૬) મલ્લવાદી	૩૦૧–૩૦૫
(૨૭) યોગાચાર્ય	૩૦૫
(૨૮) વસુ	૩૦૫–૩૦૬
(૨૯) વસુબંધુ	૩૦૬–૩૧૨
(૩૦) વાયુ	૩૧૨

વિષય	પૃષ્ઠ
(૩૧) વાલ્મીકિ	૩૧૨
(૩૨) વિન્ધ્યવાસી	૩૧૨-૩૧૩
(૩૩) વિશ્વ	૩૧૩
(૩૪) વૃદ્ધાચાર્ય	૩૧૩-૩૧૪
(૩૫) વૃદ્ધો	૩૧૪
(૩૬) વ્યાસ	૩૧૪
(૩૭) શબર (સ્વામી)	૩૧૪-૩૧૬
(૩૮) શાંતરક્ષિત	૩૧૬-૩૧૭
(૩૯) શુભગુપ્ત	૩૧૭
(૪૦) સંતપન	૩૧૮
(૪૧) સમંતભદ્ર	૩૧૮-૩૧૯
(૪૨) સમ્રાટ્	૩૧૯
(૪૩) સિદ્ધસેન	૩૨૦
(૪૪) ,, (નીતિકાર)	૩૨૦-૩૨૧
(૪૫) ,, દિવાકર	૩૨૧-૩૨૬
(૪૬) સુચારુ	૩૨૬
(૪૭) સુરગુરુ	૩૨૬-૩૨૭
સંપ્રદાયો અને ઉપસંપ્રદાયો	૩૨૮-૩૩૫
અવિરુદ્ધ ધર્માધ્યાસિત વસ્તુવાદ	૩૨૯
આગમ ધર્મવાદ	૩૨૯
આજીવિકનયમત	૩૩૦
આવર્તકાલકારણવાદ	૩૩૦-૩૩૧
ઇષ્ટતત્ત્વદર્શનવાદ	૩૩૧
કલ્પિત વિદ્યાવાદીઓનો તત્ત્વાંતવાદ	૩૩૧
ગુણક્રમવાદ	૩૩૧-૩૩૨

વિષય	પૃષ્ઠ
જગત્કર્તુલીનમુક્તવાદ	૩૩૨
પરોક્ષજ્ઞાનવાદ	૩૩૨–૩૩૩
પ્રત્યાત્મપ્રધાનવાદ	૩૩૩
બુદ્ધિયોગજ્ઞાનવાદ	૩૩૩
સદાશિવવાદ	૩૩૩–૩૩૪
સર્વગતાત્મવાદ	૩૩૪
સર્વસત્ત્વૈવંભાવવાદ	૩૩૪–૩૩૫
સાકૃતપ્રવાદ	૩૩૫
સમયનિર્ણય	૩૩૬–૩૪૬
સિદ્ધર્ષિનો સંબંધ	૩૩૬–૩૩૮
જયન્ત ભટ્ટ અને હરિભદ્રસૂરિ	૩૩૮
શંકરાચાર્ય અને હરિભદ્રસૂરિ	૩૩૯
ઉદ્યોતનસૂરિના ગુરુ	૩૩૯
કપ્પની વિસેસચુણ્ણિના કર્તા અને હરિભદ્રસૂરિ	૩૩૯
કોટ્યાચાર્ય અને હરિભદ્રસૂરિ	૩૪૦
હરિભદ્રસૂરિ અને સિદ્ધસેનગણિ	૩૪૦
નક્ષત્રનો ભોગકાળ	૩૪૧
પજ્જોસવણાકપ્પનું કર્ષણ	૩૪૧
પાઇય ઉલ્લેખ	૩૪૨
વિચારસાર	૩૪૩
વિચારામૃતસંગ્રહ	૩૪૩
ગુરુપરિવાડી	૩૪૩
લઘુક્ષેત્રસમાસ	૩૪૩
ક્રિયારત્નસમુચ્ચય	૩૪૪
પંચવત્થુગ	૩૪૪
યુગપ્રધાનપટ્ટાવલી	૩૪૫

મહત્તરા યાકિનીના ધર્મપુત્ર સમભાવભાવી

શ્રીહરિભદ્રસૂરિ

જીવન અને કવન

પૂર્વ ખંડ : જીવનરેખા

ઉપક્રમ—'ભારતવર્ષ' એટલે અમૂલ્ય પ્રકૃતિ અને સંસ્કૃતિનું ક્રીડાંગણ. આ આપણો દેશ પરાપૂર્વથી અધ્યાત્મવિદ્યા પ્રતિ આકર્ષાયો છે. આત્મોન્નતિના અનન્ય ઉપાય તરીકે એણે જીવનમાં ત્યાગને અગ્રગણ્ય સ્થાન આપ્યું છે. એ સાદા અને સંતોષી અને સાથે સાથે વિવેકથી વ્યાપ્ત ઉન્નત ભાવનાઓથી પરિપૂર્ણ જીવનનો અનુરાગી અને આગ્રહી છે. સાચા મહંત, સંત, સંન્યાસી, શ્રમણો વગેરેનું સમુચિત સન્માન સદા યે કરવું એ એનો મુદ્રાલેખ છે. આને લઈને આ દેશમાં સ્વપર-કલ્યાણ સાધનાર અનેક મહાનુભાવો થયા છે. 'શ્રમણ'–સંસ્કૃતિના મહામૂલ્યશાળી અંગરૂપ જૈન દર્શનમાં ત્યાગનું પ્રાધાન્ય છે, એના અનુયાયીઓ નિવૃત્તિ–માર્ગના ઉપાસકો છે. એનો અર્થ એ નથી કે એઓ આલસ્યના કે નિષ્ક્રિયતાના—જડતાના રાગી છે. નિવૃત્તિપ્રધાન પ્રવૃત્તિ કરનારા જૈન શ્રમણોની સ્વકલ્યાણની સાધના પરના કલ્યાણને આડે આવે તેવી નથી. પ્રાચીન કાળમાં અનેક જૈન મુનિવરોએ લોકોદ્ધાર અને સાહિત્ય-સેવાના કાર્યમાં તલ્લીન રહી પોતાના આત્માને અને સાથે સાથે સમસ્ત જૈન સંઘને તેમ જ સમગ્ર 'ભારત' દેશને કૃતાર્થ કર્યો છે. શ્રમણ ભગવાન મહાવીરસ્વામી (ઈ. સ. પૂર્વે ૫૯૯–ઈ. સ. પૂર્વે ૫૨૭)ના—

વીર-વર્ધમાનના અગ્રિમ શિષ્યોએ—અગિયાર ગણધરોએ એમની અમૃતમય વાણીને પોતાની પ્રતિભા વડે ગૂંથી જૈન આગમોનું—બાર અંગોનું નિર્માણ કર્યું, પરંતુ એ હિતકારી સાહિત્ય સર્વાંશે આજે ઉપલબ્ધ નથી. એમના સમકાલીન શ્રમણોએ તેમ જ એમના પછી થોડાક સમય બાદ થયેલા શ્રમણોએ આ દ્વાદશાંગીને અનુલક્ષીને જે અન્ય અનુપમ કૃતિઓનું સર્જન કર્યું હતું એ પણ આજે સર્વાંશે મળતી નથી. જૈન વાઙ્મય 'ગીર્વાણ' ગિરામાં ગૂંથી એને સાર્વજનીન બનાવનારા તરીકે વાચકવર્ય [1]ઉમાસ્વાતિ અગ્ર સ્થાન ભોગવે છે. શ્વેતાંબરો તેમજ દિગંબરો પણ એમને પોતીકા અને પ્રમાણભૂત ગણે છે. દિગંબર આચાર્ય [2]કુંદકુંદ એ એમના સમસમયી જેવા છે. એમણે જઇણ સોરસેણી (જૈન શૌરસેની)મા અનેક કૃતિઓ રચી છે. એમના પછી શ્વેતાબર ગગનમાં [3]સિદ્ધસેન દિવાકર પોતાની અનેકવિધ પ્રતિભાને લઈને સૂર્ય સમાન શોભે છે. એઓ સમગ્ર જૈન જગતમાં (૧) કવિ, (૨) વાદી, (૩) તાર્કિક, (૪) દાર્શનિક, (૫) સ્તુતિકાર અને (૬) સર્વદર્શનસંગ્રહકાર તરીકે એમ છ રીતે પ્રથમ સ્થાન ભોગવે છે. દિગંબર સમાજમાં કેટલીક બાબતમાં લગભગ આવું સ્થાન એમના ઉત્તરવર્તી આચાર્ય [4]સમંતભદ્ર ભોગવે છે. સિદ્ધસેન દિવાકરના જાણે સાક્ષાત્ શિષ્ય ન હોય એવો ભાસ કરાવનારા [5]મલ્લવાદીની એક કારિકા અને એના ઉપર એમણે રચેલા અર્થઘન **દ્વાદશારનયચક્ર** નામના ભાષ્ય વડે શ્વેતાંબર સાહિત્ય સમૃદ્ધ અને ગૌરવાન્વિત બન્યું છે. આ સાહિત્યસ્વામીઓની સમર્થ કૃતિઓનું

---

૧ એમને અંગેની માહિતી માટે જુઓ **પ્રશમરતિ અને સંબંધકારિકા**-ની મારી "ઉત્થાનિકા" (પૃ. ૧૧-૩૨, ૫૬અ ને ૫૬આ) તેમજ "ઉપખંડ".

૨ જુઓ મારું પુસ્તક નામે **પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય** (પૃ. ૩૯, ૧૫૨, ૧૫૭, ૧૬૪, ૧૯૧ અને ૨૦૧).

૩ જુઓ પ્રથમ ટિપ્પણમાં નિર્દેશાયેલો "ઉપખંડ".

૪ એજન.

૫ એજન.

આકંઠ પાન કરી પુષ્ટ બનવા હરિભદ્રસૂરિ ભાગ્યશાળી થયા હતા એમ એમનું આજે ઉપલબ્ધ થતું સાહિત્ય કહી આપે છે. આ શ્વેતાંબર શ્રમણવર્યના જીવનવૃત્તાન્તની રૂપરેખા આલેખવા માટે મારો આ નમ્ર પ્રયાસ છે.

આત્મકથાનો અભાવ—સૌજન્યમૂર્તિ હરિભદ્રસૂરિએ પોતાના જીવનમાર્ગ ઉપર જાણે અંધકાર–પટ પાથર્યો છે એટલે આ એક રીતે તો અજ્ઞાત પ્રદેશ છે. બાણે **હર્ષચરિતમાં**, બિલ્હણે **વિક્રમાંકદેવચરિતમાં** અને મંખે **શ્રીકંઠચરિતમાં** જેમ પોતાનો પરિચય આપ્યો છે તેવી આશા આપણે ભલે આ નિઃસ્પૃહ સૂરિવર્ય પાસેથી ન રાખીએ, પરંતુ એમના પૂર્વગામી વિદ્યાવારિધિ ઉમાસ્વાતિએ જેમ પોતાના માતપિતાનાં નામ વગેરેનો નિર્દેશ કર્યો છે તેટલી પણ આપણી આશા આ સૂરિવર ફલિત થવા દેતા નથી. એમના ગ્રંથોના અંતમાંની પુષ્પિકા જે એમણે રચેલી મનાય છે તે એમના સાધુ–જીવન વિષે નહિ જેવો પ્રકાશ પાડે છે; બાકી એ પણ એમના ગૃહસ્થાશ્રમ વિષે તો મૌન જ સેવે છે. આમ હોવા છતાં એ આનંદનો વિષય છે. કે એમની વિદ્વત્તાપૂર્ણ કૃતિઓથી આકર્ષાયેલા આધુનિક તેમ જ પ્રાચીન સમયના સાક્ષરોએ એમના જીવન અને કવન વિષે થોડુંઘણું પણ કથન કર્યું છે. આમાં પાશ્ચાત્ય વિદ્વાનોનો પણ સબળ ફાળો છે. આમ જે દેશવિદેશના સાહિત્યરસિકોને હાથે એમના જીવનને લગતી વાની જે ભિન્ન ભિન્ન સાત ભાષાઓમાં પિરસાઇ છે તેની હું ભાષાદીઠ નોંધ લઉં છું:

સાધન–સામગ્રી (૬+૧૯+૧૪+૫+૧૦+૨+૪=૬૦)

(૧) પાઇય (પ્રાકૃત) [૬]

(૧) **કુવલયમાલા**—'દાક્ષિણ્યચિહ્ન'સૂરિ તરીકે ઓળખાવાતા ઉદ્દ્યોતનસૂરિએ આ કૃતિ **શકસંવત્** ૭૦૦મા એક દિવસ ઓછો હતો ત્યારે એટલે કે વિક્રમસંવત્ ૮૩૫માં પૂર્ણ કરી છે. આ કૃતિ અમુદ્રિત

છે.[1] એ જ઼ઇણુ મરહટ્ટી (જૈન માહારાષ્ટ્રી)માં રચાયેલી છે.

(૨) **કહાવલી**—આ કૃતિ ભદ્રેશ્વરસૂરિએ જ૦ મ૦માં વિક્રમની લગભગ દસમી–અગિયારમી સદીમાં અને કોઇકને મતે બારમી સદીમાં રચી છે.[2] એમા અનેક મુનિવરોના–કાલકસૂરિથી માંડીને હરિભદ્રસૂરિ સુધીના જીવનવૃત્તાંતો છે. આ કૃતિ પણ અમુદ્રિત છે.[3]

(૩) [4]**ગણહરસડ્ઢસયગ**—જ૦ મ૦માં પદ્યોમાં રચાયેલી આ કૃતિના કર્તા [5]જિનદત્તસૂરિ છે. ગાથા પર–પ૯ અત્ર પ્રસ્તુત છે.

(૪) [6]**વિચારસારપયરણ**—પ્રદ્યુમ્નસૂરિએ જ૦ મ૦માં રચેલા આ **વિચારસારપયરણ**ની ગા. ૫૩૨–૫૩૩ અત્ર પ્રસ્તુત છે. આ સૂરિ દેવપ્રભસૂરિના શિષ્ય થાય છે. એમનો સત્તાસમય વિક્રમની ચૌદમી શતાબ્દી છે.[7]

---

૧ **કુવલયમાલા**નો ઉલ્લેખ દેવચન્દ્રસૂરિએ વિ. સં. ૧૧૬૦મા રચેલા **સંતિનાહ-ચરિય**મા છે **કુવલયમાલા**ની વિવિધ હાથપોથીઓ મળે છે તેમાની એક વિ સં. ૧૧૩૯મા લખાયેલી છે જુઓ **જિનરત્નકોશ** (પ્રથમ વિભાગ, પૃ. ૯૪).

૨ **બૃહત્કથાકોશ**ના અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ ૪૫)મા **કહાવલી**ને **પરિશિષ્ટપર્વ** કરતા પ્રાચીન ગણી છે અને એમા ૬૩ શલાકાપુરુષનો વૃત્તાત છે એમ કહ્યુ છે

૩ આની હાથપોથીઓની નોધ **જિ૦ કો૦** (વિ. ૧, પૃ ૬૬)માં છે.

૪ "ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાલા"મા ઇ સ. ૧૯૨૭મા છપાયેલી **અપભ્રંશકાવ્યત્રયી**મા એના બીજા પરિશિષ્ટ તરીકે આ કૃતિ અપાયેલી છે.

૫ એમનો જન્મ વિ સં. ૧૧૩૨મા થયો હતો એઓ વિ. સં ૧૨૧૧માં સ્વર્ગે સિધાવ્યા હતા એઓ જિનવલ્લભસૂરિના પટ્ટધર થાય છે

૬ આ કૃતિ સસ્કૃત છાયા સહિત "આગમોદયસમિતિ" દ્વારા ઇ. સ. ૧૯૨૩મા પ્રસિદ્ધ થયેલી છે

૭ રત્નશેખરસૂરિએ **સડ્ઢવિહિ**ની ઉપર વિ સ. ૧૫૦૬મા રચેલી સ્વોપજ્ઞ વૃત્તિ નામે **વિધિકૌમુદી**મા આ સૂરિનો નિર્દેશ કર્યો છે

(૫) [૧]રયણસંચયપગરણ—આ જ૦ મ૦માં ૫૫૦ પદ્યોમાં સિદ્ધાન્તની સારભૂત ગાથાઓના સંગ્રહરૂપે રચાયેલી કૃતિના કર્તા 'અંચલ' ગચ્છના હર્ષ(નિધાન)સૂરિ છે. આ કૃતિની રચના ગુણનિધાનસૂરિના ઉપદેશને આભારી છે. ૨૮૨મી ગાથા અત્ર પ્રસ્તુત છે. એ નીચે મુજબ છે:—

"पणपणगबारससए हरिभद्दो सूरि आसि पुव्वकए।
तेरसय वीसअहिए वरिसेहिं बप्पभट्टपहू॥२८२॥"

(૬) કેટલીક જીર્ણશીર્ણ હાથપોથીઓમાં મળી આવતી નીચે મુજબની [૨]ગાથાઃ—

"वीराओ वयरो वासाण पणसए दससएण हरिभद्दो।
तेरसहिं बप्पभट्टी अट्ठहिं पणयाण 'वलहि'खओ॥"

(૨) સંસ્કૃત [૧૯]

(૧) [૩]શિષ્યહિતા—આવસ્સય નામના જૈન આગમ ઉપર હરિભદ્રસૂરિએ સં૦માં આ નામની ટીકા રચી છે. એના અંતમાં જે પુષ્પિકા છે તે અત્ર ઉપયોગી છે.

(૨) [૪]પંચાશક-ટીકા—હરિભદ્રસૂરિએ પંચાસગની જ૦મ૦માં રચના કરી છે. એના ઉપર અભયદેવસૂરિએ સં૦માં વિ. સં. ૧૧૨૪માં આ

૧ આ કૃતિ ગુજરાતી ભાષાંતર તથા વિશેષાર્થ સહિત "જૈન ધર્મ પ્રસારક સભા" તરફથી ભાવનગરથી વિ સં ૧૯૮૫મા છપાવાઈ છે

૨ આ ગાથા "श्रीहरिभद्राचार्यस्य समयनिर्णय" નામના નિબંધ (પૃ ૫)મા અપાઇ છે.

૩ આ ટીકા મૂળ તેમજ નિજ્જુત્તિ સહિત "દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા" તરફથી ચાર ભાગમા પ્રસિદ્ધ કરાઇ છે ચોથો (અંતિમ) ભાગ ઈ. સ. ૧૯૧૭માં છપાવાયો છે.

૪ આ ટીકા મૂળ સહિત જૈ૦ ધ૦ પ્ર૦ સ૦ તરફથી ઇ સ. ૧૯૧૨માં છપાવાઈ છે.

ટીકા રચી છે આ સૂરિનો સ્વર્ગવાસ વિ સં. ૧૧૩૫માં અને મતાંતર પ્રમાણે ૧૧૩૯માં થયો હતો.

(૩) [1]ઉપદેશપદ-ટીકા યાને સુખસંબોધના—હરિભદ્રસૂરિએ ઉવએસપય જ૦મ૦માં રચ્યું છે. એના ઉપર વિ. સં. ૧૧૭૪માં મુનિચન્દ્રસૂરિએ સં૦મા ટીકા રચી છે. આ ઉવએસપયની અંતિમ—૧૦૩૯મી ગાથા ઉપરની ટીકાનો ભાગ અત્ર પ્રસ્તુત છે.

(૪) [2]ગણધરસાર્ધશતક-ટીકા—જિનદત્તસૂરિએ રચેલા ગણહરસહ્ઢસયગ ઉપર સુમતિગણિએ સ૦માં આ ટીકા વિ. સં. ૧૨૯૫માં રચી છે.

(૫) યક્ષદેવ મુનિના ઉદ્ગારો[3]—આ મુનિએ હરિભદ્રસૂરિને અંગે પાંચ પદ્યો રચ્યાં છે આ મુનિ તે કોણ એ બાબત મેં "યક્ષદેવ. મુનિનો પરિચય" એ નામના મારા [4]લેખમાં વિચારી છે.

---

૧ આ ટીકા મૂળ કૃતિ સાથે "જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ" (પાલીતાણા) તરફથી ઇ. સ ૧૯૦૯માં છપાવાઇ છે "મુક્તિ કમલ જૈન મોહનમાલા"માં પણ આ ટીકા તેમજ એનું મૂળ બે વિભાગમા ઇ. સ. ૧૯૨૩ ને ૧૯૨૫માં અનુક્રમે છપાવાયેલાં છે. આ નવીન સંસ્કરણનો અત્ર ઉપયોગ કરાયો છે.

૨ આ ટીકાની અનેક હાથપોથીઓ મળે છે. આ હજી સુધી અમુદ્રિત છે. એના ઉપરથી પદ્મમંદિરગણિએ સંક્ષિપ્ત ટીકા રચી છે તે તો મૂળ સહિત "જિનદત્તસૂરિ પ્રાચીન પુસ્તકોદ્ધાર ફંડ" (સુરત) તરફથી ઇ. સ ૧૯૪૪માં પ્રકાશિત થઇ છે. આની હિંદી "ભૂમિકા" (પત્ર ૫અ–૬અ)માં ઉપર્યુક્ત અમુદ્રિત ટીકાનો પરિચય અપાયો છે. એમાં સૂચવાયું છે કે સુમતિગણિએ **શબ્દરત્નપ્રદીપ** નામના કોશમાંથી ઉદાહરણ આપ્યા છે. આ કોશ અનુપલબ્ધ છે.

૩ ગા૦ પૌ૦ ગ્રં૦ માટે **અનેકાન્તજયપતાકા**નું સ્વોપજ્ઞ વ્યાખ્યા ઇત્યાદિ સહિત મેં જે સંપાદન બે ખંડમાં કર્યું છે તેમાં બીજા ખંડના અંતમાં આ ઉદ્ગારાત્મક પાંચ પદ્યો ઇ. સ. ૧૯૪૭માં છપાવાયાં છે.

૪ મારો આ લેખ "જૈન સત્ય પ્રકાશ" (વ. ૧૨, અં. ૭)માં ઇ. સ. ૧૯૪૭માં છપાયો છે.

(૬) [૧]**પ્રભાવકચરિત**—આ પદ્યાત્મક કૃતિમાં બાવીસ પ્રબંધો છે. એમાંનો નવમો પ્રબંધ હરિભદ્રસૂરિને અંગે છે. આ સમગ્ર કૃતિ પ્રભાચન્દ્રસૂરિએ વિ. સં. ૧૩૩૪માં રચી છે. એને **પૂર્વર્ષિચરિત્રરોહણ-ગિરિ** પણ કહે છે, અને એના પ્રબંધોને 'શૃંગ' કહે છે.

(૭) [૨]**પુરાતનપ્રબન્ધસંગ્રહ**—આ એક સંગ્રહાત્મક કૃતિ છે. એમાંનો ૫૪મો પ્રબન્વ અત્ર પ્રસ્તુત છે.

(૮) [૩]**પ્રબન્ધકોશ** યાને **ચતુર્વિંશતિપ્રબન્ધ**—રાજશેખર-સૂરિએ આ કૃતિ વિ. સ. ૧૪૦૫માં રચી છે. અહી ૨૪ પ્રબન્ધો છે તે પૈકી આઠમો પ્રબન્ધ હરિભદ્રસૂરિને અંગે છે અને એ અત્ર પ્રસ્તુત છે.

(૯) [૪]**ગુર્વાવલી**—વિ. સ. ૧૫૦૩માં સ્વર્ગે સંચરેલા 'સહસ્રાવધાની' મુનિસુન્દરસૂરિની આ વિ સ ૧૪૬૬ની પદ્યાત્મક રચના છે. એના શ્લો. ૪૦ અને ૬૮ અહીં ઉપયોગી છે.

(૧૦) [૫]પૌર્ણમિક આદિ ગચ્છોની પટ્ટાવલીઓ.

---

૧ આ કૃતિ ઇ સ. ૧૯૦૯મા "નિર્ણયસાગર મુદ્રણાલય" તરફથી પ્રકાશિત કરાઇ હતી "સિંઘી જન ગ્રથમાલા"મા આ કૃતિ ત્યાર પછી ઇ. સ. ૧૯૪૦માં છપાવાઇ છે અને એ સંસ્કરણનો અહી હું ઉપયોગ કરું છું.

૨ આ સિં. જૈ. ગ્રં.મા ઇ. સ ૧૯૩૬મા છપાયો છે.

૩ આનું સંપાદન મેં કર્યું છે. આ કૃતિ "ફાર્બસ ગુજરાતી સભા" (મુંબઈ) તરફથી ઇ સ ૧૯૩૨મા પ્રસિદ્ધ કરાઇ છે. આને આધારે આ નિબંધમાં હું પૃષ્ઠાંક આપનાર છું, જો કે સિં. જૈ. ગ્રં મા પણ આ કૃતિ ત્યાર પછી ઇ. સ. ૧૯૩૫મા પ્રસિદ્ધ કરાઈ છે.

૪ આ "યશોવિજય જૈન ગ્રંથમાલા" (બનારસ) તરફથી વિ. સં. ૧૯૬૧મા છપાવાઇ છે. આ કૃતિ તે મુનિસુન્દરસૂરિકૃત **ત્રિદશતરંગિણી**ના ત્રીજા સ્રોતનો એક મોટો હ્રદ છે જુઓ "જૈન પુસ્તક પ્રચારક સંસ્થા" (સુરત) તરફથી વિ સં. ૨૦૦૫મા છપાવાયેલા **ઉપદેશરત્નાકર**ની મારી ભૂમિકા (પૃ. ૭૯).

૫ આ પટ્ટાવલીઓ **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખંડ ૨)ના પૃ. ૨૨૩૩ ઇ.મા છે. બીજી કેટલીક પટ્ટાવલીઓ જૈ. ગૂ. ક. (ભા. ૨)માં પરિશિષ્ટ ૨–૩ તરીકે અપાઈ છે.

(૧૧) ગણધરસાર્ધશતક-સંક્ષિપ્ત-ટીકા—આના રચનાર ઉપાધ્યાય દેવતિલકના શિષ્ય ઉપાધ્યાય પદ્મમંદિરગણિ છે. આ ટીકા વિ. સં. ૧૬૭૬માં રચાઈ છે.[૧]

(૧૨) હરિભદ્રસૂરિચરિત—આના કર્તા ધનેશ્વર છે અને પં. હરગોવિંદદાસે આ કૃતિ સંપાદિત કરી છે.[૨]

(૧૩) [૩]હરિભદ્રસૂરિચરિત્ર—પં. હરગોવિન્દદાસે આ નિબંધ સંસ્કૃતમાં ઇ સ. ૧૯૧૭માં લખ્યો હતો

(૧૪) [૪]ग्रन्थकार-परिचय :—ધમ્મસંગહણી (ભા. ૨)ના પરિચયનો આ એક અંશ છે. હરિભદ્રસૂરિએ આ જે ધમ્મસગહણી રચી છે. એના ઉપર મુનિ (હવે પંન્યાસ) કલ્યાણવિજયજીએ ઇ. સ. ૧૯૧૮માં સં૦માં આ પરિચય લખ્યો છે.

(૧૫) [૫]श्रीहरिभद्राचार्यस्य समयनिर्णय :—મુનિ જિનવિજયજીએ આ નિબન્ધ ઇ. સ. ૧૯૧૯માં લખ્યો છે.

(૧૬) [૬]वक्तव्यं किञ्चित्—મુનિ (હવે સૂરિ) પ્રતાપવિજયજીએ

૧ જુઓ પૃ ૬, ટિ. ૨. આ સક્ષિપ્ત ટીકા (પત્ર ૬૭આ)મા કોઇ મોક્ષરાજ કવિનો ઉલ્લેખ છે. પત્ર ૫૬આમા આર્ય સમુદ્રાચાર્યકૃત પઇણ્ણકપ્પમાથી ચાર અવતરણ અપાયાં છે.

૨ જિ૦ કો૦ (વિ ૧, પૃ ૪૫૯)માં આની નોધ છે.

૩ આ નિબંધ "જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા"મા ઇ. સ. ૧૯૧૭માં પ્રકાશિત થયો છે.

૪ ધમ્મસંગહણી અને એના ઉપરની મલયગિરિસૂરિકૃત ટીકા સહિત જે બીજો ભાગ દે. લા. જૈ. પુ સં. તરફથી ઇ. સ. ૧૯૧૮માં છપાવાયો છે તેમાનો "ग्रन्थकार-परिचय." (પત્ર ૧-૩૪) અત્ર પ્રસ્તુત છે.

૫ આ નિબંધ "જૈન સાહિત્ય સશોધક ગ્રંથમાલા"માં છપાયો છે. એ Proceedings and Transactions of the First Oriental Conference (Vol. I, p CXXIV ff.)માં ઇ. સ. ૧૯૨૦મા છપાયો છે.

૬ સુ. ક. જૈ. મો.મા વિ. સં. ૧૯૮૧માં છપાયેલા બીજા ભાગમાં આ છે.

આ વક્તવ્ય ઉવએસપય (સટીક)ના ભા.૨ને અંગે વિ. સં.૧૯૮૧માં લખ્યું છે.

(૧૭) [1]**વીસવીસિયાની પ્રસ્તાવના**—હરિભદ્રસૂરિએ **વીસ-વીસિયા** રચી છે. એને અંગે પ્રા. અભ્યંકરે સં માં પ્રસ્તાવના લખી છે

(૧૮) હરિભદ્રસૂરિકૃત ગ્રંથો અને ટીકાઓની પ્રસ્તાવના—હરિભદ્રસૂરિની જે કૃતિઓનું સંપાદન 'આગમોદ્ધારક' (સ્વ) **આનંદ-સાગરસૂરિજીએ** કર્યું છે તેમાની [2]સાત કૃતિઓ ઉપર એમણે સ માં નાનીસરખી પ્રસ્તાવનાઓ લખી છે.

(૧૯) [3]**श्रीहरिभद्रसूरिसमयदीपिका**—આ આગમોદ્ધારકની દસ પદ્યની કૃતિ છે. એમાં હરિભદ્રસૂરિના સમય વિષે વિચાર કરાયો છે.

(૩) ગુજરાતી [૧૪]

(૧) "ષડ્દર્શનવેત્તા શ્રીમાન્ હરિભદ્રસૂરિ"—આ (સ્વ) મન.સુખ-

---

૧ આ પ્રો અભ્યંકર દ્વારા ઇ. સ ૧૯૩૨મા છપાવાઈ છે

૨ જુઓ જૈ. પુ પ્ર સ તરફથી વિ. સં ૨૦૦૫મા છપાવાયેલા **ઉપદેશ-રત્નાકરના** અંતમાં અપાયેલી "આગમોદ્ધારકની સાહિત્યસેવા". આ ઉપરથી નીચે મુજબની હારિભદ્રીય કૃતિ ઉપર 'આગમોદ્ધારકે' પ્રસ્તાવના લખી છે (અને એ છપાવાઇ છે) તે જોઇ શકાય છે—

ક્રમાંક	નામ	પત્ર	રચના-વર્ષ	પ્રકાશન-વર્ષ
૬૪	નંદીની ટીકા	૧		વિ સં. ૧૯૮૪
૯૪	તત્ત્વાર્થસૂત્રની ટીકા	૪	વિ સ. ૧૯૯૨	વિ સ ૧૯૯૨
૧૦૦	ધર્મબિન્દુ	૨	વિ સ ૧૯૮૦	વિ સ ૧૯૮૦
૧૦૮	પંચવસ્તુગ	૩	વિ સ. ૧૯૮૩	વિ સં ૧૯૮૩
૯	યોગદૃષ્ટિસમુચ્ચય (સટીક)	૫ (પૃષ્ઠ)	વિ. સ. ૧૯૬૮	વિ સ ૧૯૬૮
૧૩૯	લલિતવિસ્તરા	૨	વિ. સ. ૧૯૯૦	વિ સ ૧૯૯૦
૧૪૯	શાસ્ત્રવાર્તાસમુચ્ચય (સટીક)	૨	વિ સં. ૧૯૮૪	વિ. સં. ૧૯૮૫

૩ જૈ. પુ. પ્ર. સં. તરફથી "આગમોદ્ધારસંગ્રહ" ભા ૯ તરીકે જે "શ્રીપ્રજ્ઞાપનોપાંગ"નો ઉત્તર ભાગ ઇ. સ. ૧૯૪૯મા પ્રકાશિત થયો છે તેના પ્રારંભમાં આ કૃતિ અપાઇ છે.

લાલ કિરતચંદ મહેતાનો લેખ છે[1]

(૨) "મૂળ ગ્રંથકાર શ્રીહરિભદ્રસૂરિ" (પૃ. ૪-૫૧)—પં. બેચરદાસ જીવરાજે ષડ્દર્શનસમુચ્ચય અને એના ઉપરની ગુણરત્નસૂરિની ટીકામાંના 'જૈન દર્શન' પ્રકરણનો [2]જૈન દર્શન એ નામથી જે અનુવાદ કર્યો છે તેમા પ્રસ્તાવના તરીકે આ લખાણ વિ. સં ૧૯૭૯મા તૈયાર કર્યું હતું તે છપાયું છે.

(૩) "[3]પ્રબંધ-પર્યાલોચન" (પૃ. ૫૦-૫૪)— પ્ર૦ ચ૦ના શ્રીપ્રભાવકચરિત્ર નામના ભાષાંતરને અંગે આ પર્યાલોચન મુનિ (હવે પંન્યાસ) કલ્યાણવિજયજીએ ઇ સ ૧૯૩૧માં લખ્યું છે.

(૪) **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ** (પ્રકરણ ૬, પૃ. ૧૫૩-૧૭૦)- આ [4]પુસ્તક (સ્વ.) મોહનલાલ દલીચંદ દેશાઇએ ઇ. સ. ૧૯૩૩મા રચ્યુ છે

(૫) **શ્રીસિદ્ધર્ષિ** (પૃ ૩૫૯-૩૮૪)—આ [5]પુસ્તક (સ્વ.) મોતીચંદ ગિરધર કાપડિયાએ તૈયાર કર્યું છે.

(૬) "શ્રીષોડશક પ્રકરણ અને ભગવાન્ હરિભદ્રસૂરિજી"—આ [6]લેખના કર્તા આગમોદ્ધારક છે.

---

૧ આ લેખ બે કટકે "જૈન ધર્મ પ્રકાશ" (પુ ૨૫, અં. ૫ ને અં. ૬)માં વિ સ. ૧૯૬૫મા છપાયો છે.

૨ આ પુસ્તક મનસુખલાલ રવજીભાઇ મહેતા તરફથી વિ. સં. ૧૯૮૦માં પ્રસિદ્ધ કરાયુ છે.

૩ આ પર્યાલોચન પ્ર ચ.ના ભાષાતર સહિત "જૈન આત્માનંદ સભા" (ભાવનગર) તરફથી વિ સ. ૧૯૮૭માં પ્રકાશિત કરાયું છે.

૪ આ પુસ્તક "જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસ" (મુંબઇ) તરફથી ઇ. સ ૧૯૩૩માં છપાવાયું છે

૫ આ પુસ્તક જૈ ધ પ્ર સ તરફથી ઇ. સ ૧૯૩૯મા પ્રસિદ્ધ કરાયું છે.

૬ આ લેખ "સિદ્ધચક્ર" (વ ૭)ના અંક ૧ (પૃ. ૯-૧૩), અં. ૨ (પૃ. ૩૦-૩૫) અને અં. ૩ (પૃ. ૪૯-૫૨)માં એમ ત્રણ કટકે તા. ૯-૧૦-'૩૮, ૨૩-૧૦-'૩૮ ને ૭-૧૧-'૩૮ના અંકોમાં છપાવાયો છે.

(૭) "હરિભદ્રસૂરિનો સમયનિર્ણય"—આ [૧]લેખ શ્રી. હીરાલાલ અમૃતલાલ શાહે લખ્યો છે.

(૮) "શ્રીહરિભદ્રસૂરિ"—ભાષાનુવાદ સહિતના [૨]અષ્ટકપ્રકરણમાં આ એના સંપાદક શ્રી. ખુશાલદાસ જગજીવનદાસનું લખાણ છે.

(૯) સમરાઇચ્ચકહા (ભા. ૨)ની [૩]પ્રસ્તાવના (પત્ર ૩-૬)— આ પ્રસ્તાવનાના લેખક પં. ભગવાનદાસ હરખચંદ દોસી છે.

(૧૦) "પરિચય" (પૃ ૫૫-૬૪, ૧૧૦-૧૧૩)—[૪]તત્ત્વાર્થસૂત્ર ઉપર પં સુખલાલે "ગુજરાતી વ્યાખ્યા" રચી છે એના પ્રારંભમાં એમણે "પરિચય" લખ્યો છે. એમાં પૃ. ૫૫-૬૪માં "હરિભદ્ર' એ નામથી અને પૃ. ૧૧૦-૧૧૩માં "બે વૃત્તિઓ" એ શીર્ષકપૂર્વક અનુક્રમે હરિભદ્રસૂરિ અને એમની ડુપડુપિકા વિષે લખાણ છે

(૧૧) "જૈન ન્યાયનો વિકાસ"— આ મુનિ (હવે પં) ધુરંધરવિજયજીનો [૫]લેખ છે. એમાં પૃ ૧૨-૧૪માં હરિભદ્રસૂરિ અને એમની ન્યાયવિષયક કૃતિઓ વિષે નિર્દેશ છે.

(૧૨) "શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી" —આ [૬]લેખ મુનિ કનકવિજયજીએ લખ્યો છે.

---

૧ આ લેખ "જૈન સાહિત્ય સંશોધક" (ભા ૧, અં ૧, પૃ ૩૮-૪૨)માં વીરસંવત્ ૨૪૪૬માં છપાવાયો છે

૨ આ "શ્રીમહાવીર જૈન વિદ્યાલય" તરફથી ઇ સ ૧૯૪૧મા છપાવાયું છે.

૩ આ પ્રસ્તાવના મૂળ ને છાયા સહિત હીરાલાલ દેવચંદ દ્વારા ઇ સ ૧૯૪૪માં છપાવાયું છે તેમાં અપાયેલી છે.

૪ આ કૃતિની વ્યાખ્યા અને પરિચય સહિતની બીજી આવૃત્તિ "જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ" C/o ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તરફથી ઇ. સ ૧૯૪૦મા પ્રસિદ્ધ થઈ છે પહેલી આવૃત્તિ ઇ સ ૧૯૩૦મા છપાવાઇ હતી.

૫ આ લેખ "જ. સ પ્ર" (વ ૭, અં. ૧-૩, પૃ. ૧૧-૨૩)માં ઇ. સ. ૧૯૪૧માં છપાયો છે.

૬ આ લેખ "જૈ. સ. પ્ર" (વ ૭, અં ૧-૩, પૃ. ૨૪-૪૧)માં ઇ. સ. ૧૯૪૧માં પ્રસિદ્ધ થયો છે.

(૧૩) [1]ષોડશક-પ્રકરણની પ્રસ્તાવના (પૃ. ૫-૨૭)-આ પ્રસ્તાવના મેં ઇ. સ. ૧૯૪૯માં લખી છે.

(૧૪) સમરાઇચ્ચચરિયને અંગેના ડૉ યાકોબીના ઉપોદ્ઘાતનો ગુજરાતી [2]અનુવાદ—આ અનુવાદ કોઇકે કર્યો છે અને એ છપાયો છે.

(૪) હિન્દી [૫]

(૧) "[3]हरिभद्रसूरिका समयनिर्णय"—આ લેખ જિનવિજયજીએ લખ્યો છે.

(૨) [4]ન્યાયકુમુદચન્દ્ર (ભા. ૧)ની પ્રસ્તાવના (પૃ. ૭૮)—આ પ્રસ્તાવનાના લેખક પં. કૈલાસચન્દ્ર છે.

(૩) "प्राक्कथन" (પૃ. ૧૦)—[5]અકલંકગ્રન્થત્રયને અંગે આ પ્રાક્કથન પં. સુખલાલ સંઘવીએ લખ્યું છે.

(૪) "परिचय" (પૃ ૪૭-૫૪; ૯૩-૯૫)— [6]તત્ત્વાર્થસૂત્રનું વિવેચન પં. સુખલાલ સંઘવીએ લખ્યું છે. એમાં પ્રારંભમાં આ પરિચય છે પૃ ૪૬-૫૪માં 'હરિભદ્ર' એ શીર્ષકપૂર્વક હરિભદ્રસૂરિ વિષે

---

૧ આ પુસ્તક મારી પ્રસ્તાવના સહિત જૈ પુ પ્ર સં તરફથી ઇ સ. ૧૯૧૯માં છપાવાયું છે

૨ આ અનુવાદ "જૈ સા સ" (ખંડ ૩, અ ૩, પૃ ૨૮૨-૨૯૪)માં વિ. સં. ૧૯૮૪મા છપાયો છે.

૩ આ લેખ "જૈ સા સં." (ભા ૧, અ ૧, હિન્દી વિભાગ, પૃ ૨૧-૫૮)મા વીરસવત્ ૨૪૪૬માં અર્થાત્ વિ સં. ૧૯૭૬માં છપાયો છે

૪ આ પુસ્તક પ્રસ્તાવના સહિત ઇ. સ ૧૯૩૮માં "માણિકચંદ્ર દિ જૈન ગ્રંથમાલા"માં છપાયું છે.

૫ આ પુસ્તક સિં. જૈ. ગ્રં.મા ઇ સ. ૧૯૩૯માં પ્રસિદ્ધ થયું છે.

૬ આ કૃતિ વિવેચન અને પરિચય સહિત "જૈનાચાર્ય શ્રી આત્માનંદ-જન્મ-શતાબ્દી-સ્મારક ટ્રસ્ટ બૉર્ડ" તરફથી મુંબઈથી વિ. સં ૧૯૯૬માં છપાયેલી છે. આનું બીજું સંસ્કરણ પહેલામાંના ભ્રાન્તિમૂલક લખાણથી મુક્ત છે.

અને પૃ. ૯૩–૯૫માં એમની કુપકુપિકા વિષે લખાણ છે.

(૫) "[૧]श्रीहरिभद्रसूरि"—આ લેખ પં. ઇશ્વરલાલજી જૈને લખ્યો છે.

(૫) અંગ્રેજી [૧૦]

(1) [૨]A Fourth Report of Operations in Search of Sanskrit Mss. in the Bombay Circle, April 1886 to March 1892 : પ્રો પીટર પિટર્સન.

(2) [૩]An article in "Indian Antiquary" (Vol. II, pp. 247 & 253) : જે. ક્લેટ.

(3) [૪]Dignāga's Nyāyapraves'a and Haribhadra's commentary on it : એન્ મિરોનોવ.

(4) Introduction to [૫]**Upamitibhavaprapañcākathā** : ડૉ હર્મણ યાકોબી.

(5) [૬]A History of Indian Logic (pp. 152, 154, 160 fn. 6, 206 fn. 4 and 208 fn.) મહોપાધ્યાય સતીશચન્દ્ર વિદ્યાભૂષણ.

(6) Introduction (pp. I–XVII) to [૭]**Samarāï-**

---

૧ આ લેખ "જૈ સ પ્ર" (વ ૭, અ ૧–૩, પૃ ૪૨–૫૩)મા ઇ. સ ૧૯૪૧માં છપાયો છે

૨ ઇ સ ૧૮૮૬–૯૨નો આ હેવાલ JBBRAS (Vol XVIII, extra number)મા ઇ સ ૧૮૯૪માં છપાયો છે

૩ આ લેખમાં કહ્યુ છે કે ઇ સ ની તેરમી સદી સુધી જતી પરંપરા પ્રમાણે હરિભદ્રસૂરિનો સમય ઇ સ ૫૨૯ છે.

૪ જુઓ વીરસ વત્ ૨૪૩૮માં પ્રકાશિત "જૈનશાસન" (દિવાળીનો વિશિષ્ટ અંક).

૫ પ્રો પિટર્સન અને ડૉ યાકોબી દ્વારા સંપાદિત આ કૃતિ "બિબ્લિઓથેકા ઇન્ડિકા" (એશિયાટિક સોસાયટી ઑફ બૅંગોલ)મા ઇ સ ૧૮૯૯–૧૯૧૪માં છપાઈ છે.

૬ આ "કલકત્તા વિદ્યાપીઠ" તરફથી ઇ સ ૧૯૨૧માં છપાયેલ છે.

૭ આ કૃતિ "બિબ્લિઓથેકા ઇન્ડિકા"મા ઇ સ ૧૯૨૬માં પ્રસિદ્ધ થઈ છે.

ccakahā[1] : ડૉ. હર્મણ યાકોબી.

(7) [2]A History of Indian Literature (Vol. 2, pp. 465n , 470n., 479f., 485, 488, 489n., 507, 511, 512n., 522f , 526f., 528n., 532, 535f., 561, 574, 579, 583, 584n , 589 and 594n.) : ડૉ. મોરિસ વિન્તર્નિત્સ.

(8) [3]The Bhagavadgītā in the pre- S'ankarācārya Jain Sources : શ્રી. પી. કે. ગોડે.

(9) Introductions to [4]Anekāntajayapatākā : હીરાલાલ ર કાપડિયા.

(10) Introduction to [5]**Dhuttakkhāṇa** : ડૉ. એ. એન. ઉપાધ્યે.

(૬) જર્મન [૨]

(1) Zeitschrift der Deutschen morgenländischen Gesellschaft (Vol. XL, p. 94).

(2) [6]Geschichte der Indischen Litteratur : ડૉ. એમ. વિન્તર્નિત્સ.

---

૧ આ ઉપોદ્‌ઘાતમાં ડૉ. યાકોબીએ **પ્ર૦ ચ૦** અને **ચ૦ પ્ર૦**ના આધારે હરિભદ્રસૂરિનો જીવનવૃત્તાંત રજૂ કર્યો છે. આના ગુજરાતી અનુવાદ માટે જુઓ પૃ. ૧૨, ટિ. ૨.

૨ આ "કલકત્તા વિદ્યાપીઠ" તરફથી ઇ સ. ૧૯૩૩માં છપાયેલ છે.

૩ આ લેખ "ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધનમંદિર" તરફથી પૂનાથી ABORI (Vol. XX, pp 188–194)માં ઇ. સ ૧૯૪૦મા છપાયો છે.

૪ આની મેં સંપાદિત કરેલી આવૃત્તિ બે ખંડમાં અનુક્રમે ઇ. સ. ૧૯૪૦માં અને ૧૯૪૭માં ગા પૌ ગ્રં.માં પ્રસિદ્ધ કરાઈ છે.

૫ આ કૃતિ સિં જૈ. ગ્રં માં અંગ્રેજી ઉપોદ્‌ઘાત સહિત ઇ સ.૧૯૪૪માં છપાવાઈ છે.

૬ આના બીજા ખંડના ઉત્તરાર્ધમાં જૈન સાહિત્યનું નિરૂપણ છે. આ ઉત્તરાર્ધ ઇ. સ. ૧૯૨૦માં છપાયો છે.

(૭) ઇટાલિયન [૪]

(1-4) Journal of the Italian Asiatic Society (Vols 18–21).

આ ગ્રંથો અને લેખોની સૂચી ઉપરથી એ જોઇ શકાય છે કે હરિભદ્રસૂરિનો જીવનવૃત્તાંત એ સૂરિએ જાતે આલેખ્યો નથી એટલું જ નહિ પરંતુ એમના કોઇ સમસમયી કે નિકટવર્તી વિદ્વાને પણ એમને વિષે થોડુંઘણું યે લખ્યું નથી. પ્રાચીન સાધનોમાથી **કહાવલી, પ્ર. ચ.** અને **ચ. પ્ર.** એમને વિષે ઠીક ઠીક વિગતો પૂરી પાડે છે. પછી ભલે એમાના કોઇ કોઈ ભાગ દતકથા કે વૃદ્ધવાદ જેવા જણાય. આના આધારે હું એમની "જીવનરેખા" આલેખું છું. પછી એ આછી હો કે ઘેરી, વિશ્વસ્ત ઠરો કે સંદિગ્ધ.

ગૃહસ્થ-જીવન

જન્મભૂમિ અને જન્મદાતા—ભદ્રેશ્વરસૂરિએ **કહાવલી**ના પ્રથમ પરિચ્છેદના અતમાં હારેભદ્રસૂરિનો જીવનવૃત્તાત આલેખ્યો છે, એમા 'પિયંગુઇ' (? પિવંગુઇ) નામની કોઇ બ્રહ્મપુરીના વતની શંકરભટ્ટ અને એમની પત્ની ગંગાના પુત્ર તરીકે આ સૂરિવર્યનો ઉલ્લેખ કર્યો છે. **ઉવએસપદ** (ગા. ૧૦૩૮) ઉપરની ટીકા (પત્ર ૪૩૪અ)માં મુનિચન્દ્રસૂરિએ હરિભદ્રસૂરિને [૧]'ચિત્રકૂટ' [૨]અચળના શિખર ઉપરના નિવાસી કહ્યા છે.

---

૧ **મન**સુખલાલ કિ. મહેતાએ એમના પૃ ૧૦, ટિ ૧માં નિર્દેશાયેલા લેખ (પૃ ૧૪૩)મા "ચિતોડ મારવાડનું કે વાગડ"નું એવો પ્રશ્ન ઉઠાવ્યો છે.

૨ શિયલના રક્ષણાર્થે જૌહર કરનાર **પદ્મિ**ની (રાણા **ભીમ**સિંહની પત્ની)થી, **ભામા**શા જેવા દાનવીરથી અને રાણા **પ્ર**તાપ જેવા રણવીરથી ઉજ્જ્વલ બનેલી 'મેવાડ'ની ભૂમિમાં 'ચિત્રકૂટ' પર્વત (ચિતોડ ગઢ) આવેલો છે. આ પર્વતને અનેક કૂટ યાને શિખર હોવાથી એનું 'ચિત્રકૂટ' નામ સાર્થક ઠરે છે આ પર્વતની તળેટીમા એના જ નામે ઓળખાતું 'ચિત્રકૂટ' (ચિતોડ) નગર છે એ આજે પણ પોતાની જર્જરત કાયાનું ભાન કરાવતું 'ઉદયપુર' (ઉદેપુર) પાસે વિદ્યમાન છે. ચિતોડ ગઢ અને

જાતિ—હરિભદ્રસૂરિ વિષેના [1]પ્રબંધો જોતાં એઓ 'બ્રાહ્મણ' જાતિના હોવા જોઇએ એમ લાગે છે.

પુરોહિત—**પ્ર. ચ.** (પૃ. ૬૨) પ્રમાણે આ સૂરિવર્ય ચિત્રકૂટ (ચિતોડ)ના રાજા જિતારિના પુરોહિત થાય છે. આ રાજા **રામ** જેવો પ્રજાવત્સલ, યુધિષ્ઠિરની જેમ નીતિ–વત્સલ, **અશોક**ની પેઠે દયા–વત્સલ અને **અર્જુન**ની માફક રણ–વત્સલ હતો.

બે ભાણેજ—**પ્ર. ચ.** (પૃ. ૬૫) અને **ચ. પ્ર.** (પૃ. ૫૦) પ્રમાણે હરિભદ્રસૂરિને સંસારી અવસ્થામાં હંસ અને પરમહંસ નામના બે ભાણેજ હતા આ બંને જણે આગળ ઉપર આ સૂરિ પાસે દીક્ષા લીધી હતી.

ભદ્રપરિણામ—યજ્ઞમાં બકરાના બલિદાનના પ્રસંગને ઉદ્દેશીને **કહાવલી**મા બકરાના મુખથી નીચે મુજબની વાતચીત રજૂ કરાઈ છેઃ–

બકરો—મે સ્વર્ગ મેળવવાની ઇચ્છા રાખી નથી મેં તમને એ માટે પ્રાર્થના પણ કરી નથી. વળી હુ તો ઘાસથી સંતુષ્ટ છું (તમારા કથન મુજબ) યજ્ઞાર્થે જેનો વધ કરાય તે સ્વર્ગે જાય છે એ વાત સાચી હોય તો પછી તમે તમારાં માતાપિતાનો વધ કેમ કરતા નથી કે જેથી એઓ સ્વર્ગે જાય ?[2]

'ચિતોડ' શહેર વિષે કેટલીક હકીકત **જૈન તીર્થોનો ઇતિહાસ** (પૃ ૩૮૫–૩૯૧)મા અપાઇ છે 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **સકલાર્હત** (શ્લો ૩૩)માં ચિત્રકૂટનો અને જિનપ્રભસૂરિએ **વિવિધતીર્થ**કલ્પના પૃ ૧૬માં 'ચિત્રકૂટ'નો અને પૃ. ૩૦મા 'ચિત્તકૂડ'નો ઉલ્લેખ કર્યો છે

૧ જુઓ **પ્ર ચ** (પ્ર ૯, પૃ ૬૨).

૨ **પ્ર ચ** માના 'મહેન્દ્રસૂરિપ્રબંધ' (પૃ ૧૪૨)મા નિમ્નલિખિત પદ્ય છેઃ—

"नाहं स्वर्गफलोपभोगतृषितो नाभ्यर्थितस्त्वं मया
सन्तुष्टस्तृणभक्षणेन सततं साधो ! न युक्तं तव ।
स्वर्गं यान्ति यदि त्वया विनिहता यज्ञे ध्रुवं प्राणिनो
यज्ञं किं न करोषि मातृपितृभिः पुत्रैस्तथा बान्धवैः ? ॥"

આ વાક્યથી' હરિભદ્ર ભદ્રપરિણામી બન્યા એમ **કહાવલી**માં કહ્યુ છે.

પાંડિત્યનું પ્રદર્શન અને વાદનો નાદ[૧]—પ્ર. ચ. (પૃ. ૬૨, શ્લો. ૮) પ્રમાણે જિતારિના પુરોહિત હરિભદ્ર અગ્નિહોત્રી હતા અને એઓ રાજાના માનીતા હતા એમની બુદ્ધિ અત્યંત કુશળ હતી એઓ [૨]ચૌદ વિદ્યાઓમા પારગત બન્યા હતા.[૩] એઓ પોતાને અજેય વાદી સમજતા હતા. એમને વાદનો નાદ હતો આથી એઓ કોદાળી, જાળ અને નિસરણી રાખીને ફરતા હતા[૪] વળી શાસ્ત્રનો પોતે ખૂબ અભ્યાસ કર્યો હતો એથી રખેને પેટ ફાટી જાય એ બીકે એઓ પેટ ઉપર સોનાનો પટ્ટો બાધતા હતા આ ઉપરાંત એઓ 'જબૂ' વૃક્ષની એક લતાને હાથમાં રાખતા હતા[૫] આ લતા દ્વારા એઓ એમ સૂચવવા ઇચ્છતા હતા કે

૧ આ હકીકત **કહાવલી**મા નથી.

૨ છ અગ, ચાર વેદ, મીમાસા, તર્ક, ધર્મશાસ્ત્ર અને પુરાણ એ ચૌદ વિદ્યા છે. જુઓ શ્રી**ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ** કાવ્યસગ્રહ (ભા.૧)નુ મારુ સ્પષ્ટીકરણ (પૃ ૨૭)

૩ **ઉવએસપય** (ગા ૧૦૩૯)ની મુનિચન્દ્રસૂરિકૃત ટીકા (પત્ર ૪૩૪અ)મા કહ્યુ છે કે પ્રથમ પર્યાયે જ આઠ વ્યાકરણોનો એમણે અભ્યાસ કર્યો હતો.

૪ કોઇ વાદી પાતાળમા પેસી જાય તો કોદાળી વડે જમીન ખોદી એને બહાર ખેચી કાઢી એને વાદમાં પરાસ્ત કરાય એવી રીતે કોઈ વાદી જળાશયમા ભરાઈ જાય–છુપાઇ જાય તો જાળ વડે એને પકડી બહાર કાઢી હરાવાય કોઈ વાદી આકાશમા ચાલ્યો જાય તો નિસરણીનો ઉપયોગ કરી એને નીચે ઉતારી એને હરાવાય આવા આશયથી હરિભદ્ર કોદાળી વગેરે રાખતા હતા

જે કેટલાક રાજાઓને પોતાના બળનો ગર્વ હતો તેઓ પૈકી કોઈ કોઈ આ ત્રણે નિશાનો રાખતા એમ ચારણોએ કરેલા જૂના રાસાઓમાં જોવાય છે

૫ **ચ૦ પ્ર૦** (પૃ ૬૯)મા કોદાળી, જાળ, નિસરણી અને પટ્ટાની વાત છે પણ લતાની હકીકત નથી વિશેષમા અહી 'સિં જૈ ગ્ર'ની આવૃત્તિ (પૃ ૨૪)મા નીચે મુજબની પંક્તિ છે:—

"दृश्या पादुका, पक्षमदूरीकृतदर्शनान्यानि पक्षममाव इति कृत्वा"

આ અશુદ્ધ જણાય છે એનો અર્થ પૂરેપૂરો સમજાતો નથી, પરંતુ અન્ય દર્શનોને પરાસ્ત કર્યા છે એ સૂચવવા 'આખ પર પાવડીઓ રાખતા' એવું અહીં સૂચન હોય એમ લાગે છે.

મારા સમાન કોઇ બુદ્ધિશાળી માનવી આ ' જંબૂ ' દ્વીપમાં નથી.[1]

ગજરાજનું દર્શન અને જિનમૂર્તિનો ઉપહાસ—આ બેમાંથી એક પ્રસંગ કહાવલીમાં નથી, પરંતુ **પ્ર. ચ.** (પૃ ૬૨-૬૩)મા એ બંને નીચે મુજબ વર્ણવાયા છે.—

એક વેળા હરિભદ્ર સુખાસનમાં બેસીને રસ્તા ઉપરથી જતા હતા. એ સુખાસનની આસપાસ અનેક પાઠકો અને બ્રહ્મચારીઓ હતા. એવામાં એક મદોન્મત્ત હાથી એમની નજરે પડ્યો. એ હાથી દુકાનો અને મકાનોને ભાંગી લોકોને શોકાતુર બનાવતો હતો, દ્વિપદોને અને ચતુષ્પદોને માર્ગમાંથી ખસી જવાની ફરજ પાડતો હતો, કોલાહલ વડે પશુપંખી વગેરેને ખેદ પમાડતો હતો તેમ જ પોતાના મસ્તકને સત્વર હલાવી સુભટો અને

---

1. **વિસેસા૦**ની ગા ૨૯૫૨ ઉપરની **કોટ્યાચાર્ય**ની ટીકા (પત્ર ૭૧૪)મા તેમ જ **ઉત્તરજ્ઝયણ** (અ ૩)ની નિજ્જુત્તિ (ગા. ૧૭૨)ની 'વાદિવેતાલ' શાંતિસૂરિકૃત 'પાઇય ટીકા' (પત્ર ૨૪૮)મા પોટ્ટશાલ વિષે જે હકીકત પાઇયમાં છે તે જ હકીકત **વિસેસા૦** (ગા. ૨૪૫૨)ની ટીકા નામે **શિષ્યહિતા** (પત્ર ૯૮૧-૯૮૨)માં મલધારી હેમચન્દ્રસૂરિએ સં૦મા કહી છે તે એ છે કે પરિવ્રાજક **પોટ્ટશાલ** પેટ પર લોઢાનો પાટો બાંધી અને હાથમા ' જંબૂ ' વૃક્ષની શાખા લઇને નગરીમા ભમતો હતો લોકોએ એને પૂછ્યુ કે આ શુ ? એણે જવાબ આપ્યો : મારું પેટ જ્ઞાન વડે ખૂબ ભરેલુ છે તે રખે ફાટી ન જાય એથી લોઢાનો પાટો મેં બાંધ્યો છે અને ' જંબૂ ' દ્વીપમા મારો કોઈ પ્રતિવાદી નથી એ દર્શાવવા ' જંબૂ ' વૃક્ષની શાખા મેં હાથમા રાખી છે

સમયસુંદરગણિએ પજ્જોસવણાકપ્પ ઉપર જે **કલ્પલતા** નામની સંસ્કૃત વૃત્તિ વિ. સં ૧૬૯૯ કરતાં પહેલા (**જિ૦ કો૦** મા વિ. ૧, પૃ. ૭૭મા વિ. સં. ૧૬૯૯ ની હાથપોથી હોવાનો ઉલ્લેખ છે) રચી છે તેમાં **બાંગા** તેલીના અધિકારમાં વાદીનું લગભગ ઉપર મુજબ વર્ણન છે. આ ઉપરાત વાદીને માથે અંકુશ હોવાનું અને એના નોકરની બગલમા ઘાસની પૂળી હોવાનું સૂચવાયું છે.

આ સંબંધમાં મે " Parades of Learning " નામનો એક લેખ લખ્યો હતો તે " Journal of the Oriental Institute " (Vol. I, No. I)માં છપાયો છે. વિશેષમાં " **પાંડિત્યનું** પ્રદર્શન યાને વાદીનું વર્ણન " નામનો મારો લેખ "ગુજરાતી"ના તા. ૮-૭-'૫૧ના અંકમા છપાયો છે.

ઘોડેસ્વારોને મુંઝાવતો હતો[૧] એ હાથીને પાસે આવતો જોઈ હરિભદ્ર સુખાસનમાંથી ઊતરી પડ્યા. એમણે સૂર્યનું પૂજન કર્યું અને એઓ એક જિનમંદિરમાં પેઠા.[૨] એમાં એના દરવાજાની કમાન જોવા જતાં એમની નજર જિનેશ્વરની મૂર્તિ ઉપર પડી તેમ થતાં એમણે એના ઉપહાસરૂપે નીચે મુજબનું પદ્ય ઉચ્ચાર્યું —

" वपुरेव तवाचष्टे स्पष्टं मिष्टान्नभोजनम् ।
[૩]न हि कोटरसंस्थेऽग्नौ तरुर्भवति शाड्वलः ॥ "

અર્થાત્ (હે જિનેશ્વર!) તારુ (આ) શરીર જ સ્પષ્ટ કહી આપે છે કે તું મિષ્ટાન્નનું ભોજન કરે છે, કેમકે જો ઝાડના કોટરમાં – એની પોલાણમાં અગ્નિ હોય તો એ ઝાડ લીલુ છમ ન રહે.

થોડી વારે હાથીને બીજે રસ્તે જતો રહેલો જોઇ પુરોહિત હરિભદ્ર પોતાને ઘેર પાછા ફર્યા.

પ્રતિજ્ઞાનું પાલન—**કહાવલી**મા કહ્યું છે કે એક વેળા હરિભદ્ર તીર્થાટન માટે ઘેરથી નીકળ્યા. એમને પોતાના પાંડિત્યનું પુષ્કળ અભિમાન હતું એમણે એવી પ્રતિજ્ઞા કરી હતી કે 'જેનુ કહેલું મારાથી નહિ

૧ પ્રાચીન સમયની કેટલીક વાર્તાઓમા હાથી ગાંડો બન્યાની વાત આવે છે. એ લોકોને ભયભીત બનાવે છે અને એના પંજામા કોઈ કુમારિકા સપડાતા એને ચરિત્રનાયક બચાવી લે છે એવી હકીકત જોવામા આવે છે. કોઈ વાર આ સિવાયના પ્રસંગમાં, વિફરેલા હાથીને વશ કર્યાની બાબત જોવાય છે.

૨ "हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जैनमन्दिरम्" એ ઉક્તિ કેવી અસંગત છે તે આ બતાવી આપે છે.

૩ આ ઉત્તરાર્ધ 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **અભિધાનચિન્તામણિ-નામમાલા** (કાંડ ૪, શ્લો. ૨૧)ની સ્વોપજ્ઞ વિવૃતિ (પૃ. ૩૮૧)માં અવતરણરૂપે આપ્યું છે.

'શાડ્વલ' શબ્દ **રઘુવંશ** (સ. ૨, શ્લો. ૧૭)મા વપરાયો છે

સમજાય તેના મારે શિષ્ય થવું '[1] આવી પ્રતિજ્ઞા લઈને ફરતા ફરતાં તેઓ 'ચિતોડગઢ' જઈ ચડયા. એ સમયે ત્યા [2]જિનદત્ત નામના જૈન આચાર્ય બિરાજતા હતા. એમને [3]યાકિની નામની [4]મહત્તરા હતી એ પ્રવર્તિની સાધ્વીને સ્વાધ્યાય-પ્રદેશમા ગભીર સ્વરે કઇક બોલતી સાભળી હરિભદ્ર એના ઉપાશ્રયના દ્વાર આગળ આવ્યા. એ વેળા સાધ્વીના મુખેથી એમણે નીચે મુજબની ગાથા સાંભળી :—

" चक्किदुग हरिपणग पणग चक्कीण केसवो चक्की ।
केसव चक्की केसव दुचक्की केसी य चक्की य ॥ "[5]

હરિભદ્ર—હે ભગવતી! શું બહુ ચકચક છે?[6] આ ગાથાનો અર્થ જણાવો.

યાકિની—હે વત્સ! એ કહેવાનો અધિકાર અમારો નથી એ તો ગુરુ મહારાજનો છે.

હરિભદ્ર—એઓ ક્યા છે?

યાકિની—વસતિમાં.

---

૧ આ પ્રતિજ્ઞાનો ઉલ્લેખ **ઉવએસપય** (ગા ૧૦૩૯)ની ટીકા (પત્ર ૪૩૪અ)મા મુનિચન્દ્રસૂરિએ કર્યો છે આવી પ્રતિજ્ઞા અસલના જમાનામા અનેક વાદીઓ—દાર્શનિકો લેતા હતા

૨ **ઉવએસપય** (ગા ૧૦૩૯)ની ઉપર્યુક્ત ટીકા (પત્ર ૪૩૪અ)મા જિન-ભદ્રસૂરિનું નામ અપાયુ છે **પુ પ્ર સં.** (પૃ ૧૦૩)મા તો 'બૃહદ્' ગચ્છના જિનભદ્રસૂરિને **યાકિની** નામની પ્રવર્તિની હતી એવો ઉલ્લેખ છે

૩ "જૈ. સ પ્ર" (અંક ૧૦૮)મા "ત્રણ પ્રાચીન મહત્તરાઓ" નામના મારા લેખમા '**યાકિની**' વિષે નોંધ છે.

૪ 'મહત્તરા' પદવીને લગતી વિધિને માટે જુઓ **વિધિમાર્ગપ્રપા** (પૃ ૭૧-૭૮)

૫ આ **આવસ્સય**ની નિજ્જુત્તિની ૪૨૧મી ગાથા છે.

૬ ઉપર્યુક્ત ગાથામા 'ચક' 'ચક'પદ અનેક વાર વપરાયુ છે એથી એમણે આમ કહ્યું

હરિભદ્ર—મને એ બતાવો.

આ ઉપરથી મહત્તરા યાકિની એમને [૧]જિનદત્તસૂરિ પાસે લઇ ગઇ એ સાધ્વીએ ગુરુને પ્રણામ કરી બધી વાત કહી. આચાર્યે "चक्किदुगं"થી શરૂ થતી ગાથાનો [૨]અર્થ વિસ્તારથી હરિભદ્રને સમજાવ્યો. હરિભદ્રે આચાર્યને પોતાની પ્રતિજ્ઞા કહી ત્યારે તેઓ બોલ્યા : જો એમ છે તો તું આ મહત્તરાનો ધર્મપુત્ર થા.

હરિભદ્ર—ધર્મનુ સ્વરૂપ શું છે ?

જિનદત્ત—અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય ઇત્યાદિ ધર્મનું સ્વરૂપ છે.

હરિભદ્ર—ધર્મનું ફળ શું ?

જિનદત્ત—સકામ વૃત્તિવાળાને દેવલોક વગેરેની સુખસાહેબી અને નિષ્કામ વૃત્તિવાળાને ભવના વિરહથી ઉદ્‌ભવતું સુખ.

હરિભદ્ર—મને ભવનો વિરહ પ્રિય છે [૩]

જિનદત્ત—તો સર્વ પાપમય આચરણોની નિવૃત્તિરૂપ દીક્ષા લે. આ સાંભળી હરિભદ્રે દીક્ષા લીધી અને એઓ પોતાને 'યાકિનીના ધર્મપુત્ર' તરીકે ઓળખાવવા લાગ્યા. હરિભદ્ર ભદ્રપરિણામી અને બુદ્ધિશાળી હોવાથી જોતજોતામાં ગીતાર્થ બન્યા.

---

૧ **ચ૦ અ૦** (પૃ ૫૦)મા જિનભટ નામ છે

૨ પહેલા બે ચક્રવર્તીઓ થયા, પછી પાંચ વાસુદેવો, પછી પાચ ચક્રવર્તીઓ, ત્યાર બાદ એક વાસુદેવ અને એક ચક્રવર્તી, ત્યાર પછી ફરીથી એક વાસુદેવ અને એક ચક્રવર્તી, પછીથી એક વાસુદેવ અને બે ચક્રવર્તી અને અંતે એક વાસુદેવ અને એક ચક્રવર્તી થયા આમ એકંદર બાર ચક્રવર્તી અને નવ વાસુદેવ થયા વાસુદેવને 'કેશવ' તેમ જ 'કેશી' પણ કહે છે

૩ **ઉવએસપય** (ગા. ૧૦૩૯)ના અંતમા હરિભદ્રસૂરિએ પોતે કહ્યુ છે કે "भवविरहं इच्छमाणेण" અર્થાત્ ભવના વિરહને એટલે કે સંસારના અંતને ઇચ્છનાર

પ્ર. ચ. (પૃ ૬૩-૬૪)માં આ હકીકત અપાઇ છે ખરી, પરંતુ એ કેટલીક બાબતમાં જુદી પડે છે એટલે એ પણ અહીં પૃ. ૬૩-૬૪ પ્રમાણે નીચે મુજબ આપું છું :—

એક વેળા અડધી રાતે પુરોહિત હરિભદ્ર રાજભવનથી પોતાના ઘર ભણી જતા હતા. એવામાં એમણે એક વૃદ્ધાને મધુર સ્વરથી "चक्किदुगं"થી શરૂ થતી ગાથા બોલતી સાંભળી.

આ ગાથાનો અર્થ હરિભદ્ર સમજી શક્યા નહિ. એનો અર્થ જાણવા માટે એમણે એ વૃદ્ધાને પૂછ્યું કે તમે ચકચક જેવું શું બહુ વાર બોલ્યા ?

વૃદ્ધા—આ કંઈ લીંના છાણથી લીંપેલા જેવું નથી ?[1]

પુરોહિત—તમારા કથનનો અર્થ મારાથી સમજાતો નથી.

વૃદ્ધા—જૈન આગમોનો અભ્યાસ કરવાની અમને અનુમતિ છે, નહિ કે એના વિવેચનની. માટે જો અર્થ જાણવો હોય તો મારા ગુરુજી પાસે જા.

હરિભદ્રે ઘેર આવી રાત માંડમાંડ વિતાવી સવાર થતાં જ એ પુરોહિત તો જિનમંદિરમાં ગયા. આ કેરી મૂર્તિ જોઇ એમને જુદો જ ભાવ થયો. એઓ બોલ્યા :—

"वपुरेव तवाचष्टे भगवन् ! वीतरागताम् ।
न हि कोटरसंस्थेऽग्नौ तरुर्भवति शाड्वल ॥"[2]

અર્થાત્ તારું શરીર જ કહી આપે છે કે હે ભગવાન્ ! તું ખરેખર વીતરાગ છે, કેમકે જો ઝાડના કોટરમાં અગ્નિ હોય તો એ લીલુછમ રહે નહિ.

એ સમયે એ મંદિરમાં એક જૈન આચાર્ય એમના જોવામાં આવ્યા.

---

૧ નવું લીંપણ હોય તો ચકચક થાય આ દ્વારા હરિભદ્ર 'તું નવો નિશાળિયો છે' એવું ગર્ભિત સૂચન છે.

૨ **ઉવએસપય** (ગા. ૧૦૩૯)ની ટીકા (પત્ર ૪૩૪અ)મા મુનિચન્દ્રસૂરિએ કહ્યું છે કે જિનબિંબ જોવાથી હરિભદ્ર वपुरेव तवाचष्टे થી શરૂ થતો શ્લોક બોલ્યા.

એમણે આ પુરોહિતને ઓળખ્યા અને કહ્યું : હે અનુપમ બુદ્ધિના નિધાન ! તને કુશળ છે ?

પુરોહિત—હું ક્યાં બુદ્ધિનો નિધાન છું ? એક વૃદ્ધાએ ઉચ્ચારેલી ગાથાનો અર્થ (યે) હું સમજી શક્યો નથી કૃપા કરી એ સમજાવો.

જૈનાચાર્ય—તું જૈન દીક્ષા અંગીકાર કર અને આગમોના અભ્યાસ માટેની (યોગ્યતા મેળવવા માટે) તપશ્ચર્યા કરી એ જ્ઞાન મેળવ.

પુરોહિત હરિભદ્રે આ ઉપરથી એમની પાસે દીક્ષા લીધી અને આગમોનો અભ્યાસ કર્યો.

શ્રમણજીવન

પ્રતિબોધક (ધર્મમાતા), દીક્ષાગુરુ, વિદ્યાગુરુ અને નિશ્રા-ગુરુ—રાજપુરોહિત હરિભદ્ર મહત્તરા **યાકિની**ને હાથે પ્રતિબોધ પામ્યા એ બાબતમા તો **કહાવલી** અને **પ્ર. ચ.**માં એકવાક્યતા છે. વળી હરિભદ્રસૂરિની પોતાની [1]કેટલીક કૃતિઓની અંતમાની પુષ્પિકા વિચારતાં

૧ **યાકિની**ના ધર્મપુત્ર તરીકેના ઉલ્લેખવાળી અન્ય પુષ્પિકાઓ નીચે મુજબ છે—

(અ) **અ૦ જ૦ પ૦**ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (ખંડ ૨, પૃ. ૨૪૦)મા નીચે પ્રમાણે ઉલ્લેખ છે :—

" कृतिर्धर्मतो **जा(या)**किनीमहत्तरासूनोराचार्यस्य **ह**रिभद्रसूरेः "

(આ) **ઉવએસપય**ની છેલ્લી ગાથામા કહ્યું છે કે

" **जा**इणिमयहरियाए, रइता - एते उ धम्मपुत्तेण ।
हरिभद्दायरिएण भवविरह इच्छमाणेग ॥ १०३९ ॥ "

(ઇ) નિજ્જુત્તિ સહિત **દસવેલાલિય** ઉપરની **શિષ્યબોધિની** ટીકાના અંતિમ ભાગમા નીચે પ્રમાણે ઉલ્લેખ છે :—

" महत्तराया **या**किन्या धर्मपुत्रेण चिन्तिता ।
आचार्य**ह**रिभद्रेण टीकेय **शिष्यबोधिनी** ॥ "

(ઈ) **પંચસુત્તગ**ની ટીકાના અંતિમ ભાગમા નીચે મુજબનો ઉલ્લેખ છે—

" विवृत च **या**किनीमहत्तरासूनुश्रीहरिभद्राचार्यैः. "

(ઉ) **લલિતવિસ્તરા**ના અંત (પત્ર ૧૧૮આ)મા નીચે પ્રમાણે લખાણ છે.—

" कृतिर्धर्मतो **या**किनीमहत्तरासूनोराचार्यहरिभद्रस्येति "

પણ આ વાતનું સમર્થન થાય છે. દા. ત. અહીં હું આ સૂરિવરે **આવસ્સય**ની જે **શિષ્યહિતા** નામની ટીકા રચી છે તેની પુષ્પિકા આપું છું:—

"समाप्ता चेयं **शिष्यहिता** नाम **आवश्यकटीका**। कृतिः सिताम्बराचार्यजिनभटनिगदानुसारिणो 'विद्याधर'कुलतिलकाचार्यजिनदत्तशिष्यस्य धर्मतो जाइणीमहत्तरासूनोरल्पमतेराचार्यहरिभद्रस्य।"

અહીં જે જાઇણી અર્થાત્ યાકિની મહત્તરાના ધર્મપુત્ર તરીકે હરિભદ્રસૂરિએ ઉલ્લેખ કર્યો છે તે આ મહત્તરા એમની પ્રતિબોધક છે—એમની ધર્મમાતા છે એમ સૂચવે છે.

આ પુષ્પિકા ઉપરથી આપણને નીચે મુજબની બાબતો પણ જાણવા મળે છે:—

(૧) હરિભદ્રસૂરિ જિનદત્તસૂરિના શિષ્ય થાય છે.

(૨) એમના કુળનું નામ 'વિદ્યાધર' છે

(૩) શ્વેતાંબર આચાર્ય જિનભટના કથનને હરિભદ્રસૂરિ અનુસર્યા છે. આનો અર્થ હું એમ કરું છું કે જિનભટસૂરિએ **આવસ્સય** ઉપર કોઇ ટીકા રચી હોવી જોઈએ અને એનો આશ્રય લઇ હરિભદ્રસૂરિએ **શિષ્યહિતા** રચી છે.

(૪) હરિભદ્રસૂરિએ પોતાને 'અલ્પમતિ' કહ્યા છે. આ દ્વારા એમણે પોતાની લઘુતા પ્રદર્શિત કરી છે.

(૫) **આવસ્સય**ની ટીકા રચાઇ તે સમયે હરિભદ્ર 'સૂરિ' પદથી અલંકૃત હતા.

'નિગદ'નો અર્થ કેટલાક 'આજ્ઞા' કરે છે એ જો સાચો જ હોય તો જિનભટસૂરિ એ સમયે ગચ્છનાયક હશે. એમના રાજ્યમાં હરિભદ્રસૂરિએ **શિષ્યહિતા** રચી એટલે એઓ એમના 'નિશ્રા-ગુરુ' ગણાય.

કેટલાક જિનભટસૂરિને એમના 'વિદ્યાગુરુ' તરીકે ઓળખાવે છે.

આ સબંધમાં પણ્ણવણ્ણા ઉપરની હરિભદ્રસૂરિકૃત **પ્રદેશવ્યાખ્યાના** અંતની પુષ્પિકા હું રજૂ કરું છું :—

" समाप्ता चेयं **प्रज्ञापनाप्रदेस(श)व्याख्येति** ॥ छ ॥
आचार्य्य**जिनभट**स्य हि सुसाधुजनसेवितस्य सि(शि)ष्येण ।
जिनवचनभावितमतेर्वृत्तवतस्तत्प्रसादेन ॥ १ ॥

किञ्चित् प्रक्षेपसस्कारद्वारेणेमं(य) कृता स्फुटा ।
आचार्यहरिभद्रेण टीका **प्रज्ञापना**श्रु (? श्रया) ॥ २ ॥

... ...
.... . सर्वे हिताय नित्य ॥ ८ .... . "[1]

ઉપર પ્રમાણેની પુષ્પિકા ભાં. પ્રા. સં. મ.માં જે મુંબઇ સરકારની માલિકીની હાથપોથીઓ છે તેમાંની **પ્રદેશવ્યાખ્યાની** હાથપોથીના અંતમાં છે. " जिनवचन "થી શરૂ થતી[2] પંક્તિઓ અન્ય કોઇ લહિયાની છે એમ અક્ષરો સરખાવતાં ભાસે છે. વિશેષમાં આ પુષ્પિકા હરિભદ્રસૂરિએ પોતે રચી છે કે નહિ એવો પ્રશ્ન ઊઠે છે, કારણ કે આ **પ્રદેશવ્યાખ્યાની** [3]મુદ્રિત આવૃત્તિના અંતમાં તેમ જ ખંભાતના 'શાંતિનાથ જ્ઞાનભંડાર'ની હાથપોથીના અંતમાં[4] પણ આવી કોઇ પુષ્પિકા નથી.

---

૧ જુઓ ભા૦ પ્રા૦ સં૦ મં૦ તરફથી ઇ. સ. ૧૯૩૫મા છપાયેલું મારું **જૈન હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચીપત્ર** ("Descriptive Catalogue of the Government Collections of Manuscripts" Vol XVII, pt I, p 204)

૨ એજન, પૃ ૨૦૪.

૩ **પ્રદેશવ્યાખ્યા** બે કટકે છપાઇ છે પહેલો ભાગ અગિયાર પય (પદ) પૂરતો છે એ "ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સસ્થા" તરફથી રતલામથી ઇ સ ૧૯૪૭મા છપાયો છે બીજો ભાગ પય ૧૨–૩૬ને લગતો છે. એ જૈ૦ પુ૦ પ્ર૦ સં૦ તરફથી ઇ સ ૧૯૪૯મા પ્રકાશિત થયેલો છે

૪ જુઓ સિં જૈ. ગ્ર મા ઇ. સ. ૧૯૪૩મા છપાયેલો **જૈનપુસ્તકપ્રશસ્તિ-સંગ્રહ** (ભા ૧, પૃ ૧૩૭)

જો અન્ય કોઈએ આ પુષ્પિકા રચી હોય તો તેમના મતે હરિભદ્રસૂરિ જિનભદ્રસૂરિના શિષ્ય છે, બાકી વસ્તુતઃ તેમ ન પણ હોય.

સમરાઇચ્ચકહા (ભવ ૯)ના અંતમાની પ્રશસ્તિ[1] પ્રમાણે પણ હરિભદ્રસૂરિના (દીક્ષા)ગુરુ જિનદત્તસૂરિ છે. એ હરિભદ્રસૂરિએ પોતાને એમના 'શિષ્યાવયવ' કહ્યા છે.

'વિદ્યાધર' કુળ—હરિભદ્રસૂરિના ગુરુ જિનદત્તસૂરિ 'વિદ્યાધર' કુળને વિષે તિલક સમાન હતા એમ **આવસ્સય** અંગેની **શિષ્યહિતા**ની [2]પુષ્પિકા ઉપરથી જાણી શકાય છે. એ હિસાબે હરિભદ્રસૂરિનુ કુળ પણ 'વિદ્યાધર' છે એમ કહી શકાય ખરું, પરંતુ આ કુળથી 'વિદ્યાધરી' શાખા સમજવી કે 'વિદ્યાધર' ગચ્છ સમજવો કે 'વિદ્યાધર' આમ્નાય કે અન્ય કોઈ ભિન્ન જ વસ્તુ સમજવી તે આપણે હવે વિચારીશું.

પજ્જોસવણાકપ્પમાંની થેરાવલીમાં 'વિજ્જાહરી' (વિદ્યાધરી) શાખાનો ઉલ્લેખ છે. આ શાખા આર્ય સુહસ્તિસૂરિના શિષ્યો સુસ્થિતસૂરિ અને સુપ્રતિબુદ્ધસૂરિના પાંચ શિષ્યો પૈકી વિદ્યાધર ગોપાલથી નીકળી એમ આ થેરાવલીમા કહ્યું છે[3]

પ્ર. ચ માં વૃદ્ધવાદીના પ્રબંધ (પૃ. ૫૪)મા કહ્યું છે તે પ્રમાણે **પાદલિપ્તસૂરિ** તેમ જ એમની શિષ્ય-પરંપરામાં થયેલા વૃદ્ધવાદીના ગુરુ

---

૧ " अविरहियनाणदंसणचरित्तगुणधरस्स विरइय एय ।
जिणदत्तायरियस्स उ सीमावयवेग चरियं ति ॥ "

૨ જુઓ પૃ ૨૪.

૩ " थेराणं सुट्ठिय-सुप्पडिवुद्धाणं कोडिय-काकदयाणं 'वग्घावच्चस्स'-गुत्ताणं इमे पंच थेरा अतेवासी अहावच्चा अभिण्णाया हुत्था, तं जहा-थेरे अज्जइंददिन्ने १ थेरे पियगंथे २ थेरे विज्जाहरगोवाले 'कासव'गुत्तेण ३...थेरे-हिंतो णं विज्जाहरगोवालेहिंतो 'कासव'गुत्तेहिंतो एत्थ ण 'विज्जाहरी' साहा निग्गया । "

આર્ય સ્કંદિલ 'વિદ્યાધર' આમ્નાયમાં થયા છે વિ. સં. ૧૫૦માં જાકુટિ (જાવડ) શ્રાવકે 'ગિરનાર' ગિરિ ઉપરના નેમિનાથ ચૈત્યનો ઉદ્ધાર કર્યો તે વેળા, વરસાદ પડવાથી જીર્ણશીર્ણ થયેલા એક મઠમાંથી નીકળેલી એક પ્રશસ્તિ મળી આવી એના આધારે આમ ઉલ્લેખ કર્યો છે એમ પ્ર. ચ. (પૃ. ૬૧)માં પ્રભાચન્દ્રસૂરિ સૂચવે છે.

અહીં 'આમ્નાય'નો અર્થ શાખા કે ગચ્છ હશે

પાદલિપ્તસૂરિનો સમય વિક્રમની પહેલી-બીજી સદી હશે એમ જૈન પરંપરા જોતાં ભાસે છે.

વૃદ્ધવાદીના ગુરુ આર્ય સ્કંદિલ તે 'માથુરી' વાચનાના સૂત્રધાર જ હોય તો તેમનો સમય વિક્રમની ચોથી સદી લગભગનો છે એમ વિદ્વાનોનું કહેવું છે.[1]

આર્ય સ્કંદિલનુ નામ ઉપર્યુક્ત થેરાવલીમાં નથી

પ્ર. ચ.માં વજ્રસ્વામીના પ્રબંધ (શ્લો. ૧૯૬-૧૯૮)માં કહ્યું છે કે વજ્રસ્વામીના વજ્રસેન વગેરે નામના જે ચાર શિષ્યો હતા તે પૈકી વિદ્યાધર નામના શિષ્યથી 'વિદ્યાધર' ગચ્છ નીકળ્યો.

આમ જે અહીં 'વિદ્યાધરી' શાખા અને 'વિદ્યાધર' ગચ્છના પ્રવર્તકોના નામો અપાયાં છે તેની જેમ જ તેમના સમયની ભિન્નતા જોતાં આ શાખા અને આ ગચ્છ તે નિરનિરાળા છે એમ લાગે છે મનાતી પરપરા પ્રમાણે 'વિદ્યાધરી' શાખા વિક્રમની પૂર્વે પહેલી સદીમાં નીકળ્યાનુ અને 'વિદ્યાધર' ગચ્છ વિક્રમની બીજી-ત્રીજી સદીમા નીકળ્યાનુ સંભવે છે

'શત્રુંજય' ગિરિ ઉપર એક માસનું અનશન કરી સંગમ નામના સિદ્ધ મુનિ વિ. સં. ૧૦૬૪માં સ્વર્ગે સચર્યા. એમને એક પ્રાચીન

૧ જુઓ મુનિ (હવે પં.) કલ્યાણવિજયજીનુ પુસ્તક वीरनिर्वाणसंवत् और जैन कालगणना (પૃ ૧૦૪). અહી માથુરી' વાચના વીરસંવત્ ૮૨૭થી ૮૪૦ના ગાળામા થયાનો ઉલ્લેખ છે.

'પુંડરીક' લેખમાં 'વિદ્યાધરકુલનભસ્તલમૃગાંક' કહ્યા છે.[1] આ 'વિદ્યાધર' કુળમાં હરિભદ્રસૂરિ થયા હશે એમ લાગે છે.

જૈ. પુ. પ્ર. સ. (ભા. ૧, પૃ. ૧૦૨)માં **લલિતવિસ્તરા**ની વિ. સં. ૧૧૮૫મા લખાયેલી એક હાથપોથીની [2]પુષ્પિકા છપાઈ છે. એમાં પ્રસ્તુત હરિભદ્રસૂરિને 'શ્વેતાંબરકુલનભસ્તલમૃગાંક' કહ્યા છે. અહીં 'કુલ' શબ્દ 'સંપ્રદાય'વાચક હોય એમ લાગે છે.

પ્ર. ચ. (પ્રબંધ ૮, પૃ ૬૧)માં પાદલિપ્તસૂરિ અને વૃદ્ધવાદીના ગુરુને 'વિદ્યાધર' વંશના નિર્યામક કહ્યા છે.

કુક્કસૂરિના વંશજ—અ. જ. પ.ની સ્વોપજ્ઞ [3]વ્યાખ્યા (ખંડ ૧, પૃ. ૮)માં નીચે મુજબ ઉલ્લેખ છે:—

"प्रकरणकरणं ह्यनिन्द्यो मार्ग पूर्वगुरुभिश्च—कुक्काचार्यादिभिरस्मद्-वंशजैराचरित इति"

આ ઉપરથી હરિભદ્રસૂરિની પૂર્વે એમની ગુરુપરંપરામાં કુક્ક નામના કોઇ આચાર્ય થઇ ગયા છે અને હરિભદ્રસૂરિ એમના વંશજ છે એમ જાણી શકાય છે, પરંતુ આ કુક્ક તે કોણ તેની તપાસ કરવી બાકી રહે છે.

'સૂરિ' પદ—ધર્મ-પુરોહિત હરિભદ્રને ક્યાં, ક્યારે અને કોના

---

૧ જુઓ "પ્રબંધપર્યાલોચન" (પૃ ૧૮)

૨ આ નીચે મુજબ છે:—

"इति चैत्यवंदनटीका समाप्ता ॥ कृति· चतुर्दशप्रकरणकर्तुर्विरहाङ्कस्य 'चित्रकूटाचल'निवासिनः 'कलि'कालांधकारावलुप्यमानागमरत्नप्रकाशन-प्रदीपस्य सुगृहीतनामधेयस्य जिनेंद्रगदितसिद्धांतयथार्थवादिनः श्वेतांबरकुल-नभस्तलमृगांकस्य श्रीहरिभद्रसूरेः ॥ ग्रथाग्रं अक्षरसख्यया अनुष्टुभा तु ४८२ ॥

विक्रमसंवत् ११८५ प्रथमाश्विनवदि ७ सोमे पारि० लूणदेवेन स्वपरोप-काराय लिखितेति ॥"

૩ આ વ્યાખ્યા (ખંડ ૧, પૃ ૯)માં સૂચવાયા મુજબ સિદ્ધસેન દિવાકર હરિભદ્રસૂરિની પૂર્વે થયા છે.

હાથે ' સૂરિ ' પદ મળ્યુ હતુ તેનો કોઇ સ્થળે સ્પષ્ટ ઉલ્લેખ હોય એમ જણાતું નથી. બહુમાં બહુ તો એઓ ક્યારે સૂરિ થયા તે એમની કઈ કઈ કૃતિઓમાં એમણે આચાર્ય કે સૂરિ તરીકે પોતાનો પરિચય આપ્યો છે તે ઉપરથી તારવી શકાય.

શિષ્યો અને તેમનો વધ—આ સબંધમાં કહાવલીમા નીચે પ્રમાણે હકીકત છે:—

હરિભદ્રસૂરિને જિનભદ્ર અને વીરભદ્ર નામના બે શિષ્યો હતા. તેઓ સર્વે શાસ્ત્રોમા કુશળ હતા. એ સમયે ' ચિતોડ 'માં ' બૌદ્ધ ' મતનુ જોર હતુ. હરિભદ્રસૂરિના દ્વેષી દુષ્ટ બૌદ્ધોએ આ બંને શિષ્યોને એકાતમા મારી નાખ્યા. હરિભદ્રસૂરિને કોઇક રીતે આ વાતની ખબર પડતાં તેમને ખૂબ શોક થયો અને તેઓ અનશન કરવા તૈયાર થઈ ગયા ગુરુને આ વાતની જાણ થતા તેમણે આ સૂરિને તેમ કરતા અટકાવ્યા છેવટે હરિભદ્રસૂરિએ પોતાના ગ્રંથરાશિને જ શિષ્યો માની એની રચનામા એમણે વિશેષ ઉદ્યમ કરવા માંડ્યો.

આ હકીકત કેટલીક વિશેષ વિગતો સહિત પરંતુ જુદી રીતે પ્ર. ચ (પૃ ૬૫-૬૯)માં રજૂ કરાઈ છે એટલે એ હુ અહી નોધું છુ.

હંસ અને પરમહંસની દીક્ષા અને એમનો શાસ્ત્રાભ્યાસ—હરિભદ્રસૂરિને સસારીપણામા હુસ અને પરમહસ નામના બે ભાણેજ હતા તેઓ સેકડો હથિયારો વડે યુદ્ધ કરે એવા રણવીર હતા એક વેળા એમના સબધીઓએ એમને કર્કશ વચન કહ્યાં. આથી વિરક્ત અને ચિતાગ્રસ્ત થયેલા એઓ હરિભદ્રસૂરિ પાસે ગયા. એમણે આ સૂરિને પ્રણામ કરી કહ્યુ કે અમે ઘરથી વિરાગ પામ્યા છીએ.

હરિભદ્ર—જો તમને મારા ઉપર રાગ હોય તો વિધિપૂર્વક દીક્ષા લો.

હસે અને પરમહંસે આ વાતની હા પાડી એટલે એમનો ભાવ

જોઇને હરિભદ્રસૂરિએ એમને દીક્ષા આપી. આ બંને મુનિઓ કુશાસ્ત્રના પાઠમાં પણ શુદ્ધ બુદ્ધિ ધરાવતા હતા. હરિભદ્રસૂરિએ એમને ન્યાય શાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો.

બૌદ્ધ તર્કના અધ્યયનાર્થે ગમન—એક વેળા [1]હંસે અને [2]પરમહંસે બૌદ્ધોના તર્કશાસ્ત્રનો—એમના દુર્ગમ આગમોનો બોધ મેળવવા માટે બૌદ્ધોના નગરમાં જઈ એનો અભ્યાસ કરવાની હરિભદ્રસૂરિ પાસે અનુજ્ઞા માગી.

હરિભદ્ર—ભાવિ સારું જણાતું નથી, માટે આ વિચાર માંડી વાળો. અહીં પણ પર મતના જાણકાર આચાર્યો છે તો પછી તેમની પાસે ભણો. કોઈ કુલીન શિષ્ય ગુરુને છોડીને નિરુપદ્રવ માર્ગે પણ ન જાય તો પછી દુર્નિમિત્ત જણાતાં તો તે કેમ જ જાય? અમે સોપદ્રવ કાર્ય માટે અનુજ્ઞા આપતા નથી.

હંસ—આપનું વાત્સલ્ય યુક્ત છે. આપના નામમંત્રના પ્રભાવથી અમને કશી આંચ આવશે નહિ અને એનાથી અમારું પૂરેપૂરું રક્ષણ થશે. આપે અમારું બળ નાનપણમાં જોયું છે. સમર્થ મનુષ્યને અપશુકન શું કરી શકે? દૂર દેશના શાસ્ત્રોનું જ્ઞાન મેળવવા અનુજ્ઞા આપો.

હરિભદ્ર—તમને હિતનાં વચન કહેવાં એ નિરર્થક જણાય છે. જે થવાનું હશે તે થશે જ. હવે તમને જે રુચે—ફાવે તે કરો.

હંસ અને પરમહંસ તો પોતાના ગુરુના ગૌરવની અને એમના ઉપદેશની અવગણના કરીને અને જૈન વેષને ગુપ્ત રાખીને બૌદ્ધોના

૧–૨ હંસ અને પરમહંસનો વૃત્તાંત મોટે ભાગે અનુચિત કલ્પનાના રંગે રંગીને "સાધ્ય અને સાધન" એ નામની ચોથી વાર્તા તરીકે જયભિખ્ખુએ રજૂ કર્યો છે અને એ "ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય" (અમદાવાદ) તરફથી **વીરધર્મની વાતો** નામના પુસ્તકમાં ઇ. સ. ૧૯૪૭મા પ્રકાશિત થયો છે.

નગરે—'બૌદ્ધ' મતની રાજધાનીમાં ગયા. ત્યા '[1]બૌદ્ધ' આચાર્ય પાસે રહી એમણે 'બૌદ્ધ' શાસ્ત્રોનો વિશિષ્ટ અભ્યાસ કર્યો. આ આચાર્ય જૈન દર્શનને અંગે જે જે દૂષણો બતાવતાં હતા તેના પરિહારપૂર્વક બૌદ્ધ આગમોનુ ખંડન કરનારી બાબતો તેઓ લખતા હતા.[2] એવામા એમણે લખેલુ [3]એક પત્ર ઊડી ગયું અને એ અન્યના હાથમા આવતાં એણે એ બૌદ્ધાચાર્યને બતાવ્યું. એમણે કહ્યુ કે અહી કોઈ જૈન મતનો ઉપાસક ભણવા આવ્યો હોય એમ લાગે છે.[4]

હંસાદિની બે પરીક્ષાઓ—બૌદ્ધાચાર્યે એક વેળા પોતાના

---

૧ **જૈન દર્શન** (મૂળ ગ્રંથકાર, પૃ. ૨૨)મા કહ્યુ છે કે "બૌદ્ધોના અનેક વિદ્યાપીઠો હતાં, જેમાનુ એક વિદ્યાપીઠ તો એવડુ મોટું હતું કે જેમા ૧૫૦૦ અધ્યાપકો અને ૧૫૦૦૦ વિદ્યાર્થીઓ રહેતા હતા"

'જેમાનુ' શબ્દ ઉપર નીચે મુજબનું અહી ટિપ્પણ છેઃ—

"આ વિદ્યાપીઠના સ્થાન સંબધે અને તેના કુલપતિ વગેરેને લગતી કોઇ જાતની માહિતી મળી શકી નથી કોઈ કહે છે કે 'એ બને શિષ્યો બૌદ્ધાચાર્ય પાસે 'ભોટ' દેશમા ભણવા ગયા હતા'—જુઓ પિટર્સન મહાશયનો ત્રીજો રિપોર્ટ, પૃ ૩૫ (ક્લટની પૃ ૨૪૭ની સાક્ષી) એ ઉપરથી 'ભોટ' દેશમા 'વિદ્યાપીઠ' હોવાનું કલ્પી શકાય." કૌસગત લખાણ મૂળ લેખકનુ છે

લક્ષ્મણ રામચદ્ર વૈદ્યે રચેલ The Standard Sanskrit English Dictionryની ઇ સ ૧૮૮૯ની આવૃત્તિમા 'ભોટ' એવો સસ્કૃત શબ્દ આપી એથી 'ટિબેટ' દેશ મોટે ભાગે સંભવે છે એમ કહ્યુ છે વિશેષમા 'ભોટાગ'નો અર્થ 'ભૂતાન' કરાયો છે.

પાઇયસદ્દમહણ્ણવમાં 'ભોટ્ટંત' (સં. ભોટાન્ત)નો એક અર્થ નેપાલની પાસેનો પ્રદેશ 'ભૂતાન' એમ કરાયો છે 'ભોટ્ટંત'નો બીજો અર્થ 'ભૂતાનનો નિવાસી' કરાયો છે અને એ શબ્દ **પ્રાકૃત પિંગલ**મા છે એમ કહ્યુ છે

૨ **ચ૦ પ્ર૦** (પૃ ૫૦) પ્રમાણે કપાલિકામા (? કાપલી ઉપર) લખતા હતા.

૩ **પુ. પ્ર. સં.** (પૃ ૧૦૫) પ્રમાણે બૌદ્ધોની અધિષ્ઠાત્રી **તારા**એ વાયુ વડે પત્ર ઉડાવી એ લેખશાલા (નિશાળ)માં નાખ્યું. "नमो जिनाय" એમ એના ઉપર લખેલું હતું તે જોઈ અન્ય વિદ્યાર્થીઓએ એ બૌદ્ધાચાર્યને બતાવ્યું.

૪ **ચ૦ પ્ર૦** (પૃ ૫૦) પ્રમાણે તો પ્રતિલેખના ઇત્યાદિ સસ્કાર ઉપરથી દયાળુ જેવા જાણી ગુરુને ખાતરી થઈ કે આ શ્વેતાબર જૈન છે.

શિષ્યોને બોલાવી કહ્યું : તમે દરવાજા આગળ માર્ગમાં એક જિનપ્રતિમાનુ સ્થાપન કરો. એના મસ્તક ઉપર પગ મૂકી તમારે જવું. જેને આ વાત પસંદ ન હોય તેમણે મારી પાસે ભણવુ નહિ. હંસ અને પરમહંસ સિવાયના બીજા બધા વિદ્યાર્થીઓએ તેમ કર્યું. આ બે જૈન મુનિઓને લાગ્યુ કે પકડાઈ જવાશે તો જીવનુ જોખમ છે તેમ છતા જૈન ધર્મ તરફના અપ્રતિમ રાગને લઇને એમણે એ પ્રતિમાને જનોઇનુ ચિહ્ન કર્યુ [1] અને પછી એના ઉપર પગ મૂકી એઓ ગયા. કેટલાક બૌદ્ધો આ જોઈ ગયા તેમને ખૂબ ગુસ્સો ચઢ્યો ગુરુને વાત કરી તો તેમણે કહ્યુ બુદ્ધિશાળી પુરુષો દેવને મસ્તકે પગ ન મૂકે એટલે એ બે જણે જનોઈનુ ચિહ્ન કર્યું તે વ્યાજબી છે. વળી એ બને પરદેશી છે એટલે એમનો વિરોધ કરવો ઠીક નાહિ હુ બીજી રીતે એમની પરીક્ષા લઈશ.

રાત પડતા બૌદ્ધાચાર્યે એવો પ્રબધ કર્યો કે એ બને જૈન સાધુઓ તેમ જ બીજા બધા વિદ્યાર્થીઓ જે ઓરડામા સૂતા હતા ત્યા ઉપરના

---

૧ પ્ર૦ પ્ર૦ (પૃ ૫૦)મા કઠે ત્રણ રેખા કરી એવો ઉલ્લેખ છે. પુ. પ્ર સં. (પૃ ૧૦૫) પ્રમાણે તો હંસ અને પરમહંસમાં જેઓ મોટા હતા તેમણે કાન પરથી ખડી લઈ બંભસુત્ર (બ્રહ્મસૂત્ર)નું ચિહ્ન કર્યું.

બુદ્ધ અને જિન (જૈન તીર્થંકર)ની મૂર્તિમા ભેદ શો છે એની પૂરેપૂરી તપાસ અત્યારે થઈ શકે તેમ નથી. કામચલાઉ તપાસ દરમ્યાન એમ જાણવા મળે છે કે જિનની ઊભી કાયોત્સર્ગ–મુદ્રાવાળી મૂર્તિ જેમ મળે છે તેવી કોઈ બુદ્ધની કોઈ મૂર્તિ જણાતી નથી બુદ્ધની મૂર્તિ અભય અને વરદ મુદ્રાવાળી જોવાય છે. જિનની મૂર્તિ સર્વથા નિર્વસ્ત્ર મળે છે, જ્યારે બુદ્ધની મૂર્તિને તો વસ્ત્ર હોય જ છે. જિનની જ મૂર્તિને વક્ષઃસ્થળ ઉપર 'શ્રીવત્સ' હોય છે અને વૃષભ ઇત્યાદિ લાછન પણ જિનની જ મૂર્તિને હોય છે જિનની તેમ જ બુદ્ધની મૂર્તિને પણ ઉષ્ણીષ હોય છે, પરતુ બુદ્ધનું ઉષ્ણીષ આગળ તરી આવે છે યોગીનુ મગજ વિકસિત ઉષ્ણીષ ઉપરથી અનુમનાય છે. બુદ્ધની મૂર્તિને પિછોડીની જેમ સંઘાટીથી અલકૃત કરી હોય તો એ જનોઇનો ભાસ કરાવે અને ગળા ઉપરના
ભાગના પડો રેખાઓનો ભાસ કરાવે.

એમ કહેવાય છે કે બુદ્ધની મૂર્તિ બનાવાઈ તે પૂર્વે બોધિવૃક્ષ, હાથી, સ્તૂપ, સિંહ ઇત્યાદિ પ્રતીકો અસ્તિત્વમાં આવ્યા હતાં.

માળ પરથી નાના નાના ઘડાઓ એક પછી એક ફેંકાવ્યા. બધા વિદ્યાર્થીઓ જાગી ગયા. સૌ પોતપોતાના કુળદેવતાનું નામ દેવા લાગ્યા. હંસે અને પરમહંસે જિનનું નામ લીધું ત્યાં તો 'ઠીક, આ બે જૈન જણાય છે' એવો શબ્દ થયો હંસ અને પરમહંસ ચેતી ગયા.

આ સ્થળે હંમેશા છત્રો પડી રહેતા હતા. તેમાથી બે છત્રો આ બે જણે લીધા અને પોતાના શરીર સાથે બાધ્યા. પછી એમણે ઉપના મજલા પરથી જમીન પર પડતું મૂક્યું[1] અને ઉતાવળે પગલે એઓ–આ નગર છોડી ગયા

હંસની હત્યા—બૌદ્ધોના સુભટોને આની જાણ કરાતાં તેમણે આ બ નેની પૂઠ પકડી. તેઓ સમીપ આવી પહોચતાં હંસે પરમહંસને કહ્યું : તું આપણા ગુરુ પાસે જજે અને મે જે એમના વચનની અવજ્ઞા કરી તે બદલ મારૂ 'મિથ્યા દુષ્કૃત' કહેજે અહીં પાસેના [2]નગરમા [3]સૂરપાલ નામે રાજા છે એ શરણાગતનું રક્ષણ કરે તેવો છે માટે

૧ છત્રીની મદદથી વિમાનમાથી નીચે કૂદી પડવાના તેમ જ છત્રીસૈન્ય ઉતારવાના જે પ્રબ ધો આધુનિક યુગમા થયા છે અને થાય છે તેની જાણે આ પૂર્વ ભૂમિકા હોય એમ લાગે છે.

ધર્મદાસગણિકૃત **ઉવએસમાલા** ઉપર વિ સ. ૧૭૮૫મા **શાન્તિનાથનો રાસ** રચનાર **રામવિજયગણિએ** જે ટીકા રચી છે તેમા **રણસિંહ** નૃપતિના વૃત્તાંતમા યક્ષે એ નૃપતિની સેનાને આકાશમાથી ઊતરતી બતાવી છે એવો ઉલ્લેખ છે.

આ સ બ ધમા જુઓ મારો લેખ "બાર સો (૧૨૦૦) વર્ષ ઉપરનું છત્ર-દ્વારા ઊતરાણ". આ લેખ અહીના–સુરતના "ગુજરાતમિત્ર તથા ગુજરાત-દર્પણ"ના તા. ૧૯–૬–'૬૧ના અંકમા છપાયો છે.

૨–૩ **પ્ર. ચ.** (પૃ ૭૦, શ્લો. ૧૪૨)માં બૌદ્ધોની રાજધાની —બૌદ્ધનગર અને એની પાસેના **સૂર**પાલના નગર વિષે ઉલ્લેખ છે, પર તુ એ બેમાથી એકેનું નામ દર્શાવાયુ નથી આ **સૂર**પાલ તે કોણ તે વિષે પણ **પ્ર. ચ** માં કશી માહિતી અપાઈ નથી આથી આ બાબતોની વિશેષ તપાસ કરવી બાકી રહે છે,

તું ત્યાં જલદી જા. હજી તો પરમહંસ ગયો નથી એટલામાં તો સુભટો આવી ચઢ્યા હંસે એમની સાથે યુદ્ધ કરવા માંડ્યુ પરંતુ તેઓ એમને હાથે ઘાયલ થઈ મૃત્યુ પામ્યા.

સૂરપાલ પાસે ગમન—આ બાજુ પરમહંસને કોઈ દયાળુ પુરુષે નાસી જવા સમજાવ્યા એટલે એઓ સૂરપાલ પાસે ગયા. સુભટો આ રાજા પાસે આવ્યા અને એમણે એને કહ્યું કે આ પરમહંસ અમને સોંપી દો.

અનેક વાર કહેવાયા છતા અને ધમકીઓ અપાઈ છતાં સૂરપાલે આ શરણાગતને સુભટોને સ્વાધીન કરવાની મક્કમપણે ના પાડી સુભટોએ ખૂબ જીદ કરી ત્યારે રાજાએ એમના નાયક સાથે પરમહંસનો વાદ ગોઠવવાનો રસ્તો સૂચવ્યો અને કહ્યુ કે જો પરમહંસ આ વાદમાં હારી જાય તો પછી તમને જેમ યોગ્ય લાગે તેમ તમે એની સાથે વર્તજો.

બૌદ્ધ સાથે પરમહંસનો વાદ—સુભટોનો નાયક બોલ્યો : આ પરમહંસે અમારા બુદ્ધદેવના મસ્તકે પગ મૂક્યો છે એટલે અમારે એનું મોઢું જોવુ નથી. એ જો વાદમા જીતે તો ભલે એ એને સ્થાને જાય પરંતુ જો એ હારશે તો અમે એને વધ્ય ગણશું.

આ પ્રમાણેની વાતચીત થયા બાદ વાદનો પ્રારંભ થયો. એ સમયે બૌદ્ધોની શાસનદેવી તારા એકાંતમા રહીને ઘડાના મુખે વાદ કરવા લાગી[1] એથી પરમહંસ એને જોઈ શક્યો નહિ. વાદવિવાદ ઘણા

---

૧ જુઓ **પ્ર. ચ.** (પૃ. ૬૮, શ્લો. ૧૦૩).

શ્રીપાલ રાજાના વિવિધ ચરિત્રોમા પૂતળા પાસે સમસ્યા પુરાવી એવી હકીકત આવે છે. દા. ત. જુઓ **રત્નશેખરસૂરિ**એ રચેલા અને એમના શિષ્યે વિ સ. ૧૪૨૮મા પ્રથમાદર્શરૂપે લખેલા **સિદ્ધચક્કમહપ્પ** યાને **સિરિવાલકહા**નુ નિમ્નલિખિત પદ્ય.—

દિવસો સુધી ચાલવાથી પરમહંસ કંટાળી ગયો. એમણે જૈનોની શાસનદેવી અંબિકાનું સ્મરણ કર્યું. એણે આવીને તારાની વાત જણાવી અને કહ્યું કે તું પ્રતિવાદીને તારી સમક્ષ આવી વાદ કરવા કહેજે.

બીજે દિવસે પરમહંસે આ સૂચનાનો અમલ કર્યો. પ્રતિવાદીએ મૌન ધારણ કર્યું એટલે પરમહંસે પડદો ખેંચી કાઢ્યો અને પગ વડે પેલા ઘડાના ભૂકે ભૂકા કરી નાખ્યા. પછી એઓ બૌદ્ધોના નાયકને ઉદ્દેશીને બોલ્યા: તમે અધમ પંડિત છો.

એવામાં સૂરપાલે સુભટોને કહ્યું: ન્યાયમા વિજય મેળવનારા આ સાધુ પુરુષનો વધ ઇચ્છનારા તમો શત્રુઓ છો. તમારે આને પકડીને લઈ જવો હોય તો મને યુદ્ધમાં હરાવો. પછી એમ ભલે બને.

બીજી બાજુ રાજાએ પરમહંસને નાસી જવાનું ઇશારતથી સૂચવ્યું અને એમણે તેમ કર્યું.

ધોબીનો વેષ—ઉતાવળા ઉતાવળા પરમહંસ જતા હતા તેવામા એક ધોબી એમના જોવામા આવ્યો. સુભટોને નજીક આવેલા જાણી એમણે ધોબીને કહ્યું: અલ્યા નાસ, નાસ; આફતનો મામલો છે. આમ ચાલાકીથી ધોબીને નસાડી પરમહંસ એની જગ્યાએ કપડા ધોવા બેઠા. એવામા એક ઘોડેસ્વારે ત્યા આવી પૂછ્યુ: આ રસ્તે કોઈ પુરુષ

" एसा सहीमुहेण ज कहइ समस्सापय मएणावि ।
पूरेयव्व केण वि पुत्तलयमुहेण हेलाए ॥ ८६१ ॥"

આ પ્રસંગ માટે જુઓ પ સત્યરાજગણિએ વિ સં. ૧૫૧૪મા રચેલા **શ્રીપાલચરિત્ર**નો શ્લો ૩૯૫, વિ સ ૧૭૩૮થી ૧૭૪૩ના ગાળામા ન્યાયાચાર્ય **યશો**વિજયગણિ દ્વારા પૂર્ણ કરાયેલો અને વૈયાકરણ **વિનય**વિજયગણિ દ્વારા આરભાયેલો **શ્રીપાલ રાજાનો રાસ** (ખંડ ૩, ઢાલ ૭, કડી ૧૪) તેમ જ **જ્ઞાન**વિમલસૂરિએ ગદ્યમા રચેલુ અને વિ સ ૧૭૪૫મા પ્રથમાદર્શરૂપે લખાયેલુ **શ્રીપાલચરિત્ર** (પત્ર ૨૭ આ).

આવ્યો છે? પરમહંસે પેલા ધોબીને બતાવ્યો એટલે એણે એને પકડીને સુભટોને સોંપ્યો, અને લશ્કર પાછું વળ્યું.

પરમહંસનું આગમન અને અવસાન—પરમહંસ બુદ્ધિબળે બચી ગયા. એઓ નિર્ભય થઈને ‘ ચિત્રકૂટ ’ આવી પહોચ્યા. એમણે ગુરુને-હરિભદ્રસૂરિને વંદન કર્યું. આખમા આસુ સાથે એમણે પોતાના મોટા બંધુ હંસના અવસાનની વાત કહેવા માડી તેમ કરતા કરતા એમનું હૃદય ભેદાઈ જતા એમનું અવસાન થયું.

હકીકતમાં ફેરફાર—ચ. પ્ર. (પૃ. ૫૧) પ્રમાણે ‘ ચિત્રકૂટ ’ના કિલ્લાના બારણા દઈને એની પાસે પરમહંસ સૂતા હતા. એ જોઈને સુભટોએ એમનું મસ્તક કાપી નાખ્યું અને એઓ એ લઈ ગયા. સવારે એમનુ ધડ હરિભદ્રસૂરિના જોવામાં આવ્યું.

પુ. પ્ર. સં. (પૃ ૧૦૫) પ્રમાણે આ હકીકત નીચે મુજબ છે:—

હંસનુ મૃત્યુ થતા પરમહંસ કોઇક નગરમા ગયા અને એક (રાજા?)ને શરણે ગયા. એવામા એમની પૂંઠે લાગેલું સૈન્ય આવી પહોચ્યું. એ સૈન્યે, જેને શરણે પરમહંસ રહ્યા હતા તેને કહ્યું: તુ પણ બૌદ્ધોનો ભક્ત છે તો આ આપણા ધર્મના દ્વેષીને તું અમને સોપી દે. એણે શરણાગતને આપવા ના પાડી. પરમહંસે કહ્યું: મારો બૌદ્ધ આચાર્ય સાથે વાદ થવા દો. જો હુ એમા હારું તો મને મારી નાખવો (વાત કબૂલ કરાઈ અને વાદ થતા) બૌદ્ધોની જીત થઈ અને પરમહંસનો વધ કરાયો. એમની [1]રુધિરથી ખરડાયેલી

૧ **સ્કંધક** મુનિને ૫૦૦ શિષ્યો હતા. એ બધાને **પાલકે** ઘાણીમા પીલીને મારી નાખ્યા અને **સ્કંધક**ને પણ ત્યાર બાદ એ રીતે મારી નાખ્યા. એમના રુધિરથી ખરડાયેલા રજોહરણને ગીધોએ પુરુષનો હાથ માની ઉપાડી એ નગરના રાજાના અંતઃપુરમા નાખ્યુ. ત્યાની રાણીએ એ જોયુ તો એને ખ્યાલ આવ્યો કે આ તો મારા ભાઈનુ રજોહરણ છે. આ હકીકત **ઉત્તરજ્ઝયણ** (અ ૨)ની ચુણ્ણિ (પત્ર ૭૯)મા છે. એમા કંબલ અને નિસિજ્જા (નિષદ્યા)નો ઉલ્લેખ છે.

[1]રજોહતિ (રજોહરણ) કોઈક [2]દેવીએ [3]શકુનિકાનુ રૂપ ધારણ કરીને ચિત્રકૂટની પૌષધશાળામા મૂકી દીધી. હરિભદ્રસૂરિએ એ ઓળખી. [4]નિષદ્યા જોવાથી શિષ્યોનું મૃત્યુ થયું છે એમ એમણે જાણ્યું.

હરિભદ્રસૂરિનું પ્રસ્થાન—પ્ર. ચ. (પૃ. ૭૦) પ્રમાણે બે વિદ્વાન શિષ્યોના અકાળ અવસાનથી ઘણો જ આઘાત પામેલા અને પોતે શિષ્ય વિનાના થવાથી અતિશય ખિન્ન બનેલા તેમ જ બૌદ્ધો ઉપર ખૂબ ગુસ્સે થયેલા હરિભદ્રસૂરિ ગુરુની રજા લઈ સૂરપાલ રાજાના નગરે જવા ઊપડચા. ત્યા પહોચતાં એમણે એ રાજાએ પરમહંસને બચાવ્યા હતા તે બદલ એ રાજાની પ્રશંસા કરી.

બૌદ્ધોના ગુરુ સાથે વાદ—

હરિભદ્રસૂરિ—હે સૂરપાલ રાજા ! બૌદ્ધો સાથે વાદ કરવાની મારી ઇચ્છા છે.

સૂરપાલ—તીડનાં ટોળાઓની પેઠે બૌદ્ધો ઘણા છે અને એ બધાને વાદમા જીતવાનું કામ સહેલું નથી. સિવાય કે તમારી પાસે કોઈ અજેય શક્તિ હોય.

---

૧ આના અપર નામ 'ઓઘો' તેમ જ 'ધર્મધ્વજ' છે **નાયાધમ્મકહા** (સુયક્ખધ ૧, અજ્ઝયણ ૧, સુત્ત ૨૪, પત્ર ૫૩અ)મા એને માટે 'રયહરણ' શબ્દ વપરાયો છે રજોહરણ એ જૈન મુનિનુ લિગ છે. એ જીવજતુના રક્ષણાર્થે કામમા લેવાનું ઉપકરણ છે. એથી તો જૈન સાધુ-સાધ્વીઓ એને પોતાની પાસે ચોવીસે કલાક રાખે છે.

૨ દેવો અને દેવીઓ ધારે તે પશુ, પખી કે મનુષ્યનુ રૂપ ધારણ કરી શકે છે એવી જૈન માન્યતા છે.

૩ જુઓ પૃ ૩૯, ટિ ૧.

૪ રજોહરણનો દાડો લાકડાનો હોય છે. એને એક છેડે દશીઓ હોય છે. એ દાડાના પાટા ઉપર કપડુ વીટાળેલુ હોય છે એ કપડાનો આસન તરીકે કોઈ કોઈ વાર ઉપયોગ કરાય છે એથી એને 'નિષદ્યા' કહે છે આજકાલ તો પાટા અને ઓઘારિયાની વચમા જે કપડુ રખાય છે તેને 'નિષદિયુ' કહે છે.

હરિભદ્રસૂરિ—મને અંબિકા દેવીની સહાયના છે.

આ સાભળી સૂરપાલે એક ચાલાક દૂતને બૌદ્ધોના ગુરુ પાસે મોકલ્યો. એણે એની સાથે કહેવડાવ્યું કે અહીં એક બૌદ્ધ મતનો વિરોધી પંડિત આવ્યો છે અને એ પોતાને 'વાદી' કહાવે છે એથી હું લજવાઉં છુ તો એને હરાવાય એવો કોઈ ઉપાય યોજશો.

દૂત ગયો અને એણે બૌદ્ધોના ગુરુને મળીને સંદેશો કહ્યો. વાત ચાલતા ચાલતા એમ નક્કી થયું કે જે હારે તે તપેલા તેલના કુંડામાં પડે.

થોડે દહાડે બૌદ્ધ ગુરુ આવી પહોચતા સૂરપાલે વાદનો પ્રબંધ કર્યો. બૌદ્ધોના ગુરુએ 'આ બધું અનિત્ય છે' એમ એકાંતે[1] પ્રતિપાદન કરવા માડયું. હરિભદ્રસૂરિએ એનું યુક્તિપૂર્વક ખંડન કર્યું. આથી એ હારી ગયો અને એ તપેલા તેલના કુંડામા પડયો.

પોતાના ગુરુનો પરાભવ અને મૃત્યુ થતા એમના પાચેક પ્રવીણ શિષ્યોએ હરિભદ્રસૂરિ સાથે વાદ કર્યો, પરંતુ તેઓ પણ હારી ગયા અને તેલના કુંડામા પડી મરણ પામ્યા.

બીજા શિષ્યોને રોષ ચડયો તેઓ પોતાની શાસનદેવી તારાને ગમે તેમ કહેવા લાગ્યા. એ ઉપરથી એ દેવીએ કહ્યુ: હંસને અને પરમહંસને જિનપ્રતિમાના મસ્તક ઉપર પગ મુકાવી એમને તમે પાપમા પાડવા માગતા હતા, પરંતુ એમણે પોતાનું સત્ત્વ ન છોડયું તેથી હું રાજી થઇ હતી. તમારા ગુરુએ આ પરદેશથી ભણવા આવેલાઓ સાથે જે ખરાબ વર્તન ચલાવ્યું તેથી હું નારાજ થઇ હતી. આજે એને એનો બદલો મળ્યો જાણી મે ઉપેક્ષા કરી છે. હજી પણ તમારામાથી જેઓ આ કુગુરુનો પક્ષ લેશે તેમને હુ સાથ નહિ આપુ; બાકી

1 'अनित्यमेव सर्वं सत्' ઇત્યાદિ માટે જુઓ **પ્ર. ચ.** (પૃ. ૭૨, શ્લો ૧૯૦-૧૯૫).

ક્રોધના આવેશમા તમે મને ગમે તેમ કહો છો તેની હુ દરકાર કરનાર નથી; તમે શોક તજી તમારે સ્થાનકે પાછા ફરશો તો હુ તમારા સંકટને સદા દૂર કરતી રહીશ, કેમકે તમે તો મારાં સંતાન છો.

બૌદ્ધોનો હોમ—પ્ર. ચ. (પૃ. ૭૩, શ્લો. ૧૮૦)મા આ સંબધમા એવો મતાતર નોધાયો છે કે પોતાના શિષ્યોના મૃત્યુથી ગુસ્સે થયેલા હરિભદ્રસૂરિએ મહામત્રના પ્રભાવથી બૌદ્ધ મતના સાધુઓનુ આકર્ષણ કરી તેમને તપેલા તેલમા હોમી દીધા.

સાતસે બૌદ્ધોનું મૃત્યુ—પુ. પ્ર. સં. (પૃ. ૧૦૫)મા નીચે મુજબ હકીકત છે:—

નિષદ્યા જોવાથી શિષ્યોના મૃત્યુથી વાકેફગાર બનેલા હરિભદ્રસૂરિ રૌદ્ર ધ્યાન ધ્યાવા લાગ્યા. બૌદ્ધો ઉપરના ગુસ્સાને લઇને એમણે ઉપાશ્રયની પાછળ તેલની કડાઈ મંડાવી. મંત્રના પ્રભાવથી (ખેચાયેલા) બૌદ્ધો આકાશમાર્ગે આવી પતંગિયાની પેઠે એ કડાઇમા પડવા લાગ્યા. સાતસે બૌદ્ધો આ પ્રમાણે મરી ગયા.

૧૪૪૦ બૌદ્ધોનુ [૧]શકુનિકારૂપે પરિવર્તન, તેમનો હોમ અને મરણ—પ્ર. ચ. (પૃ. ૫૧)મા આ બાબત નીચે મુજબ છે:—

'ચિત્રકૂટ'મા પરમહંસનુ ધડ જોતા હરિભદ્રસૂરિએ તેલની કડાઇઓ તૈયાર કરાવી અને અગ્નિ વડે એ તેલ તપાવરાવ્યું. ૧૪૪૦ બૌદ્ધોનો હોમ કરવા એમણે તેમને આકાશમાર્ગે ખેચ્યા. તેઓ શકુનિકા રૂપે તેલની કડાઈઓમા પડી મરણ પામ્યા.

સૂરિના કોપનુ નિવારણ—પ્ર. ચ. (પૃ. ૭૩, શ્લો. ૧૮૧–૧૮૨) પ્રમાણે હરિભદ્રસૂરિના ગુરુ જિનભદ્રસૂરિને બૌદ્ધોના નાશની

૧ 'શકુનિકા'થી કોઈક પક્ષી અભિપ્રેત હોય એમ જણાય છે એ સમડી હશે **ચંદ** રાજાને એની સાવકી માતાએ કૂકડો બનાવી દીધો હતો તેમ અહી મંત્રબળ જેવાથી બૌદ્ધોનુ શકુનિકારૂપે રૂપાતર થયું હોય એમ લાગે છે.

અને પોતાના શિષ્યના પ્રચંડ કોપની જાણ થતાં એ કોપના નિવારણાર્થે એમણે બે મુનિઓને સમરાદિત્યના વૃત્તાંતના બીજરૂપ [1]ત્રણ ગાથાઓ આપી એમની પાસે મોકલ્યા. એઓ સૂરપાલ રાજાના નગરમાં આવી હરિભદ્રસૂરિને મળ્યા. એમણે કહ્યું કે ગુરુએ આ ત્રણ ગાથાઓ બરાબર વિચારી જોવાનું કહેવડાવ્યું છે જેમ જેમ એઓ ગાથાઓ વિચારતા ગયા તેમ તેમ એમનો કોપ શાંત થતો ગયો. પોતે બૌદ્ધોને મારી નાખ્યા હતા તે બદલ એમને ઉગ્ર પશ્ચાત્તાપ થયો. સૂરપાલની અનુમતિ લઈ એમણે તરત જ વિહાર કર્યો અને ગુરુ પાસે આવી એમને પગે પડી પ્રાયશ્ચિત્ત આપવા જણાવ્યું. ગુરુએ તપ કરવા કહ્યું અને એમણે તેમ કરવા માંડ્યું.

શ્રાવક દ્વારા સંબોધન—**પુ. પ્ર. સં.** (પૃ. ૧૦૫) પ્રમાણે આ હકીકત નીચે મુજબ છે:—

સાત સો બૌદ્ધોની હત્યાની જાણ થતા હરિભદ્રસૂરિના ગુરુ જિનભદ્રસૂરિએ એક શ્રાવકને શિખામણ આપી આ સૂરિ પાસે મોકલ્યો સૂરિએ એને અંદર આવવા ન દીધો. ત્યારે એણે કહ્યું: હું આલોચના માટે આપના ગુરુ પાસે ગયો અને મેં પ્રાયશ્ચિત્ત માગ્યું, પણ ગુરુએ મને આપની પાસે મોકલ્યો છે તો કૃપા કરી પ્રાયશ્ચિત્ત ફરમાવશો

હરિભદ્રસૂરિ—તમે શું પાપ કર્યું છે?

---

૧ **પ્ર. ચ.** (પૃ ૭૩)માં નીચે મુજબ અપાઇ છે.—

“ गुणसेन-अग्गिसम्मा सीहाणन्दा य तह पिया-पुत्ता ।
सिहि-जालिणि माइ-सुआ धण-धणसिरिमो य पइ-भज्जा ॥ १८५ ॥

जय-विजया य सहोअर धरणो लच्छी अ तह पई भज्जा ।
सेण विसेणा पित्तिय-पुत्ता जम्मम्मि सत्तमए ॥ १८६ ॥

गुणचन्द-वाणमन्तर समराइच्च-गिरिसेण पाणो अ ।
एगस्स तओ मोक्खोऽणन्तो अन्नस्स ससारो ॥ १८७ ॥ ”

શ્રાવક—મેં પંચેન્દ્રિય જીવની વિરાધના કરી છે. એથી હું દુભાઉં છું.

હરિભદ્રસૂરિ—તમારે મોટું પ્રાયશ્ચિત્ત લેવું પડશે.

શ્રાવક—તો તમારે કેટલું ?

હરિભદ્રસૂરિ સમજી ગયા કે ગુરુ જાણી ગયા છે. અવસર જોઇને પેલા શ્રાવકે કહ્યું કે ગુરુએ કહેવડાવ્યું છે કે શું તમે **સમરાદિત્યનું** ચરિત્ર નથી જાણતા ? એણે એક ભવમાં લોટનો બનાવેલો કૂકડો મારી નાખ્યો હતો તેનું એ લોટમાં સંક્રાંત થયેલા વ્યંતરે ૨૧ વાર વેર લીધું હતું [1]

આ સાભળી હરિભદ્રસૂરિ બૌદ્ધોનો વધ કરતા અટકી ગયા. સંઘ મળતા એમણે પ્રાયશ્ચિત્ત લીધું અને પછીથી વૈરાગ્યરૂપ અમૃતથી પરિપૂર્ણ **સમરાદિત્યચરિત્ર** રચ્યું.

[2]**નિરપત્યતા અંગે અંબાદેવી દ્વારા સાંત્વન—પ્ર. ચ.** (પૃ. ૭૪) પ્રમાણે હરિભદ્રસૂરિને એમના ગુરુએ પ્રાયશ્ચિત્ત તરીકે તપશ્ચર્યા કરવાનું કહ્યું. તે પ્રમાણે આ સૂરિએ તપ કરીને શરીરને શુષ્ક બનાવ્યું ખરું, પરંતુ એમના બે પ્રિય શિષ્યોના વિયોગનો સંતાપ ઓછો ન થયો. આથી **અં**બા દેવીએ 'તમારા જેવાએ આમ શોક કરવો તે ઉચિત નથી' એમ એમને સમજાવવા માડ્યું ત્યારે હરિભદ્રસૂરિએ કહ્યું કે 'માતા હું નિરપત્ય છું એથી મને દુઃખ થાય છે. શું નિર્મળ ગુરુકુળનો મારાથી અંત આવશે ? **અં**બા દેવીએ ઉત્તર આપ્યો: હે સૂરિ ! તમારા ભાગ્યમાં કુળની વૃદ્ધિ દ્વારા પુણ્ય હાસલ કરવાનું નથી; શાસ્ત્રોનો સમૂહ એ જ તમારી સંતતિરૂપ છે.

આમ બોલી દેવી અદશ્ય થઈ અને હરિભદ્રસૂરિએ ગ્રંથ રચવા તરફ લક્ષ્ય આપ્યું. સૌથી પ્રથમ એમણે **સમરાદિત્યચરિત્ર** રચ્યું.

---

૧ જુઓ **પુ. પ્ર. સં.** (પૃ ૧૦૫, પંક્તિ ૨૧-૨૨)

૨ શિષ્યરૂપ સંતાનથી રહિતપણું.

લલ્લિગનો અધિકાર—કહાવલીમા આ લલ્લિગનો અધિકાર નીચે મુજબ અપાયો છે :—

હરિભદ્રસૂરિના **જિનભદ્ર** અને **વીરભદ્ર** એ નામના બે શિષ્યોને **લલ્લિગ** કે **લલિગ** નામે એક પિતરાઇ (? કાકો) હતો. એ દેવગુરુની ભક્તિ કરતો હતો, પણ પૈસેટકે એ દુઃખી હતો. ગરીબાઇથી કંટાળી જવાથી એ આજીવિકા માટે આમ તેમ ભમતો હતો.

એક વેળા એ હરિભદ્રસૂરિ પાસે આવ્યો. સૂરિએ એને કહ્યુ : આ રખડપટ્ટી છોડી દે. **લલ્લિગે** ઉત્તર આપ્યો : તો દીક્ષા આપો જેથી પરલોકનુ હિત સાધી શકું (હરિભદ્રસૂરિ **ચૂડામણિ** નામના જ્યોતિ-શાસ્ત્રમા પ્રવીણ હતા. એમણે એ જ્ઞાનબળે **લલ્લિગ**નું ભાવિ જોઈ) એને અન્યત્ર જવા ના પાડી, અને કહ્યુ કે અહીંના બજારમા કઈ કઈ ચીજ વેચાવા આવે છે તેની મને ખબર આપતો રહેજે.

લલ્લિગે તેમ કરવા માડયુ. એવામા એક દિવસ ‘ સુવર્ણદ્વીપ ’થી કેટલાક વેપારીઓ ત્યા આવ્યા. એમણે સુવર્ણ, રત્નો વગેરે સંતાડી રાખ્યા હતા. એ કોઈક જાણી જતા ચોરાઈ ગયા. એ વેપારીઓ મયણપિંડીઓ ખરીદી બજારમા એ વેચવા આવ્યા. આ વાત **લલ્લિગે** હરિભદ્રસૂરિને કહી. નિમિત્તબળે લાભ જોઈ એ ખરીદવા સૂરિએ એને કહ્યુ પેલી મયણપિંડીઓમા સુવર્ણ અને રત્નો સંતાડાયેલાં હતાં, પરંતુ **લલ્લિગ**ને એની ખબર ન હતી. એથી એ પહેલા તો નારાજ થયો, પણ પછી એ સુવર્ણાદિ મળતા એ વેચી એ પુષ્કળ કમાયો. એણે સર્વત્ર દાન દેવા માડયું. ખાસ કરીને એણે હરિભદ્રસૂરિએ રચેલા ગ્રંથો લખાવવામા પૈસા ખરચ્યા.

રાત્રે ગ્રંથરચના—કહાવલીમા સૂચવાયા મુજબ એક ઉત્તમ રત્ન **લલ્લિગે** ઉપાશ્રયમા રાખ્યુ હતુ. એના પ્રતાપે હરિભદ્રસૂરિ ભીત અને પાટી ઉપર રાતે પણ ગ્રથની રચના કરી શકતા. એ લખાણુ દિવસે ઉતારી લેવાતુ

ભોજનસમયનું શંખવાદન અને 'ભવવિરહસૂરિ' તરીકેની પ્રસિદ્ધિ—હરિભદ્રસૂરિ આહાર વાપરવા એટલે કે ભોજન કરવા બેસતા ત્યારે પેલો **લલ્લિગ** શંખ વગાડી યાચકોને ભેગા કરી તેમને મનવાછિત ભોજન કરાવતો. ભોજન કર્યા બાદ એ યાચકો હરિભદ્રસૂરિને પ્રણામ કરતા એટલે એ સૂરિ એમને આશીર્વાદ આપતા કે 'તમે ભવના વિરહમા ઉદ્યમશાળી રહો'. આ સાભળી તેઓ "ઘણુ જીવો ભવવિરહસૂરિ" એમ બોલતા. આને લઈને હરિભદ્રસૂરિ 'ભવવિરહસૂરિ' તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

આક્ષેપ અને એનો પરિહાર—હરિભદ્રસૂરિએ રચેલા **અષ્ટકપ્રકરણ** ઉપર **જિનેશ્વરસૂરિ**એ વિ સં. ૧૦૮૦મા એક ટીકા સંસ્કૃતમા રચી છે. એમા નીચે મુજબની કિંવદન્તી અપાયેલી છે :—

હરિભદ્રસૂરિ ભોજન કરતી વેળા શંખવાદનપૂર્વક યાચકોને એકત્રિત કરી ભોજન અપાવતા અને પછી પોતે ભોજન કરતા.

આ ઉપરથી કેટલાક આધુનિક વિદ્વાનો હરિભદ્રસૂરિને 'ચૈત્યવાસી' માનવા પ્રેરાયા હતા પરંતુ એ વાત બરાબર નથી એમ **કહાવલી** જોતાં જણાય છે કેમકે શંખવાદન ઇત્યાદિ કાર્ય તો **લલ્લિગ** કરતો હતો, નહિ કે હરિભદ્રસૂરિ. વળી **સંબોહપયરણ**મા ચૈત્યવાસીઓની વિરુદ્ધ એ સૂરિએ જે સચોટ લખાણ કર્યું છે તે પણ એમના ઉપર 'ચૈત્યવાસી' તરીકેનો આક્ષેપ અસ્થાને છે એમ સિદ્ધ કરે છે

અષ્ટકપ્રકરણની ટીકા (પત્ર ૯૨અ)મા **જિનેશ્વરસૂરિ**એ હરિભદ્રસૂરિને 'સંવિગ્નપાક્ષિક' કહ્યા છે [1]

કાર્પાસિકનું દાન—**પ્ર. ચ.** (પૃ. ૭૫, શ્લો ૨૦૭–૨૧૭)માં કહ્યુ છે કે એક વેળા હરિભદ્રસૂરિની નજર કાર્પાસિક નામના ભવ્ય જન

૧ વિશેષ માટે જુઓ **અ.જ.પ.** (ખડ ૨)નો મારો ઉપોદ્ઘાત (પૃ ૧૦૩–૧૦૪)

ઉપર પડી. એના દ્વારા પોતાના ગ્રંથરાશિનો પ્રચાર થશે એમ જણાતા એમણે એ કાર્પાસિકને ભરત ચક્રવર્તી વગેરેના ચરિત્રો સંભળાવી સંતુષ્ટ કર્યો. લૌકિક કાવ્યાદિ શાસ્ત્રોમા કંઈ સાર નથી એ બાબત પાચ ધૂર્તોની કથા દ્વારા-ધુત્તક્ખાણ દ્વારા એમણે એને વિસ્તારથી સમજાવી. એ સાભળી કાર્પાસિકે કહ્યું કે હે ભગવાન! દ્રવ્ય વિના દાનરૂપ પ્રધાનતાવાળા જૈન ધર્મની આરાધના હુ કેવી રીતે કરી શકું?

હરિભદ્રસૂરિ—હે ભદ્ર! ધર્મની આરાધનાથી તને પુષ્કળ પૈસો મળશે.

કાર્પાસિક—એમ હોય તો હુ મારા પરિવાર સાથે અહી રહુ.

હરિભદ્રસૂરિ—સાભળ. આજથી ત્રીજે દિવસે કોઈ પરદેશી ગામની બહાર ઘણુા કરિયાણા લઈ આવશે. એ બધાં તારે એની પાસેથી ખરીદવા એનો વેપાર કરવાથી તને પુષ્કળ પૈસો મળશે. વળી મેં જે શાસ્ત્રો રચ્યા છે તેને તારે પુસ્તકારૂઢ કરાવવા અને યોગ્ય સાધુઓને એ આપવા જેથી એ પુસ્તકો લોકમા પ્રચાર પામે

કાર્પાસિક હરિભદ્રસૂરિની સલાહ પ્રમાણે વર્ત્યો એથી એ પૈસાદાર થયો અને એણે શાસ્ત્રો લખાવી એનુ દાન કર્યું.

સમાન હકીકત—પુ. પ્ર. સં. (પૃ. ૧૦૪)મા નીચે મુજબની હકીકત છે:—

હરિભદ્રસૂરિએ સિદ્ધાન્તના રહસ્યરૂપ ૧,૪૦૦ ગ્રંથો રચ્યા. એક વેળા એમને વિચાર આવ્યો કે આ લખાવશે કોણ? એક ગરીબ વણિક ઉપર એમની નજર પડી એમને એને કહ્યું કે તુ મારા ગ્રંથો લખાવ. ગુરુની આજ્ઞા મારે પ્રમાણરૂપ છે એમ એ વણિકે કહ્યું એટલે હરિભદ્રસૂરિએ એને ઉપદેશ આપ્યો કે આજે મંડપિકા(માડવી)મા જે મધ વડે ઉચ્છિષ્ટ થયેલા થાભલાઓ આવે તે લઈ ઘરમા એને સાફ કરી પછી આવજે. એણે તેમ કર્યું એટલે એ સોનાના કંબા વડે પૈસાદાર થયો.

રહસ્યપુસ્તકોની પ્રાપ્તિ અને અદ્ભુત સ્તંભમાં સ્થાપના–ચ. પ્ર. (પૃ. ૫૦)માં કહ્યું છે કે દેવતાઓ પાસેથી હરિભદ્રસૂરિને રહસ્યપુસ્તકો મળ્યા હતા. તેમણે એ પુસ્તકો દિગંબર આચાર્ય ઉપર વિજય પ્રાપ્ત થતા જે ચોર્યાશી મઠો છેદાયા હતા તેના 'ચૌરાસી' (ચોર્યાસી) નામના પ્રાસાદના સ્તંભમા આદરપૂર્વક મૂકયા. આ સ્તંભ વિવિધ ઔષધિઓ વડે એવો બનાવાયો હતો કે એના ઉપર જળનું કે અગ્નિનુ કંઈ જોર ચાલે નહિ.

પુ. પ્ર. સં. (પૃ. ૧૦૪) પ્રમાણે તો હરિભદ્રસૂરિએ રચેલા ગ્રંથો એક વણિકે રુપ્યપત્રો ઉપર સુવર્ણાક્ષરે લખાવ્યા હતા અને તે 'ચિત્રકૂટ' ઉપરના પ્રાસાદમા ઔષધિઓ મેળવીને બનાવેલા સ્તંભમા મૂકયા હતા. આ સ્તંભ પાણી વડે ગળે (ભીંજાય) તેમ ન હતો, છેદાય તેમ ન હતો કે અગ્નિ વડે બાળી શકાય તેમ ન હતો.

'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ—ચ. પ્ર. (પૃ. ૫૦) પ્રમાણે હરિભદ્રસૂરિને 'કલિકાલસર્વજ્ઞ'નુ બિરુદ મળ્યુ હતું.

આરાધના અને અનશન—પ્ર. ચ. (પૃ. ૭૫, શ્લો ૨૨૦–૨૨૧)મા સૂચવાયુ છે કે શ્રુતજ્ઞાનના બળે પોતાનો અંતસમય નજીક આવેલો જાણી હરિભદ્રસૂરિ પોતાના ગુરુ પાસે ગયા શિષ્યોના વિરહનું દુ ખ ભૂલી જઈ એમણ નિર્મળ અનશન અંગીકાર કર્યું.

સ્વર્ગવાસ—પ્ર. ચ. (પૃ. ૭૫, શ્લો. ૨૨૧)મા કહ્યું છે કે હરિભદ્રસૂરિ અંતે સ્વર્ગના સુખના અધિકારી બન્યા.

'હરિભદ્ર'નામક મુનિવરો—આપણા ચરિત્રનાયકના નામરાશિ અનેક 'હરિભદ્ર' અત્યાર સુધીમા થઈ ગયા છે. એમની પૂર્વે થઈ ગયેલા સૂરિઓ–મુનિઓ વિષે અદ્યાપિ કશુ જાણવા મળ્યું નથી, પરંતુ એમના ઉત્તરકાલીન સૂરિઓ પૈકી જેઓ નોંધપાત્ર જણાય છે તેમને વિષે કેટલીક માહિતી મળતી હોવાથી હુ થોડુક કહું છું.

(૧) ‘બૃહદ્’ ગચ્છના **માનદેવસૂરિ**ના શિષ્ય **જિનદેવ** ઉપાધ્યાયના શિષ્ય હરિભદ્રસૂરિ. એમણે વિ. સં. ૧૧૭૨માં **બંધસામિત્ત** તેમ જ **છાસીઇ** યાને **આગમિકવત્થુવિયારસાર** ઉપર સંસ્કૃતમા વિવૃતિ રચી છે. એમણે **પ્રશમરતિ** અને **ખેત્તસમાસ** ઉપર પણ વૃત્તિ રચી છે. વિશેષમા એમણે **મુણિવઇચરિય** અને **શ્રેયાંસનાથચરિત્ર** રચ્યાં છે.

(૨) ‘ચંદ્ર’ કુળના–‘વડ’ ગચ્છના **શ્રીચન્દ્રસૂરિ**ના શિષ્ય હરિભદ્રસૂરિ. એમણે વિ. સં. ૧૨૧૬મા **નેમિનાહચરિય** રચ્યું છે.

(૩) ‘ચંદ્ર’ ગચ્છના **અભયદેવસૂરિ**ના શિષ્ય હરિભદ્રસૂરિ. એઓ **વસ્તુપાલ**ના સમકાલીન **બાલચન્દ્ર**ના ગુરુ થાય છે.

(૪) ‘નાગેન્દ્ર’ ગચ્છના **અમરચન્દ્રસૂરિ**ના શિષ્ય હરિભદ્રસૂરિ. એઓ **વિજયસેનસૂરિ**ના ગુરુ થાય છે.

(૫) ‘ચન્દ્ર’ ગચ્છના **ભદ્રેશ્વરસૂરિ**ના શિષ્ય હરિભદ્રસૂરિ. એઓ **શાન્તિસૂરિ**ના ગુરુ થાય છે. એમના એક સંતાનીયે–**શ્રીચન્દ્રસૂરિ**ના શિષ્ય **દેવેન્દ્રસૂરિ**એ વિ. સં. ૧૨૯૬મા **ઉપમિતિભવપ્રપંચાકથાસારોદ્ધાર** રચ્યો છે.

(૬) ‘બૃહદ્’ ગચ્છના **માનભદ્ર**ના શિષ્ય હરિભદ્રસૂરિ. એ સૂરિના શિષ્ય **ધર્મચન્દ્ર**ના કહેવાથી **રત્નદેવગણિ**એ વિ સં. ૧૩૯૩માં **વજ્જાલગ્ગ** ઉપર સંસ્કૃતમા ટીકા રચી છે

ઉત્તર ખંડ : સાહિત્યસેવા

ગ્રંથની સંખ્યા—હરિભદ્રસૂરિએ અનેક ગ્રંથો રચ્યા છે એ વાત નિર્વિવાદ છે. [1]અભયદેવસૂરિ, [2]મુનિચન્દ્રસૂરિ અને 'વાદી' [3]દેવસૂરિ એ ત્રણ આચાર્યના મત મુજબ હરિભદ્રસૂરિએ ૧,૪૦૦ ગ્રંથો રચ્યા છે. વિશેષમા **લલિતવિસ્તરા**ની [4]વિ સં. ૧૧૮૫મા લખાયેલી હાથપોથીમા પણ અંતમા ૧,૪૦૦ ગ્રથો રચ્યાની વાત છે.[5] **રાજશેખરસૂરિ**નુ કહેવુ આથી ભિન્ન છે. એમના કથન પ્રમાણે હરિભદ્રસૂરિએ ૧,૪૪૦ ગ્રંથોની રચના કરી છે.[6] [7]રત્નશેખરસૂરિએ

---

૧ જુઓ **પંચાસગ** (પ. ૧૯, ગા ૪૪)ની ટીકા (પત્ર ૩૦૧ આ)

૨ જુઓ **ઉવએસપય**ની ટીકા (પત્ર ૪૩૪ આ).

૩ જુઓ **સ્યાદ્વાદરત્નાકર** (ભા. ૧, પૃ ૮૬).

૪ જુઓ **જૈ. પુ. પ્ર. સં.** (પૃ. ૧૦૨).

૫ આ ઉપરાંતના ઉલ્લેખો તરીકે જુઓ મુનિરત્નસૂરિએ વિ સં. ૧૨૫૨મા રચેલુ **અમમચરિત્ર** (સર્ગ ૧, શ્લો. ૯૯), જિનદત્તસૂરિકૃત **ગણહરસદ્ધસયગ** (ગા. ૫૫), પ્રદ્યુમ્નસૂરિએ વિ. સ ૧૩૨૪મા રચેલ **સમરાદિત્યસંક્ષેપ**ની પ્રશસ્તિ (શ્લો. ૯૯), મુનિદેવસૂરિએ વિ સ ૧૩૨૨મા રચેલું અને પ્રદ્યુમ્નસૂરિએ શોધેલુ **શાન્તિનાથચરિત્ર** (સર્ગ ૧, શ્લો ૪), **પ્ર. ચ.** (પૃ ૭૪, શ્લો. ૨૦૫), ગુણરત્નસૂરિકૃત **તર્કરહસ્યદીપિકા** (પત્ર ૧અ), કુલમ ડનગણિએ વિ સ. ૧૪૪૩મા રચેલો **વિચારામૃતસંગ્રહ** અને હર્ષનન્દનગણિએ વિ સં. ૧૬૭૩મા રચેલી **મધ્યાહ્નવ્યાખ્યાનપદ્ધતિ**

૬ જુઓ **ચ. પ્ર.** (પૃ. ૫૨)

૭ **મન** સુખલાલ કિ મહેતાએ **વંદિત્તુસુત્ત** (ગા ૪૭)ની વૃત્તિ નામે **અર્થદીપિકા**મા નીચે મુજબ ઉલ્લેખ હોવાનુ કહ્યુ છે —

" १४४४प्रकरणकृत् श्रीहरिभद्रसूरयोऽप्याहुर्ललितविस्तरायाम् "

"દે. લા જૈ પુ સસ્થા" તરફથી **લલિતવિસ્તરા**ની આવૃત્તિ (પત્ર ૨૦૧ અ)માં તો ૧૪૪૪નો અ ક નથી એ છપાવવો રહી ગયો લાગે છે.

અને [1]વિજયલક્ષ્મીસૂરિએ એમનાથી પણ આગળ વધી ગ્રંથની સંખ્યા ૧,૪૪૪ની દર્શાવી છે.[2]

ગ્રંથો વિષે પ્રાચીન નામનિર્દેશ—હરિભદ્રસૂરિએ કયા કયા ગ્રંથો રચ્યા છે એની નોંધ પ્રાચીન તેમ જ અર્વાચીન લેખકોએ આપી છે. તેમા આપણે અહી પ્રાચીન નોંધો વિચારીશુ.

(૧) **ગણહરસદ્ધસયગ** ઉપર **સુમતિગણિ**એ વિ. સં. ૧૨૯૫-મા સંસ્કૃતમા બૃહદ્વૃત્તિ રચી છે. ગા. ૫૫ની વૃત્તિમા એમણે હરિભદ્ર-સૂરિની કૃતિઓ ગણાવી છે. અહીંના (સુરતના) "શીતલવાડી"ના ભંડારની પચાસેક વર્ષ ઉપર લખાયેલી ૧૩૯ પત્રની એક હાથપોથી (પત્ર ૧૦૦અ)મા પ્રસ્તુત પાઠ છે. એ અંશતઃ અશુદ્ધ હોઈએ સુધારી પરંતુ સંધિ ન કરાઈ હોય ત્યા તેમ જ રહેવા દઈ હુ આપુ છું :—

"पञ्चवस्तुक–उपदेशपद–पञ्चाशका–ऽष्टक–षोडशक–विंशिका–लोकतत्त्व-निर्णय–धर्मबिन्दु–योगबिन्दु – योगदृष्टिसमुच्चय–दर्शनसप्ततिका – नानाचित्रक – बृहन्मिथ्यात्वमथन – पञ्चसूत्रक–सस्कृतात्मानुशासन – सस्कृतचैत्यवन्दनभाष्य – अनेकान्तजयपताका–अनेकान्तवादप्रवेशक–परलोकसिद्धि–धर्मलाभसिद्धि–शास्त्र-वार्तासमुच्चयादिप्रकरणाना तथा आवश्यकवृत्ति-दशवैकालिकबृहद्वृत्ति-लघुवृत्ति–ओघनिर्युक्तिवृत्ति–पिण्डनिर्युक्तिवृत्ति–जीवाभिगम–प्रज्ञापनोपाङ्गवृत्ति–अनेकान्त-जयपताकावृत्ति–चैत्यवन्दनवृत्ति–अनुयोगद्वारवृत्ति–नन्दिवृत्ति– सङ्ग्रहणीवृत्ति–क्षेत्रसमासवृत्ति – शास्त्रवार्तासमुच्चयवृत्ति–अर्हच्छ्रीचूडामणि – समरादित्यचरित–कथाकोशादिशास्त्राणा गाव "[3]

---

૧ જુઓ **ઉપદેશપ્રાસાદ** (સ્તંભ ૩, વ્યાખ્યાન ૩૦).

૨ 'અચલ' ગચ્છની એક પટ્ટાવલીમા તેમ જ **ક્ષ**માકલ્યાણકૃત **ખરતર-ગચ્છ–પટ્ટાવલી**મા ૧૪૪૪નો ઉલ્લેખ છે

૩ આ જ પાઠ **ગણહરસદ્ધસયગ**ની **પદ્મ**મન્દિરગણિકૃત ટીકા (પત્ર ૨૬આ–૨૭અ)મા છે. અહી અપાયેલા નામોની અકારાદિ ક્રમે સૂચી પૃ ૫૦મા છે.

આમ અહીં ૩૮ કૃતિઓ ગણાવાઈ છે. તેમાં ૨૧ને 'પ્રકરણ' કહી છે તેવીસ મૂળ કૃતિ છે, જ્યારે પંદર વૃત્તિરૂપ કૃતિ છે.

પ્ર. ચ. (પ્રબંધ ૯)માં નિમ્નલિખિત બે ગ્રંથોનો ઉલ્લેખ છે:—

૧. **કિતવકથાનકપંચક** (પૃ. ૭૫).

૨. **સમરાર્કચરિત્ર** (પૃ. ૭૪).

ચ. પ્ર. (પૃ. ૫૨)મા નીચે પ્રમાણે ૧૧૧ ગ્રંથોનો ઉલ્લેખ છે:—

૧. **અનેકાંતજયપતાકા**

૨. **અષ્ટક**

૩. **નાણાયત્તક**

૪. **ન્યાયાવતારવૃત્તિ**

૫. **પંચલિંગી**

૬. **પંચવસ્તુક**

૭. **પંચસૂત્રક**

૮. **પંચાશત્**

૯–૧૦૮. [1]**૧૦૦ શતક**

૧૦૯. **શ્રાવકપ્રજ્ઞપ્તિ**

૧૧૦. **ષોડશક**

૧૧૧. **સમરાદિત્યચરિત્ર**

ગણહરસદ્ધસયગ ઉપરની પદ્મમંદિરગણિએ વિ સં ૧૬૭૬માં રચેલી સંસ્કૃત ટીકામા ૨૩ મૂળ ગ્રંથો અને ૧૫ વિવરણાત્મક કૃતિઓ એમ ૩૮નો ઉલ્લેખ છે. એના નામો હું અહીં અકારાદિ ક્રમે આપું છું.—

૧ "સિ જૈ. ગ્ર"મા **પ્રબન્ધકોશ**ના નામથી છપાયેલા પુસ્તક-(પૃ ૨૫)મા પણ "૧૦૦-શતક"નો ઉલ્લેખ છે

૧ અનુયોગદ્વારવૃત્તિ, ૨ અ.જ.પ., ૩ અ.જ.પ.વૃત્તિ, ૪ અનેકાંતવાદપ્રવેશક, ૫ અર્હચ્છ્રીચૂડામણિ, ૬ અષ્ટક, ૭ આવશ્યકવૃત્તિ, ૮ ઉપદેશપદ, ૯ ઓઘનિર્યુક્તિવૃત્તિ, ૧૦ કથાકોશ, ૧૧ ક્ષેત્રસમાસવૃત્તિ, ૧૨ ચૈત્યવંદનવૃત્તિ, ૧૩ જીવાભિગમવૃત્તિ, ૧૪ દર્શનસપ્તતિકા, ૧૫ દશવૈકાલિકબૃહદ્વૃત્તિ, ૧૬ દશવૈકાલિકલઘુવૃત્તિ, ૧૭ ધર્મબિન્દુ, ૧૮ ધર્મલાભસિદ્ધિ, ૧૯ નંદિવૃત્તિ, ૨૦ નાનાચિત્રક, ૨૧ પંચવસ્તુક, ૨૨ પંચસૂત્રક, ૨૩ પંચાશક, ૨૪ પરલોકસિદ્ધિ, ૨૫ પિંડનિર્યુક્તિવૃત્તિ, ૨૬ પ્રજ્ઞાપનોપાગવૃત્તિ, ૨૭ બૃહન્મિથ્યાત્વમથન, ૨૮ યોગદૃષ્ટિસમુચ્ચય, ૨૯ યોગબિન્દુ, ૩૦ લોકતત્ત્વનિર્ણય, ૩૧ વિંશિકા, ૩૨ શાસ્ત્રવાર્તાસમુચ્ચય, ૩૩ શાસ્ત્રવાર્તાસમુચ્ચયવૃત્તિ, ૩૪ ષોડશક, ૩૫ સંસ્કૃત-ચૈસવંદનભાષ્ય, ૩૬ સંસ્કૃતાત્માનુશાસન, ૩૭ સંગ્રહણીવૃત્તિ અને ૩૮ સમરાદિત્યચરિત

કેટલાક આધુનિક લેખકોએ પણ હરિભદ્રસૂરિના ગ્રંથોની સૂચી આપી છે. જેમકે મ. કિ. **મહેતા**, મ. ન. **દોશી**, પ. હરગોવિંદદાસ, મુનિ (હાલ પં.) કલ્યાણવિજયજી, પં. **બેચરદાસ** અને સ્વ. મો. દ. **દેશાઈ.** મેં પણ **અ.જ.પ.** (ખંડ ૧)ના અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ ૨૮–૨૯)-મા એક સૂચી આપી છે અને એને અગેના સુધારાવધારા ખંડ ૨ના ઉપોદ્ઘાતમાં દર્શાવ્યા છે. આ ઉપરાત **ષોડશકપ્રકરણ**ની ‘પ્રસ્તાવના’-(પૃ. ૨૧–૨૭)મા મેં એક સૂચી આપી થોડીક વિગતો પણ રજૂ કરી છે. આધુનિક લેખકોમા સૌથી પ્રથમ સૂચી આપનાર મ. કિ. **મહેતા** હોવાથી અને એમની સૂચી મ. ન. દોશીએ **ધર્મબિન્દુ**ના અનુવાદની પ્રસ્તાવનામાં આપેલી હોવાથી તેમ જ આ અનુવાદની સૂચીનો પં. હરગોવિંદદાસે અને કલ્યાણવિજયજીએ ઉપયોગ કર્યો હોવાથી એ સૂચી જેવી છે તેની અહીં હું આપુ છુ; ફક્ત પહેલી ચોવીસ કૃતિઓમા જે સૌથી આગળ ‘શ્રી’ શબ્દ છે તે હું જતો કરું છુ :—

(૧) દશવૈકાલિકલઘુવૃત્તિ, (૨) દશવૈકાલિકબૃહદ્વૃત્તિ, (૩) નંદી-

સૂત્રલઘુવૃત્તિ, (૪) આવશ્યકસૂત્ર ઉપર શિષ્યહિતા ટીકા (બૃહદ્-વૃત્તિ), (૫) પ્રજ્ઞાપનાપ્રદેશવ્યાખ્યા (લઘુવૃત્તિ), (૬) જમ્બુદ્વીપ-સંગ્રહણી, (૭) જમ્બુદ્વીપપ્રજ્ઞપ્તિટીકા, (૮) ચૈત્યવંદનવૃત્તિ, (૯) લલિતવિસ્તરા (ચૈત્યવંદનબૃહદ્વૃત્તિ), (૧૦) કર્પૂરાભિધસુભાષિત-કાવ્ય, (૧૧) ધૂર્તાખ્યાન, (૧૨) મુનિપતિચરિત્ર, (૧૩) સમરાદિત્ય-ચરિત્ર, (૧૪) પંચવસ્તુ, સ્વોપજ્ઞ વૃત્તિ, (૧૫) પંચસૂત્ર, સ્વોપજ્ઞ વૃત્તિ, (૧૬) અષ્ટક, (૧૭) ષોડશક, (૧૮) પંચાશક, (૧૯) શ્રાવકધર્મ-વિધિ, (૨૦) ધર્મબિન્દુ, (૨૧) યોગબિન્દુ, સ્વોપજ્ઞ વૃત્તિ, (૨૨) યોગ-દષ્ટિસમુચ્ચય, સ્વોપજ્ઞ વૃત્તિ, (૨૩) યોગવિંશતિ, (૨૪) ન્યાયપ્રવેશક-સૂત્ર, સ્વોપજ્ઞ વૃત્તિ, (૨૫) ન્યાયાવતારવૃત્તિ, (૨૬) ન્યાયવિનિશ્ચય, (૨૭) ધર્મસંગ્રહણી, (૨૮) વેદબાહ્યતાનિરાકરણ, (૨૯) ષડ્દર્શન-સમુચ્ચય, (૩૦) ષડ્દર્શની, (૩૧) અનેકાંતવાદપ્રવેશ, (૩૨) અનેકાંત-જયપતાકા, સ્વોપજ્ઞ વૃત્તિ, (૩૩) લોકતત્ત્વનિર્ણય, (૩૪) ઉપદેશપદ, (૩૫) અનેકાતપ્રઘટ્ટ, (૩૬) લઘુક્ષેત્રસમાસ, (૩૭) તત્ત્વાર્થલઘુવૃત્તિ, (૩૮) શાસ્ત્રવાર્તાસમુચ્ચય, સ્વોપજ્ઞ વૃત્તિ, (૩૯) જ્ઞાનાદિત્યપ્રકરણ, (૪૦) દર્શનસત્તરી (સમ્યક્ત્વસપ્તતિકા), (૪૧) દેવેન્દ્રનરકેન્દ્ર-પ્રકરણ, (૪૨) યતિદિનકૃત્ય, (૪૩) યોગશતક, (૪૪) લગ્નશુદ્ધિ, (૪૫) સર્વજ્ઞસિદ્ધિ, (૪૬) સંબોધપ્રકરણ, (૪૭) અનુયોગદ્વારસૂત્ર-લઘુવૃત્તિ, (૪૮) સંસારદાવાસ્તુતિ, (૪૯) વ્યવહારકલ્પ, (૫૦) પ્રતિષ્ઠાકલ્પ, (૫૧) દ્વિજવદનચપેટા, (૫૨) ક્ષમાવલ્લીબીજ, (૫૩) જ્ઞાનપંચકવિવરણ, (૫૪) વીરસ્તવ, (૫૫) શ્રાવકપ્રજ્ઞપ્તિટીકા, (૫૬) પ્રશમરતિટીકા, (૫૭) વીરાગદકથા, (૫૮) કર્મસ્તવવૃત્તિ, (૫૯) લઘુસંગ્રહણી, (૬૦) જીવાભિગમલઘુવૃત્તિ અને (૬૧) મહાનિશીથ મૂળ (ઉદ્ધૃત).

અહીં જે કૃતિ ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ છે તેનો અંક ભિન્ન દર્શાવાયો નથી જેથી મૂળ લખાણ એ પ્રમાણે છે તે જાણી શકાય; એ ભિન્ન ગણીએ તો કૃતિની સંખ્યા ૬૮ (૬૧ + ૭)ની થાય.

મ. કિ. મહેતાએ ઉપર પ્રમાણેની સૂચી આપ્યા બાદ ૩૯મી કૃતિનુ **નાણાયત્ત**, ૪૨માનુ **સાધુસામાચારી** અને ૪૪માનું **લગ્નકુંડલિકા** નામાતર હોય એમ લાગે છે એમ કહ્યું છે. વિશેષમાં એમણે નીચે મુજબના નામોને **શ્રાવકધર્મવિધિ**ના પર્યાયો હોવાની સંભાવના કરી છે:—

(૧) શ્રાવકધર્મતંત્ર, (૨) શ્રાવકપ્રજ્ઞપ્તિ, (૩) શ્રાવક-સામાચારી અને **(૪) શ્રાવકધર્મપ્રકરણ.**

એમણે એ વાતનો પણ નિર્દેશ કર્યો છે કે મેં જે યાદી આપી છે તેમાના કોઈ ગ્રંથના કર્તા અન્ય હરિભદ્રસૂરિ પણ હોય. આવી રીતે અન્ય લેખકોએ પણ કેટલીક કૃતિને સંદિગ્ધ તેમ જ ભ્રાત જણાવી છે. એનો સમગ્ર ખ્યાલ આવે તે માટે હરિભદ્રસૂરિને નામે ખરી કે ખોટી રીતે ચડાવાયેલી કૃતિઓની સૂચી અકારાદિ ક્રમે હાલ તુરત તો અહી આપુ છુ અને એમા જે નામાંતર છે તે બાબતનુ તેમ જ ભ્રાત ઉલ્લેખોના નિરસનનુ કાર્ય હુ આગળ ઉપર હાથ ધરવાનું રાખું છું.—

૧ **અનુયોગદ્વાર(સૂત્ર)લઘુવૃત્તિ**
૨ અનુયોગદ્વારવિવૃતિ
૩ અનેકાતજયપતાકા
૪ અનેકાતજયપતાકાવૃત્તિ
૫ અનેકાતજયપતાકોદ્દ્યોત-દીપિકા
૬ અનેકાંતપ્રઘટ્ટ
૭ અનેકાતપ્રવેશ
૮ અનેકાતવાદપ્રવેશ(ક)
૯ અનેકાતસિદ્ધિ
૧૦ અર્હચ્ચૂડામણિ
૧૧ અર્હચ્છ્રીચૂડામણિ
૧૨ અષ્ટક(પ્રકરણ)
૧૩ **આ**ત્મસિદ્ધિ
૧૪ આત્માનુશાસન
૧૫ આવશ્યક(સૂત્ર)બૃહદ્વૃત્તિ
૧૬ આવશ્યક(સૂત્ર)લઘુવૃત્તિ
૧૭ આવશ્યકવૃત્તિ
૧૮ ઉપદેશપદ
૧૯ ઉપદેશપ્રકરણ

*૨૦ ઉવએસપય [ઉપદેશપદ]
૨૧ ઓઘનિર્યુક્તિવૃત્તિ
૨૨ કથાકોશ
૨૩ કર્પૂરકાવ્ય
૨૪ કર્મસ્તવવૃત્તિ
૨૫ કિતવકથાનકપંચક
૨૬ કુલકો
૨૭ ક્ષમાવલ્લીબીજ
૨૮ ક્ષેત્રસમાસવૃત્તિ
૨૯ ચતુર્વિંશતિસ્તુતિ
૩૦ ચતુર્વિંશતિસ્તુતિટીકા
૩૧ ચૈત્યવંદનભાષ્ય (સં.)
૩૨ ચૈત્યવંદનવૃત્તિ (લલિતવિસ્તરા)
*૩૩ જઇદિણકિચ્ચ [યતિદિનકૃત્ય]
*૩૪ જંબુદીવસંગહણી [જંબૂદ્વીપસંગ્રહણી]
૩૫ જંબૂ(બુ)દ્વીપપ્રજ્ઞપ્તિટીકા
૩૬ જંબૂ(બુ)દ્વીપસંગ્રહણી
*૩૭ જસહરચરિય [યશોધરચરિત]
૩૮ જિણહરપડિમાથોત્ત [જિનગૃહપ્રતિમાસ્તોત્ર]
૩૯ જિનગૃહપ્રતિમાસ્તોત્ર
૪૦ જિનસ્તવ
૪૧ જીવા(જીવા)ભિગમ(સૂત્ર)-લઘુવૃત્તિ
*૪૨ જોગસયગ [યોગશતક]
૪૩ જ્ઞાનપંચકવિવરણ
૪૪ જ્ઞાનાદિત્ય(પ્રકરણ)
૪૫ ડુપડુપિકા
*૪૬ તત્તપયાસગ [તત્ત્વપ્રકાશક]
૪૭ તત્ત્વતરંગિણી
૪૮ તત્ત્વપ્રકાશક
૪૯ તત્ત્વાર્થ(સૂત્ર)લઘુવૃત્તિ (ડુપડુપિકા)
૫૦ ત્રિભંગીસાર
*૫૧ દંસણસત્તરિ [દર્શનસપ્તતિ]
*૫૨ દંસણસુદ્ધિ [દર્શનશુદ્ધિ]
*૫૩ દરિસણસત્તરિ [દર્શનસપ્તતિ]
૫૪ દર્શનશુદ્ધિ(પ્રકરણ)
૫૫ દર્શનસપ્તતિ(કા)

* આ ચિહ્નથી એ સૂચિત છે કે પ્રસ્તુત કૃતિ પાઇયમાં છે.

૫૬ દશવૈકાલિક(સૂત્ર)બૃહદ્-વૃત્તિ (શિષ્યબોધિની)

૫૭ દશવૈકાલિક(સૂત્ર)લઘુવૃત્તિ

૫૮ •દશવૈકાલિકાવચૂરિ

૫૯ દિક્પ્રદા (શાસ્ત્રવાર્તા-સમુચ્ચયટીકા)

૬૦ દિનશુદ્ધિ

*૬૧ દેવિન્દનરઇન્દપયરણ [દેવેન્દ્રનરેન્દ્રપ્રકરણ]

૬૨ દેવેન્દ્રનરે(રે)ન્દ્રપ્રકરણ

૬૩ દ્વિજવદનચપેટા (વેદાંકુશ)

*૬૪ ધમ્મસંગહણી [ધર્મ-સંગ્રહણી]

૬૫ ધર્મબિન્દુ

૬૬ ધર્મલાભસિદ્ધિ

૬૭ ધર્મસંગ્રહણી

૬૮ ધર્મસાર

૬૯ ધર્મસારટીકા

*૭૦ ધુત્તક્ખાણ [ધૂર્તાખ્યાન]

૭૧ ધૂર્તાખ્યાન

૭૨ ધ્યાનશતકવૃત્તિ

૭૩ નંદી(દિ)ટીકા

૭૪ નંદીસૂત્રલઘુવૃત્તિ (નંદ્ય-ધ્યયનવૃત્તિ)

*૭૫ નાણાઇત્ત [જ્ઞાનાદિત્ય]

*૭૬ નાણાચિત્તપયરણ [નાના-ચિત્રપ્રકરણ]

*૭૭ નાણાપંચગવક્ખાણ [જ્ઞાનપંચકવ્યાખ્યાન]

*૭૮ નાણાયત્તક [? જ્ઞાનપત્રક]

૭૯ નાનાચિત્રક

૮૦ નાનાચિત્રપ્રકરણ

૮૧ નૃતત્ત્વનિગમ (લોકતત્ત્વ-નિર્ણય)

૮૨ ન્યાયપ્રવેશકવ્યાખ્યા (શિષ્યહિતા)

૮૩ ન્યાયવિનિશ્ચય

૮૪ ન્યાયામૃતતરંગિણી

૮૫ ન્યાયાવતારવૃત્તિ

*૮૬ પંચઠાણગ [પંચસ્થાનક]

*૮૭ પંચનિયંઠી [પંચનિ-ર્ગ્રન્થી]

૮૮ પંચનિર્ગ્રન્થી

૮૯ પંચલિંગી

*૯૦ પંચવત્થુગ [પંચવસ્તુક]

૯૧ પંચવસ્તુક

૯૨ પંચવસ્તુકટીકા

૯૩ પંચસંગ્રહ

૯૪ પંચસૂત્રક
૯૫ પંચસૂત્રકવ્યાખ્યા
૯૬ પંચસ્થાનક
૯૭ પંચાશક
૯૮ પંચાશત્
*૯૯ પંચાસગ [પંચાશક]
૧૦૦ પરલોકસિદ્ધિ
૧૦૧ પિંડનિર્યુક્તિવૃત્તિ
૧૦૨ પ્રજ્ઞાપના(સૂત્ર)પ્રદેશ-વ્યાખ્યા
૧૦૩ પ્રજ્ઞાપનોપાંગવૃત્તિ
૧૦૪ પ્રતિષ્ઠાકલ્પ
૧૦૫ પ્રદેશટીકા (જીવાભિગમ-વૃત્તિ)
૧૦૬ પ્રદેશવ્યાખ્યા (પ્રજ્ઞાપના-વૃત્તિ)
૧૦૭ પ્રશમરતિટીકા
૧૦૮ બૃહન્મિથ્યાત્વમ(મં)થન
૧૦૯ બોટિકપ્રતિષેધ
૧૧૦ ભાવનાસિદ્ધિ
૧૧૧ ભાવાર્થમાત્રાવેદિની
*૧૧૨ મુણિવઇચરિય [મુનિપતિ-ચરિત]
૧૧૩ મુનિપતિચરિત(ત્ર)
૧૧૪ યતિદિનકૃત્ય
૧૧૫ યશોધરચરિત(ત્ર)
૧૧૬ યોગદૃષ્ટિસમુચ્ચય
૧૧૭ યોગદૃષ્ટિસમુચ્ચયવૃત્તિ
૧૧૮ યોગબિન્દુ
૧૧૯ યોગબિન્દુટીકા
૧૨૦ યોગવિંશતિ
૧૨૧ યોગશતક
*૧૨૨ લગ્ગકુંડલિયા [લગ્નકુંડ-લિકા]
*૧૨૩ લગ્ગસુદ્ધિ [લગ્નશુદ્ધિ]
૧૨૪ લગ્નકુંડલિકા
૧૨૫ લગ્નશુદ્ધિ
૧૨૬ લઘુક્ષેત્રસમાસ
૧૨૭ લઘુસંગ્રહણી
૧૨૮ લલિતવિસ્તરા
૧૨૯ લોકતત્ત્વનિર્ણય (નૃતત્ત્વ-નિગમ)
૧૩૦ લોકબિન્દુ
૧૩૧ વર્ગકેવલિવૃત્તિ
૧૩૨ વિંશતિવિંશિકા
૧૩૩ વિંશિકા
*૧૩૪ વિમાણનરયઇંદ [વિમાન-નરેન્દ્ર]
૧૩૫ વિમાનનરેન્દ્ર

૧૩૬ વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ
*૧૩૭ વીરત્થય [વીરસ્તવ]
૧૩૮ વીરસ્તવ
૧૩૯ વીરાંગદકથા
*૧૪૦ વીસવીસિયા [વિંશતિ-વિંશિકા]
૧૪૧ વેદબાહ્યતાનિરાકરણ
૧૪૨ વ્યવહારકલ્પ
૧૪૩ શતશતક
૧૪૪ શાશ્વતજિનસ્તવ
૧૪૫ શાસ્ત્રવાર્તાસમુચ્ચય
૧૪૬ શાસ્ત્રવાર્તાસમુચ્ચયટીકા
૧૪૭ શિષ્યબોધિની (દશવૈ-કાલિકટીકા)
૧૪૮ શિષ્યહિતા
૧૪૯ શ્રાવકધર્મતંત્ર
૧૫૦ શ્રાવકધર્મપ્રકરણ
૧૫૧ શ્રાવકધર્મવિધિપ્રકરણ
૧૫૨ શ્રાવકધર્મસમાસ
૧૫૩ શ્રાવકધર્મસમાસવૃત્તિ
૧૫૪ શ્રાવકપ્રજ્ઞપ્તિ
૧૫૫ શ્રાવકપ્રજ્ઞપ્તિટીકા
૧૫૬ શ્રાવકસામાચારી
૧૫૭ ષડ્દર્શનસમુચ્ચય
૧૫૮ ષડ્દર્શની
૧૫૯ ષોડશક(પ્રકરણ)
૧૬૦ સંસારદાવા(નલ)સ્તુતિ
૧૬૧ સંસ્કૃતચૈત્યવંદનભાષ્ય
૧૬૨ સંસ્કૃતાત્માનુશાસન
૧૬૩ સંકિતપ(પં)ચાસિ (?)
૧૬૪ સંગ્રહણીવૃત્તિ
*૧૬૫ સમરાઇચ્ચચરિય [સમરા-દિત્યચરિત]
૧૬૬ સમરાદિત્યકથા(ચરિત્ર)
૧૬૭ સમરાર્કચરિત્ર
૧૬૮ સંપંચાસિત્તરિ [?]
૧૬૯ સંબોધપ્રકરણ
૧૭૦ સંબોધસપ્તતિ
*૧૭૧ સંબોધસિત્તરિ(રી) [સંબોધસપ્તતિ]
*૧૭૨ સંબોહપયરણ [સંબોધ-પ્રકરણ]
*૧૭૩ સમ્મત્તસત્તરિ [સમ્યક્ત્વ-સપ્તતિ]
૧૭૪ સમ્યક્ત્વસપ્તતિ(કા)
૧૭૫ સર્વજ્ઞસિદ્ધિ
૧૭૬ સર્વજ્ઞસિદ્ધિટીકા

૧૭૭ સાધુપ્રવચનસારપ્રકરણ
૧૭૮ સાધુસામાચારી
૧૭૯ સાવગધમ્મવિહિપયરણ [શ્રાવકધર્મવિધિપ્રકરણ]
૧૮૦ સાવગધમ્મસમાસ [શ્રાવકધર્મસમાસ]
૧૮૧ સાસયજિણથય [શાશ્વતજિનસ્તવ]
૧૮૨ સ્તવ
૧૮૩ સ્યાદ્વાદકુચોદ્યપરિહાર
૧૮૪ હિંસાષ્ટક
૧૮૫ હિંસાષ્ટકાવચૂરિ

અહીં જે નામો મેં આપ્યા છે તે દરેક ભિન્ન ભિન્ન કૃતિનું જ છે એમ નથી. કેટલીક કૃતિનાં એક કરતા વધારે નામ છે.

જે કેટલીક કૃતિઓ જ. મ.મા છે એ એ નામે તેમ જ એના સંસ્કૃત નામે પણ નોધાઈ છે. આ સંસ્કૃત નામ મે જ. મ. નામની સાથે સાથે કૌંસમા આપવા ઉપરાત જુદું પણ આપ્યુ છે. જ. મ મા કૃતિ છે એ દર્શાવવા મેં એ નામ આગળ 'ફૂદડી' જેવું ચિહ્ન રાખ્યું છે.

કેટલાક નામોમા નહિ જેવો ફરક છે તે મેં કૌંસ દ્વારા દર્શાવ્યો છે અને એ જ નામાતરને મેં અલગ સ્થાન આપ્યું નથી.

કેટલાક આગમોના નામના અતમા 'સૂત્ર' શબ્દ કોઈ કોઈ તરફથી વપરાયો છે. એ વાત મેં કૌંસ દ્વારા રજૂ કરી છે.

કેટલાક નામને અંતે 'પ્રકરણ' શબ્દનો પ્રયોગ કેટલાકે કર્યો છે. એનું મેં કૌંસ દ્વારા સૂચન કર્યું છે.

ટીકા, વૃત્તિ, વિવરણ, વ્યાખ્યા ઇત્યાદિ એકબીજાંના પર્યાય છે એથી એથી યુક્ત નામો ભિન્ન ભિન્ન મેં ગણાવ્યા નથી.

કોઈ કોઈ નામો અશુદ્ધ છે, પણ એ સુધારી શકાયા નથી. કોઈક નામ તો તદ્દન ખોટુ છે. દા. ત. **ક્ષમાવલ્લીબીજ.** એ નામની કોઈ જ કૃતિ નથી, છતા એ પણ મેં નોધ્યુ છે જેથી આગળ ઉપર એનું નિરસન થઈ શકે.

હારિભદ્રીય કૃતિઓનો અંક યાને એની મુદ્રા—યાકિની મહત્તરાના ધર્મસૂનુ તરીકે સુવિખ્યાત હરિભદ્રસૂરિએ પોતાની કેટલીક કૃતિના અંતમા 'વિરહ' શબ્દ અને કેટલીકના અંતમા 'ભવ-વિરહ'નો પ્રયોગ કર્યો છે. [1]**યોગબિન્દુ**ની સ્વોપજ્ઞ ગણાતી વૃત્તિના અંતમા નીચે મુજબ ઉલ્લેખ છે :—

"विरह इति च भगवत श्रीहरिभद्रसूरेः स्वप्रकरणाङ्कप्रद्योतक इति"

[2]**શાસ્ત્રવાર્તાસમુચ્ચય**ની **દિક્પ્રદા** નામની સ્વોપજ્ઞ ટીકાના અંતમા એ મતલબનો ઉલ્લેખ છે કે આથી કરીને ગ્રન્થકારે 'ભવવિરહ' પ્રત્યે અત્યંત અનુરાગ, સર્વનુ કલ્યાણ અને 'અસત્યામૃષા' ભાષાના વિષયનું જાણપણુ કહ્યા. આ ઉપરથી 'ભવવિરહ' એમની કેટલીક કૃતિના અંતમા જોવાય છે તેનુ કારણ સમજાય છે.

હરિભદ્રસૂરિની નીચે મુજબની કૃતિઓ [3]'વિરહ' અંક યાને મુદ્રાથી અંકિત છે :—

અ.જ.પ, **અષ્ટક-પ્રકરણ**, **ઉવએસપય**, **ધમ્મસંગહણી**, **ધર્મબિન્દુ**, **પંચવત્થુગ**ની ટીકા, **પંચાસગ**, **યોગદૃષ્ટિસમુચ્ચય**, **યોગબિન્દુ**, **લલિત**-

---

૧ સ્વોપજ્ઞ ગણાતી વૃત્તિ સહિત આનુ સપાદન ડૉ. લુઈગિ સુઆલિએ કર્યું છે અને એ "જૈ. ધ પ્ર. સ" તરફથી ઇ. સ. ૧૯૧૧મા છપાયુ છે.

૨ આ મૂળ કૃતિ **દિક્પ્રદા** સહિત "વિજયદેવસૂરસઘ સસ્થા ગોડીજી જૈન ઉપાશ્રય" મુબઈ તરફથી ઈ. સ ૧૯૨૯મા છપાવાઇ છે

૩ 'વિરહ'થી અકિત કૃતિઓને લગતા પ્રસ્તુત ઉલ્લેખો મુનિ (હાલ પ.) કલ્યાણવિજયજીએ **ધમ્મસંગહણી** (ભા ૨)ના 'પરિચય' (પત્ર ૧૯આ-૨૧આ)મા આપ્યા છે. આ પૂર્વે પ હરગોવિંદદાસે પણ **હરિભદ્રસૂરિચરિત્ર** (પૃ ૩૧-૩૨)મા આ જાતના ઉલ્લેખો નોંધ્યા છે.

વિસ્તરા, [1]વીરત્થય, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, ષોડશક, સંસારદાવાનલ-સ્તુતિ અને સંબોહપયરણ.

પ્ર. ચ. (પૃ. ૭૪, શ્લો. ૨૦૬) પ્રમાણે તો હરિભદ્રસૂરિની તમામ કૃતિઓ 'વિરહ' પદથી અંકિત છે, અને એ 'વિરહ'થી અંકિત કરવાનું કારણ અતિશય હૃદયાભિરામ બે શિષ્યોનો વિરહ છે 'વિરહ' પદ સરળતાથી—અર્થની ખેંચતાણ કર્યા વિના જ્યાં આપી શકાયું—ભવ, દુ:ખ કે પાપ સાથે જોડી શકાયું ત્યા હરિભદ્રસૂરિએ આપ્યું એથી અથવા તો વિરહવાળી પંક્તિ કે પદ્ય લુપ્ત થયેલ હોવાથી સર્વ કૃતિમા નથી એમ કલ્પના કરાય છે.

સ્વતંત્ર કૃતિઓ અને સ્વોપજ્ઞ વિવરણો

(૩-૫) [2]અનેકાન્તજયપતાકા અને એની સ્વોપજ્ઞ વ્યાખ્યા

હરિભદ્રસૂરિએ પોતાની તમામ કૃતિના નામ પાડ્યા નથી. કેટલીકના નામ તો એમની એ કૃતિના ટીકાકારે અને કેટલીકનાં એમની કૃતિનો ઉલ્લેખ કરનારે યોજ્યા છે સદ્‌ભાગ્યે પ્રસ્તુત કૃતિનુ નામ ગ્રંથકારે

૧ આ કૃતિ હરિભદ્રસૂરિની જ છે એમ માનવા માટે સબળ આધાર જાણવો બાકી રહે છે

૨ શેઠ **મ**નસુખભાઈ ભગુભાઈ (અમદાવાદ) તરફથી કેવળ મૂળ છપાવાયું છે મૂળ કૃતિના પ્રથમ ત્રણ અધિકારો અને ચોથાનો થોડોક ભાગ સ્વોપજ્ઞ વ્યાખ્યા સહિત "ય. જૈ. ગ્રં" તરફથી **વી**રસંવત ૨૪૩૬થી ૨૪૩૯મા પ્રકાશિત થયા છે મૂળ એની સંપૂર્ણ સ્વોપજ્ઞ વ્યાખ્યા તેમ જ એના ઉપરના **મુ**નિચન્દ્રસૂરિકૃત વિવરણ સહિત બે ખંડમા "ગા. પૌ. ગ્ર."મા અનુક્રમે ઈ સ ૧૯૪૦ અને ઈ સ. ૧૯૪૭મા છપાયું છે પ્રથમ ખંડમા ચાર અધિકાર છે અને દ્વિતીય ખંડમા બાકીના બે અધિકારો છે આ બંને ખંડનું સંપાદન મે કર્યું છે. પ્રથમ ખંડમા મારો અંગ્રેજીમા લખાયેલો ઉપોદ્‌ઘાત છપાયો છે દ્વિતીય ખંડમા મારા વિસ્તૃત (પૃ. ૯–૧૨૮) અંગ્રેજી ઉપોદ્‌ઘાતની સાથે સાથે મારા અંગ્રેજી ટિપ્પણોને પણ સ્થાન અપાયુ છે

જાતે દર્શાવ્યું છે[1] એટલું જ નહિ પણ એને 'પ્રકરણ' તરીકે નિર્દેશ્યું છે આ પ્રકરણ સંસ્કૃતમા મુખ્યતયા ગદ્યમા રચાયું છે. પ્રારંભમા દસ પદ્યો છે અને અંતમા પણ દસ પદ્યો છે. હરિભદ્રસૂરિની જે કેટલીક કૃતિઓ 'વિરહ' અંકથી અંકિત છે તેમાંની એક તે આ **અ.જ.પ.** છે. એમની કેટલીક કૃતિઓના નામના અંતમા સમાન શબ્દ છે, જ્યારે આ કૃતિ એ રીતે અજોડ છે, કેમકે 'પતાકા' અંતવાળી એમની બીજી કોઈ કૃતિ નથી. એમની પૂર્વેની કોઈ કૃતિના નામના અંતમા 'પતાકા' શબ્દ હોય—પછી તે બૌદ્ધ કૃતિ કા ન હોય તો એ વાત જાણવામા નથી.

આ કૃતિ એના **અષ્ટક-પ્રકરણ** આદિની પેઠે પરિમાણસૂચક નથી; એમા વિષયને વ્યક્ત કરે એવુ એનું નામ છે. એમાં જૈન દર્શનનો—ન્યાયનો અતિમહત્ત્વનો વિષય નામે 'અનેકાન્તવાદ' યાને 'સ્યાદ્વાદ'નુ નિરૂપણ છે. હરિભદ્રસૂરિના સમયમા આ જૈનોના મૂળભૂત સિદ્ધાન્તની કેટલાક બૌદ્ધો વગેરે તરફથી ખોટી રીતે આક્ષેપો દ્વારા હેકડી થતી હતી અને એ બૌદ્ધ આદિની તર્કજાળમા ભોળા જનો સપડાતા હતા. તેમના રક્ષણાર્થે અઘટિત આક્ષેપોના પ્રતિકારરૂપે આ અનુપમ કૃતિ હરિભદ્રસૂરિએ રચી છે. આ કૃતિની રચના જૈન ન્યાયના કેટલાક અભ્યાસીઓને [2]દુર્ગમ જણાય છે.

ધર્મકીર્તિકૃત [3]**પ્રમાણવાર્તિક** ઉપર **મનોરથનન્દિકૃત મનો-**

---

૧ જુઓ દસમું પદ્ય.

૨ વિચારો **ગુર્વાવલી**નું નિમ્નલિખિત ૬૮મું પદ્ય :—

"हरिभद्रसूरिरचिता. श्रीमदनेकान्तजयपताकाद्या. ।
ग्रन्थनगा विबुधानामप्यधुना दुर्गमा येऽत्र ॥ ६८ ॥"

૩ આને કેટલીક વાર 'વાર્તિક' તરીકે ઓળખાવાય છે. દા. ત. જુઓ **અ.જ.પ.** (ખંડ ૧, પૃ. ૧૦૫, પંક્તિ ૨૧) એમા ૧૪૫૨¾ કારિકાઓ છે એ ચાર વિભાગમા વિભક્ત કરાયુ છે.

રથનંદિની નામની સંસ્કૃતમાં [1]ટીકા છે. આનો અભ્યાસ કર્યા બાદ આ કૃતિ (**અ.જ.પ.**)નું પઠન કરાશે તો એ સુગમ થઈ પડશે. વળી આ કૃતિના અભ્યાસના પ્રવેશદ્વારની ગરજ સારે એવી એક અન્ય કૃતિ પણ હરિભદ્રસૂરિએ રચી છે. એનું નામ [2]**અનેકાન્તવાદપ્રવેશ** છે અને એ નામ પણ આ અર્થનું દ્યોતન કરે છે.

અનેકાન્તવાદ ઉપર અવારનવાર ખૂબ જ પ્રહાર થતા હશે એમ લાગે છે; નહિ તો આ આચાર્યવર્ય એને અંગે [3]ચચ્ચાર સ્વતંત્ર કૃતિઓ રચે ખરા ? દુર્ભાગ્યે આ ચારે કૃતિઓ આજે મળતી નથી.

આ **પ્રમાણવાર્તિક** એ **પ્રમાણસમુચ્ચય** ઉપરની ટીકા છે એમાં છ અધિકારને બદલે પહેલા ત્રણ જ અધિકારોનું વિવરણ છે વળી એની સ્વોપજ્ઞ વૃત્તિને પણ **અ.જ.પ.** (ખંડ ૧, પૃ. ૨૦૦ અને ખંડ ૨, પૃ. ૫૯, ૧૬૨ અને ૨૧૮)માં 'વાર્તિક' કહેલ છે.

આ **પ્રમાણવાર્તિકનું** સંપાદન રાહુલ **સાંકૃત્યાયને** કર્યું છે આ વાર્તિક **મનોરથનંદિની** સહિત JBORSમાં નીચે મુજબ આઠ હપ્તે છપાવાયું છે :—

Vol XXIV, pt. 3 & pt. 4, Vol XXV, pt. 1, pt. 2 & pts. 3-4, Vol XXVI pt 1, pt 2 & pt. 3.

અન્ય વિવરણાદિ માટે જુઓ **અ.જ.પ.** (ખંડ ૨, પૃ ૨૮૯).

૧ આ ટીકા **અ.જ.પ.** અને ખાસ કરીને એની સ્વોપજ્ઞ વ્યાખ્યા સમજવામાં ઘણી સહાયક થઈ પડે તેમ છે.

૨ આ કૃતિ ટિપ્પણક સહિત "હેમચન્દ્રાચાર્ય ગ્રંથાવલી"માં ઈ સ. ૧૯૧૯માં પ્રકાશિત કરાઈ છે.

૩ આથી નીચે મુજબની કૃતિઓ અભિપ્રેત છે —

અ.જ.પ., **અનેકાન્તવાદપ્રવેશ**, **અનેકાન્તસિદ્ધિ** અને **સ્યાદ્વાદકુચોદ્યપરિહાર**.

અનેકાન્તસિદ્ધિ અને **સ્યાદ્વાદકુચોદ્યપરિહાર** એ બે કૃતિઓનાં દર્શનથી આપણે આજે વંચિત છીએ; તેમ છતાં, નહિ બહુ નાની[1] કે નહિ બહુ મોટી એવી **અ.જ.પ.** નામની આ કૃતિ એવી સબળ છે કે એકલી એ દ્વારા પણ આપણે અનેકાન્તવાદનો ધ્વજ ફરકાવી એને સદા ઊડતો રાખી શકીએ તેમ છીએ.

અધિકારો—અ.જ.પ. ૭ [2]અધિકારોમા વિભક્ત છે. આ [3]૭ યેના વિશિષ્ટ નામો ગ્રંથકાર તરફથી દર્શાવાયા નથી. ફક્ત બેનાં જ નામ એમણે સ્વોપજ્ઞ વ્યાખ્યામા આપ્યાં છે. પ્રથમ અધિકારનું નામ 'સદસદ્રૂપવસ્તુવક્તવ્યતા' છે અને બીજા અધિકારનું નામ 'નિત્યાનિત્યવસ્તુ' છે એમ પહેલા અને બીજા અધિકારની સ્વોપજ્ઞ વ્યાખ્યાની પુષ્પિકા જોતા જણાય છે ત્રીજા અધિકારનું નામ 'સામાન્ય–વિશેષ–વાદ', ચોથાનું 'અભિલાપ્યાનભિલાપ્ય', પાચમાનું [4]'યોગાચારમતવાદ' અને છઠ્ઠાનું મુક્તિવાદ' છે એમ મુનિચન્દ્રસૂરિકૃત આ વ્યાખ્યાના ટિપ્પણકની તે તે અધિકારની પુષ્પિકાના અનુક્રમે ખંડ ૧ના પૃ. ૩૧૬ અને ૪૦૩ અને ખંડ ૨ના પૃ. ૧૨૩ ને ૨૩૮ જોતા જણાય છે.

પ્રતિપાદ્ય વિષયનું સૂચન—કેટલાક ગ્રંથકારો પોતાની કૃતિમા

---

૧ **જૈન ગ્રંથાવલી** (પૃ ૭૧) પ્રમાણે **અ.જ.પ.**નો ગ્રંથાગ્ર ૩૫૦૦ શ્લોક જેવડો છે

૨ આ શબ્દ ગ્રંથકારે સ્વોપજ્ઞ વ્યાખ્યા (ખંડ ૧, પૃ. ૯૬ અને ૧૩૪)મા વાપર્યો છે

૩ જો 'યોગાચાર'મતવાદ અને મુક્તિવાદ મળીને એક અધિકાર ગણીએ તો પાંચ થાય.

૪ **અ.જ.પ.** જેવા તર્કગ્રંથોમા એક તૃતીયાંશ જેટલી બૌદ્ધ ચર્ચા આવે છે. એ ઉપરથી હરિભદ્રસૂરિનો 'બૌદ્ધ' દર્શનનો કેવો અને કેટલો તલસ્પર્શી અભ્યાસ હશે તેનો ખ્યાલ આવે છે

ઈષ્ટ દેવતાને માટે એવા વિશેષણો વાપરે છે કે જેથી પ્રતિપાદ્ય વિષયનું સૂચન થાય. હરિભદ્રસૂરિએ આવી પ્રથા અપનાવી છે એમ એની કેટલીક કૃતિઓનો પ્રારંભ જોતા જણાય છે. દા.ત. **અ.જ.પ.**મા सद्भूतवस्तुवादी એવું વિશેપણ એમણે એમના ઇષ્ટ દેવ શ્રમણ ભગવાન મહાવીરસ્વામી માટે વાપર્યું છે. એવી રીતે યોગને અંગેના ગ્રંથો પૈકી **યોગદૃષ્ટિસમુચ્ચય**મા अयोग અને योगिगम्यं અને **યોગબિન્દુ**માં योगीन्द्रवन्दित, **ષડ્દર્શનસમુચ્ચય**મા सद्दर्शन અને **સર્વજ્ઞસિદ્ધિ**મા अखिलार्थज्ञताश्लिष्टमूर्ति વિશેષણો એમણે યોજ્યા છે.

વિષય—મંગળાચરણરૂપ પ્રથમ પદ્યથી વિભૂષિત પ્રથમ અધિકાર (પૃ. ૧૧–૩૫)મા સમગ્ર પૂર્વપક્ષ રજૂ કરાયો છે. અનેકાન્તવાદની વિવિધ બાબતોને ઉદ્દેશીને અને એથી તો એની પછીના લગભગ બધા અધિકારો નિરસનનું જ કાર્ય કરે છે. પ્રથમ અધિકારમાં મુખ્ય પાચ બાબતોનો નિર્દેશ છે, અને એ દરેક એકેક અધિકારના નિરૂપણનો વિષય બને છે પહેલી બાબત એના નિરસનપૂર્વક પ્રથમ અધિકારમાં ચર્ચાઈ છે મે પ્રકાશનની અનુકૂળતાને લક્ષીને આ કૃતિ બે ખંડમાં વિભક્ત કરી છે. પ્રથમ ખંડગત સ્વોપજ્ઞ વ્યાખ્યામા કેટલીક પ્રાસંગિક હકીકતો અપાઈ છે. જેમકે પ્રથમ ખંડમા અવગ્રહ (પૃ. ૧૭૫ ઇ.), પ્રત્યક્ષ અને નિર્વિકલ્પકત્વનું સ્વરૂપ (પૃ. ૨૨૯ ઇ.), સમવાયનુ નિરસન (પૃ. ૯૩–૯૪) અને સ્ફોટનો ઘટસ્ફોટ (પૃ. ૩૯૧ ઇ.). અપોહનો વિષય (પૃ. ૩૩૮ ઇ.)મા આલેખાયો છે છેલ્લા અધિકારમાં 'તપ' સબધી જૈન વક્તવ્ય રજૂ કરાયુ છે. દેહદમન એ કંઈ જૈન તપનું ધ્યેય નથી. ઇન્દ્રિયો અને મનની સ્વાભાવિક પ્રવૃત્તિઓ (વ્યાપારો) રૂડી રીતે ચાલતી હોય તેને હરકત ન પહોચે એવી રીતે તપશ્ચર્યા કરવી એમ સ્પષ્ટપણે કહેવાયું છે શુભ ભાવનાઓ પણ તપશ્ચર્યાનો એક પ્રકાર છે[1] એમ કહી બીજા ખંડ (પૃ. ૨૧૮–૨૧૯)મા એનું સ્વરૂપ વિચારાયુ છે.

---

૧ જુઓ **અ.જ.પ.** (ખંડ ૧, પૃ. ૨૮–૨૯).

મૂળ—અ.જ.પ.ની રચના કયા ગ્રંથને આધારે થઈ છે તે બાબત વિષે હરિભદ્રસૂરિએ કે મુનિચન્દ્રસૂરિએ કશું કહ્યું નથી. એકાન્તવાદના નિરસનરૂપે હરિભદ્રસૂરિની પૂર્વે થયેલા વિબુધવરોએ કૃતિઓ રચી છે એમ હરિભદ્રસૂરિ જાતે કહે છે અને વાત ખરી છે, કેમકે આ વિષય તો કંઈ નહિ તો છેક મહાવીરસ્વામીના સમયથી ચર્ચાતો આવ્યો છે. તેમ છતા **સિદ્ધસેન** દિવાકરકૃત **સમ્મઇપયરણ**નો ત્રીજો—છેલ્લો કંડ (કાંડ) **અ.જ.પ.**ની રચનાના મૂળરૂપ હોય એમ લાગે છે.

પ્રણેતા—અંતમાં અપાયેલી પુષ્પિકા પ્રમાણે **અ.જ.પ.** એ શ્વેત ભિક્ષુ હરિભદ્રાચાર્યની કૃતિ છે. **આવસ્સય**ની લઘુવૃત્તિની પુષ્પિકા પણ આની પેઠે પ્રણેતાનું નામ પૂરું પાડે છે. **શા.વા.સ.**ના ઉપાત્ય (૬૯૯મા) પદ્યમા કર્તાએ પોતાનું નામ આપ્યું છે.

શૈલી—અ.જ.પ. અને એની સ્વોપજ્ઞ વ્યાખ્યા સરળ સંસ્કૃત ભાષામા વૈયાકરણને શોભે એમ સંક્ષેપમા રચાઈ છે. વિચારસરણી સ્પષ્ટ અને તર્કબદ્ધ છે. કેટલીક વાર હેતુઓની શૃંખલા નજરે પડે છે. વિષયને વિશદ બનાવવા માટે ઉદાહરણો અપાયા છે અને ન્યાયોનો નિર્દેશ કરાયો છે. આમ ન્યાયો વાપરનાર જૈન ગ્રંથકારોમા એઓ સૌથી પ્રથમ હોય એમ લાગે છે. પ્રસંગોના ઉત્થાન તેમ જ પૂર્ણાહુતિની સમાનતાને લઈને કેટલીક વાર સમાન શબ્દ-ગુચ્છોનો પ્રયોગ કરાયો છે. પ્રારંભમા ને અંતમા પદ્યો છે તેમ કોઈ કોઈ વાર વચ્ચે પણ છે, પરંતુ મોટે ભાગે એ અવતરણરૂપ છે.

ઉલ્લેખ—**સિદ્ધહેમચન્દ્ર** (૨—૨—૮૭)ની સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિ (પૃ. ૧૫૭)મા " साध्वी खल्वनेकान्तजयपताकायाः कृतिराचार्यहरिभद्रस्याचार्यहरिभद्रेण वा " એવો ઉલ્લેખ છે.

વ્યાખ્યા ઇત્યાદિ—અ.જ.પ. ઉપર હરિભદ્રસૂરિએ જે સંસ્કૃતમા વ્યાખ્યા રચી છે તેને **અનેકાન્તજયપતાકોદ્દ્યોતદીપિકા**

તરીકે એ ઉપરના મુનિચન્દ્રસૂરિકૃત **વિવરણની–વૃત્તિટિપ્પણકની** પુષ્પિકામા ઓળખાવાઈ છે.[૧] ૮૨૫૦ શ્લોક જેવડી આ વ્યાખ્યામાં વચ્ચેવચ્ચે કેટલીક વાર પદ્યો છે અને એ તો મોટે ભાગે અવતરણો છે એટલે એકંદર રીતે વિચારતા આ વ્યાખ્યા મુખ્યતયા ગદ્યમા છે. આ વ્યાખ્યા મૂળને વિશદ બનાવે છે એમા [૨]કેટલાક શબ્દોની વ્યુત્પત્તિ દર્શાવાઈ છે. વ્યાખ્યામા ડોગર, દિક્કરિકા અને લોટ્ટક એવા 'દેસિય' (દેશ્ય) શબ્દો છે [૩]

ગ્રંથકારે આ વ્યાખ્યામા મૂળ કૃતિને [૪]'સૂત્ર' તરીકે અને એના પ્રણેતાને–પોતાને [૫]'આચાર્ય' તરીકે ઓળખાવેલ છે.

પ્રયોજનાદિત્રય—અ.જ.પ.ની સ્વોપજ્ઞ [૬]વ્યાખ્યામા 'આદિ વાક્ય'થી [૭]પ્રયોજન, અભિધેય અને સંબંધનું પ્રતિપાદન કરાયું છે. આ પ્રથા હરિભદ્રસૂરિએ **તત્ત્વાર્થસૂત્ર**ની ટીકા (પૃ. ૧૧)મા, **યોગદૃષ્ટિસમુચ્ચય** (શ્લો. ૧)ની સ્વોપજ્ઞ વૃત્તિમા તેમ જ **શા.વા.સ.** (કા. ૧)મા પણ અપનાવી છે. [૮]**વાચસ્પતિ**, [૯]**અનંતવીર્ય**, [૧૦]**પ્રભાચન્દ્ર** અને વાદી [૧૧]**દેવસૂરિ**ને આ મત માન્ય છે.

---

૧ જુઓ **અ.જ.પ.** (ખંડ ૨, પૃ ૨૩૮)

૨ એજન (ખંડ ૨)નો ઉપોદ્ઘાત (પૃ. ૨૦)

૩ જુઓ ઉપર્યુક્ત ઉપોદ્ઘાત (પૃ ૨૧).

૪ જુઓ **અ.જ.પ.** (ખંડ ૧, પૃ ૧૬૩)

૫ એજન (ખંડ ૧, પૃ ૨ અને ખંડ ૨, પૃ ૨૬ તથા ૯૮).

૬ **અ.જ.પ.** (ખંડ ૧, પૃ. ૩)માં 'प्रयोजनादि' ઉલ્લેખ છે.

૭ જુઓ **અ.જ.પ.** (ખંડ ૨, પૃ. ૨૪૭)માનુ મારુ અંગ્રેજી ટિપ્પણ.

૮–૧૧ આ સંબંધમાં જુઓ એ પ્રત્યેક ગ્રંથકારની તે તે કૃતિ

અતિદેશ—અ.જ.પ.ની સ્વોપજ્ઞ વ્યાખ્યામા [1]અનેકાન્ત-સિદ્ધિ, [2]આત્મસિદ્ધિ, [3]સર્વજ્ઞસિદ્ધિ અને એની [4]ટીકા તેમ જ [5]સ્યાદ્વાદકુચોદ્યપરિહારનો નિર્દેશ છે. સર્વજ્ઞસિદ્ધિમાં ભાવના-સિદ્ધિનો નિર્દેશ છે. એ હિસાબે આ તમામ અતિદિષ્ટ કૃતિઓ કરતાં વ્યાખ્યા પછીથી રચાઈ છે એમ અનુમનાય. લલિતવિસ્તરા (પત્ર ૭૫અ)મા 'અન્યત્ર' દ્વારા અ.જ.પ.નું સૂચન છે એમ એની પંજિકામા મુનિચન્દ્રસૂરિએ કહ્યું છે.

વિવરણ યાને વૃત્તિ-ટિપ્પણક—અ.જ.પ. અને એની સ્વોપજ્ઞ વ્યાખ્યાને ઉદ્દેશીને વાદી દેવસૂરિના ગુરુ મુનિચન્દ્રસૂરિએ સંસ્કૃતમાં બે હજાર શ્લોક જેવડું વિવરણ યાને વૃત્તિ-ટિપ્પણક રચ્યું છે. આ ટિપ્પણક એટલે કંઈ વ્યાખ્યાના દરેક અંશનું વિશદીકરણ એમ નહિ; એ તો વ્યાખ્યાના ઘણાંખરાં દુર્બોધ સ્થળો ઉપર પ્રકાશ પાડે છે, કેમકે કેટલીક વાર ટિપ્પણકકાર સંપ્રદાયનો અભાવ હોવાથી સ્પષ્ટી-કરણ શક્ય નથી એમ કહે છે.

ટિપ્પણકમાં કેટલાક ન્યાયોનો પણ નિર્દેશ છે. [6]એમાં 'દાસી-ગર્દભ' ન્યાયનો જે ઉલ્લેખ છે તે નોંધપાત્ર છે. ટિપ્પણકમાં મૂળ લેખકને [7]સૂત્રકાર અને વ્યાખ્યાને [8]વૃત્તિ કહેલ છે. આને લઈને

---

૧ જુઓ અ.જ.પ. (ખંડ ૧, પૃ. ૨૬૩).

૨ એજન (ખંડ ૨, પૃ. ૨૧૮).

૩ એજન (ખંડ ૨, પૃ. ૪૯).

૪ એજન (ખંડ ૧, પૃ. ૬ અને ૧૧૬)

૫ એજન (ખંડ ૧, પૃ. ૨૯૬).

૬ એજન (ખંડ ૨, પૃ. ૧૭૮)

૭ એજન (ખંડ ૧, પૃ. ૩૮).

૮ એજન (ખંડ ૧, પૃ. ૫).

કેટલીક અન્ય કોઈ કારણસર **અનેકાન્તજયપતાકોદ્દ્યોતદીપિકાને** સુમતિગણિએ ‘ અનેકાન્તજયપતાકાવૃત્તિ ’ તરીકે ઓળખાવી છે.

આ ટિપ્પણક વિ. સં. ૧૧૭૧મા રચાયુ છે એમ **જૈ.સા.સં.ઇ.** (પૃ. ૨૪૨)મા ઉલ્લેખ છે પરંતુ એ માટેનો આધાર જાણવો બાકી રહે છે. **જિ.ર.કો.** (વિ. ૧, પૃ ૯)મા આ ટિપ્પણકની વિ. સં. ૧૧૭૧મા લખાયેલી એક હાથપોથીની નોધ છે

(૧૦૧) ભાવાર્થમાત્રાવેદિની

અ.જ.પ.ની આ સંસ્કૃત વૃત્તિ છે. ઉપર્યુક્ત વ્યાખ્યાના અંતમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે :—

“ टीकाऽप्येषाऽवचूर्णिका भावार्थमात्रावेदिनी नाम, तस्यैवेति ”

આનો અર્થ બરાબર સમજાયો નથી. શુ સ્વોપજ્ઞ વ્યાખ્યાને જ ‘ ભાવાર્થમાત્રાવેદિની ’ નામની કહી છે કે એ અર્થસૂચક અવચૂર્ણિ છે ?

ભાં. પ્રા. સં. મં મા **અ.જ.પ.**ની અવચૂર્ણિની ૪૧ પત્રની એક અશુદ્ધ હાથપોથી છે. શુ આ કર્તાની પોતાની રચના છે ? લખાણ સામાન્ય કોટિનુ અને તે પણ કેટલેક સ્થળે અસંગત જણાય છે એટલે આવો પ્રશ્ન ઊઠે છે.

(૬) અનેકાન્તપ્રઘટ્ટ

આ કૃતિ વિષે કશુ ખાસ જાણવામા નથી; સિવાય કે મ. કિ. મહેતાએ અને એમના પછીના કેટલાક લેખકોએ એનો ઉલ્લેખ કર્યો છે.

(૭–૮) [1]અનેકાન્તવાદપ્રવેશ

આ ગદ્યાત્મક કૃતિ સંસ્કૃતમા છે. એનો ગ્રંથાગ્ર ૭૨૦ શ્લોકનો છે. એમા મુખ્યત્વે નીચે મુજબના પાચ વિષયોનુ નિરૂપણ છે :—

---

૧ આ કૃતિ છપાયેલી છે. જુઓ પૃ. ૬૧, ટિ. ૨

(૧) સદસત્ત્વવાદ, (૨) નિત્યાનિત્યત્વવાદ, (૩) સામાન્ય-વિશેષત્વવાદ, (૪) અભિલાપ્યાનભિલાપ્યવાદ અને (૫) મોક્ષવાદ.

પ્રારંભમા અજૈનોના આ વિષયોને અંગેના વિચારો રજૂ કરાયા છે. એનું ખંડન આ કૃતિનો મોટો ભાગ રોકે છે.

અ.જ.પ. જેવા દુર્ગમ મનાતા ગ્રંથનું સાધારણ બુદ્ધિ ધરાવનારી વ્યક્તિ સુગમતાથી અધ્યયન કરી શકે એ આશયથી આ કૃતિ રચાઈ લાગે છે. આ કૃતિ **અ.જ.પ.**ના સંક્ષેપરૂપ જણાય છે. એમાં 'યોગાચાર'નો અધિકાર નથી કે જે **અ.જ.પ.**મા છે. **અ.જ.પ.**ના વિવિધ શબ્દો કેટલી યે વાર આ **અનેકાન્તવાદપ્રવેશ**મા નજરે પડે છે. આનો અન્ય રીતે પણ વિચાર થઈ શકે. અનેકાન્તવાદ જેવા મહત્ત્વના વિષયનો પ્રાથમિક અભ્યાસ કરવા માટેની પ્રવેશિકા તે **અનેકાન્તવાદપ્રવેશ** છે. એનો અભ્યાસ કરાયા બાદ **અ.જ.પ.**નું અધ્યયન સરળ બને.

ષડ્દર્શનસમુચ્ચય (શ્લો. ૫૮)ની ટીકા નામે **તર્કરહસ્ય-દીપિકા** (પત્ર ૧૦૭અ)મા ગુણરત્નસૂરિએ જે **અનેકાન્તપ્રવેશ**નો ઉલ્લેખ કર્યો છે તે જ આ **અનેકાન્તવાદપ્રવેશ** હોવો જોઈએ અને છે એમ ભાસે છે. આને જ કેટલાક **અનેકાન્તવાદપ્રવેશક** કહે છે. આ નામ દિઙ્નાગકૃત **ન્યાયપ્રવેશક**નુ સ્મરણ કરાવે છે

ટિપ્પણક—અનેકાન્તવાદપ્રવેશ ઉપર કોઇકનુ સંસ્કૃતમા ટિપ્પણક છે અને એ [1]મુદ્રિત છે.

ભાષાંતર—અનેકાન્તવાદપ્રવેશનુ ગુજરાતી [2]ભાષાંતર સ્વ. **મણિલાલ** નભુભાઈ દ્વિવેદીએ ઇ. સ. ૧૮૯૮મા તૈયાર કર્યું હતું.

૧ જુઓ પૃ. ૬૧, ટિ ૨

૨ આ ભાષાંતર વડોદરાના કેળવણીખાતા તરફથી ઈ. સ. ૧૮૯૯મા છપાવાયું છે.

(૯) અનેકાન્તસિદ્ધિ

આ કૃતિ આજે કોઈ સ્થળે મળતી હોય એમ જણાતુ નથી.[૧] **અ.જ.પ.**ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (ખડ ૧, પૃ. ૨૬૩)માં આ વિષે ઉલ્લેખ છે એટલુ જ નહિ પણ નીચે મુજબની પંક્તિ એમાથી ઉદ્ધૃત કરાઈ છે :—

" नाचित्रात् स्वभावद्वयाच्चित्रद्वयभाव , भवन्नपि द्वयभावोऽचित्रादेकस्वभावतया तुल्य एव स्यात् "

આ ઉપરથી બે બાબત ફલિત થાય છે :—

(૧) **અનેકાન્તસિદ્ધિ**ની રચના સંસ્કૃતમા હોય એમ ભાસે છે.

(૨) **અનેકાન્તસિદ્ધિ** એ નામ વિચારતા એમાં અનેકાન્તવાદની સિદ્ધિ કરાઈ હશે એમ લાગે છે. જો એમ જ હોય તો અનેકાન્તવાદને અંગેની આ ત્રીજી કૃતિ હરિભદ્રસૂરિએ રચી આ જૈનોના પ્રાણભૂત સિદ્ધાન્તનું સમર્થન અને પ્રકાશન કરેલ છે એમ કહી શકાય.

જેમ આ કૃતિના અંતમાં ' સિદ્ધિ ' શબ્દ છે તેમ હારિભદ્રીય ગણાતી અન્ય કૃતિઓમા પણ છે. જેમકે **આત્મસિદ્ધિ, પરલોકસિદ્ધિ, ભાવનાસિદ્ધિ** અને **સર્વજ્ઞસિદ્ધિ.** આ નામો **ત. સૂ.**ની ઉપર દેવનંદિએ યાને પૂજ્યપાદે રચેલી ટીકા નામે **સર્વાર્થસિદ્ધિ** વગેરેનુ સ્મરણ કરાવે છે.

(૧૦–૧૧) અર્હચ્છ્રીચૂડામણિ

ધનપાલે **અર્હચ્ચૂડામણિ**ના આધારે **ભોજ** રાજાને ઉત્તર આપ્યો

---

૧ **જિ.ર.કો.** (વિ ૧)મા કોઈ કોઈ અનુપલબ્ધ કૃતિની નોધ છે પરંતુ એમા આ કૃતિની નોધ નથી એમ કૃષ્ણમાચારિઅરે History of Classical Sanskrit Literatureમા જૈન તેમ જ અજૈન સસ્કૃત કૃતિઓ વિષે લખ્યુ છે. એમા હરિભદ્રસૂરિની એકે કૃતિ નોધાયેલી હોય એમ જણાતુ નથી.

હતો એવો ઉલ્લેખ મળે છે. શું તે જ કૃતિ તે આ છે? **અર્હચ્ચૂડામણિ** એ નામથી એક કૃતિની નોંધ **સુમતિગણિએ** લીધી છે. આ કૃતિ પાટણના ભંડારમા આજે પણ હયાત છે એમ **જૈનદર્શનને** અંગેના "મૂળ ગ્રંથકાર–શ્રીહરિભદ્રસૂરિ" (પૃ. ૧૦૦)મા ઉલ્લેખ છે પણ **જિ૦ ર૦ કો૦**મા તો આની નોંધ નથી. **અર્હચ્ચૂડામણિસાર** નામથી એક પાઇય કૃતિ પત્રાકારે પ્રકાશિત થઈ છે.[1] એ જ પ્રકાશન ઉપરથી ફરીથી આ કૃતિ **જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથો** નામના [2]પુસ્તકમા પાંચમા ગ્રંથ તરીકે પૃ. ૩૨૫–૩૩૬માં છપાઈ છે. એમાં ૭૩ પદ્યો છે. એમા અનેક અશુદ્ધિઓ જોવાય છે. એમ લાગે છે કે જાણે સંપાદક પાઇય ભાષાથી અપરિચિત હોય. આ સંપાદકે "સંપાદકીય નિવેદન" (પૃ ૨૦)માં ઉપર્યુક્ત પત્રાકાર પ્રકાશનને અંગે કહ્યું છે કે **અર્હચ્ચૂડામણિસાર** "ઘણી જ અશુદ્ધ રીતે" છપાવાયો છે. જો આ વાત ખરી હોય તો એ પત્રાકાર પ્રકાશનની શી કિંમત? મારી સામે તો આ બીજી વાર છપાયેલી જ કૃતિ છે. એના કર્તા તરીકે સંપાદકે **ભદ્રબાહુસ્વામીનો** ઉલ્લેખ કર્યો છે, પરંતુ એ માટે કોઈ આધાર આપ્યો નથી. વળી આ **ભદ્રબાહુસ્વામી** તે કોણ તે પણ કહ્યું નથી.

આ કૃતિનું પ્રથમ પદ્ય નીચે મુજબ અશુદ્ધ સ્વરૂપે છપાયું છે:—

---

૧ **જિ૰૨૰કો૰** (વિ. ૧)માં આની નોંધ નથી. આ કૃતિ સટીક વિ. સં. ૧૯૯૩મા "મહાવીર ગ્રંથમાલા"માં ધૂળિયાથી છપાવાઈ છે એના ઉપરથી એને **જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથોમા** સ્થાન અપાયુ છે.

૨ આ પુસ્તક શ્રી. **સારાભાઈ** મણિલાલ નવાબે ઈ. સ ૧૯૪૭મા પ્રસિદ્ધ કર્યું છે. એમાં નીચે મુજબની પાચ કૃતિઓ ગુજરાતી અનુવાદ સહિત અપાઈ છે:—

સામુદ્રિકતિલક, હસ્તસંજીવન, **સામુદ્રિકશાસ્ત્ર**, હસ્તકાંડ અને અર્હચ્ચૂડામણિસાર (પાઇયમા).

પ્રસ્તુત પુસ્તકમા વિસ્તૃત વિષયસૂચી અપાઈ છે

"नमिऊण जिणं सुरगणचूडामणिकिरणसोहियपयजुगलं ।
इय चूडामणिसारं कहिय मह नाणदीवक्खं ॥"

આ ઉપરથી એમ સમજાય છે કે ગ્રંથકાર **જ્ઞાનદીપ** નામનો **ચૂડામણિસાર** કહેવા ઇચ્છે છે. આનો અર્થ એ થયો કે [1]**ચૂડામણિ** એ કોઈ મોટી કૃતિ હોવી જોઈએ.

જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથોના આમુખ (પૃ. ૧૪–૧૫)માં કહ્યું છે કે શકસંવત્ ૧૦૦૦ કરતાં પહેલા થયેલા વસંતરાજે **વસંતરાજશકુન**મા અને શકસંવત્ ૯૬૪મા લખાયેલા **રાજમૃગાંક**મા **ચૂડામણિ**નો ઉલ્લેખ છે શકસંવત્ ૧૦૯૭માં લખાયેલા **નરપતિ(જયચર્યા)**મા **વસંતરાજ(શકુન)** અને **ચૂડામણિ** એ બંનેનો ઉલ્લેખ છે.

પાર્શ્વચન્દ્રકૃત **હસ્તકાંડ**નો વિષય તે **અર્હચ્ચૂડામણિસાર**નો વિષય છે અને એ વિષયનો વિસ્તૃત ગ્રંથ તે **ચંદ્રોન્મીલન** છે એમ "સંપાદકીય નિવેદન" (પૃ. ૮)મા ઉલ્લેખ છે. વિશેષમાં અહીં એમ કહેવાયું છે કે વાચક **મેઘવિજયકૃત "હસ્તસંજીવન**મા **ચૂડામણિ**ની પદ્ધતિનો ઉલ્લેખ છે."

અર્હચ્ચૂડામણિસારનો ગુજરાતી અનુવાદ છપાયો છે.[2]

(૧૨) [3]અષ્ટક-પ્રકરણ

પદ્યની સંખ્યા–જેમ **ઋગ્વેદ**માં આઠ અષ્ટકો છે અને **તૈત્તિરીય** બ્રાહ્મણમા ત્રણ છે તેમ આ 'વિરહ'થી અંકિત સંસ્કૃત કૃતિ બત્રીસ

---

૧ આ સંબંધમા જુઓ **જૈ.સં.સા.ઈ.** (પૃ. ૨૧૫, ૨૨૦ અને ૨૨૧) તેમ જ **પા. ભા. સા.** (પૃ ૧૭૧–૧૭૨).

૨ જુઓ પૃ. ૭૦, ટિ. ૨.

૩ **ભીમસી માણેકે હીરાલાલ હંસરાજના** મૂળ તેમ જ **જિનેશ્વરસૂરિ**કૃત ટીકાના ગુજરાતી સારાંશ સહિત આ કૃતિ ઈ સ ૧૯૦૦મા મુંબઈથી પ્રસિદ્ધ કરી છે. **મનસુખભાઈ** ભગુભાઈએ **જિનેશ્વરસૂરિ**કૃત ટીકા સહિત મૂળ

અષ્ટકોના સમૂહરૂપ છે. છેલ્લા અષ્ટક સિવાયના બાકીના બધા અષ્ટકોમા આઠ આઠ પદ્યો છે; છેલ્લામા દસ છે. આમ આ કૃતિમાં એકંદર ૨૫૮ પદ્યો છે. આ કૃતિને 'અષ્ટક' પણ કહે છે. એનું પરિમાણ ૨૬૬ શ્લોકનું દર્શાવાયું છે.

જેમ આ કૃતિનુ નામ પદ્યની સંખ્યાને આભારી છે તેમ **પંચાસગ, વીસવીસિયા, સયગ** અને **ષોડશક**ને અંગે પણ કહી શકાય તેમ છે.

નામ—૩૨મા અષ્ટકના અંતિમ પદ્યમા કર્તાએ આ કૃતિને 'અષ્ટક નામનું પ્રકરણ' કહેલ છે. જિનેશ્વરસૂરિએ આ પ્રકરણ (શ્લો. ૨)ની ટીકાના પ્રારંભમા આ કૃતિનો 'અષ્ટક' તરીકે ઉલ્લેખ કર્યો છે.

વિ. સ. ૧૯૬૮મા અમદાવાદથી પ્રકાશિત કર્યું છે "જૈ. ધ. પ્ર. સ." તરફથી વિ. સં. ૧૯૬૮મા કેવળ મૂળ છપાવાયું છે. "આ. સ" દ્વારા ઇ. સ ૧૯૧૮માં યશોવિજયગણિકૃત **જ્ઞાનસાર**ની સાથે આ **અષ્ટકપ્રકરણ** પ્રસિદ્ધ કરાયું છે

મકનજી જૂઠાએ જે **ન્યાયાવતાર** ગુજરાતી અનુવાદ સહિત બહાર પાડચો છે તેમા 'વાદાષ્ટક' નામનુ બારમુ અષ્ટક ગુજરાતી અનુવાદ સહિત છપાવાયુ છે. આ 'વાદાષ્ટક' મારા ગુજરાતી ભાષાતર સહિત "ય. જૈ. ગ્ર." તરફથી ઇ સ ૧૯૩૨મા **આર્હતદર્શનદીપિકા** સહિત છપાયેલ **જૈનતત્ત્વપ્રદીપ**ના પૃ. ૧૯૦–૧૯૧મા પ્રસિદ્ધ કરાયુ છે. "શ્રીમહાવીર જૈન વિદ્યાલય" (મુબઈ) તરફથી ઇ. સ. ૧૯૪૧મા મૂળનો એકેક શ્લોક અને એની સાથે સાથે શ્રી. ખુશાલદાસ જગજીવને કરેલો ગુજરાતી અનુવાદ, મૂળ શ્લોકોની અકારાદિ ક્રમે સૂચી તેમ જ ગુજરાતી પ્રસ્તાવના સાથે પ્રસિદ્ધ કરાયેલ છે

"ઋ કે. શ્વે સસ્થા" તરફથી ઇ. સ ૧૯૩૦મા 'श्रीसस्कृतप्राचीनप्रकरणादिसमुच्चय" નામથી જે આઠ કૃતિઓ છપાવાઈ છે તેમાં આ ચોથી છે. બાકીની કૃતિ તે **તત્ત્વાર્થાધિગમસૂત્ર, તત્ત્વાર્થપરિશેષ, ન્યાયાવતાર, જ્ઞાનસાર, ષડ્દર્શનસમુચ્ચય** (રાજશેખરીય), **ષડ્દર્શનસમુચ્ચય** (હારિભદ્રીય) અને **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર** છે.

અષ્ટકોનાં નામ અને વિષય – અષ્ટકપ્રકરણની કોઈ કોઈ [1]હાથપોથીમાં બત્રીસે અષ્ટકોના નામ અપાયા નથી પરંતુ પહેલાં સોળ અષ્ટકોનાં જ નામ મળે છે. આ પ્રકરણની જિનેશ્વરસૂરિકૃત ટીકામાં તો બત્રીસેના નામ જોવાય છે એટલુ જ નહિ પણ ઉત્તરોત્તર ક્રમની સકારણતા પણ જાણવા મળે છે. એના આધારે દરેક અષ્ટકના અંતમાં જે 'અષ્ટક' શબ્દ છે તે ૨૮મા અષ્ટકના નામમા રાખી અને અન્યને બાજુએ રાખતા એ નામો નીચે પ્રમાણે અપાય:—

(૧) મહાદેવ, (૨) સ્નાન, (૩) પૂજા, (૪) અગ્નિકારિકા, (૫) ભિક્ષા, (૬) સર્વસપત્કરિ-ભિક્ષા, (૭) પ્રચ્છન્નભોજન, (૮) પ્રત્યાખ્યાન, (૯) જ્ઞાન, (૧૦) વૈરાગ્ય, (૧૧) તપસ્, (૧૨) વાદ, (૧૩) ધર્મવાદ, (૧૪) એકાતનિત્યપક્ષખંડન, (૧૫) એકાન્તાનિત્યપક્ષખંડન, (૧૬) નિત્યાનિત્યપક્ષમંડન, (૧૭) માસભક્ષણદૂષણ, (૧૮) માસભક્ષકમતદૂષણ, (૧૯) મદ્યપાનદૂષણ, (૨૦) મૈથુનદૂષણ, (૨૧) સૂક્ષ્મબુદ્ધચાશ્રયણ, (૨૨) ભાવશુદ્ધિવિચાર, (૨૩) શાસનમાલિન્યનિષેધ, (૨૪) પુણ્યાનુબંધિપુણ્ય, (૨૫) પુણ્યાનુબંધિપુણ્યપ્રધાનફલ, (૨૬) તીર્થકૃદ્દાનમહત્ત્વસિદ્ધિ, (૨૭) તીર્થકૃદ્દાનનિષ્ફલતાપરિહાર, (૨૮) [2]राज्यादिदानेऽपि तीर्थकृतो दोषाभावप्रतिपादनाष्टकम्, (૨૯) સામાયિકસ્વરૂપનિરૂપણ, (૩૦) કેવલજ્ઞાન, (૩૧) તીર્થકૃદ્દેશના અને (૩૨) મોક્ષસ્વરૂપનિરૂપણ.

મૂળની એક [3]હાથપોથીમા દેવ, દીક્ષા, પિંડ, યમ, આત્મનિત્યવાદ અને ક્ષણિકવાદ એ પ્રમાણે અષ્ટક ૧, ૪, ૬, ૧૩, ૧૪ અને ૧૫ના નામ જોવાય છે.

---

૧ જુઓ DCGCM (Vol. XVIII, pt I, p 198)

૨ રાજ્યાદિનુ દાન દેવા છતા તીર્થંકરને દોષ લાગતો નથી એ બાબત.

૩ જુઓ DCGCM (Vol. XVIII, pt I, p 198).

આ ઉપરથી **અષ્ટક-પ્રકરણ**માં વિષયોનુ વૈવિધ્ય છે એ વાત તરી આવે છે. એમા શ્રાવકોને તેમ જ શ્રમણોને ઉપયોગી બાબતોનું નિરૂપણ છે. વળી એમાં એકાત નિત્યવાદ, એકાત અનિત્યવાદ તેમ જ નિત્યાનિત્યવાદ વિષે દાર્શનિક ચર્ચાઓ છે અને આ હકીકત તો અષ્ટક ૧૪-૧૬નાં નામો પણ કહી આપે છે

આ ત્રણ અષ્ટકો સિવાયનાં અષ્ટકોનો વિચાર કરીશું તો જણાશે કે પ્રથમ અષ્ટકમાં રાગ, દ્વેષ અને મોહથી સર્વથા જે મુક્ત હોય તે 'મહાદેવ' કહેવાય એવી રીતે મહાદેવનું સ્વરૂપ વર્ણવાયુ છે. એમ લાગે છે કે આ અષ્ટક જોઈને 'કલિ૦' હેમચન્દ્રસૂરિએ ૪૪ પદ્યનું સંસ્કૃતમા [1]**મહાદેવસ્તોત્ર** રચ્યું છે અને એવી રીતે આગમોદ્ધારકે વિ. સં. ૧૯૮૪મા ૩૨ પદ્યમા **અષ્ટકબિન્દુ** રચ્યું છે.[2]

બીજા અષ્ટકમા દ્રવ્ય-સ્નાન (બાહ્ય સ્નાન) અને ભાવ-સ્નાન (આધ્યાત્મિક સ્નાન)નું નિરૂપણ છે.

ત્રીજા અષ્ટકમાં અષ્ટપુષ્પી પૂજાના બે પ્રકારો દર્શાવાયા છે. એમાં પાચ મહાવ્રતો, ગુરુભક્તિ, તપ અને જ્ઞાનને 'સત્પુષ્પ' યાને 'ભાવ-પુષ્પ' કહ્યાં છે

ચોથા અષ્ટકમા ભાવાગ્નિકારિકાનું વર્ણન છે. અહીં કર્મને ઇન્ધન, સદ્ભાવનાને આહુતિ અને ધર્મધ્યાનને અગ્નિ કહેલ છે. આના બીજા

---

૧ મૂળ કૃતિ, એના ગુજરાતી ભાષાતર તેમ જ મૂળના પ્રત્યેક સસ્કૃત પદ્યને લગતા ગુજરાતી પદ્યરૂપ ભાષાતર સહિત "શ્રીમાગરોળ જૈન સભા" તરફથી ઈ. સ ૧૯૦૬મા પ્રસિદ્ધ થઈ છે. વળી આ સ્તોત્ર **વીતરાગ-સ્તોત્ર** તથા આ બ નેના ગદ્યાત્મક તેમ જ પદ્યાત્મક ગુજરાતી અનુવાદો ઉપરાત કુમારપાલરચિત **જિનેન્દ્રસ્તોત્ર**ના અને **રત્નાકરપચવિંશતિકા**ના ગુજરાતી પદ્યાત્મક અનુવાદ સહિત **સાંકળચંદ** પિતાબરદાસ શાહ તરફથી ઇ. સ. ૧૯૨૩મા પ્રકાશિત થયેલું છે

૨ જુઓ **આગમોદ્ધારકની શ્રુતઉપાસના** (પૃ. ૧૯).

પદ્યમા **શિવધર્મોત્તર**નો ઉલ્લેખ છે અને ત્રીજા પદ્ય તરીકે એ કૃતિમાથી એક અવતરણ અપાયુ છે. છઠ્ઠુ પદ્ય **મહાભારત**ના વનપર્વ(અ. ૨)-માથી ઉદ્ધૃત કરાયું છે. એના કર્તા તરીકે મૂળમા 'મહાત્મા'નો અને જિનેશ્વરસૂરિકૃત ટીકા (પત્ર ૨૨આ)મા **વ્યાસ**નો ઉલ્લેખ છે આ સંબંધમાં જિનેશ્વરસૂરિએ એમ કહ્યું છે કે **વ્યાસ** મિથ્યાદષ્ટિ હોવા છતા એમને 'મહાત્મા' કહ્યા છે ને અન્યને સંમત બાબતનું અનુકરણ-માત્ર છે તેમ જ પોતાની મધ્યસ્થતાનુ એ દ્યોતક છે એટલે દુષ્ટ નથી.

પાચમા અષ્ટકમાં સર્વસંપત્કરી ભિક્ષા, પૌરુષઘ્ની ભિક્ષા અને વૃત્તિ–ભિક્ષા એમ ભિક્ષાના ત્રણ પ્રકારો સૂચવાયા છે, અને છઠ્ઠા અષ્ટકમા આના પ્રથમ પ્રકારનું નિરૂપણ છે.

'સર્વસંપત્કરી' માટેનો પાઇય શબ્દ 'સવ્વસંપકરી' છે અને એ **જોગસયગ** (ગા. ૮૧)માં વપરાયો છે.

સાતમા અષ્ટકમા સાધુઓએ શા માટે પ્રચ્છન્ન ભોજન કરવું તે વિચારાયું છે.

આઠમા અષ્ટકમા સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારના પ્રત્યા-ખ્યાનનો અધિકાર છે.

નવમા અષ્ટકમાં (૧) વિષયના પ્રતિભાસરૂપ, (૨) આત્માની પરિણતિથી યુક્ત અને (૩) તત્ત્વના સંવેદનરૂપ એમ જ્ઞાનના ત્રણ પ્રકારો વર્ણવાયા છે.

દસમા અષ્ટકમા (૧) આર્તધ્યાનપૂર્વકનુ, (૨) મોહગર્ભિત અને (૩) સદ્જ્ઞાનથી યુક્ત એમ ત્રણ પ્રકારના વૈરાગ્યનું વિવેચન છે

અગિયારમા અષ્ટકમા 'તપ દુઃખાત્મક છે' એ કુતર્કનું ખંડન છે. આ વિષય **અ.જ.પ.** (ખંડ ૨, પૃ. ૨૧૮–૨૧૯)મા વિચારાયો છે.

બારમા અષ્ટકમા વાદના (૧) શુષ્ક વાદ, (૨) વિવાદ અને (૩) ધર્મવાદનુ કથન છે અને તેરમા અષ્ટકમા ધર્મવાદનુ સ્વરૂપ આલેખાયુ છે.

'માસ પ્રાણીનુ' અંગ છે એ માટે માંસ ખવાય' એવા [1]અતિ-તાર્કિક (બૌદ્ધ)ના કથનનુ સત્તરમા અષ્ટકમા ખંડન છે.

ચૌદમાથી સોળમા અષ્ટકનો વિષય પૃ. ૭૪મા સૂચવાયો હોવાથી અહી એ દર્શાવાયો નથી.

અઢારમા અષ્ટકમા **મનુસ્મૃતિ** (અ. ૫.)ના શ્લો. ૫૬, ૫૫, ૨૭ અને ૩૫ (પૂર્વાર્ધમા ભિન્નતા છે) અનુક્રમે ૨, ૩, ૫ અને ૭ તરીકે રજૂ કરાયા છે. આ અષ્ટકમા 'માંસભક્ષણમા દોષ નથી' એ માન્યતાનુ નિરસન કરાયું છે.

ઓગણીસમા અષ્ટકમાં મદિરાપાનના દૂષણ સમજાવતી વેળા કોઈ એક ઋષિની પૌરાણિક માન્યતા મુજબની કથા અપાઈ છે.

વીસમા અષ્ટકમા 'અબ્રહ્મચર્યમાં દોષ નથી' એ કથનનો પ્રતિકાર કરાયો છે.

એકવીસમા અષ્ટકમા 'ધર્મનો વિચાર સૂક્ષ્મ બુદ્ધિએ કરવો' એમ કહ્યુ છે.

બાવીસમા અષ્ટકમા ભાવની શુદ્ધિ કોની ગણાય એ વાત વિચારાઈ છે.

ત્રેવીસમા અષ્ટકમા શાસનની અવનતિ કરનારને અને એની પ્રભાવના કરનારને શુ શુ ફળ મળે એ બાબત આલેખાઈ છે.

ચોવીસમા અષ્ટકમા પુણ્યાનુબંધી પુણ્યનો અધિકાર છે. એમાં પુણ્યાનુબંધી પાપ, પાપાનુબંધી પાપ અને પાપાનુબંધી પુણ્યનો પણ વિચાર કરાયો છે.

પચ્ચીસમા અષ્ટકમા પુણ્યાનુબંધી પુણ્યનુ ફળ દર્શાવાયુ છે અને મહાવીરસ્વામીના જીવનમાથી એમણે લીધેલા અભિગ્રહની હકીકત અપાઈ છે.

---

૧ આ ઉપહાસનું વચન છે.

છવ્વીસમા અષ્ટકમાં 'બોધિસત્ત્વનું અપરિમિત દાન મહાદાન કહેવાય કે તીર્થંકરનું ?' એ વિષય ચર્ચાયો છે.

સત્તાવીસમા અષ્ટકમા 'દાન એ ધર્મનું અંગ છે' અને અપવાદરૂપે સાધુઓ પણ દાન દઈ શકે એના ઉદાહરણરૂપે **મહાવીરસ્વામીએ** દેવ-દૂષ્યનુ બ્રાહ્મણને દાન કર્યું હતું એ બાબત દર્શાવાઈ છે.

અઠ્ઠાવીસમા અષ્ટકમા 'રાજ્ય એ પાપનુ કારણ છે વાસ્તે એનુ દાન ન દેવું' એ વાતનો પ્રતિષેધ કરાયો છે. તેમ કરતી વેળા લગ્ન અને શિલ્પનુ નિરૂપણ એ 'તીર્થંકર'-નામકર્મનો વિપાક છે એમ કહ્યુ છે.

ઓગણત્રીસમા અષ્ટકમા પ્રથમ પદ્યમા મહાત્માઓને [1] 'વાસી-ચંદન'ની ઉપમા અપાઈ છે. એમના શરીરને કોઈ વાસલા વડે છેદે કે કોઈ એ શરીર ઉપર ચંદનનો લેપ કરે તો પણ એઓ સમદર્શિતા સાચવી રાખે.

ત્રીસમા અષ્ટકમા કેવલજ્ઞાનનું સ્વરૂપ, એ મેળવવાના ઉપાય અને આત્મામાં જ કેવલજ્ઞાન છે, નહિ કે બહાર એ બાબતો વિચારાઈ છે

---

૧ આ વિશેષણ માટે જુઓ મારો લેખ "વાસીચન્દણકપ્પ". આ લેખ "જૈન" (પર્યુષણાંક; વ ૪૬, અ ૩૫)મા વિ સ. ૨૦૦૩મા (તા ૧૧-૯-'૪૭)મા છપાયો છે. 'વાસીચન્દણકપ્પ'નો ભાવાર્થ **મહાભારત** (આદિપર્વ અ ૧૧૦, શ્લો ૧૪ તેમ જ શાન્તિપર્વ અ ૯, શ્લો ૨૫)નુ સ્મરણ કરાવે છે આ બંને સ્થળે તેમ જ **અહિર્બુધ્ન્યસંહિતા** (૧૫, ૬૫)મા પણ નિમ્નલિખિત શ્લોકાર્ધ જોવાય છે —

"वास्यैक तक्षतो बाहु चन्दनेनैकमुक्षत "

ડો. એસ કે **બેલ્વલકરે** શાન્તિપર્વના સંપાદન (પૃ. ૬૪૦)માં **મિલિન્દ-પઞ્હ** (૯, ૨૫; Treckner, p 383)માથી નીચે મુજબનુ ટિપ્પણ રજૂ કર્યું છે એમ ડો એ ડી **પુસલકર** તરફથી જાણવા મળ્યુ છે —

"एक चे बाह वासिया तच्छेय्य कुपितमनसा ।
एक चे बाहं गन्धेन आलिम्पेय्य पमोदिता ।
अमुस्मिं पटिघो नत्थि रागो अस्मिं न विज्जति ।
पठवी समचित्ता ते तादिसा समणा मम ॥"

એકત્રીસમા અષ્ટકમા 'તીર્થંકર'-નામકર્મના ઉદયને લઈ ને તીર્થંકર દેશના દે છે એમ કહ્યું છે. બીજા પદ્યમા 'વરબોધિ'નો ઉલ્લેખ છે.

બત્રીસમા અષ્ટકમાં મોક્ષનુ સ્વરૂપ વર્ણવાયુ છે અને ત્યા 'ભોગ ભોગવવાના નથી એટલે સુખ નથી' એ દલીલનું ખંડન કરાયું છે

આ ઉપરથી જોઈ શકાશે કે આ **અષ્ટકપ્રકરણ** જૈન આચાર-વિચાર ઉપર પ્રબળ પ્રકાશ પાડે છે, અને એ પ્રાથમિક પાઠ્ય-પુસ્તકની ગરજ સારે તેમ છે. સમ્યક્ત્વની ઉત્પત્તિ દર્શાવનારું એ સરસ સાધન છે. આધુનિક યુગમાં કેટલાક સંઘાડાઓમા આ **અષ્ટકપ્રકરણ**નુ સવિશેષ પઠન-પાઠન કરાતું જોવાય છે.

ઉદ્ધરણ—આપણે જોઈ ગયા તેમ **મહાભારત, મનુસ્મૃતિ** અને **શિવધર્મોત્તર** એ કૃતિઓમાથી પદ્યો ઉદ્ધૃત કરી આ **અષ્ટકપ્રકરણ**માં તેને સ્થાન અપાયું છે. એવી રીતે 'ધર્મવાદ' નામના તેરમા અષ્ટકમાં પાચમા પદ્ય તરીકે **ન્યાયાવતાર**નો બીજો શ્લોક ગૂંથી લેવાયો છે અને એના ચોથા પદ્યમાં આ **ન્યાયાવતાર**ના કર્તા તરીકે 'મહામતિ'-નો ઉલ્લેખ છે. **જિનેશ્વરસૂરિએ** આની વૃત્તિમા આ 'મહામતિ' એટલે **સિદ્ધસેન** દિવાકર એમ કહ્યું છે.

જેમ **લલિતવિસ્તરા** (પત્ર ૨૦આ)મા અને **ત૦ સૂ૦** (સંબંધ-કારિકા ૧૧)ની હારિભદ્રીય ટીકા (પત્ર ૭)મા 'વરબોધિ'નો ઉલ્લેખ છે તેમ આ **અષ્ટકપ્રકરણ** (અ. ૩૧, શ્લો. ૨)માં પણ છે.

મહત્ત્વ—આ **અષ્ટકપ્રકરણ**નું મહત્ત્વ ઘણુ છે. વીસમા અષ્ટકના શ્લો. ૭–૮ **સૂયગડ** (૧, ૩, ૪)ની ટીકામાં **શીલાંકસૂરિએ**, દસમા અષ્ટકના શ્લો. ૧–૭ **અ.જ.પ.** અને એની સ્વોપજ્ઞ વ્યાખ્યા ઉપરના પોતાના **ટિપ્પણક** (ખંડ ૨, પૃ. ૨૩૭)મા **મુનિચન્દ્રસૂરિએ** અને અ. ૧૨, શ્લો. ૪ **અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા** (શ્લો. ૧૦)ની ટીકા નામે **સ્યાદ્વાદમંજરી**માં **મલ્લિષેણે** ઉદ્ધૃત કર્યાં છે. આમ આ કૃતિ મોડામા મોડી નવમા સૈકાથી તો આદરપાત્ર બની જ છે.

વિવરણો – વિ સં. ૧૦૮૦ પૂર્વે **અષ્ટકપ્રકરણ** ઉપર કોઈક [1]ટીકા રચી હતી. આ બાબત **જિનેશ્વરસૂરિએ** વિ સં. ૧૦૮૦માં **અષ્ટકપ્રકરણ** ઉપર–એના 'તપોઽષ્ટક' નામના અષ્ટક ઉપર [2]ટીકા રચતા જે નીચે મુજબનો ઉલ્લેખ પત્ર ૪૯આમા કર્યો છે તે ઉપરથી ફલિત થાય છે:—

"अन्ये त्विदमष्टकमेवं व्याचक्षते"

જિનેશ્વરસૂરિએ ટીકામા જે પાઇયં અવતરણો આપ્યાં છે તેનુ પ્રતિસંસ્કૃત યાને સંસ્કૃત રૂપાતર અર્થાત્ છાયા નવાંગવૃત્તિકાર **અભય-દેવસૂરિએ** તૈયાર કરેલ છે.

અનુકરણ–ન્યાયાચાર્ય **યશોવિજયગણિએ** જે બત્રીસ અષ્ટકોના સમૂહરૂપે [3]**જ્ઞાનસાર** યાને **અષ્ટકપ્રકરણ** કિંવા **અષ્ટકદ્વાત્રિંશત્** રચેલ છે તે આ **હારિભદ્રીય અષ્ટકપ્રકરણ**ના અનુકરણરૂપ છે અને એ દ્વારા પ્રેરણા પામી યોજાયેલ છે એમ લાગે છે. **જ્ઞાનસાર**નાં બત્રીસ અષ્ટકોનાં નામ એના અંતમા આવતા 'અષ્ટક' શબ્દને બાજુએ રાખતા નીચે પ્રમાણે રજૂ થઈ શકે:—

(૧) પૂર્ણ, (૨) મગ્ન, (૩) સ્થિરતા, (૪) મોહ, (૫) જ્ઞાન, (૬) શમ, (૭) ઇન્દ્રિયજય, (૮) ત્યાગ, (૯) ક્રિયા, (૧૦) તૃપ્તિ, (૧૧) નિર્લેપ, (૧૨) નિઃસ્પૃહ, (૧૩) મૌન, (૧૪) વિદ્યા, (૧૫) વિવેક, (૧૬) માધ્યસ્થ્ય, (૧૭) નિર્ભય, (૧૮) અનાત્મ-શંસા, (૧૯) તત્ત્વદૃષ્ટિ, (૨૦) સર્વસમૃદ્ધિ, (૨૧) કર્મવિપાક-ચિન્તન, (૨૨) ભવોદ્વેગ, (૨૩) લોકસંજ્ઞાત્યાગ, (૨૪) શાસ્ત્ર,

---

૧ આ ટીકા હજી સુધી તો મળી આવ્યાનું જાણવામા નથી.

૨ આ મુદ્રિત છે જુઓ પૃ. ૭૧, ટિ. ૩.

૩ આ મુદ્રિત કૃતિનો પરિચય મેં **યશોદોહન**મા આપ્યો છે.

(૨૫) પરિગ્રહ, (૨૬) અનુભવ, (૨૭) યોગ, (૨૮) નિયાગ, (૨૯) ભાવપૂજા, (૩૦) ધ્યાન, (૩૧) તપસ્ અને (૩૨) સર્વ-નયાશ્રયણ.

વ્યાખ્યાને– **અષ્ટકપ્રકરણ**ને અનુલક્ષીને આગમોદ્ધારકે એકંદર ૫૫ વ્યાખ્યાને આપ્યાં છે. એ લિપિબદ્ધ કરાયાં છે ખરાં પણ એ બધા છપાયાં નથી;[1] દસ જ છપાયાં છે.[2]

ભાષાન્તર (અનુવાદ)—હીરાલાલ હંસરાજે મૂળ કૃતિનું ભાષાંતર અને સાથે સાથે જિનેશ્વરસૂરિકૃત ટીકાને સારાંશ જે ગુજરાતીમાં તૈયાર કરેલ હતો તે છપાવાયો છે.[3]

'વાદાષ્ટક'નું ગુજરાતી ભાષાંતર છપાયું છે.[4] **આર્હતદર્શન-દીપિકા** (પૃ. ૧૯૦)માં આ 'વાદાષ્ટક' અને એનાં પૃ. ૧૯૦-૧૯૧મા આનો મારો ગુજરાતી અનુવાદ અપાયો છે. ૩૨ અષ્ટકોનો વારાફરતી એકેક શ્લોક લઈ એનો શ્રી ખુશાલદાસ જગજીવને ગુજરાતીમાં અનુવાદ કર્યો છે.[5]

(૧૩) આત્મસિદ્ધિ

આ કૃતિ ઉપલબ્ધ નથી.[6] વળી એમાથી કોઈ કૃતિમા અવતરણ

---

૧ જુઓ **આ. શ્રુ.** (પૃ. ૧૨૪ અને ૧૨૦).

૨ આઠમા "પ્રત્યાખ્યાનાષ્ટક'ના આદ્ય પદ્યને ઉદ્દેશીને આગમો-દ્ધારકે ગુજરાતીમા જે દસ વ્યાખ્યાને આપ્યાં હતાં તે "જ્ઞાનના ઝરણા"ના નામથી "શ્રીમીઠાભાઈ કલ્યાણચંદ જૈન પેઢી" તરફથી કપડવંજથી વિ સં. ૨૦૧૪મા છપાવાયાં છે

૩ જુઓ પૃ. ૭૧, ટિ. ૩.

૪ જુઓ પૃ. ૭૧, ટિ. ૩.

૫ આ અનુવાદ છપાયો છે. જુઓ પૃ. ૭૧, ટિ ૩.

૬ **જિ.ર.કો** માં આની નોંધ નથી.

અપાયાનુ પણ જોયુ કે સાભળ્યુ નથી. આ કૃતિનો ઉલ્લેખ **અ.જ.પ.** (ખંડ ૨)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૨૧૮)મા છે. આ ઉપરથી આ કૃતિ આ વ્યાખ્યા કરતા પહેલી રચાઈ છે એ વાત ફલિત થાય છે.

આત્માની સિદ્ધિનો વિષય **ધમ્મસંગહણી**માં વિસ્તારથી તેમ જ એનુ લક્ષણ વગેરે બાબત **દંસણસુદ્ધિ** (ગા ૫૯–૬૩)મા પણ ચર્ચાયેલ છે.

(૧૪ અને ૧૬૨) આત્માનુશાસન

સુમતિગણિએ **સંસ્કૃતાત્માનુશાસન** એ નામથી જે કૃતિ નોંધી છે તેને જ હુ અહી **આત્માનુશાસન** તરીકે ઓળખાવુ છુ. 'આત્માનુશાસન' તેમ જ '**અપ્પાણુસાસણ**' નામની જે વિવિધ કૃતિઓ જોવાય છે તે પૈકી એકેમા એના કર્તા તરીકે હરિભદ્રસૂરિનો ઉલ્લેખ નથી.

સમાનનામક કૃતિઓ—સંસ્કૃતમા નીચે મુજબની **આત્માનુશાસન** નામની કૃતિઓ રચાઈ છે :—

૧ દિગબર **જિનસેન**ના શિષ્ય **ગુણભદ્રે** વિ સ. ૯૩૫ની આસપાસમા ૨૭૦ શ્લોકમા **આત્માનુશાસન** નામની કૃતિ રચી છે.[૧] એના ઉપર **પ્રભાચન્દ્ર**ની ટીકા છે અને મૂળનો અગ્રેજી અનુવાદ થયેલો છે[૨]

૨. **પાર્શ્વનાગે** વિ સં ૧૦૪૨મા કે ૧૦૫૨મા પ્રાયઃ ૭૭

૧ આ મૂળ કૃતિ "સનાતન જૈન ગ્રથમાલા"મા ગ્રથાક ૧ તરીકે છપાઈ છે

૨ Sacred Books of the Jainasમા સસ્કૃત ટીકા તેમ જ જગમદરલાલ જૈનના અંગ્રેજી અનુવાદ સહિત મૂળ કૃતિ ઈ સ ૧૯૨૮મા પ્રકાશિત કરાઈ છે

પદ્યોમા [1]**આત્માનુશાસન** રચ્યુ છે. એનો [2]હિંદીમા તેમ જ ગુજરાતીમા અનુવાદ થયેલ છે.[3]

3. એક અજ્ઞાતકર્તૃક **આત્માનુશાસન** છે. એના ઉપર સંસ્કૃતમા ટીકા છે.

ભાંડારિક **નેમિચન્દ્રે** જ.મ.મા ૧૬૧ પદ્યોમાં **અપ્પાણુસાસણ** (આત્માનુશાસન)ની રચના કરી છે. જુઓ DCGCM (Vol XVIII, pt. I, pp. 246-247).

રત્નસિંહસૂરિએ ૨૫ પદ્યોમા સંસ્કૃતમા **આત્માનુશાસ્તિકુલક** રચ્યુ છે.

કોઈ કે **આત્માનુશાસનાદિકુલક** રચ્યું છે.

રત્નસિંહસૂરિએ જ.મ મા ૫૬ પદ્યમાં **અપ્પાણુસાસણકુલય** (આત્માનુશાસનકુલક) રચ્યુ છે.

આ વિચારતા એમ લાગે છે કે જો હરિભદ્રસૂરિએ સંસ્કૃતમા **આત્માનુશાસન** રચ્યું જ હોય તો એ નામની કૃતિ રચનારા જૈનોમા એઓ પ્રથમ છે.

(૧૯) ઉપદેશપ્રકરણ

આ **ઉવએસપય** નામની જ કૃતિ હશે એમ ભાસે છે.

---

૧ આ કૃતિ ગુજરાતી અનુવાદ સહિત **આચારાંગના** વ્યાખ્યાનોના પરિશિષ્ટ તરીકે "જૈ૦ પુ૦ પ્ર૦ સ૦" તરફથી સુરતથી વિ. સ ૨૦૦૬મા પ્રસિદ્ધ કરાઈ છે.

૨ આ હિન્દી અનુવાદ સહિત મૂળ કૃતિ **સેતાબચંદ** નાહરે કલકત્તાથી વિ સ ૧૯૩૧મા પ્રસિદ્ધ કરી છે વિશેષ માટે જુઓ DCGCM (Vol. XVIII, pt. I, pp. 243-246)

૩ આને અંગે કેટલીક બાબતો મે **શ્રીઆચારાંગસૂત્ર** (અ. ૪)-ના મારા "અગ્રવચન" (પૃ ૬–૭)મા આપી છે

(૨૦ અને ૧૮) [1]ઉવએસપય [ઉપદેશપદ]

આ કૃતિ જ.મ મા ૧૦૩૯ પદ્યો (ગાથા)મા 'આર્યા' છંદમા રચાયેલી છે એનું પરિમાણ ૧૧૫૦ શ્લોક જેવડું છે. એના કોઈ વિભાગો પડાયા નથી. આ ધર્મકથાનુયોગને અંગેની કૃતિમા મુખ્યતયા આત્માની ઉન્નતિ કરવામા સહાયક એવો ઉપદેશ અપાયો છે. એમાં મનુષ્ય-ભવની દુર્લભતા [2]દસ સુપ્રસિદ્ધ દૃષ્ટાંતો દ્વારા દર્શાવાઈ છે.

---

૧ આ મૂળ કૃતિ નિમ્નલિખિત સાત કૃતિઓ સહિત "श्रीपञ्चाशक-धर्मसंग्रहणी-उपदेशपद-उपदेशमाला-जीवसमास-कर्मप्रकृति-पचसंग्रह-ज्योतिष्करण्डकानि (मूलमात्राणि)"ના નામથી "ઋ કે શ્વે સંસ્થા" તરફથી ઈ સ ૧૯૨૮માં છપાવાઈ છે :—

પંચાસગ, ધમ્મસંગહણી, ઉવએસમાલા, જીવસમાસ, કમ્મપયડિ, **પંચસંગહ** અને **જોઇસકરંડગ**

વિશેષમા એમા પ્રથમ તો "શા સા. શેઠ વસનજી ત્રીકમજી જૈ પી ગ્રથમાલા"ના દસમા મણકા તરીકે **ઉપદેશપદ** એ નામથી 'કાર્મિકી' બુદ્ધિ સુધીનો (ગા. ૨૭ અને એની ટીકા પૂરતો પત્ર ૯૩આ સુધીનો) ભાગ **સુખસંબોધિની** ટીકા તેમ જ આ બંનેના ગુજરાતી અનુવાદપૂર્વક "શ્રીજૈનધર્મવિદ્યાપ્રચારકવર્ગ" (પાલીતાણા) તરફથી ઇ સ ૧૯૦૯મા છપાયો છે મુનિચન્દ્રસૂરિકૃત ટીકા સહિત મૂળ "મુ ક જૈ મો મા."મા બે ભાગમા અનુક્રમે ઇ. સ ૧૯૨૩મા અને ઇ સ ૧૯૨૫મા છપાયુ છે.

ઉવએસપયમાની ગાથાઓનો અકારાદિ ક્રમ નીચે મુજબની નવ કૃતિઓના પણ અકારાદિ ક્રમ સહિત "ઋ કે શ્વે સંસ્થા" તરફથી "श्रीपञ्चाशक-पञ्चवस्तु-धर्मसंग्रहणी-कर्मप्रकृति-पञ्चसंग्रह-जीवसमास-ज्योतिष्करण्डक-उपदेशपद-उपदेशमाला-प्रवचनसारोद्धाराणाम् अकारादिक्रम"ના નામથી ઈ સ ૧૯૨૯-મા પ્રસિદ્ધ કરાયેલી કૃતિમા અપાયો છે :—

ઉવએસમાલા, કમ્મપયડિ, જીવસમાસ, જોઇસકરંડગ, ધમ્મસંગહણી, **પંચવત્થુગ, પંચસંગહ, પંચાસગ** અને **પવયણસારુદ્ધાર**

૨ **ઉત્તરજ્ઝયણ** (અ ૩)ની નિજ્જુત્તિ (ગા. ૧૬૦, પત્ર ૧૪૫આ)માં ભોજન, પાશ, ધાન્ય, જુગાર, રત્ન, સ્વપ્ન, ચક્ર, ચર્મ, ધોસરી અને પરમાણુ એમ દસ દૃષ્ટાંત છે આના સ્પષ્ટીકરણ માટે જુઓ **વૈરાગ્યરસમંજરી** (ગુચ્છક ૧, શ્લો ૪)નુ મારુ સ્પષ્ટીકરણ (પૃ. ૧૨-૧૫).

ત્યાર બાદ જૈન શાસ્ત્રોનો અભ્યાસ, [1]ચાર પ્રકારની બુદ્ધિ અને એના ઉદાહરણો, બુદ્ધિનાં કારણો, બટુની પરીક્ષા, રોહિણીની યાને પાચ ચોખાની કથા, મહાગિરિ અને ' મૂક 'ના વૃત્તાંત, દ્રવ્યાજ્ઞા અને ભાવાજ્ઞા, મોહનું નિરૂપણ, ચૈત્યદ્રવ્ય, જીર્ણશ્રેષ્ઠી, જિનધર્મ વગેરેનાં દૃષ્ટાંત, ગુરુકુલવાસ, ઉપવાસ તેમ જ ધાર્મિક શિક્ષણ લેવા-આપવાની રીત એમ વિવિધ બાબતો આલેખાઈ છે.

વિશેષમા પદ્ય ૮૫૯–૮૮૫મા વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદં-પર્યાર્થનું નિરૂપણ છે.

આ સમગ્ર કૃતિનો સારાશ હૃદયંગમ રીતે ન્યાયાચાર્ય યશોવિજય-ગણિકૃત [2]ઉવએસરહસ્સમાં જોવા મળે છે

સંકલના—આ સંપૂર્ણ કૃતિ કંઈ સર્વાંશે હરિભદ્રસૂરિની રચના નથી. એમણે કેટલીક પ્રાચીન કૃતિઓમાના પદ્યો આમા વણી લીધા છે. દા ત ગા ૫ એ ઉત્તરજ્ઝયણની નિજ્જુત્તિની ગા. ૧૬૦ છે; ગા. ૪૦–૫૧ એ **નંદીની** ગા. ૬૩–૭૪ છે; અને ગા. ૧૬૪ એ **સમ્મઇપયરણના** ત્રીજા કંડ (કાંડ)નું ૫૩મું પદ્ય છે.

અતિદેશ—ઉવએસપયની રચના **લલિતવિસ્તરા** પૂર્વે થઈ છે. કેમકે આ **લલિતવિસ્તરાની** મુનિચન્દ્રસૂરિકૃત **પંજિકા** (પત્ર ૧૮ આ)મા ' અન્યત્ર 'થી આ કૃતિનો નિર્દેશ કરાયો છે.

---

[1] ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી એ (અશ્રુત-નિશ્રિત) મતિના ચાર પ્રકાર છે. આના સ્વરૂપાદિ માટે જુઓ **આર્હત-દર્શનદીપિકા** (પૃ ૨૧૭–૨૨૯).

[2] આ ૨૦૧ ગાથાના જ.મ.મા રચાયેલી કૃતિ સ્વોપજ્ઞ સંસ્કૃત વિવરણ સહિત **મનસુખભાઈ** ભગુભાઈએ વિ સં. ૧૯૬૭મા પ્રસિદ્ધ કરી છે. એમા પ્રારંભના સંસ્કૃતમા વિષયસૂચી છે. આનો પરિચય મે **યશોદોહનના** આપ્યો છે.

વિવરણો—**ઉવએસપય** ઉપર વર્ધમાનસૂરિએ વિ. સ ૧૦૫૩-મા સસ્કૃતમા ટીકા રચી છે એની પ્રશસ્તિ **પાર્શ્વિલ**ગણિએ રચી છે અને એનો પ્રથમાદર્શ **આમ્રદેવે** લખ્યો છે જેસલમેરના ભડારમા આની વિ. સં. ૧૧૯૩મા લખાયેલી હાથપોથી છે **જે. ભાં. ગ્રં. સૂ.** (પૃ ૬–૭)માં આ ટીકાના આદિમ અને અંતિમ ભાગો અપાયા છે અને એ તો વિ. સ. ૧૨૧૨મા લખાયેલી હાથપોથીમાથી છે.

રામચન્દ્રગણિની સહાયતાથી મુનિચન્દ્રસૂરિએ **ઉવએસપય** ઉપર વિ. સ. ૧૧૭૪મા [1]**સુખસંબોધના** નામની સંસ્કૃતમા વ્યાખ્યા રચી છે. એમા એમણે અર્થદૃષ્ટિએ ગહન એવી કોઈકની ટીકાનો નિર્દેશ કર્યો છે. શું આ ટીકા તે જ વર્ધમાનસૂરિકૃત ટીકા છે? **સુખ-સંબોધના**માં મૂળમા જે ઉદાહરણોનુ સૂચન છે તેના સ્પષ્ટીકરણ તરીકે ટીકાકારે મોટે ભાગે પાઇયમા કથાઓ આપી છે.

ઉવએસપય ઉપર એક અજ્ઞાતકર્તૃક ટીકા પણ છે.

અનુવાદ—**ઉવએસપય** તેમ જ એના ઉપરની **સુખસંબોધના** વ્યાખ્યાના કાર્મિકી બુદ્ધિ સુધીના ભાગનો ગુજરાતી અનુવાદ "જૈન ધર્મવિદ્યાપ્રસારક વર્ગ" તરફથી ઈ. સ. ૧૯૦૯મા છપાયો છે.

(૨૨) કથાકોશ

આ કથાઓના સંગ્રહરૂપ કૃતિ હશે. જેમકે હરિષેણકૃત [2]**બૃહત્-કથાકોશ.** પ્રસ્તુત કૃતિની એકે હાથપોથી હજી સુધી તો મળી આવી નથી, જોકે એની નોધ સુમતિગણિએ અને **સર્વ**રાજગણિએ પણ **ગ૦સ૦સ૦**ની ટીકામા લીધી છે.

---

૧ આ મુદ્રિત છે જુઓ પૃ ૮૩, ટિ ૧

૨ આ "સિ જૈ ગ્ર."મા ઈ સ ૧૯૪૩મા પ્રકાશિત કરાયો છે અને એનુ સપાદન ડૉ એ એન ઉપાધ્યેએ કર્યું છે.

(૨૩) કર્પૂરકાવ્ય

મ. કિ. મહેતાએ આ કૃતિ નોંધી છે. શું વજ્રસેનના શિષ્ય હરિ-(હરિષેણ)કૃત [૧]કર્પૂરપ્રકરને તો ભૂલથી હરિભદ્રસૂરિની કૃતિ ગણી લેવાઈ નથી ?

(૨૫) કિતવકથાનકપંચક

આ **ધુત્તક્ખાણ** જ હશે એટલે એનો આગળ ઉપર વિચાર કરાશે.

(૨૬અ અને ૨૬) [૨]કુલય [કુલક]

પં. હરગોવિંદદાસે કુલકોનો ઉલ્લેખ કર્યો છે. **સંબોહપયરણ** (અધિ. ૧)મા ગા. ૨૯૦–૨૯૮ રૂપે **અભવ્વકુલય** છે. એ હરિભદ્રસૂરિનું જ હશે. આવી રીતે બીજાં પણ કુલયો હશે.

પં. બેચરદાસના મતે (પૃ. ૧૦૦) કુલકોના કર્તા અન્ય હરિભદ્ર છે.

(૨૭) ક્ષમાવલ્લીબીજ

ચ.પ્ર.માંની નિમ્નલિખિત પંક્તિનો અર્થ ન સમજાયો હોવાથી મ. કિ. મહેતા વગેરેએ આનો એક કૃતિ તરીકે ઉલ્લેખ કર્યો છે; બાકી ખરી રીતે તો એ **સમરાદિત્યચરિત્ર** (**સમરાઇચ્ચચરિય**)ના વિશેષણરૂપ છે:—

"समरादित्यचरित्रं नव्यं शास्त्रं क्षमावल्लीबीज कृतम्"

આનો અર્થ એ છે કે ક્ષમારૂપ વેલના બીજ જેવુ નવીન શાસ્ત્ર નામે **સમરાદિત્યચરિત્ર** (હરિભદ્રસૂરિએ) રચ્યુ.

---

૧ આ ૧૭૯ પદ્યમા રચાયેલી કૃતિ '**જિનસાગરસૂરિકૃત ટીકા સહિત** "જૈ. ધ. પ્ર. સ." તરફથી ઈ સ. ૧૯૧૯મા પ્રસિદ્ધ કરાઈ છે

૨ આના અર્થ તેમ જ કેટલાંક કુલય(કુલક)ના ઉલ્લેખ વગેરે માટે જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૩૦–૧૩૧). વિશેષમા જ મ.મા રચાયેલાં સોળ કુલયો "આગમોદ્ધારક ગ્રથમાલા"ના સાતમા રત્ન તરીકે વિ સ. ૨૦૧૫મા "कुलकसन्दोह"ના નામથી છપાવાયેલી કૃતિમા અપાયા છે

(૨૯–૩૦) ચતુર્વિંશતિસ્તવ અને એની વૃત્તિ

પં. બેચરદાસે આ બંનેની નોધ લીધી છે અને સવાદી ઉલ્લેખ તરીકે સ્વ. કેશવલાલ મોદીના નામનો ઉલ્લેખ કર્યો છે પરંતુ પૃ. ૧૦૦મા આ અન્ય હરિભદ્રની કૃતિ છે એમ કહ્યું છે

(૩૧) ચૈત્યવંદનભાષ્ય

પં. હરગોવિંદદાસે આની નોધ લીધી છે. પં. બેચરદાસે એને સસ્કૃત કૃતિ કહી છે. ડૉ. કલેટે Jain onomasticon (પૃ. ૬)મા આનો ઉલ્લેખ કર્યાનુ પં. હરગોવિંદદાસે કહ્યું છે.

(૩૩ અને ૧૧૪) જઇદિણકિચ્ચ [યતિદિનકૃત્ય]

મ કિ. મહેતાએ યતિદિનકૃત્યની નોધ લીધી છે. એ કૃતિ પાઇયમા હોય તો એનુ નામ જઇદિણકિચ્ચ હોય. આ હિસાબે મેં એનો અહી ઉલ્લેખ કર્યો છે.

(૩૪–૩૬) જંબુદ્દીવસંગહણી [જંબુદ્વીપસંગ્રહણી]

પ્રો. પિટર્સને ત્રીજા હેવાલ (પૃ. ૨૮૪)મા તેમ જ પ્રથમ હેવાલ (પૃ. ૮૯)મા આમાથી એકેક પદ્ય આપ્યું છે. એ બંનેનો અંક ૨૮ છે. બંને અર્થદૃષ્ટિએ એક છે પણ શબ્દ–રચના ભિન્ન છે. આમા 'જંબુ'દ્વીપ વિષે અધિકાર હોય એમ લાગે છે. શુ આ બંનેના એક જ કર્તા છે? અને તે પ્રસ્તુત હરિભદ્રસૂરિ છે? પ્રભાનંદ-સૂરિએ વિ. સં. ૧૩૯૦મા સંસ્કૃતમા જે ટીકા રચી છે તેમા હરિભદ્રને પોતાના ગુરું કહ્યા છે.

(૩૭ અને ૧૧૫) જસહરચરિય [યશોધરચરિત]

ક્ષમાકલ્યાણે વિ. સ. ૧૮૩૯મા ગદ્યમા સસ્કૃતમા [1]**યશોધર-ચરિત** રચ્યુ છે. એમા એમણે એવો ઉલ્લેખ કર્યો છે કે હરિભદ્ર

---

૧ આની નોધ **જિ. ર. કો.** (વિ ૧, પૃ ૩૧૯)મા છે

મુનીન્દ્રે પ્રાકૃતમા તેમ જ અન્યે સંસ્કૃતમા પદ્યમા **યશોધરચરિત્ર** રચેલ છે. **મા**ણિક્ય(દેવ)સૂરિએ પણ સંસ્કૃતમા પદ્યમા ચૌદ સર્ગમા જે **યશોધરચરિત્ર** રચ્યું છે[1] તેમા આ વિષય પર લખનાર તરીકે **હ**રિભદ્રસૂરિનો નિર્દેશ કર્યો છે, પરંતુ આ રચના સંસ્કૃતમા કે પાઇયમાં છે તે જાણવા માટે કશું કહ્યુ નથી. વળી આ બંને ઉલ્લેખોથી પ્રસ્તુત **હ**રિભદ્રસૂરિ જ અભિપ્રેત છે કે કેમ તેનો પણ નિર્ણય કરવા માટે વિશેષ સાધનની અપેક્ષા રહે છે. આથી અત્યારે તો હું એટલું જ કહીશ કે **સો**મદેવે સંસ્કૃતમા **શ**કસવત્ ૮૮૧મા [2]**યશસ્તિલકચંપૂ** અને **પુ**ષ્પદંતે "અપભ્રંશ"માં [3]**જસહરચરિય** રચેલ છે અને એમા **યશોધર** નૃપતિનું ચરિત્ર આલેખાયું છે. વળી **સ૦ ચ૦** (ભવ ૪, પત્ર ૨૮૯ ઈ)મા જે **યશોધર**નું ચરિત્ર છે તે તો આ નથી [4]

(૩૮-૩૯) [5]જિણહરપડિમાથોત્ત [જિનગૃહપ્રતિમાસ્તોત્ર]

આ જ. મ.મા સાત પદ્યોમા રચાયેલું સ્તોત્ર સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ એ ત્રણ લોકમા રહેલી જિનપ્રતિમાઓ વિષે નિર્દેશ કરે છે. "नमिऊण सव्वजिणे"થી એનો પ્રારંભ થાય છે અને એના અંતમા

---

૧ આ કૃતિ **હી**રાલાલ હંસરાજે ઇ સ ૧૯૧૦માં સપાદિત કરી પ્રકાશિત કરી છે.

૨ આ કૃતિ **શ્રુ**તસાગરકૃત ટીકા સહિત "કાવ્યમાલા"માં ઈ સ ૧૯૦૧મા પ્રસિદ્ધ કરાઈ છે

૩ આ કૃતિ "કરંજા જૈન ગ્રથમાલા"મા ઈ સ ૧૯૩૧મા છપાવાઈ છે એનુ સપાદન ડૉ પી એલ **વૈદ્યે** કર્યું છે.

૪ **જિ.ર.કો.** (વિ ૧, પૃ ૩૧૯-૩૨૦)મા "યશોધર- ચરિત્ર"ના નામથી ૨૨ કૃતિઓ નોધાયેલી છે

૫ આ સ્તોત્ર "વિજયદાનસૂરિ સિરીઝ"માં ગ્રથાક ૨૦ તરીકે જે **સ્વાધ્યાયદોહન** છપાયુ છે તેના પૃ ૧૭૮-૧૭૯મા પૂરેપૂરું અપાયુ છે

"भवविरह कुणउ भव्वाणं" એવી પંક્તિ છે. એમ લાગે છે કે અહીં 'ભવવિરહ'નો પ્રયોગ જોઈ આ કૃતિ પ્રસ્તુત હરિભદ્રસૂરિની છે એમ એના સંપાદકો માને છે શ્રીવિજયકસ્તૂરસૂરિએ આ સ્તોત્રનું નામ **શાશ્વતજિનસ્તવ** રાખ્યું છે એના પ્રથમ પદ્યમાં "वुच्छ जिण-कित्तण" અને અંતિમ પદ્યમાં "जिणहराणं नियर" એમ ઉલ્લેખ છે. એ જોતાં **જિણકિત્તણ** કે **જિણહરકિત્તણ** જેવું નામ કર્તાને અભિપ્રેત હોય એમ લાગે છે.

(૪૦) **જિનસ્તવ** યાને (૧૮૨) **સ્તવ**

આને 'સ્તવ' પણ કહે છે એટલે એ નામે એનો આગળ ઉપર વિચાર કરાશે

(૪૨ અને ૧૨૧) [1]**જોગસયગ** [યોગશતક]

આ લઘુ કૃતિ જ. મ.માં 'આર્યા' છંદમાં ૧૦૧ પદ્યોમાં રચાયેલી છે. એના આદ્ય અને અંતિમ પદ્ય અનુક્રમે નીચે મુજબ છે.

"नमिऊण जोगिनाहं सुजोगसन्दसगं महावीरं ।
वोच्छामि जोगलेस जोगज्झयणाणुसारेण ॥"
"ता इय आणाजोगे जइयव्वमजोगयत्थिणा सम्मं ।
एसो च्चिय भवविरहो सिद्धीए सया अविरहो य ॥"

આ કૃતિની અન્ય ૭ કૃતિની સાથે ભેગી એવી એક જ હાથપોથી મળી આવી છે. એના પત્ર ૫૫આ–૬૫આમાં પ્રસ્તુત કૃતિ છે

---

૧ આ કૃતિ "યોગશતક"ના નામથી "ગુજરાત વિદ્યાસભા"એ અમદાવાદથી ઈ સ ૧૯૫૬માં પ્રકાશિત કરી છે એમાં મૂળ કૃતિ ડૉ ઇન્દુકલા હીરાચંદ ઝવેરીના ગુજરાતી શ્લોકાર્થ, સમજૂતી અને પ્રસ્તાવના સહિત અપાઈ છે. પ્રારંભમાં ખંભાતના **શાન્તિનાથના** ભંડારની તાડપત્રીય પ્રતિના ૫૫આ પત્રની પ્રતિકૃતિ છે આ કૃતિનું સંપાદન ડૉ ઇન્દુકલાએ કર્યું છે

આધાર—શું આ કૃતિ **જોગજ્ઝયણ** (યોગાધ્યયન)નામના કોઈ પ્રકરણને આધારે યોજાઈ છે?

વિષય—આ કૃતિનો વિષય **યોગબિન્દુ** સાથે ખૂબ મળતો આવે છે. આ **યોગબિન્દુ**ની જાણે નાનકડી આવૃત્તિ ન હોય તેવી લાગે છે. એમા નિશ્ચય-યોગ અને વ્યવહાર-યોગ, યોગના અધિકારી, અપુનર્બન્ધક, અનુષ્ઠાન, સાધકે શુ કરવુ તે માટેના બાહ્ય અને આંતરિક ઉપાયો, આત્મનિરીક્ષણ, ચિત્તની સ્થિરતા તેમ જ આહારાદિની ચર્ચા–'સર્વ-સંપત્કરી' ભિક્ષા એમ વિવિધ બાબતો આલેખાઈ છે. ટૂકમાં કહુ તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રની પ્રાપ્તિ કેમ થાય તે સૂચવાયું છે

(૪૨અ) જ્ઞાનચિત્રિકા

આ નામ પ્રો. પિટર્સને ચોથા હેવાલમા આપ્યું છે પણ એ ભૂલ હોય એમ લાગે છે. એ **નાણાચિત્તપયરણ** જ હોવુ જોઈએ.

(૪૩) જ્ઞાનપંચકવિવરણ

નાણપંચગવક્ખાણને નામે ઓળખાવાતી કૃતિ તે જ આ હશે જો એમ જ હોય તો એ કૃતિનો પૃ ૧૧૦માં વિચાર કરાયો છે. પં. **બેચરદાસે** પૃ ૧૦૦મા આને અન્ય હરિભદ્રની કૃતિ કહી છે.

(૪૪) જ્ઞાનાદિત્ય(પ્રકરણ)

આ જ **નાણાચિત્તપયરણ** હોય એમ લાગે છે. એમ ન જ હોય તો પં. **બેચરદાસ** એને પૃ ૧૦૦માં અન્ય હરિભદ્રની કૃતિ કહે છે તે વિચારવું ઘટે

(૪૭) તત્ત્વતરંગિણી

'ખરતર' ગચ્છની કેટલીક વ્યક્તિએ આને હરિભદ્રસૂરિની કૃતિ ગણી છે, પરંતુ **ધર્મ**સાગરગણિએ **પવયણપરિક્ખા**મા એનુ ખંડન

કર્યું છે. આ હકીકત ડૉ ભાંડારકરે ઈ. સ ૧૮૮૩-૮૪ના એમના હેવાલ (પૃ ૧૫૨)મા નોધી છે.

(૫૦) ત્રિભંગીસાર

આ કૃતિ કલેટે નોધ્યાનું પં કલ્યાણવિજયજીએ કહ્યું છે.

ત્રિભંગીસાર નામની એક કૃતિ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૧૬૧)મા નોધાઈ છે. આના કર્તા તરીકે સૈદ્ધાન્તિક **નેમિચંદ્રનો** ઉલ્લેખ કરી આ કૃતિના નીચે મુજબ ૭ અંશો દર્શાવી એના કર્તા ભિન્ન ભિન્ન હોવાનુ સૂચવાયું છે :—

નામ	ગાથા	કર્તા
[1]આસ્રવ-ત્રિભંગી	૬૩	શ્રુતમુનિ
બંધત્રિભંગી	૪૪	માધવચન્દ્ર (નેમિચન્દ્રના શિષ્ય)
ઉદયોદીરણાત્રિભંગી	૭૩	નેમિચન્દ્ર
સત્તાત્રિભંગી	૩૫	,,
સત્ત્વસ્થાનત્રિભંગી	૩૭	કનકનંદિ
[2]ભાવત્રિભંગી	૧૧૬	શ્રુતમુનિ

હર્ષકુલે **ત્રિભંગીસૂત્ર** તરીકે ઓળખાવાતી [3]**બંધહેઉદયતિભંગી** (બંધહેતૂદયત્રિભંગી) નામની કૃતિ ૬૫ ગાથામા રચી છે. આ હર્ષકુલને તો ભૂલથી હરિભદ્ર માની નહિ લેવાયા હોય ?

૧-૨ આ બંને કૃતિઓ " મા. દિ જૈ. ગ્રં "મા ૨૦મા ગ્રંથાક તરીકે પ્રકાશિત થયેલી છે

૩ **વિજયવિમલ**ઉર્ફે **વાનરર્ષિ**ની ટીકા સહિત આ કૃતિ " જૈ. આ સ " તરફથી વિ સ. ૧૯૭૪મા પ્રસિદ્ધ કરાઈ છે.

(૫૨ અને ૫૪) [1]દંસણસુદ્ધિ [દર્શનશુદ્ધિ] યાને (૫૩ અને ૫૫) દરિસણસત્તરિ [દર્શનસપ્તતિ]

આ ૭૦ ગાથામા જ. મ મા રચાયેલી નાનકડી કૃતિ વિષયની દૃષ્ટિએ ઘણી મહત્ત્વની છે, કેમકે એમા જૈન દર્શનના પાયારૂપે અને ત્રણ રત્નોમા અગ્ર ગણાતા રત્નરૂપ દર્શનનુ યાને સમ્યક્ત્વનુ અર્થાત્ સાચી શ્રદ્ધાનુ અને એની નિર્મળતાનુ નિરૂપણ છે. આ ઉપરથી આ કૃતિના નીચે મુજબ નામો યોજી શકાય :—

દંસણસત્તરિ, દરિસણસત્તરિ અને **સમ્મત્તસત્તરિ.**

આ કૃતિનો મુખ્ય વિષય સમ્યક્ત્વ છે ગા. ૫૯–૬૩ આત્માના અસ્તિત્વ અને એના લક્ષણો પર પ્રકાશ પાડે છે. આ વિષય **આત્મસિદ્ધિ** અને **ધમ્મસંગહણી**મા પણ છે.[2]

ગા ૫-૬ કોઈ પ્રાચીન મુનિવર્યની કૃતિમાથી ઉદ્ધૃત કર્યાનુ ગ્રથ-કાર પોતે કહે છે. આ મુનિવર્ય તે કોણ એ જાણવામા નથી. વિશેષ નવાઈની વાત તો એ છે કે આ સમગ્ર કૃતિ ઉપર વિવરણ રચનાર **સંઘતિલકસૂરિ** પ્રણેતાના નામથી અજ્ઞાત જણાય છે, જોકે એમણે હરિભદ્રસૂરિકૃત **ધુત્તક્ખાણ**નો તો આ પોતાની ટીકા નામે **તત્ત્વકૌમુદી** (પત્ર ૩૧આ–૪૬અ)મા **મૂલદેવ** વગેરે પાચ ધૂર્તોની કથા આપતી વેળા ઉપયોગ કર્યો છે એમ ભાસે છે. આથી પ્રશ્ન ઉદ્ભવે છે કે શું આ કૃતિના કર્તા હરિભદ્રસૂરિ નથી અથવા જો તેઓ છે જ તો એમનું નામ કેમ વિવરણકારે આપ્યું નથી ?

---

૧ **સંઘતિલકસૂરિ**કૃત ટીકા સહિત આ કૃતિ **સમ્યક્ત્વસપ્તતિકા**ના નામથી "દે. લા જૈ. પુ સસ્થા" તરફથી ઈ સ ૧૯૧૩મા પ્રસિદ્ધ કરાઈ છે.

૨ આત્માના સ્વતન્ત્ર અસ્તિત્વ અને એ આત્માના સ્વરૂપ વિષે **જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણે **વિસેસા૦** (ગા ૧૫૪૯–૧૫૯૯)મા વિસ્તારથી નિરૂપણ કર્યું છે.

વિવરણ–દંસણસુદ્ધિ ઉપર અનેક ટીકાઓ રચાઈ છે. આ સૌમા 'રુદ્રપલ્લીય' ગચ્છના ગુણશેખરસૂરિના શિષ્ય **સંઘતિલકસૂરિએ** ૭૭૧૧ શ્લોક જેવડી જે [1]ટીકા સંસ્કૃતમા વિ સં. ૧૪૨૨મા રચી છે તે એમા આવતી કથા[2] વગેરેને લઈને ખાસ ધ્યાન ખેંચે છે. એ ટીકાનુ નામ **તત્ત્વકૌમુદી** છે

ગુણનિધાનસૂરિના શિષ્યે એક અવચૂરિ રચ્યાનો **જિ. ર. કો.** (વિ. ૧, પૃ ૪૨૬)મા ઉલ્લેખ છે, પણ સાથે સાથે આ **સંઘતિલકસૂરિકૃત** ટીકા તો નથી એમ પ્રશ્ન અહી ઉઠાવાયો છે

દેવેન્દ્રે(?) કોઈ ટીકા રચી છે.

વળી 'તપા'ગચ્છના **મુનિસુન્દરસૂરિના** શિષ્ય **શિવમંડનગણિએ** ૩૫૭ શ્લોક જેવડી એક ટીકા રચી છે.

કોઈકની અવચૂરિ છે.

બાલાવબોધ—'તપા' ગચ્છના ઉપાધ્યાય **શાન્તિચન્દ્રના** શિષ્ય **રત્નચન્દ્રગણિએ** વિ. સ. ૧૬૭૬મા બાલાવબોધ રચ્યો છે

ભાષાંતર—આ કૃતિની મહત્તા જોતા એનુ સ્પષ્ટીકરણપૂર્વક ભાષાતર થવુ ઘટે.

સામ્ય—ચક્રેશ્વરસૂરિના શિષ્ય તિલકસૂરિએ **દર્શનશુદ્ધિ** રચી છે. વળી ૨૨૬ ગાથામા "સમ્યક્ત્વપ્રકરણ"ના નામે પણ ઓળખાવાતી **દંસણસુદ્ધિ ચંદ્રપ્રભે** રચી છે અને એના ઉપર દેવભદ્રની [3]ટીકા છે.

---

૧ આ મુદ્રિત છે જુઓ પૃ ૯૨, ટિ ૧.

૨ આમા 'ધૂર્તાખ્યાન' છે. વિશેષમા આ ટીકામા જે વીસ પાઇય કથાઓ છે એના નામાદિ માટે જુઓ મારી કૃતિ નામે **પા. ભા. સા.** (પૃ. ૧૨૫).

૩ આ ટીકા સહિત મુળ કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી ઈ સ ૧૯૧૩-મા છપાવાઈ છે.

(૫૩અ) [1]દરિસણસત્તરિ [દર્શનસપ્તતિ] યાને (૧૭૮અ અને ૧૫૨) સાવગધમ્મપગરણ [શ્રાવકધર્મપ્રકરણ]

આ નામ ઉપરથી તો આ કૃતિ ૭૦ પદ્યોમા પાઇયમા સમ્યક્ત્વના નિરૂપણાર્થે રચાયેલી હોવાનુ અનુમનાય, પરંતુ આમા તો જ૦ મ૦માં ૧૨૦ પદ્યો છે એમ **પ. ભાં. ગ્રં. સૂ.** (પૃ. ૯૩) તેમ જ એની મુદ્રિત આવૃત્તિમાંના અંતિમ પદ્યની ૧૨૦ની સંખ્યા જોતા જણાય છે. આના આદ્ય પદ્ય દ્વારા ગ્રંથકારે સંક્ષેપમા શ્રાવક-ધર્મ દર્શાવવાની પ્રતિજ્ઞા કરી છે. આ વાત તો ઠીક છે, કેમકે સમ્યક્ત્વ એ જૈન જીવનનો પ્રાણ છે એટલે એ વિષયને શ્રાવક-ધર્મના નિરૂપણમા સ્થાન હોઈ શકે. મુદ્રિત આવૃત્તિમા જે '**સાવગધમ્મપગરણ**' નામ છે તે જ યથાર્થ છે એનુ **દરિસણસત્તરિ** નામ તો એની પૂર્વોક્ત કૃતિ સાથે સામ્ય ધરાવે છે, પરંતુ આ કૃતિ ભિન્ન છે આની પહેલા **દંસણસુદ્ધિ**ને અગે જે વિવિધ ટીકાઓ ગણાવી છે તેમા **સંઘતિલકસૂરિ** સિવાયના મુનિવરોની ટીકા **દંસણસુદ્ધિ**ની જ છે કે આ સમાનનામક કૃતિની છે તેની તપાસ કરવી બાકી રહે છે; એનો નિર્ણય તો હાથપોથીઓ જોયા વિચાર્યા પછી થઈ શકે.

જિ૦ ર૦ કો૦ (વિ ૧, પૃ. ૧૬૭)મા મુનિચન્દ્રસૂરિકૃત **દર્શનસપ્તતિકા** અને એની અવચૂરિ વિષે નોધ છે

(૬૦) દિનશુદ્ધિ

હેમતિલકસૂરિની કૃપાથી **રત્નશેખરસૂરિ**એ જ. મ માં ૧૪૪

---

[1] આ કૃતિ "ઋ કે. શ્વે. સંસ્થા" તરફથી ઇ સ ૧૯૨૯મા ૨૮ પ્રકરણોનો સમુચ્ચય જે નામથી પ્રસિદ્ધ કરાયો છે તે **સિરિપયરણ-સન્દોહ** (પત્ર ૧-૮)માં છપાઈ છે એના અંતમા "[इति दरिसणसत्तरी सुत्त] सावगधम्मपगरण समत्त" ઉલ્લેખ છે.

પદ્યમા [1]**દિણસુદ્ધિદીવિયા** (દિનશુદ્ધિદીપિકા) યાને **દિણસુદ્ધિ-પઈવિયા** (**દિનશુદ્ધિપ્રદીપિકા**) નામની એક કૃતિ રચી છે. આની એક હાથપોથી વિ. સં. ૧૫૩૬મા લખાયેલી છે અને એ મળે છે. હરિભદ્રના નામના જે વિવિધ મુનિઓ થયા છે તે પૈકી એકના નામે **દિનશુદ્ધિ** નામની કૃતિ **જિ. ર. કો.**માં તો નોધાઈ નથી.

(૬૧–૬૨) [2]**દેવિન્દનરઇન્દપયરણ** [**દેવેન્દ્રનરેન્દ્રપ્રકરણ**]

મ. કિ. **મહેતા**એ અને એમના અનુગામી લેખકોએ આ કૃતિનો ઉલ્લેખ કર્યો છે. આ નામથી ઓળખાતી કૃતિ જ. મ મા ૩૭૮ આર્યામા રચાયેલી છે. એનુ નામ **વિમાણનરઇંદિઅ** છે એમ એ જોતા જણાય છે. એના કર્તાનુ નામ જાણવામા નથી. ગા. ૧–૧૨૭માં નરકેન્દ્રનો અને બાકીની ગાથામા દેવેન્દ્રકનો અધિકાર છે આ દ્વારા દેવોના વિમાનોનો અને નારકોના નરકાવાસનો વિસ્તૃત પરિચય અપાયો છે. આગમોમા તેમ જ અન્યત્ર નહિ જણાતી એવી કેટલીક બાબતો આ કૃતિમા છે.

વિવરણ—**મલયગિરિસૂરિ**એ આ કૃતિ ઉપર ટીકા રચી છે એમ **સંગહણી** (ગા. ૨૬૩) ઉપરની એમની ટીકા (પત્ર ૧૦૬આ) જોતા જણાય છે, પણ એ હજી સુધી તો મળી આવી નથી **મુનિચન્દ્રસૂરિ**એ વિ. સં. ૧૧૮૬મા સસ્કૃતમા વૃત્તિ રચી છે અને એ [3]છપાયેલી છે.

---

૧ **દિનશુદ્ધિપ્રદીપિકા** નામની સસ્કૃત કૃતિ રત્નશેખરસૂરિએ રચ્યાનો અને એ **ભીમસી** માણેકે વિ સ. ૧૯૭૪મા પ્રકાશિત કર્યાનો ઉલ્લેખ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૧૭૪)મા છે.

૨ આ પાઇય કૃત્તિ "જૈ. આ સ" તરફથી **મુનિચન્દ્રસૂરિ**એ વિ સં ૧૧૮૯મા સંસ્કૃતમા રચેલી વૃત્તિ સહિત ઈ સ ૧૯૨૨મા છપાવાઈ છે

૩ જુઓ ટિ ૨.

(૬૩) દ્વિજવદનચપેટા કિંવા (૬૩અ) દ્વિજવદનચપેટિકા

જિ૦ ર૦ કો૦ (વિ. ૧, પૃ. ૧૮૫)મા કોઈ એક હરિભદ્રને નામે **દ્વિજવદનચપેટિકા** તેમ જ એની અજ્ઞાતકર્તૃક ટીકા નોંધાઈ છે. અહીં આ કૃતિનુ **વેદાંકુશ** એવુ અપર નામ અપાયુ છે. 'બ્રાહ્મણના મુખે તમાચો' એવા અર્થસૂચક આ કૃતિમા વૈદિક હિંદુઓની કેટલીક માન્યતાઓને વખોડી કાઢવામા આવી છે.

હેમચન્દ્રસૂરિએ આ નામની એક [1]કૃતિ રચ્યાનું કેટલાક માને છે. **બૃહટ્ટિપ્પનિકામાં દ્વિજવદનવજ્રસૂચી** નામની કૃતિની નોધ છે. **અશ્વઘોષ**ના નામ ઉપર **વજ્રસૂચી**નો અને ચીનના કેટલાક વિચારકોના કથન મુજબ એ કૃતિના કર્તા કે સંશોધક તરીકે **ધર્મકીર્તિ**નો ઉલ્લેખ કરાય છે. આ કૃતિ પણ વૈદિક મંતવ્યોની આલોચનારૂપ છે.

(૬૪ અને ૬૭) [2]ધમ્મસંગહણી [ધર્મસંગ્રહણી]

નામ—'ધમ્મસંગહણી' એ નામ કર્તાએ પોતે આ કૃતિના ત્રીજા પદ્યમા દર્શાવ્યું છે.

પરિમાણ, ભાષા ઇત્યાદિ—આમા એકંદર ૧૯૩૬ પદ્યો છે એ જ મ.મા આર્યામા રચાયાં છે

---

૧ આ કૃતિ "હેમચન્દ્રસભા" તરફથી પાટણથી ઈ સ ૧૯૨૨મા પ્રકાશિત કરાઈ છે.

૨ આ કૃતિ **મલયગિરિસૂરિ**કૃત વિવરણ સહિત "દે. લા જૈ. પુ. સંસ્થા" તરફથી બે ભાગમા અનુક્રમે ઈ સ ૧૯૧૬ અને ઈ સ ૧૯૧૮મા પ્રસિદ્ધ કરાઈ છે વળી **ઉવએસપય** ઇત્યાદિ કૃતિઓની સાથે સાથે આ મૂળ કૃતિ "ઋ કે શ્વે સંસ્થા" તરફથી ઈ. સ ૧૯૨૮માં છપાવાઈ છે જુઓ પૃ. ૮૩, ટિ ૧) વિશેષમા આ "ઋ કે શ્વે સંસ્થા"એ **ઉવએસપય** વગેરે નવ કૃતિઓની અકારાદિ ક્રમપૂર્વકની અનુક્રમણિકાઓની સાથે સાથે આ **ધમ્મસંગહણી**ની પણ અનુક્રમણિકા ઈ સ. ૧૯૨૯માં છપાવી છે. (જુઓ પૃ ૮૩, ટિ ૧)

વિષય—આ દ્રવ્યાનુયોગને લગતી કૃતિ છે. એમા તાર્કિક શૈલીએ દાર્શનિક બાબતો ચર્ચાઈ છે. ચાર્વાક આદિના મતોના નિરસનપૂર્વક [1]જીવની સિદ્ધિ અને જૈન દૃષ્ટિએ એના [2]સ્વરૂપનુ નિરૂપણ એ આ અનુપમ કૃતિનો મુખ્ય વિષય છે. એ દ્વારા જીવની અનાદિ-અનંતતા, પરલોકગામિતા, અમૂર્તતા, પરિણામિતા, દેહવ્યાપિતા, જ્ઞાતૃતા, કર્તૃતા અને ભોક્તૃતા વિચારાઈ છે. લગભગ પ્રારંભમાં ગા. ૨૦મા ધર્મની વ્યાખ્યા નીચે મુજબ અપાઈ છે :—

"वारेइ दुग्गतीए पडन्तमप्पाणगं जतो तेणं।
धम्मो त्ति सिवगतीइ व सततं धरणा समक्खाओ ॥ २० ॥"

ત્યાર બાદ ધર્મને અંગે વ્યવહાર-દૃષ્ટિએ તેમ જ નિશ્ચય-દૃષ્ટિએ વિચાર કરતા ગા. ૨૬મા શૈલેશી અવસ્થામા—ચૌદમા અર્થાત્ અંતિમ ગુણસ્થાનમા ધર્મ છે અને એ પૂર્વેના ગુણસ્થાનમા રહેલ વ્યક્તિ દ્વારા કરાતુ ધર્મનુ સેવન તે આ ધર્મની પ્રાપ્તિમા સહાયક છે એ બાબત વિચારાઈ છે. ગા ૨૭મા ધર્મના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ૭ નિક્ષેપનો ઉલ્લેખ છે

અવાન્તર વિષયો તરીકે આઠ પ્રકારના કર્મોનુ નિરૂપણ (ગા. ૬૦૬–૬૨૩), સમ્યક્ત્વની પ્રાપ્તિ, એના પ્રકારો તેમ જ એના લક્ષણો (ગા. ૭૮૮–૮૧૪), જ્ઞાનના પાચ પ્રકારો ઇત્યાદિ (ગા. ૮૧૫–૮૫૫), સાધુઓના મહાવ્રતો (ગા. ૮૫૬–૮૬૧), સર્વજ્ઞતાની સિદ્ધિ (ગા. ૧૧૪૬–૧૧૬૬) અને મુક્તિમાં સુખ (ગા. ૧૩૭૬–૧૩૮૫) એ બાબતો હાથ ધરાઈ છે.

પ્રસગવશાત્ ગા. ૨૮૯–૩૩૦મા સમવાયનુ નિરસન છે.

ગા. ૯૧૯–૯૨૦માં **તત્ત્વાર્થસૂત્ર**ના આદ્ય સૂત્રનો અનેકાત-દૃષ્ટિએ વિચાર કરાયો છે.

૧–૨ આ વિષય **આત્મસિદ્ધિ** અને **દંસણસુદ્ધિ**મા પણ છે.

ગા ૯૨૬–૯૩૫મા ચોરીની નિર્દોષતાનો પક્ષ રજૂ કરી ગા. ૯૩૬–૯૫૧મા એનું ખંડન કરાયું છે.

આ ઉપરાત કર્તૃત્વવાદ, એકાન્તનિત્યવાદ, એકાન્તક્ષણિકવાદ અને અજ્ઞાનવાદના ખંડન, સામાન્ય, બાહ્યાર્થ અને વસ્ત્રાદિ ઉપકરણોની સિદ્ધિ, વૈદિક હિંસાનુ નિરસન, અવ્રતોની સદોષતા તેમ જ ઉપયોગવાદ એ બાબતોને પણ સ્થાન અપાયું છે.

ગા. ૫૪૩ એ **દસવેયાલિય** (અ. ૪)નું બીજું પદ્ય છે.

ઉલ્લેખ—પદ્ય ૧૧૫૯ (પત્ર ૩૮૫આ)મા **રેવણાદિકવ્વ**નો અને પદ્ય ૧૩૫૧ (પત્ર ૪૪૦આ)મા **પણ્ણત્તિ** અર્થાત્ **વિયાહપણ્ણત્તિ**નો ઉલ્લેખ છે. ૭૫મા પદ્યમાં ‘ઉવરિં’ શબ્દ છે. એનો અર્થ મલયગિરિસૂરિએ ‘**સર્વજ્ઞસિદ્ધિ**’મા એમ કર્યો છે.

અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા (શ્લો. ૬) ઉપરની **સ્યાદ્વાદમંજરી** (પૃ. ૨૬, B. S P. Series)મા **મલ્લિષેણે ધર્મસંગ્રહણિ** અને એના કર્તા વિષે ઉલ્લેખ કર્યો છે. ‘મલધારી’ રાજશેખરસૂરિએ **ષડ્દર્શનસમુચ્ચય** (શ્લો. ૧૯)મા **ધર્મસંગ્રહણી**ને **પ્રમાણમીમાંસા, પ્રમાણોક્તિસમુચ્ચય, નયચક્રવાલતર્ક, સ્યાદ્વાદકલિકા, પ્રમેયપક્ષમાર્તંડ** અને **તત્ત્વાર્થ**ના નિર્દેશપૂર્વક એને તેમ જ આ બધી કૃતિઓને “તર્કગ્રંથ” કહી છે.

લલિતવિસ્તરાની પંજિકા (પત્ર ૬૪અ)મા ‘ધર્મસંગ્રહણીકાર કહે છે’ એવા ઉલ્લેખપૂર્વક **ધમ્મસંગહણી**નું ૬૪૩મું પદ્ય મુનિચન્દ્રસૂરિએ આપ્યુ છે.

વિવરણ—મલયગિરિસૂરિએ સંસ્કૃતમા **ધમ્મસંગહણી** ઉપર

વિદ્વત્તાપૂર્ણ [1]વિવરણ રચ્યુ છે એનુ પરિમાણ ૧૧૦૦૦ શ્લોક જેવડું છે. એમા એમણે અનેક વ્યક્તિઓ અને કૃતિઓના નામ આપ્યા છે. એમાથી હુ [2]કેટલાંક નામ અહીં રજૂ કરુ છું:—

[3]**અર્ચટ** (ભટ્ટ) (પત્ર ૧૮૫આ), [4]**ધર્મ**કીર્તિ (પત્ર ૬૯અ ઇ.), **પાત્ર**સ્વામી (પત્ર ૩૦આ), [5]**પુસ્પચન્દ્ર** (પત્ર ૩૦આ), [6]**પ્રજ્ઞાકર**-ગુપ્ત (પત્ર ૪૦૩આ ને ૪૦૮અ), [7]**મલ્લવાદી** (પત્ર ૨૬૦અ), **વરરુચિ** (પત્ર ૨૪૩અ), **વ્યાડિ** (પત્ર ૩૦આ) અને **શાક**ટાયન (પત્ર ૧૪૪અ).

પત્ર ૭અમા **ધર્મ**સારની પોતે રચેલી [8]ટીકા, પત્ર ૭૭આમા **પાણિનિ**કૃત **પ્રાકૃતલક્ષણ** અને પત્ર ૬૯અમાં **ધર્મ**કીર્તિકૃત [9]**વિજ્ઞાનનયપ્રસ્થાન**નો નિર્દેશ છે

જિ૦ ર૦ કો૦ (વિ ૧, પૃ ૧૯૪)મા 'અજ્ઞાતકર્તૃક' કહીને પછી સંભવતઃ હરિભદ્રસૂરિકૃત એવા ઉલ્લેખપૂર્વક **ધર્મસંગ્રહણી**ની નોધ કરી એને અંગે હેમચન્દ્રસૂરિકૃત ટિપ્પણ, 'મલધારી' હેમસૂરિના શિષ્યે રચેલી વૃત્તિ અને અજ્ઞાતકર્તૃક ટિપ્પણનો ઉલ્લેખ કરાયેલ છે.

---

૧ આ વિવરણનો ઉલ્લેખ **મલયગિરિસૂરિએ નન્દી** (સુત્ત)ની વૃત્તિ (પત્ર)મા તેમ જ એમણે રચેલા **મલયગિરીય વ્યાકરણ**મા કર્યો છે

૨ વિશેષ માટે જુઓ **અ.જ.પ.** (ખડ ૨)નો ઉપોદ્ઘાત (પૃ ૨૯)

૩-૭ આ મહાનુભાવો વિષે આગળ ઉપર "ઉપખડ"મા વિચાર કરાયો છે

૮ **પંચસંગહ** (ગા ૮)ની ટીકા (પત્ર ૧૧આ)મા પણ **મલય**-ગિરિસૂરિએ **ધર્મસાર** ઉપરની પોતાની ટીકાનો ઉલ્લેખ કર્યો છે

૯ આ કૃતિ કોઈ સ્થળેથી પ્રકાશિત થઈ હોવાનુ જાણવામા નથી **મલયગિરિસૂરિએ** એમાથી એક અવતરણ આપ્યુ છે જુઓ **અ.જ.પ.** (ખડ ૨)નો ઉપોદ્ઘાત (પૃ ૮૨).

(૬૫) [1]ધર્મબિન્દુ

આ કૃતિના નામના અંતમા જેમ ‘ બિન્દુ ’ શબ્દ છે તેમ આ ગ્રંથકારની **યોગબિન્દુ** નામની કૃતિમા તેમ જ **લોકબિન્દુ** એમની જ કૃતિ હોય તો તેમા પણ છે. આ નામો **હેતુબિન્દુ** નામની બૌદ્ધ કૃતિ ઉપરથી સ્ફુર્યા હશે. **અ**ખાકૃત **અનુભવબિન્દુ**નુ આ નામો સ્મરણ કરાવે છે.

વિભાગાદિ—આ મુખ્યતયા ગદ્યમા લખાયેલી અને આઠ અધ્યાયોમા વિભક્ત કરાયેલી સંસ્કૃત કૃતિ છે એનો પ્રારંભ પદ્યથી થાય છે અને એની શૈલી સૂત્રાત્મક છે એ સૂત્રો જેમ જેમ ઉકેલાતા જાય તેમ તેમ એમાથી ગંભીર અર્થરૂપ તાર નીકળતા જાય છે.

વિષય—અ. ૧મા સામાન્ય ગૃહસ્થનો અને અ. ૨મા વિશિષ્ટ ગૃહસ્થનો ધર્મ સમજાવાયો છે. વિશેષમા આ બીજા અધ્યાયમા ધાર્મિક ઉપદેશ કેમ આપવો એનુ નિરૂપણ છે. અ. ૩માં શ્રાવકોના વ્રતો અને એને લગતા અતિચારોનુ સ્વરૂપ આલેખાયુ છે. અ. ૩, સૂ ૧૮મા સામાયિક, દેશાવકાશિક, પૌષધોપવાસ અને અતિથિસંવિભાગને ‘ શિક્ષાપદ ’ કહ્યા છે. અ. ૪ અને ૫ ઉપરથી જૈન શ્રમણોના જીવનનો ખ્યાલ આવે છે અ. ૪, સૂ ૩–૨૦મા દીક્ષાર્થીની અને દીક્ષા આપનારની યોગ્યતા વિષે નિરૂપણ છે. અ ૬મા બે પ્રકારના જૈન શ્રમણોનો અધિકાર છે અ. ૭ ધર્મના ફળ દર્શાવે છે અને અ. ૮ સિદ્ધનુ સ્વરૂપ

૧ આ મૂળ કૃતિનુ મુનિચન્દ્રસૂરિકૃત ટીકા સહિતનુ સપાદન ડૉ. લુઇગિ સુઆલિએ કર્યું હતુ અને એ “ બિબ્લિઓથેકા ઇન્ડિકા ”મા ઈ સ. ૧૯૧૨મા છપાવાયુ હતુ ઈ. સ ૧૯૧૦મા આ ઈટાલિયન વિદ્વાને **યોગબિન્દુ**ની પ્રસ્તાવનામા કહ્યુ હતુ કે “ જૈ. આ. સ. ” તરફથી સટીક મૂળ વિ. સ. ૧૯૬૭મા છપાવાયુ છે. “ આ. સ ” તરફથી સટીક મૂળ ઈ. સ ૧૯૨૪મા પ્રકાશિત થયુ છે.

રજૂ કરે છે. આમ આ કૃતિ મુખ્યતયા 'ચરણકરણાનુયોગ'ને અનુલક્ષીને રચાઈ છે.

અ ૨, સૂ. ૩૩મા કહ્યું છે કે શ્રુતધર્મ અનેક હોવાથી એની પરીક્ષા થવી ઘટે એ પરીક્ષાના ઉપાય તરીકે સુવર્ણની જેમ એને અગે કષ, તાપ અને છેદની બાબત સૂ. ૩૪–૩૭મા વિચારાઈ છે.

દસવેયાલિય (અ. ૧૦)મા ભિક્ષુ (સાચા શ્રમણ)નુ સ્વરૂપ આલેખાયું છે. એને લગતી નિજ્જુત્તિની ગા ૩૫૦મા સુવર્ણનું દૃષ્ટાંત છે. ગા. ૩૫૧મા સુવર્ણના આઠ ગુણો ગણાવાયા છે ગા ૩૫૨મા સુવર્ણની કષ, તાપ, છેદ અને તાડન એમ ચાર પરીક્ષાઓથી શુદ્ધિ વિચારાઈ છે, અને ગા. ૩૫૩મા એનો ભિક્ષુ સાથે સબધ યોજાયો છે. આ ઉપરથી શ્રુત–ધર્મની ત્રિવિધ પરીક્ષાનો વિચાર સ્ફુર્યો હશે.

નામોલ્લેખ—અ. ૪ (પત્ર ૫૬અ–૫૮આ, આ. સ.)મા નિમ્નલિખિત અજૈન વ્યક્તિઓના નામ છે:—

[1]**ક્ષીરકદંબક**, [2]**નારદ**, [3]**વસુ**, [4]**વાયુ**, [5]**વાલ્મીકિ**, [6]**વિશ્વ**, [7]**વ્યાસ**, [8]**સમ્રાટ્**, [9]**સિદ્ધસેન** અને [10]**સુરગુરુ**.

દીક્ષા લેનાર ને દેનારની યોગ્યતા—**ધર્મબિન્દુ** (અ. ૪)માં ત્રીજા સૂત્રમા દીક્ષા લેનારમા આર્ય દેશમા જન્મ ઇત્યાદિ સોળ ગુણો ગણાવાયા છે. એવી રીતે ચોથા સૂત્રમા દીક્ષા આપનારા ગુરુની યોગ્યતા તરીકે એમનામા એમણે વિધિપૂર્વક લીધેલી દીક્ષા ઇત્યાદિ ૫૬ર ગુણો હોવા જોઈએ એમ કહ્યુ છે આ ઉત્સર્ગ–પક્ષ છે. એને અગેના અપવાદની હકીકત પાચમા સૂત્રમા છે. એમા કહ્યુ છે કે

૧–૮ આ મહાનુભાવો વિષે "ઉપખંડ"માં વિચાર કરાયો છે.

૯ મુનિચન્દ્રસૂરિએ એમને 'નીતિકાર' તરીકે ઓળખાવ્યા છે

૧૦ એમને વિષે "ઉપખડ"મા મેં નોધ લીધી છે

ઉપર ગણાવેલા ગુણોમા ચોથા ભાગ જેટલી ન્યૂનતા હોય તો એ મધ્યમ કોટિની લાયકાત ગણાય, અને જો અડધોઅડધ ન્યૂનતા હોય તો એ જઘન્ય કોટિની લાયકાત ગણાય આ સંબધમા ઉપર્યુક્ત દસ અજૈનોના મત રજૂ કરાયા છે. એ દસે એકઠા મળી જાણે વાદવિવાદ કરતા હોય એ રીતે હકીકત હુ અહીં આપું છું :—

વાયુ—ગુણો પૂરેપૂરા હોવા જ જોઈએ, કેમકે જે કાર્ય સમગ્ર ગુણો હોય તો જ સિદ્ધ થાય તેમ હોય તે અડધા ગુણોથી યે સિદ્ધ ન જ થાય. જો એમ નહિ માનીએ તો કારણ અને કાર્યની વ્યવસ્થાનો–મર્યાદાનો નાશ થાય અડધાપડધા કારણોથી જો કાર્ય થતુ હોય તો સમસ્ત કારણોની સામગ્રીનો ખપ શો રહ્યો ?

વાલ્મીકિ—પ્રવાદી **વાયુ**! તમારું આમ કહેવુ ઠીક નથી, કેમકે ગુણરહિત વ્યક્તિમા કોઈક રીતે ગુણ ઉદ્ભવે છે.

વાયુ—કોઈક રીતે એટલે ?

વાલ્મીકિ—નિર્ગુણ વ્યક્તિમા રહેલી યોગ્યતાને લઈને.

વાયુ—દાખલો આપી આ સમજાવો.

વાલ્મીકિ—જેમ કોઈ જતુ નિર્ગુણ હોવા છતા વિશિષ્ટ કાર્યના કારણરૂપ ગુણોને પામે-મેળવે છે તેમ જો વિશિષ્ટ કાર્યના કારણરૂપ ગુણો ન હોય તો પણ કોઈ રીતે વિશિષ્ટ કાર્યને પામશે ત્યારે શો વિરોધ આવશે ? શું કોઈ દરિદ્રને એકાએક રાજ્યાદિનો લાભ થઈ જતો નથી ? આથી તો હુ કહુ છુ કે ગુણરૂપ વિશિષ્ટ કારણ વિના પણ કાર્યની ઉત્પત્તિ કોઈક વાર થાય છે

વ્યાસ—**વાલ્મીકિ**! તમારુ આ કથન નકામુ છે.

વાલ્મીકિ—કંઈ કારણ ?

વ્યાસ—ગુણમાત્રની એટલે સ્વાભાવિક- તુચ્છ ગુણની પ્રથમ અસિદ્ધિ હોય તો બીજા (વિશેષ) ગુણનો અવશ્ય અભાવ હોય છે, કારણ કે કાર્યનો વ્યવહાર પોતાને અનુરૂપ કારણપૂર્વક હોય છે. એક કાર્યનુ કારણ બીજા કાર્યનું કારણ બની શકે નહિ ઘડાનુ કારણ જે માટી છે તે પટના તંતુઓ ઉત્પન્ન ન કરી શકે.

સમ્રાટ્—આ વાત બરાબર નથી, કેમકે યોગ્યતાના સંભવથી શ્રેયસ્ત્વની સિદ્ધિ થાય છે-ખરેખર યોગ્યતાથી જ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

નારદ—સમ્રાટ્ ! તમારી આ વાત વજુદ વિનાની છે.

સમ્રાટ્—કારણ કહેશો ?

નારદ—હા, સાભળો. યોગ્યતારૂપ ગુણમાત્રથી બીજા ગુણ ભલે ઉદ્ભવે, પરંતુ ઉત્કૃષ્ટ ગુણનો સંભવ નથી. કેવળ યોગ્યતાથી સમસ્ત કાર્ય થતુ નથી. વિશિષ્ટ યોગ્યતા હોય તો જ ઉત્કર્ષ સધાય

વસુ—પૂર્વ પૂર્વ ગુણો ઉત્તર ઉત્તર ગુણોના આરંભક છે એથી કરીને ગુણનો ઉત્કર્ષ થાય છે. નિર્બીજ કાર્ય કદાપિ થતુ નથી. સામાન્ય ગુણ હોય તો વિશેષ ગુણ થાય કેવળ યોગ્યતાથી વિશેષ ગુણ પ્રાપ્ત થતા નથી.

ક્ષીરકદંબક—કાર્ષાપણ એટલે હલકા રૂપાના જેટલા ધનવાળી વ્યક્તિ બીજાં ઘણા કાર્ષાપણરૂપ હલકું નાણુ મેળવે તેથી એ થોડી જ કોટિધ્વજ યાને કરોડપતિ કહેવાવાની છે ? કોટિધ્વજ થતા તો ઘણી વાર લાગે અને એટલો વખત એ વ્યક્તિ જીવે એવો સભવ કેટલો ? ઉચ્ચ ગુણો તો યોગ્યતાથી જ આવી શકે

નારદ—ક્ષીરકદંબક ! તમે તો મારા મતને મળતા થાઓ છો.

વિશ્વ—**ક્ષીરકદંબક** ! તમારી વાત સાચી નથી. કાર્ષાપણ જેટલી અલ્પ પૂંજીવાળી વ્યક્તિ ભાગ્યોદયથી જોતજોતામા ‘ કોટિધ્વજ ’ના વ્યવહારને લાયક બને ઘણા નાના ગુણોથી મોટા ગુણ ઉત્પન્ન થવાનો સંભવ છે.

સમ્રાટ્—તમે તો મારા પક્ષના લાગો છો.

સુરગુરુ—કોઈ ગુણમા ઓછાશ હોય તોપણ ગુણની બહુલતા હોય, અને એ જ બહુલતા વાસ્તવિક યોગ્યતા છે.

સિદ્ધસેન—આ બધી ભાજગડ શા માટે ? બધુ બરાબર ઘટે છે-બંધબેસતુ છે. પુરુષના પરાક્રમ વડે સિદ્ધ થનારા ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ વ્યવહારોને વિષે જે જ્યારે નિમિત્તપણે ઉપપન્ન અર્થાત્ ઘટતુ બુદ્ધિશાળીઓએ ઉત્પ્રેક્ષ્યુ છે તે બધુ ઘટતુ છે–ઉપપન્ન છે. ઉપપન્ન કહો કે યોગ્ય કહો એ એક જ છે.

આનો ઉપસહાર કરતાં **હરિભદ્રસૂરિએ** કહ્યુ છે કે અસાધારણ ગુણો અલ્પ હોય તોપણ તે કલ્યાણના ઉત્કર્ષને સાધે છે.

આનો ઉપસંહાર કરતાં **મુનિચન્દ્રસૂરિ** કહે છે કે **વાયુ**, **વાલ્મીકિ**, **વ્યાસ**, **સમ્રાટ્**, **નારદ**, **વસુ** અને **ક્ષીરકદંબકે** એક-બીજાના મતનુ ખડન કર્યું છે એટલે એનુ ખડન કરવાનો અમારે વિચાર નથી. વળી **વિશ્વ**, **સુરગુરુ** અને **સિદ્ધસેન** અસાધારણ ગુણનો અનાદર કરી યોગ્યતાને સ્વીકારે છે તો એ યોગ્ય નથી, કેમકે કેવળ યોગ્યતાથી પરિપૂર્ણ કાર્ય થાય નહિ જો અન્યથા હોય તો શબ્દાતરથી એમણે અમારો જ મત સ્વીકાર્યો છે.

પૌર્વાપર્ય—અ. ૪, સૂ. ૩ (પત્ર ૫૪ આ) **યોગદૃષ્ટિસમુચ્ચય** (શ્લો ૧૦)ની સ્વોપજ્ઞ ટીકા (પત્ર ૪અ)મા ઉદ્ધૃત કરાયુ છે એ ઉપરથી **ધર્મબિન્દુ** આ સ્વોપજ્ઞ ટીકા પૂર્વે રચાયાનું ફલિત થાય છે.

વિવરણ—મુનિચન્દ્રસૂરિએ **ધર્મબિન્દુ** ઉપર સંસ્કૃતમાં ૩૦૦૦ શ્લોક જેવડું વિવરણ રચ્યું છે અને એ [1]છપાવાયું છે આની મૂળ સહિતની એક તાડપત્રીય પ્રતિ વિ. સં. ૧૧૮૧માં લખાયેલી છે

વ્યાખ્યાનો—જેમ **અષ્ટકપ્રકરણ**ને ઉદ્દેશીને આગમોદ્ધારકે વ્યાખ્યાનો આપ્યા છે તેમ આ **ધર્મબિન્દુ**ને અંગે ૨૨ વ્યાખ્યાનો આપ્યા છે. આ લખી તો લેવાયાં છે, પરંતુ એ અમુદ્રિત છે.

ઇટાલિયન ભાષાંતર—ડૉ. સુઆલિએ **યોગબિન્દુ**ની ઇ સ. ૧૯૧૦મા લખેલી પ્રસ્તાવનામા કહ્યું છે કે **ધર્મબિન્દુ**નો સ્પષ્ટીકરણ-પૂર્વકનો મારો ઇટાલિયન અનુવાદ "જર્નલ ઑફ ધિ ઇટાલિયન એશિયાટિક સોસાયટી"મા છાપવા માટે મુદ્રણાલય પર મોકલ્યો છે. અ. ૧–૩ પૂરતો [2]પ્રથમ ભાગ પુ. ૨૧માં પ્રકાશિત થયો છે, બાકીનો ભાગ ચાલુ વર્ષમાં છપાશે.

ગુજરાતી અનુવાદ—**ધર્મબિન્દુ**ના વિવિધ અનુવાદો જોવાય છે :—

(૧) **રામચન્દ્ર** દીનાનાથ શાસ્ત્રીએ ભાષાંતર કર્યાનું કહેવાય છે.

(૨) **શાંતિસાગરે** જૂની ઢબે ગુજરાતી અનુવાદ કર્યો હોય એમ **ધર્મબિન્દુ**ની મ ન **દોશી**ની ઈ સ ૧૯૧૨ની પ્રસ્તાવના જોતા ભાસે છે ત્યા નીચે મુજબ ઉલ્લેખ છે .—

"શ્રીહરિભદ્રસૂરિકૃત **ધર્મબિન્દુ** ગ્રંથ મૂળ ટીકા તથા ભાષાંતર સાથે શ્રી**શાન્તિસાગરજી** તરફથી પ્રથમ પ્રગટ કરવામા આવ્યો હતો "

કદાચ એમ પણ હોય કે **શાન્તિસાગરજી** અનુવાદક ન હોય અને એમના ઉપદેશથી આ પ્રકાશન થયુ હોય ગ્રંથ નજરે જોવા મળે તો નિર્ણય થઈ શકે.

---

૧ જુઓ પૃ. ૧૦૦, ટિ ૧.

૨ આ તેમ જ અવશિષ્ટ ભાગ અદ્યાપિ મારા જોવામા આવ્યા નથી

(૩) ધર્મબિન્દુનુ ગુજરાતી ભાષાતર ભાવાર્થપૂર્વક શ્રી **મ**ણિલાલ નથુભાઈ દોશીએ કર્યું છે. એ મૂળ સહિત "જૈન પત્ર ઓફિસ" તરફથી સ્વ **ભ**ગુભાઈ ફતેહચંદ કારભારીએ ઈ. સ. ૧૯૧૨મા પ્રકાશિત કર્યું છે

(૪) કોઈકે મૂળ તેમ જ એની **મુ**નિચન્દ્રસૂરિકૃત ટીકાનુ ગુજરાતીમા ભાષાતર કર્યું છે. આ મૂળ અને આ ટીકા સહિત "જૈ. આ સ."એ વિ. સં. ૧૯૬૭મા છપાવ્યું છે, પરંતુ ભાષાંતરકર્તાનુ નામ આપ્યુ નથી.

(૫) શ્રી. **મ**ણિલાલ નથુભાઈ દોશીએ **ધર્મબિન્દુ** (અ. ૧-૩)નો ગુજરાતી અનુવાદ કર્યો છે. એ એટલી મૂળ કૃતિ સહિત **શ્રાવકધર્મ** એ નામથી એમના તરફથી પ્રથમ ભાગ તરીકે ઈ. સ. ૧૯૨૯મા છપાવાયો છે. ત્યાર પછી બીજો ભાગ બહાર પડ્યો હોય તો તેની મને ખબર નથી.

(૬૬) ધર્મલાભસિદ્ધિ

આ કૃતિનો ઉલ્લેખ **સુમતિગણિ**એ કર્યો છે. પ્રો. **વેબરે** એમના બીજા હેવાલ (પૃ. ૯૮૭)મા આ કૃતિની નોધ લીધી છે. **જિ. ર. કો.**મા આની કશી નોધ નથી

(૬૮-૬૯) ધર્મસારપ્રકરણ અને એની સ્વોપજ્ઞ ટીકા

ધર્મસાર નામની કૃતિ સસ્કૃતમા કે પાઇયમા અને તે પણ ગદ્યમા કે પદ્યમા રચાઈ છે એ જાણવાનુ કોઈ સાધન હોય તો તે **ચન્દ્રર્ષિ**કૃત **પંચસંગહ** (ગા. ૮) ઉપરની **મલયગિરિસૂ**રિકૃત ટીકા (પત્ર ૧૧આ)માની નિમ્નલિખિત પંક્તિ છે:—

"अत एवोक्तं हरिभद्रसूरिणा **धर्मसारप्रकरणे**–'साध्यव्याधिसममेव तत्' इति ॥'

આ કૃતિની એકે હાથપોથી હજી સુધી તો મળી આવી નથી. હરિભદ્રસૂરિએ આ કૃતિ રચી છે એમ માનવા માટે શો આધાર છે એમ કોઈ પ્રશ્ન પૂછે તો તેનો ઉત્તર ઉપર્યુક્ત ઉલ્લેખ પૂરો પાડે છે. વિશેષમા આ કૃતિની નોધ મલયગિરિસૂરિએ **ધમ્મસંગહણી** (ગા. ૪)ની ટીકા (પત્ર ૭અ)મા નીચે મુજબ લીધી છે —

"यथा चापुरुषार्थता अर्थकामयोस्तथा **धर्मसार**टीकायामभिहितमिति नेह प्रतन्यते"

આ ઉલ્લેખ ઉપરથી એમ અનુમનાય છે કે **ધર્મ**સારની રચના હરિભદ્રસૂરિએ કરી છે અને એની ટીકા મલયગિરિસૂરિએ રચી છે

વિષય–ધર્મસાર એ નામ વિચારતા એમ ભાસે છે કે એમા ધર્મનો સાર સમજાવાયો હશે. એમા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ વિષે તેમ જ પ્રસંગવશાત્ કેવલિ-સમુદ્ઘાત વિષે નિરૂપણ હશે એમ લાગે છે.

વિવરણ–ધર્મસારના ઉપર મૂલટીકા એટલે કે પહેલવહેલી ટીકા જો કોઈ પણ હોય તો તે હરિભદ્રસૂરિની છે અને તે પણ સંસ્કૃતમા ગદ્યમા છે એમ દેવેન્દ્રસૂરિના **છાસીઈ** (ગા ૨૯)ની સ્વોપજ્ઞ ટીકા (પૃ. ૧૬૧)-ગત નિમ્નલિખિત ઉલ્લેખ ઉપરથી જાણી શકાય છે.—

"यदाह **धर्मसार**मूलटीकाया भगवान् श्रीहरिभद्रसूरि —
'मनोवचसी तदा न व्यापारयति प्रयोजनाभावात्'"

આ પ્રસંગ વિચારતા એમ લાગે છે કે કેવલિ-સમુદ્ઘાતનો અધિકાર **ધર્મસાર**મા આવતો હશે

ધમ્મસંગહણી (ગા ૪) ઉપરની મલયગિરિસૂરિકૃત ટીકા (પત્ર ૭અ)મા **ધર્મસાર** પર આ સૂરિએ રચેલી ટીકાનો ઉલ્લેખ છે આમ જે **ધર્મસાર** ઉપર મલયગિરિસૂરિની ટીકા છે તે આ જ

ધર્મસાર હોવો જોઈએ, અને એ હિસાબે **ધર્મસાર(પ્રકરણ)** ઉપરની બીજી ટીકા તે **મલયગિરિસૂરિ**ની છે.

નામસામ્ય--ન્યાયકંદલીની **રાજશેખરસૂરિ**કૃત ટીકાના અંતમા જે નિમ્નલિખિત પદ્ય છે એ ઉપરથી જાણી શકાય છે કે 'મલધારી' દેવપ્રભસૂરિએ **પાંડવાયનચરિત્ર** તેમ જ **ધર્મસાર** રચ્યા છે:—

"तत्क्रमिको देवप्रभसूरि' किल पाण्डवायनचरित्रम् ।
श्रीधर्मसारशास्त्रं च निर्ममे सुकविकुलतिलक ॥ १२ ॥"

(૭૦ અને ૭૧) [1]ધુત્તક્ખાણ [ધૂર્તાખ્યાન]

ભાષા—આ સમગ્ર કૃતિમા [2]અવતરણરૂપે સાત પદ્યો સંસ્કૃતમા છે એ બાદ કરતા બાકીના તમામ પદ્યો જ. મ.મા છે. આ પાઇય પદ્યોમા પણ પાચ તો [3]અવતરણ છે.

આખ્યાનકો અને એનાં નામ—આ કૃતિમા પાચ આખ્યાનકો છે. એની પદ્યસંખ્યા અનુક્રમે ૯૩, ૭૫, ૯૮, ૯૪ અને ૧૨૫ છે. આ પૈકી છેલ્લુ પદ્ય તો આ આખ્યાનકના કર્તા હરિભદ્રસૂરિના કોઈ પ્રશંસકે યોજ્યું હોય એમ જણાય છે.

ઉપર્યુક્ત પાચ આખ્યાનકના નામ તે તે આખ્યાનકના મુખ્ય પાત્રના

---

૧ આ આખ્યાન "સિ જૈ ગ્ર "મા ઈ સ. ૧૯૪૪મા પ્રકાશિત કરાયુ છે. એનુ સપાદન **જિન**વિજયજીએ કર્યું છે અને એના સમીક્ષાત્મક અભ્યાસરૂપે અગ્રેજી લેખ ડૉ એ. એન. ઉપાધ્યેએ લખ્યો છે. આ સસ્કરણમા **સંઘતિલકસૂરિ**કૃત **તત્ત્વકૌમુદી**ગત સસ્કૃત 'ધૂર્તાખ્યાન' અને મૂળ(?)ના ગદ્યાત્મક અનુવાદરૂપે લોકભાષામા જૂની ગુજરાતીમા રચાયેલી અજ્ઞાતકર્તૃક **ધૂર્તાખ્યાનકથા** અપાયા છે.

૨-૩ આમ જે બાર અવતરણો છે તેના મૂળનો નિર્દેશ સપાદક મહાશયે કે ડૉ એ એન ઉપાધ્યેએ કર્યો નથી.

નામ ઉપરથી રખાયાં છે. **મૂલસિરી** (મૂલશ્રી) યાને [૧]**મૂલદેવ**, કંડરીય (કંડરીક), **એલાસાઢ** (એલાષાઢ), **સસ** (શશ) અને ખંડવાણા (ખંડપાના) એ આ મુખ્ય પાત્રના–ધૂર્તશિરોમણિઓના નામ છે. પહેલા ચાર પુરુષ–ધૂર્ત પાચસે પાચસે ધૂર્તના નાયક છે, અને છેલ્લી ખંડવાણા એ સ્ત્રી–ધૂર્ત પાચસે ધૂર્તાણી (ધૂતારી)ની મુખી છે.

નિર્દેશ—હરિભદ્રસૂરિએ જાતે આ કૃતિને [૨]બે સ્થળે–પ્રથમ પદ્યમા તેમ જ પાચમા આખ્યાનકના ૧૨૨મા પદ્યમા **ધુત્તક્ખાણ** તરીકે નિર્દેશી છે

કપ્પ (ભા. ૩)ની વૃત્તિ (પૃ ૭૨૨)મા "आख्यानकानि धूर्ताख्यानकादीनि" એવો જે ઉલ્લેખ છે તે આ કૃતિને જ ઉદ્દેશીને હશે એમ લાગે છે. **પ્ર૦ ચ૦** (શૃંગ ૯, શ્લો. ૨૧૧)મા [૩]**કિતવકથાનકપંચક** તરીકે જે કૃતિનો ઉલ્લેખ છે તે તો **ધુત્તક્ખાણ** જ છે. વિશેષમાં એમાનો ૨૦૯મો શ્લોક અલ્પ પરિવર્તનપૂર્વક પાચમા આખ્યાનકના ૧૨૦મા પદ્ય તરીકે જોવાય છે. એથી આ અનુમાન પુષ્ટ બને છે.

વિષય—વૈદિક હિન્દુઓની હાસ્યાસ્પદ પૌરાણિક માન્યતાઓની–ગપ્પાઓની ઠેકડી કરવાના આશયથી આ કૃતિ રચાઈ છે, અને એમા ગ્રંથકારને અસાધારણ સફળતા મળી છે. 'ચિત્રકૂટ' દુર્ગમા રહીને સમ્યક્ત્વના રાગી હરિભદ્રસૂરિએ આ કથા રચી ભારતીય 'ચાબખા' સાહિત્યમા અમૂલ્ય ઉમેરો કર્યો છે. **ઋગ્વેદ**ના 'મંડૂકસૂક્ત' અને **ઐતરેય** બ્રાહ્મણમાની **શુનઃશેપ**ની કથા એ આ જાતના ભારતીય

---

૧ **મૂલદેવ** નામના ધૂર્તની કથા [**આવસ્સય**ની ચુણ્ણિ (ભા. ૧, પૃ. ૫૪૯)મા છે

૨ જુઓ પૃ. ૧ અને ૨૨.

૩ કિતવ એટલે ધૂર્ત.

સાહિત્યના પ્રાચીનતમ નમૂનાઓ છે. આ દિશામા "વ્યાજ-સ્તુતિ"ના લેખકોનો પણ—અલંકારશાસ્ત્રીઓનો પણ ફાળો છે. **અ**ખાના છપ્પા અને **ભોજા** ભગતના ચાબખા જૂની [1]ગુજરાતીમા આ જાતનુ સાહિત્ય રજૂ કરે છે. આધુનિક સમયમા આવુ કાર્ય "સુન્દરમ્" તરફથી "કડવી વાણી" દ્વારા કરાયું છે. સ્વ. **ર**મણભાઈ નીલકંઠે એમના પત્ની લેડી **વિદ્યાગૌરી**ની સહાયતાપૂર્વક રચેલા **હાસ્યમંદિર**-ની પણ અહી નોધ લેવી ઘટે છે. એમા "satire" વિષે એક અંગ્રેજી લેખનો સારાશ અપાયો છે.

૫. **બેચરદાસે** પૃ. ૧૦૦મા આ **ધુત્તક્ખાણ**ના કર્તા તરીકે અન્ય **હ**રિભદ્રનો ઉલ્લેખ કર્યો છે તો તે માટે વિચાર થવો ઘટે.

(૭૭ અને ૪૩) **નાણપંચગવક્ખાણ [જ્ઞાનપંચકવ્યાખ્યાન]**

આ પાઇય કૃતિમા ૨૬ પદ્યો છે અને એ દ્વારા જ્ઞાનના પાચ પ્રકારોનું નિરૂપણ કરાયું છે. ગાથા ૧–૧૦માં મતિજ્ઞાનનુ, ૧૧–૧૮મા શ્રુતજ્ઞાનનુ, ૧૯–૨૨મા અવધિજ્ઞાનનું, ૨૩મીમા મનઃપર્યાયજ્ઞાનનુ અને ૨૪–૨૫મા કેવલજ્ઞાનનુ સ્વરૂપ સમજાવાયુ છે. અંતિમ ગાથામા વિષય અને ગ્રંથકારના નામ વિષે ઉલ્લેખ છે. અહીં જોકે 'હરિભદ્રસૂરિ' એવુ નામ અપાયું છે છતા આ હરિભદ્ર તે પ્રસ્તુત છે કે કેમ તે વિચારવું બાકી રહે છે.

સમયસુન્દર ઉપાધ્યાયે [2]**ગાહાસહસ્સી** (પદ્ય ૬૫૮–૬૮૩)મા

---

૧ સંસ્કૃતમા આ જાતનુ સાહિત્ય કેવુ છે એનો ચિતાર વિવિધ સંસ્કૃત કૃતિઓ જોઈ જઈ ડૉ એસ કે ડેએ "Satirical Poems in Sanskrit" નામના લેખમા આપ્યો છે. આ લેખ "Indian Culture" (Vol VIII, No 1, pp. 1-8)મા છપાયો છે

૨ આ કૃતિમા લગભગ ૭૦૦ પદ્યો જ. મ મા છે, જ્યારે થોડા સંસ્કૃતમા છે. એથી મે એનુ આ પાઇય નામ આપ્યુ છે, બાકી ગ્રંથકારે તેમ બીજાઓએ પણ એનો **ગાથાસહસ્રી** તરીકે ઉલ્લેખ કર્યો છે આની રચના વિ સં. ૧૬૮૬મા થઈ છે.

આ સમગ્ર કૃતિ ઉદ્ધૃત કરી છે એટલે આ કૃતિ વિ સ. ૧૬૮૬ની પહેલાની તો છે જ, પણ તે કેટલી પ્રાચીન છે તે જાણવા માટે તો અન્ય સાધનની આવશ્યકતા રહે છે. ઉપર્યુક્ત પદ્યો પૈકી ૬૬૪મુ પદ્ય તે **નંદીનુ** ૬૮મું, ૬૬૨મુ તે ૮૪મું અને ૬૭૦મુ તે ૮૮મુ પદ્ય છે એમ **નંદીના** ત્રણ પદ્યા અહીં ગૂથી લેવાયા છે.

(૭૬ અને ૮૦) [1]**નાણાચિત્તપયરણ [નાનાચિત્તપ્રકરણ]**

નામ—આ જ. મ.મા ૮૧ ગાથામા રચાયેલી નાનકડી કૃતિની બીજી ગાથા [2]"नाणाच्चित्ते लोए"થી શરૂ થાય છે એથી એનું ઉપર મુજબનું નામ યોજાયું હોય એમ લાગે છે. કેટલાક આ કૃતિને **નાણાઇત્ત, નાણાયત્તક, નાનાચિત્રક, નાનાચિત્રિકા, જ્ઞાનચિત્રિકા** તેમ જ **જ્ઞાનાદિત્ય** પણ કહે છે. આ કૃતિમા એના કર્તાનુ નામ નથી.

વિષય—પહેલી ગાથામા જિનને નમન કરતી વેળા એમને ધર્મરૂપ સુવર્ણને માટે કપપટ્ટ કહ્યા છે. આ ગાથામા સક્ષેપથી ધર્મ-વિશેષ કહેવાની પ્રતિજ્ઞા કરાઈ છે. બીજી ગાથામા કહ્યુ છે કે વિવિધ પ્રકારના ચિત્તવાળા લોકની મતિ જાતજાતના પાખડીઓએ મોહિત કરી છે અને એથી એઓ દુ:ખી છે તો એ દુ·ખ દૂર કરવા સર્વજ્ઞનો ધર્મ છે. 'ધર્મ ધર્મ' એમ અનેક રીતે કહેવાય છે, પરતુ

---

૧ "ઋ કે શ્વે સસ્થા" તરફથી ઈ સ ૧૯૨૯મા છપાયેલા **સિરિપયરણસંદોહમા** ૧૮ પયરણ પાઇયમા અને ૧૦ પ્રકરણ સસ્કૃતમા છપાયા છે. એમા પત્ર ૨૭–૩૨માનુ ૧૦મુ પયરણ તે **નાણાચિત્તપયરણ** છે અતમા "नानाचित्तकप्रकरण समाप्तम्" એવો ઉલ્લેખ છે

૨ "नाणाच्चित्ते लोए नाणापासड्डिमोहमईए ।
दुक्खं निव्वाहेउ सव्वन्नुवएसियो धम्मो ॥ २ ॥"

ધર્મની પરીક્ષા સુવર્ણની જેમ ત્રણ રીતે થવી ઘટે.[1] આ ધર્મ અહિંસામય હોવો ઘટે. એ બાબત અહીં વિસ્તારથી સમજાવાઈ છે. ગા. ૧૨મા ધર્મ, તપ, સાધુ, અને મુનિના, ગા ૧૩મા શ્રમણ, બ્રાહ્મણ, તાપસ અને પરિવ્રાજકના અને ગા. ૫૫મા તીર્થ તથા ગા. ૭૧મા દીક્ષિતના (અને એ દ્વારા ભાવ-કુંડ, ભાવ-અગ્નિ વગેરેના) લક્ષણો અપાયાં છે ગા ૩૧, ૩૮, ૪૦ ઇત્યાદિમા કહ્યું છે કે દયા એ જ સાર છે, નહિ કે જળ, જટા, મુંડણ, વલ્કલનાં વસ્ત્રો, સમિધ, [2]પંચાગ્નિ-તપ, મૃત્તિકા, શેવાલાદિનું ભક્ષણ કે અરણ્યાદિમા વાસ. 'સંસ્કૃત બોલવાથી શું?' એ બાબત ગા. ૨૧-૨૨મા દર્શાવાઈ છે. ગા. ૫૧મા પાચ પ્રકારના શૌચનો નિર્દેશ છે. ગા. ૧૯મા વેદ, વ્યાકરણ, (**મહા**)-**ભારત, રામાયણ** અને પુરાણનો અને ગા. ૪૬મા ગંગા, યમુના, પુષ્કર અને પ્રભાસનો ઉલ્લેખ છે. ગા. ૫૮મા કહ્યુ છે કે અહિંસાદિ પાળનારને ઘેર બેઠા ગગા છે. ગા. ૭૭મા એ બાબત છે કે જેમ સર્વ નદીઓ ક્રમે કરીને સમુદ્રમા પડે છે તેમ સર્વ ધર્મો ભગવતી અહિંસામા સમાય છે.

(૭૮ અને ૪૩અ) **નાણાયત્તક** [? **જ્ઞાનપત્રક**]

આ **નાણાચિત્તપયરણ**નુ નામાતર જણાય છે. જુઓ પૃ ૧૧૧.

(૭૯) **નાનાચિત્રક** અને (૮૦અ) **નાનાચિત્રિકા**

આ **નાણાચિત્તપયરણ** હશે

---

૧ આ સબધમા જુઓ **ધર્મબિન્દુ** (અ ૨, સૂ ૩૩-૩૭ અને **પંચવત્થુગ** (ગા. ૧૦૨૦-૧૦૨૩)

૨ ચારે બાજુ લાકડા સળગતા હોય અને માથા ઉપર સૂર્યનો તડકો પડતો હોય એમ પાચ પ્રકારનો અગ્નિ સહન કરવો તે 'પંચાગ્નિ તપ' છે. આ પ્રમાણેની હકીકત હેમવિજયગણિએ વિ સ ૧૬૩૨મા સસ્કૃતમા રચેલા **પાર્શ્વનાથચરિત્ર** (સ ૫, શ્લો. ૧૯)મા છે.

(૮૧) ¹નૃતત્ત્વનિગમ યાને
(૧૨૯) લોકતત્ત્વનિર્ણય

નામ—આ સંસ્કૃતમાં ૧૪૭ પદ્યમાં વિવિધ છંદોમાં રચાયેલી કૃતિ છે. એના પ્રારંભિક પદ્યમાં એનું નામ **નૃતત્ત્વનિગમ** નજરે પડે છે. તેમ છતાં આ કૃતિ **લોકતત્ત્વનિર્ણય** એ નામથી જાણીતી બની છે. આ નામાંતર પુષ્પિકામાં અપાયેલું છે. હરિભદ્રસૂરિના ઉત્તરવર્તી કોઈ ગ્રંથકારે આ કૃતિનો નામનિર્દેશ કર્યો હોય તો તે શી રીતે કર્યો છે અને એ કરનાર કેટલા પ્રાચીન છે એ બાબતો જણાયે **લોકતત્ત્વનિર્ણય** નામ ક્યારથી પ્રચલિત બન્યું તેનો નિર્ણયાત્મક ઉત્તર આપી શકાય. જો પુષ્પિકા એ ગ્રંથકારની જ કલમથી ઉદ્ભવેલી હોય તો ગ્રંથકારને બંને નામ અભિપ્રેત હતાં એમ કહેવાય વળી 'નૃતત્ત્વનિગમ' એ નામ ખરી રીતે 'લોકતત્ત્વનિર્ણય' જેવો શબ્દ-પ્રયોગ પદ્યમાં ઉતારાયો નહિ હોય તેથી પણ યોજાયું હોય. જો એમ જ હોય તો આ કૃતિનું વાસ્તવિક નામ **લોકતત્ત્વનિર્ણય** ગણાય.

ષડ્દર્શનસમુચ્ચય (શ્લો. ૧)ની **તર્કરહસ્યદીપિકા** નામની ટીકા (પત્ર ૪અ)માં "तदुक्तं पूज्यहरिभद्रसूरिभिरेव **लोकतत्त्वनिर्णये**" એવા ઉલ્લેખપૂર્વક નીચે મુજબના બે પદ્યો અપાયા છે એટલે મોડામાં મોડી વિક્રમની પંદરમી સદીમાં તો આ કૃતિ **લોકતત્ત્વનિર્ણય** તરીકે પ્રસિદ્ધિ પામી એમ કહી શકાય:—

૧ આ કૃતિ **લોકતત્ત્વનિર્ણય** એ નામથી "જૈ. ધ. પ્ર. સ." તરફથી ઈ. સ. ૧૯૦૨માં પ્રસિદ્ધ કરાઈ છે. વળી આ ડૉ. લુઇગિ સુઆલિના ઈટાલિયન ભાષાંતર સહિત "Giornale della Societa Asiatica Italiana" (Journal of the Italian Asiatic Society)માં ઈ. સ. ૧૯૦૫માં પ્રકાશિત કરાઈ છે. એનું સંપાદન ડૉ. સુઆલિએ કર્યું છે. ગુજરાતી ભાષાંતર સાથે આ **લોકતત્ત્વનિર્ણય** "હંસવિજયજી જૈન ફ્રી લાયબ્રેરી સિરીઝ"માં ગ્રંથાંક ૧૦ તરીકે ઈ. સ. ૧૯૨૧માં છપાયો છે.

"वन्धुर्न नः स भगवान् रिपवोऽपि नान्ये
साक्षान्न दृष्टचर एकतरो(मो)ऽपि चैषाम्।
श्रुत्वा वचः सुचरितं च पृथग्विशेषं
वीर गुणातिशयलोलतया श्रिता· स्म· ॥"

"पक्षपातो न मे वीरे न द्वेष· कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥ "

વિભાગ—ઇ. સ. ૧૯૨૧ની આવૃત્તિમા આ કૃતિ ત્રણ વિભાગે
મા વિભક્ત કરાઈ છે. એ ત્રણેનાં પદ્યોની સંખ્યા અનુક્રમે ૭૫, ૩
અને ૩૭ની રખાઈ છે. આમ કુલ્લે ૧૪૭ પદ્યો છે. આ આવૃત્તિ
બીજા વિભાગમાં ઉપનિષદોમાથી જે અવતરણો અપાયા છે તેને એ
પદ્ય તરીકે ગણેલા છે.

વિષય—પ્રથમ વિભાગના શ્લો. ૨૩–૩૧મા નીચે મુજબ
અજૈન દેવોનો નામનિર્દેશ છે:—

અનલ (અગ્નિ), **આર્યા** (**અં**બિકા), ઇન્દ્ર, **બ્ર**હ્મા, **વિ**નાય
વિષ્ણુ, **શ**ક્ર, **શં**ભુ, **સૂ**ર્ય, **સો**મ, **સ્ક**ંદ અને હલધર.

અહીં **શ**ક્ર અને ઇન્દ્ર વચ્ચે ભેદ ગણાયો છે.

હરિભદ્રસૂરિએ ઉપર્યુક્ત દેવોના કૃત્યોની નિન્દા કરી છે[1] :
વાત ખરી, પરંતુ આ સૂરિએ જે કોઈ દેવ વાસ્તવિક રીતે સંપૂર્ણપ
વીતરાગ હોય તેને—પછી ભલેને એનુ નામ **બ્ર**હ્મા, **વિ**ષ્ણુ, **શં**કર
હર કા ન હોય તેને નમન કર્યું છે અને એ રીતે પોતાના સમભાવ
પ્રકટ કર્યો છે.

---

૧ **અષ્ટકપ્રકરણ**માનુ "મહાદેવાષ્ટક" સમજાવતા **જિનેશ્વરસૂરિ**
અજૈન દેવોનો પરિચય અજૈન ગ્રંથોને આધારે આપ્યો છે **હિંદુસ્તાન**
દેવોમા પણ આ જાતની સામગ્રી પીરસાઈ છે.

પ્રથમ વિભાગમાં શ્લો. ૪૨–૭૫ દ્વારા સૃષ્ટિનું સ્વરૂપ આલેખતી વેળા એની ઉત્પત્તિ વિષેની વિવિધ માન્યતાઓ રજૂ કરાઈ છે.

બીજા વિભાગના શ્લો. ૧–૧૧મા આત્માનુ સ્વરૂપ વિચારાયું છે. શ્લો ૧૨–૩૫માં અજૈન દૃષ્ટિએ કર્મના સિદ્ધાન્તનુ નિરૂપણુ છે. અહીં જેઓ સ્વભાવ, નિયતિ કે પરિણામને અઘટિત મહત્ત્વ આપે છે તેમના વિચારો દર્શાવાયા છે.

ત્રીજા વિભાગના શ્લો. ૧–૩૭માં અજૈન મંતવ્યોનું નિરસન છે.

સંતુલન—આ નાનકડી કૃતિના કેટલાક શ્લોકો **ભગવદ્ગીતા** સાથે મળતા આવે છે:

નૃતત્ત્વનિગમ	ભગવદ્ગીતા
ભાગ ૧ શ્લો. ૫૨	અ. ૧૩ શ્લો. ૧
,, ૧ ,, ૫૩	,, ૧૫ ,, ૧
,, ૨ ,, ૨	,, ૧૫ ,, ૧૬
,, ૨ ,, ૬	,, ૫ ,, ૧૪
,, ૨ ,, ૮	,, ૨ ,, ૨૩
,, ૨ ,, ૯	,, ૨ ,, ૨૪
,, ૨ ,, ૧૩	,, ૬ ,, ૫

પ્રથમ વિભાગના શ્લો. ૭૦ ને ૭૧ **સાંખ્યકારિકામા** અનુક્રમે શ્લો. ૨૨ અને ૩ તરીકે નજરે પડે છે. બીજા વિભાગનો [1]પ્રારંભિક ભાગ **શ્વેતાશ્વતર** ઉપનિષદ્ (અ. ૩, શ્લો. ૧૫) સાથે અને ‘यस्मात् परं’થી શરૂ થતું પદ્ય આ ઉપનિષદ્ (અ. ૩, શ્લો. ૯) સાથે સામ્ય ધરાવે છે

૧ पुरुष एवेद सर्वं यद् भूत यच्च भा(भ)व्यम्।
उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति ॥”

" यदेजति यन्नैजति यद् दूरे यदु अन्तिके ।
यदन्तरस्य सर्वस्य यदु सर्वस्यास्य बाह्य(त):"

આ પદ્ય ઈશાવાસ્ય ઉપનિષદ્ (શ્લો. ૫)મા યદ્ ને બદલે તદ્ એવા પરિવર્તનપૂર્વક જોવાય છે. " एक एव भूतात्मा तदा सर्व प्रतीयते "નો પૂર્વાર્ધ બ્રહ્મબિન્દુ (શ્લો. ૧૨) સાથે મળતો આવે છે. પ્રથમ વિભાગના પ્રથમ પદ્યનું " न ह्याप्तवादा नभसः पतन्ति " એ ચરણ **અ. જ. પ.** (ખંડ ૧)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૨૧૨) સાથે સરખાવી શકાય.[1] બીજા વિભાગનો " एतावानेव लोकोऽयं "થી શરૂ થતો ૩૩મો શ્લોક **ષડ્દર્શનસમુચ્ચયનો** ૮૧મો શ્લોક છે.

સૂચન અને ન્યાય—પ્રથમ વિભાગના ૧૯મા પદ્યમા કોઈકે સુવર્ણ લીધાની વાત છે. આ વિભાગના ૪૬મા પદ્યમા [1]' જલમથન ' ન્યાયનો ઉલ્લેખ છે

અવતરણ–તર્કરહસ્યદીપિકા (પત્ર ૪અ)મા આ **લોકતત્ત્વનિર્ણયના** પ્રથમ વિભાગના શ્લોક ૩૨ અને ૩૩ ઉદ્ધૃત કરાયા છે. આ પદ્યો મેં પૃ. ૧૧૪મા આપ્યા છે. એના બીજા ભાગનો " कः कण्टकना प्रकरोति तैक्ष्ण्य ' થી શરૂ થતો ૨૧મો શ્લોક તેમ જ ૨૨મો શ્લોક **ત૦ ર૦ દી૦**મા પત્ર ૫આમા અને ૬અમા છે. આ ૨૧મો શ્લોક **લલિતવિસ્તરાની પંજિકા** (પત્ર ૧૮અ–૧૮આ)મા પણ છે.

ઈટાલિયન ભાષાંતર—આ [2]છપાયું છે ખરું, જો કે એ જોઈ જવાનો મને સુયોગ મળ્યો નથી.

ભાષાંતર—આ કૃતિનુ ગુજરાતી ભાષાંતર થયેલું છે અને એ [3]છપાયુ છે.

---

૧ આની સમજૂતી માટે જુઓ **અ.જ.પ.** (ખડ ૨)ના મારા અંગ્રેજી ટિપ્પણો (પૃ. ૨૯૦)

૨ જુઓ પૃ. ૧૧૩, ટિ ૧.

૩ જુઓ પૃ ૧૧૩, ટિ ૧

(૮૩) ન્યાયવિનિશ્ચય

આ નામની કૃતિ **અકલંકે** રચી છે[1] અને **અનંતવીર્યે** તેમ જ **વાદિરાજસૂરિએ** એકેક ટીકાથી એને વિભૂષિત કરી છે. મ કિ. **મહેતાના** કથન મુજબ **હરિભદ્રસૂરિએ** આ નામની કોઈ કૃતિ રચી પણ હોય તો પણ એની એકે હાથપોથી કોઈ સ્થળે હોય એમ જાણવામા નથી.

(૮૪) ન્યાયામૃતતરંગિણી

સ્વ. કેશવલાલ મોદીના કથન પ્રમાણે પ. **બેચરદાસે** આ કૃતિ નોંધી છે. ન્યાયાચાર્ય **યશોવિજયગણિએ** [2]**નયોપદેશ** ઉપર **નયામૃતતરંગિણી** નામની સ્વોપજ્ઞ ટીકા રચી છે એનો તો અહીં ભૂલથી ઉલ્લેખ થયો નહિ હોય ?

(૮૬ અને ૯૬) પંચઠાણગ [પંચસ્થાનક]

આ કૃતિની નોંધ [3]**મધ્યાહ્નવ્યાખ્યાન**માના નિમ્નલિખિત ઉલ્લેખને આભારી છે :—

" अन्यै. श्रीहरिभद्रसूरिप्रमुखैर्द्वादशवाऽयमुक्तः श्रीपञ्चस्थानके—

उक्कोस सट्ठि पन्ना चत्ता तीस दसट्ठ पण दसगं ।

दस-नव-ति-दु-एगद्ध च जिणगहं वारसविभेय ॥ "

આ અવતરણ જોતા તો આ કૃતિ પદ્યમા જ૦ મ૦મા તો નહિ હોય એવો પ્રશ્ન સ્ફુરે છે.

---

૧ આ કૃતિ **લઘીયસ્ત્રય** અને **પ્રમાણસંગ્રહ** સહિત, **અકલંક-ગ્રંથત્રય** એ નામથી " સિ જૈ ગ્ર."મા ઇ. સ ૧૯૩૯મા છપાવાઈ છે.

૨ ભાવપ્રભસૂરિકૃત **પર્યાય** સહિત આ કૃતિ બીજી નવ કૃતિઓ સહિત " જૈ ધ પ્ર સ " તરફથી વિ સં. ૧૯૬૫મા " ન્યાયાચાર્યશ્રીયશોવિજયકૃત ગ્રથમાલા "ના નામથી છપાવાઈ છે

૩ આ કૃતિ **સમયસુંદરના** ગિષ્ય **હર્ષનંદને** વિ સ ૧૬૭૩મા રચ્યાનુ મનાય છે.

(૮૭-૮૮) પંચનિયંઠી [પંચનિર્ગ્રન્થી]

આની નોંધ પં. હરગોવિંદદાસે લીધી છે. પાંચ નિગ્રંથોના સ્વરૂપ ઉપર પ્રકાશ પાડનારી અને [1]**પંચનિગ્રંથી** તરીકે ઓળખાવાતી પાઇય કૃતિ **અભયદેવસૂરિએ** જે રચી છે તે તો સુપ્રસિદ્ધ છે. પણ આ કૃતિની તો એકે હાથપોથી **જિ૦ ર૦ કો૦**માં નોંધાઈ નથી તો શું આ નામની કોઈ કૃતિ જ **હરિભદ્રસૂરિએ** રચી નથી કે એ રચી હોય તો આજે એ નાશ પામી છે ?

(૮૯) પંચલિંગી

ચ. પ્ર. (પૃ. પર)માં આનો ઉલ્લેખ છે. **જિનેશ્વરસૂરિએ** ૧૦૧ ગાથામાં જે [2]**પંચલિંગી** રચી છે તેને તો ભૂલથી હારિભદ્રીય કૃતિ ગણી લેવાઇ નથી ને ?

(૯૦-૯૧) [3]પંચવત્થુગ [પંચવસ્તુક] અને એની (૯૨) સ્વોપજ્ઞ શિષ્યહિતા

વિભાગ—૧૭૧૪ પદ્યોમાં જ. મ.માં રચાયેલું **પંચવત્થુગ** પાંચ પ્રકરણોમાં વિભક્ત છે. એ દરેકને ' વત્થુ ' (વસ્તુ) કહે છે. પાંચ વત્થુમાં અનુક્રમે ૨૨૮, ૩૮૧, ૩૨૧, ૪૩૪ અને ૩૫૦ ગાથા છે.

વિષય— એકેક વત્થુમાં અનુક્રમે (૧) દીક્ષાની વિધિ, (૨) જૈન

---

૧ આ કૃતિ અવચૂરિ સહિત " જૈ. આ સ " તરફથી વિ. સ. ૧૯૪૭-માં છપાવાઈ છે.

૨ **જિનપતિ**કૃત સંસ્કૃત ટીકા સહિત આ કૃતિ " જિનદત્તસૂરિપ્રાચીન-પુસ્તકોદ્ધાર ફંડ " તરફથી સુરતથી ઈ. સ ૧૯૧૯માં છપાઈ છે.

૩ આ મૂળ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત " દે. લા જૈ. પુ સંસ્થા " તરફથી ઈ સ ૧૯૨૭માં છપાવાઈ છે. એના અંતમાં મૂળ પૃથક્ અપાયું છે. ઈ. સ. ૧૯૨૯માં " ઋ કે. શ્વે સંસ્થા " તરફથી જે **પંચાસગ** વગેરે દસ ગ્રંથોના પદ્યોની અકારાદિ ક્રમે સૂચી પ્રસિદ્ધ થઈ છે તેમાં **પંચવત્થુગ**ના પદ્યોની પણ અકારાદિ ક્રમે સૂચી છપાઈ છે જુઓ પૃ ૮૩, ટિ. ૧

શ્રમણની દિનચર્યા, (૩) ઉપસ્થાન (ગચ્છવાસ), (૪) શ્રમણોના ઉપકરણો તેમ જ (૫) તપશ્ચર્યા, અનુજ્ઞા અને સંલેખના એમ પાચ મુખ્ય અધિકારો છે. વિષયાનુક્રમમા પ્રવ્રજ્યા-વિધાન, પ્રતિદિનક્રિયા-વસ્તુ, ઉપસ્થાપના-વસ્તુ, અનુજ્ઞા-વસ્તુ અને સંલેખના-વસ્તુ એમ પાચ અધિકારના નામ અપાયા છે

બીજા વત્થુની ગા. ૧૨૨-૧૨૩મા જીર્ણ શેઠ અને એક બીજા શેઠની કથાનો નિર્દેશ છે. આ કથા સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૫૮આ-૫૯અ)મા અપાઈ છે.

ત્રીજા વત્થુમા પૃથ્વીકાયથી માડીને વનસ્પતિકાય સુધીના પાચે પ્રકારના સ્થાવરોમા જીવની સિદ્ધિ કરાઈ છે.

ચોથા વત્થુની ગા. ૧૯૦-૧૯૩મા (ગા ૧૦૨૦-૧૦૨૩)મા ધર્મને અગે સુવર્ણની પેઠે કષ, તાપ અને છેદનો વિચાર કરાયો છે. આ બાબતમા **ધર્મબિન્દુ** (અ. ૨, સૂ. [1] ૩૪-૪૩)મા તેમ જ **નાણા-ચિત્તપયરણ**મા પણ છે.

ચોથા વત્થુમાથી ત્રણ પદ્યો **સ્યાદ્વાદમંજરી** (**અન્યયોગવ્યવચ્છેદ-દ્વાત્રિંશિકા**ના શ્લો. ૩૨ની ટીકા)મા અપાયા છે

જોગવિહાણ—બીજા વત્થુની ૩૭૧મી ગાથામા **જોગવિહાણ**નો ઉલ્લેખ છે આ **જોગવિહાણ વીસવીસિયા**માની ૧૭મી વીસિયા તો નથી? જિનપ્રભસૂરિએ વિ. સ ૧૩૬૩મા પૂર્ણ કરેલી **વિહિમગ્ગપવા** (પૃ. ૫૮-૬૨)મા ૬૮ પદ્યોનુ **જોગવિહાણ** ઉદ્ધૃત કર્યું છે. શુ તે આ જ કૃતિ છે?

રજોહરણ—આનુ પ્રયોજન ચોથા વત્થુ (ગા. ૮૧૫)મા દર્શાવાયુ છે. એનું માપ ગા ૮૧૪મા દર્શાવાયું છે.

---

૧ ચાલુ અક ૯૨-૧૦૧ છે

વિશેષતા—**પંચવત્થુગ**ની બે વિશેષતા નોંધપાત્ર છે:—

(૧) પ્રાચીન કૃતિઓમા **પંચવત્થુગ**ના વિષયોનો અધિકાર છે, પરંતુ એ સર્વેનું તાર્કિક દૃષ્ટિએ નિરૂપણ તો આ જ કૃતિમા સૌથી પ્રથમ નજરે પડે છે.

(૨) આ કૃતિમા **થય-પરિણ્ણા** (સ્તવપરિજ્ઞા) વગેરે પાહુડોનો વિષય ચર્ચાયો છે.

ઉલ્લેખ—**મધ્યાહ્નવ્યાખ્યાન**મા **પંચવત્થુગ**નો ઉલ્લેખ છે.

વિવરણ—કર્તાએ પોતે સંસ્કૃતમા ૫૦૫૦ શ્લોક જેવડી સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે અને એનું નામ [૧]**શિષ્યહિતા** રાખ્યું છે. એમા વિવિધ અવતરણો છે. આ વૃત્તિ (પત્ર ૧આ)મા "तत्र शिष्टानामयं"-થી શરૂ થતી અને "विघ्नविनायकोपशान्तये"થી પૂર્ણ થતી પંક્તિઓ **અ. જ. પ.**ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૨)મા નજરે પડે છે. ગા. ૧૧૧૦-માં **થયપરિણ્ણા**નો ઉલ્લેખ છે તેને એની વૃત્તિમા 'પ્રાભૃતવિશેષ' કહેલ છે.

સંક્ષેપ ([૨]**માર્ગપરિશુદ્ધિ**)—'ન્યાયાચાર્ય' યશોવિજય-ગણિએ ૩૨૦ આર્યામા સંસ્કૃતમાં **માર્ગપરિશુદ્ધિ** નામની કૃતિ રચી છે. એ **પંચવત્થુગ**ના સંક્ષેપરૂપ છે.

ભાષાંતર—આગમોદ્ધારકે **પંચવત્થુગ**નું ગુજરાતીમા [૩]ભાષાંતર કર્યું છે

---

૧ આ નામ હરિભદ્રસૂરિએ **અણુઓગદાર**, **આવસ્સય** અને **ન્યાયપ્રવેશક**ની ટીકા માટે પણ યોજેલુ છે.

૨ આ કૃતિ "મુ ક જૈ. મો મા."મા **વીર**સંવત ૨૪૪૯મા (ઈ સ ૧૯૨૦મા છપાઈ છે.

૩ આ ભાષાતર "ઋ કે શ્વે સંસ્થા" તરફથી ઈ સ ૧૯૩૭માં છપાયુ છે.

(૯૩) પંચસંગ્રહ

જૈ. સા. સં. ઇ. (પૃ ૧૬૨)મા આની નોધ છે. પ. હરગોવિંદદાસે પૃ. ૨૬મા આ વિષે એમ કહ્યું છે કે આ સુપ્રસિદ્ધ ગ્રંથ છે અને એના ઉપર મલયગિરિસૂરિની ટીકા છે. મને તો જૈ. સા. સં. ઇ.માનો ઉલ્લેખ ભ્રાંત જણાય છે, કેમકે આ સૂરિની ટીકાથી અલંકૃત પંચસંગ્રહ (પંચસંગહ) તો ચન્દ્રર્ષિની કૃતિ છે વિશેષમા આ નામની કેટલીક દિગંબરીય કૃતિઓ પણ છે

(૯૯ અને ૯૭) [1]પંચાસગ [પંચાશક]

૧૯ વિભાગ—આ 'આર્યા' છંદમાં ૯૦ મ૦મા રચાયેલી કૃતિ ૧૯ વિભાગોમા વિભક્ત છે બીજા અને ૧૯મા વિભાગ સિવાયના બાકીના ૧૭ વિભાગોમા પચાસ પચાસ પદ્યો છે, જ્યારે બીજા અને ૧૯મા વિભાગમા [2]ચુમ્માલીસ ચુમ્માલીસ પદ્યો છે આને લઈને તો આ પ્રત્યેક વિભાગને તેમ જ સંપૂર્ણ કૃતિને પણ **પંચાસગ** (સ પંચાશક) કહે છે કેટલાકનુ એવું સૂચન છે કે જેમ **વીસવીસિયામાં** વીસ વીસિયા છે અને **ષોડશક**મા સોળ ષોડશક છે તેમ **પંચાસગ**મા પચાસ 'પંચાસગ' હોવા જોઈએ, પરતુ આ દલીલ વ્યાજબી નથી, કેમકે **અષ્ટકપ્રકરણ**મા આઠ જ અષ્ટક નથી, પરતુ ૩૨ છે તેનુ કેમ ?

---

૧ આ મૂળ કૃતિ **અભયદેવસૂરિ**કૃત સસ્કૃત વૃત્તિ નામે **શિષ્યહિતા** સહિત "જૈ. ધ પ્ર સ" તરફથી ઈ સ ૧૯૧૨માં છપાવાઈ છે. એકલુ મૂળ "ઋ કે શ્વે સસ્થા" તરફથી અન્ય સાત ગ્રથોની સાથે ઈ સ ૧૯૨૮માં અને એના પદ્યોના અકારાદિ ક્રમ અન્ય નવના એવા ક્રમ સાથે આ જ સસ્થા તરફથી ઈ સ ૧૯૨૯મા પ્રકાશિત થયેલ છે. વિશેષમા **અભયદેવસૂરિ**કૃત વૃત્તિ સહિત મૂળ "ઋ કે શ્વે સંસ્થા" તરફથી ઈ સ ૧૯૪૧મા છપાવાયુ છે આમા સસ્કૃતમા વિષયાનુક્રમ, મૂળમાના ચૂટી કઢાયેલા પદ્યો અને **અભયદેવસૂરિ**કૃત વૃત્તિગત અવતરણોની સૂચી અપાયેલા છે

૨ શુ પ્રથમથી જ ૪૪ પદ્યો હશે કે ૬ પદ્ય લુપ્ત થયા છે ?

વિષય—પ્રત્યેક **પંચાસગ**નું નામ એના વિષયનું દ્યોતક છે તેમા ૬ઠ્ઠા, ૧૭મા, ૧૮મા અને ૧૯મા પંચાસગનાં નામ સંસ્કૃતમા છે અને બાકીનાના જ. મ.મા છે. અહીં તો હુ એ આધારે ગુજરાતી નામો રજૂ કરુ છુ :—

(૧) શ્રાવક-ધર્મની વિધિ, (૨) દીક્ષાનુ વિધાન, (૩) ચૈત્ય-વંદનની વિધિ, (૪) પૂજાની વિધિ, (૫) પ્રત્યાખ્યાનની વિધિ, (૬) સ્તવની વિધિ, (૭) જિનચૈત્ય બનાવવાની વિધિ, (૮) પ્રતિષ્ઠાની વિધિ, (૯) યાત્રાની વિધિ, (૧૦) ઉપાસકની પ્રતિમાઓની વિધિ, (૧૧) સાધુ-ધર્મની વિધિ, (૧૨) સામાચારી, (૧૩) [1]પિંડની વિધિ, (૧૪) શીલાગની વિધિ, (૧૫) આલોચનાની વિધિ, (૧૬) પ્રાય-શ્ચિત્તની વિધિ, (૧૭) સ્થિતાસ્થિતાદિકલ્પ યાને સ્થિતાસ્થિત વિધિ, (૧૮) સાધુઓની પ્રતિમાઓ અને (૧૯) તપની વિધિ.

વિશિષ્ટ પ્રયોગ—**પંચાસગ** (પં. ૧૯, ગા. ૪૦)માં 'रेसिम्मि' એવો પ્રયોગ છે કે જે **સમરાઇચ્ચચરિય** (યાકોબી, પૃ ૧૫૭)માં પણ છે. આ પ્રયોગ **સિદ્ધહેમચન્દ્ર** (૮-૪-૪૨૫)મા નિર્દેશાયો છે.[2] **શિષ્યહિતા** (પત્ર ૩૦૦આ)મા "रेसिमि त्ति निमित्तं" એવો ઉલ્લેખ છે.

સમાનતા—**વીસવીસિયા** સાથે **પંચાસગ**ના કેટલાક પદ્યો મળતાં આવે છે. થોડાક ઉદાહરણો નીચે મુજબ છે :—

પંચાસગ ગા. ૧૨૩-૧૨૪=**વીસવીસિયા** (વી ૬, ગા. ૭-૮)=**વિસેસા૦** (ગા. ૧૨૦૨-૧૨૦૩).

---

૧ ઉદ્ગમાદિ ૪૨ દોષોથી રહિત આહાર લેવો એ બાબત અહીં વિચારાઈ છે

૨ જુઓ **ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિ** (પૃ ૨૪૬-૨૪૭).

પંચાસગ	ગા ૪૧-૫૦	=	**વીસવીસિયા**	(વી. ૯, ગા ૧૧-૨૦)
,,	ગા. ૪૪૭	=	,,	(વી ૧૦, ગા. ૧)
,,	ગા. ૫૧૩	=	,,	(વી. ૧૧, ગા. ૨)
		=	**દસવેયાલિય-નિજ્જુત્તિ**	(ગા. ૩૧૪)

જે [1]**નિર્વાણકલિકા** છપાયેલી છે તેની સાથે આઠમા પચાસગના કેટલાક પદ્યો અર્થદૃષ્ટિએ સમાનતા ધરાવે છે. પ્રથમ પંચાસગ (ગા. ૩)ગત "तत्तत्थसद्दहणं सम्मतं" એ ઉલ્લેખ **તત્ત્વાર્થસૂત્ર** (અ. ૧)ના બીજા સૂત્રનુ પ્રાકૃતીકરણ છે

[2]**ચેઇયવંદણમહાભાસ**મા **પંચાસગની ગાથાઓ**–**ચેઇયવંદણમહાભાસ**મા **પંચાસગ**ની કેટલીક ગાથાઓ અક્ષરશઃ અને કેટલીક કઈ ફેરફારપૂર્વક જોવાય છે આ આપણે અહીં વિચારીશુ :

પચાસગ	૩ની	ગા ૨	=	ચેઇય૦ની ગા ૧૬૪
,,	,,	ગા. ૩ ને ૪	=	ચેઇય૦ની ગા ૧૭૪ ને ૧૭૬.
,,	,,	ગા. ૧૦	=	ચેઇય૦ની ગા ૮૫૩
,,	,,	ગા ૧૭-૨૧	=	ચેઇય૦ની ગા ૨૩૬-૨૪૦
,,	,,	ગા ૨૨	=	ચેઇય૦ની ગા ૨૪૩
,,	,,	ગા ૩૪-૩૬	=	ચેઇય૦ની ગા ૮૮૦-૮૮૨ (કઈક ફેરફાર સાથે)
,,	૪ની	ગા ૨૦	=	ચેઇય૦ની ગા ૨૦૧

---

૧ આના કર્તા **પાદલિપ્તસૂરિ** છે એમ એના સપાદક મો. ભ. ઝવેરીનુ માનવુ છે આ કૃતિ ઈ સ ૧૯૨૬મા "મુનિ મોહનલાલજી જૈન ગ્રથમાલા"મા છપાઈ છે

૨ આ ૯૨૨ ગાથાની કૃતિ **શાંતિસૂરિ**એ રચી છે એ "જૈ આ. સ" તરફથી વિ સ ૧૯૭૭મા સસ્કૃત છાયા સહિત છપાવાઈ છે

પંચાસગ ૪ની [1]ગા ૩૩-૩૪ = ચેઇયના ગા. ૮૪૭-૮૪૮
, ,, ગા ૩૭ = ચેઇયની ગા ૮૭૩
,, ,, ગા. ૪૯ = ચેઇયની ગા ૮૧૫
,, ૮ની ગા ૧૩ = ચેઇયની ગા. ૧૧૦ (કંઈક પાઠ-ભેદપૂર્વક)
,, ૧૨ની ગા ૫ = ચેઇયની ગા ૪૫૭
,, ૧૬ની ગા. ૩ = ચેઇયની ગા. ૩૮૫.

ચેઇયની ગા. ૧૮૦-૧૮૧ **હરિભદ્રસૂરિ** કરતા પ્રાચીન જણાય છે.
પંચાસગ ૧૨ની ગા. ૧૨-૧૩ તે **આવસ્સય**ની નિજ્જુત્તિની ગા. ૬૮૬-૬૮૭ તેમ જ ૧૫૦૫-૬ છે.

યોગશાસ્ત્રની સ્વોપજ્ઞ વ્યાખ્યા અને પંચાસગ—પંચાસગ (પં ૨)ની ગા. ૮–૧૦ **યોગશાસ્ત્ર** (પ્ર. ૩) નીસ્વોપજ્ઞ વ્યાખ્યા (પત્ર ૨૩૩આ)મા અને ત્રીજા પંચાસગની ગા. ૧૭–૨૧ આ સ્વોપજ્ઞ વ્યાખ્યા (પત્ર ૨૧૩અ)મા નજરે પડે છે

વિવરણ—અભયદેવસૂરિએ પંચાસગ ઉપર ૭૪૮૦ શ્લોક જેવડી સંસ્કૃતમા **શિષ્યહિતા** નામની વૃત્તિ વિ સં. ૧૧૨૪મા રચી છે અને એ છપાઈ છે.[2]

પંચાસગના (પં. ૧, ગા ૨૫)ની વૃત્તિ (પત્ર ૧૨આ)મા નીચે મુજબનો જે ઉલ્લેખ છે એ ઉપરથી **શિષ્યહિતા**ની પૂર્વે કોઈકે **પંચાસગ** ઉપર વ્યાખ્યા રચી હોવી જોઈએ એમ લાગે છે, જોકે પ્રશસ્તિ (શ્લો. ૫) એ અનુમાનને બાધક જણાય છે :—

" अन्ये त्वविभक्तिकनिर्देशं कृत्वा ' मो 'निपात इति व्याख्यान्ति "

---

૧ આ ' જય વીયરાય 'થી શરૂ થતા સુત્તની આદ્ય બે ગાથાઓ છે આ સંબંધમા **લલિતવિસ્તરા**નો વિચાર કરતી વેળા આ વિષે હુ થોડુ કહીશ.

૨ જુઓ પૃ ૧૨૧, ટિ ૧

પંચાસગ (પં ૧૯, ગા ૪૦)મા 'મો' છે **શિષ્યહિતા** (પત્ર ૩૦૦આ)મા " 'मो' निपात पूरणार्थ " એમ કહ્યુ છે

વીરગણિના શિષ્ય **શ્રીચન્દ્ર**સૂરિના શિષ્ય **યશોદેવે** વિ સ ૧૧૭૨-મા [1]પ્રથમ પંચાસગ પૂરતી જ૦ મ૦મા [2]ચુણ્ણિ રચી છે અને તેમ કરવામા **શિષ્યહિતા**નો ઉપયોગ કર્યો છે એમ પોતે આ ચુણ્ણિ (પત્ર ૧, ગા. ૨)મા કહ્યુ છે.

જિ.ર.કો. (વિ. ૧, પૃ. ૨૩૧)મા **પંચાસગ** ઉપર **હરિભદ્ર**ની ટીકા તેમ જ એક અજ્ઞાતકર્તૃક ટીકાની નોધ છે. આ અજ્ઞાતકર્તૃક ટીકાની એક હાથપોથી જે વિ સ. ૧૨૨૪મા લખાઈ છે તે મળે છે. એના કર્તા **અભયદેવસૂરિ** તો નથી ને ?

વ્યાખ્યાનો—પંચાસગ ઉપર અહી (સુરત)મા આગમોદ્ધારકે બાવન વ્યાખ્યાનો ગુજરાતીમા વિ સં ૨૦૦૧મા આપ્યા હતા તે લિપિબદ્ધ કરાયા છે, પરંતુ છપાવાયા નથી

ભાષાંતર—" [3]શ્રીપ્રતિક્રમણ-સૂત્ર પ્રબોધ-ટીકા" (ભા ૧)મા ચોથા પરિશિષ્ટ તરીકે ત્રીજુ પચાસગ ગુજરાતી ભાષાતર સહિત અપાયું છે.

ગુજરાતી સારાંશ—" શ્રીશ્રમણોપાસક-ધર્મ અથવા શ્રી-પંચાશક-શાસ્ત્ર-સારાશ "ના નામથી પ. **ચંદ્ર**સાગરગણિ (હવે સૂરિ)

---

૧ **જિ.ર.કો.** (વિ ૧, પૃ ૨૩૧)મા ત્રણ પચાસગનો ઉલ્લેખ છે પણ તે ભ્રાત છે

૨ આ ચુણ્ણિ "દે લા જૈ પુ સંસ્થા" તરફથી ઈ સ. ૧૯૫૨માં સસ્કૃતમા ઉપોદ્ઘાત અને પાચ પરિશિષ્ટો સહિત છપાવાઇ છે

૩ "જૈન સાહિત્ય વિકાસ મંડળ" તરફથી મુબઈથી આ કૃતિ ઈ સ. ૧૯૫૧ના ઉત્તરાર્ધમા પ્રસિદ્ધ થઈ છે

તરફથી પ્રથમ વિભાગ તરીકે પહેલા ચાર પચ્ચાસગોનો સારાંશ ગુજરાતીમાં તૈયાર કરાયેલો તે છપાયો છે.[1] અંતમા વિષયાનુક્રમ છે.

(૧૦૦) પરલોકસિદ્ધિ

સુમતિગણિએ આ કૃતિ નોંધી છે પ્રો. વેબરના બીજા હેવાલ (પૃ. ૯૮૭)મા આનો ઉલ્લેખ છે. પં. બેચરદાસે પૃ. ૧૦૦મા આને અન્ય હરિભદ્રની કૃતિ કહી છે.

(૧૦૪) [2]પ્રતિષ્ઠાકલ્પ

પ્રસ્તુત હરિભદ્રસૂરિએ આ નામની એક કૃતિ રચી છે એમ પ્રો. વેબરના બીજા હેવાલ (પૃ. ૯૮૭)ને આધારે કેટલાક માને છે આની કોઈ હાથપોથી અત્યાર સુધી તો મળી આવી નથી એટલું જ નહિ, પરંતુ પ્રસ્તુત હરિભદ્રસૂરિના નામોલ્લેખપૂર્વક આ કૃતિમાથી કોઈ અવતરણ પણ કોઈએ આપ્યું હોય એમ મારા જાણવામા નથી. **ગ. સ. સ.** ઉપર પદ્મમંદિરની સંક્ષિપ્ત ટીકા છે. એમા પત્ર ૫૬અમા 'વાચક ઉમાસ્વાતિકૃત **પ્રતિષ્ઠાકલ્પ**' એવા નિર્દેશપૂર્વક એમાથી એક સંસ્કૃતમાં અવતરણ અપાયું છે. વિશેષમાં પત્ર ૫૬અ-૫૬-આમાં 'આર્યસમુદ્રસૂરિકૃત પ્રતિષ્ઠાકલ્પ' એવા ઉલ્લેખપૂર્વક આ અનુપલબ્ધ કૃતિમાથી જ૦ મ૦મા રચાયેલા ચાર પદ્યો ઉદ્ધૃત કરાયાં છે,

---

૧ આ સારાંશ પ્રથમ કટકે કટકે "સિદ્ધચક્ર"માં છપાવાયો હતો ત્યાર બાદ એ ફરીથી "શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ" તરફથી ઈ સ ૧૯૪૯માં પ્રકાશિત કરાયો છે.

૨ એકસન્ધિની **જિનસંહિતા** (૭, ૧૯, ૧૦, ૬)માંથી તેમ જ નેમિચન્દ્રકૃત **પ્રતિષ્ઠાપાઠ** (૧, ૩)માથી અવતરણ આપનાર અને **તત્ત્વાર્થરાજવાર્તિક**ના કર્તાથી ભિન્ન **અકલંકે** **પ્રતિષ્ઠાકલ્પ** રચ્યો છે. **આશાધરે**, **ધનેશ્વરસૂરિ**ના શિષ્ય **ચન્દ્રસૂરિએ** તેમ જ **વિદ્યાવિજયે** પણ આ નામની કૃતિ રચી છે. વિશેષ માટે જુઓ મારો લેખ "પ્રતિષ્ઠાકલ્પ નામની કૃતિઓ". આ લેખ "આ. પ્ર" (પુ ૫૦, અં ૭)માં છપાયો છે

પરંતુ હરિભદ્રસૂરિકૃત **પ્રતિષ્ઠાકલ્પ**માથી કશુ યે અવતરણ અપાયુ નથી. વળી પત્ર ૨૬અ–૨૬આમા હરિભદ્રસૂરિની કૃતિઓ ગણાવતી વેળા પણ આ **પ્રતિષ્ઠાકલ્પ**નો ઉલ્લેખ નથી.

ગુણરત્નસૂરિએ **પ્રતિષ્ઠાકલ્પ** નામની કૃતિ રચી છે અને એની એક હાથપોથી ભા. પ્રા. સં. મં.મા છે, પરંતુ અત્યારે એ મારી સામે નથી. આ કૃતિ પ્રસ્તુત હરિભદ્રસૂરિના **પ્રતિષ્ઠાકલ્પ**ને આધારે યોજાઈ છે એમ એક મુનિવર પાસે જે મેં સાભળ્યું છે તેનો નિર્ણય કરવો બાકી રહે છે.

વાચક **સકલચંદ્રે** **પ્રતિષ્ઠાકલ્પ** રચ્યો છે. એ મૂળ પુસ્તક તો મેં જોયું નથી, પરંતુ એનું જે ગુજરાતી ભાષાતર છપાયું છે તેના અંતમા હરિભદ્રસૂરિકૃત **પ્રતિષ્ઠાકલ્પ**નો ઉલ્લેખ છે. સાથે સાથે અહીં કહ્યું છે કે **વિજ્જપ્પવાય** (વિદ્યાપ્રવાદ) પુવ્વમાથી **ભદ્રબાહુસ્વામી**એ **પ્રતિષ્ઠાકલ્પ** ઉદ્ધૃત કર્યો હતો તેમાથી **જગચ્ચંદ્રસૂરિ**એ ઉદ્ધૃત કર્યો અને તેમાથી આ **સકલચંદ્રે** ઉદ્ધૃત કર્યો છે. અહી **શ્યામાચાર્ય**, 'કલિકાલસર્વજ્ઞ' **હેમચંદ્રસૂરિ** અને ગુણરત્નાકર(? ગુણરત્ન)સૂરિ એ ત્રણના રચેલા **પ્રતિષ્ઠાકલ્પ** સાથે **સકલચંદ્રે** પોતાની કૃતિ મેળવી અને શોધી એવો ઉલ્લેખ છે.

આ ઉલ્લેખ જો સાચો હોય અને એ પ્રસ્તુત હરિભદ્રસૂરિ સાથે સંબંધ ધરાવતો હોય તો પ્રસ્તુત હરિભદ્રસૂરિએ **ભદ્રબાહુસ્વામી**એ, **શ્યામાચાર્યે** અને આર્ય **સમુદ્રસૂરિ**એ રચેલ **પ્રતિષ્ઠાકલ્પ**નો ઉપયોગ કર્યો હશે એમ કહેવાય

(૧૦૮) બૃહન્મિથ્યાત્વમ(મં)થન

સુમતિગણિએ આ કૃતિ નોંધી છે. એનું નામ જોતા એમ લાગે છે કે એમા મહામિથ્યાત્વનું નિરૂપણ તેમ જ ખંડન હશે

(૧૦૯) બોટિકપ્રતિષેધ

[૧]'બોટિક'નો અર્થ 'દિગંબર' થાય છે. આ કૃતિમા [૨]દિગબરોના મતનુ ખંડન છે. આ કૃતિને કેટલાક **બોટિક-નિરાકરણ** કહે છે **પ. ભાં. ગ્રં. સૂ.** (પૃ. ૫)મા આનો ઉલ્લેખ છે. આ કૃતિની પાટણ, વડોદરા, સુરત એમ અન્યાન્ય સ્થળે હાથપોથીઓ છે. અહીં (સુરત)ના જૈનાનદ પુસ્તકાલયમા **બોટિકપ્રતિષેધ**ની અશુદ્ધ અને ત્રણ પાનાની નવી લખાયેલી હાથપોથી છે; એનો ક્રમાક ૧૨૬૦ છે. એનો પ્રારભિક ભાગ કંઈક સુધારી હુ નીચે મુજબ આપુ છુ :—

" श्री 'शङ्खेश्वर 'पार्श्वनाथाय नमः ।

इह बोटिका· केवलज्ञानदिवाकरतीर्थकरवचनमविपरीतमनवगच्छन्तस्तदुपदिष्टमनेकभवसञ्जातकर्मवनदावानलं साधुधर्मं निराचिकीर्षव इत्थ पूर्वपक्षमुत्थापयन्ति । "

અતમા નીચે પ્રમાણે ઉલ્લેખ છે :—

" तस्माद् विवादगोचरापन्ना मिथ्यादृष्टयो बोटिका गलनकपात्रमुखवस्त्रिकादिधर्मसाधनानभ्युपगमे सति सत्त्वोपपद्यते हेतुत्वाच्छकुनिकादिवत् मुखवस्त्रिकादि स्वधर्मोपकरणदित्वं प्रतिपादि(त)मेवेति **बोटिकप्रतिषेधः** समाप्तः कृतिरियं हरिभद्रसूरे श्लोक ९१ "

---

૧ 'દિગબર' શબ્દના પર્યાયો પૈકી આ એક છે. એને માટે પાઇયમા 'બોડિય' શબ્દ છે આ શબ્દ **વિસેસા.** (ગા. ૨૫૫૨)મા વપરાયો છે. એના બીજા પર્યાયોની નોધ મે " 'શ્વેતાબર' અને 'દિગબર' શબ્દના પર્યાયો " એ નામના મારા લેખમા લીધી છે આ લેખ " જૈ. સ. પ્ર " (વ. ૫, અ ૩)મા છપાયો છે

૨ ન્યાયાચાર્ય **યશોવિજયગણિએ દિક્પટ–ચોર્યાસી–બોલ** નામની કૃતિમા દિગબરોના મતવ્યોની આલોચના કરી છે. **ઉત્તરજ્ઝયણ** (અ ૩)ની નિજ્જુત્તિ (ગા ૧૭૮)ની **પાઇય ટીકા**માથી આ હકીકતો લીધી હોય એમ લાગે છે ન્યાયાચાર્યની ઉપર્યુક્ત કૃતિ **ગૂર્જર સાહિત્ય સંગ્રહ**ના પ્રથમ વિભાગ (પૃ ૫૭૨–૫૯૭)મા ઇ સ ૧૯૩૬માં છપાઈ છે

આ બંને ઉલ્લેખ વિચારતાં એમ જણાય છે કે આ કૃતિ સસ્કૃતમા ગદ્યમા ૯૧ શ્લોક જેવડી રચાયેલી છે. એમાં શ્વેતાબર મુનિઓ ધર્મોપકરણ તરીકે જે ગળણુ, પાત્ર, મુહપત્તિ વગેરે રાખે છે તેના સામે દિગંબરો તરફથી થતા આક્ષેપનો આમા પરિહાર છે.

(૧૧૦) ભાવનાસિદ્ધિ

આ કૃતિ કઈ ભાષામા–સંસ્કૃતમા કે જ. મ.મા અને તે પણ ગદ્યમાં કે પદ્યમા રચાઈ છે એમ પ્રશ્ન સ્ફુરે છે. **સર્વજ્ઞસિદ્ધિ** (પત્ર ૧૧)મા વૈરાગ્ય વિષે વિસ્તારથી નિરૂપણ **ભાવનાસિદ્ધિ**મા અપાયાનો ઉલ્લેખ છે. આ ઉપરથી એમ ભાસે છે કે આમા મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય એમ ચાર ભાવનાનો અધિકાર હશે. કદાચ એમા સુપ્રસિદ્ધ બાર ભાવનાઓનુ નિરૂપણ હશે

(૧૧૨-૧૧૩) મુણિવઇચરિય [મુનિપતિચરિત(ત્ર)]

જિનદેવના શિષ્ય હરિભદ્રસૂરિએ આ ૬૪૬ ગાથામા રચ્યું છે. મ. કિ. મહેતાએ આની નોધ લીધી છે પં. બેચરદાસે પૃ. ૧૦૦-મા આને અન્ય હરિભદ્રની કૃતિ ગણી છે તે ઉપર્યુક્ત ચરિત્ર હશે. જંબૂનાગે વિ. સં. ૧૦૦૫મા સંસ્કૃતમા **મુનિપતિચરિત્ર** રચ્યું છે.

(૧૧૪) યતિદિનકૃત્ય

હરિભદ્રસૂરિએ આ નામની કૃતિ રચ્યાનું મ કિ મહેતાએ કહ્યુ છે. પં. બેચરદાસે પૃ. ૧૦૦મા કહ્યુ છે કે આના કર્તા પ્રસ્તુત હરિભદ્ર નહિ પણ હરિપ્રભ(?) છે અને પાટણમા આની પ્રત છે હરિ-પ્રભની ૫૦૦ શ્લોક જેવડી આ કૃતિની નોધ **જિ. ર. કો.** (વિ ૧, પૃ. ૩૧૭)મા છે. **જૈ. ગ્રં.** (પૃ. ૧૦૦)મા આનો ઉલ્લેખ છે. કેટલાક આને **યતિદિનચર્યા** તરીકે ઓળખાવે છે. આ કૃતિનું નામ જોતા

એમ જણાય છે કે એમા જૈન શ્રમણોએ અને શ્રમણીઓએ દિવસના શુ શુ ધાર્મિક કાર્ય કરવુ જોઈએ તે દર્શાવાયુ છે.

પં. કલ્યાણવિજયજીએ કહ્યુ છે કે આ **યતિદિનકૃત્યને** જ **પ્રતિક્રમણવિધિપ્રકાશમા સાધુદિનકૃત્ય** કહેલ છે.

યતિદિનકૃત્ય કિંવા **યતિદિનચર્યા** નામની કેટલીક કૃતિઓ સંસ્કૃત અને પાઇયમા છેઃ

દેવસૂરિએ ૩૯૬ ગાથામા જ૦ મ૦મા[1] તેમ જ કાલકાચાર્યના સંતાનીય [2]**ભાવદેવસૂરિએ** અને **યશોવિજયે** આ નામની એકેક કૃતિ સંસ્કૃતમા રચી છે. એક અજ્ઞાતકર્તૃક કૃતિ પણ આ નામની છે.

(૧૧૫) યશોધરચરિત(ત્ર)

આ કૃતિ જો પાઇયમા હોય તો એની નોધ મે' "જસહરચરિય" તરીકે પૃ. ૮૭-૮૮મા લીધી છે.

(૧૧૬) [3]યોગદૃષ્ટિસમુચ્ચય અને એની (૧૧૭) સ્વોપજ્ઞ વૃત્તિ

જેમ આ કૃતિના અંતમા 'સમુચ્ચય' શબ્દ છે તેમ હરિભદ્રસૂરિની બીજી બે કૃતિઓ નામે **શા. વા. સ.** અને **ષડ્દર્શનસમુચ્ચયમા** પણ છે. આ નામો દિઙ્નાગકૃત **પ્રમાણસમુચ્ચયને** આભારી હશે.

---

૧ આતું નામ **જઇદિણચરિયા** છે.

૨ એમણે રચેલી કૃતિને કેટલાક **દિનચર્યા** તેમ જ **યતિસામાચારી** પણ કહે છે.

૩ આ કૃતિ સ્વોપજ્ઞવૃત્તિ સહિત "દે લા જૈ. પુ સંસ્થા" તરફથી ઇ. સ. ૧૯૧૨માં છપાવાઈ છે આના આમુખમા ડૉ. સુઆલિની જે અંગ્રેજી પ્રસ્તાવના વિષે સૂચન છે તે **યોગબિન્દુની** આવૃત્તિમા જોવાય છે. "જૈન ગ્રંથ પ્રકાશક સભા" તરફથી ઈ સ. ૧૯૪૦મા આ મૂળ કૃતિ સટીક પ્રસિદ્ધ કરાઈ છે. મૂળની એક હાથપોથી વિ સં ૧૧૪૬માં લખાયેલી મળે છે

વિષય—૨૨૬ પદ્યોમા સંસ્કૃતમા રચાયેલા **યોગદૃષ્ટિસમુચ્ચયમાં** યોગના ઇચ્છા-યોગ, શાસ્ત્ર-યોગ અને સામર્થ્ય-યોગ એ ત્રણ પ્રકારો તેમ જ સામર્થ્ય-યોગના ધર્મ-સંન્યાસ અને યોગ-સંન્યાસ એમ બે ઉપપ્રકારો વિષે નિરૂપણ છે. ત્યાર બાદ એમા મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાન્તા, પ્રભા અને પરા એમ આઠ દૃષ્ટિઓનો વિષય વિસ્તારથી ચર્ચ્યો છે.

ચોથી દૃષ્ટિના નિરૂપણમા વેદ્યસંવેદ્યપદ (શ્લો. ૭૦–૭૪), અવેદ્ય-સંવેદ્યપદ (શ્લો. ૭૫–૮૫), કુતર્કનિન્દા (શ્લો. ૮૬–૯૭), સર્વજ્ઞતત્ત્વ અને સર્વજ્ઞોમા અભેદ (શ્લો. ૧૦૨–૧૩૩), સર્વજ્ઞ દેશના (શ્લો. ૧૩૪–૧૩૮) અને સર્વજ્ઞવાદ (શ્લો. ૧૩૯–૧૪૦) એમ વિવિધ અધિકારો છે.

અંતમા (૧) ગોત્ર-યોગી, (૨) કુલ-યોગી, (૩) પ્રવૃત્ત-ચક્ર-યોગી અને (૪) નિષ્પન્ન-યોગી એમ ચાર પ્રકારના યોગીઓનુ વર્ણન છે

આ કૃતિ યોગશાસ્ત્રના અભ્યાસના અધિકારીઓના લક્ષણો રજૂ કરે છે

અપૂર્વતા—હરિભદ્રસૂરિની પૂર્વે કોઈ જૈન ગ્રંથકારે મિત્રા ઇત્યાદિ આઠ દૃષ્ટિની બાબત આલેખી હોય તો તેમની એ કૃતિ આજે મળતી નથી એટલે ઉપલબ્ધ સાહિત્યની અપેક્ષાએ તો આ દિશામા હરિભદ્રસૂરિએ પહેલ કરી છે એમ કહેવાય. આ આઠ દૃષ્ટિનો વિષય ન્યાયાચાર્ય યશોવિજયગણિએ પોતાની [1]**દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકાની** ૨૧મીથી ૨૪મી દ્વાત્રિંશિકાઓમાં તેમ જ ગુજરાતી કૃતિ નામે [2]**આઠ યોગદૃષ્ટિની સજ્ઝાયમા** ઘણી સુંદર રીતે રજૂ કર્યો

૧ આ "જૈ. ધ. પ્ર. સ" તરફથી ટીકા સહિત વિ સં ૧૯૬૬માં પ્રસિદ્ધ કરાઈ છે.

૨ આ **ગૂર્જર સાહિત્ય સંગ્રહ** (પ્રથમ વિભાગ, પૃ ૩૩૦–૩૪૧)-મા શ્રી. **બાવચંદ** ગોપાલજી તરફથી મુંબઈથી ઈ સ ૧૯૩૬મા છપાયેલ છે. આ અન્યત્ર પણ પ્રસિદ્ધ થયેલી છે જુઓ પૃ. ૧૩૪.

છે. ન્યાયવિશારદ ન્યાયતીર્થ મુનિશ્રી **ન્યાયવિજયજી**એ આ વિષય [1]**અધ્યાત્મતત્ત્વાલોક**મા સંસ્કૃતમા તેમ જ એના સ્પષ્ટીકરણરૂપ ગુજરાતી વિવેચનમાં ચર્ચ્યો છે.

લાક્ષણિકતા—આધ્યાત્મિક વિકાસનો યોગની દૃષ્ટિએ હરિભદ્રસૂરિ પૂર્વે કોઈ જૈન કૃતિમા વિચાર કરાયો હોય તો તે કૃતિ મળતી નથી. એમના પૂર્વગામી ગ્રંથકારોએ તો ચૌદ ગુણસ્થાનો, ધ્યાનના ચાર પ્રકારો, સંસારી જીવની ત્રણ અવસ્થાઓ, પાંચ યમો, પ્રત્યાહાર ઈત્યાદિ બાબતો વિચારી છે.

યોગવિષયક કૃતિઓ—હરિભદ્રસૂરિએ યોગને અંગે એક જ કૃતિ અને એની સંસ્કૃત સ્વોપજ્ઞ વૃત્તિ રચીને સંતોષ માન્યો નથી, પરંતુ એમણે યોગને અગે [2]**યોગબિન્દુ** અને [3]**યોગશતક** એમ બે સ્વતંત્ર કૃતિઓ રચી છે અને વિશેષમા [4]**વીસવીસિયા**ની ૧૭મી વીસિયા નામે 'જોગવિહાણવીસિયા'મા તેમ જ [5]**ષોડશક**મા આ વિષય આલેખ્યો છે.

વિવરણ—૧૧૭૫ શ્લોક જેવડી સ્વોપજ્ઞ [6]વૃત્તિથી **યો. દ. સ.** અલંકૃત છે. **સોમસુંદરસૂરિ**ના શિષ્ય **સાધુરાજગણિ**એ ૪૫૦ શ્લોકપ્રમાણ ટીકા સંસ્કૃતમા રચી છે આ ટીકા અપ્રસિદ્ધ છે.

---

૧ આ કૃતિ **અભયચંદ** ભગવાનદાસ ગાધી તરફથી સ્વ. **મોતીચંદ** ઝવેરચંદ મહેતાના અંગ્રેજી ભાષાતર અને વિવરણ સહિત ઈ. સ. ૧૯૨૦માં પ્રસિદ્ધ કરાઈ છે.

૨ આ કૃતિ છપાયેલી છે. જુઓ પૃ. ૧૩૪, ટિ ૪.

૩ આ માટે જુઓ પૃ. ૮૯-૯૦ અને ૧૩૮.

૪ જુઓ પૃ. ૧૪૧-૧૪૮.

૫ આના પરિચય માટે જુઓ પૃ. ૧૬૦-૧૬૪.

૬ આ વૃત્તિ છપાઈ છે જુઓ પૃ. ૧૩૦, ટિ. ૩.

અવતરણ—**યો. દ. સ.**ના શ્લો. ૩-૧૧ **લલિતવિસ્તરા** (પત્ર ૧૫અ)મા નજરે પડે છે.

ઉલ્લેખ ઇત્યાદિ—**યો. દ. સ.** (શ્લો. ૧૦)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૪અ)મા **ધર્મબિન્દુ** (અ. ૪)નુ ત્રીજુ પદ્ય અપાયુ છે. **યો. દ. સ.** (શ્લો. ૧)ની સ્વોપજ્ઞ વૃત્તિમા [1]**યોગનિર્ણય**નો તેમ જ શ્લો ૧૬ની વૃત્તિ (પત્ર ૬અ)મા [2]ભગવત્-**પતંજલિ**, [3]'બધુ' **ભગ**વદ્દત્ત અને [4]'ભદંત' **ભાસ્કર**નો ઉલ્લેખ છે. વિશેષમા આ સ્વોપજ્ઞ વૃત્તિમા [5]અનેક સ્થળે [6]'યોગાચાર્ય'નો ઉલ્લેખ છે. આ 'યોગાચાર્ય' જૈન છે, પણ એઓ કોણ છે તે જાણવુ બાકી રહે છે

નિમ્નલિખિત પદ્ય **ભગવદ્ગીતા** (અ. ૧૦)ના [7]ચોથા પદ્યનુ સ્મરણ કરાવે છે:—

"बुद्धिर्ज्ञानमसमोहस्त्रिविधो बोध इष्यते ।
तद्भेदात् सर्वकर्माणि भिद्यन्ते सर्वदेहिनाम् ॥ १२० ॥"

ભાષાંતર—**યો. દ. સ.**ના શ્લો. ૯૦, [8]૯૧, ૮૭, ૮૮ અને ૧૩૨-૧૫૦નુ આ ક્રમે ગુજરાતી ભાષાતર પ. **બેચરદાસે** કર્યું છે.[9]

---

૧ જુઓ "ઉપખડ".

૨ એજન.

૩ એજન.

૪ એજન

૫ જુઓ શ્લો ૧૪, ૧૯, ૨૨ અને ૩૫ની વૃત્તિ

૬ 'યોગાચાર્ય' વિષે **લલિતવિસ્તરા** (પત્ર ૪૨અ)મા ઉલ્લેખ છે, પરતુ એથી તો **પત**ંજલિ વગેરેનો નિર્દેશ છે વિશેપ માટે જુઓ "ઉપખડ"

૭ "बुद्धिर्ज्ञानमसमोह क्षमा सत्य दम शम ।
सुख दु ख भवोऽभावो भय चाभयमेव च ॥४॥"

૮ આ ૯૧મા શ્લોકમા હાથી અડકીને મારે છે કે અડક્યા વિના એ કુતર્કનો ઉલ્લેખ છે

૯ જુઓ 'જૈન દર્શન" (પૃ ૩૭-૪૧).

સુમનોનંદિની બૃહત્ ટીકા યાને વિવેચન—સ્વ. મ. કિ. મહેતાના પુત્ર ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતાએ આ વિવેચન કર્યું છે.[1] લગભગ ૮૦૦ પૃષ્ઠની આ કૃતિ છે. મૂળ શ્લોકનો દોહરામાં ગુજરાતીમા અનુવાદ, શ્લોકનો અક્ષરશઃ ગુજરાતીમા અર્થ, એના ઉપરની હારિભદ્રીય વૃત્તિનો ગુજરાતી અનુવાદ, મૂળ શ્લોક અને એના ઉપરની વૃત્તિના આશયને ઉદ્દેશીને "સુમનોનંદિની બૃહત્ ટીકા" એ નામથી સવિસ્તર વિવેચન તેમ જ પ્રસ્તુત કૃતિના પ્રત્યેક અધિકારના અંતમા એના સારરૂપે ગુજરાતી પદ્યો એ પ્રમાણેની પંચાગી યોજના-પૂર્વક મૂળ કૃતિ ગુજરાતી ઉપોદ્‌ઘાત અને વિષયાનુક્રમણિકા તેમ જ પરિશિષ્ટ તરીકે "આઠ યોગદષ્ટિની સજ્ઝાય" સહિત પ્રસિદ્ધ કરાઈ છે[2] અનુવાદ, અર્થ, [3]વિવેચન, સારરૂપે પદ્યો અને ઉપોદ્‌ઘાત ડૉ ભગવાનદાસ મન સુખભાઈ મહેતાએ તૈયાર કરેલા છે.

(૧૧૮) [4]યોગબિન્દુ અને એની (૧૧૯) સ્વોપજ્ઞ (?) વૃત્તિ

વિષય—આ 'અનુષ્ટુભ્' છંદમા સંસ્કૃતમા ૫૨૭ પદ્યોમાં રચાયેલી કૃતિનો વિષય 'અધ્યાત્મ' છે એમા મહેશ્વરવાદીઓ અને

---

૧ શ્રી. મન સુખલાલ તારાચંદ મહેતા તરફથી મુ બઈથી એ પ્રસિદ્ધ થયેલ છે. જુઓ ટિ ૨

૨ આ પ્રકાશનનુ નામ "યોગદષ્ટિસમુચ્ચય સવિવેચન" રખાયું છે. એ શ્રી મનસુખલાલ તારાચદ મહેતા તરફથી ઈ સ ૧૯૫૦માં પ્રસિદ્ધ કરાયું છે. પાછલા પૂઠા ઉપર તેમ જ મુખપૃષ્ઠ ઉપર આઠ દષ્ટિનું ચક્ર અપાયુ છે.

૩ આમા વીસ આકૃતિ અને સોળ કોષ્ટક છે

૪ સ્વોપજ્ઞ ગણાતી વૃત્તિસહિત આ કૃતિનું સંપાદન ડૉ. સુઆલિએ કર્યું છે અને એ "જૈ. ધ પ્ર. સ" તરફથી ઈ સ. ૧૯૧૧મા છપાયું છે. "જૈન ગ્રંથ પ્રસારક સભા" તરફથી પણ આ વૃત્તિ સહિત મૂળ ઈ સ ૧૯૪૦મા છપાવાયુ છે. મૂળ કૃતિ અન્યત્ર પણ છપાઈ છે. જુઓ પૃ. ૧૩૭, ટિ. ૨

પુરુષાદ્વૈતવાદીઓના મતોનુ નિરસન છે. વળી આ કૃતિમા યોગનો પ્રભાવ, યોગની ભૂમિકા તરીકે પૂર્વસેવા (શ્લો. ૧૦૯ ઈ.), વિષ, ગર, અનનુષ્ઠાન, તદ્ધેતુ અને અમૃત- એમ પાચ પ્રકારનાં અનુષ્ઠાન, (શ્લો ૧૫૫), શાસ્ત્રોની પ્રશંસા, યથાપ્રવૃત્તિ-કરણ, અપૂર્વ-કરણ અને અનિવૃત્તિ-કરણ એમ ત્રણ કરણોની સમજણપૂર્વક સમ્યક્ત્વ, વિરતિ અને મોક્ષ એમ વિવિધ બાબતો આલેખાઈ છે. જૈન દૃષ્ટિએ આત્માનું સ્વરૂપ પણ અહી વિચારાયું છે. વળી સ્વભાવ, કાળ વગેરે કાર્યની સિદ્ધિમા ક્યા સુધી કારણભૂત છે એ અહી દર્શાવાયું છે **ધમ્મ-સંગહણી** આત્માના સ્વરૂપ ઉપર પ્રકાશ પાડે છે અને કાળ વગેરે પાચ કારણોની બાબત **શા. વા. સ.** (શ્લો. ૧૬૬-૧૯૩)મા છે.

યો. દ. સ. સાથે સંતુલન—આ કૃતિનો **યો. દ. સ.** સાથે સંબધ છે ખરો, પરતુ આ બે કૃતિમા આધ્યાત્મિક વિકાસના નિરૂપણમા ભેદ છે આધ્યાત્મિક વિકાસ ક્યારે શરૂ થાય એનો ઉત્તર **યોગબિન્દુ**મા એમ અપાયો છે કે મોહની શક્તિમા ઘટાડો થતા આ કાર્યનો પ્રારભ થાય છે અને જેમ જેમ મોહનુ બળ ઘટતુ જાય છે તેમ તેમ આત્માની ઉન્નતિ થતી જાય છે. આધ્યાત્મિક વિકાસની પાચ ભૂમિકા છે: (૧) અધ્યાત્મ, (૨) ભાવના, (૩) ધ્યાન, (૪) સમતા અને (૫) વૃત્તિસક્ષેપ. શ્લો. ૪૧૯ અને ૪૨૧માં સૂચવાયા મુજબ પતજલિએ પહેલી ચાર ભૂમિકાઓને 'સપ્રજ્ઞાત' અને પાચમીને 'અસપ્રજ્ઞાત' કહી છે.

યો. દ. સ.મા આધ્યાત્મિક વિકાસની પૂર્વેની અવસ્થાનો 'ઓઘદૃષ્ટિ' તરીકે ઉલ્લેખ છે એમાં ઉત્તરોત્તર વિકાસ ઉદાહરણોપૂર્વક સમજાવાયો છે. **યો. દ. સ.**માં યોગની સાધનાનો ક્રમસર માર્ગ દર્શાવાયો છે, જ્યારે **યોગબિન્દુ**મા વાસ્તવિક યોગ કયો-યોગનુ સત્ય સ્વરૂપ શુ છે એ પ્રશ્નનો ઉત્તર આપી યોગનું તાર્કિક દૃષ્ટિએ સમર્થન કરાયું છે

ઉલ્લેખ—શ્લો ૧૦૦ અને ૨૦૦મા કર્તાએ [1]ગોપેન્દ્રના મતનો અને શ્લો ૩૦૦માં [2]કાલાતીતના મતનો નિર્દેશ કર્યો છે. એમ ભાસે છે કે શ્લો ૩૦૧-૩૦૭ કાલાતીતની કોઈક કૃતિમાથી ઉદ્ધૃત કરાયા છે. શ્લો. ૧૧૯મા ' ચારિસંજીવિની-ચાર ' ન્યાયનો ઉલ્લેખ છે. શ્લો. ૩૦૪ની સ્વોપજ્ઞ મનાતી વૃત્તિ (પત્ર ૫૩આ)મા ' તીરાદર્શિશકુનિ ' ન્યાયનો ઉલ્લેખ છે.

સમાનતા– યોગબિન્દુના શ્લો. ૩૪૫ ને ૩૪૯ **વીસવીસિયા** (વી. ૭, ગા. ૩-૫) સાથે આર્થિક દૃષ્ટિએ સમાનતા ધરાવે છે

ઉદ્ધરણ—યોગબિન્દુના શ્લો. ૧૨૬-૧૩૦ **ધર્મબિન્દુ** (અ. ૧, સૂ. ૧૪)ની **મુનિચન્દ્રસૂરિ**કૃત ટીકા (પત્ર ૬આ)મા, શ્લો ૪૪૯ **ષડ્દર્શનસમુચ્ચય** (શ્લો. ૪૧)ની ટીકા નામે **તર્કરહસ્યદીપિકા** (પત્ર ૪૨અ)મા (કર્તા તરીકે **વિન્ધ્યવાસી**ના ઉલ્લેખપૂર્વક) અને શ્લો. ૪૫૦ આ ટીકા (પત્ર ૪૨અ)મા **આસુરિ**ના પદ્ય તરીકે નોધાયેલ છે. **યોગબિન્દુ**ની સ્વોપજ્ઞ મનાતી ટીકામા આ પૈકી છેલ્લાં બે પદ્યોના કર્તાના નામ જણાવાયા નથી; ફક્ત પહેલા માટે " अथ परः " એવો ઉલ્લેખ છે.

પૌર્વાપર્ય—**યોગબિન્દુ** (શ્લો. ૮૩)મા કાર્યની સિદ્ધિ માટે જે [3]પાય કારણોનો નિર્દેશ છે તે ઉપરથી આ પૂર્વે ટીકાકારને મતે **શા૦વા૦સ**૦મા એનું નિરૂપણ કરાયાનુ ફલિત થાય છે.

---

૧ **લલિતવિસ્તરા** (પત્ર ૪૫આ)મા એમને વિષે ઉલ્લેખ છે જુઓ " ઉપખંડ ".

૨ એમને વિષેની માહિતી માટે જુઓ " ઉપખંડ "

૩ આ વિષય **અ.જ.પ., વીસવીસિયા** (વીસિયા ૪, ગા ૧૪–૧૫) અને અંશત **લોકતત્ત્વનિર્ણય** (ભા ૨, શ્લો ૧૭–૨૦ અને ૨૮–૩૦)મા તેમ જ **શા૦વા૦સ૦** (શ્લો. ૧૯૧–૧૯૩) અને એની સ્વોપજ્ઞ વૃત્તિમાં ચર્ચાયો છે.

વિવરણ—૩૬૨૦ શ્લોક જેવડી અને 'सद्योगचिन्तामणि'થી શરૂ થતી ટીકા 'સ્વોપજ્ઞ' મનાય છે ખરી, પરંતુ એની ઉપાંત્ય પંક્તિમા "भगवत श्रीहरिभद्रसूरे" એવો ઉલ્લેખ છે તેનુ કેમ? શું આ પ્રક્ષિપ્ત પાઠ છે? શુ હરિભદ્રસૂરિ જેવા સમર્થ અને વિવેકી સૂરિ પોતાને 'ભગવાન્' કહે ખરા?

એ ગમે તે હો, પણ શ્લો.૧ની આ ટીકામા આગ્રહી અને નિષ્પક્ષપાતીના વર્તન ઉપર પ્રકાશ પાડનારુ નીચે મુજબનું પદ્ય છે:—

"आग्रही वत निनीषति युक्ति तत्र यत्र तस्य मतिर्निविष्टा।
निष्पक्षपातस्य तु युक्तिर्यत्र तत्र तस्य मतिरेति निवेशम् ॥"

આ **યોગવાસિષ્ઠ** (ન્યાય-પ્રકરણ)ના નિમ્નલિખિત પદ્યનુ સ્મરણ કરાવે છે:—

"अपि पौरुषमादेयं शास्त्रं चेद् युक्तिबोधकम्।
अन्यत् त्वार्षमपि त्याज्य भाव्यं न्याय्यैकसेविनम् ॥
युक्तियुक्तमुपादेय वचन बालकादपि।
अन्यत् तृणमिव त्याज्यमप्युक्तं ब्रह्मजन्मना ॥"

ભાષાંતર—મૂળ કૃતિનું ભાષાતર પ્રો. મણીલાલ ન. દ્વિવેદીએ કર્યું છે[1] આ **યોગબિન્દુ**ના ભાષાતરરૂપે ગુજરાતી [2]અર્થ અને ગુજરાતી [3]વિવેચન સ્વ. બુદ્ધિસાગરસૂરિજીના શિષ્ય શ્રીઋદ્ધિસાગરસૂરિએ કરેલ છે એમણે વિવેચનનુ નામ 'બુદ્ધિસાગર' રાખ્યુ છે.

મુનિચન્દ્રસૂરિએ **યોગબિન્દુ** ઉપર ટીકા રચ્યાનુ જે કહેવાય છે તે શુ સાચી વાત છે?

---

૧ આ "વ૦ દે૦ કે૦" તરફથી ઈ સ ૧૮૯૯મા છપાયુ છે

૨-૩ આ અર્થ અને વિવેચન મૂળ સહિત "સુખસાગરજી ગ્રંથમાલા"-ના ત્રીજા મણકા તરીકે "બુદ્ધિસાગર જૈન જ્ઞાનમંદિર" તરફથી ઈ. સ. ૧૯૫૦મા પ્રસિદ્ધ થયેલ છે.

(૧૨૦) યોગવિંશતિ

મ. કિ. મહેતાએ આની નોંધ લીધી છે. આ **વીસવીસિયા** (વી. ૧૭) હશે.

(૧૨૧) યોગશતક

જૈ. ગ્ર.મા આની નોંધ છે એમ પં. હરગોવિંદદાસે અને કલ્યાણવિજયજીએ કહ્યુ છે પરંતુ એની બે [૧]આવૃત્તિમા તો એવો નિર્દેશ નથી વળી હજી સુધી તો આ સસ્કૃત કૃતિ હોય તો તેની એકે હાથપોથી મળી આવી નથી. **યોગશત** નામની એક વૈદ્યકની કૃતિ છે. આ ઉપરાત **જોગસયગ** નામની એક પાઇય કૃતિ છે [૨] "नमिऊण जोगिनाह"થી એ શરૂ થાય છે. (જુઓ પૃ. ૮૯-૯૦) શુ એ જ પ્રસ્તુત કૃતિ છે ?

હરિભદ્રસૂરિને નામે ઓળખાવાતી આ કૃતિમા ૧૦૧ શ્લોક છે એટલે આ આચાર્યે રચેલા **શતક**માની એ એક ગણાય.

યોગશત નામની એક અજ્ઞાત કૃતિ પણ છે.

(૧૨૩ અને ૧૨૫) લગ્ગસુદ્ધિ [૩][લગ્નશુદ્ધિ] યાને (૧૨૨ અને ૧૨૪) લગ્ગકુંડલિયા [૪][લગ્નકુંડલિકા]

આ કૃતિ જ. મ મા ૧૩૩ ગાથામા રચાયેલી છે એનો વિષય જ્યોતિષ છે અને એ લગ્ન પૂરતો મર્યાદિત છે.

કર્તૃત્વ—આ કૃતિની ૧૩૨મી ગાથામાં 'હરિભદ્દ' એવો ઉલ્લેખ

---

૧ આથી "ફા. ગુ સ" તરફથી અને "સિ જૈ. ગ્ર."મા છપાયેલી એ બે આવૃતિઓ સમજવાની છે.

૨ **જૈ. ગ્રં.** (પૃ. ૧૧૩)મા જે ૧૦૧ ગાથાની **યોગશતક**ની નોધ છે તે જ આ છે.

૩ આ કૃતિ **ભીમ**સિહ માણેકે વિ સં ૧૯૭૪માં છપાવી હતી. ત્યાર બાદ **ક્ષમા**વિજયગણિએ એ ઈ સ ૧૯૪૧મા છપાવી છે.

૪ આની ખંભાતમાંની એક તાડપત્રીય પ્રતિમાં આ નામ છે.

છે. આ ઉપરથી આ કોઈક હરિભદ્રની કૃતિ છે એટલું જ કહી શકાય. કુલમંડનગણિએ વિ સં ૧૪૪૩માં [૧]**વિચારામૃતસંગ્રહ**ની રચના કરી છે. એમાં (પૃ ૧૧)માં એમણે આ કૃતિનો **લગ્નશુદ્ધિ** તરીકે ઉલ્લેખ કર્યો છે એટલું જ નહિ, પણ આ તેમ જ **અ. જ. પ.**ના કર્તા તરીકે પ્રસ્તુત હરિભદ્રસૂરિનો અને એમના સમય તરીકે પુવ્વના ઉચ્છેદ પછી ૫૫ વર્ષનો અર્થાત્ વીરસંવત્ ૧૦૫૫નો ઉલ્લેખ કર્યો છે[૨] એટલે એમના મતે તો આ કૃતિ પ્રસ્તુત હરિભદ્રસૂરિની જ છે.

શકસંવત્ ૧૨૧૪ અર્થાત્ વિ. સં. ૧૩૪૯માં **સ્યાદ્વાદમંજરી** રચનારા **મલ્લિષેણસૂરિ**ના ગુરુ ઉદયપ્રભસૂરિએ [૩]**આરંભસિદ્ધિ** પાચ વિમર્શમાં રચી છે. એના ઉપર હેમહંસગણિએ વિ સં. ૧૫૧૪-માં [૪]**સુધીશૃંગાર** નામની ટીકા સંસ્કૃતમાં રચી છે. એમાં એમણે 'कारावयस्स'થી શરૂ થતી ગાથા આપી છે અને એના કર્તા તરીકે હરિભદ્રસૂરિનો ઉલ્લેખ કર્યો છે. આ ગાથા **લગ્ગસુદ્ધિ**માં ૨૩મી ગાથા તરીકે જોવાય છે

પાઠાંતરો—ખંભાતમાની ઉપર્યુક્ત તાડપત્રીય પ્રતિનો તેમ જ **ભીમસિંહ માણેક** તરફથી પ્રકાશિત આવૃત્તિનો ઉપયોગ કરી મુનિશ્રી **કાંતિવિજયે** "લગ્નશુદ્ધિના પાઠાંતરો" એ નામનો [૫]લેખ લખ્યો છે

---

૧ આને **વિચારસંગ્રહ** પણ કહે છે કેટલાક એને **સિદ્ધાન્તાલાપકોદ્ધાર** પણ કહે છે.

૨ પ્રસ્તુત પંક્તિ નીચે પ્રમાણે છે —

धर्मसङ्ग्रहण्यनेकान्तजयपताका-पञ्चवस्तुकोपदेशपद-लग्नशुद्धि-लोकतत्त्वनिर्णय-योगविन्दु-धर्मविन्दु-पञ्चाशक-षोडशकाष्टकादिप्रकरणानि चतुर्दश(शत)मितानि पूर्वश्रुतव्यवच्छेदकालानन्तर पचपचाशता वर्षै दिव गतैः श्रीहरिभद्रसूरिभिर्विरचितानि"

૩-૪ મૂળ **સુધીશૃંગાર** સહિત "લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલા"માં છાણીથી ઇ સ ૧૯૪૨માં છપાયુ છે

૫ આ લેખ "જૈ સ પ્ર" (વ. ૭, અં ૧૨)માં છપાયો છે.

(૧૨૬) લઘુક્ષેત્રસમાસ

આ મૂળ કૃતિ મ. કિ. મહેતાએ નોંધી છે. એ જો નોંધ સાચી હોય તો આ ગણિતાનુયોગની કૃતિ ગણાય.

(૧૨૭) લઘુસંગ્રહણી

મ. કિ. મહેતાએ આ નોંધી છે. આ જ જંબૂદ્વીપસંગ્રહણી હોવી જોઈએ એમ લાગે છે. પં. હરગોવિંદદાસે તો એને અભિન્ન ગણી જ છે

(૧૨૯) લોકતત્ત્વનિર્ણય

આ કૃતિનુ અપર નામ **નૃતત્ત્વનિગમ** હોવાથી એ નામે એનો પરિચય અપાયો છે.[1]

(૧૩૦) લોકબિન્દુ

પ્રો. વેબરે બીજા હેવાલ (પૃ. ૯૮૭)માં આની નોંધ લીધી છે.

(૧૩૨) વિંશતિવિંશિકા યાને (૧૩૩) વિંશિકા

આ કૃતિ તે **વીસવીસિયા** જ છે એટલે એનો પરિચય એ જ નામે અપાયો છે. જુઓ પૃ. ૧૪૧-૧૪૮.

(૧૩૪-૧૩૫) વિમાણનરઇંદઅ [વિમાનનરકેન્દ્ર]

આ કૃતિ **દેવેન્દ્રનરકેન્દ્રપ્રકરણ** તરીકે ઓળખાવાતી હોવાથી એ કૃતિ માટે પૃ ૯૫ જોવું.

(૧૩૭-૧૩૮) વીરત્થય [વીરસ્તવ]

આ કૃતિના અંતમા નીચે મુજબની પંક્તિ છે એમ મ કિ મહેતાએ એમના લેખ (પૃ ૧૭૭)મા કહ્યુ છે.—

"सुत्त वंदे मयणविरहं तस्स नाह पि वीरं"

---

૧ જુઓ પૃ. ૧૧૩-૧૧૬.

આ સબંધમા પં. કલ્યાણવિજયજીએ "ગ્રંથકાર-પરિચય" (પત્ર ૧૮અ)મા કહ્યુ છે કે આ જ ત્રણ પદ્યની સ્તુતિને 'વિરહ' વડે અકિત જોઈ ત્રિસ્તુતિકો (ત્રણ-થોઇ-વાળા) પોતાના મતની પુષ્ટિ માટે આને હરિભદ્રસૂરિકૃત રચના ગણે છે, પરંતુ 'વિરહ' અંક સિવાય આ કૃતિને હારિભદ્રીય માનવાનુ કોઈ કારણ નથી. વળી હરિભદ્રસૂરિની કૃતિઓમા 'વિરહ' અંક જોવાય છે, પરંતુ એટલાથી જ એ બધી કૃતિઓ એમની જ છે એમ થોડું સિદ્ધ થાય તેમ છે, કેમકે વ્યાપ્તિનો અભાવ છે.

(૧૩૯) વીરાંગદકથા

આની એક હાથપોથી ભા. પ્રા. સં. મં. મા છે. એને અંગેની મારી નોધ મારી પાસે નથી; એ તો આ સંસ્થા પાસે વર્ષો થયાં છપાયા વિનાની રહેલી છે **જૈ. ગ્રં.** વગેરેમા પ્રશ્નાર્થપૂર્વક આની નોધ છે. પં. બેચરદાસે પૃ. ૧૦૦મા આને અન્ય હરિભદ્રની કૃતિ કહી છે.

(૧૪૦) [1]વીસવીસિયા [વિશતિવિશિકા]

વિભાગ અને પદ્યસંખ્યા—જ. મ.મા પદ્યમા રચાયેલી અને 'વિંશિકા' તરીકે અન્યત્ર નોધાયેલી આ કૃતિ વીસ વિભાગોમાં વિભક્ત છે પ્રત્યેક વિભાગમા અસલ વીસ વીસ પદ્યો હોવાથી એ દરેકને 'વીસિયા' કહે છે. આજે તો ચૌદમી વીસિયા પૂરેપૂરી મળતી નથી; ફક્ત છ જ પદ્યો મળે છે તેમ છતા સમગ્ર કૃતિને 'વીસવીસિયા' કહે છે.

વીસિયાનાં નામ—પહેલી વીસિયા (ગા. ૧૧-૧૫)મા વીસે

---

૧ કેવળ મૂળ અન્યાન્ય મુનિવરોની વિવિધ કૃતિઓ સહિત "ઋ. કે. શ્વે સસ્થા" (રતલામ) તરફથી ઈ સ ૧૯૨૭મા છપાયું છે પ્રો. **અભ્યંકર** દ્વારા સપાદિત આ મૂળ કૃતિ ઈ સ ૧૯૩૨મા પ્રકાશિત થઈ છે એમા પણ ચૌદમી વીસિયાના છ જ પદ્યો છે આ સમગ્ર કૃતિની સસ્કૃત છાયા, અગ્રેજી ટિપ્પણો, સસ્કૃત પ્રસ્તાવના અને સંસ્કૃતમા એક પરિશિષ્ટ વડે આ આવૃત્તિ શોભે છે.

વીસિયાનાં સાન્વર્થક નામ છે અને એ ઉપરથી આ કૃતિના વિષયનો પણ ખ્યાલ આવે છે. પ્રો. કે. વી. **અભ્યંકરની** આવૃત્તિમા ૧૫મી વીસિયાનું નામ પાઇયમા છે, અને એ સિવાયની વીસિયાના નામો સંસ્કૃતમાં જોવાય છે.[1] એ દરેક સંસ્કૃત નામના અંતમા 'વિંશિકા' શબ્દ છે તે બાજુએ રાખતાં એ નામો નીચે પ્રમાણે રજૂ થઈ શકે:—

(૧) અધિકાર, (૨) અનાદિ, (૩) કુલનીતિ, (૪) ચરમ-પરિવર્ત, (૫) બીજાદિ, (૬) સદ્ધર્મ, (૭) દાન, (૮) પૂજા-વિધિ, (૯) શ્રાવક-ધર્મ, (૧૦) શ્રાવક-પ્રતિમા, (૧૧) યતિ-ધર્મ, (૧૨) શિક્ષા, (૧૩) ભિક્ષા, (૧૪) નદંતરાય-શુદ્ધ-લિંગ, (૧૫) આલોયણા (આલોચના), (૧૬) પ્રાયશ્ચિત્ત, (૧૭) યોગવિધાન, (૧૮) કેવલજ્ઞાન, (૧૯) સિદ્ધ-વિભક્તિ અને (૨૦) સિદ્ધ-સુખ.

વિષય—જોકે વીસિયાઓના નામ ઉપરથી તે તે વીસિયાના વિષયની ઝાંખી થાય છે, છતા કેટલીક વિશેષ બાબતો દર્શાવવા માટે અહીં હું એ વાત વીસિયાદીઠ વિચારું છું:

પ્રથમ વીસિયાની ગા. ૩–૧૦માના વિષયનો સારાંશ ન્યાયાચાર્ય યશોવિજયગણિએ **સાડી ત્રણસો ગાથાનું સ્તવન** (ઢાલ ૪, ગા. ૧૧-૧૬)મા આપ્યો છે. ગા. ૧૧-૧૫ વીસિયાઓના નામ પૂરા પાડે છે.

બીજી વીસિયામા જગત્ અનાદિ છે, એ પાચ અસ્તિકાયોનું બનેલું છે અને એના કોઈ રચનાર નથી એ બાબતો રજૂ કરાઈ છે. છેલ્લી બાબત **નૃતત્ત્વનિગમ**માં પણ જોવાય છે.

ત્રીજી વીસિયાનો વિષય કુલાચારો અને દેશાચારો છે. આમાંના

---

૧ **યોગદર્શન તથા યોગવિંશિકાના** પરિચય (પૃ ૪, ટિ.)મા વીસ નામો સંસ્કૃતમાં છે. તેમા કુલનીતિલોકધર્મ, ચરમપરાવર્ત, દાનવિધિ અને સિદ્ધ એમ ૩, ૪, ૭ અને ૧૯ એ ક્રમાંકવાળી વીસિયાના નામોમા ભેદ છે.

કેટલાક તો આજે લુપ્ત બન્યા છે. નવોઢાના પ્રથમ સમાગમ-સમયના વસ્ત્રના પ્રદર્શનની જે વાત **અણુઓગદાર** (ગા. ૭૩, પત્ર ૧૩૭આ)-મા 'વીડનક'ના ઉદાહરણમા છે તે તેમ જ [1]**ગાહાસત્તસઈ**મા જે વિવિધ રીતરિવાજો દર્શાવાયા છે તે અહી વિચારી શકાય.

ચોથી વીસિયામા ચરમ-પરિવર્તનો અધિકાર છે. ચરમ-પરિવર્તને 'અપુનર્બન્ધક' અને 'નિવૃત્તાધિકારપ્રવૃત્તિ' પણ કહે છે. આ અવસ્થા દરમ્યાન મનુષ્યની પ્રત્યેક પ્રવૃત્તિ મોક્ષની પ્રાપ્તિને અર્થે હોય છે. ગા. ૧૪-૧૫મા પાચ સમવાયિ-કારણોનો ઉલ્લેખ છે. આ બાબત તો [2]અન્યત્ર પણ આ ગ્રંથકારે નિર્દેશી છે

પાંચમી વીસિયામા ધાર્મિક જીવનને વૃક્ષ સાથે સરખાવાયુ છે.

છઠ્ઠી વીસિયામા સમ્યક્ત્વની પ્રાપ્તિનુ નિરૂપણ છે.

સાતમી વીસિયાના વિષય તરીકે ત્રણ પ્રકારના દાનની વાત છે. (૧) સમ્યગ્જ્ઞાનની, (૨) નિર્ભયતાની અને (૩) ધાર્મિક દૃષ્ટિએ ઉપયોગિતાની. જ્ઞાનના દાતા અને જ્ઞાનના ગ્રાહકનુ સ્વરૂપ અહીં વિચારાયુ છે. અભયદાનની શ્રેષ્ઠ દાન તરીકે પ્રશસા કરાઈ છે. ત્રીજા પ્રકારનુ દાન -એટલે અશનાદિનુ દાન. આ દાન કરનારે ન્યાય વડે ધન ઉપાર્જન કર્યું હોવુ જોઈએ તો એ શુદ્ધ દાન ગણાય અનુકપા-દાન ઇષ્ટ છે. ભગવાને તીર્થંકર—મહાવીરસ્વામીએ બ્રાહ્મણને દેવદૂષ્યનુ દાન દીધુ હતુ એ વાત અહી અપાઈ છે.

આઠમી વીસિયામા દેવની પૂજા અને એના ભેદો અને ઉપભેદોની હકીકત છે.

નવમી વીસિયા શ્રાવકોના ધર્મ ઉપર પ્રકાશ પાડે છે. એમા શ્રાવકનાં બાર વ્રતોનો ઉલ્લેખ છે.

---

૧ આના પ્રકાશન વગેરે માટે જુઓ **પા, ભા. સા.** (પૃ. ૧૪૨–૧૪૬).

૨ જુઓ **યો. દ. સ., શા. વા. સ.** ઇત્યાદિ.

દસમી વીસિયામા શ્રાવકોની પ્રતિમાનું વર્ણન છે. એ પ્રતિમાઓનાં નામ ‘પ્રતિમા’ શબ્દને બાજુએ રાખતા નીચે મુજબ છે :—

(૧) દર્શન, (૨) વ્રત, (૩) સામાયિક, (૪) પોષધ, (૫) પ્રતિમા, (૬) અબ્રહ્મ, (૭) સચિત્ત, (૮) આરંભ, (૯) પ્રેષ, (૧૦) ઉદ્દિષ્ટવર્જક અને (૧૧) શ્રમણભૂત.

આ પ્રતિમાઓ અનુક્રમે એક માસ, બે માસ એમ છેલ્લી અગિયાર માસ વહન કરાય છે.

અગિયારમી વીસિયા સાધુ-જીવનનો ખ્યાલ આપે છે.

બારમી વીસિયામાં ધર્મને ‘રાજ્ય’ સાથે અને સાચા શ્રમણને ‘રાજા’ સાથે સરખાવાયા છે. ધાર્મિક શિક્ષણ એ આ વીસિયાનો મુખ્ય સૂર છે.

તેરમી વીસિયા એ સાધુ-સાધ્વીઓએ ભિક્ષા લેતી વેળા જે ૪૨ દોષો વર્જવા જોઇએ તે હકીકત પૂરી પાડે છે આ બાબત **પંચાસગ**માના ‘પિંડવિહિ’ નામના પંચાસગમા જોવાય છે.

ચૌદમી વીસિયામા શુદ્ધ રીતે ભિક્ષા દ્વારા મેળવેલા આહારમા વિઘ્નરૂપ બનતી બાબતોનો નિર્દેશ છે.

પંદરમી વીસિયાનો વિષય આલોચના છે

સોળમી વીસિયામાં પ્રાયશ્ચિત્તોનો અધિકાર છે.

સત્તરમી વીસિયાનો વિષય ‘યોગ’ છે. એની ગા. ૧મા કહ્યું છે કે મોક્ષે લઈ જનારી પ્રવૃત્તિ તે ‘યોગ’ છે. ગા. ૨મા યોગના પાંચ પ્રકારો ગણાવાયા છે. એમાના પહેલા બે તે ‘કર્મ-યોગ’ છે; બાકીના ત્રણ ‘જ્ઞાન-યોગ’ છે આ પ્રત્યેકના ચાર ચાર ભેદો અને એ પ્રત્યેક ભેદના ચાર ચાર ઉપભેદો છે. આમ યોગ ૮૦ જાતનો છે. ગા. ૮માં અનુકંપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમનો નિર્દેશ છે.[1] ગા. ૧૪માં

---

૧ સમ્યક્ત્વના લક્ષણરૂપ આસ્તિક્ય ઇત્યાદિનો અહીં પશ્ચાનુપૂર્વીએ ઉલ્લેખ છે. એવો ઉલ્લેખ **તત્ત્વાર્થસૂત્ર** (અ. ૧, સૂ. ૨)ની હારિભદ્રીય ટીકા (પત્ર ૨૦)મા પણ છે.

કહ્યું છે કે તીર્થની રક્ષાના નામે અશુદ્ધ પ્રથા ચાલુ રાખવાથી તીર્થનો ઉચ્છેદ થાય છે.[૧] ગા. ૧૭-૨૦માં શુદ્ધ આચરણના ચાર પ્રકારો ગણાવાયા છે. આ વીસિયામા આધ્યાત્મિક વિકાસની પ્રાથમિક ભૂમિકાને બદલે આગળ ઉપરની ભૂમિકાનો વિચાર કરાયો છે.

અઢારમી વીસિયાનો વિષય કેવલજ્ઞાન યાને સર્વજ્ઞતા છે

સિદ્ધ થયા પૂર્વેની મનુષ્ય તરીકેની અવસ્થાને લક્ષીને સિદ્ધના વિવિધ પ્રકારો પાડી એ બાબત ઓગણીસમી વીસિયામાં વર્ણવાઈ છે. ગા. ૬-૧૨મા સ્ત્રીનો દેહ એના એ જ ભવમા એ જ દેહે મુક્તિ મેળવવામા બાધક બનતો નથી એ બાબત સચોટ રીતે રજૂ કરાઈ છે.

વીસમી વીસિયામા સિદ્ધના સુખનુ વર્ણન છે આ બાબત **ધમ્મસંગહણી** (ગા ૧૩૭૬-૧૩૮૫)મા પણ વિચારાઈ છે.

સંતુલન- સત્તરમી વીસિયા વિષય અને શૈલીની બાબતમા [૨]**ષોડશક** સાથે સરખાવવા જેવી છે. વીસિયાની કેટલીક ગાથા અન્યાન્ય ગ્રથોમા જોવાય છે દા. ત વી. ૪, ગા. ૧૪=**સમ્મઇપયરણ** (કડ ૩, ગા. ૫૫) આ ભાવ **શ્વેતાશ્વતર** ઉપનિષદ્ (અ. ૧, શ્લો ૨) સાથે સરખાવાય તેમ છે. એ શ્લોક નીચે મુજબ છે:—

> " काल· स्वभावो नियतिर्यदृच्छा भूतानि योनि पुरुष इति चिन्त्यम् ।
> सयोग एषा न त्वात्मभावादात्माऽप्यनीश· सुखदु खहेतो ॥ "

વી ૬, ગા ૫-૬ના પૂર્વાર્ધ = **આવસ્સય**ની નિજ્જુત્તિની ગા. ૧૦૫-૧૦૬ના પૂર્વાર્ધ.

---

૧ આને લગતા **યશોવિજયગણિ**-કૃત વિવરણમા કહ્યુ છે કે જનોનો સમૂહ એ 'તીર્થ' નથી, આજ્ઞારહિત એ સમૂહ તો હાડકાનો માળો છે, સૂત્રમા કહેલી યથોચિત ક્રિયા કરનાર સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો સમુદાય 'તીર્થ' છે. ધર્મ-ઢોગી ગુરુઓની ખબર **આવસ્સય**ની નિજ્જુત્તિ (ગા. ૧૧૦૯-૧૧૯૩)માં લેવાઈ છે એનુ સંક્ષેપમા આ ૧૪મી ગાથામા સૂચન છે.

૨ જુઓ પૃ. ૧૬૧.

વી. ૬, ગા. ૭-૮ = **પંચાસગ** (પં. ૩, ગા. ૨૯-૩૦) = **વિસેસા૦** (ગા. ૧૨૦૨-૧૨૦૩).

¹* વી. ૬, ગા. ૯-૧૪ = **સમરાઇચ્ચચરિય** (ભવ ૧, ગા. ૭૨-૭૭)

વી. ૯, ગા. ૮-૨૦ = **સાવયધમ્મવિહિ** (ગા. ૧૦૬-૧૦૮ ને ૧૧૧-૧૨૦).

વી, ૯, ગા. ૧૧-૨૦ = **પંચાસગ** (પં. ૧, ગા. ૪૧-૫૦).

વી. ૧૦, ગા. ૧ = **પંચાસગ** (ગા. ૪૪૭).

વી. ૧૧, ગા ૨ = **પંચાસગ** (ગા. ૫૧૩) = **દસવેયાલિય**ની નિજ્જુત્તિ (ગા. ૩૧૪).

વી. ૧૩, ગા. ૩-૪ ને ૫-૭ = **પિંડનિજ્જુત્તિ** (ગા. ૯૨-૯૩, ૪૦૮, ૪૦૯ ને ૫૨૦).

વી. ૧૩, ગા. ૧૦ = પિંડનિજ્જુત્તિ (ગા. ૬૬૨) = **ઓહ-નિજ્જુત્તિ** (ગા ૨૮૦).

*વી. ૨૦, ગા. ૬ = **સમરાઇચ્ચચરિય** (ભવ ૯, પત્ર ૯૭૦, દોશીની આવૃત્તિ).²

વિચારોની સમાનતા અર્થે નીચે મુજબ ઉલ્લેખ થઈ શકે :—

વી ૭, ગા ૩-૫ = **યોગબિન્દુ** (શ્લો. ૩૪૫ ને ૩૪૯).

વી. ૧૨, ગા. ૧૨ = **આવસ્સય**ની નિજ્જુત્તિ (ગા. ૯૯).

વી. ૧૨, ગા. ૧૬ = કઠ (અ. ૧, વલ્લી ૨, શ્લો. ³૧૫).

---

૧ આ (*) ચિહ્નથી અંકિત સમીકરણો સિવાયના સમીકરણો પ્રો કે. વી. અભ્યંકરે આપ્યા છે

૨ આ લગભગ સમાન છે.

૩ " सर्वे वेदा यत् पदमामनन्ति तपांसि सर्वाणि च यद् वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत् ते पदं संग्रहेण ब्रवीम्योमित्येतत् ॥१५॥ "

વી. ૧૭, ગા. ૧૪-૧૬ = **જ્ઞાનસાર** ('લોકસંજ્ઞા' નામનું ૨૩મું અષ્ટક).

વી ૨૦, ગા. ૨-૨૦ = **ઓવવાઇય** (અંતિમ પદ્યો).

વી. ૨૦, ગા. ૯-૧૬ = **ઉત્તરજ્ઝયણ** (અ. ૧૯, ગા ૭૬-૮૫).

વી ૨૦, ગા. ૧૮ = **પંચસુત્તગ**ની વ્યાખ્યા (પત્ર ૨૮અ).

વી. ૨, ગા. ૧૮ગત "अणाइयमग्गे तम आसिने" **તૈત્તિરીય** બ્રાહ્મણ (૨-૮-૯)ની નિમ્નલિખિત પંક્તિ સાથે સરખાવાય:—

"तम आसीत् तमसा गूळ्हमग्रे प्रकेतम्"

વી ૩, ગા. ૧૭માંની "इत्थियण सुज्झियव्वा" પંક્તિ **અર્થ-શાસ્ત્ર**નું સ્મરણ કરાવે છે.

ઉલ્લેખ—ન્યાયાચાર્ય યશોવિજયગણિએ **અધ્યાત્મસાર** (પ્ર. ૩, શ્લો ૯૪)માં "યોગવિંશિકા"નો અર્થાત્ ૧૭મી વીસિયાનો ઉલ્લેખ કર્યો છે

વિવરણ—'જોગવિહાણ'[1] નામની સત્તરમી વીસિયા ઉપરનું ન્યાયાચાર્ય યશોવિજયગણિકૃત વિવરણ મળે છે[2] આ ગણિએ સમગ્ર કૃતિ ઉપર વિવરણ રચ્યું હતું કે કેમ એની ચર્ચા મે "વીસ-વીસિયાનું વિવરણ" એ નામના[3] લેખમાં કરી છે ન્વ આગમો-દ્ધારક **આનંદસાગરસૂરિ**એ પહેલી વીસિયા ઉપર વિસ્તૃત વિવરણ રચ્યું છે એ છપાવવું ઘટે.

---

૧ આ નામ **પંચાસગ**ના બીજા પંચાસગના 'દિક્ખાવિહાણ' નામનું સ્મરણ કરાવે છે.

૨ આ વિવરણ સહિત ૧૭મી વીસિયા તેમ જ **યોગદર્શન** ઉપરની યશોવિજયગણિકૃત ટીકા **યોગદર્શન તથા યોગવિંશિકા** એ નામથી ઈ સ ૧૯૨૨માં "શ્રીઆત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ" તરફથી આગ્રાથી છપાવાઈ છે.

૩ આ લેખ "જૈ. ધ પ્ર" (પુ. ૬૫, અ ૧૨)માં છપાયો છે

હિન્દી સાર—૧૭મી વીસિયાનો 'હિંદી સાર' પં. સુખલાલે લખ્યો છે[1] અને એ છપાયો છે.[2]

ગુજરાતી સારાંશ—પહેલી પાચ વીસિયાનો ગુજરાતી સારાંશ **ચન્દ્રસાગરગણિ**(હવે સૂરિ)એ જે તૈયાર કર્યો હતો તે "સિદ્ધચક્ર" (વ. ૧૩, અ . ૧, પૃ ૧૩-૨૦)મા છપાયો છે.

(૧૪૧) વેદબાહ્યતાનિરાકરણ

આની બે હાથપોથી અહીના (સુરતના) જૈનાનંદ પુસ્તકાલયમાં છે. એના ક્રમાક ૯૧૩ ને ૧૨૪૭ છે. આ નામ વિચારતા એવો પ્રશ્ન કોઈકને ઉદ્‌ભવે કે આ **દ્વિજવદનચપેટા** તો નથી ? પરંતુ આ તો જુદી જ કૃતિ છે. ક્રમાક ૧૨૪૭ની હાથપોથીમાં **ઈશ્વિરસદ્‌ભાવ** નામની નાનકડી કૃતિ પછી નીચે મુજબની પંક્તિ પત્ર ૧૩આમા છે :—

"इह केचित सदनुष्टानवतोऽपि जैनान् प्रति महामोहदोषेण वेद-बाह्यापवदं सदोपमेव दोषममिदधति तन्मोहापनोदायेदममिधायते। अथ के एते वेदा नाम ॥

પત્ર ૧૬અમા અંતિમ ભાગ છે. એ પણ ''પને તેટલો સુધારીને હુ અહી આપું છુ .—

"इत्येतदप्यन्नाप्पदमेव वेदितव्यमुक्तवद् वक्ति विरहेण वेदवाह्यस्वत्वा-नुपपत्ते । इति वेदबाह्यतानिराकरणं कृतं श्रीसितावराचार्यहरिभद्रेण ॥ "

આ ઉપરથી એમ ફલિત થાય છે કે જૈનો વેદોનો અસ્વીકાર કરે છે—એવો વેદબાહ્ય છે એ આક્ષેપનો હરિભદ્રસૂરિએ રદિયો આપ્યો છે.

---

૧ જુઓ **યોગદર્શન તથા યોગવિંશિકા** (પૃ. ૧૧૪-૧૩૮).

૨ જુઓ પૃ. ૧૪૭, ટિ ૨.

(૧૪૨) વ્યવહારકલ્પ

મ કિ મહેતાએ આની નોધ લીધી છે 'વાયડ' ગચ્છના જિનદત્તસૂરિએ **શકુનશાસ્ત્ર**મા નીચે મુજબ [1]ઉલ્લેખ કર્યો છે :—

"यदाहु· श्रीहरिभद्रसूरयोऽपि स्वव्यवहारकल्पे–
'नक्षत्रस्य मुहूर्तस्य तिथेश्च करणस्य च ।
चतुर्णामपि चैतेषा शकुनो दण्डनायकः ॥
अपि सर्वगुणोपेतं न ग्राह्यं शकुन विना ।
लग्नं, यस्मान्निमित्ताना शकुनो दण्डनायक' ॥"

(૧૪૩) શતશતક

આ નામની સો કૃતિ રચ્યાનો **ચ. પ્ર.** (પૃ પર)મા ઉલ્લેખ છે. એમા **જોગસયગ**નો સમાવેશ થાય છે ખરો ?

(૧૪૪) શાશ્વતજિનસ્તવ

આ **જિણહરપડિમાથોત્ત** હોવાથી એનો આ પૂર્વે પૃ ૮૮-૮૯-મા વિચાર કરાયો છે.

(૧૪૫) [2]શાસ્ત્રવાર્તાસમુચ્ચય અને એની (૫૯ અને ૧૪૬) [3]દિક્પ્રદા નામની ટીકા

વિભાગીકરણ– **શાસ્ત્રવાર્તાસમુચ્ચય** એ સસ્કૃતમા ૭૦૦

૧ આ ઉલ્લેખ પ. કલ્યાણવિજયજીએ "ગ્રથકાર-પરિચય" (પત્ર ૧૮અ)મા કર્યો છે

૨ "જૈ ધ પ્ર સ" તરફથી મૂળ ઈ સ ૧૯૦૮મા પ્રકાશિત થયેલું છે એનુ મૂળ આઠ સ્તબકોમા વિભક્ત કરાયુ છે આ મૂળ કૃતિ ઈ સ ૧૯૧૪-મા યશોવિજયગણિકૃત **સ્યાદ્વાદકલ્પલતા** સાથે "દે લા જૈ પુ સંસ્થા" તરફથી પ્રસિદ્ધ કરાઈ છે આ મૂળ **દિક્પ્રદા** સહિત "વિજયદેવસૂરસઘ સસ્થા ગોડીજી જૈન ઉપાશ્રય (મુબઈ)" તરફથી ઈ સ ૧૯૨૯મા છપાવાયુ છે

૩ આ ટીકા છપાઈ છે. જુઓ ટિ ૨

વિવરણ—શા.વા.સ. ઉપર ૨૨૫૦ શ્લોક પૂરતી સંસ્કૃત ટીકા ગ્રંથકારે જાતે રચી છે અને એનું નામ **દિક્પ્રદા** રાખ્યું છે. આ ઉપરાંત **યશોવિજયગણિએ** પણ આ કૃતિ ઉપર સંસ્કૃતમાં ટીકા રચી છે અને એનું નામ **સ્યાદ્વાદકલ્પલતા** રાખ્યું છે એ નવ્ય ન્યાયથી મંડિત છે એ પણ મુદ્રિત છે.[1] **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૮૩)માં "ऐन्द्रश्रेणिनता"થી શરૂ થતી ટીકાને 'અજ્ઞાતકર્તૃક' કહી છે, પણ આ તો **સ્યાદ્વાદકલ્પલતાના** આદ્ય પદ્યનો પ્રારંભિક ભાગ છે એટલે એમ લાગે છે કે આ ભૂલ છે.

અવતરણો—નંદીની મલયગિરિસૂરિકૃત ટીકા (પત્ર ૨૧૩આ, ૨૧૪આ અને ૨૨૨અ)માં **શા.વા.સ.**માંથી અવતરણો અપાયાં છે.

ભાષાંતર—આ અપૂર્વ કૃતિનું ગુજરાતી ભાષાંતર નથી એ ખેદનો વિષય છે.

સારાંશ—આ કૃતિના શ્લો. ૧૯૪-૨૧૦નો ગુજરાતી સારાંશ પં. **બેચરદાસે** પૃ. ૩૩-૩૪માં આપ્યો છે

વ્યાખ્યાનો—આગમોદ્ધારકે **શા.વા.સ.**ને અંગે ૧૯ વ્યાખ્યાનો અહીં (સુરતમાં) વિ. સં. ૨૦૦૨માં આપ્યાં હતાં. આ બધાં ઉતરાવી લેવાયાં છે પણ એ છપાવાયાં નથી.

(૧૪૯) શ્રાવકધર્મતંત્ર

માનદેવસૂરિકૃત ટીકા સહિત જે **સાવગધમ્મ** છપાયો છે તે જ આ કૃતિ હોય એમ લાગે છે એટલે આનો પરિચય પૃ ૧૭૯માં અપાયો છે.

(૧૫૦) શ્રાવકધર્મપ્રકરણ

આ **સાવગચરિઅનું** નામાંતર જણાય છે.

---

૧ આ મુદ્રિત છે જુઓ પૃ ૧૪૯, ટિ ૨

(૧૫૧) શ્રાવકધર્મવિધિ (પ્રકરણ)

આની નોંધ **સાવગધમ્મ** તરીકે મે પૃ. ૧૭૯મા લીધી છે.

(૧૫૨) શ્રાવકધર્મસમાસ

આ તો **સાવગધમ્મસમાસ**નુ સસ્કૃત નામ છે આથી આનો પરિચય એ નામે મે પૃ ૧૮૦-૧૮૧મા આપ્યો છે.

(૧૫૪) શ્રાવકપ્રજ્ઞપ્તિ અને એની (૧૫૫) ટીકા

શ્રાવકપ્રજ્ઞપ્તિની **ચ. પ્ર** મા નોધ છે. આ જ **સાવયપણ્ણત્તિ** હોય તો એનો મે પૃ ૧૮૦-૧૮૧મા વિચાર કર્યો છે

શ્રાવકપ્રજ્ઞપ્તિની ટીકા એ **સાવયપણ્ણત્તિ**ની ટીકા હોય તો એ સબંધમા મે પૃ. ૧૮૧મા વિચાર કર્યો છે **સામાચારીશતક** (   )મા તેમ જ જયસોમસૂરિકૃત **વિચારરત્નસંગ્રહ** કે જેને ગ્રંથરૂપે યોજી ગુણવિનયે વિ સ. ૧૬૫૭મા લખ્યો છે તેમા આની જ નોંધ હોય એમ લાગે છે

(૧૫૭) [1]ષડ્દર્શનસમુચ્ચય

પ્રેરણા– **સિદ્ધસેન** દિવાકરની દાર્શનિક **દ્વાત્રિંશિકા**ઓના પરિશીલન દ્વારા પ્રેરણા મેળવીને હરિભદ્રસૂરિએ ૮૭ પદ્યોની આ સંસ્કૃત કૃતિ રચી છે.

---

૧ એફ્ એલ. પુલી (Pullee)એ આનુ સપાદન કર્યું છે અને એ GSAI (Vol I, 47 ff, 8, 159 ff, 9, 1 ff.)મા છપાયુ છે "જૈ ધ પ્ર. સ."એ આ કૃતિ **શા૦વા૦સ૦** અને **અષ્ટકપ્રકરણ** સહિત "શ્રીહરિભદ્રસૂરિકૃત ગ્રથમાલા"એ નામથી વિ સ ૧૯૬૪મા પ્રકાશિત કરી છે. **ત૦ર૦દી૦** સહિત મૂળ કૃતિનુ સંપાદન ડો સુઆલિએ કર્યું છે, અને એ "કલકત્તા બિબ્લિઓથિકા ઇન્ડિકા"મા ઈ સ ૧૯૦૫-૭મા પ્રસિદ્ધ

પદ્યોમા રચાયેલી કૃતિ છે. કર્તાએ આને કોઈ વિભાગોમા વિભક્ત કરી હોય એમ જણાતું નથી, જોકે આની એક આવૃત્તિમા એ આઠ સ્તબકોમા વિભક્ત કરાઈ છે, અને એના ટીકાકાર યશોવિજયગણિએ એના અગિયાર વિભાગો પાડ્યા છે

વિષય—આ કૃતિમા અજૈન દર્શનોના મંતવ્યોની આલોચના છે. એના નિરસન બાદ એનો સમન્વય સાધવાનો ઉત્તમ પ્રયાસ કરાયો છે. આનંદની વાત તો એ છે કે જે અજૈન ગ્રંથકારોના વિચારોનુ ખંડન કરાયુ છે તેમનો માનભેર ઉલ્લેખ કરાયો છે. આ ઉપરથી ગ્રંથકારની સર્વધર્મસમભાવની મનોરમ ભાવના ઝળકી ઊઠી છે.

પ્રસ્તુત કૃતિના વિષયોની આછી રૂપરેખા વિષે આટલું સૂચન કરી વિશેષ માટે આત્માના અસ્તિત્વની [1]સિદ્ધિ, જૈન દૃષ્ટિએ અહિંસાનું મંડન અને વેદવિહિત હિંસાનું ખંડન, [2]પાંચ કારણોના ઉલ્લેખ પૂર્વકનો કારણવાદ, દ્રવ્ય અને સત્‌ને અંગેનું જૈન મંતવ્ય, મુક્તિનું સ્વરૂપ તેમ જ બ્રહ્માદ્વૈતવાદ વગેરેનુ નિરસન ઇત્યાદિ વિષયો નોંધવા બસ થશે. અદ્વૈતમીમાંસાનો સમન્વય શ્લો. ૫૪૩ અને એ પછીના પદ્યોમા છે. શ્લો. ૫૪૩-૫૫૨ વેદાંતને લગતા છે એવા ઉલ્લેખપૂર્વક એ **ષડ્દર્શનસમુચ્ચયની ત. ર. દી.** સહિતની આવૃત્તિના અંતમાં અપાયા છે.

ઉદ્ધરણ—શા. વા. સ.મા કેટલાક પદ્યો અન્ય ગ્રંથોમાથી ઉદ્ધૃત કરી વણી લેવાયા છે. દા. ત. શ્લો. ૨૬૯, ૨૭૦, ૬૦૪ ને ૬૦૫ એ ધર્મકીર્તિકૃત **પ્રમાણવાર્તિક**માથી, શ્લો. ૬૯૩ **તત્ત્વાર્થસૂત્ર** (અ. ૧૦, સૂ. ૭)ના ભાષ્ય(ભા. ૨, પૃ. ૩૧૯)માંથી અને શ્લો. ૨૯૬નો

---

૧ આ વિષય **ધમ્મસંગહણી** વગેરેમા ચર્ચાયો છે.

૨ આ વિષય અન્યત્ર ચર્ચાયો છે. જુઓ પૃ. ૧૩૬, ૧૪૩ અને ૧૪૫.

ઉત્તરાર્ધ **શાંતરક્ષિત**ની કોઈક કૃતિમાથી ઉદ્ધૃત કરાયા છે. **અ.જ.પ.** (ખડ ૧, પૃ. ૭૧-૭૨)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા જોતા જણાય છે કે શ્લો. ૫૧૫-૫૧૮ એ વૃદ્ધોનુ કથન છે.

સામ્ય—શ્લો ૬૬૭ [૧]**વાક્યપદીય** (કાડ ૨)ના શ્લો ૪૨૫ સાથે પ્રાય મળે છે. શ્લો. ૩૬૭, ૫૦૮, ૫૦૯, ૫૧૩, ૫૧૫-૫૧૮, ૬૬૬, ૬૬૭ અને ૬૭૦ **અ.જ.પ.** અને એની સ્વોપજ્ઞ વ્યાખ્યામા જોવાય છે.[૨]

શ્લો. ૫૮૧-૫૮૩ **સર્વજ્ઞસિદ્ધિ** (શ્લો. ૧૨-૧૩) સાથે બહુધા મળે છે.

શ્લો. ૭૬ **ભગવદ્ગીતા** (અ ૨)ના શ્લો. ૧૬ સાથે મળતો આવે છે.

શ્લો. ૫૬૩ **ભગવદ્ગીતા** (અ. ૧૩, શ્લો ૮) સાથે સરખાવાય તેમ છે.

શ્લો. ૧૬૬નુ આદ્ય ચરણ **મૈત્રી** ઉપનિષદ્ (૬, ૧૫) સાથે અને એનો પૂર્વાર્ધ **મહાભારત** (આદિપર્વ ૧, ૧, ૧૯૦) સાથે મળે છે.

શ્લો. ૫૦૫ ને ૫૦૬ **સમ્મઇપયરણ** (કડ ૧)ની ગા. ૪૩-૪૪-ના અનુવાદરૂપ જણાય છે.

નામોલ્લેખ—શ્લો ૬૦૩મા **ધર્મકીર્તિ**નુ નામ અપાયુ છે. એવી રીતે **દિઙ્પ્રદા** (પત્ર ૩૮આ)મા પણ આ નામ છે. વિશેષમા આ ટીકામા [૩]**શાંતરક્ષિત**, [૪]શુભગુપ્ત, [૫]સુબધુ વગેરેમા નામ છે.[૬]

---

૧ જુઓ 'ઉપખડ'

૨ જુઓ **અ.જ.પ.** (ખડ ૨)નો ઉપોદ્ઘાત (પૃ ૪૦)

૩ જુઓ "ઉપખંડ"

૪ એજન

૫ એજન

૬ જુઓ **અ.જ.પ.** (ખંડ ૨)નો ઉપોદ્ઘાત (પૃ ૩૯)

છંદ—એનુ ૪૨મુ પદ્ય 'ઉપજાતિ'મા છે અને ૧૮૨મુ પદ્ય 'સુંદરી' યાને 'વિયોગિની' કિંવા 'વૈતાલીય' છંદમા છે, જ્યારે બાકીના ૮૫ પદ્યો 'અનુષ્ટુભ્'મા છે. આમ કૃતિ મુખ્યતયા 'અનુષ્ટુભ્'-માં રચાઈ છે.

નામ—કર્તાએ આ કૃતિનુ નામ સૂચવ્યું નથી પણ **વિદ્યાતિલક**-ઉર્ફે **સોમ**તિલકસૂરિએ આની વૃત્તિ (પૃ ૨)મા તેમ જ **ગુણરત્ન**-સૂરિએ આ કૃતિની ટીકા નામે **ત. ર. દી.**મા સૂચવ્યું છે તેમ એ **ષડ્દર્શનસમુચ્ચય** છે આ નામ જ કહી આપે છે તેમ એમાં છ દર્શનનો અધિકાર છે. શ્લો. ૧ મગલાચરણરૂપ છે એ અનેકાર્થી છે એમ **ત. ર. દી.**માં કહ્યું છે શ્લો. ૨-૩માં છ દર્શનનાં નામો છે. જેમ કે (૧) બૌદ્ધ, (૨) નૈયાયિક, (૩) સાંખ્ય, (૪) જૈન, (૫) વૈશેષિક અને (૬) જૈમિનીય. **ત. ર. દી.**માં આ દર્શનોને લક્ષીને સમગ્ર કૃતિના છ અધિકાર પડાયા છે.

થયું છે આ ટીકા સહિત મૂળ "આત્માનદ સભા" (ભાવનગર) તરફથી વિ સ. ૧૯૭૪મા છપાયું છે "આ સ" તરફથી આ મૂળ તેમ જ એ જ નામની **રાજશેખરસૂરિ**કૃત **ષડ્દર્શનસમુચ્ચય** નામની કૃતિ ઈ સ. ૧૯૧૮મા સુરતથી એક ગ્રથરૂપે છપાવાઈ છે "ચૌખંબા સંસ્કૃત સિરીઝ"માં **મણિભદ્ર**ના નામ પર ચઢાવાયેલી લઘુ ટીકા સહિત મૂળ "બનારસ"થી ઈ સ ૧૯૦૫મા છપાવાયુ છે. એમા **દામોદરલાલ** ગોસ્વામીની સંસ્કૃતમાં ભૂમિકા છે. "મુક્તાબાઈ જ્ઞાનમંદિર" (ડભોઈ) તરફથી **ષડ્દર્શનસમુચ્ચય** **વિદ્યાતિલક**કૃત વૃત્તિ તેમ જ અજ્ઞાતકર્તૃક **લઘુષડ્દર્શનસમુચ્ચય** સહિત વિ સં. ૨૦૦૬મા પ્રકાશિત થયો છે. આનુ સપાદન શ્રી**વિજયજંબૂ**-સૂરિજીએ કર્યું છે

૧ આના છદ સબધી આ પરિવર્તનનો અને **ત૦ ર૦ દી૦**માં આ પદ્યને અગેનો **ગુણરત્નસૂરિ**ના ઉલ્લેખનો વિચાર કરી પં. **બેચરદાસે** **જૈન દર્શન** (સૂચન, પૃ ૧)મા આ પદ્ય હરિભદ્રસૂરિનુ નહિ હોવું જોઈએ એમ કહ્યુ છે.

૭૯મા પદ્યમા કહ્યુ છે કે જે નૈયાયિક અને વૈશેષિકને અભિન્ન ગણે છે તેઓ ૭ દર્શન ગણાવતી વેળા 'લોકાયત' મતનો અર્થાત્ 'ચાર્વાક' દર્શનનો ઉલ્લેખ કરે છે. આમ અહી ભારતીય દર્શનોમા જે ચાર્વાકના મતનો અગત્યના દર્શન તરીકે ઉલ્લેખ છે તે આ સૂરિ-વર્યની ઉદારતાનુ દ્યોતન કરે છે

'દર્શન' એટલે તત્ત્વજ્ઞાન સબધી વિશેપ વિચારસરણી. આને અંગ્રેજીમાં 'system of philosophy' કહે છે એની સખ્યા વર્ગીકરણના દૃષ્ટિબિન્દુ ઉપર અવલબે છે. દર્શનોના જે ભારતીય અને અભારતીય એવા બે વર્ગો પડી શકે તેમા ભારતીય દર્શનો તરીકે મોટે ભાગે ૭ની સંખ્યા દર્શાવાય છે વૈદિક હિન્દુ ગ્રથકારો વગેરે સાખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાસા અને વેદાત એમ ૭ દર્શનો ગણાવે છે, અને એને જ 'આસ્તિક દર્શન' ગણે છે, અને નાસ્તિક દર્શનો તરીકે તેઓ ચાર્વાક, જૈન અને બૌદ્ધ દર્શનનો ઉલ્લેખ કરે છે

કેટલાક પૂર્વ-મીમાસા અને ઉત્તર-મીમાસા, સેશ્વર-સાંખ્ય અને નિરીશ્વર-સાખ્ય તેમ જ સોળ પદાર્થ જણાવનાર ન્યાય અને સાત પદાર્થ જણાવનાર વૈશેષિક એમ ૭ દર્શન ગણાવે છે વળી કેટલાક સૌત્રાતિક, વૈભાષિક, યોગાચાર અને માધ્યમિક એમ બૌદ્ધ દર્શનના ચાર પ્રકારોમા જૈન અને લૌકાયતિક દર્શન ઉમેરી ૭ દર્શનો ગણાવે છે. કેટલાક આ બંને પ્રકારે ૭ ૭ દર્શન ગણાવી દર્શનોની સખ્યા બારની દર્શાવે છે.[1]

વિષય—શ્લો. ૪–૨૧૧૩/૪મા બૌદ્ધ દર્શનનો, શ્લો. ૧૧૩/૪–૩૨૩/૪-

૧ આ ઉપરાત કેટલીક બાબતો મે "જૈ૦સ૦પ્ર૦" (વ ૯, અ ૩)મા પ્રસિદ્ધ થયેલા મારા લેખ નામે "દર્શનોની ગણના અને ઘટના"મા આપી છે

૨ આમ વિષય પદ્યાર્ધમા અહી પૂર્ણ થાય છે. એવી શૈલી **કાવ્ય-પ્રકાશ**મા પણ જોવાય છે.

માં નૈયાયિક, શ્લો. ૩૨½–૪૩½મા સાખ્ય, શ્લો ૪૩½–૫૮માં જૈન અને શ્લો. ૫૯-૬૭મા વૈશેષિક દર્શનનો પરિચય અપાયો છે. શ્લો. ૭૮–૭૯મા છ દર્શન તરીકે શેને શેને ગણવો એ વાત વિચારાઈ છે. છેલ્લા શ્લોકના ઉત્તરાર્ધમા કર્તાએ વાચકવર્ગને ઉપદેશ આપ્યો છે. શ્લો. ૧૧મા બૌદ્ધ ન્યાય અનુસાર હેતુના ત્રણ લક્ષણ દર્શાવતી વેળા પક્ષધર્મત્વનો ઉલ્લેખ છે આ ભાવદર્શક શબ્દ–પ્રયોગ **પ્રમાણવાર્તિક** (શ્લો. ૩)મા અને **ન્યાયપ્રવેશક** (પૃ. ૧)મા જોવાય છે એટલે જિનવિજયજીનુ કથન વિચારણીય ઠરે છે

સામ્ય—શ્લો. ૫–૮ જિનસેનના [1]**આદિપુરાણ** (પર્વ ૫)માં શ્લો. ૪૨–૪૫ રૂપે ક્રમસર જોવાય છે. આથી એમ લાગે છે કે આ કોઈ પ્રાચીન બૌદ્ધ કૃતિમાથી ઉદ્ધૃત કરાયા હશે.

શ્લો ૨૦નો પૂર્વાર્ધ તેમ ૪ ઉત્તરાર્ધ જયન્તભટ્ટની [2]**ન્યાયમંજરી** (પૃ. ૧૨૯)માના બે પદ્યોના ઉત્તરાર્ધ સાથે સર્વથા મળતા આવે છે આ બે પદ્યોના પૂર્વાર્ધ **ષડ્દર્શનસમુચ્ચય**માં નથી તો શુ આ બે પદ્યો કોઈક અન્ય પ્રાચીન કૃતિના હશે ?

શ્લો. ૭૨ **શાંત**રક્ષિતના [3]**તત્ત્વસંગ્રહ** ઉપરની કમલશીલકૃત [4]**પંજિકા** (પૃ. ૪૫૦)ગત પદ્ય સાથે લગભગ સામ્ય ધરાવે છે. શું આ પદ્ય કોઈ જૈમિનીય દર્શનની પ્રાચીન કૃતિનું હશે ? આ ૭૨મુ પદ્ય **ન્યાયકુમુદચન્દ્ર** (પૃ. ૫૦૫)મા અવતરણરૂપે નજરે પડે છે.

વિવરણાત્મક સાહિત્ય—આ નીચે મુજબ છે :—

---

૧ આ **મહાપુરાણ**નો પૂર્વાર્ધ છે એ ઉત્તરાર્ધ સહિત "સ્યાદ્વાદગ્રંથમાલા"મા ઇન્દોરથી વિ સ. ૧૯૭૩–૭૫મા છપાયો છે.

૨ આ મહોપાધ્યાય **ગ**ંગાધરશાસ્ત્રી દ્વારા સપાદિત થઈ " વિઝિયાનગરમ સસ્કૃત સિરીઝ"મા છપાયુ છે

૩–૪ આ બને " ગા પૌ ગ્ર "મા છપાયેલ છે

(૧) વિ. સં ૧૨૯૫માં કોઇકે અવચૂરિ રચી છે.

(૨) 'રુદ્રપલ્લીય' ગચ્છના **સંઘતિલકસૂરિના** શિષ્ય **સોમ-તિલક ઉર્ફે વિદ્યાતિલકે** વિ. સ. ૧૩૯૨માં એક ટીકા રચી છે અને એ હાલમા છપાવાઈ છે.[1]

(૩) **મણિભદ્રે** એક ટીકા રચી છે.[2] આ **વિદ્યાતિલકની** જ હોય એમ મોટા ભાગનું માનવું છે.[3] આ ટીકામા જૈન દર્શનને લગતા લખાણનો લગભગ અડધો અડધ ભાગ **સ્યાદ્વાદમંજરી** સાથે મોટે ભાગે મળતો આવે છે. શુ એકે બીજામાથી આ લીધું હશે ?

(૪) **દેવસુંદરસૂરિના** શિષ્ય અને વિ. સં ૧૪૬૬મા **ક્રિયારત્ન-સમુચ્ચય** રચનારા **ગુણરત્નસૂરિએ** **ષડ્દર્શનસમુચ્ચય** ઉપર સંસ્કૃતમા[4] ટીકા રચી છે. **જૈ.ગ્રં.** (પૃ. ૭૯) પ્રમાણે એની બે વાચના મળે છે. આ ટીકા (પત્ર ૪૨અ)મા તેમ જ **સ્યાદ્વાદમંજરી** (**અન્યયોગ૦** શ્લો. ૧૫ની ટીકા, પૃ. ૯૭)મા નીચે મુજબની પંક્તિ પતંજલિના નામે અપાઈ છે, જો કે એ **યોગસૂત્ર** (સૂ ૨૦)ના **વ્યાસ**કૃત ભાષ્ય (પૃ. ૯૧)મા મોટે ભાગે મળે છે:—

"शुद्धोऽपि पुरुष. प्रत्यय वौद्धमनुपश्यति, तमनुपश्यन्नतदात्माऽपि तदात्मक इव प्रतिभापते ।"

(૫) **રાજહંસે** ૧૫૦૦ શ્લોક જેવડી એક ટીકા રચી છે.

---

૧ જુઓ પૃ. ૧૫૪.

૨ આ ટીકા પ્રસિદ્ધ થયેલી છે (જુઓ પૃ. ૧૫૪)

૩ આ સબધમા મે કેટલીક બાબતો "ષડ્દર્શનસમુચ્ચય અને એની ટીકાઓ" એ નામના મારા લેખમા વિચારી છે આ લેખ "આ. પ્ર." (પુ ૪૮, અ. ૮)મા છપાયો છે.

૪ આ પ્રકાશિત છે. જુઓ પૃ. ૧૫૩, ટિ. ૧ અને પૃ. ૧૫૪.

(૬) કોઈએ " सज्ज्ञानदर्पणतले "થી શરૂ થતી અને ૧૨૫૨ શ્લોક જેવડી ટીકા રચી છે.

(૭) એક બીજી પણ કોઈ અજ્ઞાતકર્તૃક ટીકા છે.

(૮) બ્રહ્મ **શાંતિદાસે** અવચૂર્ણિ રચી છે.

ભાષાંતર—પ્રો. મણીલાલ ન. દ્વિવેદીએ મૂળ કૃતિનુ ગુજરાતીમાં ભાષાંતર કર્યું છે.[1]

સમાનનામક કૃતિઓ—'મલધારી' ગચ્છના **રાજશેખર**-સૂરિએ ૧૮૦ પદ્યમા [2]**ષડ્દર્શનસમુચ્ચય** નામની [3]કૃતિ રચી છે.[4] **મહેન્દ્રપ્રભસૂરિ**ના શિષ્ય **મેરુતુંગે** પણ આ નામની કૃતિ રચી છે એમ **સત્તરિયા**ના ભાસની વિ. સં. ૧૪૪૯મા એમણે રચેલી ટીકાની પ્રશસ્તિ ઉપરથી જાણી શકાય છે. આ કૃતિને [5]**ષડ્દર્શનનિર્ણય** પણ કહે છે. કોઈએ સંસ્કૃતમા [6]**લઘુષડ્દર્શનસમુચ્ચય** રચ્યો છે ૭ દર્શનોને અંગે આ ઉપરાતની કૃતિઓ તરીકે **ષડ્દર્શનખંડન**, **ષડ્દર્શનદિઙ્માત્રવિચાર**, **ષડ્દર્શનનિર્ણયોપનિષદ્**, શુભચંદ્રકૃત **ષડ્દર્શનપ્રમાણપ્રમેય**, **ષડ્દર્શનસંક્ષેપ**, **ષડ્દર્શન-સ્વરૂપ** અને **ષણ્મતનાટક** ગણાવી શકાય.[7]

---

૧ આ " વ. દે. કે. " તરફથી ઈ. સ ૧૮૯૩મા છપાયુ છે

૨ આના ૨૯માં પદ્યમા કોઈકે જૈન ન્યાયને અંગે રચેલા **સિદ્ધાન્તસાર** નામની દુર્બોધ કૃતિનો ઉલ્લેખ છે.

૩ આના ઉપર એક અજ્ઞાતકર્તૃક ટીકા છે. એ અમુદ્રિત છે.

૪ આ મૂળ કૃતિ છપાયેલી છે. જુઓ પૃ. ૧૫૪.

૫ આ અમુદ્રિત કૃતિની એક જ હાથપોથી મળતી હોય એમ લાગે છે.

૬ આ છપાયેલ છે. જુઓ પૃ ૧૫૪.

૭ આ સાત કૃતિઓ પૈકી કઇ કઇ એકબીજાથી ભિન્ન છે ઇત્યાદિ બાબતો વિચારવા માટે એની હાથપોથીઓ તપાસાવી જોઈએ.

આક્ષેપ—ષડ્દર્શનસમુચ્ચયમા ઉત્તર-મીમાસા યાને વેદાતનુ નિરૂપણ નથી. આથી "ચૌખંબા સંસ્કૃત સિરીઝ" તરફથી પ્રસિદ્ધ થયેલી આવૃત્તિની ભૂમિકા (પૃ. ૨)મા **દામોદરલાલે** છ દર્શનોની કરેલી વ્યવસ્થાને દુર્વ્યવસ્થા કહી છે વળી એમણે ગ્રંથકારે સ્વીકારેલી આ પદ્ધતિ 'દીપાધસ્તિમિર' ન્યાયના આલંબનરૂપ છે એમ કહ્યુ છે.

વિવિધ દર્શનોને લક્ષ્યમા રાખી અનેક નાનીમોટી કૃતિઓ રચાઈ છે. આ બાબત મેં "ષડ્દર્શનસમુચ્ચય અને **મણિભદ્ર**કૃત ટીકા" નામના મારા લેખમા વિચારી છે. આથી અહી તો કોઈક જૈને રચેલી **સર્વસિદ્ધાંતપ્રવેશક** નામની લઘુ કૃતિ વિષે થોડુંક કહીશ :

આ કૃતિ સંસ્કૃતમા છે. પ્રારંભમા એક પદ્ય છે. એ દ્વારા ગ્રંથકારે સર્વ ભાવના પ્રણેતા જિનેશ્વરને નમસ્કાર કર્યો છે અને સર્વ નિગમોને વિષે જે તત્ત્વ-લક્ષણ ઇષ્ટ છે તે કહેવાની પ્રતિજ્ઞા કરી છે. ત્યાર બાદ એમણે 'નૈયાયિક' દર્શનનું ગદ્યમા સંક્ષિપ્ત નિરૂપણ કર્યું છે આ દર્શન પછી એમણે વૈશેષિક, જૈન, સાખ્ય, બૌદ્ધ, મીમાસક તથા ચાર્વાક એમ છ દર્શનોની રૂપરેખા ગદ્યમા આલેખી છે. આ કૃતિનું સંપાદન મુનિશ્રી **જંબુવિજયજી**એ કર્યું છે અને એ सर्वसिद्धान्तप्रवेशक એવા એમના લેખ દ્વારા "જૈ. સ પ્ર." (વ ૧૬, અ. ૨)થી શરૂ થયું છે અને કટકે કટકે આ માસિકમા એ છપાય છે. આ લેખમા એમણે **સર્વસિદ્ધાંતસંગ્રહ**નો ઉલ્લેખ કર્યો છે

પંચદર્શનસ્વરૂપ—જેમ છ દર્શનોને લક્ષીને વિવિધ કૃતિઓ રચાઈ છે તેમ બૌદ્ધ, નૈયાયિક, સાખ્ય, વૈશેષિક અને જૈમિનીય એ પાચ દર્શનોના નિરૂપણાર્થે કોઈએ [1]**પંચદર્શન-સ્વરૂપ** નામની કૃતિ રચી છે.

---

૧ આ સંબંધમા મે કેટલીક બાબત વિ સ ૨૦૦૫મા છપાયેલ **ઉપદેશરત્નાકર**ની ભૂમિકા (પૃ ૯૮–૯૯ ને ૯૨)માં આપી છે.

પંચદર્શનખંડ—આ નામની એક કૃતિ **જૈ. ગ્રં.** (પૃ. ૮૫)-મા નોંધાયેલી છે તે શું છે?

સૂયગડ (સુયક્ખંધ ૧, અજ્ઝયણ ૧૨)ની ટીકા (પત્ર ૨૨૫અ-૨૨૯આ)માં **શીલાંકસૂરિએ** નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય અને બૌદ્ધ એ ચાર દર્શનોનું સ્વરૂપ આલેખ્યું છે.

[1]**સર્વદર્શનસંગ્રહ**—છ જ દર્શનો નહિ પણ એ ઉપરાંતનાં દસ દર્શનોને અંગે સાયણ **માધવાચાર્યે સર્વદર્શનસંગ્રહ** નામની સંસ્કૃત કૃતિ રચી છે.

કોઈકે **સર્વદર્શનશિરોમણિ** રચેલ છે.

દર્શન-દિગ્દર્શન—શ્રી **રાહુલ** સાંકૃત્યાયને આ નામની હિંદી કૃતિ રચી એમાં પૌર્વાત્ય અને પાશ્ચાત્ય-સર્વે પ્રાચીન અને અર્વાચીન દર્શનોની ઝાંખી કરાવી છે. [2]**બૌદ્ધદર્શન** નામની એમની કૃતિ આનો એક ભાગ છે એમ આ **બૌદ્ધદર્શનના** પ્રાક્-કથનમાં એમણે કહ્યું છે.

(૧૫૮) ષડ્દર્શની

આ કૃતિ મ. કિ. **મહેતાએ** નોંધી છે.

(૧૫૯) [3]ષોડશકપ્રકરણ

નામ અને વિભાગ—આ 'વિરહ' વડે અંકિત કૃતિ સંસ્કૃતમાં

---

૧ પ્રો. કે. વી. **અભ્યંકર** દ્વારા આનું બીજી વારનું સંપાદન થયું છે. એમાં એમના સ્વ. પિતા **વાસુદેવશાસ્ત્રી** અભ્યંકરની સંસ્કૃત ટીકા તેમ જ એમની સંક્ષિપ્ત જીવનરેખા છે આ ભા. પ્રા સં મં. તરફથી ઈ. સ. ૧૯૫૧માં છપાયું છે. **સર્વદર્શનસંગ્રહનું** અંગ્રેજી ભાષાંતર કોવેલ (Cowell) અને ગોગ (Gough) દ્વારા થયું છે.

૨ 'કિતાબ-મહલ', ઇલાહાબાદથી આ પુસ્તક ઈ. સ. ૧૯૪૪માં પ્રસિદ્ધ થયું છે

૩ આ મૂળ કૃતિ **યશોભદ્રસૂરિના** વિવરણ અને ન્યાયાચાર્ય **યશોવિજયગણિની** વ્યાખ્યા સહિત "દે લા. જૈ. પુ સંસ્થા" તરફથી ઈ. સ. ૧૯૧૧મા પ્રસિદ્ધ કરાઈ છે. આમાં અંતમાં મૂળ પૃથક્ પણ અપાયું છે.

'આર્યા' છંદમા રચાયેલી છે. એ સોળ વિભાગોમાં વિભક્ત છે. એ પ્રત્યેક વિભાગને મુદ્રિત આવૃત્તિમા 'અધિકાર' કહ્યો છે. પહેલા પંદર અધિકારોમા સોળ સોળ પદ્યો છે, જ્યારે સોળમામા–અંતિમ અધિકારમાં સત્તર પદ્ય છે. આ સત્તરમુ પદ્ય "षोडशषोडशकम्" એવા ઉલ્લેખ પછી અપાયુ છે આમ પ્રત્યેક અધિકારનાં પદ્યોની સંખ્યા ઉપરથી આ કૃતિનું નામ **ષોડશક** યાને **ષોડશકપ્રકરણ** પડાયું છે; કર્તાએ તો આ નામ કોઈ સ્થળે આ કૃતિમા આપ્યું નથી. **સિદ્ધસેન દિવાકરની દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા**ના નામનુ આ સ્મરણ કરાવે છે.

વિષય—સોળે ષોડશકના નામ સાન્વર્થ છે એટલે વિષયનો પૃથક્ ઉલ્લેખ ન કરતા એ [1]નામો જ અહી રજૂ કરું છુ :—

(૧) ધર્મ–પરીક્ષા, (૨) દેશના કિંવા સદ્ધર્મ–દેશના. (૩) ધર્મ–લક્ષણ, (૪) ધર્મેચ્છુલિંગ, (૫) લોકોત્તરતત્ત્વ–પ્રાપ્તિ, (૬) જિન–મંદિર, (૭) જિન–બિંબ, (૮) પ્રતિષ્ઠાવિધિ, (૯) પૂજા–સ્વરૂપ, (૧૦) પૂજા–ફલ, (૧૧) શ્રુત–જ્ઞાન–લિંગ, (૧૨) દીક્ષાધિકાર, (૧૩) ગુરુ–વિનય, (૧૪) યોગ–ભેદ, (૧૫) ધ્યેય–સ્વરૂપ અને (૧૬) સમરસ.

યશોભદ્રસૂરિનુ વિવરણ તેમ જ **યશોવિજયગણિ**ની વ્યાખ્યા ઉપરના ટિપ્પણો એ બે સાથે મૂળ કૃતિ "ઋ કે શ્વે સંસ્થા" (રતલામ) તરફથી વિ. સં. ૧૯૯૨મા છપાવાઈ છે. આ સંપાદનમા પ્રારંભમા સંપાદક તરફથી પ્રત્યેક ષોડશકના વિષયોની સૂચિ અપાઈ છે મૂળ કૃતિના પ્રથમના આઠ ષોડશકો ગુજરાતી ભાષાંતર અને વિવેચન સહિત કેશવલાલ જૈન તરફથી ઈ સ. ૧૯૩૬મા પ્રસિદ્ધ કરાયા છે. "જૈન ગ્રંથ પ્રકાશક સભા" તરફથી ઈ. સ. ૧૯૩૯મા 'શ્રીહરિભદ્રસૂરિગ્રન્થસંગ્રહ' નામથી જે અગિયાર ગ્રંથો પ્રકાશિત થયા છે તેમાનો ત્રીજો ગ્રંથ તે **ષોડશક** છે.

૧ "દે લા. જૈ. પુ સંસ્થા" તરફથી પ્રકાશિત આવૃત્તિ (પત્ર ૯૬આ)-માં જે નામો છે તે હુ અહી આપુ છુ.

ઉદ્દેશ—સંવાદ-શૈલીમા યોજાયેલું આ **ષોડશક** કોઈ વૈયાવૃત્ય કરનારી અને આગમરૂપ સાગરની અવગાહના કરવામા અસમર્થ વ્યક્તિના બોધને માટે[1] અને આત્માના [2]અનુસ્મરણાર્થે સાધુ-જીવનના ઈતિવૃત્તને અનુલક્ષીને રચાયું છે. એથી તો ધર્મપરીક્ષક જીવ-લક્ષણનું પ્રારંભમા નિરૂપણ કરી સિદ્ધિની પ્રાપ્તિનું અંતમાં વર્ણન છે. આમ પ્રારંભમા દર્શાવવા લાયક પરિણામવાદને અંતમા કહ્યો છે.[3]

વિશેષતાઓ—પહેલા ષોડશકના દસમા શ્લોકમાં 'બૌદ્ધ' પરિભાષા સાંકળી લેવાઈ છે.

ષો. ૧૧, શ્લો. ૫મા કોઈ ઊંઘતા નરેશની કથા વિષે નિર્દેશ છે. શ્લો. ૭-૯મા પદાર્થ, પદવિગ્રહ, ચાલના અને પ્રત્યવસ્થાન એ સુપ્રસિદ્ધ સંજ્ઞાઓને બદલે વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ એવી અભિનવ સંજ્ઞાઓ નજરે પડે છે. આ હકીકત **ઉવએસપય** (શ્લો. ૮૫૯-૮૬૫)મા પણ જોવાય છે. શ્લો. ૧૧માં 'ચારિ-ચરક-સંજીવની'નો ઉલ્લેખ છે.

ષો. ૧૨, શ્લો. ૧મા 'વસન્ત-નૃપ'નો ઉલ્લેખ છે. આ અહીં (સુરતમા) જે થોડા વર્ષો ઉપર [4]'ઘીસ' નીકળતી હતી તેના વરરાજાનું સ્મરણ કરાવે છે.

ષો ૧૫, શ્લો. ૧૪મા **શુક્લ યજુર્વેદ**ના નિમ્નલિખિત પદ્યનું પ્રતિબિંબ જોવાય છે:—

---

૧ જુઓ "ઋ કે. શ્વે. સંસ્થા" તરફથી છપાયેલા **ષોડશક-પ્રકરણ**નો આગમોદ્ધારકે લખેલો ઉપક્રમ.

૨ જુઓ સોળમા ષોડશકનો અંતિમ ભાગ.

૩ જુઓ ઉપર્યુક્ત ઉપક્રમ.

૪ આ સંબંધમાં જુઓ મારો લેખ "હરિપરાની ઘીસ". એ અહીંના "પ્રતાપ"ના તા. ૨૯-૩-'૩૮ના અંકમા છપાયો છે.

"वेदाहमेतं पुरुषं महान्त-
　　मादित्यवर्णं तमसः परस्तात् ।
तमेव विदित्वाऽतिमृत्युमेति
　　नान्यः पन्था विद्यतेऽयनाय ॥ १८ ॥"

ચેઇયવંદણમહાભાસ અને ષોડશક–**ચેઇયવંદણમહાભાસ** (ગા. ૩૪)મા **ષોડશક**નો 'સુત્ત' તરીકે ઉલ્લેખ છે.

આઠમા ષોડશકના બીજા પદ્યના પૂર્વાર્ધના પ્રાકૃત રૂપાન્તરરૂપે ચેઇય૦મા ૩૫મી ગાથા યોજાઈ છે.

ચેઇય૦ની ૨૦૮મી ગાથામા ષોડશક ૯ ('પૂજાસ્વરૂપ' ષોડશક)ની સાક્ષી અપાઈ છે.

નવમા ષોડશકની ત્રીજી ગાથાનુ પ્રાકૃત કરી એ ચેઇય૦માં ૨૦૯મી ગાથા તરીકે અપાયેલી છે.

નવમા ષોડશકની ૧૦મી ગાથા મોટે ભાગે ચેઇય૦ની ૨૧૩મી ગાથાનુવાદનુ પ્રાકૃતીકરણ છે.

નવમા ષોડશકની ૧૧મી ગાથા અને ૧૨મી ગાથાના ભાવાર્થરૂપે ચેઇય૦મા ૨૧૪મી અને ૨૧૫મી ગાથા છે.

દસમા ષોડશકની ગા. ૨-૮ને આધારે ચેઇય૦ની ગા. ૮૮૭ ઇત્યાદિ હોય એમ લાગે છે

વિવરણ– **ષોડશક** ઉપર **યશોભદ્રસૂરિ**નુ ૧૫૦૦ શ્લોક જેવડુ સંસ્કૃતમા [1]વિવરણ છે. આને જ કેટલાક **અભયદેવસૂરિ**નુ વિવરણ ગણતા હોય એમ લાગે છે. ન્યાયાચાર્ય **યશોવિજયગણિ**એ **ષોડશક** ઉપર ૧૨૦૦ શ્લોકપ્રમાણ [2]વ્યાખ્યા રચી છે એ **યોગદીપિકા**,

---

૧ આ મુદ્રિત છે. જુઓ પૃ. ૧૬૦, ટિ ૧

૨ આ મુદ્રિત છે જુઓ પૃ ૧૬૦, ટિ ૧

તરીકે ઓળખાય છે. ધર્મસાગર ઉપાધ્યાયે **ષોડશક** ઉપર વૃત્તિ રચ્યાનુ કહેવાય છે.[1] એક અજ્ઞાતકર્તૃક ટીકા પણ છે.

ભાષાંતર—ષોડશકપ્રકરણના પહેલાં આઠ ષોડશકોનું ગુજરાતીમા ભાષાતર થયેલુ છે અને એ છપાવાયુ છે.[2]

વ્યાખ્યાનો—આગમોદ્ધારકે **ષોડશકપ્રકરણ**ને ઉદ્દેશીને જે એકંદર ૧૧૮ વ્યાખ્યાનો આપ્યાં હતાં તે બધાં ઉતરાવાયાં છે ખરાં પણ [3]૨૩ જ છપાવાયાં છે.

લેખ—"શ્રીષોડશકપ્રકરણ અને ભગવાન્ હરિભદ્રસૂરિજી" નામનો આગમોદ્ધારકે એક [4]લેખ લખ્યો હતો.

(૧૬૦) [5]'સંસારદાવા(નલ)'સ્તુતિ ('સંસારદાવાનલ'થુઈ)

નામ—આ કૃતિનુ પ્રથમ પદ્ય 'સંસારદાવાનલ'થી શરૂ થાય છે એટલે એને આ નામે ઓળખાવાય છે. કેટલાક આને **સંસારદાવાસ્તુતિ** પણ કહે છે

---

૧ જુઓ "જૈન પુસ્તક પ્રચારક સંસ્થા" તરફથી ઈ સ ૧૯૪૯મા પ્રકાશિત **ષોડશક-પ્રકરણ** (સદ્ધર્મ-દેશના, શ્લો ૧૨)ની મારી પ્રસ્તાવના (પૃ. ૯). આ પ્રસ્તાવનામા મે **ષોડશક**ની આછી રૂપરેખા **અ૦જ૦પ૦** (ખ ડ ૨)ના ઉપોદ્ઘાત (પૃ ૪૪-૪૬)ના આધારે આલેખી છે.

૨ જુઓ પૃ. ૧૬૧.

૩ આ "જૈન પુસ્તક પ્રચારક સંસ્થા" (સુરત) તરફથી "ષોડશક-પ્રકરણ (વ્યાખ્યાન સંગ્રહ ભા. ૧)" તરીકે વિ સં. ૨૦૦૫માં છપાવાયાં છે.

૪ આ લેખ "સિદ્ધચક્ર" (વ ૭)ના અં. ૧-૩મા ત્રણ કટકે ઈ. સ. ૧૯૩૮માં છપાયો છે.

૫ બે અથવા પાંચ પ્રતિક્રમણનાં સૂત્રોને લગતી વિવિધ આવૃત્તિઓમાં આ છપાઈ છે. વિશેષ માટે જુઓ પૃ. ૧૬૬, ટિ. ૪.

વિષય—આદ્ય પદ્યમા ચોવીસમા તીર્થંકર શ્રીમહાવીરસ્વામીની સ્તુતિ છે; બીજામા બધા તીર્થંકરોની, ત્રીજામા જૈન આગમની અને ચોથામા વાણીની—જૈન શ્રુતદેવતાની સ્તુતિ છે.

અધિકાર—કેટલાક જૈનોનું એમ માનવુ છે કે "नमोऽस्तु वर्धमानाय"થી શરૂ થતી ત્રણ પદ્યની [1]સ્તુતિ તેમ જ "विशाललोचन"-થી શરૂ થતી ત્રણ પદ્યોની [2]સ્તુતિ એ બંને [3]પુવ્વના અંશ છે અને પુવ્વ ભણવાનો અધિકાર સ્ત્રીઓને નથી. આથી દૈવસિક પ્રતિ-ક્રમણ કરતી વેળા જ્યા પુરુષો પ્રથમ સ્તુતિ અને રાત્રિક પ્રતિક્રમણ કરતી વેળા બીજી સ્તુતિ બોલે છે ત્યા સ્ત્રીઓ આ **સંસારદાવાનલ-સ્તુતિ**ના પહેલા ત્રણ પદ્યો બોલે છે

વિશેષમાં પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ કરતી વેળા પુરુષો તેમ જ સ્ત્રીઓ સજ્ઝાય તરીકે આ સ્તુતિનો **ઉવસગ્ગ-હરથોત્ત**પૂર્વક ઉપયોગ કરે છે

વિશિષ્ટતા—આ ચાર પદ્યોની કૃતિની ભાષા એવી છે કે એ પાઇય તેમ જ સંસ્કૃત ગણી શકાય આમ આ [4]'સમસંસ્કૃત' કૃતિ છે અને એ રીતે એ 'ભાષા-સમ'નુ ઉદાહરણ પૂરુ પાડે છે.

પાદપૂર્તિઓ—સુમતિકલ્લોલે આના સમસ્ત ચરણોની પાદ-પૂર્તિરૂપે એક સ્તોત્ર રચ્યું છે. એનુ નામ [5]**પ્રથમજિનસ્તવન** છે.

---

૧ આના ઉપર કોઈકની ટીકા છે

૨ આના ઉપર કનકકુશલની વૃત્તિ છે

૩ 'नमोऽर्हत्' સૂત્ર પુવ્વમાથી ઉદ્ધૃત છે એમ **હીરપ્રશ્ન** યાને **પ્રશ્નોત્તર-સમુચ્ચય** (પ્રકાશ ૩, પત્ર ૨૮આ)મા ઉલ્લેખ છે

૪ આવી કૃતિઓની નોંધ મે **પા. ભા. સા.** (પૃ. ૨૧૫–૨૧૭)મા લીધી છે

૫ આ **જૈનસ્તોત્રસંગ્રહ** (ભા ૧, પૃ ૬૫–૬૭)માં છપાયુ છે.

એવી રીતે ૧૭ પદ્યોમા [1]**પાર્શ્વજિનસ્તવન** પણ રચાયું છે. પ્રત્યેક પદ્યના પ્રથમ ચરણ પૂરતી જ પાદપૂર્તિરૂપે કોઈકે [2]**જિનસ્તુતિ** રચી છે

અનુકરણ—' પરસમય 'થી શરૂ થતી **વર્દ્ધમાણથુઇ**મા **સંસારદાવાનલસ્તુતિ**ના શબ્દો નજરે પડે છે.[3]

ટીકા—જ્ઞાનવિમલસૂરિએ **સંસારદાવાનલસ્તુતિ** ઉપર સંસ્કૃતમા [4]ટીકા રચી છે. પાર્શ્વચન્દ્રે પણ એક ટીકા રચી છે. વળી એક અજ્ઞાતકર્તૃક ટીકા પણ છે.

ભાષાંતર—આ સ્તુતિના ગુજરાતી તેમ જ હિંદી ભાષાતર થયેલાં છે.[5]

આમ્નાય—પં. હરગોવિંદદાસે એમના નિબધ (પૃ. ૨૯)માં કહ્યુ છે કે હરિભદ્રસૂરિએ અંતસમયે **સંસારદાવાસ્તુતિ** રચી એવો આમ્નાય છે. કેટલાક કહે છે કે આ સ્તુતિના ચતુર્થ પદ્યનુ આદ્ય ચરણ રચાતા હરિભદ્રસૂરિ અવાક્ બન્યા એથી બાકીના ત્રણ ચરણો સંઘે રચ્યા. આ ત્રણ ચરણો સકળ સઘ સાથે બોલે છે.

પ્રાચીનતા—**સંસારદાવાનલસ્તુતિ** હરિભદ્રસૂરિની કૃતિ નથી પરંતુ આ તો પ્રઘોષ છે એમ કેટલાકનું કહેવુ છે. આથી આ

---

૧ એજન (પૃ ૬૭-૬૯)

૨ આ **જૈનસ્તોત્રસંગ્રહ** (ભા ૨, પૃ ૨૦)મા પ્રસિદ્ધ કરાઈ છે.

૩ જુઓ DCGM (Vol. XVII, pt 4, pp. 273-4).

૪ આ ટીકા મૂળ સહિત " દયાવિમલગ્રથમાલા "મા ગ્રંથાક ૮ તરીકે અમદાવાદથી છપાવાઈ છે

૫ જુઓ બે અથવા પાચ પ્રતિક્રમણના સૂત્રના ગુજરાતી અને હિન્દી અનુવાદવાળી આવૃત્તિઓ.

સ્તુતિ કેટલી પ્રાચીન છે તે વિચારાવું ઘટે. એ માટે એનો સૌથી પ્રથમ ઉલ્લેખ કઈ કૃતિમા છે, એની જૂનામા જૂની હાથપોથી કઈ સાલની મળે છે, 'સ્ત્રીઓ એ પ્રતિક્રમણ કરતા બોલે' એ વિધિ કેટલી પ્રાચીન છે, એની પ્રાચીનમા પ્રાચીન વૃત્તિ અને પાદપૂર્તિ કઈ છે, એનું સૌથી પ્રથમ અનુકરણ ક્યારે થયું ઇત્યાદિ બાબતો તપાસાવી ઘટે

(૧૬૧) સંસ્કૃતચૈત્યવંદનભાષ્ય

આ નામ સુમતિગણિએ આપ્યું છે.

(૧૬૨) સંસ્કૃતાત્માનુશાસન

આ કૃતિ **આત્માનુશાસન**ને નામે મેં પૃ. ૮૨મા નોંધી છે

(૧૬૩) સંકિતપ(પં)ચાસ(સિ)

"ભાઉ દાજી મેમ૦" (પૃ. ૨૪)મા આની નોંધ હોવાનું પં હર-ગોવિંદદાસે સૂચવ્યું છે.

(૧૬૫-૧૬૬) [1]સમરાઇચ્ચચરિય [સમરાદિત્યચરિત્ર], (૧૬૬) સમરાદિત્યકથા કિંવા (૧૬૭) સમરાર્કચરિત્ર

કૌતુકપ્રિયતા—આપણા આ ભારતવર્ષમા પ્રાચીન સમયથી

---

૧ અગ્રેજી પ્રસ્તાવના, વિષયાનુક્રમ અને વિશેષનામો તેમ જ પારિભાષિક શબ્દોની સૂચી સહિત આ કૃતિનું સપાદન પ્રો હર્મણ **યાકોબી**એ કર્યું છે એ કલકત્તાની "એશિયાટિક સોસાયટી ઑફ બેગૉલ" તરફથી ઈ સ ૧૯૨૬માં પ્રકાશિત થયેલ છે બી એચ **દોશી**એ આ મૂળ કૃતિ સસ્કૃત છાયા સહિત બે ભાગમા–પહેલામા છ ભવ અને બીજામા બાકીના ત્રણ ભવ એ રીતે અનુક્રમે ઈ સ ૧૯૩૮ ને ૧૯૪૨મા છપાવી છે. શ્રી **મધુસુદન** મોદીએ આ કૃતિનો છઠ્ઠો ભવ અગ્રેજી અનુવાદ, ટિપ્પણ અને પ્રસ્તાવના તેમ જ શબ્દકોશ અને સસ્કૃત ટિપ્પણી સહિત સપાદિત કર્યો તે "પ્રાકૃત ગ્રથમાલા" (ગ્રથાક ૭) તરીકે શ્રી **શંભુલાલ** જગશી શાહે ઈ સ. ૧૯૩૬મા પ્રસિદ્ધ કર્યો છે આ જ વર્ષમા અગ્રેજી પ્રસ્તાવના, ટિપ્પણ અને અનુવાદ સહિત આ ભવ પ્રો બી એ **ચોગુલે** અને પ્રો એન વી **વૈદ્ય** દ્વારા પણ સપાદિત થઈ પ્રકાશિત થયો છે શ્રી **મધુસૂદન** મોદીએ સપાદિત કરેલ ભવ ૧–૨

કૌતુક-પ્રિયતા (romanticism)ને પોપનારી અનેક કથાઓ રચાતી આવી છે. **અષ્ટાધ્યાયી** (૪-૩-૮૭)નું **મહાભાષ્ય** એની સાક્ષી પૂરે છે. આવી એક કથા તે **સમરાઇચ્ચચરિય** છે. આની વિ. સં. ૧૨૯૯મા તાડપત્ર પર લખાયેલી એક હાથપોથી ખંભાતમા છે. આ કૃતિ ' વિરહ 'થી અંકિત છે.

નામાંતર—હરિભદ્રસૂરિએ પત્ર ૭મા **સમરાઇચ્ચચરિય** એવુ નામ દર્શાવ્યુ છે. ઉદ્દ્યોતનસૂરિએ તો **સમરમિયંકાકહા** તરીકે એનો ઉલ્લેખ કર્યો છે ' સમર ' અર્થાત્ ' સમરાદિત્ય '. એ અંકથી લક્ષિત કથા તે ' સમરમિયંકાકહા. '[1] ' કલિકાલસર્વજ્ઞ ' હેમચન્દ્રસૂરિના ગુરુ **દેવચન્દ્રે** [2]**સંતિનાહચરિય**મા આ કથાને **સમરાઇચ્ચકહા-પબંધ**[3] કહેલી છે. આનો **તિલકમંજરી** (શ્લો. ૨૯)મા એના કર્તા કવિ **ધન**પાલે નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે :—

" निरोद्धुं तीर्यते केन समरादि त्यजन्मन. ।
प्रशमस्य वशीभूतं **समरादित्यजन्मन.** ॥ २९ ॥ "

' કલિકાલસર્વજ્ઞ ' હેમચન્દ્રસૂરિએ **કાવ્યાનુશાસન** (અ. ૮, સૂ. ૮)ની સ્વોપજ્ઞ ટીકા **અલંકારચૂડામણિ** (પૃ ૪૬૫)માં આ

શ્રી **શં**ભુલાલ જગશી તરફથી બે ભાગમા ઈ સ ૧૯૩૩મા છપાવાયો છે. પહેલા ભાગમા મૂળ, અંગ્રેજી પ્રસ્તાવના અને ટિપ્પણ, શબ્દકોશ અને સંસ્કૃત ટિપ્પણી છે, જ્યારે બીજા ભાગમાં અંગ્રેજી અનુવાદ અને પુરવણીરૂપે ટિપ્પણો છે ભવ રનુ વિશિષ્ટ પ્રસ્તાવનાદિ સહિત સંપાદન એક અનુભવી પ્રાધ્યાપકે કર્યું છે અને એ કોલ્હાપુરથી ઈ સ ૧૯૪૨મા પ્રસિદ્ધ થયેલ છે.

૧ આની અન્ય રીતે વિચારણા પુણ્યવિજયજીએ કરી છે જુઓ પૃ. ૧૭૩.

૨ આની સચિત્ર હાથપોથી પાટણના ભંડારમાં છે. આના પ્રારંભિક તેમ જ અંતિમ અંશો **પ. ભાં. ગ્રં. સૂ.** (પૃ ૩૩૫-૩૩૯)માં અપાયા છે.

૩ " वंदे सिरिहरिभद्दसूरिं विउसवणणिग्गयपयाव ।
जेण य कहापवधो समराइच्चो विणिम्मवइओ ।"

કથાને 'સકલકથા' કહી એમા કથાના સમસ્ત અંશો આવી જાય છે એવો નિર્દેશ કર્યો છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

"समस्तफलान्तेतिवृत्तवर्णना समरादित्यादिवत् सकलकथा।"

વિભાગ—સમગ્ર કૃતિ નવ વિભાગોમા વિભક્ત છે. દરેક વિભાગને 'ભવ' કહ્યો છે.

વિષય—આ ધર્મકથાનુયોગને લગતી કૃતિ છે. એ એક [1]ધર્મ-કથા છે. એમા દુર્ગુણનો ભોગ થનાર અને આત્માની ઉન્નતિ સાધવા સન્માર્ગે વિચરનાર એ બે વ્યક્તિના જીવન રજૂ કરાયાં છે. એમા મુખ્ય બાબત નિદાન છે. **અગ્નિશર્મા** દેવ થયા પછી ગુણસેનને ભવોભવ એક યા બીજી રીતે હેરાન કરે છે અને એ રીતે નિદાનનું ફળ ભોગવે છે.

જેમ **કાદંબરી**માં એક કથામા બીજી ઉપકથાઓ છે તેમ આ કૃતિમાં પણ છે. કેટલીક ઉપકથાઓ પૂર્વ ભવ સબંધી છે.

પ્રારંભમા નીચે મુજબની ચાર પ્રકારની કથાઓના લક્ષણો અપાયાં છે:

(૧) અર્થ-કથા, (૨) કામ-કથા, (૩) ધર્મ-કથા અને (૪) સંકીર્ણ-કથા.

ઉપમિતિભવપ્રપંચાકથામા આ જ પ્રમાણે ચાર કથાઓના

---

૧ વિક્રમની ૧૧મી સદીના દિ **નેમિચન્દ્રે ગોમ્મટસાર** (કમ્મ-કંડ)ની નિમ્નલિખિત ગાથામા 'ધર્મકથા'નો (અને સાથે સાથે સ્તવ અને સ્તુતિના પણ) જે વિલક્ષણ અર્થ કર્યો છે એ અત્ર પ્રસ્તુત નથી —

"सयलंगेक्कंगेक्कंगहियार सवित्थर ससखेव।
वण्णणसत्थं थय-थुइ-धम्मकहा होइ णियमेण ॥ ८८॥"

અર્થાત્ કોઈ વિષયના સર્વે અગોનું વિસ્તારથી કે સક્ષેપમા વર્ણન કરનારુ શાસ્ત્ર તે 'સ્તવ' છે, એક અગનું એ રીતે વર્ણન કરનાર શાસ્ત્ર 'સ્તુતિ' છે, અને એક અગના કોઈ અધિકારનુ વર્ણન કરનાર શાસ્ત્ર 'ધર્મકથા' છે

લક્ષણો છે, પરંતુ **કુવલયમાલા** સંકીર્ણ-કથાના લક્ષણની બાબતમાં જુદી તરી આવે છે

દૃષ્ટાંત (parable)—ભવ ૨, ગા. ૧૭૩-૧૮૬ (પત્ર ૧૩૬-૧૩૮)-મા [1]મધુબિન્દુનુ દૃષ્ટાંત છે અને ભવ ૨ (પત્ર ૧૪૮)માં 'મત્સ્ય-ગલાગલ' ન્યાયનુ સ્મરણ કરાવનારુ દૃષ્ટાંત છે.

[2]**વિષપરીક્ષા ને 'ચકોર' પક્ષી**—ભવ ૪ (પત્ર ૩૦૬)-મા 'ચકોર' પક્ષીની દૃષ્ટિને કોઈક રીતે ચુકાવી વિષમિશ્રિત ભોજન આપવાની વાત છે.

કર્મ-બંધનાં કારણ—ભવ ૧ (પત્ર ૫૮)મા કર્મ-બંધના નીચે મુજબ ૭ કારણો દર્શાવાયા છે:—

(૧) મિથ્યાત્વ, (૨) અજ્ઞાન, (૩) અવિરતિ, (૪) પ્રમાદ, (૫) કષાય અને (૬) યોગ

મૂળ—સ૦ચ૦મા ગા. ૨૩-૩૦નો 'ચરિય-સંગહણિ-ગાહા' તરીકે નિર્દેશ છે. આ ગાથાઓ **સ૦ચ૦**નુ બીજ છે. એમાથી દસ હજાર શ્લોક જેવડી આ કૃતિરૂપ વૃક્ષ હરિભદ્રસૂરિએ ઉગાડયું છે.

ભાષા અને શૈલી—સ૦ચ૦ની ભાષા મુખ્યતયા જ૦ મ૦ છે. ક્વચિત્ એમા સોરસેણીના રૂપો જોવાય છે. આ કૃતિમા પદ્યમાં અવતરણો છે. એમા કેટલીક વાર [3]'દેસિય' શબ્દો વપરાયા છે.

---

૧ આ સબધમા મે "મધુબિન્દુના દૃષ્ટાતનુ પર્યાલોચન" નામના લેખમા વિચાર કર્યો છે. આ લેખ "જૈ. સ. પ્ર" (વ. ૧૩, અં. ૫)માં છપાયો છે.

૨ આ બાબત મે **ષોડશક-પ્રકરણ**ની મારી પ્રસ્તાવના (પૃ. ૪૨)-મા ચર્ચી છે

૩ શ્રી. **મોદી**ની આવૃત્તિમા એ 'D' તરીકે નોધાયા છે.

જરૂર પ્રમાણે વાક્યો નાના કે મોટા રખાયા છે. મોટા મોટા સમાસોનો પણ પ્રસંગાનુસાર ઉપયોગ કરાયો છે. શૈલી પ્રસન્ન અને સરળ હોવા છતા ગંભીર છે.

અલંકાર—સૂયગડ (૧, ૧૫)મા જે [1] 'શૃંખલા'રૂપ શબ્દાલંકાર જોવાય છે તે વડે ભવ ૧ની ગા. ૧૫૯-૧૬૩ અને ભવ ૬ની ગા. ૨૩ તેમ જ ગા. ૪૭-૫૧ અલંકૃત છે. **સ૦ ચ૦** મા પરિસંખ્યા, શ્લિષ્ટોપમા વગેરે અર્થાલંકાર પણ નજર પડે છે. કવિસમયને અનુસરીને ભવ ૨ (પત્ર ૧૦૩)મા વિવિધ વૃક્ષોના નામ અપાયા છે.

સુભાષિત— સ૦ચ૦મા અવારનવાર સુભાષિતો મળે છે.

છંદ—ઘણાખરા પદ્યો 'આર્યા'મા છે, કોઇ કોઈ 'વિપુલા'મા છે. છઠ્ઠા ભવનુ ૨૩મુ પદ્ય [2] 'પ્રસ્તાર'મા છે બીજા ભવનુ ૧૨૫મુ પદ્ય 'દોવઈ' [3] (દ્વિપદી)મા છે.

ઉલ્લેખ—કવિકલાની પ્રત્યક્ષ પ્રતિમા સમાન અને પ્રશમરસથી પરિપૂર્ણ આ કથા વિષે **ઉપમિતિભવપ્રપંચાકથા**ના બીજા પ્રસ્તાવના લગભગ પ્રારંભ (પત્ર ૧૦૫)મા અનેક વૃત્તાતોવાળી **સમરાદિત્યકથા** તરીકે ઉલ્લેખ છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:

"समरादित्यकथेवानेकवृत्तान्ता"

ઉદ્ધરણ ઇત્યાદિ—રત્નપ્રભસૂરિએ વિ સં. ૧૨૯૯મા **સ૦ ચ૦**

---

૧ **ઉવએસપય** ઉપર મુનિચન્દ્રસૂરિએ વિ સ. ૧૧૭૪મા જે ટીકા રચી છે તેમા ગા ૧૦૩૧ની ટીકાગત **રયણસિહચરિય**મા પત્ર ૪૩૧આ-૪૩૨અમા છ પદ્યો પાઇયમા શૃંખલાબદ્ધ યમકમા છે

૨ આનું નિરૂપણ હેમ **છંદોઽનુશાસન** (અ ૮)મા છે

૩ આ છંદ **રત્નાવલી** (શ્લો ૧૪-૧૬), **શોભનસ્તુતિ** (શ્લો. ૬૯-૭૨), **આચારદિનકર** (પૃ ૧૬૭) અને **ઐન્દ્રસ્તુતિ** (શ્લો. ૬૯-૭૨)મા વપરાયો છે એનુ લક્ષણ **છંદોઽનુશાસન** (અ ૭)મા છે.

ઉપર ચાર વ્યાખ્યાનો આપ્યાં હતાં.[1] ‘સાહારણ’ (સાધારણ) એ ઉપનામવાળા **સિદ્ધસેનસૂરિએ સ૦ ચ૦** (ભવ ૫)ને આધારે [2]**વિલાસવઇકહા** વિ. સ. ૧૧૨૯માં રચી છે. એમા કેટલોક ભાગ અવહટ્ટમાં છે. **સ૦ ચ૦**ના સારાશરૂપે કનકપ્રભના શિષ્ય **પ્રદ્યુમ્નસૂરિએ** વિ. સં. ૧૩૨૪મા સંસ્કૃતમા [3]**સમરાદિત્યસંક્ષેપ** રચ્યો છે. આ કથા [4]રાસરૂપે પદ્મવિજયે વિ સ ૧૮૩૯માં રચી છે. **સમરાદિત્ય-ચરિત્ર** યાને **સમરભાનુચરિત્ર** નામની એક કૃતિ અજ્ઞાતકર્તૃક છે. **મતિવર્ધને સમરાદિત્યચરિત્ર** રચ્યુ છે. ક્ષમાકલ્યાણે અને સુમતિ-વર્ધને **સ૦ ચ૦**ને અંગે સંસ્કૃતમા ટિપ્પણી વિ. સં. ૧૮૭૪મા રચી છે. એ મૂળનો લગભગ સંસ્કૃત અનુવાદ છે. **જૈ૦ ગ્રં૦** (પૃ. ૧૦૨)માં **મતિવર્ધન**નો **સ૦ચ૦**ના ટિપ્પણકાર તરીકે ઉલ્લેખ છે. **જિ૦ ર૦ કો૦** (વિ ૧, પૃ ૪૧૯)મા **સમરાદિત્યચરિત્ર**ના કર્તા તરીકે **મતિવર્ધન**નુ નામ અપાયું છે અને આ કૃતિ [5]છપાયાનું અહીં કહ્યું છે

સંતુલન--મધુબિન્દુ-દૃષ્ટાંતનો પ્રાચીનમા પ્રાચીન નિર્દેશ જૈન સાહિત્યની દૃષ્ટિએ **વસુદેવહિંડી** (ભા. ૧, પૃ. ૮)મા છે, જ્યારે ભારતીય સાહિત્યની અપેક્ષાએ **મહાભારત** (સ્ત્રીપર્વ, અ. ૫-૬)મા છે કે જેમા **વિદુર ધૃતરાષ્ટ્ર**ને આ દૃષ્ટાંત કહે છે.

હરિષેણના **બૃહત્કથાકોશ**ની ૭૩મી કથા એ ભવ ૪ (પત્ર ૨૮૯-૩૪૭)ગત કથા કરતા અર્વાચીન છે, જો કે એ બેનો વિષય એક છે.

---

૧ જુઓ પ્રો. **પિટર્સન**નો ત્રીજો હેવાલ (પૃ. ૧૨૪).

૨ આ સબંધમા જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૧૦-૧૧૧ ને ૨૪૪).

૩ પ્રો હર્મણ **યાકોબી**એ આનુ ઈ. સ ૧૯૦૫મા સંપાદન કર્યું છે.

૪ આનુ નામ **સમરાદિત્ય કેવળીનો રાસ** છે એના બીજા ખંડની સાતમી ઢાળમા મધુબિન્દુનુ દૃષ્ટાંત છે

૫ હીરાલાલ હંસરાજ તરફથી ઇ સ ૧૯૧૫માં આ ચરિત્ર પ્રકાશિત થયુ છે

એવી રીતે મૃગની કથા જે ભવ ૬ (પત્ર ૫૭૮-૫૮૧)મા અપાયેલી છે તે **પરિશિષ્ટપર્વ** (સ. ૨, શ્લો. ૨૨૪-૩૧૪) સાથે સરખાવી શકાય તેમ છે. ભવ ૩ (પત્ર ૨૦૩-૨૨૧)ગત **વિજયસિંહ** અને **પિંગક** વચ્ચેનો પંચભૂતથી વ્યતિરિક્ત આત્માના અસ્તિત્વને લગતો સવાદ **રાયપ્પસેણઇજ્જ**માના **કેસિ** મુનિવર અને **પએસિ** રાજા વચ્ચેના સવાદનું સ્મરણ કરાવે છે.

સામ્ય—ગા. ૭૦ તે **વિસેસા**૦ની ગા. ૧૧૯૫ છે અને ગા. ૭૭ **વીસવીસિયા** (વી. ૬, ગા ૧૪) સાથે મળતી આવે છે.

સમરમયંકાકહા—મુનિશ્રી પુણ્યવિજયજીએ " आचार्य श्रीहरिभद्रसूरि और उनकी समरमयंकाकहा " નામના [1]લેખમા કહ્યું છે કે **કુવલયમાલા**ની પ્રારંભિક પ્રસ્તાવનામા એના કર્તાએ અનેક પ્રાચીન આચાર્યો અને એમની કૃતિઓનું સ્મરણ કરતી વેળા હરિભદ્રસૂરિનો અને એમની **સમરમયંકાકહા**નો ઉલ્લેખ કર્યો છે. આ આજે મળતી **સમરાઇચ્ચકહા** જ છે એમ એમણે કહ્યુ છે સાથે સાથે **કુવલયમાલા**ના આદિત્યવાચક ' આઇચ્ચ ' શબ્દને બદલે ચંદ્રવાચક ' મિયક ' શબ્દ છે તો પછી **સમરમયંકાકહા** તે જ **સમરાઇચ્ચકહા** છે એમ કેમ કહેવાય એ પ્રશ્ન ઉઠાવી એનો નીચે મુજબની મતલબનો ઉત્તર આપ્યો છે:—

જૈન પ્રતિષ્ઠાવિધિના ગ્રંથો જોવાથી એમ જણાય છે કે એક જમાનામા ચંદ્રની પેઠે સૂર્યને પણ શશાંક, મૃગાંક ઇત્યાદિ નામે ઓળખાવાતો હતો. જૈન પ્રતિષ્ઠાવિધાન ઇત્યાદિના પ્રસગે નવે ગ્રહોનુ પૂજન કરાય છે. એમા નવે ગ્રહોના નામનો અલગ અલગ મંત્રોચ્ચાર કરાય છે. એમા સૂર્યનો મંત્ર નીચે પ્રમાણે આવે છે:—

" ॐ ह्रीं शशाङ्कसूर्याय सहस्रकिरणाय नमो नमः स्वाहा "

---

૧ આ લેખ "પ્રેમી-અભિનંદન-ગ્રંથ" (પૃ. ૪૨૪)મા છપાયો છે.

આમ અહીં સૂર્યને ' શશાંક કહ્યો છે. આનું અનુકરણ **કુવલયમાલા**માં કરાયું છે.

અવાંતર કથાઓ—સમરાઇચ્ચચરિયની અવાંતર કથાઓ તરીકે કેટલીક કથાઓ ભ. હે. **દોશી**એ આના બીજા ભાગના પ્રારંભમાં નોંધી છે. જેમકે **વિજયસેનસૂરિ**નો આત્મવૃત્તાંત (ભવ ૧), **અમરગુપ્ત**નું કથાનક તેમ જ મધુબિન્દુનું દૃષ્ટાંત (ભવ ૨), **વિજયસિંહ**ની આત્મકથા અને નાલિકેર પાદપનો પૂર્વ ભવ (ભવ ૩), **યશોધરચરિત્ર** (ભવ ૪), **સનત્કુમાર**ની કથા, સ્ત્રીપુરુષયુગલકથા ને માર્ગદ્વયદૃષ્ટાંત (ભવ ૫), **અર્હદ્દત્તાચાર્ય**ની આત્મકથા (ભવ ૬), મુષિતહારકથા ને **ચંડાસર્ગ**કથાનક (ભવ ૭), **વિજયધર્મસૂરિ**નો આત્મવૃત્તાંત અને **સુસંગતા** ગણિનીની આત્મકથા (ભવ ૮) તેમ જ **શુભંકર** શ્રેષ્ઠીની કથા, દુષ્કરતાને અંગે ચાર પુરુષોની કથા, શેઠના ૭ પુત્રોની કથા, અભયદાનને અંગે ચાર રાણી અને ચોરની કથા તેમ જ સિદ્ધના સુખ પરત્વે રાજા અને શબરની કથા (ભવ ૯).

(૧૬૮) સંપંચાસિત્તરિ (?)

આ નામ અશુદ્ધ જણાય છે. એ પં. હરગોવિંદદાસે નોંધ્યું છે. એ માટે એમણે **ભાઉ** દાજીનો ઉલ્લેખ કર્યો છે.

(૧૭૧ અને ૧૭૦) સંબોધસત્તરિ (સંબોધસપ્તતિ)

આ નામ પણ પં. હરગોવિંદદાસે નોંધ્યું છે, અને એના સમર્થનાર્થે **ભાઉ** દાજીનો નિર્દેશ કર્યો છે.

નામ-સામ્ય—આ નામની એક કૃતિ **રત્નશેખરસૂરિ**એ અને બીજી જયશેખરસૂરિએ રચી છે અને એ બંને તો છપાયેલી છે.[1]

---

૧ **અમરકીર્તિ**ની ટીકા સહિત પહેલી કૃતિ **હીરાલાલ** હંસરાજે છપાવી છે. બીજી કૃતિ **ગુણવિનય**ની ટીકા તેમ જ ગુજરાતી ભાષાંતર સહિત “ જૈ. આ. સ ” તરફથી ઈ સં. ૧૯૨૨માં પ્રસિદ્ધ કરાઈ છે

(૧૭૨ અને ૧૬૯) [1]સંબોહપયરણ [સંબોધપ્રકરણ] યાને (૪૬ અને ૪૮) તત્ત્વપયાસગ [તત્ત્વપ્રકાશક]

સંસ્કૃત નામો—આ કૃતિની ઈ. સ. ૧૯૧૬ની આવૃત્તિના અંત (પત્ર ૫૯આ)માની [2]પુષ્પિકામાં આપણને અહી નોધેલા બંને સંસ્કૃત નામો મળે છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

"इति श्रीसम्बोधप्रकरणं तत्त्वप्रकाशकनाम श्वेताम्बराचार्यश्रीहरिभद्रसूरिभिर्याकिनीमहत्तराशिष्यणीमनोहरीयाप्रबोधनार्थमिति श्रेय· ॥"

વિભાગ અને પદ્યસંખ્યા—આ કૃતિમાં બધા મળીને ૧૨ અધિકારો છે. એમા પદ્યોની સખ્યા અનુક્રમે નીચે મુજબ છે:—

૩૩૫, ૧૭૧, ૩૫૨, ૧૦૨, ૪૧, ૧૧૫, ૧૫૫, ૯, ૩૦, ૧૦૯, ૫૧ અને ૧૪૦.

આમ કુલ્લે ૧૬૧૦ પદ્યો છે.

અધિકારોનાં નામ—દેવ-સ્વરૂપ, કુગુરુ (ગુર્વાભાસ), પાર્શ્વસ્થાદિ-સ્વરૂપ, ગુરુ-સ્વરૂપ, સમ્યક્ત્વ-સ્વરૂપ, શ્રાદ્ધપ્રતિમા, શ્રાદ્ધ-વ્રત, સંજ્ઞા, લેશ્યા, ધ્યાન, મિથ્યાત્વ અને આલોચના એમ અધિકારોનાં અનુક્રમે નામ છે

ભાષા—આ કૃતિ મુખ્યતયા પદ્યમા જ૦ મ૦માં રચાઈ છે. એના છેલ્લા અધિકારમા શ્લો. ૫-૧૨ સંસ્કૃતમાં છે.

વિષય—આ કૃતિમા અનેક બાબતો ચર્ચાઈ છે. જેમકે અધિ. ૩,

---

૧ આ "જૈન ગ્રથ પ્રસારક સભા" (અમદાવાદ) તરફથી ઈ. સ. ૧૯૧૬મા પ્રકાશિત થયુ છે જિ૦ ૨૦ કો૦ (વિ. ૧, પૃ. ૪૨૨)મા આ કૃતિ બાપુલાલ વાડીલાલ શાહે અમદાવાદથી છપાવ્યાનો ઉલ્લેખ છે.

૨ આના પછી કેટલાક ચત્રો છે.

ગા. ૯૦-૧૪૩માં ગુરુના ૩૬ ગુણોની [1]૧૪૭ પ્રકારે ગણના, અ. ૩, ગા. ૧૬૭-૧૮૩મા ઉપાધ્યાયના ૨૫ ગુણોની ૨૫ પ્રકારે અને અ. ૩, ગા. ૨૦૦-૨૨૫મા સાધુના ૨૭ ગુણોની ૨૭ પ્રકારે ગણના, કુગુરુઓનું સ્વરૂપ અને એમનાં દૂષણો ઉપર પ્રહારો, પરમાત્માનું સ્વરૂપ, સમ્યક્ત્વ, શ્રાવકો અને એમની પ્રતિમાઓ તથા એમનાં વ્રતો, સંજ્ઞાઓ, લેશ્યાઓ, ધ્યાન, મિથ્યાત્વ અને આલોચના.

દેવનું સ્વરૂપ સમજાવતી વેળા 'ચેઇય' શબ્દ જિનેન્દ્રની પ્રતિમાનો વાચક છે એમ એમણે કહ્યું છે.

રચનાનુ પ્રયોજન—ઉપર્યુક્ત પુષ્પિકાગત ઉલ્લેખ ઉપરથી એ વાત ફલિત થાય છે કે આ કૃતિ **યાકિની** મહત્તરાની શિષ્યા [2]**મનો-હરીયા**ના પ્રબોધનાર્થે હરિભદ્રસૂરિએ રચી છે.

સંતુલન—અ. ૩, ગા. ૯૧-૯૨ **પંચિંદિયસુત્ત**ની આદ્ય બે ગાથાઓ સાથે બહુધા મળે છે. અ. ૪, ગા. ૨૮ **પંચસુત્તગ** (અ. ૨)ની હારિભદ્રીય ટીકા (પત્ર ૯અ)મા અવતરણરૂપે જોવાય છે.

અનુવાદ—**સંબોહપયરણ** (પૃ. ૧૩-૧૮)નો ગુજરાતી અનુવાદ પં. બેચરદાસે "જૈન દર્શન" (પૃ. ૧૨-૧૩)મા આપ્યો છે.

અનુકરણ—રત્નશેખરસૂરિએ પોતે **સંબોહપયરણ**ના આધારે [3]**સંબોહસત્તરિ** રચી છે એ વાત આદ્ય પદ્યમાં કહી છે. વિશેષમાં **સંબોહસત્તરિ**ની કેટલીક ગાથાઓ **સંબોહપયરણ**માં જોવાય છે.

---

૧ આ પૈકી એક પ્રકારનો સ્ફોટ કરતાં એમણે ૧૨ અંગ, ૬ છેય, અને ૪ મૂલ એવો ઉલ્લેખ કર્યો છે. **ગુણસ્થાનક્રમારોહ** વગેરેના કર્તા રત્નશેખર-સૂરિએ **ગુરુગુણછત્તીસછત્તીસિયાકુલય** નામની ૪૦ ગાથાની કૃતિમાં ગુરુના ૩૬ ગુણો ૩૬ રીતે ગણાવ્યા છે આ કૃતિ સ્વોપજ્ઞ સંસ્કૃત વૃત્તિ સહિત "જૈ. આ. સ." તરફથી વિ સ. ૧૯૭૧મા છપાઈ છે.

૨ જુઓ પૃ. ૧૭૫.

૩ જુઓ પૃ. ૧૭૪, ટિ. ૧.

જિ. ર. કો. (વિ. ૧, પૃ. ૪૨૨)મા ૧૩૮૮ ગાથામા જયશેખરે સંબોધપ્રકરણ રચ્યાનો ઉલ્લેખ છે. શુ એ વાસ્તવિક છે ?

(૧૭૫) [1]સર્વજ્ઞસિદ્ધિ અને એની (૧૭૬) સ્વોપજ્ઞ ટીકા

શૈલી—**સર્વજ્ઞસિદ્ધિ** એ સસ્કૃતમા ગદ્ય અને પદ્ય એમ ઉભય સ્વરૂપે રચાયેલું પ્રકરણ છે.

વિષય—આ કૃતિના આદ્ય પદ્યમા અનેકાન્ત-દૃષ્ટિપૂર્વકના વિશેષણો વડે જિનેન્દ્રની સ્તુતિ કરાઈ છે. આ પદ્ય નીચે મુજબ છે :—

"लक्ष्मीभृद् वीतराग क्षतमतिरखिलार्थज्ञताऽऽश्लिष्टमूर्ति-
देवेन्द्राचार्योऽप्रसादी परमगुणमहारत्नदोऽकिञ्चनेश ।
तच्चातच्चेतिवक्ता नवितथवचनो योगिना भावगर्भ
ध्येयोऽनङ्गश्च सिद्धैर्जयति चिरगतो मार्गदेशी जिनेन्द्र ॥"

શ્લો. ૨-૯મા **સર્વજ્ઞસિદ્ધિ** રચવાનો ઉદ્દેશ દર્શાવાયો છે. શ્લો. ૧૦-૨૧મા સર્વજ્ઞતા ન સ્વીકારનારના મતવ્યો પૂર્વ પક્ષ તરીકે રજૂ કરાયા છે આનુ નિરસન ગદ્યમા અને એના પછીના પચ્ચીસ પદ્યોમા કરાયું છે. ત્યાર બાદ ગદ્યાત્મક લખાણ છે અને અતે ૨૨ પદ્યો છે. અંતિમ પદ્યમા 'વિરહ' શબ્દ છે.

નામનું સૂચન—બૌદ્ધ ગ્રંથકાર કલ્યાણરક્ષિતે (ઈ. સ. ૭૦૦) **સર્વજ્ઞસિદ્ધિકારિકા** રચી છે. **રત્નકીર્તિએ** પણ આ જ નામની કૃતિ રચી છે. વળી શંકરનદને **સર્વજ્ઞસિદ્ધિસંક્ષેપ** રચ્યો છે. આ જોતા

---

૧ આ મૂળ કૃતિ **હિંસાષ્ટક** ઇત્યાદિ સહિત "ઋ કે શ્વે સસ્થા" તરફથી ઈ સ ૧૯૨૪મા પ્રસિદ્ધ કરાઈ છે એની સ્વોપજ્ઞ ટીકા હજી સુધી છપાવાઈ નથી તે કદાચ એની કોઈ પ્રત મળતી નહિ હોય તેને આભારી હશે. જિ૦ ર૦ કો૦ (વિ ૧, પૃ ૪૨૮)મા હારિભદ્રીય **સર્વજ્ઞસિદ્ધિ** "માણિક્યચદ્ર દિ. ગ્રથમાલા" (ગ્રથાક ૧)મા વિ સ. ૧૯૭૨મા છપાયાનુ લખ્યુ છે તે શુ સાચી હકીકત છે ?

એમ લાગે છે કે હરિભદ્રસૂરિએ પોતાની કૃતિનું નામ બૌદ્ધ કૃતિને અનુલક્ષીને યોજ્યું હશે.

સર્વજ્ઞસિદ્ધિ લઘુ તેમ જ બૃહત્ **અનંતકીર્તિએ** રચી છે અને આ બંને છપાયેલી છે.[1] **જ. ગ્રં.** (પૃ. ૮૬)મા **સંક્ષિપ્ત-સર્વજ્ઞ-સિદ્ધિનો** ઉલ્લેખ છે.

શાંતિચન્દ્રગણિએ **સર્વજ્ઞસિદ્ધિદ્વાત્રિંશિકા**, કોઈ કે **સર્વજ્ઞ-સ્થાપનાપ્રકરણ** અને કોઈ કે **સર્વજ્ઞાભાવનિરાકરણ** રચેલ છે.

ઉલ્લેખ—અ૦જ૦પ૦(ખંડ ૨)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૪૯)મા **સર્વજ્ઞસિદ્ધિનો** અને પ્રથમ ખંડની વ્યાખ્યા (પૃ. ૬ અને ૧૧૬)માં **સર્વજ્ઞસિદ્ધિની** ટીકાનો ઉલ્લેખ છે. આ ઉપરથી એ વાત ફલિત થાય છે કે **સર્વજ્ઞસિદ્ધિ** અને એની ટીકા **અ૦જ૦પ૦**ની વ્યાખ્યાની પૂર્વે રચાઈ છે.

લેખ—"સર્વજ્ઞવાદ અને તેનુ સાહિત્ય" નામના મારા[2] લેખમા મેં સર્વજ્ઞતાને સિદ્ધ કરનારી કૃતિઓની સૂચી આપી છે.

(૧૭૭) સાધુપ્રવચનસારપ્રકરણ

જૈ. ગ્રં. (પૃ. ૧૦૨)મા આ નામ નોંધી એ "શક પડતુ લાગે છે" એમ કહી એનો ઉલ્લેખ "અમદાવાદના ચંચળબાના ભંડારની ટીપમા" જ છે એમ કહ્યુ છે.

(૧૭૮) સાધુસામાચારી

જૈ. ગ્રં. (પૃ. ૧૫૭)મા હરિભદ્રસૂરિને નામે આ કૃતિ નોંધી શુદ્ધિ પત્રકમાં હરિપ્રભની કૃતિ કહી છે.

---

૧ "મા. દિ. ગ્રં."ના ગ્રંથાક ૧ તરીકે આ બંને છપાયેલ છે.

૨ આ લેખ "જૈ. સ. પ્ર." (વ. ૧૦, અં. ૨–૩)મા છપાયો છે.

(૧૭૮અ અને ૧૪૮ઈ) [1]સાવગધમ્મ [શ્રાવકધર્મ] યાને (૧૭૯ અને ૧૫૧) સાવગધમ્મવિહિપયરણ [શ્રાવકધર્મવિધિપ્રકરણ]

નામોનું વૈવિધ્ય—આ જ મ.મા ૧૨૦ પદ્યોમા રચાયેલી કૃતિનુ 'સાવગધમ્મ' એવુ નામ ગ્રંથકારે પોતે પ્રથમ પદ્યમા દર્શાવ્યુ છે. આ કૃતિની ટીકામા **માનદેવસૂરિએ** આ કૃતિનો 'શ્રાવકધર્મ' તરીકે અને 'તંત્ર' તરીકે નિર્દેશ કર્યો છે આ કૃતિની કેટલીક હાથપોથીમા આનું નામ **શ્રાવકવિધિપ્રકરણ** જોવાય છે કેટલાક આને **શ્રાવકધર્મતન્ત્ર** તો કેટલાક આને **શ્રાવકધર્મપ્રકરણ** પણ કહે છે

વિષય—'ભવવિરહ'થી અ કિત આ કૃતિનુ નામ જ સૂચવે છે તેમ એમા શ્રાવકોનો ધર્મ વિચારાયો છે. સમ્યક્ત્વ, શ્રાવકના બાર વ્રતો અને એને લગતા અતિચારો, સંલેખના તેમ જ શ્રાવકનુ દિનકૃત્ય એમ વિવિધ બાબતો અહી વિચારાઈ છે

વિવરણ—આ કૃતિ ઉપર **માનદેવસૂરિએ** સસ્કૃતમા વૃત્તિ રચી છે અને તેમ કરવામા એમણે પ્રાચીન ટીકાઓનો ઉપયોગ કર્યો છે. આ પ્રાચીન ટીકાઓ તે કઈ તે જાણવું બાકી રહે છે

છાયા—આ જ૦ મ૦મા રચાયેલી કૃતિની સસ્કૃત છાયા છપાયેલી છે [2]

---

૧ **શ્રાવકધર્મવિધિપ્રકરણ** એ નામથી આ કૃતિ સઘવી **નગીનદાસ** કરમચદે ઈ. સ ૧૯૪૦મા છપાવી છે એમા સસ્કૃતમા છાયા છે, મૂળના પદ્યોનો અકારાદિ ક્રમે નિર્દેશ છે, વિષયોનો વિસ્તારથી ઉલ્લેખ છે અને ગુજરાતીમા પ્રસ્તાવના છે.

૨ જુઓ ટિ. ૧

(૧૮૦ અને ૧૫૨) [1]સાવગધમ્મસમાસ [શ્રાવકધર્મસમાસ] કિંવા (૧૮૦અ અને ૧૫૪) સાવયપણ્ણત્તિ [શ્રાવકપ્રજ્ઞપ્તિ] અને એની (૧૫૩ અને ૧૫૫) સ્વોપજ્ઞ ટીકા

નામ—આ જ૦ મ૦મા [2]૪૦૩ પદ્યમાં રચાયેલી કૃતિ **શ્રાવક-પ્રજ્ઞપ્તિ** એ નામથી વિશેષતઃ પ્રસિદ્ધ છે પરંતુ આ કૃતિમા 'સાવગધમ્મ' અને 'સમાસ' એ બેનો ૨૫૯ ઉલ્લેખ હોવાથી મેં ઉપર મુજબ એનુ નામ યોજ્યું છે.

વિષય—આ કૃતિમા શ્રાવકોના વ્રતો અને અતિચારો, પંદર કર્માદાન વગેરેનુ સરસ નિરૂપણ છે.

કર્તૃત્વ—પ્રસ્તુત કૃતિની કેટલી યે હાથપોથીઓના અંતમા નીચે મુજબ ઉલ્લેખ જોવાય છે:—

"श्रीउमास्वातिवाचककृता सावयपन्नत्ती सम्मत्ता"

પરંતુ આ કૃતિના કર્તા ઉમાસ્વાતિને બદલે પ્રસ્તુત હરિભદ્રસૂરિને માનવા માટે સબળ કારણો છે:—

(૧) **અભયદેવસૂરિએ પંચાસગની** ટીકામા આ કૃતિનું બીજું પદ્ય અવતરણરૂપે આપતી વેળા એના કર્તા તરીકે પૂજ્યનો એટલે કે હરિભદ્રસૂરિનો ઉલ્લેખ કર્યો છે.

(૨) **લાવણ્યવિજયે દવ્વસત્તરિ** ([3]દ્રવ્યસપ્તતિ)ના શ્લો. ૫૬ ની

---

૧ આ સટીક કૃતિનુ સંપાદન સ્વ કેશવલાલ પ્રેમચંદ મોદીએ કર્યું છે અને આ કૃતિ વિ. સ ૧૯૬૧મા પ્રસિદ્ધ કરાઈ છે. સંપાદકના મતે આ કૃતિ ઉમાસ્વાતિની નહિ પણ હરિભદ્રસૂરિની છે. હારિભદ્રીય ટીકા તેમ જ મૂળના ગુજરાતી ભાષાંતર સહિત મૂળ "જ્ઞાનપ્રચારક મંડળ" તરફથી ઈ સ. ૧૯૦૬મા છપાયુ છે

૨ ૩૨મા અને ૫૨મા પદ્ય પછીનુ એકેક પદ્ય ટીકામાનુ છે. એને મૂળ તરીકે ગણતા ૪૦૫ થાય છે

૩ આ એની સ્વોપજ્ઞ ટીકા તથા એ બંનેના જેઠાલાલ શાસ્ત્રીકૃત ગુજરાતી ભાષાંતર સહિત "જે ધ પ્ર સ." તરફથી વિ સ ૧૯૫૮મા પ્રસિદ્ધ કરાઈ છે.

વિ સં. ૧૭૪૪મા રચેલી સ્વોપજ્ઞ ટીકામા **સાવગધમ્મસમાસ**નુ ૧૪૪મુ પદ્ય રજૂ કરતી વેળા એના કર્તા તરીકે હરિભદ્રસૂરિનો નિર્દેશ કર્યો છે

(૩) ઉમાસ્વાતિએ **તત્ત્વાર્થસૂત્ર** (અ ૭, સૂ. ૨૦–૩૧)ના [૧]ભાષ્ય (પૃ. ૧૦૩–૧૧૫)મા શ્રાવકના બાર વ્રતોના જે અતિચારો ગણાવ્યા છે તેમા અને આ **સાવગધમ્મસમાસ**મા ગણાવાયેલા અતિચારોમા કેટલીક ભિન્નતા છે અને એ ભિન્નતાનો સમન્વય થઈ શકે એમ લાગતુ નથી

અવતરણ—સાવગધમ્મસમાસમાથી જેમ પદ્યો ઉદ્ધૃત કરાયા છે તેમ એના કર્તાએ પણ **આવસ્સય**ની વિવૃતિ (પત્ર ૮૩૧આ)માથી એક પદ્ય ઉદ્ધૃત કરી એને ૨૯૯મા પદ્ય તરીકે પોતાની કૃતિમા સ્થાન આપ્યુ છે

વિવરણ—પ્રસ્તુત કૃતિ ઉપર **અ૦જ૦પ૦**ના કર્તા હરિભદ્રસૂરિએ સસ્કૃતમા [૨]ટીકા રચી છે એ બાબતમા તો મતભેદ નથી. આ ટીકાના પ્રારભની કેટલીક પંક્તિઓ **અ૦જ૦પ૦**ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ ૨)મા જોવાય છે. ૧૩૩મા પદ્યની ટીકામા ‘ સસારમોચક ’નો નિર્દેશ છે.

ભાષાંતર—મૂળનુ ગુજરાતીમા કોઈકે ભાષાતર કર્યું છે [૩]

(૧૮૧ અને ૧૪૪) સાસયજિણથય [શાશ્વતજિનસ્તવ]

આ **જિણહરપડિમાથોત્ત** જ છે એટલે એનો આ પૂર્વે પૃ ૮૮–૮૯મા મે વિચાર કર્યો છે

(૧૮૨) સ્તવ

---

૧ આ કૃતિમા પદર કર્માદાન વિષે ઉલ્લેખ નથી, જો કે **ઉવાસગદસા** (પૃ ૧૧) અને **આવસ્સય**ની વિવૃતિ (પત્ર ૮૨૯અ)મા છે

૨ આ પ્રકાશિત થયેલી છે જુઓ પૃ ૧૮૦.

૩ આ છપાયુ છે જુઓ પૃ ૧૮૦.

પ૦ભાં૦ગ્રં૦સૂ૦ (ભા. ૧, પૃ. ૧૫૭)માં વીસ પદ્યનો સ્તવ અપાયો છે. એના કર્તા તરીકે અહીં હરિભદ્રનો ઉલ્લેખ છે. પૃ. ૪૮૮મા એમને "વિરહાંક" રૂપે ઓળખાવ્યા છે. આ પરિચય સાચો જ હોય તો આ પ્રસ્તુત હરિભદ્રસૂરિની કૃતિ ગણાય. આ હિસાબે હું ઉપર્યુક્ત પૃ. ૧૫૭મા જે આદિમ અને અંતિમ પદ્યોના અંશો અપાયા છે તે અહીં આપુ છુ.—

"त्वत्सेवानिरतास्त्वदर्पितदृशस्त्वन्मकथासंस्थितान
त्वद्भक्तास्त्वदनन्यसक्तमनसस्त्वत्तो न चान्यार्थिन ।'
"न स्वप्नेऽपि जिन ! त्वदंघ्रिकमलद्वन्द्वादृतेन्वेमि वा
नार्थैनन्मम कुर्वनः प्रतिदिनं यत् किंचिदप्यस्ति तद्
यन्नास्त्येव हि नास्ति तत् तदपि च त्यक्ष्यामि नैतद् व्रत ॥ २० ॥"

પ૦ભાં૦ગ્રં૦સૂ૦ (ભા ૧, પૃ. ૪૩૬)મા આને **જિનસ્તવ** કહેલો છે.

(૧૮૩) [1]સ્યાદ્વાદકુચોદ્યપરિહાર

પ્રયોજન—'સ્યાદ્વાદ' કહો કે 'અનેકાન્તવાદ' કહો એ હરિભદ્રસૂરિને મન એક જ છે આ વાદને અંગે જે કુશંકાઓ એમના સમય સુધીમા ઉઠાવાઈ હશે—એને અંગે જે અનુચિત આક્ષેપો કરાયા હશે તેના નિવારણાર્થે આ કૃતિ યોજાઈ છે એમ આ નામ વિચારતા ભાસે છે.

ભાષા—કેટલાક અજૈનો સામાન્યને એક, નિત્ય ઇત્યાદિ રૂપે માને છે. એનું આ તેમ જ બીજી હારિભદ્રીય કૃતિઓમા નિરસન છે. આમ અહીં અજૈન માન્યતાનુ ખંડન છે. એ ઉપરથી આ કૃતિ સંસ્કૃતમા રચાયાનો સંભવ છે, કેમકે અજૈનોની—વૈદિક હિંદુઓની પ્રિય ભાષા તો સંસ્કૃત છે. વિશેષ સાધન મળ્યે આ કૃતિની ભાષા વિષે અંતિમ નિર્ણય થઈ શકે.

---

૧ જિ૦ર૦કો૦મા આ કૃતિની નોધ નથી.

અ૦જ૦૫૦ (ખંડ ૧, પૃ. ૨૯૬)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા જોતા જણાય છે કે **પ્રમાણવાર્તિક** (૧, ૧૮૩-૧૮૪)મા નીચે મુજબના પદ્યમાં કરાયેલા આક્ષેપનું આ કૃતિમા વિસ્તારથી ખંડન છે:—

" सर्वस्योभयरूपत्वे तद्विशेषनिराकृते ।
चोदितो दधि खादेति किमुष्ट्रं नाभिधावति ? ॥"

ઉલ્લેખ—અ૦જ૦૫૦(ખંડ ૧)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૨૭૯ અને ૨૯૬)મા આ કૃતિનો ઉલ્લેખ છે એટલે એ હિસાબે આ કૃતિ આ વ્યાખ્યા કરતા પહેલા રચાઈ છે એમ ફલિત થાય છે.

(૧૮૪) [1]હિંસાષ્ટક અને એની (૧૮૫) સ્વોપજ્ઞ અવચૂરિ

'હિંસાષ્ટક' એ નામ જ સૂચવે છે તેમ એમા [2]આઠ શ્લોકો છે અને એનો વિષય હિંસાનુ નિરૂપણ છે

નિર્દેશ—આ સંસ્કૃત કૃતિનો નિર્દેશ **દસવેયાલિય**ની ટીકા (પત્ર ૨૪આ)મા **હરિભદ્રસૂરિએ** કર્યો છે. આમ આ નાનકડી કૃતિ **દસવેયાલિય**ની ટીકા પૂર્વે રચાઈ છે પૃ ૪મા **અનુયોગદ્વારવૃત્તિ**નો અને પૃ ૭મા **સુન્દ** અને **ઉપસુન્દ** એ બે દાનવોનો ઉલ્લેખ છે. આ બે પૈકી પ્રથમ ઉલ્લેખ આ અવચૂરિ **અણુઓગદ્દાર**ની વૃત્તિ પછી રચાઈ છે એમ સૂચવે છે

વિષય—હિંસાષ્ટકની અવચૂરિમાં હિંસાના પ્રકારોનો અધિકાર છે અને એ બાબતમા આ અવચૂરિ **વિયાહપણ્ણત્તિ** (સ. ૭, ઉ. ૧, સુત્ત ૨૬૨), **દસવેયાલિય** (અ. ૪, પદ્ય ૧ ને ૮), **વિસેસા૦** (ગા.

---

૧ આ મૂળ કૃતિ સ્વોપજ્ઞ અવચૂરિ સહિત **સર્વજ્ઞસિદ્ધિ**ની સાથે સાથે "ઋ કે શ્વે સસ્થા" તરફથી ઇ સ ૧૯૨૪મા પ્રસિદ્ધ કરાઈ છે.

૨ આથી કઈ આ **હિંસાષ્ટક** હારિભદ્રીય **અષ્ટક-પ્રકરણ**નો કોઈ ભાગ નથી.

૧૭૬૩-૧૭૬૮) ઇત્યાદિને અનુસરે છે, જો કે આ પ્રમાણે હિંસાના પ્રકારોનો નિર્દેશ અજૈન કૃતિઓમા મળતો નથી.

અવતરણ—અવચૂરિમા અવતરણો છે. દા. ત. પૃ. ૫મા **વિયાહપણ્ણત્તિ** અને **દસવેયાલિય**માથી અવતરણો અપાયા છે. પૃ. ૩માં જે પાચમુ પદ્ય અવતરણરૂપે અપાયુ છે તે પૃ. ૮મા પણ અપાયું છે અને તેમ કરતી વેળા એના કર્તા તરીકે હેમચન્દ્રનો ઉલ્લેખ છે. આ હેમચન્દ્ર તે ‘ કલિકાલસર્વજ્ઞ ’ કે ‘ મલધારી ’ તરીકે સુપ્રસિદ્ધ સૂરિ ન હોઈ શકે; એ તો હરિભદ્રસૂરિની પૂર્વે થયેલા કોઈ હેમચન્દ્ર હોવા જોઈએ; નહિ તો આ અવચૂરિની સ્વોપજ્ઞતાને બાધ આવે, સિવાય કે આ ઉલ્લેખ પ્રક્ષિપ્ત હોય.

અવચૂરિ (પૃ. ૩)માં ધ્યાનને અંગે પાચ અને હિંસાને અંગે પણ પાચ પદ્યો છે. શું આ પણ અવતરણો છે ?

જિ૦ર૦કો૦ (વિ. ૧, પૃ. ૪૬૧)મા **હિંસાષ્ટક** યાને **હિંસા-નિર્ણય**નો ઉલ્લેખ છે પણ એના કર્તા વિષે નિર્દેશ નથી. શુ આ પ્રસ્તુત કૃતિ છે ?

વિવરણાત્મક કૃતિઓ

હરિભદ્રસૂરિએ જેમ સ્વતંત્ર કૃતિઓ રચી છે તેમ પોતાની તેમ જ અન્યે રચેલી કૃતિઓને વિવરણો વડે વિભૂષિત પણ કરી છે. જે કૃતિઓ ઉપર એમની સ્વોપજ્ઞ ટીકાઓ છે તેના નામ નીચે મુજબ છે :-

(૧) **અનેકાન્તજયપતાકા**

(૨) **ધર્મસાર**

(૩) **પંચવત્થુગ**

(૪) **યોગદૃષ્ટિસમુચ્ચય**

(૫) **શાસ્ત્રવાર્તાસમુચ્ચય**

(૬) **સર્વજ્ઞસિદ્ધિ**

(૭) **સાવગધમ્મસમાસ**

(૮) **હિંસાષ્ટક.**

આ ટીકાઓ વિષે આપણે તે તે મૂળ કૃતિની સાથે સાથે વિચાર કરી ગયા છીએ એટલે અન્ય વિવરણાત્મક કૃતિઓ હવે વિચારવાની રહે છે આને બે વર્ગમા વહેચી શકાય:

(૧) જૈન કૃતિઓ ઉપરના વિવરણો

(૨) અજૈન કૃતિને લગતુ વિવરણ.

પ્રથમ વર્ગમા નિમ્નલિખિત જૈન કૃતિઓ ઉપરના વિવરણોનો સમાવેશ કરાય છે, જો કે કેટલીક વિષે મને તો શંકા રહે છે :—

(૧) **અણુઓગદ્દાર** (અનુયોગદ્વાર)

(૨) **આવસ્સય** (આવશ્યક)

(૩) **ઓહનિજ્જુત્તિ** (ઓઘનિર્યુક્તિ)

(૪) **કર્મસ્તવ**

(૫) **ક્ષેત્રસમાસ**

(૬) **ચેઇયવંદણસુત્ત** (ચૈત્યવંદનસૂત્ર)

(૭) **જંબુદ્દીવપણ્ણત્તિ** (જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ)

(૮) **જીવાજીવાભિગમ** (જીવાજીવાભિગમ)

(૯) **તત્ત્વાર્થાધિગમશાસ્ત્ર** યાને **તત્ત્વાર્થસૂત્ર**

(૧૦) **દસવેયાલિય** (દશવૈકાલિક)

(૧૧) **નન્દી** (નન્દી)

(૧૨) **ન્યાયાવતાર**

(૧૩) **પંચસુત્તગ** (પંચસૂત્રક)

(૧૪) **પણ્ણવણા** (પ્રજ્ઞાપના)

(૧૫) **પિંડનિજ્જુત્તિ** (પિંડનિર્યુક્તિ)

(૧૬) **પ્રશમરતિ**

(૧૭) **વગ્ગકેવલિસુત્ત** (વર્ગકેવલિસૂત્ર)

(૧૮) **વિસેસાવસ્સયભાસ** (વિશેષાવશ્યકભાષ્ય)

(૧૯) **સંગહણી** (સંગ્રહણી)

આ પૈકી ૧–૩, ૬–૮, ૧૦, ૧૧, ૧૪, ૧૫ ને ૧૮ એ ક્રમાંકવાળી કૃતિઓ આગમોને અંગેની ગણાય છે અને એ જ આપણે પ્રથમ વિચારીશું. બીજા વર્ગમા તો અજૈન કૃતિને સ્થાન છે અને એવી તો એક જ કૃતિ છે ને તે **ન્યાયપ્રવેશક**ને અગેની છે.

જૈન આગમોનાં વિવરણો

(૨) અનુયોગદ્વાર-વિવૃતિ યાને (૧૪૮) [1]શિષ્યહિતા

આ [2]**અણુઓગદ્દાર** નામના જૈન આગમ ઉપરની સંસ્કૃતમાં રચાયેલી વિવૃતિ છે એને હરિભદ્રસૂરિએ **શિષ્યહિતા** કહી છે અને એ ખરેખર શિષ્યોને હિતકારી–ઉપકારી છે ‘ શિષ્યહિતા ’ જેવુ નામ હરિભદ્રસૂરિની પૂર્વે કોઈ જૈને પોતાની ટીકા માટે યોજ્યું હોય એમ જણાતું નથી. આ ટીકામા તુડિયગ (ત્રુટિતાંગ)થી માંડીને સીસ-

૧ આ નામની કેટલીક ટીકાઓ છે. દા. ત હરિભદ્રસૂરિકૃત **આવશ્યક-સૂત્રવિવૃતિ, પંચવત્થુગ**ની વૃત્તિ અને **ન્યાયપ્રવેશક**ની વૃત્તિ જુઓ પૃ ૧૨૦, ટિ. ૧.

૨ આના પરિચય માટે જુઓ H C L J (pp. 161-165) અને **આગમોનું દિગ્દર્શન** (પૃ ૧૮૩-૧૮૫)

પહેલિયા (શીર્ષપ્રહેલિકા) સુધીની સંખ્યાઓના નામ પત્ર ૫૫-૫૭મા જ. મ મા અપાયા છે. વળી બે ઇત્યાદિના વર્ગ વગેરેના મૂલ્ય જ. મ.મા રચાયેલા પદ્યો દ્વારા પત્ર ૯૪-૯૬મા અપાયા છે.

મતાંતર—પત્ર ૧૭, ૨૧, ૩૮ ઇત્યાદિમા મતાતરોનો ઉલ્લેખ છે. ૩૮મા પત્રમા તો અર્થની ગહનતાને લઈને બરાબર સમજાતુ નથી એમ હરિભદ્રસૂરિએ કહ્યુ છે.

પૌર્વાપર્ય—પત્ર ૨મા '**નન્દ્યધ્યયન**—ટીકા'નો, પત્ર ૨૨મા '**નંદિ**-વિશેપ-વિવરણ'નો અને પત્ર ૧૦૦મા '**નન્દ્યધ્યયન**-વિશેપ-વિવરણ'નો ઉલ્લેખ છે. આ ત્રણે એક જ કૃતિ છે એમ લાગે છે. પત્ર ૨ અને ૧૦૦માં દર્શાવાયેલા વિષયનુ નિરૂપણ **નંદીની** ટીકામા હરિભદ્રસૂરિએ કર્યુ છે અને એમ કર્યા બાદ આ **શિષ્યહિતા** રચી છે એટલે એમા **નંદી** ઉપરની પોતાની ટીકાનો ઉલ્લેખ હોઈ શકે આ ઉલ્લેખ દ્વારા એઓ પોતાની ટીકા નિર્દેશે છે એમ લાગે છે

પત્ર ૨૨મા '**આવશ્યક**-વિવરણ'નો ઉલ્લેખ છે. આ હારિભદ્રીય કૃતિ હોય એમ લાગે છે આ અનુમાન પણ સાચુ હોય તો **અણુઓગદ્દાર**ની વિવૃતિ **નંદી** અને **આવસ્સય**ના વિવરણો રચાયા બાદ યોજાઈ છે એમ કહી શકાય

ઉલ્લેખ—પત્ર ૬૬મા પુવ્વમાના **સરપાહુડનો** અને એના આધારે યોજાયેલા **ભરહ** અને **વિસાહલ**નો ઉલ્લેખ છે **સરપાહુડ** તો સગીતની કૃતિ છે **ભરહ**થી ભરતનુ **નાટ્યશાસ્ત્ર** અભિપ્રેત હશે પણ **વિસાહલ**થી વિશાખલની કઈ કૃતિ સમજવાની છે?

અવતરણો—સસ્કૃત અને જ. મ મા કેટલાક અવતરણો છે પત્ર ૧૦૦મા [1]પુરુષચન્દ્ર નામના તર્કવાદીની કોઈક કૃતિમાથી બે પદ્યો

---

૧ મલયગિરિસૂરિએ **ધમ્મસંગહણી**ના વિવરણમા જે પુરુષચન્દ્રનો ઉલ્લેખ કર્યો છે તે આ જ હોવા જોઈએ જુઓ પૃ. ૯૯, ટિ. ૫

અપાયા છે. આ ગુરુપચન્દ્ર તે કોણ અને એની કઈ કૃતિમાથી આ અવતરણો છે એ જાણવુ બાકી રહે છે

સામ્ય—જ. મ.મા લખાયેલી કેટલીક પાઇય કડિકાઓ **અણુઓગદ્દાર**ની પ્રકાશિત ચુણ્ણિની કંડિકાઓ સાથે મળતી આવે છે.

(૧) અનુયોગદ્વાર(સૂત્ર)લઘુવૃત્તિ

આ ઉપર્યુક્ત જ વિવૃતિ હોવી જોઈએ, કેમકે હરિભદ્રસૂરિએ **અણુઓગદ્દાર** ઉપર બે વૃત્તિ રચ્યાનો કોઈ ઉલ્લેખ જણાતો નથી. **અણુઓગદ્દાર** ઉપર મલધારી હેમચન્દ્રસૂરિની ટીકા આથી મોટી છે એટલે એ અપેક્ષાએ આ નામ યોજાયુ હશે.

(૧૫) આવશ્યક(સૂત્ર)બૃહદ્વૃત્તિ

નિર્દેશ—જૈન આગમો પૈકી [1]મૂલસુત્ત તરીકે ઓળખાવાતા [2]**આવસ્સય** ઉપર હરિભદ્રસૂરિએ જે બે ટીકા સંસ્કૃતમાં રચી છે તેમાની એક તે આ છે અને બીજી તો **શિષ્યહિતા** છે. એ **શિષ્યહિતા** ([3]શ્લો. ૨)મા એમણે આ બૃહદ્વૃત્તિ વિષે નિર્દેશ કર્યો છે અને સાથે સાથે એ **શિષ્યહિતા**થી મોટી છે એમ પણ કહ્યુ છે. 'મલધારી' હેમચન્દ્રસૂરિએ **આવસ્સય** ઉપરના પોતાના **ટિપ્પણક** (પત્ર ૨અ)મા અને **સમયસુંદરે** વિ સ. ૧૬૮૧મા રચેલી [4]**સામાચારીશતક** (   )મા આ બૃહદ્વૃત્તિનો ઉલ્લેખ કર્યો છે.

---

૧ આની સમજણ માટે જુઓ **આ૦ દિ૦** (પૃ. ૧૨-૧૩).

૨ આના પરિચયાર્થે જુઓ H C L J (p 158) અને **આ૦ દિ૦** (પૃ. ૧૫૪-૧૫૮).

૩ "यद्यपि मया तथाऽन्यै कृताऽस्य विवृतिस्तथापि सङ्क्षेपात् ।
तद्रुचिसत्त्वानुग्रहहेतो क्रियते प्रयासोऽयम् ॥ २ ॥"

૪ આ "જિનદત્તસૂરિ પ્રાચીન પુસ્તકોદ્ધાર ફંડ" તરફથી ઇ. સ ૧૯૩૯માં છપાયું છે.

પરિમાણ—અંચલગચ્છપટ્ટાવલીમા બૃહદ્દ્વૃત્તિનુ પરિમાણ ૮૪,૦૦૦ શ્લોક જેટલુ દર્શાવાયુ છે. એ કદાચ સાચુ ન હોય તો પણ આનુ પરિમાણ પાત્રીસેક હજાર જેટલુ તો હશે.

અનુપલબ્ધિ—ઉપર્યુક્ત ટિપ્પણક ઉપરથી એ વાત જાણી શકાય છે કે હેમચન્દ્રસૂરિ (વિ. સં. ૧૧૬૪)ના સમયમા બૃહદ્વૃત્તિ મળતી ન હતી.

દસવેયાલિયની ટીકા (પત્ર ૨આ–૪આ)મા હરિભદ્રસૂરિએ જે **આવશ્યકવિશેષવિવરણ** નામની પોતાની કૃતિનો ઉલ્લેખ કર્યો છે તે આ બૃહદ્વૃત્તિ હશે.

(૧૬-૧૭) [1]**આવશ્યકસૂત્રવિવૃતિ** યાને (૧૪૮અ) **શિષ્યહિતા**

પરિમાણ અને નામ—આપણે પૃ. ૧૮૮મા જોઈ ગયા તેમ હરિભદ્રસૂરિએ **આવસ્સય** ઉપર બે સંસ્કૃત ટીકાઓ રચી છે. તેમાની એક નાની છે, જો કે એ ૨૨,૫૦૦ કે પછી ૨૨,૦૦૦ શ્લોક જેવડી છે. એ મળે છે અને એ છપાયેલી છે એનુ નામ **શિષ્યહિતા** છે. **અણુઓગદ્દાર**ની વિવૃતિ માટે પણ હરિભદ્રસૂરિએ આ નામ રાખ્યુ છે

વિષય—આવસ્સયની આ **શિષ્યહિતા આવસ્સય** અને એની નિજ્જુત્તિ એમ બેના સ્પષ્ટીકરણરૂપ છે. એમા અનેક કથાઓ છે. એમાની શતાનિક અને પ્રદ્યોતનની કથા પ્રો. હર્ટલે જિનકીર્તિના આધારે રચેલ Geschichte von Pāla und Gopālaમા આપી છે. ગુણગ્રાહકતા માટે વાસુદેવ કૃષ્ણની કથા છે

---

૧ **આવસ્સય** અને એની નિજ્જુત્તિ સહિત આ વિવૃતિ "આ સ." તરફથી ગ્રથાક ૧-૪ તરીકે ઇ સ ૧૯૧૫, ૧૯૧૬, ૧૯૧૭ ને ૧૯૧૭ મા અનુક્રમે ચાર ભાગમા પ્રસિદ્ધ કરાઈ હતી આજે એ મળતી નથી તો હવે એ ફરીથી છપાવવી જોઇએ અને એની ચુણ્ણિ સાથેની સમાનતા તારવી શકાય તે માટે ચુણ્ણિ પણ સાથે સાથે પ્રકાશિત થવી જોઇએ

દસવેયાલિયની ટીકા (પત્ર ૩૨અ–૩૨આ)માં હરિભદ્રસૂરિએ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત જે **ધ્યાનશતક** (**ઝાણસયગ**)નો ઉલ્લેખ કર્યો છે તેના ઉપર એમણે આ **શિષ્યહિતા** (પત્ર ૫૮૩અ–૬૧૧આ)મા વિવૃતિ રચી છે.

પત્ર ૧૭૪આમા **ભદ્રા** રાણીના પતિ રિપુપ્રતિશત્રુ પોતાની પુત્રી મૃગાવતીને પરણે છે અને ત્યારથી એ 'પ્રજાપતિ' તરીકે ઓળખાય છે એ વાત કહી "प्रजापतिः स्वदुहितरमकामयत्" એમ વેદમા પણ કહ્યુ છે એવો ઉલ્લેખ કર્યો છે.

આધાર—**શિષ્યહિતા**ની પુષ્પિકામા "जिनभटनिगदानुसारिण" એવો હરિભદ્રસૂરિના સબંધમાં ઉલ્લેખ છે. 'निगद' એટલે 'કથન'. આ ઉપરથી એમ અનુમાન થઈ શકે કે હરિભદ્રસૂરિએ **આવસ્સય** ઉપરની જિનભટે રચેલી ટીકાનો આધાર લઈ **શિષ્યહિતા** રચી છે—એ ટીકાનો ઉપયોગ કર્યો છે.

શિષ્યહિતામા જ૦મ૦મા કેટલીક પાઇય કંડિકાઓ જે છે તે **આવસ્સય**ની ચુણ્ણિમાં જોવાય છે. એથી એમ લાગે છે કે હરિભદ્રસૂરિએ આ ચુણ્ણિમાથી એ લીધી છે **શિષ્યહિતા** રચવામા **વસુદેવહિંડી**નો પણ ઉપયોગ કરાયો છે [1]

ઉલ્લેખ—**શિષ્યહિતા** (પત્ર ૧૮૨આ)મા **ઐન્દ્ર** વ્યાકરણની ઉત્પત્તિ બતાવાઈ છે. પત્ર ૮૬૩અમા **ધમ્મિલહિંડી**નો ઉલ્લેખ છે. પત્ર ૧૫૦આમા **બ્રહ્માંડપુરાણ**નો ઉલ્લેખ છે. **ભરતે** ચર્મ–રત્ન ઉપર સ્કંધાવારને સ્થાપી ઉપર છત્ર ધર્યું અને એ છત્રના દંડના મધ્ય ભાગમા મણિ–રત્ન રાખ્યુ ત્યારથી લોકમા જગતની ઉત્પત્તિ ઇંડામાથી મનાઈ એમ પણ અહીં કહ્યું છે.

---

૧ જુઓ ABORI (Vol. XVI, pts I-II)માંનો ડૉ **ઘાટગે**નો લેખ (પૃ ૩૨)

ચિત્રપટ્ટક—આવસ્સયની નિજ્જુત્તિ (ગા ૫૬૦)ની ટીકા (પત્ર ૨૩૩આ)મા સમવસરણને અંગેના - બાર પર્ષદાને લગતા ચિત્રપટ્ટકનો ઉલ્લેખ છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

"पूर्वाचार्योपदेशलिखितपट्टकादिचित्रकर्मबलेन तु सर्वा एव देव्यो न निषीदन्ति, देवा पुरुषा· स्त्रियश्च निषीदन्तीति प्रतिपादयन्ति केचन इत्यलं प्रसङ्गेन।"

અવતરણ—શિષ્યહિતામા અવતરણો છે. તેમા પ્રતિક્રમણ એટલે શું એ જણાવનારુ નિમ્નલિખિત અવતરણ જોવાય છે·—

"स्वस्थानाद् यत् परस्थानं प्रमादस्य वशाद् गत·।
तत्रैव क्रमणं भूय· 'प्रतिक्रमण'मुच्यते॥"

પ્રાચીન દૂહો—શિષ્યહિતા (પત્ર ૬૯૪આ)મા નીચે મુજબનો પ્રાચીન દૂહો છે:—

"रायनदु नवि जाणइ जं सगडालो काहिइ।
रायनद मारेत्ता तो सिरिअं रज्जे ठवेहि त्ति॥"

જોઇંદુ(યોગીન્દુ)એ જે[1]**પરમપ્પયાસ** (પરમાત્મપ્રકાશ) અવહટ્ઠમા ૩૪૫ પદ્યોમા રચેલ છે તેમા ૩૩૭ પદ્યો દૂહામા છે. આ **જોઇંદુ**નો સમય છઠ્ઠી સદીનો મનાય એમ લાગતુ નથી, આઠમી સદીનો ઉત્તરાર્ધ હશે જો એમ કહેવુ યથાર્થ હોય તો દૂહાનો ઉલ્લેખ કરનાર તરીકે હરિભદ્રસૂરિ પ્રથમ છે. **રુદ્રટે કાવ્યાલંકાર** (પરિ ૪)મા શ્લો. ૧૫ અને ૨૫ દ્વારા સસ્કૃત અને અવહટ્ઠમા શ્લેપના ઉદાહરણો આ દેશી 'દૂહા' છદમા આપ્યા છે.

ખારવેલના શિલાલેખ પર પ્રકાશ—શિષ્યહિતા (પત્ર ૬૮૫આ-૬૮૬આ)મા જે નીચે મુજબની પક્તિઓ છે તે **ખારવેલના**

---

૧ આનુ વિશિષ્ટ સસ્કરણ **યોગસાર** સહિત જે ડૉ એ એન. ઉપાધ્યેએ તૈયાર કર્યું હતુ તે "રાજચન્દ્ર જૈન શાસ્ત્રમાલા"મા ઇ સ ૧૯૩૮મા છપાવાયુ છે

શિલાલેખગત ‘चेतिराजव(वं)स’ ઉપર પ્રકાશ પાડે છે એમ આગમોદ્ધારકનું કહેવું છે :—

“ वेसालिजणो मव्वो महेमरेण नीलवंतंमि साहरिओ। को महेसरो त्ति ?। तस्सेव चेडगस्स धूया सुजेट्ठा तेण इंढेण नामं कयं महेसरो त्ति।”

શક નહપન—આવસ્સયની નિજ્જુત્તિ (?ભાસ)ની ગા. ૧૩૦૪ અને એના ઉપરની **હારિભદ્રીય** વિવૃતિ (પત્ર ૭૧૨આ)માં અપાયેલી કથાને આધારે ડૉ **જયસ્વાલે** [1]“Problems of Śaka Satavāhana History” (પૃ. ૨૫૧)મા કહ્યું છે કે **શતકર્ણિએ** (ગૌતમીપુત્રે) જે શક નરેશને હરાવ્યો અને જેને ‘અવંતીમાથી’ હાંકી કઢાયો તે શક **નહપાન** છે.

ॐ—શિષ્યહિતા (પત્ર ૭૨૧આ)મા “ ग्निमिति वाक्यालंकारे” એવો ઉલ્લેખ છે. અહીં જર્મન વિદ્વાન અન્સ્ટ લોયમેને Übersicht der Āvaśyaka-Literatur (પૃ.[2] ૩૭, ટિ.)માં નીચે મુજબની મતલબનો ઉલ્લેખ કર્યો છે :—

જૈન ગ્રંથકારોએ વૈદિક ચિહ્ન ॐ ને ग्नि સમજવાની ભુલ કરી છે. એનું કારણ એમ સભવે છે કે ઈ. સ.ની આઠમી સદીમાં કે તે પૂર્વે આ ચિહ્ન ग्नि જેવુ દેખાવમા હતુ અને એમને આ વૈદિક ચિહ્નની ખબર ન હતી. આથી તો “पुरुष एवेदॐ”ને આ લેખકો “पुरुष एवेदं ग्नि” સમજતા હતા.

આ પ્રમાણેની ભૂલ હરિભદ્રસૂરિને હાથે પણ થઈ એમ જો આ જર્મન વિદ્વાનનું કહેવુ હોય તો તે મને ભૂલભરેલું લાગે છે, કેમકે

૧ આ લેખ JBORS (Vol XVI, pts 3-4) મા ઇ સ ૧૯૩૦મા છપાયો છે

૨ જુઓ **અ૦ જ૦ પ૦** (ખ ડ ૨)નો મારો ઉપોદ્ઘાત (પૃ ૫૬).

હરિભદ્રસૂરિ જન્મે બ્રાહ્મણ છે અને વૈદિક સાહિત્યના વિશિષ્ટ અભ્યાસી છે તો પછી શુ એઓ વૈદિક ચિહ્નથી અજ્ઞાત હોય ખરા? અને શું એ ન જાણવાથી એઓ ઉપર મુજબ એનો અર્થ કરે?

આ ઉપલબ્ધ ટીકાને જ કેટલાક 'બૃહદ્‌વૃત્તિ' કહે છે.[1] એનું કારણ એમ જણાય છે કે મલયગિરિસૂરિ વગેરેની **આવસ્સય** ઉપરની ટીકાઓ આને મુકાબલે નાની છે.

(૨૧) ઓઘનિર્યુક્તિવૃત્તિ

[2]**ઓહનિજ્જુત્તિ** એ જૈન આગમ છે. કેટલાકને મતે એ મૂલસુત્ત છે. એના ઉપર હરિભદ્રસૂરિએ સંસ્કૃતમાં વૃત્તિ રચી છે એમ સુમતિગણિએ કહ્યું છે આની કોઈ હાથપોથી મળતી હોય એમ જણાતુ નથી શુ [3]**પિણ્ડનિજ્જુત્તિ** ઉપર હારિભદ્રીય વૃત્તિ છે એટલે **ઓહનિજ્જુત્તિ** ઉપર પણ હશે એમ માનીને ઉપર્યુક્ત ઉલ્લેખ કરાયો છે?

(૩૨) ચૈત્યવન્દનસૂત્રવૃત્તિ યાને (૧૨૮) [4]લલિતવિસ્તરા

ચૈત્યવન્દનભાષ્ય—સુમતિગણિએ આ તેમ જ **ચૈત્યવન્દનવૃત્તિ** એમ બે કૃતિ નોંધી છે ખરી, પરંતુ પહેલી કૃતિની હાથપોથી મળતી નથી. બીજી કૃતિ તે **લલિતવિસ્તરા** જ હોવી જોઈએ.

---

૧ જુઓ **જે. ભાં. ગ્રં. સૂ.** (પૃ. ૯ ને ૨૦)

૨ આના પરિચય માટે જુઓ H C L J (p. 159) અને **આ૦ દિ૦** (પૃ ૧૬૯-૧૭૦)

૩ આના પરિચયાર્થે જુઓ H C L J (p. 159) અને **આ૦ દિ૦** (પૃ ૧૬૯)

૪ આ કૃતિ મુનિચન્દ્રસૂરિકૃત **પંજિકા** સહિત "દે. લા. જૈ. પુ. "સંસ્થા" તરફથી ઈ સ. ૧૯૧૫માં છપાઈ છે. આગમોદ્ધારકના ટીપ્પનિકા અને ઉપોદ્‌ઘાત સહિત આ કૃતિ "ઋ કે શ્વે સંસ્થા" તરફથી ઇ સ. ૧૯૩૪મા પ્રસિદ્ધ થઈ છે અને એનુ સંપાદન આગમોદ્ધારકે કર્યું છે **લલિતવિસ્તરા**ની એક હાથપોથી વિ સ ૧૧૮૫મા લખાયેલી મળે છે

નામ—૧૫૪૫ શ્લોક જેવડી આ કૃતિના અંતિમ ભાગમાં પ્રથમ ગ્રમાં આ કૃતિનુ નામ **લલિતવિસ્તરા** જોવાય છે; બાકી પ્રારંભમા ચૈત્યવન્દનસૂત્રની વ્યાખ્યા એવો સામાન્ય નિર્દેશ છે.

નામ-સૂચન–[1]**લલિતવિસ્તર** નામની એક બૌદ્ધ કૃતિ છે. ની રચના 'ગાથા-સંસ્કૃત'મા અર્થાત્ સંસ્કૃત અને અવહટ્ઠના મિશ્રણ- ા ભાષામાં થયેલી છે. એના કેટલાક ભાગો ઇ. સ.ની પહેલી સદી જેટલા ાચીન છે. આઠમી સદીમા આ કૃતિનુ 'ટિબેટી' ભાષાંતર થયું છે એટલે ા પૂર્વેની તો આ કૃતિ છે જ. આ નામથી હરિભદ્રસૂરિ પરિચિત હશે. ી કે આના અને **લલિતવિસ્તરા** એ નામમા સમાનતા છે છતા ાષયમા ભેદ છે, કેમકે **લલિતવિસ્તર**માં તો મહર્ષિ **બુદ્ધ**નુ ચરિત્ર છે.

વિષય—આ કૃતિના પ્રારંભમા તેમ જ અંતમાં નિર્દેશાયા મુજબ ા **ચૈત્યવન્દનસૂત્ર** (પા. ચેઇયવન્દણસુત્ત)ની વૃત્તિ છે. 'ચેઇયવન્દણ- સ'થી અહીં નીચે મુજબનાં સુત્ત (સૂત્રો) સમજવાના છે:—

(૧) **પણિવાયસુત્ત** (પ્રણિપાતસૂત્ર) યાને **સક્કત્થય** (શક્રસ્તવ) કેવા "[2]**નમુ ત્થુ ણં**" **સૂત્ર**

(૨) **અરિહન્ત-ચેઇય-થય** (અર્હચ્ચૈત્યસ્તવ)

(૩) **અન્નત્થસુત્ત** (અન્યત્રસૂત્ર) યાને **કાયોત્સર્ગસૂત્ર**

---

૧ આનું પ્રથમ સંસ્કરણ **રાજેન્દ્રલાલ** મિત્રને હાથે થયું હતું. એ બિબ્લિઓથેકા ઇન્ડિકામા ઇ. સ ૧૮૭૭મા છપાયુ છે એ ઘણું અશુદ્ધ છે. ાસ. લેફ્મન (Lefmann)ની ઈ સ ૧૯૦૨-૧૯૦૮ના ગાળામા છપાયેલી ાવૃત્તિ વધારે સારી છે. આ કૃતિના ૫ દર પ્રકરણોનો અગ્રેજી અનુવાદ, હેલા પાચનો જર્મન અનુવાદ અને સમગ્ર કૃતિનો ફ્રેંચ અનુવાદ છપાયા છે ુઓ H I L (Vol II, p. 248).

૨ આ સૂત્રને ઉદ્દેશીને મે "નમુ ત્થુ ણં ને અંગે" એ નામનો એક લેખ ખ્યો છે. એ "જૈ. સ. પ્ર." (વ. ૨, અં. ૧૨)માં છપાયો છે.

(૪) લોગસ્સ (લોકસ્ય-સૂત્ર) યાને [1]નામસ્તવ

(૫) સુયત્થય (શ્રુતસ્તવ) યાને પુક્ખરવર-દીવડ્ઢે

(૬) સિદ્ધત્થય (સિદ્ધસ્તવ) યાને સિદ્ધાણં બુદ્ધાણં

(૭) વેયાવચ્ચસુત્ત ([2]વૈયાવૃત્ત્યસૂત્ર)

(૮) પણિહાણસુત્ત (પ્રણિધાનસૂત્ર) યાને [3]પ્રાર્થનાસૂત્ર કિંવા 'જય વીયરાય' સુત્ત ('જય વીતરાગ' સૂત્ર).

આ લલિતવિસ્તરા આ આઠ (સૂત્રો) ઉપર પ્રકાશ પાડે છે. એમાંનું પહેલું સુત્ત પજ્જોસવણાકપ્પમા ૧૫મા સુત્ત તરીકે, ઓવવાઇયમાં ૨૦મા તરીકે અને રાયપ્પસેણઇજ્જમાં ૧૩મા સુત્ત તરીકે જોવાય છે. સમવાય અને વિયાહપણ્ણત્તિ એ બે અંગોના પ્રારંભમાં જે મહાવીરસ્વામીને અંગે લખાણ છે એમાંના કેટલાંક વિશેષણોનો ભાવ ઉપર્યુક્ત ત્રણે આગમોમાંનાં સુત્તમાં નજરે પડે છે. નાયાધમ્મકહા (અ. ૧૩ ને અ. ૧૬)માં તેમ જ જીવાજીવાભિગમ (સૂ. ૧૪૨) પણ આ જાતનાં વિશેષણો સંક્ષેપમાં રજૂ કરે છે.

બીજું અને ત્રીજું સુત્ત તેમ જ પાંચમું અને છઠ્ઠું સુત્ત આવસ્સયના 'કાઉસ્સગ્ગ' નામના પાચમા અજ્ઝયણમા (ભા. ૪ માં) અનુક્રમે નિમ્નલિખિત પત્રમાં છે:—

૭૮૬આ, ૭૭૮અ, ૭૮૮અ અને ૭૮૯આ.

---

૧ આમા જિનોનું ઉત્કીર્તન હોવાથી આને કેટલાક "ઉક્કિત્તણ" કહે છે.

૨ "વૈયાવૃત્ત્ય" નામના મારા લેખમા મેં આ સુત્તનો ઉલ્લેખ કર્યો છે તેમ જ વૈયાવૃત્ત્ય સંબધી કેટલીક હકીકત રજૂ કરી છે. આ લેખ "જૈ. ધ પ્ર." (પુ. ૬૭, અં. ૧૦)મા છપાવાયો છે.

૩ આને અંગે મેં કેટલીક બાબત "પ્રાર્થનાસૂત્ર યાને જય વીયરાય" નામના લેખમા વિચારી છે. આ લેખ "જૈ. સ. પ્ર." (વ ૩, અ ૨–૩)મા છપાયો છે.

ચોથું સુત્ત **આવસ્સય**ના 'ચઉવ્વીસત્થય' નામના બીજા અજ્ઝયણમાંનું છે એ ત્રીજા ભાગમા પત્ર ૪૯૪અ (પદ્ય ૧), ૫૦૧આ (પદ્ય ૨-૪), ૫૦૭આ (પદ્ય ૬) અને ૫૧૦અ (પદ્ય ૭)મા એમ કટકે કટકે છે.

સાતમું સુત્ત આ **લલિતવિસ્તરા** કરતાં અધિક પ્રાચીન એવી કોઈ કૃતિમા હોય એમ જણાતુ નથી.

આઠમા સુત્ત માટે પણ આવી પરિસ્થિતિ છે. **પંચાસગ**મા આ આઠમા સુત્તની બે ગાથા ચોથા પંચાસગમા ગા. ૩૩-૩૪ રૂપે દૃષ્ટિગોચર થાય છે.

મેં ઉપર જે આઠ સુત્તનો ઉલ્લેખ કર્યો છે તે પૈકી સુત્ત ૧, ૨ અને ૪-૬ને 'પાચ દંડક' તરીકે ઓળખાવાય છે આ વાત દેવેન્દ્રસૂરિકૃત **ચેઇયવન્દણભાસ** (ગા. ૪૧)નો નિમ્નલિખિત પૂર્વાર્ધ સમર્થન કરે છે:—

"पण दण्डा सक्कत्थय-चेइय-नाम-सुअ-सिद्धत्थ इत्थ"

ચેઇયવન્દણસુત્ત ઉપરની વૃત્તિઓમા આ સૌથી પ્રથમ છે એમ એના ત્રીજા પદ્ય ઉપરથી આગમોદ્ધારકે અનુમાન કર્યું છે.[1] એના કારણ તરીકે એમણે એમ કહ્યુ છે કે જો બીજી કોઈ વૃત્તિ હોત તો **આવસ્સય**ની વૃત્તિમા એ પ્રકારનો જેમ ઉલ્લેખ કર્યો છે તેમ અહીં પણ કરત. વળી આગમોદ્ધારકે **લ. વિ.**ના આ ઉપોદ્ઘાત (પત્ર ૩)મા એમ પણ કહ્યુ છે કે ચૈત્યવંદનની વિધિ દર્શાવનાર કૃતિ તરીકે પણ આ પ્રથમ છે.

એમનાં આ બે વિધાનોની વિરુદ્ધ કોઈએ મત ઉચ્ચાર્યો હોય તો તે જાણવામા નથી, છતાં માની લઈએ કે કોઈને આ વિધાનો વાસ્તવિક ન લાગે. એ ગમે તેમ હો પણ **ચેઇયવન્દણસુત્ત** ઉપર અને ખાસ કરીને

---

૧ **ચેઇયવન્દણસુત્ત** ઉપર નિજ્જુત્તિ, ભાસ, ચુણ્ણિ કે જિનભટીય જેવી કોઈ ટીકા જણાતી નથી એથી આગમોદ્ધારકે આમ કહ્યું છે

[1]**પણિવાયસુત્ત** ઉપરની આ વૃત્તિ મહત્ત્વની દૃષ્ટિએ તો અગ્રિમ સ્થાન ભોગવે છે એમ માનવામા જરા યે ખંચાવું પડે તેમ નથી.

લલિતવિસ્તરામાં **પણિવાયસુત્ત**ની વૃત્તિ સૌથી મોટી છે અને એ અડધા ઉપર જગ્યા રોકે છે.

શૈલી—આ સમગ્ર કૃતિ મુખ્યતયા ગદ્યમાં સંસ્કૃતમા રચાયેલી છે. પ્રારંભમા ચાર પદ્યો અને અંતમાં પાચ પદ્યો છે; વચ્ચે વચ્ચે અવતરણ-રૂપે પદ્યો છે. આ અવતરણાત્મક પદ્યો ઇ. સ ૧૯૧૫ની આવૃત્તિમાં અપાયા છે પણ અકારાદિ ક્રમે હજી સુધી કોઈએ એ રજૂ કર્યાં નથી તો તેમ થવું ઘટે સાથે સાથે એના મૂળનો ઉલ્લેખ થઈ શકે તો એ વિશેષ ઉપયોગી બને.

વરબોધિની પ્રાપ્તિ—જેમ **અષ્ટક-પ્રકરણ** (અ. ૩૧, શ્લો. ૨)-મા અને **તત્ત્વાર્થસૂત્ર**ની ૧૧મી સંબંધકારિકાની હારિભદ્રીય ટીકા (પત્ર ૭)મા વરબોધિનો ઉલ્લેખ છે તેમ આ **લલિતવિસ્તરા** (પત્ર ૨૦ આ)માં પણ છે.

વિવિધ મતોની આલોચના—**લલિતવિસ્તરા**મા વિવિધ મતોનો નિર્દેશ છે અને એની આલોચના કરાઈ છે. એમ કરતી વેળા સમાન તેમ જ ભિન્ન માન્યતા ધરાવનારનો ઉલ્લેખ છે:—

વિશેષણ	પત્ર	મત	પ્રરૂપક કિંવા અનુયાયી
જિયભય	૬૬ અ	અદ્વૈતવાદ	વેદાંતીઓ
પુરિસવર-પુંડરીય	૨૪ આ	અવિરુદ્ધધર્માધ્યાસિતવસ્તુવાદ	[2]સુચારુના શિષ્યો

૧ આ સુત્તમા "ભગવતાણં" ૭ પ્રકારનુ છે ઐશ્વર્યસૂચક ૭ પ્રકારોને અંગે ૩, ૪, ૫, ૫, ૫ અને ૯ એમ અનુક્રમે પદો છે જુઓ "સિદ્ધચક્ર" (વ ૧૫, અ ૨)ના આગલા અને પાછલા મુખપૃષ્ઠ

૨ જુઓ "ઉપખ ડ"

વિશેષણ	પત્ર	મત	પ્રરૂપક કિંવા અનુયાયી
તિત્થયર	૧૮ અ	આગમધર્મવાદ	વેદવાદી (આગમ-ધાર્મિક)
વિયટ્ટછઉમ્મ	૫૫ અ	આજીવક	ગોશાલકના શિષ્યો
	૫૭ આ	આવર્તકાલકારણવાદ	[1]અનંતના ,,
અપ્પડિહય-વરનાણ-દંસણધર	૫૩ અ	ઇષ્ટતત્ત્વદર્શનવાદ	વિશિષ્ટ બૌદ્ધો
જિણ, જાવય	૫૬ અ	કલ્પિતાવિદ્યાવાદ (તત્ત્વાતવાદ)	માધ્યમિકો (સંભવતઃ)
પુરિસવર-ગંધહત્થિ	૨૬ અ	ગુણક્રમવાદ	[2]સુરગુરના શિષ્યો
મુત્ત, મોઅગ	૬૦ અ	જગત્કર્તૃક્ષીનમુક્તવાદ	[3]સંતપનના ,,
બુદ્ધ, બોહિય	૫૮ આ	પરોક્ષજ્ઞાનવાદ	વિશિષ્ટ મીમાંસકો
આઇગર	૧૬ અ	પ્રત્યાત્મપ્રધાનવાદ	મૌલિક સાંખ્યો
સવ્વણ્ણુ, સવ્વદરિસિ	૬૧ અ	બુદ્ધિયોગજ્ઞાનવાદ	કાપિલ
બોહિદય	૪૫ આ	ભગવદ્ગોપેન્દ્રવાદ	[4]ભગવદ્ ગોપેન્દ્ર

૧ જુઓ “ ઉપખંડ ”.

૨ જુઓ “ ઉપખંડ ”

૩ જુઓ “ ઉપખંડ ”.

૪ જુઓ “ ઉપખંડ ”.

વિશેષણ	પત્ર	મત	પ્રરૂપક કિંવા અનુયાયી
	૧૦૯ આ	[1]યાપનીય	[2]યાપનીયો
મગ્ગદય	૪૨ અ	યોગ	[3]પતંજલિ અને બીજા
સરણદય	૪૩ આ	યોગિમાર્ગ	[4]અવધૂતાચાર્ય
સયંસંબુદ્ધ	૧૯ આ	સદાશિવવાદ	ઈશ્વરકારણિકો
સિવઠાણં સપત્ત	૬૪ આ	સર્વગતાત્મવાદ	નૈયાયિકો અને બીજા
પુરિસુત્તમ	૨૧ આ	સર્વસત્ત્વૈવ ભાવવાદ	વિશિષ્ટ બૌદ્ધો
પુરિસસીહ	૨૩ આ	સાકૃતપ્રવાદ	[5]સાકૃત્યો

આ પૈકી ઘણાખરા મતોનુ **સક્કત્થય**ગત વિશેષણો દ્વારા નિરાકરણ કરાયું છે. એ વાત આગળ ઉપર વિચારાશે.

ગોપેન્દ્રની કૃતિ—"બોહિદયાણં" પદ સમજાવતી વેળા ભગવદ્ ગોપેન્દ્રનો પત્ર ૪૫ આમા ઉલ્લેખ છે એટલું જ નહિ પણ એમની કોઈક કૃતિમાથી નીચે મુજબનુ અવતરણ પણ અપાયુ છે:—

"निवृत्ताधिकारायां प्रकृतौ धृति श्रद्धा सुखा विविदिषा विज्ञप्तिरिति। तत्त्वधर्मयोनय., नानिवृत्ताधिकाराणां भवन्तीनामपि तद्रूपताऽयोगात् ॥

---

૧ **યોગશાસ્ત્ર** (પ્ર ૩)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પત્ર ૨૩૨આ)માં યાપનીય તંત્રમાથી પાઇય અવતરણ ચાર પંક્તિ જેટલું અપાયુ છે. આ મૂળનુ નામ જાણવું બાકી રહે છે.

૨ એમને અગે પં નાથૂરામ પ્રેમીએ **જૈન સાહિત્ય ઔર ઇતિહાસ** (પૃ. ૪૧-૬૦)મા વિચાર કર્યો છે

૩ જુઓ "ઉપખંડ"

૪ જુઓ "ઉપખંડ"

૫ જુઓ "ઉપખંડ".

ઉપમા—લ૦ વિ૦ (પત્ર ૧૮આ)માં સંસારને સમુદ્રની ઉપમા અપાઈ છે. સમુદ્રને અંગે જે જળ, પાતાળ, આવર્ત, શ્વાપદ, પવન, કલ્લોલ અને વેલા તેમ જ એની ગંભીરતા અને સુદીર્ઘતા છે તે સંસાર સાથે સંગત થાય એવી રીતે વર્ણન અપાયું છે.

ઉદાહરણો અને ન્યાયો—લ૦વિ૦ના ' નાગભયસુતાપકર્ષણ ' અને ' [1]મુંડમાલાલુકા ' એ બે દૃષ્ટાંતો પત્ર ૭૮આ અને ૪૭અમા અનુક્રમે અપાયા છે. પત્ર ૧૨અ અને ૪૪અમા અનુક્રમે નીચે મુજબના ન્યાયનો ઉલ્લેખ છે :—

(૧) असिद्धे तत्प्रार्थनावच.

(૨) अभक्ष्यास्पर्शनीयः

આદિમ સ્થાન—જૈન ગ્રંથકારો પૈકી જેમણે પોતાની કૃતિમાં [2]ન્યાયોનો ઉપયોગ કર્યો છે એ સૌમા હરિભદ્રસૂરિ પ્રાયઃ પ્રથમ હોય એમ લાગે છે.

' દૂહો ' રજૂ કરનારાઓમા પણ હરિભદ્રસૂરિ પ્રથમ છે એમ લાગે છે. જોઇન્દુ, રુદ્રટ વગેરે એમના પછી થયેલા છે એમ કેટલાક વિદ્વાનોનુ માનવું છે.

નિર્દેશ—લ૦વિ૦મા પત્ર ૧૮આ, ૭૫અ અને ૧૦૧અમા અનુક્રમે ' અન્યત્ર ' શબ્દથી **ઉવએસપય, અ૦જ૦પ૦** અને **સર્વજ્ઞ-સિદ્ધિનું** સૂચન છે એમ આપણે આની પંજિકામાના ઉલ્લેખ ઉપરથી કહી શકીએ. વળી પત્ર ૧૧અમાનુ " विधिनोप्ताद् "વાળું પદ્ય તેમ જ " वपन धर्मबीजस्य ' થી શરૂ થતુ પદ્ય **ધર્મબિન્દુ**માથી છે એમ

૧ મુંડમાલા એટલે મસ્તકની માળા અને ' આલુકા ' એટલે મૃત્તિકાની વાર્ધટિકા અનિત્યના માનનાર માળા કરમાય તો શોક કરતો નથી, જ્યારે નિત્યતાનો રાગી ભાડ ભાગી જાય તો યે શોક કરે છે.

૨ જુઓ " જૈ. ધ પ્ર. " (પુ ૬૦, અં. ૨-૪)માં ત્રણ કટકે છપાયેલો મારો લેખ " કેટલાક ન્યાયો ".

સંપાદકે કહ્યું છે, પણ મને તો એ એમ જડતું નથી. "આ૦સ૦"ની આવૃત્તિમા **ધર્મબિન્દુ** (અ. ૨)ના આદ્ય સૂત્રરૂપ પદ્યમા પ્રથમ પદ્યનો અંશ જોવાય છે એની મુનિચન્દ્રસૂરિકૃત ટીકા (પત્ર ૧૫આ)માં "वपन धर्मबीजस्य"થી શરૂ થતું પદ્ય અવતરણરૂપે છે. એના પછી "चिन्तासच्छ्रुत्यनुष्ठान"થી શરૂ થતુ પદ્ય અવતરણ તરીકે અપાયુ છે અને એ **લ૦વિ૦** (પત્ર ૧૧આ)મા છે, પણ એ કોઈક કૃતિમાનું અવતરણ છે. પ્રસ્તુત બે પદ્યો પણ એવી રીતે "उक्तं च" એવા ઉલ્લેખપૂર્વક **લ૦વિ૦**મા અપાયેલાં હોવાથી અવતરણરૂપ છે એટલે હરિભદ્રસૂરિની કોઈ કૃતિમાના હોવાનુ કેમ મનાય ?

તત્ત્વાર્થસૂત્રમાથી ચાર અવતરણો પત્ર ૧૨અ, ૧૫આ, ૩૯આ અને ૩૯આમા અનુક્રમે છે. વિશેષમા પત્ર ૧૯અ ઉપર **વિયાહ-પણ્ણત્તિ**માથી એક અવતરણ છે. **યો૦દૃ૦સ**૦ના શ્લો. ૩–૧૧ પત્ર ૧૩અ, ૧૩આ, ૧૩આ, ૧૪અ, ૧૪અ, ૧૪આ, ૧૪આ, ૧૪આ અને ૧૫અમા જોવાય છે

બહુવચનની સફળતા—લ૦વિ૦ના પત્ર ૭૦આમા પોતાને અંગે તેમ જ ગુરુને ઉદ્દેશીને બહુવચનમાં પ્રયોગ કરાય તે બાબત દર્શાવાઈ છે.

વિધ્યાપન—આ શબ્દનો પ્રયોગ **લ૦વિ૦** (પત્ર ૪૬આ)મા છે.

ચૈત્ય—લ૦વિ૦ (પત્ર ૭૬આ)માં ચૈત્યનો અર્થ 'પ્રતિમા' કરાયો છે.

યોગાચાર્ય—એમને વિષે **લ૦વિ૦** (પત્ર ૭૬અ)મા ઉલ્લેખ છે.

અવતરણો—લ૦વિ૦મા અનેક અવતરણો છે. એ પૈકી 'વેદાંત' દર્શનની માન્યતા રજૂ કરનારા પત્ર ૬૬આ–૬૭અગત નિમ્નલિખિત પાચ અવતરણો હું નોધુ છું જેથી એના મૂળ સ્થાનની શોધ કરવા વિશેષજ્ઞો પ્રેરાય :—

"परमब्रह्मण एते क्षेत्रविदोऽंशा व्यवस्थिता वचनात् ।
वह्निस्फुलिङ्गकल्पाः समुद्रलवणोपमास्त्वन्ये ॥
सादिपृथक्त्वमसीमामनादि वाऽहेतुकादि वाऽचिन्त्यम् ।
युक्त्या ह्यतीन्द्रियत्वात् प्रयोजनाभावतश्चैव ॥
कूपे पतितोत्तारणकर्तुस्तदुपायमार्गणं न्याय्यम् ।
ननु पतित कथमयमिति हन्त तथाऽदर्शनादेव ॥
भवकूपपतितसत्त्वोत्तारणकर्तुरपि युज्यते ह्येवम् ।
तदुपायमार्गणमलं वचनाच्छेषव्युदासेन ।
एवं चाद्वैते सति वर्णविलोपाद्यसङ्गत नीत्या ।
ब्रह्मणि वर्णाभावात् क्षेत्रविदां द्वैतभावाच्च ॥"

ઉલ્લેખ—લ૦વિ૦ એ **ઉપમિતિ**૦ના કર્તા **સિદ્ધર્ષિ**ને એટલી બધી [1]ઉપયોગી જણાઈ હતી અને એને લઈને એ એટલી બધી પસંદ પડી ગઈ હતી કે એમને **ઉપમિતિ**૦ના અંતમાં આ કૃતિ પોતાને જ ઉદ્દેશીને **હરિભદ્રસૂરિ**એ રચી છે એમ કહી એમને એમણે 'ગુરુ' કહ્યા છે; બાકી **હરિભદ્રસૂરિ** કંઈ એમના સાક્ષાત્ ગુરુ નથી.

ન્યાયાચાર્ય **યશોવિજયગણિ**એ **શા વા.સ** ની ટીકા (પત્ર ૬આ)-મા **લ૦વિ૦**નો ઉલ્લેખ કર્યો છે.

વિવરણ—લ૦વિ૦ એ **ચેઇયવન્દણસુત્ત**ની વ્યાખ્યા છે ખરી. તેમ છતા આને અંગે **મુનિચન્દ્રસૂરિ**એ ૨૧૫૫ શ્લોક જેવડી સંસ્કૃતમા **પંજિકા** રચી છે અને એ [2]છપાયેલી છે. આ પંજિકા

૧ **સિદ્ધર્ષિ**ને **લ૦વિ૦** કેવી રીતે એમના જીવનને નિર્વિપ—સ્થિર બનાવવામા સહાયક થઈ હશે—એનો કયો અંશ વિશેષ ઉપયોગી નીવડ્યો હશે કે પછી એમની ક્રિયાની શિથિલતા દૂર કરવામા આ કૃતિ ઉપયોગી બની હશે એ ચર્ચા આગમોદ્ધારકે **પંજિકા** સહિતની **લ૦વિ૦**ની આવૃત્તિના ઉપોદ્ઘાતમા કરી છે

૨ જુઓ પૃ ૧૯૩, ટિ ૪

(પત્ર ૬૪અ)મા **ધમ્મસંગહણી**નુ ૬૪૩મુ પદ્ય અને પત્ર ૧૮અ–૧૮આમા **લોકતત્ત્વનિર્ણય**ના બીજા ભાગનો શ્લો. ૨૧ એ અનુક્રમે અવતરણરૂપે છે. આ ઉપરાત **યો૦દ૦સ**૦ના શ્લો. ૧૨, ૧૩ અને ૨૫ પત્ર ૧૬આ, ૧૬આ અને ૧૧આમા તેમ જ **તત્ત્વાર્થસૂત્ર** (અ. ૫)ના સૂ. ૩૭ ને ૪૦ પત્ર ૬૨અમા જોવાય છે.

આ **લ૦વિ૦** ઉપર સંસ્કૃતમા ટીપ્પનિકા છે અને એ પણ છપાયેલ છે.[1]

ભાષાંતર—એક આધુનિક જૈન મુનિએ **લ૦વિ૦**નુ ગુજરાતીમાં ભાષાતર કર્યું છે, અને સાથે સાથે **પંજિકા**ને લક્ષ્યમા રાખી સ્પષ્ટીકરણ કર્યું છે, પણ અત્યારે તો એ અપ્રસિદ્ધ છે.

(૩૫) જંબૂ(બુ)દ્વીપપ્રજ્ઞપ્તિટીકા

[2]**જંબુદ્દીવપણ્ણત્તિ** (જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ) એ જૈન આગમો પૈકી—બાર ઉવંગ પૈકી એક છે. **જિ૦ર૦કો૦** (વિ. ૧, પૃ. ૧૩૦)મા સૂચવાયુ છે કે આના ઉપર જ૦મ૦મા **હરિભદ્રે** ટીકા રચી છે, અને એની એક હાથપોથી જેસલમેરના ભંડારમા છે. જો આ **હરિભદ્ર** તે પ્રસ્તુત ગ્રથકાર જ હોય તો આ ટીકા સત્વર પ્રકાશિત થવી ઘટે. **જૈ૦ભાં૦ગ્રં૦સૂ**૦મા તો આ કૃતિની નોધ નથી તેનુ કેમ? ગમે તેમ પણ મ કિ. **મહેતા**એ આ ટીકાનો ઉલ્લેખ કર્યો છે ખરો.

(૪૧) જીવાજીવાભિગમસૂત્રલઘુવૃત્તિ યાને (૧૦૫) પ્રદેશટીકા

[3]**જીવાજીવાભિગમ** એ જૈન આગમો પૈકી—બાર ઉવંગો

૧ જુઓ પૃ ૧૯૩, ટિ ૪.

૨ આના પરિચય માટે જુઓ H C L J (pp 140-141) અને **આ૦ દિ૦** (પૃ ૧૩૩-૧૩૪)

૩ આના પરિચય માટે જુઓ H C L J (p 139) અને **આ૦ દિ૦** (પૃ. ૧૨૬-૧૨૮)

પૈકી એક છે. આ [1]ઉવંગ ઉપર ૧૧૯૨ શ્લોક જેવડી વૃત્તિ હરિભદ્રસૂરિએ સંસ્કૃતમા રચી છે એની એક હાથપોથી જેસલમેરના અને એક પાટણના ભડારમા છે. તેમા પ૦ભાં૦ગ્રં૦સૂ (ભા. ૧, પૃ ૧૨૩)મા આ વૃત્તિની તાડપત્રીય પ્રતિની નોંધ છે. સાથે સાથે ત્યાં નીચે મુજબની પુષ્પિકા છે :—

"समाप्ता जीवाभिगमा ययनशाद्बप्रदेशटीका कृतिर्हरिभद्राचार्यस्येति"

આ ઉપરથી એ વાત ફલિત થાય છે કે આ વૃત્તિને **પ્રદેશ–ટીકા** કહે છે. **જે૦ભાં૦ગ્રં૦સૂ**૦મા જે હાથપોથી છે તેમા ૧૩૫ પત્ર છે. **ગ૦સ૦સ**૦ની **સુમતિગણિ**કૃત ટીકામા જે હારિભદ્રીય વૃત્તિનો ઉલ્લેખ છે તે આ જ હશે. એનો 'લઘુવૃત્તિ' તરીકેનો ઉલ્લેખ **મલયગિરિ**-સૂરિકૃત વૃત્તિની અપેક્ષાએ હશે.

(૫૬) [2]**દશવૈકાલિકટીકા** યાને (૧૪૭) **શિષ્યબોધિની**

ગ૦સ૦સ૦ની **સુમતિગણિ**કૃત ટીકા પ્રમાણે હરિભદ્રસૂરિએ [3]**દસવેયાલિય** નામના જૈન આગમ ઉપર બે ટીકાઓ રચી છે. એમાથી મોટી ૬૮૫૦ શ્લોક જેવડી ટીકા છપાઈ છે એનો પ્રારંભ "जयति विजितान्य"થી થાય છે. આ ટીકામા જે ગાથાઓ સામાન્ય રીતે ઉપલક દૃષ્ટિએ નિજ્જુત્તિની ગણાય એવી ૬૨ ગાથાઓ ભાસની છે એમ સ્પષ્ટપણે એ દરેક ગાથા માટે કહેવાયુ છે.

આ મુદ્રિત ટીકાની પ્રશસ્તિમા એનો **શિષ્યબોધિની** તરીકે નિર્દેશ છે.

---

૧ આ આગમ ઉપર ૧૫૦૦ શ્લોક જેવડી ચુણ્ણિ છે એ છપાવવી ઘટે.

૨ ઈ સ ૧૯૦૦મા આ ટીકા **ભીમ**સી માણેક તરફથી પ્રસિદ્ધ થઈ હતી ઈ સ ૧૯૧૮મા આ ટીકા મૂળ અને નિજ્જુતિ સહિત "દે લા જૈ. પુ. સંસ્થા" તરફથી પ્રકાશિત થઈ છે

૩ આના પરિચય માટે જુઓ H C L J (pp. 153-157) અને **આ૦ દિ૦** (પૃ. ૧૬૪-૧૬૯).

સાધન—**દસવેયાલિય**ની [1]ચુણ્ણિ (પત્ર ૫૪ ને ૫૫)માની બે કથાઓ અક્ષરશઃ આ **શિષ્યબોધિની**મા જોવાય છે. વળી આ ટીકાના પત્ર ૧૦૭અગત 'વૃદ્ધવિવરણ' ચુણ્ણિ (પત્ર ૧૦૨-૧૦૩)ગત લખાણ સાથે અને પત્ર ૧૧૩અગત 'વૃદ્ધવિવરણ' ચુણ્ણિ (પત્ર ૧૦૮-૧૦)ગત લખાણ સાથે મળતુ આવે છે. આ ઉપરથી એમ ભાસે છે કે આ ચુણ્ણિનો ઉપયોગ હરિભદ્રસૂરિએ આ **શિષ્યબોધિની** રચવામા કર્યો છે આ ચુણ્ણિ જિનદાસગણિએ રચ્યાનુ મનાય છે.

ઉલ્લેખ—પત્ર ૩૨અ-૩૨આમા **ધ્યાનશતક**નો ઉલ્લેખ છે

પાઠ્ય કથાઓ—મુદ્રિત ટીકામા ૪૦મ૦મા કથાઓ છે. એમા પત્ર ૫૫અ-૫૫આમા કાપડીની કથા છે. બેમાથી ગમે તે ઉત્તર આપે તો બને એવી એક કથા પત્ર ૫૬આમા છે.

પત્ર ૧૦૨આ-૧૦૩અમા **સેણિય** (શ્રેણિક)નો વૃત્તાત છે **બૃહત્કથાકોશ**મા આ વૃત્તાત પૃ. ૧૩-૧૪ મા સંસ્કૃતમા છે.

પત્ર ૩૫આ-૩૬અ, ૪૬આ-૪૮આ અને ૧૦૩આ-૧૦૪અમાની કથાઓનુ થડ (motif) **બૃહત્કથાકોશ**ની ૨૮, ૬૮ અને ૧૭ એ ક્રમાકવાળી કથાઓના થડ (motif)નુ સ્મરણ કરાવે છે

ધૂર્તના મુખે ઉચ્ચારાતુ અને બૌદ્ધ સાધુ તરફ કટાક્ષ રજૂ કરતુ નીચે મુજબનુ સુદર સંસ્કૃત [2]પદ્ય પત્ર ૫૪આમાં છે:—

"कन्थाऽऽचार्याघना ते, ननु शफरवधे जालमश्नासि मत्स्यान् ?
ते मे मद्योपदंशान्, पिबसि ? ननु युतो वेश्यया, यासि वेश्याम् ? ।

---

૧ આ "ઋ કે શ્વે સસ્થા" તરફથી વિ સ. ૧૯૮૯માં છપાઈ છે

૨ આ પદ્યનો સારાશ **દસવેયાલિય**ની ચુણ્ણિ (પત્ર ૫૪-૫૫)મા જોવાય છે

कृत्वाऽरीणां गलेऽङ्घ्रिं, क्व नु तव रिपवो ? येषु सन्धिं छिनद्मि
चौरस्त्वं ? द(?यू)तहेतोः, कितव इति कथं ? येन दासीसुतोऽस्मि॥"[1]

આ કોઈ પ્રાચીન પાઇય પદ્યનો છાયાનુવાદ હોવાનો સંભવ છે. આ પદ્યનો ભાવાર્થ એ છે કે એક બૌદ્ધ સાધુએ કંથા જેવું વસ્ત્ર પહેર્યું હતુ. તેને એક ધૂર્ત પૂછે છે: હે આચાર્ય (સાહેબ)! તમારી કંથા સઘન નથી—છિદ્રવાળી છે તેનું શું કારણ ?

બૌદ્ધ—માછલી પકડવાની એ જાળ છે.

ધૂર્ત—શું તમે માછલા ખાઓ છો ?

બૌદ્ધ—મદિરાથી મત્ત બનતા એ હું ખાઉં છું.

ધૂર્ત— શુ તમે મદિરા પીઓ છો ?

બૌદ્ધ—જ્યારે હું વેશ્યાનો સંગ કરું છું ત્યારે એમ કરું છું.

ધૂર્ત—શું તમે વેશ્યાગમન કરો છો ?

બૌદ્ધ—દુશ્મનોના ગળા ઉપર પગ મૂકીને—તેમને લાત માર્યા બાદ એમ કરુ છું.

ધૂર્ત—તમને વળી દુશ્મનો શા ?

બૌદ્ધ—જેમના ઘરના સાંધા મેં ભાગ્યા હોય તે.

ધૂર્ત—શુ તમે ચોર છો ?

બૌદ્ધ—ના રે, એ તો જુગારને અંગે.

ધૂર્ત—શું તમે ધૂર્ત છો ?

બૌદ્ધ—હું તો દાસીનો પુત્ર છુ.

---

1 H I L (Vol. II, p. 485n)મા કહ્યુ છે કે આવી હકીકત એક બૌદ્ધ-સિંહલી સંવાદમા, વલ્લભદેવકૃત **સુભાષિતાવલી** (શ્લો. ૨૪૦૨)-મા, **ક્ષેમેન્દ્રકૃત લોકપ્રકાશ** ઇત્યાદિમા જોવાય છે.

વૃદ્ધવાદ અને [1]સીમંધરસ્વામી—દસવેયાલિયની બીજી ચૂલિયાના આદ્ય પદ્યમા સર્વજ્ઞે કહેલા શ્રુતરૂપ ચૂલિકાનુ હુ પ્રવચન કરીશ એવો જે ઉલ્લેખ છે એને અનુલક્ષીને ટીકા (પત્ર ૨૭૯અ)મા હરિભદ્રસૂરિએ નીચે પ્રમાણેનો 'વૃદ્ધવાદ' રજૂ કર્યો છે :—

કોઇક આર્યાએ અસહિષ્ણુ અને કુરગડુક જેવા સંયમીને ચાતુર્માસિકાદિમા ઉપવાસ કરાવ્યો. એ સંયમી એ આરાધના વડે કાળધર્મ પામી ગયા. આ ઉપરથી એ આર્યાને વિચાર આવ્યો કે મેં આ ઋષિની હત્યા કરી છે. આથી એ શોકાતુર બની. એણે તીર્થંકરને આ બાબત પૂછી જોવાનો વિચાર થયો. એ આર્યાના ગુણોથી આકર્ષાયેલ દેવતા (દેવી) એને **સીમ**ંધરસ્વામી પાસે લઈ ગઇ. એણે ભગવાનને પૂછ્યું ત્યારે ભગવાને જવાબ આપ્યો કે તારુ ચિત્ત દુષ્ટ નથી, તુ હત્યારી નથી. આમ કહી ભગવાંને એને આ ચૂલા (ચૂલિકા) આપી.

અહીં જે **સીમ**ંધરસ્વામીનો ઉલ્લેખ છે એથી પ્રાચીન ઉલ્લેખ આ તીર્થંકર વિષે **વસુદેવહિંડી** (પેઢિયા, પૃ. ૮૪)મા છે. આ કૃતિ તો હરિભદ્રસૂરિની પૂર્વેની છે જ[2] એટલે આવા ઉલ્લેખને બાદ કરતા **સીમ**ંધરસ્વામીનો નિર્દેશ કરનાર તરીકે હરિભદ્રસૂરિ પ્રથમ ગણાય.

પુદ્ગલ એટલે જીવ—દસવેયાલિયની નિજ્જુત્તિ (ગા. ૭૭)-માના 'પોગ્ગલ'નો અર્થ એની ટીકા (પત્ર ૫૦આ)મા હરિભદ્રસૂરિએ

---

૧ એમના સંબંધમા કેટલીક હકીકત મે મારા લેખ નામે "શ્રીસીમંધરસ્વામી સંબધી સાહિત્ય"મા આપી છે આ લેખ "આ૦ પ્ર૦" (પુ ૪૮, અં. ૧૧-૧૨)મા છપાયો છે. કેટલીક બીજી હકીકત મેં **સીમંધરસ્વામી-શોભાતરંગ**ની પ્રસ્તાવનામાં આપી છે.

૨ **ઇસિભાસિય** (પત્ર)મા પણ **સીમ**ંધરસ્વામી વિષે ઉલ્લેખ છે.

'જીવ' કર્યો છે. તત્ત્વાર્થસૂત્ર (અ૦ ૫, સૂ. ૨૩)ના સ્વોપજ્ઞ ભાષ્ય (ભા. ૧, પૃ. ૩૫૪)મા પુદ્ગલનો અર્થ 'જીવ' કરાયો છે.

પાંચ પ્રકારનાં પુસ્તકો—**દસવેયાલિય** (અ. ૧)ની ટીકા (પત્ર ૨૫અ)મા પ્રાચીનોએ કહ્યુ છે એવા ઉલ્લેખપૂર્વક પુસ્તકોના પાચ પ્રકારોને લગતી નીચે મુજબની પાંચ ગાથાઓ રજૂ કરાઇ છે :—

"गंडी कच्छवि मुट्ठी संपुडफलए तहा छिवाडी अ ।
एयं पोत्थयपणय पण्णत्तं वीयराएहिं ॥ १ ॥
बाहल्लपुहुत्तेहिं गंडीपोत्थो उ तुल्लगो दीहो ।
कच्छवि अंते तणुओ मज्झे पिहुलो मुणेअव्वो ॥ २ ॥
चउरंगुलदीहो वा वट्टागिति मुट्ठिपोत्थगो अहवा ।
चउरंगुलदीहो चिअ चउरस्सो होइ विण्णेओ ॥ ३ ॥
संपुडओ दुगमाई फलगा. वोच्छं छिवाडिमेत्ताहे ।
तणुपत्तोसिअरूवो होइ छिवाडी बुहा बेंति ॥ ४ ॥
दीहो वा हस्सो वा जो पिहुलो होइ अप्पबाहल्लो ।
तं मुणियसमयसारा छिवाडिपोत्थं भणंतीह ॥ ५ ॥"

આનો ભાવાર્થ નીચે મુજબ છે :—

વીતરાગ જનોએ પુસ્તકના (૧) ગંડી, (૨) કચ્છપી, (૩) મુષ્ટિ, (૪) સંપુટફલક અને (૫) સૃપાટિ એમ પાંચ પ્રકારો દર્શાવ્યા છે. તેમા જે જાડાઈ અને પહોળાઈમા સરખું તેમ જ લાંબું હોય તે [1]'ગંડી'—પુસ્તક છે. [2]'કચ્છપી'—પુસ્તક છેડે પાતળું અને

---

૧ ગંડીનો અર્થ ગંડિકા એટલે કાતળી કરી એના આકારનુ આ પુસ્તક હોવાની કલ્પના કરાઈ છે. ગંડી એ 'ગાઠ' અર્થવાળા 'ગ્રંથિ'નુ અપભ્રષ્ટ રૂપ તો નહિ હોય એવી કલ્પના કરી આ પુસ્તકને વિશિષ્ટ ગાઠવાળું માનવા કેટલાક પ્રેરાય છે. તાડપત્રીય પચાસેક પાનાની પ્રતને આ સાથે કોઈ કોઈ સરખાવે છે જુઓ **સન્મતિ પ્રકરણ**ની પ્રસ્તાવના (પૃ. ૫)

૨ 'કચ્છપી'નો અર્થ 'કાચબી' થાય છે આ જાતનુ પુસ્તક મારા જોવામાં આવ્યુ નથી

વચમા પહોળું જાણવુ. ચાર આગળ લાબું અને ગોળ આકારવાળું પુસ્તક અથવા ચાર આંગળ લાબુ અને ચોરસ આકારનુ પુસ્તક તે '[૧]મુષ્ટિ'-પુસ્તક જાણવુ જે પુસ્તકની ઉપર અને નીચે બે ફલક યાને પાટિયાં હોય કે જેના પૂઠા સંપુટની જેમ જોડીને રાખ્યા હોય તે '[૨]સંપુટ-ફલક' પુસ્તક કહેવાય છે. જેના પાના પાતળા હોય અને જે ઊંચું હોય તેને વિબુધો '[૩]સૃપાટિ'-પુસ્તક કહે છે. અથવા જે લાબું કે ટૂંકું હોય અને એ થોડુંક પહોળું એટલે કે લંબાઈ કરતા પહોળાઈમા ઓછુ હોય તેને સિદ્ધાંતજ્ઞો 'સૃપાટિ'-પુસ્તક કહે છે

આમ પરિમાણ અને આકારને લક્ષીને પુસ્તકોના પાચ પ્રકાર દર્શાવાયા છે, જ્યારે આજે તો લખવાની ઢબ અનુસાર સૂડ, ત્રિપાટ-(ઠ) અને પચપાટ(ઠ) એવા નામો પ્રચલિત છે.

(૫૭-૫૮) [૪]દશવૈકાલિક(સૂત્ર)લઘુવૃત્તિ

દસવેયાલિય ઉપર જે બે ટીકા હોવાનુ મનાય છે તે પૈકી આ લઘુ ટીકા છે આ જે ટીકા છપાયેલી છે તેથી નાની હોવી જોઈએ પં. હરગોવિંદાસે આને (તેમ જ બૃહદ્વૃત્તિને) મુદ્રિત કહી છે એ વિચારણીય છે. એમણે આનો 'અવચૂરિ' તરીકે પણ નિર્દેશ કર્યો છે

૧ પ્રાચીન ભંડારોમા મળી આવતા ગુટકા અને આજની રોજનિશી (વાસરિકા) સાથે આ સરખાવાય જુઓ **સન્મતિ પ્રકરણ**ની પ્રસ્તાવના પૃ. ૫).

૨ આજે જે પુસ્તકો બાધેલાં આપણે જોઈએ છીએ તેના જેવુ આ પુસ્તક કદાચ હશે. એજન, પૃ ૬

૩ 'સૃપાટિ'નો અર્થ 'ચાચ' કરાય છે 'સૃપાટી'નો અર્થ એક જાતનુ માપ થાય છે

૪ **પ૦ ભાં૦ ગ્રં૦સૂ૦** (વિ ૧, પૃ ૮૬)મા આ નામની હારિભદ્રીય કૃતિની નોધ છે શુ એ મુદ્રિત ટીકાથી ભિન્ન છે ખરી ?

(૭૨) ધ્યાનશતકવૃત્તિ

જિનભદ્રગણિએ જે **ઝાણજ્ઝયણ** રચ્યું છે અને જે **ધ્યાનશતક** તરીકે સુપ્રસિદ્ધ છે તેના ઉપરની જે ટીકા **આવસ્સય**ની હારિભદ્રીય ટીકામા આવી જાય છે તે જ આ હોવી જોઈએ. આ હિસાબે તો આ મુદ્રિત છે. **પ્રતિક્રમણવિધિપ્રકાશ**મા **ધ્યાનશતક**ની વૃત્તિના કર્તા તરીકે હરિભદ્રસૂરિનો ઉલ્લેખ છે. **ઝાણજ્ઝયણ**ને કેટલાક **આવસ્સય**નો ભાગ ગણે છે.

(૭૩) [1]**નન્દિ(દી)ટીકા** યાને (૭૪) **નન્દ્યધ્યયનવૃત્તિ**

નામ—[2]**નંદી** એ એક જૈન આગમ છે. એને અહીં **નન્દ્યધ્યયન** કહ્યુ છે. એના ઉપરની આ ટીકા છે. આનું ઉપર પ્રમાણેનું નામ એની પ્રશસ્તિમા અપાયુ છે.

પરિમાણ—આ ટીકાનુ પરિમાણ ૨૩૩૬ શ્લોક જેવડું છે.

શંકા ને સમાધાન—**નંદી** (સુ. ૧૭)મા મનઃપર્યાયજ્ઞાનને અંગેનો ઉત્તર **ગૌતમ**(સ્વામી)ને જે અપાયો છે તે કેવી રીતે ઘટે એ શંકા હરિભદ્રસૂરિએ ઉઠાવતા કહ્યુ છે કે આ ગ્રંથ (**નંદી**) તો દેવવાચકે રચ્યો છે તો પછી એકાએક **ગૌતમ**નું સંબોધન કેમ? આનું સમાધાન હરિભદ્રસૂરિએ એમ કર્યું છે કે શંકા બરાબર છે, પરંતુ આ તો પૂર્વેના સૂત્રના જ આલાપકો અર્થરૂપે રજૂ કરાયા છે. જુઓ પત્ર ૪૨.

નામોલ્લેખ—**નંદી**ની ટીકા (પત્ર ૫૨)મા ઉપયોગોને અંગેના ત્રણ મતોનો નિર્દેશ કરતી વેળા [3]જિનભદ્રગણિ, [4]**સિદ્ધસેન**

---

૧ આ મૂળ તેમ જ **જિનદાસગણિ**એ **શકસંવત્** ૫૯૮મા રચેલી ચુણ્ણિ સહિત "ઋ કે શ્વે સંસ્થા" તરફથી ઈ સ ૧૯૨૮મા પ્રસિદ્ધ કરાઈ છે

૨ આના પરિચય માટે જુઓ H C L J (pp. 159-161) અને **આ૦ દિ૦** (પૃ ૧૭૮-૧૮૨).

૩ જુઓ "ઉપખંડ".

૪ જુઓ "ઉપખંડ".

અને [1]વૃદ્ધાચાર્યનો ઉલ્લેખ છે કેવલજ્ઞાન અને કેવલદર્શન એ બે ઉપયોગો એકસાથે હોઇ શકે નહિ એવો મત ધરાવનારના પુરસ્કર્તા તરીકે જિનભદ્રગણિનો અને એનાથી વિપરીત મત ધરાવનારામા જાણે મુખી હોય તેમ [2]સિદ્ધસેનનો નિર્દેશ છે વળી વૃદ્ધાચાર્યને અગે એવો ઉલ્લેખ છે કે એઓ બને ઉપયોગને અભિન્ન ગણે છે.[3] ઉપયોગોના સંબંધમાં આમ ત્રણ મત દર્શાવનાર તરીકે ત્રણ મુનિવર્યોનો ઉલ્લેખ કરનાર તરીકે હરિભદ્રસૂરિ પ્રથમ પદ ભોગવતા હોય એમ લાગે છે.

અવતરણો—આ ટીકામા સસ્કૃતમા તેમ જ પાઇયમા અવતરણો છે. તેમા ૮૧મા પત્ર ઉપરનુ અવતરણ તે **આપ્તમીમાંસાનું** આદ્ય પદ્ય છે. **પ્રમાણવાર્તિક** (૧, ૩૬) પત્ર ૫૩ ઉપર છે. **વિસેસણવઈની** ગા ૧૫૩ ને ૧૫૪ ૫૨મા પત્ર ઉપર અને ગા. ૧૫૫–૧૫૭ ૫૫મા પત્ર ઉપર છે આ ૫૫મા પત્ર ઉપર **વિસેસા૦**માથી એક ગાથા અપાઈ છે.

સામ્ય—આ ટીકાની કેટલીક પાઇય કંડિકાઓ **નંદીની** ચુણ્ણિમા સમાનરૂપે જોવાય છે એટલે આ ચુણ્ણિનો આ ટીકા રચવામા ઉપયોગ કરાયો હોવો જોઈએ એમ લાગે છે.

મતાંતરો—આ ટીકામા કેટલેક સ્થળે મતાતરોની નોધ છે. તે પૈકી ઉપયોગવાદને અગેના મતાંતર આપણે ઉપર જોઈ ગયા.

---

૧ જુઓ "ઉપખડ".

૨ આ **સિદ્ધસેન** તે **સિદ્ધસેન** દિવાકર તો નથી જ, કેમકે એમનો મત તો **વૃદ્ધાચાર્યને** મળતો છે. શુ એઓ **આવસ્સયની** ચુણ્ણિ (ભા ૨, પત્ર ૨૩૩)મા નિર્દેશાયેલા **સિદ્ધસેણ** ખમાસમણ છે ?

૩ 'ઉપયોગ'ને અગેનુ નિરૂપણ કરનારી પાઇય તેમ જ અન્ય ભાષામા રચાયેલી કૃતિઓની એક કામચલાઉ સૂચી મે "ઉપયોગવાદનું સાહિત્ય" એ નામના મારા લેખમા આપી છે આ લેખ "જૈ૦ સ૦ પ્ર૦" (વ ૯, અં. ૮)મા છપાયો છે.

વૃત્તિ અને ઉલ્લેખ—મલયગિરિસૂરિએ **નંદી** ઉપર જે વૃત્તિ રચી છે તેમા એમણે ચુણ્ણિ તેમ જ આ હારિભદ્રીય ટીકાનો ઉલ્લેખ કર્યો છે. વિશેષમા એમણે આ બંનેનો વૃત્તિ રચવામા ઉપયોગ કર્યો છે.

(૧૦૧) પિણ્ડનિર્યુક્તિવિવૃતિ

[1]**પિણ્ડનિજ્જુત્તિ** એ એક જૈન આગમ છે. એના ઉપર આ સંસ્કૃતમા વિવૃતિ છે. આ આગમ ઉપર **વીર**ગણિએ સંસ્કૃતમા વિ સં. ૧૧૬૦મા વૃત્તિ રચી છે. એમા (પત્ર ૧અમા) એમણે હરિભદ્રસૂરિએ આ વિવૃતિ રચવાની શરૂઆત કરી અને એ 'સ્થાપના-દોષ' પર્યંતના વિભાગને અંગે રચાયા પાદ અપૂર્ણ રહેવા પામી એમ કહ્યું છે[2] તો પછી પં. બેચરદાસે આ અન્ય હરિભદ્રની કૃતિ કહી છે તે કેવી રીતે ઘટે? આજે આ વિવૃતિ કોઈ સ્થળે મળતી હોય એમ જણાતું નથી.

(૧૦૨-૧૦૩) પ્રજ્ઞાપનાસૂત્રટીકા યાને (૧૦૬) [3]પ્રદેશવ્યાખ્યા

નામ—આ **વીર**સંવત્ ૩૭૬મા સ્વર્ગે સંચરેલા આર્ય **શ્યામ**-સૂરિકૃત [4]**પણ્ણવણા** નામના જૈન આગમ—ચોથા ઉવગ ઉપરની સંસ્કૃત ટીકા છે. આ આગમના છત્રીસ પય (પદ) પૈકી પ્રત્યેકની

---

૧ આના પરિચયાર્થે જુઓ HCLJ (p. 159) અને **આ૦ દિ૦** (પૃ. ૧૬૯).

૨ " पञ्चाशकादिशास्त्रव्यूहप्रविधायका विवृतिमस्या'।
आरेभिरे विधातु पूर्वं हरिभद्रसूरिवरा ॥
ते स्थापनाख्यदोप यावद् विवृत्तिं विधाय दिवमगमन्।
तदुपरितनी तु कैश्चिद् वीराचार्यैं समाप्येपा ॥ "

૩ જુઓ પૃ ૨૫, ટિ ૩

૪ આનો પરિચય મે HCLJ (pp 139-140)માં તેમ જ **આ૦ દિ૦** (પૃ. ૧૨૮-૧૩૦)મા આપ્યો છે

ટીકાના અંતમાં 'પ્રદેશ-વ્યાખ્યા' એવું આ ટીકાનું નામ દર્શાવાયું છે. આ નામ **જંબુદ્દીવપણ્ણત્તિની** ટીકાનું 'પ્રદેશ-ટીકા' નામનું સ્મરણ કરાવે છે.

પરિમાણ—આ ટીકાનું પરિમાણ જિ૦ર૦કો૦ (વિ. ૧, પૃ. ૨૫૮) પ્રમાણે ૩૭૨૮ શ્લોક જેવડું છે. મુદ્રિત આવૃત્તિ પ્રમાણે તો આ ૪૭૦૦ શ્લોકનું છે.

પરિચય—આ ટીકામા હરિભદ્રસૂરિએ પોતાને જિનભટના શિષ્ય કહ્યા છે.

વિષય—પત્ર ૧–૨મા પ્રયોજન, અભિધેય અને સબંધ એ ત્રણનુ નિરૂપણ છે. એના પછી મંગળનો વિષય ચર્ચાયો છે. પત્ર ૯મા અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને અદ્ધા(કાળ)ના કરતા પહેલા ધર્માસ્તિકાયનો નિર્દેશ શા સારુ છે એ બાબત પર પ્રકાશ પડાયો છે. પત્ર ૮૫મા 'શરીર શબ્દ'ની અને અન્યત્ર ગુરુની વ્યુત્પત્તિ અપાઈ છે. પત્ર ૬ અને ૧૮મા [૧]'મહાવીર–વર્દ્ધમાન' એવુ નામ જૈનોના ચોવીસમા તીર્થંકર માટે અપાયું છે પત્ર ૮૮મા '[૨]રજ્જુ'નું લક્ષણ રજૂ કરાયુ છે. આ પત્ર ઉપર અદ્ધુટ્ઠ શબ્દ સાડાત્રણ (ઊંઠા) માટે વપરાયો છે.

મતાંતર—પત્ર ૭૧મા મતભેદની નોધ છે

ઉલ્લેખ—આ ટીકામા અનેક કૃતિઓના નામ છે. દા.ત. **અનુ-**

---

૧ 'મહાવીર' અને 'વર્દ્ધમાન' એમ બે નામો જાણે એકત્રિત કરી નિર્દેશ કરાયો ન હોય એમ આથી લાગે એ ગમે તેમ હો, પણ આ પ્રમાણેનો નિર્દેશ કેટલીક વાર જોવાય છે દા ત **વિસેસા**૦ની ટીકા (પત્ર ૩)-મા કોટ્યાચાર્યે "श्रीमन्महावीरवर्धमानस्वामिवचन०" એવો ઉલ્લેખ કર્યો છે.

૨ આના સ્વરૂપ માટે જુઓ સટીક **ગણિતતિલક**નો મારો અગ્રેજી ઉપોદ્ઘાત (પૃ ૪૯) તેમ જ **વૈરાગ્યરસમંજરી** (ગુચ્છક ૧, શ્લો ૮)નું મારું સ્પષ્ટીકરણ (પૃ ૧૯).

યોગદ્વાર (પત્ર ૨૫), [1]**આવશ્યકટીકા** (પત્ર ૨), **કમ્મપગડી-સંગહણી** (પત્ર ૧૪૦), [2]**કર્મપ્રકૃતિસંગ્રહણિકા** (પત્ર ૫૯ અને ૧૨૯), **જીવાભિગમ** (પત્ર ૨૮), **પણ્ણત્તિ** (પત્ર ૩૩), **નન્દ્યધ્યયન** (પત્ર ૬) અને **સિદ્ધપ્રાભૃત** (પત્ર ૧૧).

અવતરણ—આ ટીકામા સંસ્કૃતમા તેમ જ પાઇયમા અવતરણો છે.[3] **ત૦સૂ૦** (અ. ૧૦, સૂ. ૭)ના ભાષ્યમાનુ એક અવતરણ અંત (પત્ર ૧૫૮)મા છે.

નિર્દેશ—મલયગિરિસૂરિએ **પણ્ણવણા** ઉપરની ટીકામા આ **પ્રદેશવ્યાખ્યા**નો ઉલ્લેખ કર્યો છે

(૧૩૬) વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ

જિનભદ્રગણિએ **વિસેસા૦** રચ્યું છે. **જૈ૦ભાં૦ગ્રં૦સૂ૦** (પૃ ૩૮)મા આ ભાસની વૃત્તિ હરિભદ્રની હોવા વિષે શંકા દર્શાવાઈ છે. પૃ. ૯૨મા આ **આવસ્સય**ની વૃત્તિ તો નથી એવો પ્રશ્ન ઉઠાવાયો છે.

જૈન અનાગમિક કૃતિઓનાં વિવરણો

(૨૪) કર્મસ્તવ-વૃત્તિ

મ. કિ **મહેતા**એ આની નોંધ લીધી છે; પં. **બેચરદાસે** “**જૈ૦ ગ્રં૦**” (પૃ. ૧૧૬)નો આ બાબતમા ઉલ્લેખ કર્યો છે. આ સંબંધમા **જિ૦ર૦કો૦** (વિ ૧, પૃ. ૭૪) જોતા એમ જણાય છે કે [4]જિનવલ્લભે

---

૧ આના કર્તા હરિભદ્રસૂરિ પોતે હોય એમ લાગે છે.

૨ આ જ **શિવશર્મસૂરિકૃત કમ્મપયડિ** છે. આ બાબત મેં “કમ્મપયડિ અને (બંધ)સયગ” નામના મારા લેખ (પૃ ૨૬)મા દર્શાવી છે. આ લેખ “આ. પ્ર” (પુ ૪૮, અ. ૨)મા છપાયો છે

૩ **અ૦જ૦પ૦** (ખ ૮ ૨)ના ઉપોદ્ઘાત (પૃ. ૬૨)મા મે ચાર અવતરણો આપ્યા છે

૪ આ નામ ખોટું છે. જુઓ चत्वार कर्मग्रन्था (પરિશિષ્ટ ૬, પૃ. ૧૭).

૫૭ ગાથામા 'પ્રાચીન' **કમ્મત્થય** રચ્યો છે. તેના ઉપર જિનદેવના શિષ્ય હરિભદ્રની ટીકા છે અને આ હરિભદ્ર પ્રસ્તુત નથી એટલે આ કૃતિ ખોટી ગણાવાય છે.

(૨૮) ક્ષેત્રસમાસવૃત્તિ

આ સંબધમા પં. હરગોવિંદદાસે કીલહોર્નના હેવાલ (પૃ. ૭૮)નો અને વેબરના બીજા હેવાલ (પૃ. ૯૮૭)નો ઉલ્લેખ કર્યો છે, પરતુ જિનભદ્રગણિકૃત **ખેત્ત-સમાસ** જે **બૃહત્-ક્ષેત્રસમાસ** તરીકે ઓળખાવાય છે એના ઉપર તો અન્ય હરિભદ્રે વિ. સં. ૧૧૮૫મા વૃત્તિ રચી છે એટલે આ કૃતિ અપ્રસ્તુત છે. **જે૦ભાં૦ગ્રં૦સં૦** (પૃ. ૯૧)માં પ્રસ્તુત હરિભદ્રસૂરિની આ વૃત્તિ હોવા વિષે શકા દર્શાવાઈ છે.

(૪૯) [1]તત્ત્વાર્થસૂત્રલઘુવૃત્તિ યાને (૪૫) ડુપડુપિકા

પ્રણેતા—વિદ્યાવારિધિ ઉમાસ્વાતિ વાચકે **તત્ત્વાર્થસૂત્ર** રચી એને સ્વોપજ્ઞ ભાષ્ય વડે વિભુષિત કર્યું છે. આ બંનેના સ્પષ્ટીકરણરૂપે સસ્કૃતમા ઉપર્યુક્ત ટીકા હરિભદ્રસૂરિએ રચી છે આ ટીકા કોઈક કારણસર પૂરેપૂરી મળતી નથી, કદાચ એ પૂરી રચાઈ જ નહિ હશે. એ અપૂર્ણ ટીકા યશોભદ્રસૂરિ અને એના [2]શિષ્યે પૂર્ણ કરી અ. ૬ના [3]સૂ ૨૩ના અમુક ભાગ પૂરતી—પત્ર ૧-૨૭૫ સુધીની ટીકા

૧ આ મૂળ અને ભાષ્ય તેમ જ આગમોદ્ધારકના સસ્કૃત ઉપક્રમ અને એ સપાદકે રજૂ કરેલ સસ્કૃત વિષયાનુક્રમ, સાક્ષીપાઠો અને ભાષ્યાનુક્રમ સહિત "ઋ કે. શ્વે. સસ્થા" તરફથી ઈ સ ૧૯૩૯મા છપાવાઈ છે

૨ આ શિષ્યે ટીકાના અતમા કહ્યુ છે કે હરિભદ્રસૂરિએ પહેલા સાડા-પાચ અધ્યાયની ટીકા રચી. ભગવાન 'ગંધહસ્તી' સિદ્ધસેને નવીન અને નવ્ય વાદસ્થાનોથી વ્યાપ્ત એવી ટીકા બનાવી એ નવીન ટીકાનો શેષ ભાગ આચાર્યે (યશોભદ્રે) અને બાકીનો મે ઉદ્ધૃત કર્યો છે

૩ અ ૬, સૂ ૧૫ સુધીની ટીકામા સમુદાયાર્થ અને અવયવાર્થ છે સૂ. ૧૬-૨૨ની ટીકામા સમુદાયાર્થ અને અવયવાર્થવાળી શૈલી યોજાઈ નથી, પણ સૂ ૨૩ માટે તેમ છે.

હરિભદ્રસૂરિએ રચી છે એમ એના સંપાદક આગમોદ્ધારકનું માનવું છે. ત્યાર બાદ આ જ સૂત્રગત ‘विनयसपन्नता’ એ શબ્દગુચ્છને સમજાવતી અને અ૦ ૧૦, સૂ૦ ૬ પરતી—પત્ર ૨૭૫-૫૨૧ સુધીની ટીકા યશોભદ્રસૂરિએ રચી છે, અને બાકીની એમના શિષ્યે રચી છે. યશોભદ્રસૂરિકૃત ટીકાનો અમુક અંશ અન્ય કોઇની રચના હોય એમ નવમા અધ્યાયની ટીકાની પુષ્પિકા જોતા જણાય છે. યશોભદ્રસૂરિના શિષ્યના મતે સાડાપાચ અધ્યાય પૂરતી ટીકા હરિભદ્રસૂરિએ રચી છે. પત્ર ૧-૨૭૫ સુધીની ટીકા હરિભદ્રસૂરિકૃત છે એ સિદ્ધ કરવા માટે આ ટીકાના સંપાદક આગમોદ્ધારકે નીચે મુજબના ભાવાર્થવાળા દસ કારણો રજૂ કર્યાં છે :—

(૧) [૧]સમુદાયાર્થ અને [૨]અવયવાર્થની પૃથક્તા સાડાપાંચ અધ્યાય સુધી છે એટલે એટલો ભાગ હારિભદ્રીય વૃત્તિનો છે. આ વાતને યશોભદ્રસૂરિના શિષ્યનુ કથન સમર્થિન કરે છે.

(૨) **સિદ્ધસેનીય** ટીકા કરતા આ વૃત્તિ પ્રાચીન છે. **સિદ્ધસેનગણિ** કરતા ચૌદ સો પ્રકરણના પ્રણેતા હરિભદ્રસૂરિ પૂર્વકાલીન છે. નિર્દે-શાદિ સૂત્રને વિષે જ્ઞાનાવરણીયાદિ સમ્યક્ત્વના આવરણરૂપ છે એ મતનું હરિભદ્રસૂરિએ નિરસન કર્યું છે (પત્ર ૪૨), જ્યારે **સિદ્ધસેન-ગણિ**એ એ મત સ્વીકાર્યો છે (પૃ. ૫૭). વળી અ. ૬, સૂ ૧૬મા નારક આયુષ્યના આશ્રવના નિરૂપણ પ્રસંગે હરિભદ્રસૂરિએ માસા-હારાદિનો સંગ્રહ સ્વીકાર્યો છે, જ્યારે **સિદ્ધસેનગણિ**એ એનું નિરસન કર્યું છે. એથી કરીને હારિભદ્રીય વૃત્તિ **સિદ્ધસેનીય** ટીકાથી પ્રાચીન છે

(૩) હરિભદ્રસૂરિએ જેમ **વીસવીસિયા**મા સમ્યક્ત્વના લક્ષણરૂપ આસ્તિક્ય ઇત્યાદિની પશ્ચાનુપૂર્વી દર્શાવી છે તેમ “तत्त्वार्थ-श्रद्धानं सम्यग्दर्शनं’ એ સૂત્રની વૃત્તિ (પત્ર ૨૦)મા કર્યું છે

૧-૨ જુઓ પૃ ૨૧૫, ટિ ૩

(૪) તિર્યગ્લોકમા ક્ષેત્રોની પરિધિ વગેરેનુ માપ સૂચવનાર કેટલાક સૂત્રો કૃત્રિમ છે એમ બંને ટીકાકારોએ કહ્યુ છે, પરંતુ એ માટે શબ્દોની સમાનતા છે.

(૫) અન્તરદ્વીપને લગતુ ભાષ્ય દુર્વિદગ્ધને હાથે સર્વત્ર નાશ પામ્યાની વાત બંનેને સંમત છે.

(૬) હરિભદ્રસૂરિએ "वीर प्रणम्य"થી જે મંગલાચરણ કર્યું છે તેનાર્થી જ કારિકાઓની વ્યાખ્યા દેવગુપ્તસૂરિએ શરૂ કરી. એ જ વ્યાખ્યા **સિદ્ધસેનગણિ**એ પોતાની ટીકાના પ્રારંભમાં સ્વીકારી છે.

(૭) પ્રસ્તુત પ્રારંભ તો 'અક્ષરગમનિકા' પૂરતો જ છે એવો જે ઉલ્લેખ અનેક સ્થળોમા છે તેવો જ ઉલ્લેખ **આવસ્સય**ના વિવરણ વગેરેમા હરિભદ્રસૂરિએ કર્યો છે.

(૮) જેમ હરિભદ્રસૂરિએ **અષ્ટક-પ્રકરણ**મા તેમ જ **લલિત-વિસ્તરા** નામની વ્યાખ્યામા જિનેશ્વરોની 'વરબોધિ'ની પ્રાપ્તિનુ પ્રરૂપણ કર્યું છે તેમ અહી "यः शुभकर्मासेवन०" એ આર્યા (૧૧મી કારિકા)ની ટીકામા કર્યું છે

(૯) અન્યત્ર–અનેક સ્થળોમા આ સંબધમા વિવેચન કર્યું છે અને અન્યત્ર નિર્ણય કર્યો છે એ જાતના [૧]અતિદેશો (ભલામણો) સૂચવે છે કે વૃત્તિકાર હરિભદ્રસૂરિએ અનેક અગાધ ગ્રંથો રચ્યા છે

(૧૦) અ૦ ૨મા જીવના ભેદના અધિકારમા પ્રાભૃતકારના નામે જે બે ગાથા ઉદ્ધૃત કરી છે તે અધુનાતન ગ્રથોમા ઉપલબ્ધ નથી તેમ જ એ ગાથાવાળો મૂળ ગ્રંથ પણ મળતો નથી

આ દસ કારણોમાથી ૧, ૩, ૭ અને ૯ સબળ છે અને બીજાં કારણ તો આભાસમાત્ર છે એમ પં. સુખલાલે કહ્યું છે [૨]

---

૧ જુઓ ઉપક્રમ (પત્ર ૧૯)

૨ જુઓ ગૂજરાતી વ્યાખ્યા સહિત **તત્ત્વાર્થસૂત્ર**નો પરિચય (પૃ ૫૬, દ્વિતીય આવૃત્તિ).

પાહુડો—હરિભદ્રસૂરિકૃત ટીકા (પત્ર ૧૧૯)મા કોઈક પાહુડ-માથી [1]બે ગાથા ઉદ્ધૃત કરાઈ છે આ ગાથા આથી કોઈ પ્રાચીન કે અર્વાચીન કૃતિમા હોય એમ જાણવામાં નથી. અ૦ ૨, સૂ૦ ૨૭ની સિદ્ધસેનીય ટીકા (પૃ. ૧૮૧)મા **નિરુક્ત-પ્રાભૃત**નો ઉલ્લેખ છે.

સામ્ય—અ૦જ૦પ૦ની સ્વોપજ્ઞ વ્યાખ્યા અને **ડુપડુપિકા**મા કેટલાક વિષયોની સમાનતા છે. દા ત. અવગ્રહાદિનું નિરૂપણ અને 'સત્'ની વ્યાખ્યા (જુઓ **અ૦જ૦પ૦**ના દ્વિતીય ખંડના મારા ટિપ્પણોના પૃ ૨૯૩, ૩૦૨ અને ૩૨૩). આમ હોવા છતા એક ગ્રથમા બીજાની ભલામણ કરાઈ નથી.

વ્યુત્પત્તિ—આ ટીકામા અનેક શબ્દોની વ્યુત્પત્તિ અપાઈ છે. દા. ત. અધિકરણ ([2]૨૬૧), [3]અપરાજિત (૨૦૧), અવયવ (૨૧૨), આચાર્ય (૨૭૬), કર્મ (૨), કાલ (૧૯૩), ક્ષેત્ર (૫૧), ગ્રૈવેયક (૨૦૦), છેદન (૨૬૧), તીર્થ (૬), દેવ (૧૫૧), દોષ (૩), દ્રવ્ય (૨૧૩), નરક (૧૫૭), નિક્ષેપ (૨૬૫), નિપાત (૧૭), પૂર્વ (૧૪૫), ભવનવાસી (૧૮૯), ભેદન (૨૬૧), યોનિ (૧૩૫), લિંગ (૧૧૩), લેશ્યા (૧૧૪), વિનય (૨૭૫), વિષ્ણુ (૧૦), વ્યતર (૧૯૦), શરીર (૧૩૭), સર્વાર્થસિદ્ધ (૨૦૧) અને સૌધર્મ (૨૦૦).

---

૧ આ ગાથાઓ નીચે મુજબ છે —

"परिगण्विद सपुड तत्तिगा य तह तत्तिग त्ति चउमेआ ।
वम्मा भावाण जए विण्णेआ बुद्धिमतेर्हि ॥

पावेयरेहिं सुहसाहणाइ जगमुत्तिभायण चेव ।
समयाहिएसु अ तहा पता य एते जहासख ॥"

૨ આ પત્રાક છે.

૩ બે રીતે

ન્યાયો—આ ટીકામા કેટલાક ન્યાયોનો—કેટલીક [1]નીતિઓનો ઉલ્લેખ છે. જેમકે ' અશ્વરથ ' ન્યાય (પત્ર ૧૨૮). આ ઉપરાત ન્યાય અને નીતિ માટે નીચે મુજબ નિર્દેશ છે :—

" समुदायेषु हि शब्दा प्रवृत्ता अवयवेष्वपि प्रवर्तन्ते " (પત્ર ૫૪)

" तात्स्थ्यात् तद्व्यपदेश. " (પત્ર ૧૬૧ અને ૧૯૧)

અન્ય વ્યાખ્યા અને મતભેદ—ડુપડુપિકામા કેટલેક સ્થળે અન્ય પ્રકારની વ્યાખ્યાની તેમ જ કોઈ કોઈ સ્થળે મતાતરની નોધ છે. ઉદાહરણાર્થે જુઓ પત્ર ૩૪, ૩૬, ૪૭, ૬૮, ૭૦, ૯૬, ૧૧૫, ૧૩૦, ૧૩૧, ૧૩૩ ને ૨૪૭ આ ઉપરથી મારુ માનવુ એ છે કે ભાષ્યની રચના બાદની કોઈક ટીકા કે ટીકાઓ હરિભદ્રસૂરિની સામે હતી

ઉલ્લેખો અને અવતરણો—કેટલાક અવતરણો **નંદી, પ્રજ્ઞાપના** (પત્ર ૨૧૦) વગેરે આગમોમાથી અપાયા છે આ ટીકામા **આચાર** (પત્ર ૭૫), **રાજપ્રસેનકીય** (પત્ર ૭૬), **આવશ્યક** (પત્ર ૧૭૭) અને **સમ્મતિ** (પત્ર ૨૬૯)નો ઉલ્લેખ છે વળી **પ્રશમરતિ**માથી અને તે પણ ઉમાસ્વાતિની જ છે એવા સૂચનપૂર્વક એમાથી ગાથાઓ અપાઈ છે (દા ત જુઓ પત્ર ૨૭૭). **વિસેસા**૦માથી પણ અવતરણ અપાયા છે. દા ત. જુઓ પત્ર ૫૭ પત્ર ૬૯મા **જિન**ભદ્રગણિને ' ભાષ્યકાર ' કહ્યા છે

૧૫૯મા ને ૧૬૦મા પત્રમા તેમ જ ૧૮૮મા, ૧૯૨મા અને ૧૯૩મા પત્ર ઉપર જે ગાથાઓ અવતરણરૂપે અપાઈ છે તે કયાની છે ?

સૂત્રની રચના—સૂત્રની રચનાનો અમુક પ્રકાર જ કેમ એ બાબત—સમાસ અને વચનને અગે વિચારણા એ બાબત [2]કેટલીક વાર હાથ ધરાઈ છે. ત્રીજા અધ્યાયમા કેટલાક જે નવીન સૂત્રો રચાયા છે તે

૧ જુઓ પત્ર ૧૬૧

૨ દા ત જુઓ પત્ર ૨૧

નિરર્થક છે—ઉમાસ્વાતિનો સંક્ષિપ્ત લખાણ રજૂ કરવાના ઈરાદાને અનુરૂપ નથી એમ પત્ર ૧૭૫મા કહ્યું છે.

પાઠ વિષે ચર્ચા—અમુક પાઠ સૂત્રનો છે કે ભાષ્યનો એ વાત ચર્ચાઈ છે.[૧]

અંતરદ્વીપનું ભાષ્ય—૫૬ અંતરદ્વીપને બદલે ૯૬ને લગતા ભાષ્યનો ઉદ્ભવ 'સૈદ્ધાતિકપાશ'ને આભારી છે એમ પત્ર ૧૮૧મા કહેવાયું છે.

વાદ્યો—મૃદંગ, પણવ, વીણા, ત્રિસિરિકા ઇત્યાદિનો ઉલ્લેખ પત્ર ૨૨૯મા છે.

'અન્યત્ર' શબ્દનો પ્રયોગ—આ શબ્દ દ્વારા હરિભદ્રસૂરિએ આ ટીકા પોતે રચ્યા પૂર્વેના ગ્રંથોનો પ્રાયઃ મોઘમમા નિર્દેશ કર્યો છે. જુઓ પત્ર ૧૮, ૨૩, ૪૯, ૬૭, ૭૦, ૧૦૮ અને ૧૨૦.

પત્ર ૪૯મા **આવશ્યક-ટીકાનો** સ્પષ્ટ ઉલ્લેખ છે.

પુસ્ત-કર્માદિ—પુસ્ત-કર્મ, કાષ્ઠ-કર્મ વગેરેનુ નિરૂપણ પત્ર ૨૬૭મા છે.

ઉમાસ્વાતિ વિષે નિર્દેશ—સૂત્રકાર, ભાષ્યકાર અને સૂરિ (૨૪૭) એમ વિવિધ રીતે ઉમાસ્વતિ વિષે નિર્દેશ કરાયો છે.

વૃદ્ધ—આ નામથી 'વૃદ્ધ'નો ૭૨, ૧૫૩ અને ૨૦૬ એ ક્રમાંક-વાળા પત્રોમા ઉલ્લેખ છે

ગુરુ—આ પ્રમાણેનો નિર્દેશ ૨૩૨ અને ૨૪૮ એ ક્રમાકવાળાં પત્રોમા છે

આચાર્યને નામે ઉલ્લેખો—૧૧૭, ૧૨૧, ૧૩૧, ૧૩૩, ૧૫૧, ૧૫૩, ૧૬૪ અને ૧૯૯ એ ક્રમાકવાળા પત્રોમા 'આચાર્ય'ને નામે ઉલ્લેખ છે.

---

૧ જુઓ પત્ર ૯૭

પત્ર ૧૯૯ પર સંપાદકનું નીચે મુજબ ટિપ્પણ છે:—

"योजनशतसहस्रपरिमाणो निष्कम्पत्वाद् अस्तमयोदयाभावाच्चेति सिद्धसेनीया [1]वृत्तौ, स्यादनेन तस्या पश्चाद्भाविता"

ગણિતની પરિભાષા—ઉમાસ્વાતિએ ગણિતની કેટલીક પરિભાષા દર્શાવી છે હરિભદ્રસૂરિએ 'કરણ' તરીકે અપવર્તન અને ઉદ્વર્તનનો ઉલ્લેખ કર્યો છે [2] આ સૂરિએ 'ગણિતજ્ઞો પ્રમાણ છે' એમ પત્ર ૧૬૭મા કહ્યુ છે. એથી પ્રસ્તુત પરિહાણિને લગતા આ જાતના ઉલ્લેખને સમર્થન કરનાર પાઠનો અભાવ, નહિ કે ગણિતના યથાયોગ્ય બોધનો અભાવ સૂચિત હોય એમ લાગે છે

પ્રકીર્ણક—પત્ર ૪મા 'ગૃહાશ્રમ' શબ્દ છે.

પત્ર ૯૦મા સૂર્યકાંત અને ચંદ્રકાંત એ બે જાતના મણિનો ઉલ્લેખ છે.

ભાષ્યગત પંચમગતિના સ્પષ્ટીકરણ તરીકે 'સિદ્ધગતિ' એમ સમજાવાયું છે (પત્ર ૧૦૩)

શાસ્ત્રમાં રુદ્ર વગેરે દેવતાનો ઉલ્લેખ નથી એમ પત્ર ૩૦માં કહ્યું છે.

પત્ર ૯મા 'વૃદ્ધવાદ'ની નોંધ છે.

'પૃથક્ત્વ' સંજ્ઞા પત્ર ૧૪૯મા વપરાઈ છે

બાલતપના પ્રકારો ગણાવતા ઉદ્વર્તન અને ગૃધ્રભક્ષણનો નિર્દેશ પત્ર ૨૭૩મા છે.

---

૧ જુઓ ભા ૧, પૃ ૨૯૯

૨ ગુણકાર અને ભાગહાર એ બેનો તો ઉમાસ્વાતિએ નિર્દેશ કર્યો છે. હરિભદ્રસૂરિએ પ્રતરવૃત્ત (પત્ર ૧૯૭) અને પરિવર્તુલ (પત્ર ૧૯૨)નો ઉલ્લેખ કર્યો છે

સકલાદેશ અને વિકલાદેશ વિષે પત્ર ૨૪૩ અને પત્ર ૨૪૫મા અનુક્રમે થોડુંક નિરૂપણ છે.

બ્રાહ્મી વગેરેના યોગથી ગંધાદિ વડે જીભના સ્પર્શની નિર્મળતા થાય છે એ વાત પત્ર ૧૨૨મા જણાવાઈ છે.

ધાતુના અનેક અર્થ થાય છે (પત્ર ૯૭) ઇત્યાદિ વ્યાકરણને લગતી બાબતો સૂત્રો વગેરે આપી સૂચવાઈ છે.

'અદ્ધપંચમ' શબ્દ [1]'સાડા ચાર' માટે પત્ર ૧૬૦મા વપરાયો છે.

પત્ર ૧૬૩મા ધનુષ્ય સંબંધી કોષ્ઠક છે.

૮૮ ગ્રહો સમજાવતાં 'ભસ્મરાશિ' વગેરે એમ પત્ર ૧૯૨મા કહ્યું છે.

એવી રીતે માસ માટે ફાલ્ગુન ઇત્યાદિ એમ પત્ર ૧૯૫મા કહ્યું છે.

હરિભદ્રસૂરિ ભાષ્યને પણ 'વૃત્તિ' તરીકે ઓળખાવે છે. આ ઉપરથી શું એમ મનાય કે ભાષ્ય પછીની તરતની જ રચાયેલી ટીકા તે એમની છે?

(૮૫) ન્યાયાવતારવૃત્તિ

ઉલ્લેખ—ચ૦પ્ર૦ (પૃ ૫૨)મા હારિભદ્રીય કૃતિઓ ગણાવતી વેળા આ **ન્યાયાવતાર-વૃત્તિ**નો ઉલ્લેખ કરાયો છે. વળી ઇ.સ.ની ૧૫મી સદીની **બૃહટ્ટિપણિકા** (ક્રમાંક ૩૬૫)મા પણ આનો ઉલ્લેખ છે એટલે આજે આની કોઈ હાથપોથી મળતી નથી એટલા જ ઉપરથી આ કૃતિ હરિભદ્રસૂરિએ રચી જ નથી એમ ડૉ. પી. એલ. વૈદ્ય જો કહેતા હોય તો એ વાત વિચારણીય ઠરે છે. **ન્યાયાવતાર** ઉપરની

૧ આના આકને 'ઢીચા' તેમ જ 'ઢૂચાં' પણ કહે છે. સાડા-પાંચના આકને 'ઢળિયા' કહે છે.

સિદ્ધર્ષિકૃત ટીકામા કોઈ એનાથી પ્રાચીન ટીકાનો—હારિભદ્રીય ટીકાનો ઉલ્લેખ જણાતો નથી. જો એ સાચુ હોય તો એનુ શુ કારણ ?

વિષય—આ કૃતિનું નામ સૂચવે છે તેમ એ સામાન્ય રીતે સિદ્ધસેન દિવાકરે રચેલા મનાતા [1]**ન્યાયાવતાર** ઉપરની વૃત્તિ છે.

ભાષા—એની ભાષા સંસ્કૃત હશે એમ **હરિભદ્રસૂરિ**ની ઉપલબ્ધ વૃત્તિઓની ભાષા જોતા લાગે છે.

પરિમાણ—**બૃહટ્ટિપણિકા**મા એનું પરિમાણ ૨૦૭૩ શ્લોક જેવડું દર્શાવાયું છે.

(૯૫) પંચસૂત્રકવ્યાખ્યા

અર્દ્ધમાગહીમા રચાયેલા અને [2]અજ્ઞાતકર્તૃક [3]**પંચસુત્તગ**

---

૧ આ સબંધમાં મે મારા લેખ નામે "સિદ્ધસેન દિવાકરની કૃતિઓ અને એના અભ્યાસ માટેનાં સાધનો"મા વિચાર કર્યો છે. આ લેખ "આ૦ પ્ર૦" (પુ. ૪૯, અં ૮, ૯-૧૦, ૧૧, ૧૨; પુ. ૫૦, અ. ૨, ૩, ૪)મા છપાયો છે.

૨ **જિ૦ર૦કો૦** (વિ ૧, પૃ. ૨૨૯)માં નોંધાયેલી એક હાથપોથીમાં **ચંદ્રર્ષિ**નું નામ છે આ ઉલ્લેખ ભ્રાત જણાય છે

૩ આ ગુજરાતી ભાષાતર સહિત "જૈ. ધ પ્ર. સ" તરફથી વિ સ ૧૯૮૧મા છપાવાયુ છે. આ મૂળ વ્યાખ્યા સહિત "જૈ. આ. સભા" તરફથી વિ સં ૧૯૭૦મા પ્રસિદ્ધ કરાયુ છે મૂળ અન્ય પ્રકાશકો તરફથી પણ છપાવાયુ છે પ્રો એ એન ઉપાધ્યેએ ઈ સ. ૧૯૩૪ની આવૃત્તિમાં પ્રસ્તુત વ્યાખ્યામાથી કોઈ કોઈ ભાગ આપ્યો છે. સાથે સાથે અંગ્રેજીમાં ભાષાતર, ટિપ્પણ, પ્રસ્તાવના તેમ જ શબ્દકોષ આપ્યા છે આ એમનું બીજું સસ્કરણ છે પ્રો **વાડીલાલ** શાહે ઈ. સ ૧૯૩૪મા મૂળનુ સંસ્કૃત છાયા તેમ જ અંગ્રેજી પ્રસ્તાવના, ભાષાંતર અને ટિપ્પણ સહિત સંપાદન કર્યું છે અને એ "ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય" તરફથી છપાવાયુ છે.

ઉપરની આ સંસ્કૃતમા ૮૮૦ શ્લોક જેવડી વ્યાખ્યા છે. આ વ્યાખ્યા (પત્ર ૧૧આ)મા 'અનુત્તરબોધિ'નો ઉલ્લેખ છે.

પરિચય—[1]**પંચસુત્તગ**મા પાચ [2]અધિકાર છે. દરેકનું સાન્વર્થ નામ છે.[3] જૈન તીર્થંકરોને નમસ્કાર કરવા પૂર્વક આ કૃતિનો પ્રારંભ કરાયો છે. ચાર શરણોનું નિરૂપણ, દુષ્કૃત્યની નિન્દા અને શુભ કાર્યોનું આચરણ એ પહેલા અધિકારનો વિષય છે. બીજા અધિકારમા સાચી શ્રદ્ધા અને ભક્તિની ભૂમિકાનું વર્ણન છે અને અંતમા શ્રાવકોના પાચ અણુવ્રતોની પ્રરૂપણા છે. ત્રીજા અધિકારમાં જૈન સાધુ બનનારે શું શું કરવું જોઈએ તે દર્શાવાયું છે. ચોથા અધિકારમાં દુષ્કર શ્રમણજીવન આલેખાયું છે. પાચમા અધિકારમાં મુક્તિનું સ્વરૂપ રજૂ કરાયું છે.[4]

અવતરણ—ઉપર્યુક્ત વ્યાખ્યામા સંસ્કૃતમાં અને પાઇયમા અવતરણો છે. એ બધાં એકત્રિત સ્વરૂપે અને મૂળના ઉલ્લેખપૂર્વક અપાવાની જરૂર છે. પત્ર ૯અમાંનુ અવતરણ **સંબોહપયરણ**ના 'સમ્મત્તાહિગાર'ના ૨૮મા પદ્ય સાથે મળતું આવે છે. એવી રીતે પત્ર ૨૮અગત અવતરણ **વીસવીસિયા**ની વીસમી વીસિયાના અઢારમા પદ્ય

---

૧ આને અંગે **જૈ. ગ્રં.** (પૃ. ૧૦૦)માં નીચે મુજબ ટિપ્પણ છે :—

" **બૃહટ્ટિપ્પનિકા**મા એના માટે ચોક્કસ ઉલ્લેખ નીચે મુજબ છે :—

'पाचसूत्र प्राकृतमुख्य वृत्तिश्च हारिमद्री सू २१० वृ. ८८० पापप्रतिघातगुणबीजाधान १ साधुधर्मपरिभावना २ प्रव्रज्याग्रहणविधि ३ प्रव्रज्यापरिपालना ४ प्रव्रज्यफल ५ सूत्ररूप."

૨ આ નામ મેં યોજ્યું છે. મૂળમાં નામ નથી.

૩ પાપપ્રતિઘાતગુણબીજાધાન, સાધુધર્મપરિભાવના, પ્રવ્રજ્યાગ્રહણવિધિ, પ્રવ્રજ્યાપાલન અને પ્રવ્રજ્યાફલ એમ આ પાચના સંસ્કૃત નામ છે

૪ **પંચસુત્તગ**મા વિવિધ ઉદાહરણો અપાયા છે જુઓ **અ૦જ૦પ૦** (ખંડ ૨)નો મારો અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૬૫)

સાથે મળે છે. પત્ર ૧૧અમાના નીચે મુજબના બે અવતરણો આવકની કેમ વ્યવસ્થા કરવી તે ઉપર પ્રકાશ પાડે છે:—

"पादमायान्निधिं कुर्यात् पादं वित्ताय वर्धयेत् ।
धर्मोपभोगयोः पादं पादं भर्तव्यपोषणे ॥
आयादर्धं नियुञ्जीत धर्मे यद्वाऽधिकं तत ।
शेषेण,शेषं कुर्वीत यत्नतस्तुच्छमैहिकम् ॥"[1]

અર્થાત્ આવકનો ચોથો ભાગ સંગ્રહી રાખવો—ભંડારી રાખવો, બીજો ચોથો ભાગ પૈસા વધે તેમ વાપરવો, ત્રીજો ચોથો ભાગ ધર્મ અને ઉપભોગમા ખર્ચવો અને છેલ્લો ચોથો ભાગ આશ્રિતના પોષણ માટે વાપરવો. આવકનો અડધો કે એથી અધિક ભાગ ધર્મમા વાપરવો; બાકીના વડે તુચ્છ ઐહિક શેષ કરવુ.

અવચૂરિ—પંચસુત્તગ ઉપર એક મુનિસુંદરસૂરિએ રચેલી અને બીજી કોઈકે રચેલી અવચૂરિ છે. એ અવચૂરિઓ આ વ્યાખ્યાને આધારે યોજાઈ છે કે કેમ તે તપાસાવુ ઘટે.

ટિપ્પણ—પંચસુત્તગ ઉપર આગમોદ્ધારકે સંસ્કૃતમા ટિપ્પણ રચ્યું છે પરંતુ એ અપૂર્ણ છે.

ભાષાંતર—મૂળના ગુજરાતીમા તેમ જ અંગ્રેજીમા ભાષાતર થયેલા છે.[2]

(૧૦૭) પ્રશમરતિટીકા

ઉમાસ્વાતિએ **પ્રશમરતિ** સંસ્કૃતમા રચી છે. એમા ૩૧૩ પદ્યો છે. આનો એ. **બેલ્લિની**એ ઇટાલિયન ભાષામા અનુવાદ કર્યો છે. આ

૧ આ બન્ને પદ્યો કંઈક પાઠભેદપૂર્વક અવતરણરૂપે **ધર્મબિન્દુ** (અ. ૧, સૂ. ૨૫)ની **મુનિચન્દ્રસૂરિ**કૃત ટીકા (પત્ર ૮આ)મા "નીતિશાસ્ત્ર"મા-કહ્યુ છે એવા ઉલ્લેખપૂર્વક અપાયા છે

૨ જુઓ પૃ ૨૨૩, ટિ. ૩.

મનનીય અને મનોહારિણી કૃતિ ઉપર ‘ બૃહદ્ ’ ગચ્છના **માનદેવસૂરિ**ના પ્રશિષ્ય હરિભદ્રસૂરિની વિ. સં. ૧૧૮૫મા રચાયેલી વૃત્તિ છે. આમને જ ભૂલથી હરિભદ્રસૂરિ ગણી લેવાયા હોય એમ લાગે છે, કેમકે વિ. સં. ૧૧૮૫ પૂર્વેની કોઈ પણ કૃતિમાં પ્રસ્તુત હરિભદ્રસૂરિના નામે આ જાતની નોધ જોવાતી નથી એટલું જ નહિ, પણ પ્રસ્તુત હરિભદ્રસૂરિકૃત આવી કોઈ વૃત્તિ હોય તો એની કોઈ હાથપોથી તો પ્રાયઃ સંભવે ને ?

(૧૩૧) વર્ગકેવલિવૃત્તિ

વારાણસીમા **વાસુકિ** નામનો એક જૈન શ્રાવક રહેતો હતો. એને કોઈક સ્થળેથી **વગ્ગકેવલિસુત્ત** (વર્ગકેવલિસૂત્ર)ની હાથપોથી મળી પણ એનો અર્થ એ સમજી શકયો નહિ. એક વેળા એ ‘ ચિતોડ ’ આવ્યો અને એણે હરિભદ્રસૂરિને એ બતાવી. સૂરિએ સંઘને વાત કરી. એ સમજાય તે માટે સઘના કેટલાક જૈન અગ્રેસરોએ હરિભદ્રસૂરિને વિજ્ઞપ્તિ કરી. એ ઉપરથી એમણે વૃત્તિ રચી. આ સંસ્કૃતમા રચાઈ હશે એમ માની મેં એનું ઉપર મુજબ નામ સૂચવ્યું છે. ભવિષ્યમાં બનનારા બનાવોની આગાહી આ કૃતિને આધારે થઈ શકે છે એવી સાબિતીઓ મળી હતી, પરંતુ આ આખરે તો [1]પાપ-ગ્રંથ ગણાય અને ‘ કલિ ’ કાળમા આવું જ્ઞાન હરકોઇને હોય તે ઇષ્ટ નહિ[2], કેમકે આવા જ્ઞાનનો આગળ ઉપર દુરુપયોગ થવાનો સંભવ રહે છે. આ ઉપરથી જૈન મુખીઓએ આ વૃત્તિ રદ કરવા સૂરિજીને વિનવ્યા અને એમણે એનો નાશ કર્યો. આજે મૂળ કૃતિ કે એની વૃત્તિની હાથપોથી કોઈ સ્થળે હોય એમ જાણવામા નથી.

અનાગમિક કૃતિ નામે **પણ્હાવાગરણ**માં ૪૫ અક્ષરોને પાચ

---

૧ પાપશ્રુતના ૨૯ પ્રકારો **સમવાય** (સુત્ત ૨૯)મા દર્શાવાયા છે. જુઓ **પા૦ભા૦સા૦** (પૃ. ૧૬૯).

૨ જુઓ **કહાવલી**

વર્ગમા વિભક્ત કરાયા છે.[૧] આ ઉપરથી પ્રશ્નોના ઉત્તર અપાય છે. આ જાતની વિદ્યાને 'વર્ગકેવલિવિદ્યા' કહે છે. ઉપર્યુક્ત **વગ્ગકેવલિ-સુત્તમાં** આવી જાતની વિદ્યા હશે. **ચ૦પ્ર૦** (પૃ. ૫૮)મા **આમ** રાજાને શીખવા લાયક કળા તરીકે 'કેવલિ-વિદ્યાનો ઉલ્લેખ છે. શુ એને આ કૃતિ સાથે સંબંધ છે ખરો ?

(૧૫૫) શ્રાવકપ્રજ્ઞપ્તિવૃત્તિ

ઉમાસ્વાતિએ સંસ્કૃતમા **શ્રાવકપ્રજ્ઞપ્તિ** રચ્યાનું મુનિચન્દ્રસૂરિએ **ધર્મબિન્દુ** (અ ૩, સૂ. ૧૮)ની ટીકા (પત્ર ૩૫આ)મા કહ્યું છે એટલું જ નહિ, પણ એમાથી સંસ્કૃત અવતરણ પણ આપ્યું છે, પરંતુ આ કૃતિ હજી સુધી તો મળી આવી નથી. પાઇયમા જે કૃતિ છે તે જ જો અહી આથી અભિપ્રેત હોય તો એ બાબત પૃ. ૧૮૦–૧૮૧મા વિચારાઈ છે. વિશેષમા ઉમાસ્વાતિના નામે ચડાવાતી **શ્રાવકપ્રજ્ઞપ્તિ**-ની કોઈ વૃત્તિ જ જોવાજાણવામા નથી.

(૧૬૪) સંગ્રહણીવૃત્તિ

'[૨]સંગ્રહણી'થી **લઘુ-સંગ્રહણી** અને **બૃહત્-સંગ્રહણી** એ બે કૃતિઓ સામાન્ય રીતે સમજાય છે. તેમા હરિભદ્રસૂરિની ટીકા માટે તો **બૃહત્સંગ્રહણી** જ હોઈ શકે, કેમકે બીજી સંગ્રહણીના કર્તા તો એમના પછી લાંબે સમયે થયેલા છે.

---

૧ જુઓ **આ૦જ૦પ્ર૦** (ખડ ૨)નો ઉપોદ્ઘાત (પૃ ૬૬) તેમ જ **પા ભા સા.** (પૃ. ૧૭૦) આ બીજી કૃતિમા મે **વગ્ગકેવલિસુત્તનો વગ્ગકેવલી** તરીકે નિર્દેશ કર્યો છે.

૨ આ નામની વિવિધ કૃતિઓ વિષે મેં કેટલીક હકીકત "સંગહણી (સંગ્રહણી)" નામના મારા લેખમા આપી છે. આ લેખ "આ પ્ર." (પુ ૪૮, અ ૫)મા છપાયો છે આને અંગેનો મારો બીજો લેખ નામે "કેટલીક સંગહણી (સંગ્રહણી)" "આ પ્ર" (પુ ૫૭, અ. ૪)મા છપાયો છે

બૃહત્સંગ્રહણી એટલે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની જ૦. મ.મા ગા. ૪૧૯મા રચેલી કૃતિ. આના ઉપર **મલયગિરિસૂરિ**ની ટીકા છે. આ ટીકામા આ સૂરિએ **હરિભદ્રસૂરિ**કૃત વૃત્તિનો કોઈ સ્થળે ઉલ્લેખ કર્યો હોય એમ જણાતું નથી. **સુમતિગણિ**એ પ્રસ્તુત **હરિભદ્રસૂરિ**નો વૃત્તિકાર તરીકે નિર્દેશ કર્યો છે ખરો, પણ એનું સમર્થન કરનારુ કોઈ પ્રાચીન પ્રમાણ મળે છે? **જે૦ભાં૦ગ્રં૦સૂ૦** (પૃ. ૩૪)મા જે સંગ્રહણીવૃત્તિ **હારિભદ્રીય** કહી છે તે પ્રસ્તુત છે? એની હાથપોથી ૨૬ પત્રની છે.

અજૈન કૃતિનું વિવરણ

(૮૨) [1]**ન્યાયપ્રવેશકવ્યાખ્યા** યાને (૧૪૮ ઇ) **શિષ્યહિતા**

[2]**દિઙ્નાગે ન્યાયદ્વાર** રચ્યું છે. એને [જ૦ કેટલાક **ન્યાયસૂત્ર** કહે છે. એનો અભ્યાસ સુગમ થાય તે માટે **ન્યાયપ્રવેશક**ની રચના કરાઈ હતી. આ **ન્યાયપ્રવેશક**નો વિષય **મણિમેખલઈ** નામના તામિલ કૃતિના ૨૯મા પ્રકરણ સાથે સમાનતા ધરાવે છે. **ન્યાય-પ્રવેશક**ના કર્તા કોણ એ વિષે બે મત છે. [3]કેટલાક આધુનિક વિદ્વાનો એના કર્તા તરીકે **દિઙ્નાગ**નું નામ સૂચવે છે તો બીજા [4]કેટલાક આ **દિઙ્નાગ**ના શિષ્ય **શંકરસ્વામી**નું નામ સૂચવે છે.

---

૧ આ વ્યાખ્યાનુ સંસ્કૃત મૂળ અને પ્રસ્તુત વ્યાખ્યા ઉપરની **પાર્શ્વ-દેવગણિ**કૃત પંજિકા સહિતનું સંપાદન (સ્વ.) ડૉ. **આનંદશંકર ધ્રુવે** કર્યું છે અને એ "ગા. પૌ. ગ્રં."મા ઈ સ ૧૯૩૦મા પ્રસિદ્ધ થયેલ છે આ પૂર્વે ટિબેટી મૂળનું **વિધુશેખર** ભટ્ટાચાર્યે સંપાદન કર્યું હતુ એ મૂળ એમની પ્રસ્તાવના સાથે "ગા. પૌ. ગ્ર."મા ઈ સ ૧૯૨૭મા પ્રકાશિત થયેલ છે

૨ જુઓ "ઉપખંડ".

૩ ડૉ. **સતીશચન્દ્ર** વિદ્યાભૂષણ, **વિધુશેખર** ભટ્ટાચાર્ય અને ડૉ. **કીથ**

૪ પ્રો. ઉઈ, **સુગિઉર**, **ટુચ્ચિ**, **ટુબિઅન્સિક** અને **મિરોનોવ**

ચીની અને ટિબેટી સાધનો અનુસાર **ન્યાયપ્રવેશક**ને **ન્યાયપ્રવેશશાસ્ત્ર, પ્રમાણન્યાયપ્રવેશદ્વાર, પ્રમાણશાસ્ત્રન્યાયપ્રવેશ** અને **હેતુવિદ્યાતર્કશાસ્ત્ર** પણ કહે છે.

કર્તૃત્વ—ન્યાયપ્રવેશક ઉપર ૫૦૦ શ્લોક જેવડી વ્યાખ્યા પ્રસ્તુત હરિભદ્રસૂરિએ રચી છે, નહિ કે **સ**તીશચન્દ્ર વિદ્યાભૂષણે અને ડૉ ધ્રુવે કહ્યું તેમ એમના ઉત્તરવર્તી અન્ય હરિભદ્રે. પ્રસ્તુત હરિભદ્રસૂરિ એ **તત્ત્વસંગ્રહ** (શ્લો. ૧૨૩–૧૨૪) ઉપરની **પંજિકા** (પૃ ૬૬)મા નિર્દેશાયેલા આચાર્ય–સૂરિ છે એમ ડૉ. બી **ભટ્ટાચાર્યે** **તત્ત્વસંગ્રહ**ના અગ્રવચન (પૃ. ૭૫)મા કહ્યું છે. આ બાબત વિશેષ વિચારણાને પાત્ર છે.

શિષ્યહિતાની એક હાથપોથી વિ સં. ૧૨૦૧મા લખાયેલી છે. એ જેસલમેરના ભડારમા છે.

અવતરણો—શિષ્યહિતામા અવતરણો છે. એના પ્રતીકો મેં **અ૦જ૦૫૦**(ખંડ ૨)ના ઉપોદ્‌ઘાત (પૃ. ૬૭)મા આપ્યા છે. એ પૈકી પૃ. ૧૫ગત "स्वयमिति"થી શરૂ થતું અવતરણ **ન્યાયબિન્દુ** (પરિચ્છેદ ૩, પૃ. ¹૮૦)માનું છે. એવી રીતે પૃ. ૨૧માનું "तद्वेतत्"થી શરૂ થતુ અવતરણ **યોગસૂત્ર** (૩–૧૩)ના ઉપરના **વ્યાસ**કૃત ભાષ્યમાંનુ છે અને પૃ. ૩૫મા "असाधारणहेतु"થી શરૂ કરાયેલું અવતરણ 'ભદંત'ના નામે રજૂ કરાયું છે. આ 'ભદંત' તે **દિઙ્‌નાગ** તો નથી ?

ઉલ્લેખ—શાન્તરક્ષિતે વાદન્યાય ઉપર રચેલી વ્યાખ્યા (પૃ. ૧૪૨)મા **ન્યાયપ્રવેશ**નો ઉલ્લેખ છે.

---

૧ આ પૃષ્ઠાક **ધર્મોત્તર**કૃત ટીકા સહિત જે **ન્યાયબિન્દુ** "ચૌખંબા સસ્કૃત ગ્રથમાલા"મા ગ્રથાક ૨૨ તરીકે ઈ. સ ૧૯૨૪માં છપાવાયો છે તેને અંગેની આવૃત્તિ પ્રમાણેનો છે

પંજિકા—પાર્શ્વદેવગણિ આગળ ઉપર 'સૂરિ' બનતા **શ્રીચન્દ્રસૂરિ**'ને નામે પ્રસિદ્ધિ પામ્યા એમણે **શિષ્યહિતા** ઉપર વિ. સં. ૧૧૬૯મા સસ્કૃતમા [1]**પંજિકા** રચી છે

મહાનિસીહનો ઉદ્ધાર

પ્ર૦ચ૦ (પ્ર. ૯, શ્લો ૨૧૯) પ્રમાણે **મહાનિસીહ**નો ઉદ્ધાર હરિભદ્રસૂરિએ કર્યો હતો અહીં **મહાનિસીહ**ને 'જૈન ઉપનિષદ' કહેલુ છે. **મહાનિસીહ**મા કહ્યુ છે કે હરિભદ્રસૂરિએ પોતાની મતિને આધારે આ ગ્રંથ લખ્યો.[2] જિનપ્રભસૂરિએ **વિવિધતીર્થકલ્પ**મા 'મથુરાપુરીકલ્પ' (પૃ. ૧૯)મા કહ્યું છે કે **મહાનિસીહ**ના જે પાના ઉધઈ વડે ખવાઈ ગયા હતા તે પક્ષખમણ એટલે કે પંદર ઉપવાસ દ્વારા દેવતાનું આરાધન કરી જિનભદ્ર ક્ષમાશ્રમણે સાધ્યા.

હારિભદ્રીય કૃતિઓના વૃત્તિકારો

હરિભદ્રસૂરિની જેટલી કૃતિ મળે છે એ સર્વે સંસ્કૃત વૃત્તિથી વિભૂષિત નથી. જેટલી છે તેમાથી જે કૃતિઓને અંગે હરિભદ્રસૂરિએ પોતે વૃત્તિ રચી છે તેની નોધ મેં પૃ. ૧૮૪-૧૮૫મા લીધી છે. આમ હરિભદ્રસૂરિની આઠ કૃતિઓ સ્વોપજ્ઞ વૃત્તિથી અલંકૃત છે. એમની આ વૃત્તિઓ પૈકી **અ૦જ૦પ૦**ની વ્યાખ્યા તેમ જ **લલિતવિસ્તરા** ઉપર મુનિચન્દ્રસૂરિએ અનુક્રમે વિવરણ અને પંજિકા રચેલ છે.

જે કૃતિઓ સ્વોપજ્ઞ વૃત્તિ વિનાની છે તેમાની કેટલીક ઉપર તેમ જ **આવશ્યકલઘુવૃત્તિ** અને **ન્યાયપ્રવેશકવ્યાખ્યા** ઉપર સંસ્કૃતમા અનુક્રમે ટિપ્પણક અને પંજિકા જોવાય છે.

આ વૃત્તિકારોના નામ હુ અહી અકારાદિ ક્રમે આપુ છું :—

---

૧ આની એક હાથપોથી વિ. સં ૧૩૯૮મા લખાયેલી છે.

૨ જુઓ DCGCM (Vol. XVII, pt. 2, p 33).

અભયદેવસૂરિ	મુનિચન્દ્રસૂરિ
આગમોદ્ધારક (આનંદસાગરસૂરિ)	યશોભદ્રસૂરિ
ગુણરત્નસૂરિ	યશોવિજયગણિ (ન્યાયાચાર્ય)
જિનેશ્વરસૂરિ	રાજહંસ
જ્ઞાનવિમલસૂરિ	વર્ધમાનસૂરિ
દેવેન્દ્ર (?)	વિજયલાવણ્યસૂરિ
પાર્શ્વદેવગણિ (શ્રીચન્દ્રસૂરિ)	વિદ્યાતિલક (સોમતિલકસૂરિ)
પ્રભાનન્દસૂરિ	શિવમંડનગણિ
બ્રહ્મ-શાંતિદાસ	સંઘતિલકસૂરિ
મણિભદ્ર (?)	સાધુરાજગણિ
મલયગિરિસૂરિ	હેમચન્દ્રસૂરિ (?)
માનદેવસૂરિ	,, (મલધારી)*

અજૈનોની કૃતિઓ ઉપર હરિભદ્રસૂરિએ ટીકા રચી હોય તેવી કૃતિ તે નિશ્ચિત રૂપે **ન્યાયપ્રવેશક** છે. આ ટીકા ઉપર **પાર્શ્વદેવગણિની** પંજિકા છે.

ભાષાન્તરો

ગુજરાતી ભાષાંતરો—

હરિભદ્રસૂરિના કેટલાક ગ્રંથોના ગુજરાતીમા ભાષાતર થયા છે અને એ પ્રસિદ્ધ પણ થયા છે. એની નોંધ તો મેં તે તે ગ્રંથોનો પરિચય આપતી વેળા આપી છે ખરી, પરંતુ એ એક સ્થળે સામટી અપાય તો સારું એમ લાગવાથી એ ગ્રંથો તેમ જ એના ભાષાતરકારોના નામો અહી રજૂ કરું છુ:—

* જુઓ પુરવણી

ગ્રંથ	ભાષાંતરકાર
અનેકાંતવાદપ્રવેશ	પ્રો. મણિલાલ નભુભાઈ દ્વિવેદી
અષ્ટકપ્રકરણ (સટીક)	હીરાલાલ હંસરાજ
,,	ખુશાલદાસ જગજીવનદાસ
,, (અષ્ટક ૧૨)	હીરાલાલ ર. કાપડિયા
ઉવએસપય (ગા. ૧–૨૭) (સટીક)	?
જોગસયગ	ડૉ. ઇન્દુકલા હી. ઝવેરી
ધર્મબિન્દુ (સટીક)	?
,,	રામચન્દ્ર દીનાનાથ શાસ્ત્રી
,,	મણિલાલ ન. દોશી
નૃતત્ત્વનિગમ	?
પંચવત્થુગ	આગમોદ્ધારક
પંચાસગ (પં. ૧–૪)	પં. ચન્દ્રસાગરગણિ
,, (પં. ૨–૪)	પં. મેરુવિજયગણિ *
,, (પં. ૩)	ધી. ટો. શાહ
યોગદૃષ્ટિસમુચ્ચય	ડૉ. ભગવાનદાસ મ. મહેતા
યોગબિન્દુ	ઋદ્ધિસાગરસૂરિ
,,	પ્રો. મ. ન. દ્વિવેદી
લલિતવિસ્તરા	ડૉ. ભ. મ. મહેતા *
,, (ભા. ૧, શક્રસ્તવ)	પં. ભદ્રંકરવિજયગણિ*
,, (શક્રસ્તવ, અપૂર્ણ)	પં. ભાનુવિજયગણિ *
વીસવીસિયા (વી. ૧–૫)	પં ચન્દ્રસાગરગણિ
શાસ્ત્રવાર્તાસમુચ્ચય (સ્ત. ૧–૪)	પં. સુશીલવિજયગણિ
ષડ્દર્શનસમુચ્ચય	પ્રો. મ. ન. દ્વિવેદી

* આ ચિહ્નથી અંકિત નામવાળી વ્યક્તિ માટે જુઓ "પુરવણી".

ગ્રંથ	ભાષાંતરકાર
ષ૬. સ૦ (સટીક જૈનદર્શન)	પ. બેચરદાસ જી. દોશી[1]
ષોડશકપ્રકરણ (ષો. ૧–૮)	કેશવલાલ જૈન (?)
સંસારદાવાનલસ્તુતિ	હીરાલાલ ર. કાપડિયા વગેરે
સંબોહપયરણ	પં મેરુવિજયગણિ[2]
,, (પૃ ૧૩-૧૮)	પં. બેચરદાસ જી. દોશી

ઇટાલિયન ભાષાંતર—હરિભદ્રસૂરિકૃત **ધર્મબિન્દુનું** તેમ જ **લોકતત્ત્વનિર્ણયનું** ડૉ. સુઆલિને હાથે ઇટાલિયન ભાષામાં ભાષાંતર થયેલું છે.

હરિભદ્રસૂરિની **સંસારદાવાનલસ્તુતિ** સિવાયની એકે કૃતિનું સર્વાંશે [3]હિંદી, [4]અંગ્રેજી કે જર્મન ભાષામાં ભાષાંતર થયું હોય તો પણ એ પ્રસિદ્ધ થયું હોય એમ જણાતું નથી.

વિષયોનું વૈવિધ્ય—હરિભદ્રસૂરિએ વિવિધ વિષયોનું નિરૂપણ કર્યું છે. તેમાં ન્યાયને અંગે એમણે **અ૦જ૦પ૦**, **અનેકાન્તવાદપ્રવેશ**, **અનેકાન્તસિદ્ધિ** અને **સ્યાદ્વાદકુચોદ્યપરિહાર** રચ્યાં છે. દર્શનશાસ્ત્ર તરીકે એમણે **ધમ્મસંગહણી**, **લોકતત્ત્વનિર્ણય**, **શા૦વા૦સ૦** અને **ષડ્દર્શનસમુચ્ચયની** રચના કરી છે. યોગની રૂપરેખા એમણે **જોગસયગ**, **યો૦દ૦સ૦**, **યોગબિન્દુ** અને **ષોડશકપ્રકરણમાં** આલેખી છે ગૃહસ્થ-ધર્મ અને સાધુ-ધર્મનું સ્વરૂપ **ધર્મબિન્દુ** અને **પંચાસગમાં** અને સાધુ-ધર્મનું વિશિષ્ટ નિરૂપણ **પંચવત્થુગમાં** છે કથા-સાહિત્યના સર્જનરૂપે **સ૦ચ૦** અને **ધુત્તક્ખાણ** ગણાવી શકાય. **અષ્ટકપ્રકરણ** અને **વીસવીસિયા** એ

૧–૨ જુઓ "પુરવણી".

૩ જુઓ પૃ ૧૪૮.

૪ જુઓ પૃ ૧૬૭–૧૬૮.

અનેક પ્રકીર્ણક વિષયો ઉપર પ્રકાશ પાડે છે. **ઉવએસપય** આત્મોન્નતિના ઉપાયો સૂચવે છે. એ નૈતિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ ઉપયોગી કૃતિ છે.

સાહિત્યક્ષેત્રમાં ફાળો—હરિભદ્રસૂરિએ જેટલી કૃતિ રચી છે એ બધી મળતી નથી. કેટલીક અપૂર્ણ મળે છે અને કેટલીક એમના નામે ખોટી ચડાવાયેલી લાગે છે આ પરિસ્થિતિમા એમનો સાહિત્ય-ક્ષેત્રમા કેટલો ફાળો છે તેનો અ તિમ નિર્ણયાત્મક ઉત્તર આપી શકાય તેમ નથી છતા જે કૃતિઓ એમની નિર્વિવાદપણે ગણાય છે તેને લક્ષીને એ દરેકનું પરિમાણ અર્થાત્ ગ્રથાગ્ર રજૂ કરાય તો એ ઉપરથી એમની સાહિત્ય-સેવાનો આપણને થોડોઘણો પણ ખ્યાલ આવે. આથી હું એ નીચે મુજબ કૃતિના નામપૂર્વક આપુ છુ અને સાથે સાથે પદ્યાત્મક કૃતિના પદ્યોની સંખ્યા પણ નોધુ છુ:—

નામ	પદ્યસંખ્યા	ગ્રન્થાગ્ર
અનુયોગદ્વારવિવૃતિ	—	૩૦૦૦ (જૈ. ગ્ર.)
અનેકાતજયપતાકા	—	૩૫૦૦
અનેકાતજયપતાકોદ્દ્યોતદીપિકા	—	૮૨૫૦
અનેકાતવાદપ્રવેશ	—	૭૨૦
અનેકાતસિદ્ધિ	—	?
અષ્ટકપ્રકરણ	૨૫૮	૨૬૬
આત્મસિદ્ધિ	—	?
આવશ્યકસૂત્ર–બૃહદ્વૃત્તિ	—	૮૪૦૦૦
આવશ્યકસૂત્ર–વિવૃતિ	—	૨૨૦૦૦
ઉવએસપય	૧૦૩૯	૧૧૫૦
ચૈત્યવ દનસૂત્ર–વૃત્તિ (લ વિ)	—	૫૪૫
જ બુદ્દીવસ ગહણી	૩૦	
જીવાજીવાભિગમ–લઘુવૃત્તિ	—	૧૧૧૯૨

૧ પ **ભાં. ગ્રં. સૂ.** (પૃ ૧૨૩) પ્રમાણે ૧૨૦૦ છે.

નામ	પદ્યસંખ્યા	ગ્રન્થાગ્ર
જોગસયગ	૧૦૧	
[1]કુપકુપિકા	—	?
દંસણસુદ્ધિ (દરિસણસત્તરિ)	૭૦	
દશવૈકાલિક-ટીકા	—	૬૮૫૦
દ્વિજવદનચપેટા	—	?
ધમ્મસંગહણી	૧૩૯૬	૧૭૫૦ (જૈ. ગ્રં)
ધર્મબિન્દુ	૪૮ + સૂ. ૫૪૨	૨૭૩ (જૈ. ગ્રં)
ધર્મસારપ્રકરણ	—	?
ધર્મસારપ્રકરણ-ટીકા	—	?
ધુત્તક્ખાણ	૪૮૫	૬૦૨ (જૈ. ગ્ર)
નન્દ્યધ્યયન-ટીકા	—	૨૩૨૬
નાણાચિત્તપયરણ	૮૧	
નૃતત્ત્વનિગમ	૧૪૭	૧૭૦ (જૈ. ગ્રં.)
ન્યાયપ્રવેશક-વ્યાખ્યા	—	૫૦૦
ન્યાયવિનિશ્ચય	—	?
ન્યાયાવતારવૃત્તિ	—	?
પંચવત્થુગ	૧૭૧૪	૧૭૯૪ (જૈ. ગ્રં.)
પંચવસ્તુક-ટીકા	—	૫૦૫૦ (,,)
પંચસૂત્રક-વ્યાખ્યા	—	૮૮૦
પંચાસગ	૯૩૮	[2]૧૧૮૪
પિંડનિર્યુક્તિ-વિવૃતિ	—	?
પ્રજ્ઞાપના-ટીકા	—	૪૭૦૦
બોટિક-પ્રતિષેધ	—	૯૧

૧ આ ટીકા સાડા પાંચ અધ્યાયની-અ. ૬, સૂ. ૨૩ સુધીની જણાય છે.
૨ જુઓ **પ. ભાં. ગ્રં. સૂ.** (પૃ. ૫).

નામ	પદ્યસંખ્યા	ગ્રન્થાગ્ર
ભાવનાસિદ્ધિ	—	?
યોગદૃષ્ટિસમુચ્ચય	૨૨૬	
,, ,, -વૃત્તિ	—	૧૧૭૫
યોગબિન્દુ	૫૨૭	
લગ્નસુદ્ધિ	૧૩૩	
વર્ગકેવલિવૃત્તિ	—	?
વીસવીસિયા	૩૮૬	
શાસ્ત્રવાર્તાસમુચ્ચય	૭૦૦	
,, ,, -વૃત્તિ	—	૧૨૨૫૦
ષડ્દર્શનસમુચ્ચય	૮૭	
ષોડશક-પ્રકરણ	૨૫૭	૩૩૦
સંસારદાવાનલસ્તુતિ	૪	
સમરાઇચ્ચચરિય	—	૨ ૧૦૦૦૦
સંબોહપયરણ	૧૬૧૦	૨૦૫૪ (જૈ. ગ્રં.)
સર્વજ્ઞસિદ્ધિ	—	?
,, -ટીકા	—	?
સાવગધમ્મ	૧૨૦	
સાવગધમ્મસમાસ	૪૦૩	
,, ની ટીકા	—	?
સ્યાદ્વાદકુચોદ્યપરિહાર	—	?
હિંસાષ્ટક	૮	
,, -અવચૂરિ	—	?

૧ જૈ. ગ્રં.માં ૭૦૦૦ની નોંધ છે તે વિચારણીય છે

૨ જુઓ જે. ભાં. ગ્રં. સૂ. (પૃ. ૨૧)

અહીં જે ગ્રંથાગ્ર મેં આપેલ છે તે સંબંધમાં કેટલીક વાર ભિન્ન ઉલ્લેખ પણ જોવાય છે, પણ એથી અંદાજને વાંધો આવતો નથી. ઉપર્યુક્ત ગણતરી પ્રમાણે હરિભદ્રસૂરિએ ઓછામા ઓછા દોઢ લાખ શ્લોક રચ્યા છે વિનયવિજયગણિએ બે લાખ કરતા વિશેષ શ્લોક રચ્યાનું કહેવાય છે.[૧] ન્યાયાચાર્ય યશોવિજયગણિએ તો બે લાખ જેટલું લખાણ કેવળ ન્યાયને અંગે જ કર્યું છે એમ એમના એક મુદ્રિત થયેલા [૨]કાગળ ઉપરથી જણાય છે. ‘ કલિકાલસર્વજ્ઞ ’ હેમચન્દ્રસૂરિએ સાડા ત્રણ કરોડ શ્લોકો જેટલી રચના કર્યાનું કેટલાક કહે છે. ત્રણેક લાખ શ્લોક જેટલુ લખાણ તો આજે પણ મળે છે એમ કહેવાય છે લગભગ અડધા લાખ શ્લોક જેટલી રચના તો આધુનિક યુગમા આગમોદ્ધારકને હાથે પણ થઈ છે.

નિષ્કર્ષ

આ પ્રમાણે હરિભદ્રસૂરિની વિવિધ કૃતિઓનુ સંક્ષિપ્ત અવલોકન પૂરુ થાય છે એટલે એના નિષ્કર્ષરૂપે હું નીચે મુજબની ૪૮ બાબતો રજૂ કરું છું :—

૧. **અભયદેવસૂરિ** અને એમની પછીના કેટલાક આચાર્યોને મતે હરિભદ્રસૂરિએ લગભગ ૧૪૦૦ ગ્રંથો રચ્યા છે, છતા આજે તો એના ચોદમા ભાગના—આશરે સો ગ્રંથના જ નામ ગણાવી શકાય તેમ છે.

૨. હરિભદ્રસૂરિની કૃતિ તરીકે કેટલીક વાર એમના પછી થયેલા—વિ. સં ૧૧૫૦ની આસપાસમા થયેલા અન્ય હરિભદ્રસૂરિની કૃતિ ગણાવાય છે અને તે ઉચિત નથી હરિ, હરિપ્રભ, હરિષેણ ને હર્ષકુલ જેવાની કૃતિને હારિભદ્રીય કહેવી તે ભૂલ છે.

---

૧ **સુજશવેલીભાસ**ની પ્રસ્તાવના (પૃ. ૭)મા મો દ. દેશાઈએ આ હકીકત આપી છે.

૨ આ કાગળ **ગૂર્જર સાહિત્ય સંગ્રહ** (ભા. ૨)માં છપાયો છે. તેમા પૃ. ૧૧૪મા બે લાખ શ્લોકની હકીકત છે.

૩. હરિભદ્રસૂરિએ જે કૃતિઓ રચ્યાના પ્રામાણિક ઉલ્લેખ મળે છે તે બધી યે આજે મળતી નથી. જેટલી મળે છે તેમાં પણ **કુપકુપિકા** અપૂર્ણ છે અને **પંચાસગ** ને **વીસવીસિયા**મા નહિ જેવો ભાગ ખૂટતો જણાય છે.

૪. હરિભદ્રસૂરિની કેટલીક કૃતિઓ 'વિરહ' અંક વડે અંકિત છે.

૫. હરિભદ્રસૂરિએ કેટલીક કૃતિના નામ બૌદ્ધ કૃતિઓના નામ ઉપરથી યોજ્યા હોય એમ લાગે છે. જો એમ ન જ હોય તો એ વાત તો સાચી જ છે કે એમની કેટલીક કૃતિનાં નામ બૌદ્ધ કૃતિઓનાં નામનું સ્મરણ કરાવે છે.

૬. હરિભદ્રસૂરિનો ઉપલબ્ધ કૃતિકલાપ સંસ્કૃત અને પાઇયમા– જ૦ મ૦મા રચાયો છે અને તેમા પણ વિશેષ ભાગ સંસ્કૃતમા છે.

૭. હરિભદ્રસૂરિનુ સંસ્કૃત અને પાઇય એમ બંને ભાષા ઉપર અસાધારણ પ્રભુત્વ જોવાય છે.

૮. હરિભદ્રસૂરિએ સ્વતંત્ર તેમ જ વિવરણાત્મક કૃતિઓ રચી છે.

૯. હરિભદ્રસૂરિએ અનેક વિષયો ઉપર કૃતિઓ રચી છે. તેમાં તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિ ઉપર એમણે વિશેષ લક્ષ્ય આપ્યું છે.

૧૦. હરિભદ્રસૂરિએ છંદ, વ્યાકરણ કે અલંકારને લગતી કોઈ કૃતિ રચી હોય એમ જણાતુ નથી. કોઈ નાટક પણ રચ્યું દેખાતું નથી. રૂપકાત્મક કથા પણ આલેખી હોય એમ જાણવામાં નથી.

૧૧. સિદ્ધસેન દિવાકરે દાર્શનિક દ્વાત્રિંશિકાઓ દ્વારા સર્વ દર્શનોનો સંગ્રહ કરવાનુ જે બીજ વાવ્યુ હતુ તેને પલ્લવિત, પુષ્પિત અને ફલિત કરવાનું કાર્ય હરિભદ્રસૂરિએ **ષડ્દર્શનસમુચ્ચય** અને **શાસ્ત્રવાર્તાસમુચ્ચય** એમ બે કૃતિઓ રચી ચરિતાર્થ કર્યું છે.

૧૨. **શાસ્ત્રવાર્તાસમુચ્ચય** એ હરિભદ્રસૂરિની સર્વ ધર્મ પ્રત્યે

મધ્યસ્થ ભાવના રાખી વિવિધ દર્શનોના સમન્વય કરી સત્ય પ્રકાશિત કરવાની તીવ્ર અને ઉદાત્ત ભાવનાનો આબેહૂબ ચિતાર ખડો કરે છે.

૧૩. **મહાનિસીહ**ના ઉદ્ધારમા હરિભદ્રસૂરિનો પણ હાથ છે.

૧૪. હરિભદ્રસૂરિનુ રચેલુ મનાતું **ધુત્તક્ખાણ** એ બ્રાહ્મણોની-પૌરાણિકોની ઉપલક દૃષ્ટિએ હાસ્યાસ્પદ જણાતી માન્યતાઓ ઉપર વિનોદપૂર્વક સચોટ ચાબખા મારવાની કળાનો બેનમૂન નમૂનો છે.

૧૫. હરિભદ્રસૂરિની સંસ્કૃતમા સર્વાંગે 'આર્યા' છંદમા રચાયેલી કોઈ કૃતિ હોય તો તે **ષોડશક-પ્રકરણ** છે.

૧૬. હરિભદ્રસૂરિએ પોતાની કૃતિઓ ઉપર, જૈન આગમાદિ ઉપર તેમ જ બૌદ્ધ ગ્રંથ ઉપર સંસ્કૃતમાં વિવરણો રચ્યા છે.

૧૭. જૈન આગમો ઉપર જે સંસ્કૃત ટીકાઓ આજે મળે છે તે પૂર્વે **આવસ્સય** જેવા ઉપર તો અન્યની ટીકા હતી એમ લાગે છે. એવી ટીકાને બાજુએ રાખતા એ કાર્યમા પહેલ કરવાનુ માન હરિભદ્રસૂરિને ફાળે જાય છે. ઉપલબ્ધ સંસ્કૃત ટીકાઓમા તો એમની જ ટીકા અગ્રિમ સ્થાને છે.

૧૮. આગમો ઉપર હરિભદ્રસૂરિએ ટીકા રચી છે ખરી, પરંતુ એ પૈકી એકે અંગ કે એકે છેયસુત્ત ઉપર ટીકા રચી જણાતી નથી. ઉવંગ ઉપર અને મૂલસુત્ત અને બન્ને ચૂલિયાસુત્ત ઉપર એમણે ટીકા રચી છે.

૧૯. **ચેઇયવન્દણસુત્ત** (ચૈત્યવન્દનસૂત્ર) ઉપર સૌથી પ્રથમ વૃત્તિ કોઈની મળતી હોય તો તે હરિભદ્રસૂરિની છે.

૨૦. હરિભદ્રસૂરિએ એમની [1]ચાર વૃત્તિઓનું નામ **શિષ્યહિતા** અને એકનું નામ **શિષ્યબોધિની** રાખ્યુ છે અને આવુ નામ આપનાર તરીકે એઓ જૈન મુનિવરોમા પ્રથમ હોય એમ લાગે છે.

---

૧ **અણુઓગદાર, આવસ્સય, ન્યાયપ્રવેશક** અને **પંચવત્થુગ** એ ચાર કૃતિની વૃત્તિ પૈકી પ્રત્યેકનુ નામ **શિષ્યહિતા** છે.

૨૧. ચૈત્યવંદનની વિધિ દર્શાવનારી આદ્ય ઉપલબ્ધ કૃતિ તે **લલિતવિસ્તરા** છે એમ આગમોદ્ધારકનું કહેવુ છે.

૨૨. હરિભદ્રસૂરિએ જે કૃતિઓ ઉપર વૃત્તિ રચી છે તેમાની કેટલીકને 'લઘુવૃત્તિ' તો કેટલીકને 'બૃહદ્વૃત્તિ' તરીકે ઓળખાવાય છે, પરંતુ આથી કરીને એમણે આ દરેક કૃતિને બબ્બે વૃત્તિઓથી વિભૂષિત કરી છે એમ સમજવાનુ કે માનવાનું નથી

૨૩ હરિભદ્રસૂરિએ જે કૃતિઓ ઉપર વૃત્તિ રચી છે એમાની કોઈ કોઈ ઉપર વિવરણ જોવાય છે. આમ એમની કેટલીક કૃતિઓ જાણે પલ્લવિત તેમ જ પુષ્પિત બની છે.

૨૪. હરિભદ્રસૂરિની જે કૃતિઓ સ્વોપજ્ઞ વૃત્તિ વડે વિભૂષિત નથી તેમાની કેટલીક ઉપર ઉત્તરવર્તી મુનિવરોએ વૃત્તિ રચી છે. આમા **મુનિચન્દ્રસૂરિ**, **મલયગિરિસૂરિ**, ન્યાયાચાર્ય **યશોવિજયગણિ** અને આગમોદ્ધારકનો ફાળો મહત્ત્વનો છે.

૨૫ હરિભદ્રસૂરિએ પોતાની કેટલીક કૃતિઓના પ્રવેશદ્વારની ગરજ સારે એવી કૃતિઓ રચી એમની કૃતિઓના સંક્ષેપરૂપે કૃતિઓ યોજવાનો માર્ગ અન્ય પ્રણેતાઓને સુઝાડ્યો છે. આનો લાભ લેવામા ન્યાયાચાર્ય **યશોવિજયગણિ** મોખરે હોય એમ **ઉવએસરહસ્સ** અને **મગ્ગપરિક્ખા** જેવી કૃતિ જોતા લાગે છે. આ ગણિવરે હરિભદ્રસૂરિની વિવિધ વિષયને અંગેની કૃતિઓનુ આકંઠ પાન કરી એનો રસાસ્વાદ કેવળ સંસ્કૃતજ્ઞો કે પ્રાકૃતજ્ઞો જ પૂરતો મર્યાદિત ન રાખતાં એ ગુજરાતી ભાષાભાષીઓને પણ એક યા બીજી રીતે કરાવ્યો છે. આને લઈને એમનું '[1]લઘુ હરિભદ્ર' તરીકેનું ઉપનામ સાર્થક બને છે

---

૧ **હીરવિજયસૂરિ**ના શિષ્ય **કીર્તિવિજયગણિ**ના શિષ્ય **કાંતિવિજયે** વિ. સં. ૧૭૪૫ પછી તરત જ રચેલી મનાતી કૃતિ નામે **સુજશવેલીભાસ** (પૃ. ૨૯)માં આ પ્રમાણેનો નિર્દેશ છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

૨૬. હરિભદ્રસૂરિની વિદ્વત્તાના પ્રમાણમા એમની ઘણી જ થોડી કૃતિઓનો પ્રાદેશિક ભાષામાં અનુવાદ થયો છે. એમની બે કૃતિનો ઇટાલિયન ભાષામા અનુવાદ થયો છે, પરંતુ હિંદી, અંગ્રેજી કે જર્મનમા એક પણ મહાકાય કૃતિનો પણ સર્વાંશે થયો હોય એમ જણાતુ નથી.

૨૭. હરિભદ્રસૂરિએ જેટલી સંખ્યામાં ગ્રંથો રચ્યાનું કહેવાય છે એટલી મોટી સંખ્યા અન્ય કોઈ જૈન ગ્રંથકારને અંગે પ્રઘોષરૂપે પણ નિર્દેશાઈ નથી. ઉમાસ્વાતિને પણ ૫૦૦ જ પ્રકરણોના પ્રણેતા તરીકે ઓળખાવાયા છે.

૨૮. હરિભદ્રસૂરિની પૂર્વેનુ ઉપલબ્ધ સાહિત્ય જોતા એ જે જે ગ્રંથકારનું જેટલું મળે છે તેને હિસાબે હારિભદ્રીય કૃતિકલાપનું પરિમાણ અધિક છે.

૨૯. ભારતીય દર્શનોમા ચાર્વાક દર્શનને પણ એક દર્શન તરીકે દર્શાવનાર તરીકે હરિભદ્રસૂરિ લગભગ આદ્ય સ્થાન ભોગવે છે.

૩૦. ઉપલબ્ધ સાહિત્ય જોતાં યોગના સંબંધમા આઠ દૃષ્ટિની બાબત રજૂ કરી નવો ચીલો પાડનારા તરીકે હરિભદ્રસૂરિ પ્રથમ છે.

૩૧. કેવલજ્ઞાન અને કેવલદર્શનરૂપ બે ઉપયોગવાદને અંગેના ત્રણ મતોના પુરસ્કર્તા તરીકે જિનભદ્ર, સિદ્ધસેન અને વૃદ્ધાચાર્યનો ઉલ્લેખ સૌથી પ્રથમ કરનાર કોઈ હોય તો તે હરિભદ્રસૂરિ છે.

૩૨. પદાર્થ, પદવિગ્રહ, ચાલના અને પ્રત્યવસ્થાન એ સુપ્રસિદ્ધ

"લઘુ બાંધવ હરિભદ્રનો, 'કલિ' યુગમા એ થયો બીજો રે"

—ઢાલ ૪, કડી ૪

આ કૃતિ (ઢા ૧)ની નિમ્નલિખિત પંક્તિમા યશોવિજયગણિ બીજા હેમચન્દ્રસૂરિ થશે એમ કહ્યુ છે —

"યોગ્ય પાત્ર વિદ્યા તણું જી, થાસ્યે એ બીજો હેમ. ૧૬"

સંજ્ઞાઓને સ્થાને વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ એવી અભિનવ સંજ્ઞાઓ હરિભદ્રસૂરિની પૂર્વે કોઈ મુનિવરે યોજી હોય તો તે જાણવામા નથી.

૩૩. **સમ્મઇ-પયરણ** ઉપર **મલ્લવાદીએ** ટીકા રચી હતી એ બાબતનો સૌથી પ્રથમ નિર્દેશ કરનાર હરિભદ્રસૂરિ છે.

૩૪. **સીમ**ધરસ્વામીએ સંઘ ઉપર ભેટ તરીકે એક ચૂલિકા મોકલ્યાની વાત રજૂ કરનાર તરીકે હરિભદ્રસૂરિ પ્રથમ છે. બાકી **સીમ**ંધર તીર્થંકરનો ઉલ્લેખ તો **વસુદેવહિંડી**ગત પેઢિયા (પૃ. ૮૪)મા છે અને એ કૃતિ તો એમની પૂર્વે રચાઈ છે.

૩૫ છેયસુત્ત અને મૂલસુત્તની સંખ્યા અનુક્રમે ૭ અને ચારની દર્શાવનાર તરીકે હરિભદ્રસૂરિ પ્રથમ છે.

૩૬. ધર્મની પરીક્ષા સુવર્ણની જેમ કષ, તાપ અને છેદ દ્વારા કરવાની બાબત રજૂ કરનાર જૈન તરીકે હરિભદ્રસૂરિ પ્રથમ હોય એમ ઉપલબ્ધ જૈન સાહિત્ય જોતા જણાય છે. આ બાબતનો વિવિધ કૃતિઓમા ઉલ્લેખ કરનાર તરીકે તો એઓ અદ્વિતીય સ્થાન ભોગવે છે. એમની આ મનોદશા સત્યની ગવેષણા માટેની એમની તાલાવેલી સૂચવે છે અને મુમુક્ષુએ ગમે તે ધર્મનો–કહેવાતા ધર્મનો સ્વીકાર ન કરવો જોઈએ એની એઓ આ દ્વારા ચેતવણી આપે છે.

૩૭. **સમરાઇચ્ચચરિય** એ હરિભદ્રસૂરિની ઉત્તમ કવિ તરીકેની ગણના કરાવવા માટે પર્યાપ્ત સાધન છે

૩૮ ન્યાયોનો નિર્દેશ કરનારા જૈન ગ્રંથકારોમા હરિભદ્રસૂરિ સૌથી પ્રથમ હોય એમ જણાય છે.

૩૯. સમર્થવાદી હરિભદ્રસૂરિની સમન્વય-શૈલી મિથ્યાભિમાની વાદીઓના વાદ–જ્વરનો, હઠિલાઓના હઠજ્વરનો અને જિજ્ઞાસુના મોહ–જ્વરનો નાશ કરનારુ રામબાણ રસાયન છે.[1]

1 **શા. વા. સ.** (શ્લો ૧૯૪–૨૧૦)ગત સર્જનહાર વિષેનું વક્તવ્ય.

૪૦. હરિભદ્રસૂરિની કૃતિઓ એટલે શાસ્ત્રીય પ્રત્યેક વિષયનું યથેષ્ટ, સચોટ અને પર્યાપ્ત જ્ઞાન મેળવવાનું ઉત્તમ સાધન.

૪૧. જે વસ્તુ પોતે સમજતા હોય તે અન્યને શાતપણે અને મધ્યસ્થભાવે સમજાવવાની કળામા હરિભદ્રસૂરિ સિદ્ધહસ્ત છે.[૧]

૪૨. **સમ્યક્ત્વસપ્તતિકા** તરીકે ઓળખાવાતી કૃતિ જો હારિભદ્રીય જ હોય તો તેની ગા. ૫–૬, **સમરાઇચ્ચચરિય**ના ઉદ્બોધક પદ્યો તેમ જ **ધુત્તક્ખાણ** પણ જો હારિભદ્રીય જ હોય તો એના બાર અવતરણો મૂળે કઈ કઈ કૃતિના છે અને એના પ્રણેતાનાં નામ શા છે તે વિચારાય અને સાથે સાથે એમની અન્ય કૃતિઓમાના અવતરણો એકત્રિત કરી એ સર્વેના મૂળ પણ નક્કી થાય તો એમના સમય વિષેનો નિર્ણય સર્વમાન્ય બને.

૪૩ હરિભદ્રસૂરિએ શતમુખી પ્રતિભા દ્વારા જે જે ગ્રથો રચ્યા છે તેથી જૈન જ સાહિત્ય ગૌરવાકિત બન્યુ છે એમ નહિ, પરંતુ ભારતીય સસ્કૃત અને પાઇય સાહિત્ય તેવું બન્યું છે– એનું પણ મુખ એથી ઉજ્જવલ થયું છે.

૪૪. હરિભદ્રસૂરિના ગ્રંથોના સપાદનમા મુખ્ય ફાળો આગમોદ્ધારકનો છે.

૪૫. હરિભદ્રસૂરિની કૃતિઓની વૃત્તિ જ રચનારા કે એને આધારે સક્ષેપાત્મક રચના યોજનારા જ એમના પ્રશસક છે એમ નહિ, પરંતુ **દાક્ષિણ્યચિહ્નસૂરિ** અને **સિદ્ધર્ષિ** જેવા પ્રાચીન સમયના શ્રમણવર્યોએ અને તીર્થોદ્ધારક વિજયનેમિસૂરિ અને આગમોદ્ધારક આનન્દસાગરસૂરિ જેવા આધુનિક મુનિવરોએ પણ એમના યશોગાન ગાયાં છે. એમા હુ પણ મારો નમ્ર સૂર પૂરું છું.

૪૬ હરિભદ્રસૂરિના જેટલા ગ્રથો આજે ઉપલબ્ધ છે એ પૈકી

---

૧ જુઓ પ. બેચરદાસનુ "**જૈન દર્શન**" (પૃ. ૩૧)

કોઈ કોઈનો તો વાસ્તવિક અને સાંગોપાંગ અભ્યાસ કરવા માટે સારી યે જિંદગી વ્યતીત કરવી પડે એટલો એમાં મહત્ત્વપૂર્ણ અને વૈવિધ્યશાળી ભંડાર ભરેલો છે.

૪૭. આજનો શ્રમણ-સંઘ અધ્યાત્મ, યોગ અને ધર્મની બાબતમાં હરિભદ્રસૂરિનો ઋણી છે.

૪૮. તીર્થોદ્ધારકાદિના શિષ્ય-સમુદાયમાં હારિભદ્રીય કૃતિકલાપના પઠનપાઠન પર વિશેષ લક્ષ્ય અપાય છે એ આનંદની વાત છે.

આ પ્રમાણે જ્યારે હરિભદ્રસૂરિના ગ્રંથોનું મૂલ્ય અમૂલ્ય છે ત્યારે સામાન્ય જનતા પણ એનો યથેષ્ટ લાભ લઈ શકે તેવી વ્યવસ્થા થવી ઘટે. એના આધુનિક ભિન્ન ભિન્ન ભાષાઓમાં ઉત્તમ કોટિના અનુવાદો પ્રસિદ્ધ થાય તો આ મહત્ત્વના ગ્રંથોની ઉપયોગિતા વિશેષતઃ ફળે.

ઉપખંડ : સમીક્ષા

(૧) હરિભદ્રસૂરિએ નિર્દેશેલા ગ્રંથો અને ગ્રંથકારો

હરિભદ્રસૂરિએ અનેક ગ્રંથોનું સર્જન કર્યું છે અને એ દ્વારા એમણે વિવિધ ગ્રંથો અને ગ્રંથકારોનો ઉલ્લેખ કર્યો છે આ ઉપરથી આપણને એક તો એમના અભ્યાસના ક્ષેત્રની વિપુલતાનો ખ્યાલ આવે છે અને બીજી રીતે વિચારતા આ નામોલ્લેખ એમના સમય-નિર્ણયનું મહત્ત્વનું અને સર્વમાન્ય સાધન પૂરું પાડે છે આ પ્રમાણે આ નામ-નિર્દેશ ઉપયોગી હોવાથી હું એ નામો પૈકી કેટલાક વિશિષ્ટ નામો વિષે થોડીક માહિતી આપવા લલચાયો છું. સૌથી પ્રથમ તો હુ નિમ્ન-લિખિત ૧૪ ગ્રંથોની આછી રૂપરેખા આલેખીશ :—

(૧) **પ્રમાણમીમાંસા**, (૨-૩) **પ્રિયદર્શના** અને **વાસવ-દત્તા**, (૪) **યોગનિર્ણય**, (૫) **રેવણાઇકવ્વ**, (૬) **વાક્યપદીય**, (૭) **વાર્તિક**, અર્થાત્ **પ્રમાણવાર્તિક**, (૮) **વિંશિકા**, (૯) **વૃદ્ધગ્રંથ**, (૧૦) **શિવધર્મોત્તર**, (૧૧) **સમ્મઇપયરણ**, (૧૨) **સમ્મઇપયરણ**ની ટીકા, (૧૩) **સ્યાદ્વાદભંગ** અને (૧૪) **હેતુબિન્દુ**.

(૧) પ્રમાણમીમાંસા

અ૦જ૦પ૦ના પાંચમા અધિકારે (પૃ ૬૮)મા તેમ જ એની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ ૬૮)મા આ ગ્રંથનો હરિભદ્રસૂરિએ ઉલ્લેખ કર્યો છે. એના કર્તા તરીકે મૂળમા 'અમારા ગુરુ' એવો ઉલ્લેખ છે, જ્યારે એની સ્વોપજ્ઞ વ્યાખ્યામા 'પૂર્વાચાર્ય' એમ કહ્યું છે. આથી એમ જણાય છે કે **પ્રમાણમીમાંસા**ના કર્તા હરિભદ્રસૂરિના સાક્ષાત્ ગુરુ નથી, પરંતુ એમનો આ ગ્રંથ એમને ઉપયોગી થઈ પડચો હશે

એટલે એઓ એમને 'ગુરુ' તરીકે સંબોધે છે. એ ગમે તે હો, **પ્રમાણ-મીમાંસા**ના કર્તા કોઈ જૈન આચાર્ય છે અને તે પણ 'શ્વેતાંબર' છે એમ લાગે છે.

પ્રમાણમીમાંસા નામનો જે ગ્રંથ હરિભદ્રસૂરિએ નોંધ્યો છે તેની એકે હાથપોથી હજી સુધી તો મળી આવી નથી. પૃ. ૬૮માં જે અવતરણનો પ્રારંભ કરી પૃ. ૭૧મા જે પૂર્ણ કરાયું છે તે આ **પ્રમાણ-મીમાંસા**નું હશે, જો કે એ આપતા પહેલા નીચે મુજબનો ઉલ્લેખ હરિભદ્રસૂરિએ કર્યો છે:—

" निर्णीतमेतदस्मद्‌गुरुभि प्रमाणमीमांसादिषु "

હરિભદ્રસૂરિની પૂર્વે રચાયેલા **પ્રમાણમીમાંસા** નામના ગ્રંથની કોઈએ નોંધ લીધી છે કે કોઈએ એમાંથી અવતરણ આપ્યું છે ખરું?

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ [1]**પ્રમાણમીમાંસા** નામની કૃતિ રચી છે અને એ જેટલી મળી તેટલી છપાવાઈ છે. શું એમણે આ અનુપલબ્ધ ગ્રંથ જોયો હશે? શું એ જોઈને એમણે પોતાની કૃતિનું આ નામ યોજ્યું હશે? શું આ એમની છેલ્લી કૃતિ હોવાથી એ અપૂર્ણ રહેવા પામી છે?

---

૧ બીજા અધ્યાયના પહેલા આહ્નિકના ૩૫ સૂત્રો—એકંદર સો સૂત્રો અને એને લગતી સ્વોપજ્ઞ વૃત્તિ અને ૩૬મા સૂત્રની ઉત્થાનિકા પૂરતી વૃત્તિ જેટલો વિભાગ "સિ જૈ. ગ્ર."મા ઇ. સ. ૧૯૩૯મા છપાયો છે. બાકીનો વિભાગ અનુપલબ્ધ છે.

મોતીલાલ લાધાજી તરફથી "આર્હત મત પ્રભાકર"મા મયૂખ ૧ તરીકે **પ્રમાણમીમાંસા** સ્વોપજ્ઞ વૃત્તિ સહિત આ પૂર્વે **વીરસંવત્** ૨૪૫૨ (= ઈ સ ૧૯૨૫)મા પ્રસિદ્ધ કરાઈ હતી એના કરતાં આ નવીન પ્રકાશન અભ્યાસીને વિશેષ ઉપયોગી બન્યું છે.

(૨-૩) [૧]**પ્રિયદર્શના** અને **વાસવદત્તા**

આવસ્સયના ઉપરની ઉપલબ્ધ **શિષ્યહિતા** નામની ટીકા (પત્ર ૧૦૭અ)મા નિર્દેશ-દ્વાર સમજાવતા હરિભદ્રસૂરિએ **પ્રિય-દર્શના** અને **વાસવદત્તા**નો ઉલ્લેખ કર્યો છે. આ **પ્રિયદર્શના** એ **નાગાનન્દ** અને **રત્નાવલી**ના કર્તા હર્ષની કૃતિ છે. હર્ષ એ 'સ્થાનેશ્વર'નો રાજા હતો. એનુ મૃત્યુ ઇ. સ. ૬૪૮મા થયુ હતુ. સ્વ. કેશવ હર્ષદ ધ્રુવે **પ્રિયદર્શના**નો **વિન્ધ્યવનની કન્યકા કિંવા પ્રિયદર્શના** એ નામથી ગુજરાતીમા [૨]અનુવાદ કર્યો છે. એની પ્રસ્તાવના (પૃ. ૭૬, ટિ.)મા એમણે **પ્રિયદર્શના**નો રચના-સમય ઇ. સ. ૬૧૮ની આસપાસનો દર્શાવ્યો છે. **પ્રિયદર્શના** અને **રત્નાવલી** એ બે નાટિકાઓને ભગિની (sister-plays) તરીકે વિદ્વાનો ઓળખાવે છે.

જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે **વિસેસા**૦ (ગા. [૩]૧૫૦૮)મા નિર્દેશ-દ્વાર સમજાવતી વેળા **વાસવદત્તા** અને **તરંગવઈ** (સં. તરંગવતી)નો ઉલ્લેખ કર્યો છે. એથી પ્રશ્ન સ્ફુરે છે કે શુ **પ્રિયદર્શના**ની રચના આ ક્ષમાશ્રમણના જીવનકાળ દરમ્યાન નહિ થઈ હશે કે જેથી એમણે એનો ઉલ્લેખ ન કર્યો ?

હર્ષની કૃતિને કેટલાક **પ્રિયદર્શના** ન કહેતા **પ્રિયદર્શિકા** કહે છે. પણ ખરુ નામ **પ્રિયદર્શના** જ છે એમ જે કેટલાક વિદ્વાનો માને છે તે વાતને હુ સંમત છુ.

---

૧ મા એન ৩ સુરુ દ્વારા આ નામથી સંપાદિત આ કૃતિ છપાવાઈ છે.

૨ આ અનુવાદ કેશવ હર્ષદ ધ્રુવે છપાવ્યો છે

૩ કોટ્યાચાર્યની વૃત્તિવાળી **વિસેસા**૦ની આવૃત્તિમા આનો ક્રમાંક ૧૫૧૯ છે

વાસવદત્તા—પતંજલિએ આ નામની કૃતિ કે પછી આને અંગેની કથાની નોંધ **અષ્ટાધ્યાયી** (૪-૩-૮૭૨) ઉપરના એમના **મહાભાષ્ય**મા લીધી છે. એ જ કૃતિનો નિર્દેશ જિનભદ્રગણિએ કે હરિભદ્રસૂરિએ કર્યો હોય એમ લાગતું નથી. સુબંધુએ જે **વાસવદત્તા** રચી તે એમને અભિપ્રેત હોય એમ જણાય છે. સુબંધુનો સમય ઇ. સ ૩૭૫–૪૨૫નો છે એમ કેટલાક વિદ્વાનોનુ કહેવું છે.

(૪) યોગનિર્ણય

યો૦ દ૦ સ૦ (શ્લો. ૧)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૨અ)માં યોગવિષયક વિસ્તૃત કૃતિનો નિર્દેશ કરતી વેળા આ **યોગનિર્ણય** અને સાથે સાથે **ઉત્તરાધ્યયન**નો ઉલ્લેખ છે. **યોગનિર્ણય**ના કર્તા જૈન અને તે પણ 'શ્વેતાંબર' આચાર્ય હશે એમ લાગે છે.

આ **યોગનિર્ણય**મા મિત્રા ઇત્યાદિ આઠ દૃષ્ટિનુ નિરૂપણ હશે કે પાચ સમિતિ અને ત્રણ ગુપ્તિ જેવા વિષયની ચર્ચા હશે કે અન્ય કોઈ રીતે જ યોગનું આલેખન હશે તેનો નિર્ણય કરવો બાકી રહે છે. એ નિર્ણય તો **યોગનિર્ણય**ની કૃતિ જે અત્યારે તો લુપ્ત થયેલી મનાય છે તે મળી આવે તો અથવા તો એના ઉપર પ્રકાશ પાડનાર ઉલ્લેખ મળી આવે તો થઈ શકે.

(૫) રેવણાકવ્વ

ધમ્મસંગહણી (ગા. ૧૧૫૯)મા આનો ઉલ્લેખ છે. રસ્તે જનાર 'રથ્યાપુરુષ'ની કૃતિ એ કઈ પ્રમાણભૂત નથી એ દર્શાવવા **રેવણાકવ્વ**નો નિર્દેશ કરાયો છે. **મલયગિરિસૂરિ** એમની વૃત્તિ (પત્ર ૩૮૫આ)મા રેવણ વગેરેએ રચેલ કાવ્ય એમ આનો અર્થ સમજાવે છે. **ષ૦ સ૦** ઉપર વિદ્યાતિલકે ઉર્ફે **સોમતિલકસૂરિ**એ જે

ટીકા રચી છે તેમા એમણે બીજા પદ્યની ટીકા (પૃ. ૮)માં જૈમિનિના શિષ્યના અનેક ભેદ દર્શાવતી વેળા નીચે મુજબનું પદ્ય આપ્યું છે:

" [1]उत्पल कारिका वेत्ति तन्त्रं वेत्ति प्रभाकर ।
वामनस्तूभय वेत्ति न कश्चिदपि रेवण ॥"

અર્થાત્ ઉત્પલ કારિકા જાણે છે, પ્રભાકર તન્ત્ર જાણે છે, વામન બંને જાણે છે અને રેવણ કશું જાણતો નથી.

આમ અહીં પણ રેવણનો ઉલ્લેખ છે. શું એ કોઈ મામુલી વ્યક્તિ છે?

(૬) [2]વાક્યપદીય

આ ભર્તૃહરિ નામના વૈયાકરણની કૃતિ છે. એમણે મૂળ ગ્રંથ કારિકાઓ રૂપે સંસ્કૃતમાં રચી એના ઉપર સંસ્કૃતમા [3]વૃત્તિ રચી છે. એ બંનેનુ નામ **વાક્યપદીય** છે. મૂળ ત્રણ કાંડોમા વિભક્ત છે: (૧) બ્રહ્મ-કાડ, (૨) પદ્મ-કાડ અને (૩) પ્રકીર્ણ-કાડ.

અ૦જ૦પ૦ (ખંડ ૧, પૃ. ૩૬૬)મા **વાક્યપદીયમાથી** બે

---

૧ પાઠાતર તરીકે—અન્યત્ર મુદ્રિત આવૃત્તિ પ્રમાણે ' ઓબેક ' છે.

૨–૩ ત્રણે કાડો પૂરતુ મૂળ બે કાડ ઉપરની વૃત્તિ સહિત "બનારસ સસ્કૃત સિરીઝ"મા ઇ સ ૧૮૮૪મા છપાયુ છે પહેલા કાડની વૃતિના કર્તા **ભર્તૃહરિ** છે, નહિ કે **પુણ્યરાજ** એમ ડૉ. સી કે **રાજે** એમના એક લેખમા કહ્યુ છે (જુઓ **અ૦જ૦પ૦**ના મારા અગ્રેજી ઉપોદ્ઘાતનું પૃ. ૧૦૧) બીજા કાડની વૃત્તિ **પુણ્યરાજ**ની છે બીજા કાડ ઉપરની **ભર્તૃહરિ**ની વૃત્તિનો મોટો ભાગ હાથપોથીરૂપે મળે છે

ત્રીજા કાડ ઉપરની **હેલરાજ**ની વૃત્તિ સહિત મૂળ "બનારસ સંસ્કૃત સિરીઝ"મા ઇ સ ૧૯૦૫મા છપાયુ છે.

ભર્તૃહરિની સ્વોપજ્ઞ વૃત્તિનુ **વૃષભદેવ**ની ટીકા સહિત સપાદન **ચારુદેવ શાસ્ત્રી**એ કર્યું છે અને એ લાહોરથી પ્રસિદ્ધ કરાયુ છે

અવતરણો અપાયા છે. એની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૩૬૬)મા એના કર્તા તરીકે **ભર્તૃહરિ**નો ઉલ્લેખ છે. વળી કાંડ ૧, શ્લો. ૮૩નુ પ્રથમ ચરણ **ભર્તૃહરિ**ના નામનિર્દેશપૂર્વક સ્વોપજ્ઞ વ્યાખ્યા (ખંડ ૧, પૃ. ૩૮૭)મા અપાયું છે.

ભર્તૃહરિએ ત્રણે કાંડ ઉપર વૃત્તિ રચી હશે એમ લાગે છે.

(૭) [1]વાર્તિક (પ્રમાણવાર્તિક)

જેમ **સત્યભામા**ને બદલે **ભામા**નો પ્રયોગ જોવાય છે અને [2]**પ્રમાણ-વિનિશ્ચય**નો **વિનિશ્ચય** તરીકે [3]ઉલ્લેખ નજરે પડે છે તેમ હરિ-ભદ્રસૂરિએ [4]ધર્મકીર્તિકૃત **પ્રમાણવાર્તિક**નો **વાર્તિક** તરીકે નિર્દેશ કર્યો છે.

અ૦જ૦પ૦માં **પ્રમાણવાર્તિક**માથી એમણે અવતરણો આપ્યા છે. **નંદી**ની ટીકા (પત્ર ૫૩)મા પણ એક અવતરણ એમણે આપ્યું છે એ પ્રથમ પરિચ્છેદનુ ૩૬મુ પદ્ય છે

વાર્તિકો તરીકે **અષ્ટાધ્યાયી** ઉપરનુ કાત્યાયને રચેલું વાર્તિક સૌથી પ્રાચીન છે. એ કંઈ સ્પષ્ટીકરણરૂપ નથી પરંતુ એ તો એનુ સમીક્ષાત્મક પરિશિષ્ટ છે. વાર્તિકની અભિનવ પદ્ધતિનો પ્રારંભ ઉદ્દ્યોતકર (ઈ. સ. ૫૫૦)ના **ન્યાયવાર્તિક**થી થયો, અને કુમારિલે

---

૧ આ મૂળ કૃતિ **મનોરથનન્દિ**કૃત ટીકા સહિત છપાઈ છે. જુઓ પૃ. ૬૧, ટિ.

૨ **તત્ત્વાર્થસૂત્ર** (અ. ૫, સૂ ૩૧)ની ટીકા (ભા ૧, પૃ. ૩૯૭)માં **સિદ્ધસેનગણિ**એ આનો નિર્દેશ કર્યો છે.

૩ જુઓ **ન્યાયાવતાર-વૃત્તિ** ઉપરનુ ટિપ્પણ (પૃ ૧૭ અને ૩૭). **કાવ્યાનુશાસન** ઉપરના **વિવેક** (પૃ ૩૬૩)મા ' વિનિશ્ચય-વૃત્તિ ' એવો ઉલ્લેખ છે

૪ જુઓ ઉપખ ડ.

(ઈ. સ. ૬૦૦) **મીમાંસાશ્લોકવાર્તિક** રચી એનું ધોરણ ઊંચું બનાવ્યું. આ **ન્યાયવાર્તિક** અને **મીમાંસાશ્લોકવાર્તિક**ના નામ ઉપરથી **ધર્મકીર્તિ**એ પોતાના **વાર્તિક**નું નામ યોજ્યું છે અને એમાં આ બંને વાર્તિકોની આલોચના કરી છે એમ શ્રી **રાહુલ** સાંકૃત્યાયને **પ્રમાણવાર્તિક**ની પ્રસ્તાવના (પૃ. ૪)મા કહ્યું છે.

ભારતીય મધ્યકાલીન ન્યાયના પિતા તરીકે ઓળખાવાતા [1]દિઙ્નાગે **પ્રમાણસમુચ્ચય** અનુષ્ટુભમા રચ્યો છે. એ ૭ પરિચ્છેદોમા વિભક્ત છે. આ **પ્રમાણસમુચ્ચય** ઉપર **ધર્મ**કીર્તિએ **વાર્તિક** રચ્યું છે, પરંતુ એ એના ત્રણ પરિચ્છેદ પૂરતું જ છે આ **પ્રમાણવાર્તિક** પદ્યમા ૧૪૫૨૩ કારિકાઓમા રચાયેલું છે અને એ ચાર પરિચ્છેદમા વિભક્ત છે. પહેલામા પ્રમાણસિદ્ધિ, બીજામા પ્રત્યક્ષ, ત્રીજામા સ્વાર્થાનુમાન અને ચોથામા પરાર્થાનુમાન એમ વિષય છે. પેટાવિષયો વિષે **બૌદ્ધદર્શન** (પૃ. ૧૧૮)મા ઉલ્લેખ છે.

પ્રમાણવાર્તિકના ઉપર **ધર્મ**કીર્તિએ જાતે ટીકા રચી છે. મૂળ તેમ જ ટીકાને પણ હરિભદ્રસૂરિએ 'વાર્તિક' કહેલ છે આવું વલણ અન્યત્ર પણ જોવા મળે છે. મમ્મટે **કાવ્યપ્રકાશ** અને એની સ્વોપજ્ઞ વૃત્તિને **કાવ્યપ્રકાશ** તરીકે, 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **કાવ્યાનુશાસન** અને એની **અલંકારચૂડામણિ** નામની ટીકાને **કાવ્યાનુશાસન** તરીકે, **કસાયપાહુડ** અને એને લગતા યતિવૃષભના **ચુણ્ણિસુત્ત** તેમ જ એના ઉપરની ઉચ્ચારણાચાર્યની **ઉચ્ચારણાવૃત્તિ**ને **કસાયપાહુડ** તરીકે, હરિભદ્રસૂરિએ **સમ્મઇપયરણ**ની ટીકાને **સંમતિ** તરીકે, જિનભદ્રગણિએ **આવસ્સય**ની **નિજ્જુત્તિ**ને **આવસ્સય** તરીકે તેમ જ **વિસેસા**૦ને પણ **આવસ્સય** તરીકે અને કોટ્યાચાર્યે **નિસીહ**ની વૃત્તિને **નિશીથ** તરીકે ઓળખાવેલ છે

---

૧ જુઓ ઉપખંડ

શ્રી. **રાહુલ** સાકૃત્યાયનના કથન મુજબ ન્યાયને અંગે આશરે એક લાખ ને સિત્તેર હજાર શ્લોકોનો જે ટિબેટી અનુવાદ થયો છે તેમા ધર્મકીર્તિની કૃતિઓને અંગે એક લાખ ને સાત હજાર શ્લોક છે અને તેમા પણ કેવળ **પ્રમાણવાર્તિક**ને જ અંગે એક લાખ ને પાચ હજાર શ્લોક છે

પ્રમાણવાર્તિક ઉપર સ્વોપજ્ઞ ટીકા છે. વિશેષમા આ **પ્રમાણ-વાર્તિક** ઉપર **પ્રજ્ઞાકરગુપ્તનુ**[1] ભાષ્ય છે. એ પૂરેપૂરુ મળ્યુ નથી. **મનોરથનન્દિએ** **પ્રમાણવાર્તિક** ઉપર વિશદ ટીકા રચી છે. એને **મનોરથનન્દિની** કહે છે. કર્ણગોમિએ **પ્રમાણવાર્તિક** (પરિ. ૩)-ની સ્વોપજ્ઞ વૃત્તિ ઉપર ૩૦૦૦ શ્લોક જેવડી[2] ટીકા રચી છે. દેવેન્દ્ર-મતિએ **પ્ર૦ વા૦** ઉપર પંજિકા તેમ જ **રવિગુપ્તે**, **શંકરાનન્દે** અને **શાક્યમુનિએ** એકેક ટીકા રચી છે પરંતુ આના ટિબેટી રૂપાતરો જ મળે છે.[3] **વ્યોમવતી**ના પૃ. ૩૦૬, ૩૦૭ અને ૬૮૦મા **પ્ર૦ વા૦**ના પરિ. ૨, શ્લો. ૧૧ ને ૧૨, પરિ ૧, શ્લો. ૬૮ અને પરિ. ૧, શ્લો. ૭૨ ઉદ્ધૃત કરાયા છે. પૃ. ૬૧૭મા **હેતુબિન્દુ** (પરિ. ૧)ની પંક્તિ જોવાય છે.

---

૧ શ્રી. **રાહુલ** સાકૃત્યાયને આનુ સપાદન કર્યું છે આ ભાષ્યના થોડોક ભાગ JBORSમાં છપાયો છે. આ ભાષ્ય ઉપર **જયાનત** અને **યમારિની** ટીકાઓ છે એના ટિબેટી રૂપાંતરો જ મળે છે

"प्रज्ञाकरगुप्त और उनका भाष्य" નામનો લેખ જે શ્રી. **રાહુલે** લખ્યો છે તે "ભારતીય વિદ્યા" (વ. ૩, અં. ૧, નિબધસગ્રહ)મા છપાયો છે. આ લેખમા એમણે ઈ. સ.ની પહેલી સદીથી બારમી સદી સુધીમાં થઈ ગયેલા અનેક જૈન, બૌદ્ધ અને બ્રાહ્મણ વિદ્વાનોનો નિર્દેશ કર્યો છે

૨ આ ટીકા છપાઈ છે.

૩ **પ્ર૦વા૦**ના ચાર પરિચ્છેદો પૈકી ક્યા પરિચ્છેદની કોણે પ્રથમ ટીકા રચી એ ક્રમ **બૌદ્ધદર્શન** (પૃ. ૧૧૫)મા અપાયો છે.

પ્રમાણવિનિશ્ચયમાથી જેમ **હરિભદ્રસૂરિ**એ અવતરણ આપ્યું છે તેમ **અકલંકે** **અષ્ટશતી**મા આપ્યુ છે.[1]

પ્ર૦ વા૦ એ **ધર્મકીર્તિ**ની અગ્રગણ્ય કૃતિ (magnum opus) છે એનુ નીચે મુજબનુ બીજુ પદ્ય ટીકાકારોને જવાબ આપવાના ઇરાદે પાછળથી ઉમેરાયેલુ મનાય છે એમ પ્રો **શેરબેટ્સ્કિ**નુ કહેવુ છે :—

"प्राय प्राकृतसक्तिरप्रतिवलप्रज्ञो जन केवलं
　　नानर्थ्यैव सुभाषितै. परिगतो विद्विष्टयमीर्ष्यामलै. ।
तेनाय न परोपकार इति नश्चिन्ताऽपि चेतस्तत.
　　सूक्ताभ्यासविवर्धितव्यसनमित्यत्रानुबद्धस्पृहम् ॥"

વિવેક (પૃ ૩૬૩)મા અને **ધ્વન્યાલોક** (પૃ. ૨૧૭)મા નોધાયેલુ એવુ પાઠભેદપૂર્વક આ મહાકૃતિનુ અતિમ પદ્ય નીચે મુજબ છે :—

"अनध्यवसितावगाहनमनल्पधीशक्तिना-
　　प्यदृष्टपरमार्थसारमधिकाभियोगैरपि ।
मतं मम जगत्यलब्धसदृशप्रतिग्राहकं
　　प्रयास्यति पयोनिधेः पय एव स्वदेहे जराम् ॥"

આ **પ્ર૦ વા૦** પૂર્ણ થતા **તારાનાથ**ના કહેવા મુજબ **ધર્મકીર્તિ**એ એ પડિતોને બતાવ્યુ. એ સમયે એમના દુશ્મનોએ આ ગ્રંથની એવી અવદશા કરી કહેવાય છે કે એમણે આ ગ્રથના પાના કૂતરાની પૂંછડીએ બાધ્યાં, અને એ કૂતરાને શેરીઓમા દોડવા દીધો એટલે પાનાઓ વેર-વિખેર થઈ ગયા; પરંતુ **ધર્મકીર્તિ**એ જવાબ વાળ્યો કે જેમ આ કૂતરો બધી શેરીઓમા દોડે છે તેમ મારી કૃતિ જગતભરમા ફેલાઈ જશે.

બૌદ્ધદર્શન (પૃ. ૧૧૧)માં કહ્યુ છે કે ઉદ્દ્યોતકરના **ન્યાય-વાર્તિક**ને તર્કબાણો વડે **ધર્મકીર્તિ**એ એવુ છિન્નભિન્ન કર્યું હતું કે **વાચસ્પતિ**એ એ વાર્તિક પર **તાત્પર્ય-ટીકા** રચી તર્ક-પંકમા ડૂબેલી

---

૧ જુઓ **અ૦જ૦પ૦** (ખંડ ૨)નો મારો ઉપોદ્ઘાત (પૃ. ૮૩).

ઉદ્દ્યોતકરની વૃદ્ધ ગાયોના ઉદ્ધારનું પુણ્ય કાર્ય કર્યું. જયંતભટ્ટે **ન્યાય-મંજરી** (પૃ. ૧૦૦)મા **ધર્મકીર્તિ**ને 'જગદભિભવધીક' કહ્યા છે. પોતાને અદ્વિતીય કવિ અને દાર્શનિક માનનારા **શ્રીહર્ષે** (ઈ. સ. ૧૧૯૨) **ખંડનખંડખાદ્ય**મા ધર્મકીર્તિના તર્કમાર્ગને 'દુરાબાધ' કહ્યો છે.

(૮) વિંશિકા

અ૦જ૦પ૦ (ખંડ ૨, પૃ. ૬૨)માં આનો ઉલ્લેખ છે તેમ જ એમાથી અવતરણ અપાયેલું છે. એ જોતા એ **વસુબંધુ**ની કૃતિ હોય એમ લાગે છે (જો કે શબ્દશ: સમાનતા નથી). એથી એનો હવે પછી વિચાર કરાશે.

(૯) વૃદ્ધગ્રંથ

અ૦જ૦પ૦ (ખંડ ૧)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૭૪)માં "वृद्धग्रन्थेषु" એવો જે ઉલ્લેખ છે એ દ્વારા કયા વૃદ્ધગ્રંથો અભિપ્રેત છે અને 'વૃદ્ધગ્રંથ' એટલે શું એ જાણવું બાકી રહે છે.

(૧૦) શિવધર્મોત્તર

અષ્ટકપ્રકરણ (અષ્ટક ૪, શ્લો. ૨)મા આ કૃતિનો ઉલ્લેખ છે એટલે **શિવધર્મોત્તર**નો ગ્રંથકાર તરીકે જિનવિજયજીએ જે નિર્દેશ એમના નિબંધમા કર્યો છે તે વિચારણીય છે જિનેશ્વરસૂરિએ એની ટીકા (પત્ર ૨૧આ)માં એને એક શૈવાગમ તરીકે ઓળખાવી છે. **શંકરાચાર્યે** **શ્વેતાશ્વતર** ઉપનિષદ્ ઉપરની ટીકા (પૃ ૩૩)મા આ નામની જે કૃતિનો ઉલ્લેખ કર્યો છે તે આ જ હોવી જોઈએ.

નંદિકેશ્વર-સંહિતાના એક ભાગનું નામ 'શિવધર્મ' છે અને **શિવધર્મોત્તર** એ એનો ઉત્તર ભાગ (sequel) છે. **હેમાદ્રિએ** **માધવાચાર્યે** અને **રઘુનંદને** તેમ જ **વિતસ્તાપુરીએ** એમાથી અવતરણ આપેલ છે

હરિભદ્રસૂરિએ **અષ્ટકપ્રકરણ** (અ. ૪)માં નિમ્નલિખિત ત્રીજું પદ્ય **શિવધર્મોત્તર**મા આ સૂત્ર છે એમ શ્લોક ૨મા કહી એ અવતરણરૂપે રજૂ કર્યું છે:—

" पूजया विपुल राज्यमग्निकार्येण सम्पदः ।
तप पापविशुद्धयर्थं ज्ञानं ध्यान च मुक्तिदम् ॥ ३ ॥ "

(૧૧) [1]સમ્મઈ-પયરણ

અ૦જ૦પ૦ (ખંડ ૧)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૯)મા તેમ જ ખડ ૨ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૧૩૧)મા આનો 'સમ્મતિ' એ નામથી ઉલ્લેખ કરાયો છે. જિનદાસગણિ મહત્તરે આને 'દર્શન-પ્રભાવક' ગ્રથ કહ્યો છે.[2] એની રચના જ૦ મ૦મા પદ્યમા આર્યામાં થયેલી છે. એ ત્રણ કડ (કાડ)મા વિભક્ત છે. એમા અનુક્રમે ૫૪, ૪૩, અને ૬૯ એમ કુલ્લે ૧૬૬ પદ્યો છે.

વિષય—પ્રથમ કાડમા મુખ્યતયા નયનુ નિરૂપણ છે. સાથે સાથે નિક્ષેપ અને અનેકાતનો પણ વિચાર કરાયો છે. બીજા કાડમા મુખ્ય ચર્ચા જ્ઞાનની—ઉપયોગની છે. ત્રીજા કાડમા જ્ઞેયની મીમાસા છે.

વિવરણ—અનેકાતવાદની મુખ્યતાવાળી આ દાર્શનિક કૃતિ ઉપર મલ્લવાદીએ ટીકા રચી હતી. એ આજે મળતી નથી.

તત્ત્વસંગ્રહમા "સ્યાદ્વાદ-પરીક્ષા" (કારિકા ૧૨૬૨ ઇ.) અને "બહિરર્થપરીક્ષા" (કા. ૧૯૮૦ ઇ)મા જે સુમતિ નામના દિગંબર

---

૧ આ **વાદમહાર્ણવ** સહિત પાચ ભાગમા "પુરાતત્ત્વમંદિર" (અમદાવાદ) તરફથી વિ. સં. ૧૯૮૦, '૮૨, '૮૪, '૮૫ ને '૮૭મા છપાવાયુ છે.

જૈનાચાર્ય 'તીર્થોદ્ધારક' શ્રીવિજયનેમિસૂરિના સંતાનીય મુનિ શ્રીશિવાનદવિજયજીએ **સન્મતિતર્ક-પ્રકરણ** એ નામથી પ્રથમ કાડ પૂરતો વિભાગ વિ સ. ૧૯૯૬મા સપાદિત કર્યો છે

૨ જુઓ **નિસીહ**ના ભાસ (ગા. ૮૮)ની ચુણ્ણિ (ભા ૧, પૃ. ૧૨).

આચાર્યનો ઉલ્લેખ છે તેમણે **સમ્મઇપયરણ** ઉપર ટીકા રચી છે. આ **સુમતિ**ને કેટલાક **સન્મતિ** કહે છે. એમની રચેલી ટીકા હજી સુધી તો મળી આવી નથી.

પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય **અભયદેવસૂરિ**એ સંસ્કૃતમા **તત્ત્વબોધવિધાયિની** યાને **વાદમહાર્ણવ**ને નામે ઓળખાતી ૨૫,૦૦૦ શ્લોક જેવડી [1]ટીકા રચી છે. એમાં અનેક વાદોનું નિરૂપણ છે.

ઉપયોગ—ધવલા અને **જયધવલા**મા **સમ્મઇ–પયરણ**નો પુષ્કળ ઉપયોગ કરાયો છે. જડિલે **વરાંગચરિત** (સ. ૨૬)માં એનો વિશેષ આશ્રય લીધો છે.

(૧૨) **સમ્મતિ(ટીકા)**

અ૦ જ૦ ૫૦ (ખંડ ૧)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૫૮ તેમ જ ૧૧૬)માં 'સમ્મતિ' એ નામથી **સમ્મઇપયરણ** (સંમતિપ્રકરણ)ની **મલ્લવાદી**કૃત ટીકાનો સ્પષ્ટ નિર્દેશ છે એટલું જ નહિ, પણ આ અનુપલબ્ધ ટીકામાથી મૂળમા નીચે પ્રમાણે અવતરણ અપાયાં છે :—

(૧) " स्वपरसत्त्वव्युदासोपादानापाद्यं हि वस्तुनो वस्तुत्वम् " ।

(૨) " न विषयग्रहणपरिणामादृतेऽपर· सवेदने विषयप्रतिभासो युज्यते, युक्त्ययोगात् " ।

ધમ્મસંગહણીની ટીકા (પત્ર ૨૬૦અ)મા **મલયગિરિસૂરિ**એ આ પૈકી બીજું અવતરણ આપ્યું છે, પરંતુ એમા ' युज्यते 'ને બદલે ' युक्तः ' એવો પાઠ છે.

મલ્લવાદીએ **સમ્મઇપયરણ** ઉપર ટીકા રચી છે એનો પ્રાચીનમા પ્રાચીન પુરાવો આપવામા તેમ જ એ ટીકામાથી થોડીક પંક્તિઓ પણ રજૂ કરવામાં હરિભદ્રસૂરિ સૌથી પ્રથમ જણાય છે. **દ્વાદશારનયચક્ર** ઉપરની ટીકામા આ ટીકા વિષે ઉલ્લેખ હોય તો તેની મને ખબર નથી

---

૧ આ પ્રકાશિત છે. જુઓ પૃ. ૨૫૫, ટિ. ૧.

(૧૩) સ્યાદ્વાદભંગ

અ૦જ૦૫૦ (ખંડ ૧)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૮૪)માં આનો ઉલ્લેખ છે. આના કર્તાનું નામ દિવાકર છે.

ધર્મકીર્તિકૃત **હેતુબિન્દુ** ઉપર [1]અર્ચટે જે ટીકા સંસ્કૃતમાં રચી છે એમા પૃ. ૩૧મા જે **સ્યાદ્વાદભંગ**નો ઉલ્લેખ છે તે આ જ કૃતિ હશે. એનું નામ કહી આપે છે તેમ એમા સ્યાદ્વાદનું ખંડન કરાયું હશે ઈ. સ ની નવમી સદીના કલ્યાણરક્ષિતે **ઈશ્વરભંગ-કારિકા** રચી છે તેનુ આ સ્મરણ કરાવે છે

(૧૪) [2]હેતુબિન્દુ

અ૦જ૦૫૦ (ખંડ ૨)મા પૃ. ૧૭૪મા **હેતુબિન્દુ**નો સ્પષ્ટ ઉલ્લેખ છે એટલુ જ નહિ પણ એમાથી અવતરણ પણ અપાયુ છે પૃ ૧૭૭માં પણ આ કૃતિમાથી અવતરણ અપાયેલ છે.

ધર્મકીર્તિકૃત **હેતુબિન્દુ**ના ટિબેટી રૂપાતર (version) ઉપરથી એનુ જે સંસ્કૃત સંસ્કરણ તૈયાર કરાયુ છે તે જોતા આનો પ્રારભ કોઈ મંગલાચરણથી ન કરાતા પ્રાવેશિક વાક્ય દ્વારા કરાયો છે ત્યાર બાદ નીચે મુજબનુ પદ્ય છે :—

" पक्षधर्मस्तदंशेन व्याप्तो हेतुस्त्रिधैव स ।
अविनाभावनियमाद् हेत्वाभासास्ततोऽपरे ॥ "

આના પછીનું સમગ્ર ગદ્યાત્મક લખાણ આ પદ્યના સ્પષ્ટીકરણરૂપ છે અને એ રીતે આ કૃતિ **વાદન્યાય**ને મળતી આવે છે.

---

૧ એમનુ અપર નામ **ધર્માકરદત્ત** છે એમણે **ક્ષણભંગસિદ્ધિ** અને **પ્રમાણદ્વિત્વસિદ્ધિ** પણ રચી છે.

૨ **બૌદ્ધદર્શન** (પૃ. ૧૧૩)મા આને ગદ્યાત્મક કૃતિ કહી એનું પરિમાણ ૪૪૪ શ્લોક જેવડુ દર્શાવાયુ છે

ઉપર્યુક્ત પદ્ય **પ્ર૦ વા૦**નું છે. **મનોરથનંદિએ** રચેલી ટીકા પ્રમાણે આ **પ્ર૦ વા૦**ના ત્રીજા પરિચ્છેદનું આદ્ય પદ્ય છે, જ્યારે કર્ણગોમિના મતે એ સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત પ્રથમ પરિચ્છેદનું ત્રીજું પદ્ય છે. આ પદ્યનો **સિદ્ધિવિનિશ્ચય**માં વિચાર કરાયો છે.

હેતુબિન્દુનો મુખ્ય વિષય સ્વાર્થાનુમાન છે, જ્યારે **ન્યાયબિન્દુ**માં તેમ જ **પ્ર૦ વા૦**મા પણ પરાર્થાનુમાનનુ પણ નિરૂપણ છે. **હેતુબિન્દુ**ના વિષયને ચાર વિભાગોમા વહેંચી શકાય: (૧) હેતુનું સામાન્ય નિરૂપણ, (૨) સ્વભાવ-હેતુનું નિરૂપણ, (૩) કાર્ય-હેતુનું નિરૂપણ અને (૪) અનુપલબ્ધિ-હેતુનું નિરૂપણ.

હેતુબિન્દુમા દિગ્નાગ (દિઙ્નાગ) સિવાયના અન્ય કોઈ આચાર્ય-નું નામ નથી.

ન્યાયબિન્દુ, હેતુબિન્દુ અને **પ્ર૦ વા૦** એ ત્રણેની રચના ક્યારે ક્યારે થઈ એનો નિર્ણય કરવો બાકી રહે છે. ઉપલક દૃષ્ટિએ વિચારતા એમ લાગે છે કે **ધર્મકીર્તિ**એ કટકે કટકે એકેક વિષયની પુસ્તિકા રચી આગળ ઉપર એ તમામના વિષયના વિસ્તૃત નિરૂપણાર્થે એમણે **પ્ર૦ વા૦**ની રચના કરી.

લઘીયસ્રયની સ્વોપજ્ઞ વિવૃત્તિ (પૃ. ૩)મા **હેતુબિન્દુ** (પૃ. ૫૩)-માંથી નીચે મુજબની પંક્તિ થોડાક પાઠભેદપૂર્વક રજૂ કરાઈ છે:—

"अर्थक्रियार्थी हि सर्वं प्रेक्षावान् प्रमाणमप्रमाण वाऽन्वेषते।"

ઉત્પાદાદિસિદ્ધિપ્રકરણમાં **હેતુબિન્દુ**માથી અવતરણો અપાયાં છે.

ટીકા—**હેતુબિન્દુ** ઉપર **અર્ચટે** સંસ્કૃતમાં અભ્યાસપૂર્ણ ટીકા રચી છે. એમા શરૂઆતમા ચાર, અંતમા એક અને વચમાં ૪૫ પદ્યો છે; બાકીનું લખાણ ગદ્યમાં છે. ૪૫ પદ્યો દ્વારા સ્યાદ્વાદનું

ખંડન કરાયું છે. **આપ્તમીમાંસા** (શ્લો. ૭૧)નું પણ ખંડન છે. પ્રસ્તુત ટીકાની શૈલી જયન્ત અને **વાચસ્પતિમિશ્રનું** સ્મરણ કરાવે છે. આ ટીકા ઉપર [1]દુર્વેકે સંસ્કૃતમા **આલોક** રચ્યો છે. એ **હેતુબિન્દુ-ટીકાલોક** તરીકે ઓળખાય છે. દુર્વેકે **અર્ચટના** મંતવ્યની આલોચના કરી છે, જો કે એમની તરફ એમનો પૂજ્ય ભાવ છે.

હરિભદ્રસૂરિએ જે અન્યકર્તૃક ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે તેનો આ સંક્ષિપ્ત પરિચય પૂરો થાય છે એટલે સાધન અને સમય અનુસાર એમણે નિર્દેશેલા જૈન તેમ જ અજૈન ગ્રંથકારો પૈકી કેટલાકને વિષે સંક્ષેપમા હવે કેટલીક હકીકત હુ રજૂ કરુ છું. આ ગ્રંથકારોની એક સળંગ સૂચી અત્ર ન આપતા હુ એમને જૈન, બૌદ્ધ અને વૈદિક એમ એમના સંપ્રદાય અનુસાર ત્રણ વિભાગોમા વિભક્ત કરું છું :—

(અ) જૈન ગ્રંથકારો

(૧) **અજિતયશસ્**, (૨) ઉમાસ્વાતિ, (૩) કુક્કાચાર્ય, (૪) જિનદાસગણિ, (૫) જિનભદ્રગણિ, (૬) દેવવાચક, (૭) **ન્યાયવૃદ્ધ**, (૮) પુરુષચન્દ્ર, (૯) ભદ્રબાહુ, (૧૦) મલ્લવાદી, (૧૧) યોગાચાર્ય, (૧૨) વૃદ્ધાચાર્ય, (૧૩) વૃદ્ધો, (૧૪) સિદ્ધસેન અને (૧૫) સિદ્ધસેન દિવાકર.

(આ) બૌદ્ધ ગ્રંથકારો

(૧) દિઙ્નાગ, (૨) દિવાકર, (૩) ધર્મકીર્તિ, (૪) ધર્મ-

---

[1] એઓ **જિતારિના** શિષ્ય થાય છે. એમણે **આલોક**મા પોતાની પાચ નિમ્નલિખિત કૃતિઓનો નિર્દેશ કર્યો છે.—

ક્ષણભંગસિદ્ધિ (પૃ. ૩૨૭), **ચતુઃશતી** (પૃ. ૩૭૦), **ધર્મોત્તર-પ્રદીપ** (પૃ ૨૩૩), **વિશેષાખ્યાન** (પૃ. ૩૪૦) અને **સ્વયૂથ્ય-વિચાર** (પૃ. ૨૬૨)

રત્નકીર્તિએ જે **ક્ષણભંગસિદ્ધિ** રચી છે તે "બિબ્લિઓથેકા ઇન્ડિકા"-મા ઈ સ ૧૯૧૦મા છપાવાઈ છે.

પાલ, (૫) ધર્મોત્તર(?), (૬) ભદંત, (૭) ભદંતદિન્ન (? દિઙ્નાગ), (૮) વસુબંધુ, (૯) શાંતરક્ષિત, (૧૦) શુભગુપ્ત અને (૧૧) સમંતભદ્ર.

(ઈ) વૈદિક ગ્રંથકારો

(૧) અનંત, (૨) અવધૂતાચાર્ય, (૩) આસુરિ, (૪) ઈશ્વરકૃષ્ણ, (૫) કાલાતીત, (૬) કુમારિલ, (૭) ક્ષીરકદંબક, (૮) ગોપેન્દ્ર, (૯) જૈમિનિ, (૧૦) નારદ, (૧૧) પતંજલિ, (૧૨) પતંજલિ, (૧૩) બંધુ-ભગવદ્દત્ત, (૧૪) ભદન્ત–ભાસ્કર, (૧૫) ભર્તૃહરિ, (૧૬) વસુ, (૧૭) વાયુ, (૧૮) વાલ્મીકિ, (૧૯) વિન્ધ્યવાસી, (૨૦) વિશ્વ, (૨૧) વ્યાસ, (૨૨) શબર, (૨૩) સંતપન, (૨૪) સમ્રાટ્, (૨૫) સિદ્ધસેન, (૨૬) સુચારુ અને (૨૭) સુરગુરુ

આ એક કામચલાઉ વર્ગીકરણ છે, કેમકે કેટલાક અજૈન ગ્રંથકારોના સંપ્રદાય વિષે અંતિમ નિર્ણય કરવો બાકી રહે છે.

ઉપર મેં જે ગ્રંથકારો ગણાવ્યા છે તેમનો સંપ્રદાયદીઠ વિચાર ન કરતાં અકારાદિ ક્રમે એમનો પરિચય હું હવે આપું છું :—

(૧) અજિતયશસ્

અ૦જ૦પ૦ (ખંડ ૨)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૩૩)માં 'સત્'ની ચર્ચા કરતી વેળા પૂર્વાચાર્ય તરીકે અજિતયશસ્નું નામ અપાયું છે. આ કોઈ જૈન–શ્વેતામ્બર આચાર્ય છે. એમણે ઉત્પત્તિ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત 'સત્' હોય છે એ વિધાન **તત્ત્વાર્થસૂત્ર** (અ. ૫, સૂ. ૨૯)ની ટીકામાં (જો ટીકા રચી હોય તો) કે **ચંદ્રસેનસૂરિકૃત ઉત્પાદાદિસિદ્ધિ-પ્રકરણ** જેવી કોઈ કૃતિ રચી હોય તો તેમાં કર્યું હશે. એ ગમે તે હો એવી કોઈ એમની રચેલી કૃતિ હજી સુધી તો મળી આવી નથી.

પ્ર૦ ચ૦મા જે **મલ્લવાદી**નો પ્રબધ છે તેમા એમના સૌથી મોટા ભાઈનુ નામ [૧]**અજિતયશસ્** દર્શાવાયુ છે અને એમની બે કૃતિઓ તરીકે એક **પ્રમાણગ્રંથ**નો અને બીજી **વિશ્રાન્તવિદ્યાધર** નામના શબ્દ-શાસ્ત્ર ઉપરના ન્યાસનો ઉલ્લેખ કરાયો છે. શું આ **અજિતયશસ્** અત્ર અભિપ્રેત છે? આવો પ્રશ્ન તેમના **પ્રમાણ-ગ્રંથ**ને પણ લાગુ પડે છે આ **અજિતયશસ્**ના માતાનુ નામ દુર્લભદેવી, મામાનું નામ **જિનાનન્દસૂરિ** અને એમના બે નાના ભાઈઓના નામ **યક્ષ** અને **મલ્લ** અપાયા છે. વિશેષમા **યક્ષે** અષ્ટાગ નિમિત્તને લગતી **યાક્ષી-સંહિતા** રચ્યાનો અહીં ઉલ્લેખ છે

(૨) અનંત

લલિતવિસ્તરા (પત્ર ૫૭આ)મા આ વિષે ઉલ્લેખ છે એમ લાગે છે કે આ **અનંત** કે એમના શિષ્યોએ કે અનુયાયીઓએ 'આવર્ત-કાલ-કારણ-વાદ'ની પ્રરૂપણા કરી છે. આ વાદના પ્રરૂપક પર્યાયોના કારણ તરીકે કાળને જ સ્વીકારે છે.

(૩) અવધૂતાચાર્ય

લલિતવિસ્તરા (પત્ર ૪૩આ)મા આ આચાર્યનો નિર્દેશ છે. એમનુ નામ **અવધૂત** છે. એ યોગી હશે અને યોગની સાધના કરતા હશે એમ ભાસે છે. એમને અહીં 'અધ્યાત્મચિંતક' કહ્યા છે. એમની કોઈ કૃતિમાથી નિમ્નલિખિત અવતરણ **લ૦વિ૦** (પત્ર ૪૩આ)માં અપાયુ છે:—

> " नाप्रत्ययानुग्रहमन्तरेण तत्त्वशुश्रूषाद्य उदकपयोऽमृतकल्पज्ञानाजनकत्वात , लोकसिद्धास्तु सुप्तनृपाख्यानकगोचरा इवान्यार्था एव । "

પુરાણોમા અવધૂત દત્તાત્રેયના ઉલ્લેખ આવે છે તેમની સાથે શુ આ **અવધૂત**ને સબધ છે ખરો?

---

૧ પાઠાતર પ્રમાણે એમનુ નામ 'જિનયશસ્' છે

(૪) આસુરિ

શા૦ વા૦ સ૦ (શ્લો. ૨૨૨)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૩૨અ)મા હરિભદ્રસૂરિએ આ સાખ્ય તત્ત્વવેત્તાનો ઉલ્લેખ કર્યો છે. અહીં એમણે નીચે મુજબનું પદ્ય **આસુરિ** વગેરેના નામે નિર્દેશ્યું છે :—

"विभक्ते दृक्परिणतौ बुद्धौ भोगोऽस्य कथ्यते ।
प्रतिबिम्बोदय स्वच्छे तथा चन्द्रमसोऽम्भसि ॥"[1]

આ **શા૦ વા૦ સ૦**નુ ૨૨૨મુ પદ્ય છે. એ **યોગબિન્દુ**મા ૪૫૦મા પદ્ય તરીકે જોવાય છે. **અન્યયોગ૦** (શ્લો. ૧૫) ઉપરની **સ્યાદ્વાદમંજરી**મા, **તર્કરહસ્યદીપિકા** (પત્ર ૪૨અ)માં તેમ જ **ન્યાયાવતાર**ની વૃત્તિ ઉપરના ટિપ્પણ (પૃ. ૯૭)માં અવતરણરૂપે આ પદ્ય જોવાય છે પરંતુ એમા 'विभक्ति दृक्'ને બદલે 'विविक्ते दृक्' પાઠાન્તર છે.

સાખ્ય દર્શનના આદ્ય પ્રરૂપક અને પ્રસ્થાપક તરીકે કપિલનો ઉલ્લેખ કરાય છે. **આસુરિ** એ એમના સાક્ષાત્ શિષ્ય છે. એમનો સમય ઇ. સ. પૂર્વે ૭ સોનો છે એમ કહેવાય છે.

[2]ઇશ્વરકૃષ્ણની [3]**સાંખ્યકારિકા** (શ્લો. ૭૦) જોતા જણાય છે કે **આસુરિ**ને **તંત્ર**ની પ્રરૂપણા કરનાર **પંચશિખ** નામે શિષ્ય હતા.

કેટલાક જૈનોની માન્યતા પ્રમાણે **આસુરિ**એ **ષષ્ટિતન્ત્ર** રચ્યું છે. ચીનના બૌદ્ધોને મતે આ **પંચશિખ**ની કૃતિ છે, જ્યારે **વાચસ્પતિ**ના

---

૧ આનો અર્થ એ છે કે જેમ નિર્મળ જળમા ચન્દ્રમાનું જે પ્રતિબિંબ પડે છે તે જળનો વિકાર છે, નહિ કે ચન્દ્રમાનો તેવી રીતે આત્મામા બુદ્ધિનુ પ્રતિબિંબ પડતા આત્મામા જે ભોક્તૃત્વ છે એ બુદ્ધિનો વિકાર છે, કેમકે આત્મા તો ખરી રીતે નિર્લેપ છે.

૨ જુઓ પૃ ૨૬૩-૨૬૪

૩ જુઓ પૃ. ૨૬૩-૨૬૪

મ તવ્ય મુજબ એના કર્તા **વાર્ષગણ્ય** છે. **ષષ્ટિતંત્ર**ના વિષયોનો નિર્દેશ કરનારી **અહિર્બુધ્ન્યસંહિતા**ના પ્રણેતાનો મત **વાચસ્પતિ**ને મળતો આવે છે.

શા૦ વા૦ સ૦મા નીચે મુજબનુ જે ૨૩૦મુ પદ્ય છે તે કોઈક સાખ્ય કૃતિનુ છે, પરંતુ એના કર્તા કોણ છે તે જાણવુ બાકી રહે છે:—

"पञ्चविंशतितत्त्वज्ञो यत्र तत्राश्रमे रत.।
जटी मुण्डी शिखी वाऽपि मुच्यते नात्र सशय ॥२३०॥"

(૫) ઈશ્વરકૃષ્ણ

યો૦ દ૦ સ૦ (શ્લો. ૧૬)ની સ્વોપજ્ઞ ટીકા (પત્ર ૬અ)માં ભદન્ત–**ભાસ્કર** અને બંધુ-**ભગવદ્દત્ત**ની સાથે સાથે આ સાખ્ય ગ્રંથકારનો ઉલ્લેખ છે. એઓ આર્યામા સંસ્કૃતમા ૭૦ પદ્યોમા રચાયેલી **સાંખ્યકારિકા**ના પ્રણેતા તરીકે સુપ્રસિદ્ધ છે. **સાંખ્યકારિકા**ને **સાંખ્યસપ્તતિ** પણ કહે છે. ડૉ. આ. **ધ્રુવ**ના મતે **અણુઓગદાર** (સુત્ત ૪૧) અને **નંદી** (સુત્ત ૪૨)મા નિર્દેશાયેલી **કણકસત્તરિ** (કનક-સપ્તતિ) તે જ આ **સાંખ્યકારિકા** છે.

આ **સાંખ્યકારિકા ષષ્ટિતન્ત્ર**ને આધારે રચાયેલી છે. એના ઉપર [1]**માઠર** અને **ગૌડપાદે** એકેક વિવરણ રચેલુ છે.

પંચશિખની પાસેથી સાખ્ય દર્શનનો બોધ **ભાર્ગવ**, **ઉલૂક**, **વાલ્મીકિ**, **હારીત** અને **દેવલ** વગેરેને ઉત્તરોત્તર મળતો ગયો તે આખરે ઈશ્વરકૃષ્ણને મળ્યો.[2] આ ઈશ્વરકૃષ્ણનો સમય ઈ. સ. ૩૪૦–૩૮૦નો છે. કેટલાકને મતે એ ઇ સ ની બીજી સદી છે. ઈ. સ ના છઠ્ઠા

---

૧ **અણુઓગદાર** (સુત્ત ૪૧) અને **નંદી** (સુત્ત ૪૨)માં જે **માઢર**નો ઉલ્લેખ છે તે **માઠર**કૃત વૃત્તિ છે એમ કેટલાક વિદ્વાનોનુ માનવુ છે.

૨ જુઓ **સાંખ્યકારિકા** (શ્લો ૭૦–૭૧) તેમ જ એના શ્લો ૭૧ ઉપરની **માઠરવૃત્તિ**

સૈકામા પરમાર્થ નામના બૌદ્ધ સાધુ **સાંખ્યકારિકા**ને ચીન લઈ ગયા અને એમણે એનો એ દેશની ભાષામા અનુવાદ કર્યો

ઈશ્વરકૃષ્ણને **વિન્ધ્યવાસી** તરીકે ઓળખાવવાનુ વલણ હવે બદલાયું છે, કેમકે **તત્ત્વસંગ્રહ**ની પંજિકામા કમલશીલે આ બે વ્યક્તિને ભિન્ન ગણી છે અને **વિન્ધ્યવાસી**નો **રુદ્રિલ** તરીકે ઉલ્લેખ કર્યો છે. **તર્કરહસ્યદીપિકા** (પત્ર ૪૨અ)મા પણ આ બે વ્યક્તિનો ભિન્ન ભિન્ન નિર્દેશ છે.

'સર્વતન્ત્રસ્વતન્ત્ર' **વાચસ્પતિ**એ **સાંખ્યકારિકા** ઉપર **સાંખ્ય-તત્ત્વકૌમુદી** રચી છે. એમણે ન્યાય, યોગ, પૂર્વમીમાસા અને વેદાંત ઉપર પણ ગ્રંથ રચ્યા છે. એમનો સમય ઇ. સ. ૮૫૦નો ગણાય છે.

(૬) ઉમાસ્વાતિ

એમના જીવન અને કૃતિકલાપ વિષે મેં સભાષ્ય **તત્ત્વાર્થસૂત્ર**ની **સિદ્ધસેનગણિકૃત** ટીકાવાળી આવૃત્તિના બે ભાગમા ઉલ્લેખ કર્યો છે. વિશેષમા [1]**પ્રશમરતિ અને સંબંધકારિકા** એ નામથી આગમોદ્ધારકનો જે વ્યાખ્યાન-સંગ્રહ છપાયો છે તેની "ઉત્થાનિકા" (પૃ. ૧૨-૩૩)મા મેં આ સંબંધમા ગુજરાતીમા વિવેચન કર્યું છે. એથી અહીં તો એટલું જ કહીશ કે **તત્ત્વાર્થસૂત્ર**ના સ્વોપજ્ઞ ભાષ્યમા કેટલાક સસ્કૃતમા અવતરણો જોવાય છે. એને લગતી મૂળ કૃતિઓ બાદ કરતા—એ બધી કૃતિઓ હજી સુધી તો મળી પણ આવી નથી. એ રીતે વિચાર કરતા જૈન ગ્રંથકારોમા સંસ્કૃતમા કૃતિ રચનાર તરીકે ઉમાસ્વાતિ પ્રથમ છે. વળી સંસ્કૃત સૂત્રકાર તરીકે પણ એઓ આદ્ય સ્થાન ભોગવે છે. એઓ ઉત્તમ સગ્રહકાર છે એમના પ્રત્યે શ્વેતાંબરો તેમ જ દિગંબરો પણ સન્માનની વૃત્તિથી જુએ છે અને એમણે રચેલા **તત્ત્વાર્થસૂત્ર**નું બહુમાન કરે છે. એમનો સમય ઈ. સ.ની પહેલી સદી

૧ આ "જૈ૦પુ૦પ્ર૦સં૦" તરફથી વિ સં. ૨૦૦૫મા છપાયેલ છે

મનાય છે. એમને શ્વેતાબરો ' વાચકમુખ્ય ' તરીકે ઓળખે છે. એમની અસંદિગ્ધ કૃતિઓ તરીકે **તત્ત્વાર્થસૂત્ર**, એનુ ભાષ્ય, **શૌચપ્રકરણ** અને [1]**પ્રશમરતિ** ગણાવાય છે

(૭) કાલાતીત

યોગબિન્દુના ૩૦૦મા પદ્યમા એમને વિષે નિર્દેશ છે. એમનુ એ કહેવુ છે કે ઈશ્વર વિષે રાગ અને દ્વેષને બાજુએ રાખી વિચાર કરવો જોઈએ આ કાલાતીતે કોઈ કૃતિ રચી છે અને એમાથી સાત પદ્યો **યોગબિન્દુ**મા ૩૦૧થી ૩૦૭ એ ક્રમાકવાળા પદ્યો રૂપે રજૂ થયા છે સજ્ઞા-ભેદ એ કંઈ વાસ્તવિક ભેદ નથી એ બાબત અહી નિરૂપાઈ છે કાલાતીતની કોઈ કૃતિ હજી સુધી તો કોઈ સ્થળેથી મળી આવી નથી. પરસ્પર વિરુદ્ધ જનારી બાબતોનો સમન્વય સાધવાની વૃત્તિવાળા કાલાતીતના સપ્રદાય વિષે કશી માહિતી મળતી નથી

(૮) કુક્કાચાર્ય

અ૦જ૦પ૦ (ખડ ૧)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૮)મા આ આચાર્ય વિષે નીચે મુજબની પક્તિ છે :—

" प्रकरणकरण ह्यनिन्द्यो मार्ग पूर्वगुरुमिश्च कुक्काचार्यादिभिरस्मद्वंग-जैराचरित इति "

આ ઉપરથી નીચે પ્રમાણેની બાબતો તરી આવે છે .—

(૧) પ્રકરણ રચવા એ શુદ્ધ માર્ગ છે.

---

૧ **તત્ત્વાર્થસૂત્ર**ના પરિશિષ્ટ તરીકે આ કૃતિ " બિબ્લિઓથેકા ઇન્ડિકા "મા ઈ સ ૧૯૦૪મા છપાઈ છે " જૈ ધ પ્ર સ." તરફથી એ કોઈકની ટીકા સહિત વિ સ ૧૯૬૬મા પ્રકાશિત થયેલી છે J I A S (Vol 25, p 177 ff , Vol 29, p 61 ff)મા એ **બેલ્લિનિ**ના ઇટાલિયન અનુવાદ તેમ જ એક ટીકા સહિત આ કૃતિ છપાઈ છે

(૨) હરિભદ્રસૂરિની પૂર્વે થયેલા આચાર્યોએ આ ઉત્તમ કાર્ય કર્યું છે

(૩) કુક્કાચાર્ય એમાના એક છે

(૪) કુક્કાચાર્ય એ હરિભદ્રસૂરિના વંશજ છે એટલે કે એમના પૂર્વજ છે. એમની ગુરુપરંપરામા થયેલા છે.

(૫) કુક્કાચાર્ય એ શ્વેતાંબર આચાર્ય છે અને એમણે કોઈ પ્રકરણ રચ્યું હોવું જોઈએ. આ પ્રકરણ હજી સુધી તો કોઈ સ્થળેથી મળી આવ્યું નથી.

અ૦જ૦પ૦ (ખંડ ૧)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૪૨)મા નીચે પ્રમાણે ઉલ્લેખ છે :—

" इत्येतदपि—कुक्काचार्यादिचोदितं प्रत्युक्त निराकृतम् "

આ ઉપરથી એમ જણાય છે કે કુક્કાચાર્યે ઉઠાવેલી શંકા અસ્થાને છે અને એનું અહી નિરાકરણ કરાયું છે.

શું આ કુક્કાચાર્ય તે જ ઉપર્યુક્ત કુક્કાચાર્ય છે કે આ કોઈ નામરાશિ છે? આમ પ્રશ્ન સ્ફુરે છે, કેમકે જો આ કુક્કાચાર્ય તે જ હરિભદ્રસૂરિના પૂર્વજ હોય તો શું એમને ગુરુ તરીકે ઓળખાવવા છતાં એમની કોઈ વિચારસરણીનો અહી વિરોધ કરાયો છે એમ માનવું ?

જિનવિજયજીએ " श्रीहरिभद्राचार्यस्य समयनिर्णय· "મા કુક્કાચાર્યને 'બૌદ્ધ' કહ્યા છે તે શુ આ વિરોધને આભારી છે? એમની પાસે આ આચાર્યને 'બૌદ્ધ' માનવા માટે શો આધાર છે તે એઓ જણાવશે ખરા ?

(૬) કુમારિલ

શા૦ વા૦ સ૦ (શ્લો. ૫૮૫)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૮૦આ)માં

આ કુમારિલ વિષે નિર્દેશ છે. એમને 'ભટ્ટ' તેમ જ 'કુમારિલ-ભટ્ટ' પણ કહે છે. **જૈમિનીય-સૂત્ર** ઉપરના શબરકૃત ભાષ્યને અંગે એમણે ટીકા રચી છે. એ ત્રણ ખંડમાં વિભક્ત છે એના નામ અનુક્રમે **શ્લોકવાર્તિક, તન્ત્રવાર્તિક** અને **ટુ(? તુ)પ્ટીકા** છે. **તન્ત્રવાર્તિક**મા ભર્તૃહરિના મંતવ્યનું ખંડન છે. કુમારિલે બૌદ્ધ ન્યાયની અને એ દર્શનની સામે પ્રખર પ્રહારો કર્યા છે.

તત્ત્વસંગ્રહમા કુમારિલના વિચારોની આલોચના છે. એ ઉપરથી એમની ઉત્તરાવધિ નક્કી થાય છે. ડૉ. આ. ધ્રુવ, ડૉ. વિદ્યાભૂષણ અને પ્રો રામનાથ શાસ્ત્રીના મતે કુમારિલે ધર્મ-કીર્તિના મંતવ્યોનું ખંડન કર્યું છે. એ ઉપરથી એમની પૂર્વાવધિ નક્કી થઈ શકે, પરંતુ **અકલંકગ્રંથત્રય**ની પ્રસ્તાવના (પૃ. ૧૮)મા મહેન્દ્રકુમારે વિદ્યાભૂષણાદિના મતનો વિરોધ કર્યો છે અને પૃ. ૧૯મા એમણે એમ પ્રતિપાદન કર્યું છે કે ધર્મકીર્તિએ **પ્ર૦ વા૦**ના નિમ્ન લિખિત અંકવાળા પદ્યોમા તેમ જ પરિ. ૩, શ્લો. ૨૯૧ની સ્વોપજ્ઞ-વૃત્તિમા કુમારિલના મતની આલોચના કરી છે:—

૧, ૩૪-૩૫; ૩, ૨૬૫; ૩, ૨૫૯; ૩, ૨૮૯; ૩, ૨૧૬; ૨, ૧૪૧; અને ૩, ૨૪૦.

મહેન્દ્રકુમારના મતે ધર્મકીર્તિનો સમય ઇ. સ. ૬૨૦થી ૬૯૦ છે, જ્યારે કુમારિલનો સમય ઇ. સ ૬૦૦થી ૬૮૦ છે. ભગવદ્દત્ત તો આ બંનેનો સમય ઇ. સ. ૬૦૦ કરતા પહેલાનો માને છે. કે બી. પાઠકે એમના એક લેખમા ભર્તૃહરિનો સમય ઈ. સ. ૬૫૦નો સૂચવ્યો છે

(૧૦) ક્ષીરકદંબક

આ અજૈન છે દીક્ષા લેનારમા અને દીક્ષા આપનારમા શી યોગ્યતા જોઈએ એ સંબધી એમનો મત પૃ ૧૦૩મા મેં નોંધ્યો છે.

(૧૧) ગોપેન્દ્ર = ભગવદ્ગોપેન્દ્ર

યોગબિન્દુના ૧૦૦મા પદ્યમા ગોપેન્દ્રનો ઉલ્લેખ છે આની સ્વોપજ્ઞ મનાતી વૃત્તિ (પત્ર ૧૯અ)મા એમનુ 'ભગવદ્ગોપેન્દ્ર' તરીકે સંબોધન છે.

યોગબિન્દુનુ નિમ્નલિખિત પદ્ય એની પૂર્વેના પદ્યમા સૂચવાયા મુજબ ગોપેન્દ્રની કોઈ કૃતિમાથી ઉદ્ધૃત કરાયું છે:—

"अनिवृत्ताधिकारायां प्रकृतौ सर्वथैव हि।
न पुंसस्तत्त्वमार्गेऽस्मिन् जिज्ञासाऽपि प्रवर्तते ॥ १०१ ॥"

શ્લો ૧૦૪ સુધી ગોપેન્દ્રનો મત દર્શાવાયો છે.

લલિતવિસ્તરા (પત્ર ૪૫આ)મા ભગવદ્-ગોપેન્દ્રનો ઉલ્લેખ છે વિશેષમા અહી "બોહિદયાણં" સમજાવતી વેળા એમની કોઈક કૃતિમાથી નીચે મુજબનુ અવતરણ અપાયું છે :—

"निवृत्ताधिकारायां प्रकृतौ धृति श्रद्धा सुखा विविदिषा विज्ञप्तिरिति तत्त्वधर्मयोनय , नानिवृत्ताधिकारायाम्, भवन्तीनामपि तद्रूपताऽयोगात् "

ભગવદ્-ગોપેન્દ્ર એ જ ગોપેન્દ્ર છે વિશેષમા અહી જે અવતરણો અપાયા છે તે મૂળે કોઈ એક જ કૃતિનાં હોય એમ પણ ભાસે છે, અને તે કોઈ યોગશાસ્ત્ર હશે.

(૧૨) જિનદાસગણિ મહત્તર

હરિભદ્રસૂરિએ એમની કોઈ પણ કૃતિમા આ મહત્તરનો સ્પષ્ટ નામોલ્લેખ કર્યાનુ મારા વાચવામા આવ્યુ હોય એમ મને સ્ફુરતું નથી વળી જિનવિજયજીએ એમના સંસ્કૃત નિબંધ (પૃ. ૧૨)મા હરિભદ્રસૂરિએ નિર્દેશેલા ભિન્ન ભિન્ન શાસ્ત્રકારોની જે નામાવલી આપી છે તેમા પણ આ નામ નથી તેમ છતા આ મહત્તરની કોઈ કોઈ કૃતિના અમુક

અમુક અંશ (દા. ત **નંદીની** થેરાવલીની ગા. ૩૭ની ચુણ્ણિ) હારિભદ્રીય કૃતિમા જોવાય છે એટલે એઓ એમના પૂર્વગામી છે એ હિસાબે હુ એમનો સક્ષિપ્ત પરિચય આપું છુ

પ્રાચીન સમયના [1]૭ સુપ્રસિદ્ધ મહત્તરોમાના એક તે **જિનદાસ**-ગણિ **પ્રદ્યુમ્ન** ક્ષમાશ્રમણ એમના વિદ્યાગુરુ થાય છે **ઉત્તરજ્ઝયણ**ની [2]ચુણ્ણિ જો મહત્તરની જ કૃતિ હોય તો એઓ ગોવાલિય મહત્તરના શિષ્યો પૈકી એક છે. આ એમના દીક્ષાગુરુ હશે અથવા તો અન્ય વિદ્યાગુરુ હશે કે પછી નિશ્રા-ગુરુ હશે. આ મહત્તરે વિવિધ આગમો પર ચુણ્ણિ રચી છે. જેમ કે [3]**નિસીહ**, [4]**નંદી** અને [5]**અણુઓગ-દ્દાર. નિસીહ**ની ચુણ્ણિને જિનદાસે **નિસીહવિસેસચુણ્ણિ** કહી

૧ જુઓ "જૈ. ધ પ્ર" (પુ ૬૧, અ ૧૨, પુ ૬૨, અ. ૧, ૭, ૮, ૧૨)મા છપાયેલો મારો લેખ નામે "૭ મહત્તરો".

૨ આ ચુણ્ણિ "ઋ. કે શ્વે સંસ્થા" તરફથી ઇ. સ ૧૯૩૩મા પ્રકાશિત થયેલી છે

૩ આની ચુણ્ણિ સાઈક્લોસ્ટાઈલ્ડ (cyclostyled) કરાવીને છ ભાગમા વિભક્ત કરાઈ છે છ ભાગમા અનુક્રમે **નિસીહ**ના ઉ ૧, ઉ. ૨-૫, ઉ ૬-૧૦, ઉ. ૧૧-૧૪, ઉ. ૧૫-૧૭ અને ઉ ૧૮-૨૦ પૂરતી ચુણ્ણિ છે પહેલા ત્રણે ભાગો તેમ જ છઠ્ઠો ભાગ વિ. સ ૧૯૯૫મા અને બાકીના બે વિ સ. ૧૯૯૬મા તૈયાર કરાયા છે સશોધક જૈનાચાર્ય શ્રીવિજયપ્રેમસૂરિજી છે. આ ચુણ્ણિ મૂળ અને ભાસ સહિત "સન્મતિ જ્ઞાનપીઠ" તરફથી આગ્રાથી ચાર ભાગમા અનુક્રમે ઈ સ ૧૯૫૭, ૧૯૫૭, ૧૯૫૮ અને ૧૯૬૦મા પ્રસિદ્ધ કરાઈ છે વિશેષ માટે જુઓ DCGCM (Vol XIX, Sec. 1, pt 2, p 441)

૪ આ ચુણ્ણિ "ઋ કે શ્વે સસ્થા" તરફથી ઈ સ. ૧૯૨૮મા છપાવાઈ છે

૫ આ ચુણ્ણિ "ઋ કે, શ્વે. સસ્થા" તરફથી ઈ સ ૧૯૨૮મા બહાર પડી છે.

છે. જૈન ધર્મના અભ્યાસ માટે જ નહિ પરંતુ ભારતીય સામાજિક પરિસ્થિતિના અવલોકનાર્થે પણ આ મનનીય કૃતિ ઉપયોગી છે. **નંદી**ની ચુણ્ણિ શકસંવત્ ૫૯૮ (વિ. સ. ૭૩૩)મા પૂર્ણ કરાઈ છે કેટલાકને મતે [1]**આવસ્સય, ઉત્તરજ્ઝયણ** અને [2]**દસવેયાલિય**ની પણ ચુણ્ણિ એમણે રચી છે.

(૧૩) જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ

નંદીની ટીકા (પત્ર ૫૨)મા હરિભદ્રસૂરિએ એમને વિષે "જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ" એવો ઉલ્લેખ કર્યો છે અને [3]**વિસેસણવઈ**ની બે ગાથા આપી એ સમજાવી છે. આ ગણિરત્ન 'ભાષ્યકાર' તરીકે સુપ્રસિદ્ધ છે ખુદ હરિભદ્રસૂરિએ 'ભાષ્યકાર' તરીકે એમનો નિર્દેશ **નંદી**ની ટીકા (પત્ર ૫૯)મા તેમ જ **અણુઓગદ્દાર**ની ટીકા (પત્ર ૧૨૩ તેમ જ ૧૨૪)મા કર્યો છે. વિશેષમાં એમણે એમ કરતી વેળા **વિસેસા૦**માથી અવતરણ આપ્યા છે. **કુપકુપિકા** (પત્ર ૬૯)મા જિનભદ્રગણિનો ભાષ્યકાર તરીકે ઉલ્લેખ છે. એના પત્ર ૫૭માં **વિસેસા૦**માથી અવતરણ અપાયેલ છે. **જીયકપ્પ** ઉપરની ચુણ્ણિના પદ્ય ૫-૧૧મા એના કર્તાએ—ચૂર્ણિકાર **સિદ્ધસેનસૂરિએ** એમને વંદન કરી એમની સ્તુતિ કરી છે. સાતમા પદ્યમા એમણે કહ્યું છે કે એઓ જૈન અને અજૈન દર્શનો, લિપિઓ, ગણિત, છંદ અને વ્યાકરણમા નિષ્ણાત હતા.

---

૧ આ ચુણ્ણિ "ઋ. કે. શ્વે સંસ્થા" તરફથી બે ભાગમા ઈ સ. ૧૯૨૮ અને ૧૯૨૯મા અનુક્રમે છપાવાઈ છે.

૨ આ ચુણ્ણિ "ઋ. કે શ્વે સંસ્થા" તરફથી ઈ સ ૧૯૩૩મા પ્રસિદ્ધ થયેલી છે.

૩ આ **વીસવીસિયા** વગેરે કૃતિઓ સહિત "ઋ. કે. શ્વે સંસ્થા" તરફથી ઈ. સ ૧૯૨૭મા છપાવાઈ છે.

કહાવલીમા આ ભાષ્યકારનો જીવનવૃત્તાત અપાયો છે.

ધર્મસાગર ઉપાધ્યાયે **તપાગચ્છ-પટ્ટાવલી** તરીકે સામાન્ય રીતે ઓળખાવાતી [૧] **ગુરુપરિવાડી**ના નવમા પદ્યની સ્વોપજ્ઞ સંસ્કૃત વૃત્તિમા કહ્યું છે કે જિનભદ્રગણિ ૧૦૪ વર્ષ જીવ્યા હતા અને એઓ હરિભદ્રસૂરિના સમકાલીન થાય છે.

જિનભદ્રગણિએ નીચે મુજબની નવ કૃતિઓ રચી છે એમ મનાય છે:—

(૧) અણુઓગદ્દાર (' શરીર ' પદ)ની ચુણ્ણિ.

(૨) [૨] ખેત્તસમાસ.

(૩) [૩] જીયકપ્પ.

(૪) [૪] જીયકપ્પ-ભાસ

(૫) ઝાણજ્ઝયણ યાને ઝાણસય.

(૬) વિસેસણવઈ.

---

૧ આ મૂળ કૃતિ સંસ્કૃત સ્વોપજ્ઞ ટીકા સહિત **પટ્ટાવલી-સમુચ્ચય** (ભા ૧, પૃ ૪૧-૧૦૧)મા "તપાગચ્છ-પટ્ટાવલી"ના નામથી ઈ સ. ૧૯૩૩માં છપાવાયેલી છે.

૨ આ કૃતિ **મલયગિરિસૂરિ**કૃત વૃત્તિ સહિત "જૈ. ધ. પ્ર. સ" તરફથી વિ. સ. ૧૯૭૭મા છપાવાઈ છે.

૩ આ છેયસુત્ત એની ચુણ્ણિમાના કેટલાક અવતરણો સહિત પ્રો. **લૉય**-મેને બર્લિનથી ઈ. સ. ૧૮૯૨મા સપાદિત કર્યું હતુ આ **સિદ્ધસેનસૂરિ**કૃત ચુણ્ણિ અને એની **શ્રીચન્દ્રસૂરિ**કૃત વિષમપદવ્યાખ્યા સાથે "જૈ. સા. સં. સમિતિ" તરફથી અમદાવાદથી ઈ સ. ૧૯૨૬મા પ્રકાશિત થયુ છે.

૪ આ સ્વોપજ્ઞ ભાસ **જીયકપ્પ** સહિત શ્રી. બબલચંદ કે. મોદી તરફથી વિ સ. ૧૯૯૪મા છપાવાયુ છે

(૭) [1]વિસેસાવસ્સયભાસ.

(૮) વિસેસા૦ની સ્વોપજ્ઞ ટીકા (અપૂર્ણ).

(૯) [2]**સ**ંગહણી

વિસેસા૦ની એક હાથપોથી જેસલમેરના ભંડારમા હોવાનો અને એ કૃતિ શકસંવત્ ૫૩૧ (વિ સં. ૬૬૬)મા પૂર્ણ કરાયાનો ઉલ્લેખ **જયધવલા** (ભા. ૧)ની પ્રસ્તાવના (પૃ ૫૭)મા છે, પણ આ રચના-વર્ષને બદલે ' લિપિ-વર્ષ ' હોવુ જોઇએ એમ લાગે છે

વિસેસા૦ની ૨૭૩મી ગાથામા કોઈકનો મત દર્શાવાયો છે. શુ એ કુમારિલનો છે ?

વિસેસણવઈમા મતભેદોનો નિર્દેશ છે અને એનો સમન્વય સાધવાનો પ્રશંસાપાત્ર પ્રયાસ કરાયો છે, એની ૩૧મી ગાથામા **સામાઇય-ચુણ્ણિ** અને **વસુદેવચરિય**નો ઉલ્લેખ છે. આ **વસુદેવચરિય** તે જ **વસુદેવ-હિંડી** છે ?

જીયકપ્પની ૬૧મી ગાથા ઉપરથી એના ભાસના પ્રણેતા પણ જિનભદ્રગણિ જ છે એમ મુનિશ્રી પુણ્યવિજયજીનું કહેવુ છે

જીયકપ્પ-ભાસની કેટલીક ગાથાઓ **કપ્પ**ના ભાસ, **પંચકપ્પ**-ના ભાસ અને **પિણ્ડનિજ્જુત્તિ** સાથે મળતી આવે છે.

---

૧ આ ગુજરાતી ભાષાતર સહિત " આ સ " તરફથી બે ભાગમાં ઇ. સ ૧૯૨૪ અને ઈ સ ૧૯૨૭મા અનુક્રમે પ્રસિદ્ધ કરાયું છે આ પૂર્વે આ મૂળ કૃતિ **હેમચન્દ્રસૂરિ**ની **શિષ્યહિતા** નામની સંસ્કૃત વૃત્તિ સાથે "ય જૈ. ગ્રં મા "મા સાત ભાગમા **વીર**સવત ૨૪૩૭, ૨૪૩૮, ૨૪૩૮, ૨૪૩૮, ૨૪૩૯ ૨૪૩૯ અને ૨૪૪૦(?)મા અનુક્રમે છપાઈ છે. વિશેષમા આ મૂળ **કોટ્યાચાર્ય**કૃત વૃત્તિ સહિત બે ભાગમા " ઋ. કે. શ્વે સસ્થા " તરફથી ઇ સ ૧૯૩૬ ને ઈ સ ૧૯૩૭માં અનુક્રમે પ્રકાશિત કરાયું છે " આ સ " તરફથી મૂળનો અકરાદિ ક્રમ ઇ. સ ૧૯૨૩મા બહાર પડાયો છે.

૨ આ કૃતિ **મલયગિરિસૂરિ**કૃત ટીકા સહિત " જૈ આ સસ્થા " તરફથી વિ. સં. ૧૯૭૩માં છપાવાઈ છે

જીયકપ્પની પ્રસ્તાવના (પૃ. ૯)મા જિનવિજયજીએ **ઝાણસય**-ના કર્તા જિનભદ્રગણિ હોવા વિષે શંકા દર્શાવી છે.

જિનભદ્રગણિની ઉપર્યુક્ત કૃતિઓમાથી **વિસેસા૦**ની સ્વોપજ્ઞ ટીકા અને **અણુઓગદાર**ની ચુણ્ણિને બાદ કરતા બાકીની કૃતિઓ મુદ્રિત છે.[1]

જિનભદ્રગણિએ જે **વાસવદત્તા**નો ઉલ્લેખ કર્યો છે તે શું સુબંધુની કૃતિ છે?

(૧૪) જૈમિનિ

એઓ **મીમાંસાસૂત્ર**ના પ્રણેતા મનાય છે. એમનો સમય ઇ. સ. પૂર્વે ૨૦૦નો ગણાય છે

(૧૫) [2]દિઙ્નાગ, દિન્ન અને ભદન્ત

આ એક જ વ્યકિતનાં ભિન્ન ભિન્ન નામો હોય એમ લાગે છે. દિઙ્-નાગને કેટલાક ' દિગ્નાગ ' પણ કહે છે. હરિભદ્રસૂરિએ **અ૦જ૦૫૦**

---

૧ જુઓ પૃ. ૨૭૧, ટિ. ૨-૪, પૃ. ૨૧૦, પૃ. ૨૭૦, ટિ ૩ અને પૃ. ૨૭૨, ટિ ૧-૨ **ઝાણસય** હારિભદ્રીય ટીકા અને ' મલધારી ' **હેમચંદ્રસૂરિ**કૃત ટિપ્પણ સહિત વિ સં. ૧૯૯૭મા " વિનય-ભક્તિ-સુન્દર-ચરણ-ગ્રંથમાલા "-મા પણ છપાવાયુ છે, જ્યારે **વિસેસણવઈ** નિમ્નલિખિત ગ્રંથો સહિત " ઋ કે. શ્વે. સસ્થા " તરફથી ઇ. સ ૧૯૨૭મા પ્રસિદ્ધ કરાઇ છે —

પચ્ચક્ખાણસરૂવ, **કાતન્ત્ર**(સારસ્વત)વિભ્રમ (સટીક), **દાનષટ્‌ત્રિંશિકા** (સાવચૂર્ણિ), **નેમિસ્તુતિ** અને **વીસવીસિયા**

૨ આ ' વિજ્ઞાનવાદ 'ના મુખ્ય આચાર્ય ગણાય છે. એઓ પેશાવરના રહીશ હતા **બૌદ્ધ દર્શન** (પૃ ૧૦૯-૧૧૧)મા " દિગ્નાગ (૪૨૫ ઈ.) " શીર્ષકપૂર્વક એમનો પરિચય અપાયો છે વિશેષમા પૃ ૧૦૯માં શ્રી. **રાહુલ** સાંકૃત્યાયને **પુરાતત્ત્વ-નિબંધાવલી** (પૃ ૨૧૪-૨૧૫)ગત પોતાના લખાણમાથી કેટલો ક ભાગ અવતરણરૂપે આપ્યો છે.

(ખંડ ૧)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા પૃ. ૩૩૪ માં તેમ જ ૩૩૭મા **ધર્મકીર્તિ** જેવાના પૂર્વાચાર્ય તરીકે **ભદન્ત-દિન્ન**નો ઉલ્લેખ કર્યો છે. વિશેષમા એ પૃષ્ઠો ઉપરના મૂળમાં એમને નામે નીચે મુજબની પંક્તિ ઉદ્ધૃત કરી છે :—

" विकल्पयोनय· शब्दा विकल्पा शब्दयोनयः "

આ દિઙ્નાગના **પ્રમાણસમુચ્ચય**માં જોવાય છે. આ વિચારતાં તેમ જ જૈન સાહિત્યમા દિઙ્નાગનો કેટલીક વાર 'દિન્ન' તરીકે જે ઉલ્લેખ મળે છે એ ખ્યાલમાં લેતાં દિઙ્નાગ તે જ દિન્ન ઉર્ફે **ભદન્ત-દિન્ન** છે એમ માનવા હું પ્રેરાઉં છું.

દિઙ્નાગકૃત **ન્યાયપ્રવેશક** ઉપરની ટીકા (પૃ. ૩૫)માં હરિભદ્રસૂરિએ 'ભદંત' એવા નામોલ્લેખપૂર્વક નીચે પ્રમાણેની પંક્તિ આપી છે :—

" असाधारणहेतुत्वादक्षैस्तद् व्यपदिश्यते "

દિઙ્નાગના **પ્રમાણસમુચ્ચય**ના ચોથા પદ્યનો પૂર્વાર્ધ નીચે પ્રમાણે છે :—

" असाधारणहेतुत्वाद् व्यपदेश्यं तदिन्द्रियै. "

આ પ્રમાણે જો કે આ બેમા થોડોક ભેદ છે, પરંતુ ટિબેટી રૂપાંતર ઉપરથી આ સંસ્કૃત રચના કરાઈ છે એ લક્ષ્યમા લેતાં એ ભેદ બાધક બનતો નથી. ઊલટું આ સમાનતા જોતા હું તો **ભદન્ત** એટલે દિઙ્નાગ એવુ અનુમાન દોરુ છું. વૈદિક હિંદુઓની કૃતિઓમા દિઙ્નાગનો 'ભદંત' તરીકે ઉલ્લેખ મળે છે એ આ અનુમાનને પુષ્ટ કરે છે.

મેઘદૂતનુ " दिङ्नागानां पथि परिहरन् "થી શરૂ થતું સુપ્રસિદ્ધ પદ્ય બૌદ્ધ વિદ્વાન દિઙ્નાગનું ગર્ભિત રીતે સૂચન કરે છે એમ **મલ્લિનાથ** વગેરેનુ માનવું છે.

દિઙ્નાગનો ફાળો—દિઙ્નાગ એ [1]વસુબંધુના શિષ્ય થાય છે. વસુબંધુના ગુરુ અને મોટા ભાઈ તે [2]**અસંગ**. **અસંગ**ના ગુરુનું નામ [3]**મૈત્રેયનાથ** છે. દિઙ્નાગને 'ભારતીય મધ્યકાલીન ન્યાયના પિતા' ગણવામા આવે છે. એમ લાગે છે કે 'બૌદ્ધ' સંપ્રદાયમા પ્રમાણ અને ન્યાયને વિષે મૌલિક વિચારધારા રજૂ કરનાર [4]**નાગાર્જુન** છે એમ

---

૧ **ધર્મરત્નરાજે** ટિબેટી ભાષામાં જે **ભગવદ્‌-બુદ્ધ-ચરિત્ર** રચ્યું છે તેમા તો એમ છે કે **દિઙનાગ** તેમ જ **ધર્મકીર્તિ** આર્ય **અસંગ**ના શિષ્યો હતા અને એ બંને **અસંગ** પાસે ન્યાય ભણ્યા હતા.

કેટલાકના મતે **ધર્મકીર્તિ** ઇ. સ ૬૩૫મા નિવૃત્ત થનારા **ધર્મપાલ**ના શિષ્ય થાય છે.

૨ **બૌદ્ધ દર્શન** (પૃ ૭૩-૧૦૮)મા **અસંગ** વિષે વિસ્તૃત પરિચય અપાયો છે **અસગ**નું બીજુ નામ **આર્યસગ** છે એમનો સમય ઇ. સ. ૪૮૦-નો મનાય છે એમની કૃતિઓ તરીકે **અભિધર્મસમુચ્ચય**, **પંચભૂમિ**, **મહાયાનસંગ્રહ**, **મહાયાનસૂત્ર**, **મહાયાનસૂત્રાલંકાર** અને **યોગાચારભૂમિશાસ્ત્ર**નો ઉલ્લેખ **સ્યાદ્વાદમંજરી**ના શ્રી જગદીશચન્દ્ર જૈનના બૌદ્ધ-પરિશિષ્ટ (પૃ ૩૯૯)મા કરાયો છે. **હેતુબિન્દુ-ટીકા**ની અંગ્રેજી પ્રસ્તાવનામા તો **યોગાચારભૂમિશાસ્ત્ર**ના કર્તા તરીકે **મૈત્રેયનાથ**નો અને **અભિધર્મસંગીતિ**ના કર્તા તરીકે **અસંગ**નો ઉલ્લેખ છે.

એમ કહેવાય છે કે **અસગે** બૌદ્ધ સપ્રદાયમા તાન્ત્રિકવાદ (Tantricism) દાખલ કર્યો અને ખૂબ જ ગુપ્ત રીતે એનું જ્ઞાન **ધર્મકીર્તિ** સુધી ગુરુ દ્વારા શિષ્યને એમ પરંપરા પ્રમાણે મળતુ હતુ

૩ એમને ટૂંકમા **મૈત્રેય** કહે છે એમણે યોગાચારનુ સ્થાપન કર્યું છે. એમની કૃતિઓ તરીકે **અભિસમયાલંકારકારિકા**, **ધર્મધર્મતાવિભંગ**, **મધ્યાન્તવિભંગ**, **મહાયાન-ઉત્તરતંત્ર-શાસ્ત્ર**, **સૂત્રાલંકાર** ઇત્યાદિ ગણાવાય છે જુઓ **સ્યાદ્વાદમંજરી**નું બૌદ્ધ-પરિશિષ્ટ (પૃ. ૩૯૯).

૪ એમના જીવન અને ગ્રંથો વિષે Literary History of Sanskrit Buddhism (પૃ. ૮૯-૯૪) પ્રકાશ પાડે છે. ઇ. સ ૬૪૫મા વિદ્યમાન 'તાન્ત્રિક' **નાગાર્જુન**થી આ ભિન્ન છે.

એમની બે કૃતિ નામે [1]**વિગ્રહવ્યાવર્તની** અને [2]**મૂલ-મધ્યમક-કારિકા** યાને **માધ્યમિક-કારિકા** જોતા જણાય છે.

નાગાર્જુને કે અન્ય કોઈએ [3]**ઉપાયહૃદય** રચ્યુ છે. એવી રીતે **વસુબંધુએ** કે અન્ય કોઈએ [4]**તર્કશાસ્ત્ર** રચ્યું છે. આ **ઉપાયહૃદય** અને **તર્કશાસ્ત્રની** રચના **દિઙ્નાગની** પૂર્વે થઈ છે ખરી, પરંતુ ન્યાયને અંગે અનેક નવીન બાબતો રજૂ કરનાર તો **દિઙ્નાગ** છે એમ એમની **પ્રમાણસમુચ્ચય, ન્યાયમુખ, હેતુચક્ર** વગેરે કૃતિઓ વિચારતા જણાય છે. આગળ જતા **મૈત્રેયનાથ** અને **વસુબંધુ** કરતા **દિઙ્નાગનું** સ્થાન 'બૌદ્ધ' સંપ્રદાયમા વિશેષતઃ જામી ગયું. એઓ અને એમની પછી થયેલા **ધર્મકીર્તિએ** જાણે બૌદ્ધ ન્યાયનું સામ્રાજ્ય સ્થાપ્યુ અને એથી તો અનેક અજૈન ગ્રંથકારોએ મુખ્યતયા આ બેની સામે જ મોરચા માંડ્યા.

જીવનઝરમર—ટિબેટી સાધનો પ્રમાણે એમ મનાય છે કે **દિઙ્નાગનો** જન્મ 'મદ્રાસ' ઇલાકામા 'કાચી'ના ઉપનગર 'સિંહવક્ત્ર'-માં થયો હતો. એઓ જાતે બ્રાહ્મણ હતા. **નાગદત્તે** એમને 'હીનયાન'

---

૧ "ગા. પૌ ગ્ર "મા ગ્રથાક ૪૯ તરીકે ઈ સ ૧૯૩૦મા જિયુસેપ્પે ટુસિ (Giuseppe Tucci) દ્વારા સંપાદિત કૃતિ નામે "Pre-Dinnāga Buddhist Texts on Logic from Chinese Sources"મા **વિગ્રહ-વ્યાવર્તનીનો** અગ્રેજી અનુવાદ છપાયો છે

૨ આ ટીકા સહિત છપાયેલી છે.

૩ આ કૃતિની ચીની અનુવાદ ઉપરથી ફરીથી સસ્કૃતમા રચના કરાઈ છે અને એ "ગા પૌ ગ્ર."ના ગ્રંથાક ૪૯ તરીકે છપાવાયેલી કૃતિઓમાની એક છે

૪ આના ચીની અનુવાદના આધારે આનુ પણ સસ્કૃતીકરણ ઉપર્યુક્ત ગ્રંથાક ૪૯મા પ્રકાશિત થયુ છે

પથની દીક્ષા આપી હતી આગળ ઉપર એઓ વસુબંધુ (ઇ. સ. ૨૮૦-૩૬૦)ના શિષ્ય બન્યા[૧] અને એમણે ‘ હીનયાન ’ પંથના ગ્રંથો ઉપરાંત ‘ મહાયાન ’ પંથના ગ્રંથોનો પણ અભ્યાસ કર્યો એમને ‘ નાલંદા ’ જવા માટે આમંત્રણ મળ્યું હતુ.

એમણે વિવિધ દર્શનોના અનેક અનુયાયીઓને વાદમા પરાસ્ત કર્યા હતા અને એથી એઓ ‘ વાદી ’ તરીકે ઓળખાતા હતા.

એમને શંકરસ્વામી નામના શિષ્ય હતા

આ દિઙ્નાગે ન્યાય ઉપર ગ્રંથો રચ્યા છે. પરમાર્થ (ઇ સ. ૪૯૯-૫૬૯) દ્વારા એનો ચીની ભાષામા અનુવાદ થયો છે.

સમય—ડૉ. બી. ભટ્ટાચાર્યે અને શ્રી. **રાહુલ** સાંકૃત્યાયને દિઙ્નાગનો સમય ઇ. સ. ૩૪૫-૪૨૫નો દર્શાવ્યો છે, જ્યારે કલ્યાણ-વિજયજીના કથન મુજબ એઓ ઇ. સ. ૩૨૦મા થયા છે.

કૃતિકલાપ—ડૉ. બી. ભટ્ટાચાર્યે દિઙ્નાગની કૃતિઓ તરીકે નીચે મુજબનાં નામ ગણાવ્યા છે :—

(૧) **આલંબન-પરીક્ષા**

(૨) **આલંબન-પરીક્ષા-વૃત્તિ**

(૩) **ત્રિકાલ-પરીક્ષા**

(૪) **ન્યાયપ્રવેશ**

(૫) **પ્રમાણશાસ્ત્રન્યાયપ્રવેશ**

(૬) **પ્રમાણસમુચ્ચય**

(૭) **પ્રમાણસમુચ્ચય-વૃત્તિ**

(૮) **હેતુચક્રહ(ડ)મરુ.**

---

૧ જુઓ પૃ ૨૭૫, ટિ ૧.

આલંબન-પરીક્ષા—આ આઠ પદ્યોની કૃતિ છે. એનુ યમગુચિ (Yamaguchi)એ [1]સંપાદન કર્યું છે **આલંબન-પરીક્ષા** ઉપર સ્વોપજ્ઞ [2]વૃત્તિ છે અને **ધર્મ**પાલની [3]ટીકા છે.

આ મૂળ તેમ જ એની આ વૃત્તિમાથી **બ્રહ્મસૂત્ર** (૨-૨-૨૮) ઉપરના **શાંકર-ભાષ્ય**મા તેમ જ **તત્ત્વસંગ્રહની પંજિકા** (પૃ. ૫૮૨)મા અવતરણો અપાયા છે.

ન્યાયપ્રવેશ—ન્યાયપ્રવેશક તે જ આ **ન્યાયપ્રવેશ** છે એમ મારું માનવું છે, અને એ જો સાચું જ હોય તો આ સંબંધમાં જે **ન્યાયપ્રવેશક** માટે પૃ. ૨૨૮-૨૨૯મા મેં કહ્યું છે તે આને લાગુ પડે છે. પં. વિધુશેખર **ન્યાયપ્રવેશ**ને જ **ન્યાયદ્વાર** માને છે પરંતુ ડૉ. ટુસિ એ વાતને ગલત ગણે છે.

પ્રમાણશાસ્ત્રન્યાયપ્રવેશ—કેટલાકને મતે આ જ **ન્યાય-પ્રવેશ** છે.

ન્યાયમુખ—ડૉ. ટુસિએ **ન્યાયમુખ**ના ચીની અનુવાદ ઉપરથી એનુ મૂળ ઇ. સ. ૧૯૩૦મા ઉપસ્થિત કર્યું હતું.[4] **ન્યાયદ્વાર** એ જ **ન્યાયમુખ** હશે. **ન્યાયદ્વાર** એ દિઙ્નાગની કૃતિ છે એમ મારુ માનવુ થાય છે.

---

૧ આ Journal Asiatiqueમા ઇ. સ. ૧૯૨૯મા પ્રકાશિત કરાયુ છે "ધ અડિયાર લાઈબ્રેરી સિરીઝ"મા આ મૂળ એની સ્વોપજ્ઞ વૃત્તિ તેમ જ ધર્મપાલની ટીકા સહિત નવેસરથી છપાવાયુ છે

૨ આ છપાવાયેલી છે. જુઓ ટિ ૧

૩ આ પ્રસિદ્ધ થયેલી છે જુઓ ટિ. ૧

૪ આ વૅાલેસર (Wallaser)ના "Materials" નામની ગ્રંથ-માલામા પ્રકાશિત કરાયુ છે

પ્રમાણસમુચ્ચય—આ ‘ અનુષ્ટુભ્ ’માં ૭ પરિચ્છેદોમા રચાયેલી કૃતિ છે. એમાં **ન્યાયદ્વાર** અને **હેતુચક્રડમરુ** એ બે દિઙ્નાગની કૃતિઓને સરસ રીતે વણી લેવાઈ છે. આ એમની સર્વોત્તમ કૃતિ છે. એમની એકે કૃતિ સર્વાંગે સંસ્કૃતમા મળતી નથી. **પ્રમાણસમુચ્ચય**ના ટિબેટી રૂપાતર ઉપરથી એનો પ્રથમ પરિચ્છેદ એચ. આર. રંગાસ્વામી આયંગરે તૈયાર કરી, એના ઉપરની ટિબેટી રૂપાતરવાળી સ્વોપજ્ઞ ટીકામાથી તેમ જ જિનેન્દ્રબુદ્ધિની ટિબેટી રૂપાતરવાળી **વિશાલામલવતી**[1] ટીકામાથી અનેક પાઠો ઉદ્ધૃત કરી એ સામગ્રીપૂર્વક એ પરિચ્છેદનું સંપાદન કર્યું છે.[2] સાથે સાથે એમાં દિઙ્નાગની પ્રતિકૃતિ એમણે રજૂ કરી છે.

પ્રથમ પરિચ્છેદમા પ્રત્યક્ષ, બીજા બેમા અનુમાન—દ્વિતીય પરિચ્છેદમા સ્વાર્થાનુમાન અને ત્રીજામાં પરાર્થાનુમાન, ચોથામાં દૃષ્ટાત, પાંચમામા અપોહ અને છટ્ઠામાં જાતિ એમ એક પછી એક વિષયને ન્યાય અપાયો છે.[3] દિઙ્નાગે પ્રથમ પોતાના પક્ષનુ વક્તવ્ય રજૂ કરી ન્યાય, વૈશેષિક, સાંખ્ય અને મીમાસાના મંતવ્યોની આલોચના કરી છે.

પ્રમાણસમુચ્ચય (પરિ. ૧, શ્લો. ૧૪)મા **વાદવિધિ**નો ઉલ્લેખ છે. પરિ ૧, શ્લો. ૧૮ની સ્વોપજ્ઞ વૃત્તિમાં પણ આ કૃતિની નોધ છે.

---

૧ આનાં પૃ ૭૭ તેમ જ ૮૦મા **માધવ** નામના સાંખ્ય તત્ત્વજ્ઞાનીનો ઉલ્લેખ છે.

૨ આ “ માઇસોર યુનિવર્સિટિ પબ્લિકેશન ” તરીકે ઇ. સ. ૧૯૩૦મા પ્રકાશિત કરાયુ છે. સપાદકે ‘ રાજતન્ત્રપ્રવીણ ’ ડૉ સર બ્રજેન્દ્રનાથ સીલને આ પુસ્તક અર્પણ કર્યું છે

૩ **બૌદ્ધ દર્શન** (પૃ ૧૧૦)મા પ્રત્યક્ષ ઇત્યાદિ છની સાથે ‘ પરીક્ષા ’ નામ જોડી ૭ પરિચ્છેદોની કારિકાની સંખ્યા અનુક્રમે નીચે મુજબ દર્શાવાઈ છે :—

૪૮, ૫૧, ૫૦, ૨૧, ૫૨ અને ૨૫

આમ આ કૃતિમા ૨૪૭ પદ્યો છે.

પરિ. ૩મા **હેતુચક્રડમરુ**માથી બે પદ્યો અપાયા છે. આ બે પદ્યો તેમ જ એનું એક બીજું પદ્ય **તાત્પર્યટીકા**માં અવતરણરૂપે જોવાય છે. આ **તાત્પર્ય-ટીકા**મા **વાર્ષગણ્ય**નો ઉલ્લેખ છે.

બૌદ્ધ દર્શન (પૃ. ૧૧૧)મા કહ્યું છે કે **દિઙ્નાગે** પોતાના ગ્રંથોમા ઇતર દર્શનો અને **વાત્સ્યાયન**કૃત **ન્યાય-ભાષ્ય**ની એટલી તર્કસંગત આલોચના કરી છે કે આ ભાષ્ય ઉપર પાશુપતાચાર્ય ઉદ્દ્યોતકર ભારદ્વાજને કેવળ એનો ઉત્તર આપવા માટે **ન્યાય-વાર્તિક**ની રચના કરવી પડી.

દિઙ્નાગના **પ્રમાણસમુચ્ચય**ની બૌદ્ધેતર ગ્રંથકારોએ જેમ ઝાટકણી કાઢવા પ્રયાસ કર્યો છે તેમ બૌદ્ધોએ એમના મંતવ્યોના સમર્થનાર્થે પુષ્કળ પરિશ્રમ કર્યો છે. આમ આ કૃતિએ સમગ્ર ભારત વર્ષને એક યા બીજી રીતે આકર્ષ્યું છે. **એરિસ્ટોટલ**ના લખાણોએ યુરોપને મોહમુગ્ધ બનાવ્યું હતું ખરુ પરંતુ એની સમીક્ષા માટે આવું ક્ષેત્ર ઉપસ્થિત કર્યું ન હતું એટલે એ અંશતઃ જ **પ્રમાણસમુચ્ચય**ની સાથે સરખાવી શકાય.

પ્રમાણસમુચ્ચયની વૃત્તિ—આ સ્વોપજ્ઞ વૃત્તિ છે. એ પણ સંસ્કૃતમાં મળતી નથી. એના ટિબેટી રૂપાંતરમાંથી જે અવતરણો ઉપર્યુક્ત આવૃત્તિમાં અપાયા છે તેમા પૃ. ૨મા **ન્યાયદ્વાર**નો અને પૃ. ૩૮મા **વાદવિધિ**નો ઉલ્લેખ છે.

હેતુચક્રડમરુ—આને **હેતુચક્ર** પણ કહે છે. આ ન્યાયની કૃતિ **પ્રમાણસમુચ્ચય**મા ગૂંથી લેવાઈ છે. એમા બે પ્રકરણો છે. એકમા પક્ષ વિષે અને બીજામાં 'હેતુ' વિષે નિરૂપણ છે. આ નાનકડી કૃતિનાં બે પદ્યો **પ્રમાણસમુચ્ચય** (પરિ. ૩)મા જોવાય છે. આ બે પદ્યો તેમ જ એક બીજું પદ્ય **તાત્પર્ય-ટીકા**મા ઉદ્ધૃત કરાયાં છે.

દિઙ્નાગની વિવિધ સંસ્કૃત રચનાઓમાથી જે અવતરણો **ન્યાયવાર્તિક** અને એની વાચસ્પતિમિશ્રકૃત **તાત્પર્ય–ટીકા**મા નજરે પડે છે તે એકત્રિત કરી એનું સંપાદન પ્રો. રૅન્ડલે (Randle) કર્યું છે. એવી રીતે **શ્લોકવાર્તિક** ઉપરની પાર્થસારથિમિશ્રકૃત ટીકાગત અવતરણો અંગેનુ કાર્ય એચ. આર **રંગાસ્વામી**એ કર્યું છે. **મલ્લવાદી**એ એક કારિકાના ભાષ્ય નામે **દ્વાદશારનયચક્ર**મા દિઙ્નાગનાં અનેક વચનોની સમાલોચના કરી છે. એ એકત્રિત થવા ઘટે.

પ્રમાણસમુચ્ચય ઉપરના વાર્તિકમાં **ધર્મકીર્તિ**એ દિઙ્નાગના મંતવ્યોથી પોતે જ્યા જ્યા ભિન્ન મત ધરાવતા હતા તે સ્પષ્ટ રૂપે અને નિર્ભયપણે દર્શાવ્યા છે.

(૧૬) દિવાકર

અ૦જ૦પ૦ (ખંડ ૧)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૮૪)મા એમને વિષે નિમ્નલિખિત પંક્તિમા ઉલ્લેખ છે :—

"परं —स्याद्वादभङ्गादो दिवाकरादिभि "

આ ઉપરથી હુ એમ માનું છુ કે દિવાકર એ **સ્યાદ્વાદભંગ**ના કર્તા છે. **હેતુબિન્દુ** ઉપરની **અર્ચટ**કૃત ટીકા (પૃ. ૩૧)મા જે **સ્યાદ્વાદભંગ**નો ઉલ્લેખ છે તે જ આ કૃતિ હોવી જોઈએ એમ લાગે છે.

આ દિવાકર બૌદ્ધ છે એટલે **શૃંગાર–વૈરાગ્ય–તરંગિણી**ના કર્તા જે દિવાકર જૈન છે તેમનાથી તો આ સહેજે ભિન્ન ઠરે છે.

શારદાતનયે (આશરે ઈ. સ. ૧૧૫૦–૧૨૧૦)મા જે **નાટ્યશાલપતિ**ના નામે દિવાકરનો ઉલ્લેખ કર્યો છે તે પણ આ દિવાકરથી ભિન્ન છે. આ **શારદાતનય**ના એ અન્ય દિવાકર નાટ્યશાસ્ત્ર પરત્વે ગુરુ થાય છે.

(૧૭) ધર્મકીર્તિ

શા૦વા૦સ૦ (વિ. ૧૦, શ્લો. ૨૪)મા તેમ જ **અ૦જ૦પ૦**ની સ્વોપજ્ઞ વ્યાખ્યામા અનેક સ્થળે (દા. ત. ખંડ ૨, પૃ. ૩૯માં) ધર્મ-કીર્તિનો ઉલ્લેખ હરિભદ્રસૂરિએ કર્યો છે. ઉપર્યુક્ત પૃ. ૩૯મા એમનો ' ન્યાયવાદી ' તરીકે નિર્દેશ છે.

ધર્મકીર્તિનો કોઈક વાર ' કીર્તિ ' તરીકે ઉલ્લેખ જોવાય છે. દા. ત. [1]**શંકરાચાર્ય**ના શિષ્ય [2]સૂરેશ્વરે **બૃહદારણ્યકોપનિષદ્-વાર્તિક**મા આમ કર્યું છે

જીવન-રેખા—ધર્મકીર્તિનુ જીવન-ચરિત્ર કોઈ ભારતીય ભાષામા પ્રાચીન સમયમા રચાયું હોય એમ જાણવાજોવામા નથી ટિબેટી સાહિત્ય જ એમને વિષે થોડીઘણી પણ હકીકત પૂરી પાડે છે. ટિબેટી લેખકો પૈકી લામા **તારા**નાથ અને [3]બસ્ટન (Buston) એ બે નામ સામાન્ય રીતે ગણાવાય છે. ડો. **સ**તીશચન્દ્ર વિદ્યાભૂષણે લામા **તારા**નાથના લખાણને આધારે ધર્મકીર્તિ સંબધી વક્તવ્ય A History of Indian Logic (pp. 303-4)મા રજૂ

---

૧ કેટલાક એમનો સમય ઇ સ નો છઠ્ઠો સૈકો દર્શાવે છે પણ એ હકીકત બરાબર નથી.

૨ **શંકરમંદારસૌરભ**મા **સૂરે**શ્વરનુ જન્મવર્ષ કલ્યબ્દ ૩૮૮૯ (= વિ સ ૮૪૫ = ઇ સ ૭૮૮)નું નિર્દેશાયુ છે.

૩ એમની ટિબેટી કૃતિનો અનુવાદ ડો. ઇ **ઓબર**મિલર (Obermiller) દ્વારા કરાયો છે. એ બસ્ટનનુ History of Buddhism નામનુ પુસ્તક Materialien zur Kunde des Buddhismusમા હાઇડેલ્બર્ગ (Heidelburg)થી ઇ સ ૧૯૩૧મા પ્રકાશિત કરાયુ છે.

કર્યું છે. પ્રો. [૧]શેરબેટ્સ્કિ ([૨]Stcherbatsky) તરફથી Buddhist Logic (Vol. 1. pp. 34–36)મા ઉપર્યુક્ત બને ટિબેટી લેખકોને આધારે ધર્મકીર્તિની જીવનરેખા આલેખાઈ છે. [૩]**હેતુબિન્દુ–ટીકા**ની પ્રસ્તાવના (પૃ. ૬)મા કહ્યું છે કે પ્રો. શેરબેટ્સ્કિનું લખાણ વધારે સંક્ષિપ્ત તેમ જ સત્યની વધારે નજીક છે. આ પ્રોફેસરનુ લખાણ ટિપ્પણોને બાજુએ રાખી આ પ્રસ્તાવના (પૃ. ૬–૮)મા ઉદ્ધૃત કરાયું છે આના આધારે હું અહી કેટલીક વિગતો રજૂ કરું છુ:

ધર્મકીર્તિનો જન્મ 'દક્ષિણ' પ્રદેશમા આવેલા 'ત્રિમલય' (? તિરુમલ્લ)મા 'બ્રાહ્મણ' જાતિમા થયો હતો. બ્રાહ્મણોને સુલભ વિદ્યામા એઓ નિષ્ણાત બન્યા બાદ એમનું 'બૌદ્ધ' ધર્મ તરફ મન આકર્ષાયું અને એઓ 'બૌદ્ધ' બન્યા. આગળ જતા એઓ 'નાલંદા' ગયા, કેમકે એમની ઇચ્છા વસુબંધુના શિષ્ય ધર્મપાલ પાસે જ્ઞાન મેળવવાની હતી એમને ન્યાયમા રસ હતો એટલે દિઙ્નાગના સાક્ષાત્ શિષ્ય ઇશ્વરસેન પાસે એમણે અભ્યાસ કરવા માડ્યો. એમ કહેવાય છે કે દિઙ્નાગની કૃતિ જેટલી ધર્મકીર્તિ સમજી શક્યા એટલી તો ઇશ્વરસેન પણ સમજી શક્યા ન હતા.

ધર્મકીર્તિએ પોતાનો સમય **પ્ર૦વા૦** જેવી કૃતિ રચવામા, અધ્યાપનમા, વાદવિવાદમા અને 'બૌદ્ધ' મંતવ્યોનો પ્રચાર કરવામાં

---

૧ એમણે ધર્મકીર્તિને ભારતીય કાન્ટ (Kant) કહ્યા છે જુઓ **બૌદ્ધ દર્શન** (પૃ ૧૧૧).

૨ **બૌદ્ધ દર્શન** (પૃ ૧૧૧)મા આનો ઉચ્ચાર 'શ્ચેર્વાસ્કી' કરાયો છે. પૃ ૧૨૨મા શ્રી રાહુલે ધર્મકીર્તિને ભારતીય હેગેલ (Hegel) કહ્યા છે. જર્મન હેગેલનો સમય ઇ. સ ૧૭૭૦–૧૮૩૧ છે

૩ આ **અર્ચટકૃત ટીકા**નું સંપાદન પં. **સુખલાલ સંઘવીએ** કર્યું છે અને આ ટીકા "ગા પૌ. ગ્ર."મા ઇ. સ ૧૯૪૯માં છપાઇ છે

ગાળ્યો. હતો એમણે ‘ કલિંગ ’મા મઠ સ્થાપ્યો હતો. એમા એમનું અવસાન એમના શિષ્યોની હાજરીમા થયું હતું.

જેમ દિઙ્નાગને એમના જીવન દરમ્યાન એમની કૃતિઓને પૂરતો વેગ અને આદર મળે તેવો પ્રબંધ કરનાર કોઈ શિષ્ય ન મળ્યો, પરંતુ આગળ ઉપર ધર્મકીર્તિએ જેમ એ કાર્ય કર્યું તેમ ધર્મકીર્તિને પણ એમના જીવન દરમ્યાન એમની કૃતિઓને સમુચિત રીતે રજૂ કરનાર કોઈ શિષ્ય ન મળ્યો, પરંતુ એમના અવસાન બાદ ધર્મોત્તરે એમનું ગૌરવ વધે તેમ આ કાર્ય કર્યું.

સમય—ધર્મકીર્તિના સમય વિષે ભિન્ન ભિન્ન મતો પ્રવર્તે છે:—

(૧) ડો. **વિદ્યાભૂષણ** એમનો સમય ઇ. સ. ૬૩૫–૬૫૦નો દર્શાવે છે

(૨) **વાદન્યાય**ની પ્રસ્તાવનામા શ્રી. **રાહુલ** એમનો સમય ઈ. સ. ૬૨૫ કરતા કંઈક વહેલો હોવાનું સૂચવે છે. આ સમય તે એમનો પ્રવૃત્તિ-સમય છે.

(૩) **અકલંકગ્રંથત્રય**ની પ્રસ્તાવના (પૃ. ૧૮–૨૩)મા પં. મહેન્દ્રકુમારે ધર્મકીર્તિના સમય વિષે વિચાર કરી એમ કહ્યું છે કે એઓ ઇ. સ ૬૨૦થી ૬૯૦ના ગાળામા થઈ ગયા છે.

(૪) શ્રી. **ભગવદ્દત્ત**ના કથન મુજબ ધર્મકીર્તિ ઇ. સ. ૬૦૦ પહેલાં થઈ ગયા છે.

(૫) પ્રો. કે. હ. **ધ્રુવ**ના મતે ધર્મકીર્તિ ઇ. સ. ૪૫૦મા વિદ્યમાન હતા.

(૬) કલ્યાણવિજયજીનુ માનવું એ છે કે ધર્મકીર્તિ ઇ. સ. ૩૪૯મા, દિઙ્નાગ ઇ. સ ૩૨૦માં, વસુબંધુ ઇ. સ. ૨૬૦–૩૪૦મા અને **અસંગ** ઇ. સ. ૨૫૦–૩૦૦મા થઈ ગયા.

ઉત્તરકાલીન ગ્રંથકારો—આ ઉપરથી જોઈ શકાશે કે **ધર્મ-કીર્તિ**ના સમય પરત્વે મતભેદ છે અને તે પણ નાનોસૂનો નથી, કેમકે એક બાજુ ઇ. સ ૩૪૯નો ઉલ્લેખ કરાય છે તો બીજી બાજુ ઇ. સ. ૬૯૦ સુધી એ લંબાવાય છે. તેમ છતાં અમુક અમુક ગ્રથકારો એમના પછી થયા છે એ વાત નિર્વિવાદ છે. આ ગ્રંથકારો પૈકી એક તો **હરિ-ભદ્રસૂરિ** છે ૭૪ અને બીજા **વ્યોમશિવ**, **અકલંક** અને **જયન્ત** પણ છે, કેમકે આ ચારેએ **ધર્મકીર્તિ**ના મંતવ્યની આલોચના કરી છે.

સમસમયી ગ્રંથકારો—**હેતુબિન્દુટીકા**ની પ્રસ્તાવના (પૃ. ૯)મા એમ સૂચવાયુ છે કે **ઈશ્વરસેન**, **ઉદ્દ્યોતકર**, **કુમારિલ** અને **ભર્તૃ-હરિ** એ ચારે ગ્રંથકારો **ધર્મકીર્તિ**ના સમકાલીન છે; તેમ છતા એમનાથી મોટા યે છે. આ માટે નીચે મુજબ કારણ દર્શાવાયાં છે:—

ધર્મકીર્તિ **ઈશ્વરસેન**ના શિષ્ય મનાય છે અને **અર્ચટ**ના મત મુજબ **હેતુબિન્દુ**મા **ધર્મકીર્તિ**એ **ઈશ્વરસેન**ના વિચારોનુ ખંડન કર્યું છે.

ધર્મકીર્તિએ **ઉદ્દ્યોતકર**, **કુમારિલ** અને **ભર્તૃહરિ**ના મંતવ્યો વિષે સખત ટીકા કરી છે, જ્યારે આ ત્રણ ગ્રથકારોએ **ધર્મકીર્તિ** સામે પ્રહાર કર્યા હોય એવો સ્પષ્ટ નિર્ણય કરવા માટે કોઈ પુરાવો નથી.

પ્ર૦વા૦ના પ્રથમ પરિચ્છેદની યોજનાને **આપ્તમીમાંસા**માં **સમંતભદ્રે** અપનાવી છે એ સંભવિત હકીકત છે એટલે એ હિસાબે **સમંતભદ્ર** **ધર્મકીર્તિ**ના સમકાલીન હોવા છતા એમનાથી નાના છે.

ગ્રંથરાશિ—ડૉ. **વિદ્યાભૂષણ**ના મત મુજબ નિમ્નલિખિત નવ ગ્રંથોના પ્રણેતા **ધર્મકીર્તિ** છે, અને એ પૈકી પહેલા આઠના તો ટિબેટી અનુવાદો મળે ૭૪ છે:—

(૧) **તર્કન્યાય** યાને **વાદન્યાય**

(૨) **ન્યાયબિન્દુ**

(૩) **પ્રમાણવાર્તિક**

(૪) **પ્રમાણવાર્તિકવૃત્તિ**

(૫) **પ્રમાણવિનિશ્ચય**

(૬) **સન્તાનાન્તરસિદ્ધિ**

(૭) **સંબંધપરીક્ષા**

(૮) **સંબંધપરીક્ષાવૃત્તિ**

(૯) **હેતુબિન્દુવિવરણ**

વાદન્યાયના પરિશિષ્ટમા શ્રી. **રાહુલે ધર્મકીર્તિ**ના ગ્રંથો અને એના ઉપરના વિવિધ વિવરણોનો ઉલ્લેખ કર્યો છે. આ ઉલ્લેખને આધારે **ધર્મકીર્તિ**નો કૃતિકલાપ તેમ જ એના વિવરણાત્મક સાહિત્યની નોધ **હેતુબિન્દુટીકા**ની પ્રસ્તાવના (પૃ ૯–૧૦)મા અપાઈ છે. એ જોતા ઉપર્યુક્ત નવ કૃતિઓમાથી પહેલી આઠ તો શ્રી. **રાહુલે** પણ નોધી છે. નવમી કૃતિ તરીકે એમણે **હેતુબિન્દુ**નો ઉલ્લેખ કર્યો છે, નહિ કે એના વિવરણનો **હેતુબિન્દુ** એ તો **ધર્મકીર્તિ**ની કૃતિ છે જ એટલે એનો ઉલ્લેખ સ્થાને છે.

કેટલાક આ ઉપરાતની કૃતિઓ તરીકે નીચે મુજબના નામ સૂચવે છે:—

(૧) **અલંકાર**

(૨) **ન્યાયવિનિશ્ચય**

(૩) **વિજ્ઞાનનયપ્રસ્થાન**

શ્રી **રાહુલે** જે નવ કૃતિઓ ગણાવી છે તેને જ હું અત્યારે તો **ધર્મકીર્તિ**ની નિર્વિવાદ કૃતિઓ માનું છુ એટલે એનો પરિચય તો હું આપું છુ. સાથે સાથે જે અન્ય કૃતિઓ અહીં મેં ગણાવી છે તેનો પણ હુ થોડોક વિચાર કરીશ.

અલંકાર—વાસવદત્તામા **સુબંધુ**એ આ કૃતિનો ઉલ્લેખ કર્યો છે. આ **વાસવદત્તા** ઇ. સ.ની પાચમી સદીના ત્રીજા ચરણમાં રચાયાનુ મનાય છે. કલ્યાણવિજયજીએ **સુબંધુ**નો સમય ઇ. સ. ૩૭૫–૪૨૫નો દર્શાવ્યો છે.

વાસવદત્તામા ઇ. સ.ની પાચમી સદીના પૂર્વાર્ધમા થઈ ગયેલા અને **ન્યાયવાર્તિક**ના કર્તા **ભારદ્વાજ** ઉદ્દ્યોતકરનો ઉલ્લેખ છે.

[1]**ન્યાયબિન્દુ**—આ ગદ્યાત્મક સંસ્કૃત કૃતિના ત્રણ પરિચ્છેદ છે. પહેલામા સમ્યગ્જ્ઞાનના પ્રત્યક્ષ અને અનુમાન એમ બે પ્રકારો સૂચવી પ્રત્યક્ષનુ લક્ષણ અને એના ચાર ભેદો દર્શાવાયા છે. બીજામાં સ્વાર્થાનુમાનનો અને ત્રીજામા પરાર્થાનુમાનનો અધિકાર છે. ત્રીજો પરિચ્છેદ સૌથી મોટો છે. આ કૃતિનું પરિમાણ ૧૭૭ શ્લોક જેવડું છે.

ન્યાયબિન્દુ ઉપર **ધર્મોત્તર**ની ટીકા અને એ ટીકાને અંગે (?) **મલ્લવાદી**નુ ટિપ્પણ પ્રસિદ્ધ થયેલા છે. દુર્વેકે **ધર્મોત્તર**ની ટીકા ઉપર **ધર્મોત્તરપ્રદીપ** નામની ટીકા રચી છે. વળી **વિનીતદેવ**, કમલશીલ અને જિનમિત્રની **ન્યાયબિન્દુ** ઉપરની ટીકાના ટિબેટી રૂપાતરો મળે છે.

ન્યાયબિન્દુનો ચીની અનુવાદ ઇ. સ. ૪૦૦ થી ૪૦૫ના ગાળામા થયાનું મનાય છે તે કેવી રીતે વ્યાજબી ગણાય ?

ન્યાયવિનિશ્ચય—આ કૃતિ વિષે ખાસ કંઈ જાણવામા નથી.

---

૧ પ્રો પીટર **પિટર્સન** દ્વારા આ મૂળ કૃતિનુ તેમ જ એના ઉપરની **ધર્મોત્તર**કૃત ટીકાનું સપાદન થયુ છે. એ "બિબ્લિઓથેકા ઇન્ડિકા"મા કલકત્તાથી ઇ. સ. ૧૮૮૯મા પ્રસિદ્ધ થયેલ છે મૂળ ઉપર્યુક્ત ટીકા સહિત "કાશી સંસ્કૃત સિરીઝ"મા ઇ. સ ૧૯૨૪માં પ્રકાશિત કરાયું છે અને એમા **ન્યાયબિન્દુ**નો **ચંદ્રશેખરે** કરેલો હિંદી અનુવાદ છપાયેલો છે.

સુંદરીનો દેહ ઘડતી વેળા બ્રહ્મા મનમા શો વિચાર કરતા હતા ? એમણે સૌન્દર્ય-ધનના વ્યયની દરકાર કરી નથી. એમણે મહાકલેશ સ્વીકાર્યો છે. સુખે સ્વચ્છંદે વર્તતા લોકના હૃદયમા એમણે ચિન્તાગ્નિ પ્રકટાવ્યો છે. આ સુંદરી પોતે પણ સમાન કક્ષાના રમણના અભાવે બાપડી હણાઈ ગઈ છે.

આ પદ્ય દ્વારા ધર્મકીર્તિએ આડકતરી રીતે એમ સૂચવ્યું છે કે પોતે જે અનુપમ કૃતિ પુષ્કળ પ્રયાસ કરી તૈયાર કરી છે તેનો આસ્વાદ લેનાર ક્યા છે ?

[1]વાદન્યાય—આ ૭૯૮ શ્લોક જેવડી સંસ્કૃત કૃતિના પ્રારંભમા " नमः समन्तभद्राय " એવો ઉલ્લેખ છે. પછી બે પંક્તિ ગદ્યમા છે. ત્યાર બાદ એક પદ્ય છે. પછી 'નિગ્રહસ્થાનલક્ષણ' નામનો આ પ્રથમ અધિકાર સંપૂર્ણતયા ગદ્યમા છે. 'ન્યાયમતખંડન' એ નામના બીજા અધિકારમા બે પદ્યો છે. બાકીનો બધો ભાગ ગદ્યમા છે. બીજા અધિકારમા **ન્યાયસૂત્ર**માથી અવતરણો અપાયા છે.

---

1 આ કૃતિ **વિપંચિતાર્થા** સહિત " મહાબોધિ સભા " (બનારસ) તરફથી ઇ. સ ૧૯૩૬મા છપાવાઈ છે

વાદન્યાયના આ પ્રકાશનને અંગે શ્રી. **રાહુલ** સાંકૃત્યાયને અંગ્રેજીમાં પ્રસ્તાવના લખી છે. એના પૃ. ૮–૯મા એમણે **ધર્મકીર્તિ**ના સમયથી માંડીને **શંકુ** પંડિત (ઇ. સ ૧૧૫૦) સુધીમા થયેલા બૌદ્ધ નૈયાયિકો યાને ન્યાયશાસ્ત્રીઓના નામો સમય સાથે આપ્યાં છે. અંતમાં જે વિવિધ પરિશિષ્ટો છે તેમાના પ્રથમમાં ભારતીય ન્યાયશાસ્ત્રીઓ (નૈયાયિકો)ના નામ સમય અને સંપ્રદાયના ઉલ્લેખપૂર્વક અપાયાં છે. એમાં હરિભદ્રસૂરિનું નામ નથી. ચોથા પરિશિષ્ટ તરીકે ચીની ભાષામાં જે ન્યાયના ગ્રંથો મળે છે તેનાં તેમ જ તેના કર્તાનાં નામ ભાષાંતરના સમયના ઉલ્લેખ સહિત અપાયાં છે. એવી રીતે પાંચમા પરિશિષ્ટમાં 'ભોટ' અર્થાત્ ટિબેટી ભાષાને ઉદ્દેશીને સૂચી અપાઈ છે. છઠ્ઠા પરિશિષ્ટ તરીકે બૌદ્ધ ન્યાયના જે ગ્રંથો મળે છે

વાદન્યાયની આદિમ કારિકા **ન્યાયવિનિશ્ચય** અને **સિદ્ધિવિનિશ્ચયમા** તેમ જ **અષ્ટશતી** (પૃ. ૮૧)માં નજરે પડે છે.

વિવરણ—વાદન્યાય ઉપર **શાંતરક્ષિતની** સંસ્કૃતમા **વિપંચિતાર્થા** નામની ટીકા છે. એ છપાઈ છે **વિનીતદેવે** પણ આ **વાદન્યાય** ઉપર ટીકા રચી છે પરંતુ એનુ તો ટિબેટી રૂપાતર જ મળે છે.

બૌદ્ધ દર્શન (પૃ ૧૧૯)મા કહ્યુ છે કે **અક્ષપાદના** ૧૮ નિગ્રહસ્થાનોની મોટી સૂચીને નિરર્થક દર્શાવી **ધર્મકીર્તિએ વાદન્યાય** (પૃ. ૧)મા નિમ્નલિખિત શ્લોકાર્ધ દ્વારા એનો સાર આપી દીધો છે:—

"असाधनाङ्गवचनमदोषोद्भावनं द्वयोः"

અર્થાત્ વાદને માટે અ-સાધન, વાદનું કથન અને પ્રતિવાદીના દોષને ન પકડવા એ નિગ્રહ યાને પરાજયને માટે છે.

વિજ્ઞાનનયપ્રસ્થાન—ધમ્મસંગહણીની ટીકા (પત્ર ૬૯અ)માં **મલયગિરિસૂરિએ** આનો ઉલ્લેખ કરી નીચે મુજબ અવતરણ રજૂ કર્યું છે:—

"सर्वात्मना हि सारूप्ये ज्ञानमज्ञानता व्रजेत् ।
साम्ये केनचिदंशेन स्यात् सर्वं सर्ववेदनम् ॥"

'વિજ્ઞાનનયપ્રસ્થાન' એ કોઈ કૃતિનુ નામ નથી પરતુ **પ્ર૦વા૦** જેવાનુ—વિજ્ઞાનવાદને અંગેના ગ્રંથનું કે એનું પ્રસ્થાન એ અર્થવાચક આ નામ છે એમ માનવું શું યુક્તિયુક્ત ગણાય ?

તેની સૂચી છે. એમા ૯૫ નામોનો ઉલ્લેખ છે. સાતમા પરિશિષ્ટરૂપે **ધર્મકીર્તિના** ન્યાયને લગતા સાત નિબધો—**પ્ર૦ વા૦** ઇત્યાદિ ગ્રથોનો ટીકાકારોના નામ સહિત નિર્દેશ છે આઠમા પરિશિષ્ટ તરીકે **ધર્મકીર્તિના** પરિવારરૂપ ગ્રથકારોના ગ્રથનું પરિમાણ ૧, ૩૭, ૩૧૧ શ્લોકનુ ગણાવાયુ છે. નવમા પરિશિષ્ટમા ભોટ (ટિબેટ)ના રાજાઓના સમકાલીન ટિબેટી ભાષાતરકારોના નામ છે દસમા પરિશિષ્ટનો વિષય બૌદ્ધ ન્યાયના ગ્રંથોના ચીની અને ટિબેટી અનુવાદોના કાલક્રમની સૂચી છે.

પ્રમાણવાર્તિક યાને **વાર્તિક**—આ સંબંધમા મેં નિમ્ન-લિખિત અંકવાળા પૃષ્ઠમાં નોંધ લીધી છે:—

૬૦, ૬૧, ૧૧૦, ૧૫૦, ૧૫૬, ૧૮૩, ૨૧૧, ૨૫૦-૨૫૩, ૨૫૮ અને ૨૬૭.

આનો વિષય **પ્રમાણવિનિશ્ચય**, **ન્યાયબિન્દુ** અને **હેતુબિન્દુ**-નો પણ વિષય છે, પરતુ આ ચારેમાં **પ્ર૦વા૦** સૌથી મોટુ અને સંક્ષેપમા અધિક બાબતો જણાવનારુ છે.

પ્રમાણવાર્તિકની સ્વોપજ્ઞ વૃત્તિ—આ વિષે મે પૃ. ૬૨, ૨૫૩, ૨૫૮ અને ૨૬૭મા ઉલ્લેખ કર્યો છે.

પ્રમાણવિનિશ્ચય—આ ૧૩૪૦ શ્લોક જેવડી કૃતિ મૂળ સ્વરૂપે મળતી નથી, પરતુ એનુ ટિબેટી રૂપાતર મળે છે. **જ્ઞાન**શ્રીભદ્રે તેમ જ **ધર્મોત્તરે** આ કૃતિ ઉપર સસ્કૃતમા જે ટીકા રચી છે એ પણ મૂળ સ્વરૂપે જળવાઈ રહી નથી. એના પણ ટિબેટી રૂપાતર જ મળે છે.

તત્ત્વાર્થસૂત્ર (અ. ૫, સૂ. ૩૧) ઉપરની **સિદ્ધસેન**ગણિકૃત ટીકા (ભા. ૧, પૃ. ૩૯૭)મા **પ્રમાણવિનિશ્ચય**નો ઉલ્લેખ છે.

ન્યાયાવતારની વૃત્તિ ઉપરના દેવભદ્રકૃત **ટિપ્પણ**મા પૃ. ૧૭મા **વિનિશ્ચય**નો અને પૃ. ૩૭મા એના પ્રણેતા તરીકે **ધર્મકીર્તિ**ના નામપૂર્વક **વિનિશ્ચય**નો ઉલ્લેખ છે. ડૉ પી એલ. **વૈદ્ય** આ **વિનિશ્ચય**ને **પ્રમાણવિનિશ્ચય** ગણે છે, અને આ **ટિપ્પણ**ગત નીચે મુજબના પ્રતીકવાળા સાત પદ્યોને આ કૃતિમાથી ઉદ્ધૃત કરેલા માને છે:—

अयोगं योग० (પૃ. ૧૭), गच्छतु क्वापि० (પૃ ૮૯), दीपवन्नोप० (પૃ. ૧૨), नान्यथेहार्थ० (પૃ. ૧૨), मणिप्रदीप० (પૃ ૩૭), यथा तथा (પૃ. ૩૭) અને विशेषण० (પૃ. ૧૭).

નિમ્નલિખિત પ્રતીકવાળાં ચાર પદ્યો પણ **પ્રમાણવિનિશ્ચય**ના તો નથી એમ પ્રશ્નાર્થરૂપે એમણે એની નોધ લીધી છે:—

नित्यं सत्त्व० (પૃ. ૮૭), निर्विशेषं न० (પૃ. ૮૩), पदाना० (પૃ. ૮) અને सामर्थ्य० (પૃ. ૩૧).

ઉપર્યુક્ત **ટિપ્પણુ** (પૃ. ૧૧)મા નીચે પ્રમાણે ઉલ્લેખ છે:—

"यद् विनिश्चयटीकाया धर्मोत्तरः—मिद्धं निद्रेति"

આ **ટિપ્પણુ**ના પૃ ૩૦મા **વિનિશ્ચય**ની ટીકાનો અને પૃ. ૫૮માં **પ્રમાણવિનિશ્ચય**ની ટીકાનો ઉલ્લેખ છે.

"सहोपलम्भनियमादभेदो नीलतद्धियोः द्विचन्द्रादिवत्" એ પંક્તિ **અ૦જ૦પ૦** (ખંડ ૨, પૃ. ૫૧)મા તેમ જ **અષ્ટશતી** (**અષ્ટસહસ્રી** વાળી આવૃત્તિ, પૃ. ૨૪૨)માં જોવાય છે. વિશેષમા આ બંને કૃતિમા આ પંક્તિગત વિચારનુ ખંડન છે. આ પંક્તિ **પ્રમાણવિનિશ્ચય**માથી ઉદ્ધૃત કર્યાનુ મનાય છે.

કાવ્યાનુશાસન ઉપરના **વિવેક** (પૃ. ૩૬૩)મા "तथा चायं **विनिश्चयवृत्त्यन्ते धर्मकीर्त्याचार्यस्य** श्लोक इति प्रसिद्धि." એવા ઉલ્લેખ-પૂર્વક નિમ્નલિખિત પદ્ય અપાયું છે:—

"लावण्यद्रविणव्ययो न गणित· क्लेशो महान् स्वीकृत·
　　स्वच्छन्दस्य सुखं जनस्य वसतश्चिन्तानलो दीपित ।
एषाऽपि स्वयमेव तुल्यरमणाभावाद् वराकी हता
　　कोऽर्थश्चेतसि वेवसा विनिहतस्तन्व्यास्तनुं तन्वता[१] ॥"

સુભાષિતાવલીમા ૧૪૭૨મા પદ્યરૂપે અને **ધ્વન્યાલોક** (પૃ. ૨૧૬)માં કંઈક પાઠભેદપૂર્વક અપાયેલા આ શ્લોકનો અર્થ નીચે મુજબ હુ આપું છું:—

---

૧ આ નિર્ણયસાગર મુદ્રણાલયની ઇ. સ. ૧૮૯૧ની આવૃત્તિનુ પૃષ્ઠાંક છે.

સન્તાનાન્તરસિદ્ધિ—અકલંકકૃત **તત્ત્વાર્થરાજવાર્તિક** (પૃ. ૧૯)મા આનું આદ્ય પદ્ય જોવાય છે. આ કૃતિનું તેમ જ એના ઉપરની વિનીતદેવકૃત ટીકાનુ ટિબેટી રૂપાતર જ મળે છે.

ધર્મકીર્તિએ આ ૭૨ સૂત્રની કૃતિમાં એક મન-સંતાનથી પર અન્યાન્ય મન-સંતાનો છે એમ સિદ્ધ કર્યું છે અંતમા એમણે એ દર્શાવ્યું છે કે આ સર્વ મન-સતાનો (= વિજ્ઞાન-સંતાનો) કેવી રીતે મળીને દૃશ્ય જગતનો વિજ્ઞાનવાદ અનુસાર બહાર ક્ષેપ કરે છે.[1]

સંબંધપરીક્ષા અને એની સ્વોપજ્ઞ વૃત્તિ—**સંબંધપરીક્ષા**મા ૨૯ કારિકાઓ છે. આ દ્વારા **ધર્મકીર્તિ**એ ક્ષણિકવાદ અનુસાર 'કાર્યકારણ'સંબધ કેમ મનાય એ દર્શાવ્યુ છે. આ વિષય **પ્ર૦વા૦**મા પણ છે.

સંબંધપરીક્ષાની ૨૨ કારિકાઓ **પ્રમેયકમલમાર્તંડ** (સંબંધસદ્‌ભાવવાદ, પૃ. ૫૦૪-૫૨૦, દ્વિતીય આવૃત્તિ)મા રજૂ કરાઈ છે અને સાથે સાથે એનુ ખડન પણ કરાયું છે. **સંબંધપરીક્ષાની** કેટલીક કારિકાઓ **સ્યાદ્વાદરત્નાકર** (પૃ. ૮૧૨-૮૧૮)મા જોવાય છે.

વૃત્તિઓ—**સંબંધપરીક્ષા** ઉપર **ધર્મકીર્તિની**, **વિનીતદેવની** અને **શાન્તરક્ષિત**ની એમ ત્રણ વૃત્તિ છે પરતુ એનાં ટિબેટી રૂપાતર જ મળે છે.

હેતુબિન્દુ—આને લગતી હકીકત મેં પૃ. ૧૦૦, ૨૫૨, ૨૫૭ અને ૨૫૮મા રજૂ કરી છે.

એક પદ્ય—**સુભાષિતરત્નભાંડાગાર** (પૃ. ૩૭૨)નો શ્લો. ૧૬ જે "भवतु विदितः"થી શરૂ થાય છે એ **ધર્મ**કીર્તિને નામે નોંધાયો છે.

વજ્રસૂચી—'મહાયાન' પંથની આ સુપ્રસિદ્ધ કૃતિ છે. ચીનમા એના પ્રણેતા તરીકે કે પછી એના સંશોધક તરીકે **ધર્મ**-

---

૧ જુઓ **બૌદ્ધ દર્શન** (પૃ. ૧૨૦).

કીર્તિનું નામ સૂચવાય છે, જો કે સામાન્ય રીતે આ કૃતિ **અશ્વઘોષે** રચ્યાનું મનાય છે.

ધર્મકીર્તિએ જે **વજ્રસૂચી**નુ સંશોધન કર્યાનું મનાય છે તેનો ચીની ભાષામા અનુવાદ ઈ સ. ૯૭૩ અને ઈ. સ. ૯૮૧ના ગાળામા કરાયો હતો.

કદર—ધર્મકીર્તિના જીવન દરમ્યાન એમની કૃતિઓની યોગ્ય કદર થવી તો બાજુએ રહી પરંતુ એમા દૂષણો દર્શાવાતાં હતા એમ એમના ઉદ્‌ગારરૂપે જે નિમ્નલિખિત પદ્ય **સદુક્તિકર્ણામૃત**મા નોંધાયેલું મળે છે તે જોતા જણાય છે :—

" शैलैर्बन्धयति स्म वानरहृतैर्वाल्मीकिरम्भोनिधिं
व्यासः पार्थशरैस्तथापि न तयोरत्युक्तिरुद्भाव्यते ।
वागर्थौ च तुलाधृताविव तथाप्यस्मत्प्रबन्धानय
लोको दूषयितुं प्रसारितमुखस्तुभ्य प्रतिष्ठे ! नमः ॥ "

અર્થાત્ **વાલ્મીકિ**એ વાનરોએ લાવેલા પત્થરો વડે સમુદ્ર(ના પર પુલ) બંધાવ્યો અને **વ્યાસે અર્જુન**ના બાણો વડે (તેમ કર્યું) તો-પણ આ બેને વિષે અતિશયોક્તિ દર્શાવાતી નથી, જ્યારે (અમારા પ્રબંધોમા) વચન અને અર્થ એ બંનેને જાણે ત્રાજવામા તોળ્યા હોય (અને પછી એમા વપરાયા છે) તેમ છતા અમારા પ્રબંધો વિષે આ લોક દૂષણ કાઢવાને પ્રસારિત વદનવાળા છે. હે પ્રતિષ્ઠા ! તને નમસ્કાર.

શિષ્ય-પરંપરા—ધર્મકીર્તિની શિષ્ય-પરંપરા **બૌદ્ધ દર્શન** (પૃ. ૧૧૬)મા નોધાયેલી છે.

(૧૮) ધર્મપાલ

અ૦જ૦પ૦ (ખંડ ૨)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૩૬)માં ધર્મ-

પાલનો અને સાથે સાથે ધર્મકીર્તિનો ઉલ્લેખ છે. અહીં આ બંનેને ઉદ્દેશીને એવો ઉલ્લેખ છે કે એઓ રૂપ વગેરેની (૧) સામાન્ય અને (૨) પ્રતિનિયત એમ બે પ્રકારની શક્તિ માને છે.

સત્તા-સમય—હ્યુએનસંગ (Hieun Thsang) 'નાલંદા' વિદ્યાપીઠમા ઇ. સ. ૬૩૫મા ગયા ત્યારે ધર્મપાલ 'આચાર્ય' ન હતા પરંતુ એમના શિષ્ય **શીલભદ્ર** 'આચાર્ય' હતા. એમના હાથ તળે આ ચીની વિદ્વાને અભ્યાસ કર્યો હતો. આથી ધર્મપાલ ઇ. સ. ૬૩૫માં તો નિવૃત્ત થઈ ગયા હતા એમ મનાય, અને એ હિસાબે એમનો પ્રવૃત્તિ-સમય ઇ. સ. ૬૦૦ની આસપાસમા શરૂ થયેલો લેખાય.

કૃતિઓ—**ન્યાયબિન્દુ** અને એની ટીકાને અંગે **ચંદ્રશેખરે** હિંદીમા લખેલી પ્રસ્તાવના (પૃ. ૧૦)મા ધર્મપાલની કૃતિઓ તરીકે નીચે મુજબની ત્રણ ગણાવાઈ છે:—

(૧) **આલંબનપ્રત્યયધ્યાનશાસ્ત્રવ્યાખ્યા.**

(૨) **વિદ્યામાત્રસિદ્ધિશાસ્ત્રવ્યાખ્યા.**

(૩) **શતશાસ્ત્રવ્યાખ્યા.**

"નંજીઓ"ના સૂચીપત્રમા એમને નામે નીચે પ્રમાણેની ચાર કૃતિઓનો નિર્દેશ છે:—

નામ	ક્રમાંક
(૧) **આલંબન-પરીક્ષા-વ્યાખ્યા**	૧૧૭૪
(૨) **વિદ્યામાત્રસિદ્ધિ**	૧૧૯૭
(૩) **વિદ્યામાત્રસિદ્ધિશાસ્ત્ર**	૧૨૧૦
(૪) **શતશાસ્ત્રવૈપુલ્યવ્યાખ્યા**	૧૧૯૮

કેટલાકનું માનવું એ છે કે ધર્મપાલે **શબ્દવિદ્યાસંયુક્તશાસ્ત્ર** નામનો ગ્રંથ ૨૫,૦૦૦ શ્લોકનો રચ્યો છે તેમ જ **ન્યાયદ્વારતર્કશાસ્ત્ર**

યાને **ન્યાયમુખ** ઉપર ટીકા પણ રચી છે. આ પૈકી પહેલી કૃતિ તે ઇત્સિંગ (ઇ. સ. ૬૭૧-ઇ. સ. ૬૯૫) દ્વારા 'પેઇ-ન' (Pei-na) તરીકે નોધાયેલી **ભર્તૃહરિ**ના ગ્રંથની ટીકા છે.

આલંબનપરીક્ષાની ટીકા—ધર્મપાલે **આલંબનપરીક્ષા** ઉપર ટીકા રચી છે. એનુ ઇત્સિંગે કરેલા ચીની [1]રૂપાતરનુ સંસ્કૃતમા તેમ જ અંગ્રેજીમા [2]ભાષાંતર થયેલુ છે અને એ છપાયેલ છે.

આ ટીકા લગભગ પૂર્ણ છે. આઠમાથી સાતમા પદ્ય એ ખંડિત થાય છે. આ ટીકામાના બે અવતરણો **પ્ર૦વા૦** (પૃ. ૬૧ ને ૭૭) સાથે અર્થદૃષ્ટિએ સામ્ય ધરાવે છે.

આલંબનપરીક્ષા ઉપર **વિનીતદેવે** (લગભગ ઇ. સ. ૭૦૦) જે ટીકા રચી હતી તેનુ ટિબેટી રૂપાતર જ મળે છે. આ ટીકામાથી પુષ્કળ ઉદ્ધરણો (extracts) તેમ જ સુસુમુ **યમગુચિ** અને એચ. **મેયર**ના સંયુક્ત પ્રયાસના ફળરૂપ ફ્રેંચ [3]અનુવાદ પ્રકાશિત થયેલ છે.

નામરાશિ—'થેરાવાદ' સંપ્રદાયના અને 'બદરીતિત્થ'ના રહેવાસી કે જેમનો નિર્દેશ **વિસુદ્ધિમગ્ગ**ની ટીકાની પ્રશસ્તિમા છે તેઓ પ્રસ્તુત **ધર્મપાલ**ના નામરાશિ જ છે એટલે આ બંને વ્યક્તિ ભિન્ન છે.

(૧૯) નારદ

એઓ અજૈન છે. દીક્ષા લેનાર અને આપનારની યોગ્યતા પરત્વે એમનો મત મે પૃ. ૧૦૩મા નોધ્યો છે. એઓ **સમ્રાટ્**થી જુદા પડે છે.

(૨૦) ન્યાયવૃદ્ધ

ન્યાયવૃદ્ધો કહે છે એવા ઉલ્લેખપૂર્વક **અ૦જ૦૫૦** (ખંડ ૨,

૧-૨ આ બન્ને "ધ અડિયાર લાઇબ્રેરી સિરીઝ"મા ગ્રંથાક ૨૭ તરીકે પ્રકાશિત થયેલ છે

૩ આ J A (Vol. CCXIV, No 1)મા ઇ. સ ૧૯૨૯માં છપાવાયો છે

પૃ. ૨૨)મા નીચે મુજબનું પદ્ય હરિભદ્રસૂરિએ રજૂ કર્યું છે :—

"'कारणमेव तदन्त्यं नित्यः सूक्ष्मस्तु भवति परमाणुः ।
एकरसगन्धवर्णो द्विस्पर्श. कार्यलिङ्गश्च ॥"

ત૦સૂ૦ (અ. ૫, સૂ. ૨૫)ના ભાષ્ય (ભા. ૧, પૃ. ૩૬૫)મા આ પદ્ય ઉદ્ધૃત કરાયું છે. એ જોતા તો એ ઉમાસ્વાતિની—ભાષ્યકારની પહેલાંની કોઈ કૃતિનું હોવુ જોઈએ.

(૨૧) પતંજલિ = ભગવત્-પતંજલિ

યો૦દ૦સ૦ (શ્લો. ૧૬)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૬અ)મા 'ભગવત્-પતંજલિ 'નો નિર્દેશ છે. પ્રસ્તુત અધિકાર જોતા આ પતંજલિ તે [1]**યોગસૂત્ર**ના પ્રણેતા જ છે. જો આ **મહાભાષ્ય**ના પણ કર્તા હોય જ તો એમનો સમય ઇ. સ. પૂર્વેની બીજી સદી મનાય.

મહાભાષ્યના કર્તા પતંજલિના નામ પર ઉપર્યુક્ત **યોગસૂત્ર** ઉપરાંત **ચરક**, **નિદાનસૂત્ર**, **પરમાર્થસાર** અને **છંદ:સૂત્ર** એ ચાર ગ્રંથોનો પણ કેટલાક ઉલ્લેખ કરે છે.

ડૅ. માધવકૃષ્ણ શર્માએ "Patañjali and his relation to some authors and works" નામના [2]લેખમા એવું પ્રતિપાદન કર્યું છે કે મહાભાષ્યકાર એ **પરમાર્થસાર** અને **છંદ:-સૂત્ર**ના પ્રણેતા નથી. આનુ એક કારણ એમણે એ દર્શાવ્યું છે કે **મહાભાષ્ય** અને **પરમાર્થસાર** ભિન્ન ભિન્ન મતને પોષે છે. બીજુ

---

૧ આનાં કેટલાંક સૂત્રો અને ભાષ્યનું **ત૦સૂ૦** અને એના ભાષ્ય સાથે મેં સંતુલન કર્યું છે. જુઓ **ત૦સૂ૦** (ભા. ૨)ની મારી સંસ્કૃત પ્રસ્તાવના (પૃ. ૨૮–૩૦).

૨ આ લેખ "The Indian Culture" (Vol. XI, No. 2, Oct.-Dec. 1944)માં છપાયો છે.

કારણ આપતા એમણે એ પ્રશ્ન ઉઠાવ્યો છે કે **વાક્યપદીય**ના કર્તા ભર્તૃહરિએ **પરમાર્થસાર**માથી એકે પદ્ય કેમ ઉદ્ધૃત કર્યું નથી ?

છંદઃસૂત્રના કર્તા **પિગલનાગ** છે. શબર એમને પતંજલિથી ભિન્ન ગણે છે. એ કારણથી તેમ જ **અષ્ટાધ્યાયી** (૧-૧-૫૭)ના **મહાભાષ્ય**ગત [1]પદ્યના છંદનો આ **છંદઃસૂત્ર**મા ઉલ્લેખ નથી એ કારણથી મહાભાષ્યકાર **છંદઃસૂત્ર**ના પ્રણેતા ન હોઈ શકે એમ ઉપર્યુક્ત લેખમાં કહેવાયું છે.

વસુબંધુનુ જીવન વિચારતા એમના સૈદ્ધાતિક મંતવ્યોમા અનેક વાર ફેરફાર થયેલો જોવાય છે તો પછી **મહાભાષ્ય** અને **પરમાર્થ-સાર**મા મંતવ્ય-ભેદ વાસ્તવિક હોય તો પણ એ જ ઉપરથી એ બ નેના પ્રણેતા ભિન્ન છે એમ નિર્વિવાદપણે કેમ કહેવાય ? **છંદઃસૂત્ર**મા ઉપર્યુક્ત પદ્યના છદનો ઉલ્લેખ નથી. પણ **મહાભાષ્ય** કરતાં **છંદઃસૂત્ર** વહેલું રચાયું નથી એમ માનવા માટે સબળ કારણ છે ખરું ?

પતંજલિને કેટલાક શેષનો અવતાર ગણે છે. આને લઈને તો એમને જ શેષનાગ અને પિંગલનાગ સમજવા કોઈ પ્રેરાયા હશે એમ શુ ન જ બને ?

શાબર-ભાષ્યમા 'અભિયુક્ત'ને નામે "द्विवचनवहुवचनानाम-समासः" પંક્તિ અપાઈ છે. આ **અષ્ટા૦** (૬-૩-૧)ના **મહા-ભાષ્ય**માં જોવાય છે. આથી પતંજલિને 'અભિયુક્ત' પણ કહે છે એમ ફલિત થાય છે.

(૨૨) પુરુષચન્દ્ર

એમને **હરિભદ્રસૂરિ**એ 'ન્યાયવાદી' તરીકે નિર્દેશી **અણુઓગ-**

---

[1] આ રહ્યું એ પદ્ય :—

स्तोषाम्यह पादिकमौदवाहिं तत. श्वोभूते शातनीं पातनीं च ।
नेतारावगच्छत धारिणिं रावणिं च तत' पश्चात् सस्तृपते ध्वंस्यते च ॥"

દ્વારની વિવૃતિ (પત્ર ૧૦૦)મા એમની કોઈક કૃતિમાંથી નિમ્નલિખિત પદ્ય ઉદ્ધૃત કર્યું છે :—

"अन्यथाऽनुपपन्नत्वमात्रं हेतो: स्वलक्षणम् ।
सत्त्वासत्त्वे हि तद्धर्मो दृष्टान्तद्वयलक्षणः ॥"

આ પત્ર ઉપર એક બીજું પણ પદ્ય છે. એ પણ કદાચ પુરુષચન્દ્રની જ કોઈ કૃતિનું નહિ હોય ? આ પદ્ય નીચે મુજબ છે :—

"धूमादेर्यथाऽपि स्याता सत्त्वासत्त्वे च लक्षणे ।
अन्यथाऽनुपपन्नत्वप्राधान्याल्लक्षणैकता ॥"

મલયગિરિસૂરિએ **ધમ્મસંગહણીની** વૃત્તિ (પત્ર ૩૦આ)માં નીચે મુજબનો ઉલ્લેખ કર્યો છે :—

"सम्यग्न्यायानभिज्ञताख्यापनमेतदनयोरिति, पुरुषचन्द्र. ।"

આ પુરુષચન્દ્ર તે જ ઉપર્યુક્ત પુરુષચન્દ્ર હશે વળી એઓ 'જૈન' હોય એમ ભાસે છે. એમના સંબંધી વિશેષ હકીકત જાણવા માટે મેં "A Lost Treatise on Logic" નામનો [1]લેખ લખ્યો છે.

(૨૩) બંધુ-ભગવદ્દત્ત

યો૦દ૦સ૦ (શ્લો ૧૬)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૬અ)મા આ નામનો નિર્દેશ છે. એમણે યોગનાં આઠ અંગો પતંજલિ, ભદન્ત ભાસ્કર અને હરિભદ્રસૂરિ કરતા ભિન્ન રીતે ગણાવ્યા છે. એ આઠના નામ નીચે મુજબ છે :—

(૧) અદ્વેષ, (૨) જિજ્ઞાસા, (૩) શુશ્રૂષા, (૪) શ્રવણબોધ, (૫) મીમાંસા, (૬) પરિશુદ્ધા, (૭) પ્રતિપત્તિ અને (૮) પ્રવૃત્તિ.

---

૧ આ લેખ "The Indian Culture" (Vol , No.)માં છપાયો છે.

(૨૪) ભદન્ત-ભાસ્કર

એમનો **યો૦દ૦સ૦** (શ્લો. ૧૬)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૬અ)મા આ પ્રમાણે નિર્દેશ છે 'ભદન્ત' એ બૌદ્ધ સાધુઓ માટે વપરાતુ વિશેષણ છે એથી પ્રશ્ન થાય છે કે શુ **ભાસ્કર** બૌદ્ધ છે ?

ભદન્ત-ભાસ્કરે નીચે પ્રમાણે યોગના આઠ અંગ ગણાવ્યા છે અને એ રીતે એઓ પતંજલિ, બંધુ-ભગવદ્દત્ત અને હરિભદ્રસૂરિથી જુદા પડે છે:—

(૧) ખેદ, (૨) ઉદ્વેગ, (૩) ક્ષેપ, (૪) ઉત્થાન, (૫) ભ્રાન્તિ, (૬) અન્યમુદ્ (અન્યત્ર આનંદ), (૭) રોગ અને (૮) આસંગ (આસક્તિ).

આ આઠ દોષનો ત્યાગ કરવો ઘટે.

(૨૫) ભર્તૃહરિ

અ૦જ૦પ૦ (ખંડ ૧)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૩૬૬)માં એમનો નિર્દેશ છે. હરિભદ્રસૂરિએ મૂળમા એમને 'શબ્દાર્થતત્ત્વવિદ્' કહી એમની કૃતિ નામે **વાક્યપદીય**માથી બે અવતરણો આપ્યા છે. આમ આ **ભર્તૃ**હરિ વૈયાકરણ છે. શિષ્ટ સંસ્કૃત વ્યાકરણોને અંગેની છેલ્લી મહત્ત્વની કૃતિ તે ઉપર્યુક્ત **વાક્યપદીય** છે. એના પ્રણેતા **ભર્તૃ**હરિ **શં**કરાચાર્યની પહેલાં થયા છે. એમનો સમય ઇ. સ. ૬૦૦ થી ૬૫૦નો મનાય છે. ઇત્સિંગના મતે એમનુ અવસાન ઇ. સ. ૬૫૨ની આસપાસમા થયુ હતુ. આ ઇત્સિંગની માન્યતા એવી છે કે આ **ભર્તૃ**હરિ એક વેળા તો 'બૌદ્ધ' હતા, કેમકે એમણે મઠમા સાત વાર પ્રવેશ કર્યો હતો અને સાત વાર સંસારમા એઓ પાછા ફર્યા હતા અને એમણે ગૃહસ્થનુ જીવન ગુજાર્યુ હતુ.

વાચસ્પતિમિશ્રે **તત્ત્વબિન્દુ**મા **વાક્યપદીય**માથી એક અવતરણ આપતી વેળા **ભર્તૃ**હરિનો 'બાહ્ય' તરીકે ઉલ્લેખ કર્યો છે આ ઉપરથી

કેટલાક આ **ભર્તૃહરિ**ને ‘ બૌદ્ધ ’ ગણે છે. વી. એ. **રામસ્વામી** શાસ્ત્રીએ આ બાબતને અંગે પ્રશ્નરૂપે “ Bhartrhari a Bauddha ? ” નામનો [1]લેખ લખ્યો છે. એમાં એમણે એવુ પ્રતિપાદન કર્યું છે કે **વાક્યપદીય**ના કર્તા એક મોટા અદ્વૈતવાદી તત્ત્વવેત્તા છે અને એમણે પતંજલિની પેઠે શબ્દાદ્વૈતનો વિકાસ કર્યો છે. આ **ભર્તૃહરિ** ‘ વિવર્ત-વાદ ’ને સ્વીકારે છે અને એને લઈને ભારતીય તત્ત્વજ્ઞાનના ઇતિહાસમા **શંકરાચાર્ય**ના પૂર્વવર્તી અદ્વૈતવાદી તરીકે એમને ઉચ્ચ સ્થાન મળે છે. **ભર્તૃહરિ**એ **વાક્યપદીય**માં આગમ-પ્રમાણનું હૃદયંગમ સ્પષ્ટીકરણ કર્યું છે. અહીં એમણે તર્કને આગમના ઉપકરણ તરીકે, નહિ કે આગમને ઉથલાવી પાડવાના સાધન તરીકે માન્યું છે. આ જાતના અભિપ્રાય માટે બૌદ્ધોમા **સ્થિરમતિ** અને જૈનોમાં [2]**જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણ સુપ્રસિદ્ધ છે, કેમકે એઓ આગમાનુસારી તર્કને, નહિ કે તર્કાનુસારી આગમને માને છે. **ભર્તૃહરિ**ના કથનની નોધ **તત્ત્વસંગ્રહ**મા નિમ્નલિખિત ૧૪૬૦મા પદ્યમા લેવાઈ છે એમ કમલશીલની **પંજિકા** (ભા. ૧, પૃ. ૪૨૬) જોતાં જણાય છે :—

“ अवस्थादेशकालाना भेदाद् भिन्नासु शक्तिषु ।
भावानानुमानेन प्रसिद्धिरतिदुर्लभा ॥ १४६० ॥”

પ્રસ્તુત **ભર્તૃહરિ**ને **નીતિશતક**, **શૃંગારશતક** અને **વૈરાગ્યશતક**ના કર્તા તરીકે ઓળખાવાતા **ભર્તૃહરિ** સાથે નામસામ્ય સિવાય કોઈ સમાનતા જણાતી નથી. આ [3]ત્રણ શતકોના કર્તા ક્યારે થયા

---

૧ આ લેખ “ Proceedings and Transactions of the eighth Oriental Conference ”મા છપાવાયો છે. એના પૃ. ૨૫૪–૨૫૭ અત્ર પ્રસ્તુત છે.

૨ જુઓ પૃ. , ટિ.

૩ પ્રો. **દામોદર** ધર્માનન્દ કોસંબી દ્વારા સંપાદિત અને “ સિં૦ જૈ૦ ગ્ર૦ ”મા ગ્રંથાંક ૨૩ તરીકે ઇ. સ. ૧૯૪૮માં આ ત્રણ **શતક**નું અને સાથે

તેનો સર્વમાન્ય નિર્ણય હજી સુધી તો કરાયો નથી. એમનો નામોલ્લેખ ઇ સ. ૯૫૯મા રચાયેલા **યશસ્તિલકચંપૂ**મા છે અને એ અત્યારે તો સૌથી પ્રાચીન ઉલ્લેખ છે એમ મનાય છે.[१]

ભર્તૃહરિ નામના કોઈ રાજા સાથે—**વિક્રમાદિત્ય**ના બંધુ અને પિંગલાના પતિ સાથે કે 'નાથ' પંથના 'સિદ્ધ' **ભર્તૃહરિ** સાથે **વાક્યપદીય**ના પ્રણેતાનો સંબંધ જોડવા માટે કોઈ પ્રબળ કારણ જણાતુ નથી.

(૨૬) મલ્લવાદી

હરિભદ્રસૂરિએ **અ૦જ૦પ૦** (ખંડ ૧)ના પૃ. ૫૮ ને ૧૧૬માં 'વાદિમુખ્ય' તરીકે **મલ્લવાદી**નો ઉલ્લેખ કર્યો છે, અને આ બંને પૃષ્ઠ ઉપરની સ્વોપજ્ઞ વ્યાખ્યામા 'વાદિમુખ્ય' એટલે 'મલ્લવાદી' એમ એનો સ્ફોટ કર્યો છે.

વિશેષમાં મૂળમા પૃ. ૫૮ ને ૧૧૬માં **સમ્મઇ-પયરણ**ની મલ્લવાદીએ રચેલી ટીકામાથી એકેક અવતરણ એમણે નીચે મુજબ આપ્યુ છે:—

"स्वपरसत्त्वव्युदासोपादानापाद्यं हि वस्तुनो वस्तुत्वम्।"—પૃ. ૫૮

"न विषयग्रहणपरिणामादृतेऽपरः संवेदने विषयप्रतिभासो युज्यते, युक्त्ययोगात्।"—પૃ. ૧૧૬

સાથે **વિટવૃત્ત** અને **વિજ્ઞાનશતક**નુ સમીક્ષાત્મક સંસ્કરણ પ્રસિદ્ધ કરાયેલું છે. આનુ નામ "શતકત્રયાદિ-સુભાષિતસંગ્રહ" રખાયું છે.

૧ જુઓ ઉપર્યુક્ત સંસ્કરણની અંગ્રેજી પ્રસ્તાવના (પૃ. ૭૯).

ઉપર્યુક્ત પ્રસ્તાવના (પૃ ૨૩)મા સૂચવાયું છે કે વિ. સં. ૧૫૩૫માં શતકો ઉપર ટીકા રચનાર **ધનસાર** આ **ભર્તૃહરિ**ની કૃતિઓના સૌથી પ્રાચીન ટીકાકાર છે આ ટીકા વાતચીતની (colloquial) જૈન સંસ્કૃત ભાષાનો નમૂનો પૂરો પાડે છે.

પ્ર૦ચ૦મા મલ્લવાદીનો દસમો પ્રબંધ છે. આ વાંચતા એમ ભાસે છે કે અહીં બે મલ્લવાદીઓની હકીકત એકબીજાના નામ ઉપર ચડાવાઈ છે.

સમય—પ્ર૦ચ૦ના **વિજયસિંહસૂરિ**ને લગતા છઠ્ઠા પ્રબંધમા નીચે મુજબ પદ્ય છે:—

"श्रीवीरवत्सरादथ शताष्टके चतुरशीतिसंयुक्ते ।
जिग्ये स मल्लवादी बौद्धास्तद्व्यन्तराश्चापि ॥ ८३ ॥"

અર્થાત્ **વીર**નિર્વાણથી ૮૮૪ વર્ષ વ્યતીત થતા એ **મલ્લવાદી**એ બૌદ્ધોને તેમ જ વ્યંતરોને પરાસ્ત કર્યા.

આ ઉપરથી **મલ્લવાદી વીર**સંવત્ ૮૮૪ની આસપાસમાં એટલે કે વિ. સં. ૪૧૪ની લગભગમાં થઈ ગયા એમ ફલિત થાય છે અને આ સમય **હરિભદ્રસૂરિ**એ નિર્દેશેલા **મલ્લવાદી** માટે બંધબેસતો આવે છે.

આ પ્રબંધમા તો **અલ્લ** રાજાના સમસમયી તરીકે **મલ્લવાદી**ના મોટા ભાઈ [1]**અજિતયશસ્**નો (અને પાઠાંતર પ્રમાણે **જિનયશસ્**નો) ઉલ્લેખ છે અને આ રાજા **ભુવનપાલ**નો પિતામહ હોય એમ લાગે છે, કેમકે પ્રાવચનિક [2]**અભયદેવસૂરિ**ના પ્રબંધ (શ્લો. ૩૨)મા આ

૧ પ્ર૦ ચ૦ (પ્ર૦ ૧૦, શ્લો. ૧૦-૧૧) પ્રમાણે એમનાં માતાનું નામ દુર્લભદેવી, મામાનું નામ જિનાનન્દસૂરિ અને બે લઘુ બન્ધુઓના નામ યક્ષ અને **મલ્લ** છે વિશેષમા અહીં સૂચવાયા મુજબ **અજિતયશે** **પ્રમાણગ્રંથ** રચ્યો છે અને **વિશ્રાન્તવિદ્યાધર** નામના વ્યાકરણગ્રન્થ ઉપર ન્યાસ બનાવ્યો છે, અને એમના નાના ભાઈ **યક્ષે** અષ્ટાંગ નિમિત્તને લગતી **યાક્ષીસંહિતા** રચી છે.

ચ૦ પ્ર૦ (પ્રબન્ધ ૭)મા મલ્લવાદીની માતાને સૌરાષ્ટ્રના રાજા **શિલાદિત્ય**ની બેન કહી છે અને બૌદ્ધો સાથેના વાદ એમની સભામા, નહિ કે 'ભરૂચ'મા થયાનો ઉલ્લેખ છે.

૨ એમણે વિ. સં. ૧૧૨૦માં **નાયાધમ્મકહા** ઉપર વૃત્તિ રચી છે.

ભુવનપાલને **અલ્લ**ના પૌત્ર કહેલ છે અને એનો **અભયદેવસૂરિ**ના ગુરુ વર્ધમાનસૂરિના સમકાલીન તરીકે ઉલ્લેખ છે. આથી આ **અલ્લ**નો સમય વિક્રમની દસમી સદીનો ઠરે છે.

પ્ર૦ચ૦ની પ્રશસ્તિ (શ્લો. ૩–૪)મા **અલ્લૂ**ની સભામાં **વાદમહાર્ણવ**ના કર્તા [1]**અભયદેવસૂરિ**ના ગુરુ **પ્રદ્યુમ્નસૂરિ**એ દિગંબરને હરાવ્યાની વાત છે. આ **અલ્લૂ** તે **અલ્લ** જ હશે અને તેમ જ હોય તો એનો સમય પણ વિક્રમની દસમી સદી ગણાય.

ન્યાયબિન્દુ ઉપર **ધર્મોત્તરે** જે ટીકા રચી છે એના ઉપર મલ્લવાદીએ **ટિપ્પણ** રચ્યું છે. આ **ધર્મોત્તર**નો સમય વિ. સં. ૯૦૪ની આસપાસનો મનાય છે. એ જો વાસ્તવિક હોય તો આ **મલ્લવાદી** **અલ્લ**ના સમકાલીન ગણાય અને એ [2]**મલ્લવાદી** પ્રસ્તુત **મલ્લવાદી**થી ભિન્ન ઠરે. [3]પ્રસ્તુત મલ્લવાદી તો **વાદમહાર્ણવ** (પૃ. ૬૦૮)માં 'યુગપદુપયોગવાદ'ના પુરસ્કર્તા તરીકે જે મલ્લવાદીનો ઉલ્લેખ છે તેઓ જ હોવા જોઈએ.

કૃતિઓ—પ્રસ્તુત મલ્લવાદીએ **સમ્મઇ–પયરણ**ની ટીકા રચી છે. **બૃહટ્ટિપ્પનિકા** પ્રમાણે એ ૭૦૦ શ્લોક જેવડી છે. એમની બીજી વિશિષ્ટ કૃતિ તે **એક કારિકા** અને **દ્વાદશારનયચક્ર** છે. પ્રસ્તુત કારિકા નીચે મુજબ છે:—

---

૧ એમનો સમય **વિક્રમની દસમી** સદીના ઉત્તરાર્ધથી અગિયારમી સદીના પૂર્વાર્ધ પૂરતો છે

૨ **સન્મતિ પ્રકરણ**ની પ્રસ્તાવના (પૃ. ૬૮)મા આ બૌદ્ધ તો નથી એવો પ્રશ્ન ઉઠાવાયો છે.

૩ એક ત્રીજા **મલ્લવાદી** પણ થયા છે. એમનો સમય **વિક્રમની** તેરમી સદી છે. એમના કાવ્યોની પ્રશંસા **વસ્તુપાલે** કરી હતી.

" विधिनियमभङ्गवृत्तिव्यतिरिक्तत्वादनर्थकवचोवत्।
जैनादन्यच्छासनमनृतं भवतीति वैधर्म्यम्॥"

આ કારિકા ઉપર વિસ્તૃત, અભ્યાસપૂર્ણ અને માનનીય ભાષ્ય છે. એનું નામ [1]**દ્વાદશારનયચક્ર** છે. એનુ મંગલાચરણરૂપ આદ્ય પદ્ય નીચે પ્રમાણે છે:—

" व्याप्येकस्थमनन्तमन्तवदपि न्यस्तं धिया पाटवे
व्यामोहे तु जगत्प्रतानविसृतिव्यत्यासधीरास्पदम्।
वाचा भागमतीत्य वाग्विनियत गम्यं न गम्यं क्वचित्
गेपन्यग्भवनेन शासनमल जैनं जयत्यूर्जितम्॥"

દ્વાદશારનયચક્રમાં એક સ્થળે નીચે મુજબનું પદ્ય છે:—

" लौकिकव्यवहारोऽपि न यस्मिन्नवतिष्ठते।
तत्र साधुत्वविज्ञान व्यामोहोपनिबन्धनम्॥"[2]

પદ્મચરિત—પ્ર૦ચ૦ (પ્રબંધ ૧૦, શ્લો. ૭૦)મા **મલ્લવાદી**ને અંગે એવો ઉલ્લેખ છે કે એમણે ૨૪૦૦૦ શ્લોક જેવડું **પદ્મચરિત**

---

૧ આના ચાર ભાગ "લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલા"માં પ્રસિદ્ધ થયા છે. પહેલો ભાગ અર ૧-૨ પૂરતો, બીજો અર ૩-૬ પૂરતો, ત્રીજો અર ૭-૮ પૂરતો અને ચોથો બાકીના અર ૯-૧૨ પૂરતો છે. એ અનુક્રમે ઇ. સ. ૧૯૪૮, ૧૯૫૧, ૧૯૫૭ અને ૧૯૬૦માં છાણીથી છપાયા છે. ચોથા ભાગમા પં **વિક્રમવિજય**-ગણિનું જે 'પ્રાક્કથન' છે તેનો મારો અંગ્રેજી અનુવાદ એમાં છપાવાયો છે પરંતુ મને એના એકે વારના મુદ્રણપત્રો બતાવાયા ન હતા. એ ગમે તેમ સુધારાયાં હોવાથી વિવિધ મુદ્રણદોષો ઉદ્ભવ્યા હતા. તેમ થવાથી એ ફરીથી છપાવવા અને સાથે સાથે પ્રાક્કથન ઉપયોગી હોઈ એનો હિન્દી અનુવાદ કરાવવા **શ્રીવિજયલબ્ધિસૂરિ**એ **વિક્રમવિજયગણિ** વગેરેને મારી હાજરીમા ખાસ સૂચન કર્યું હતુ

૨ આ જ પદ્ય **પાઇયટીકા** (પત્ર ૨અ)મા તેમ જ **પવયણસારુદ્ધાર**-ની **સિદ્ધસેનસૂરિ**કૃત ટીકા (પત્ર ૨અ)માં પણ છે.

નામનું **રામાયણ** રચ્યું છે. આ પ્રથમ **મલ્લવાદીની** કૃતિ છે કે બીજાની એ નક્કી કરવાનું સાધન જણાતું નથી. એ ગમે તે હો; હજી સુધી તો આ કૃતિ કોઈ સ્થળેથી મળી આવી નથી.

કહાવલીમા જેમનો વૃત્તાત જોવાય છે અને જેમને વિષે હેમચન્દ્રસૂરિએ **સિદ્ધહેમચન્દ્ર** (૨-૨-૩૯)ની સ્વોપજ્ઞ ટીકામા "अनु मल्लवादिनं तार्किकाः" કહ્યુ છે એઓ જ અત્ર પ્રસ્તુત છે એ વાદીઓમા 'મલ્લ' જેવા હોવાથી એમનુ '**મલ્લવાદી**' નામ યથાર્થ છે.

સિદ્ધસેન દિવાકર સાથે સંબંધ—**સન્મતિ પ્રકરણની** પ્રસ્તાવના (પૃ. ૬૮)મા **મલ્લવાદી** અને **સિદ્ધસેન** દિવાકરના સમય અને સંબંધ વિષે નીચે મુજબ ઉલ્લેખ છે :—

"સિદ્ધસેન અને મલ્લવાદી બન્ને સમકાલીન જ હશે અને એકે બીજાના ગ્રંથ ઉપર તેમની જ વિદ્યમાનતામા ટીકા રચી હશે. કદાચ બન્ને વચ્ચે બીજો કોઈ સંબંધ ન હોય તો છેવટે વિદ્યાવિષયક ગુરુશિષ્યભાવસંબંધ પણ હોય"

(૨૭) યોગાચાર્ય

યો૦દ૦સ૦ (શ્લો. ૧૪, ૧૯, ૨૨, ૨૫ અને ૩૫)ની સ્વોપજ્ઞ[1]ટીકામા એમને વિષે ઉલ્લેખ છે. એઓ જૈન આચાર્ય હોય એમ જણાય છે. એમણે યોગની આઠ દૃષ્ટિ સંબધી કે યોગની આના જેવી કોઈ બાબતનુ નિરૂપણ કર્યું હશે એમ ભાસે છે. **લ૦વિ૦** (પત્ર ૭૬અ)મા "योगाचार्या" એવો જે ઉલ્લેખ છે તેથી કોણ અભિપ્રેત છે તે જાણવુ બાકી રહે છે.

(૨૮) વસુ

ધર્મબિન્દુ (અ. ૪, સૂ. ૧૬)મા **હરિભદ્રસૂરિએ** એમને વિષે ઉલ્લેખ કર્યો છે. આ અજૈન વ્યક્તિનો દીક્ષા કોને કોણ આપી શકે

૧ જુઓ પત્ર ૫અ, ૭અ, ૭આ, ૮અ અને ૧૦અ

એ બાબતનો મત મેં પૃ. ૧૦૩માં નોંધ્યો છે. મુનિચન્દ્રસૂરિએ આ વસુને સિદ્ધાંતમાં નિર્દેશેલા એક રાજા કહ્યા છે. વિશેષમાં દીક્ષા સંબંધી એમનો મત કંઈક વ્યાસને અનુસરે છે એમ એમણે કહ્યું છે.

(૨૬) વસુબંધુ

જિનવિજયજીએ "श्रीहरिभद्राचार्यस्य समयनिर्णयः" (પૃ. ૧૨)માં હરિભદ્રસૂરિએ પોતાની કૃતિઓમાં જે ભિન્ન ભિન્ન શાસ્ત્રકારોનાં નામો આપ્યાં છે તે ગણાવ્યાં છે. એમાં 'વસુબંધુ' નામ છે.

જન્મ-સ્થળ—વસુબંધુનો જન્મ 'ગાંધાર'માં થયો હતો.

મોટા ભાઈ—મૈત્રેયનાથના શિષ્ય **અસંગ** એ **વસુબંધુના** મોટા ભાઈ થાય છે.

સમકાલીન વ્યક્તિઓ—'વૈભાષિક' શાખાના [1]**સં**ઘભદ્ર અને **મનોરથ** એ બંને **વસુબંધુની** સમકાલીન વ્યક્તિઓ છે.

પરિવર્તન—'વૈભાષિક' શાખાના એક પ્રરૂપક તરીકે **વસુબંધુએ** જીવનની શરૂઆત કરી, જો કે 'સૌત્રાંતિક' વિચારધારા તરફ એમની અતિશય સહાનુભૂતિ હતી. આગળ જતાં **અસંગના** સંગથી એમણે 'યોગાચાર'ની માન્યતા સ્વીકારી. આમ એમની વિચારધારામાં પરિવર્તનો થયાં. નવાઇની વાત એ છે કે એનો ક્રમ પણ બૌદ્ધોની ચાર શાખાઓની ઉત્પત્તિના ઐતિહાસિક ક્રમને અનુસરે છે.

આયુષ્ય—વસુબંધુ ૮૦ વર્ષે અવસાન પામ્યા હતા.

સમય—વસુબંધુના સમય વિષે મતભેદ જોવાય છે. કેટલાક એમનો સમય ઇ. સ. ૨૮૦–ઇ. સ. ૩૬૦નો દર્શાવે છે તો કેટલાક ઇ. સ. ૪૨૦-

---

૧ એમનો સમય ઇ. સ. ૨૮૦–ઇ. સ. ૩૫૦નો મનાય છે. કેટલાકનું માનવું છે કે ઇ. સ. ૪૮૮માં **સામંતપાસાદિકાનો** અને ઇ. સ. ૪૮૯માં **વિભાષાવિનયનો** ચીની ભાષામાં અનુવાદ કરનારી વ્યક્તિ તે જ આ **સંઘભદ્ર** છે, જ્યારે કેટલાક આ બેને ભિન્ન ગણે છે.

. સ. ૫૦૦નો. ડૉ. ભટ્ટાચાર્ય પ્રથમ મતને અનુસરે છે અને તેમ કરવા ાટેનાં કારણો પણ એમણે આપ્યા છે.[૧]

નિર્દેશ—ત૦સૂ૦ (અ. ૭, સૂ. ૮)ની ટીકા (ભા. ૨, પૃ. ૮)મા **સિદ્ધસેનગણિએ** " 'આમિષગૃદ્ધ' વસુબ ધુ " એવો જે ઉલ્લેખ ર્યો છે તે આ પ્રસ્તુત વસુબંધુને અ ગે છે. આ રહી એ પ ક્તિ :—

" तस्मादेनःपदमेतद् वसुबन्धोरामिषगृद्धस्य गृद्धस्येवाप्रेक्ष्यकारिणः "

આ જ પૃષ્ઠ ઉપર આ ગણિએ વસુબંધુને ઉદ્દેશીને નીચે મુજબ હ્યું છે :—

" विकल्पसमा जातिरुपन्यस्ता वसुबन्धुवैधेयेन "

ગુણકીર્તિએ **લક્ષણાનુસાર**મા વસુબંધુનો ઉલ્લેખ કર્યો છે.

જીવન-વૃત્તાંત—કુમારવિજયે Life of Vasubandhu ામનુ પુસ્તક ઇ. સ. ૪૦૧ થી ઇ. સ. ૪૦૯ના ગાળામા રચ્યુ છે. ન'જીઓ ' પ્રમાણે આ કૃતિ ઇ. સ. ૭૩૦મા ખોવાઈ ગઈ.

ઇ. સ ૪૯૯ થી ઇ. સ. ૫૬૦ સુધી જીવનાર પરમાર્થે પણ વસુબ ધુનો જીવનવૃત્તાત લખ્યો છે. એમા એમણે નીચે મુજબ ત્રણ વેધાનો કર્યા છે :—

(૧) વસુબ ધુ એ [૨]વિક્રમાદિત્યના સમકાલીન થાય છે.

(૨) બુદ્ધમિત્ર એ વસુબ ધુના ગુરુ થાય છે. એ બુદ્ધમિત્રને વિન્ધ્યવાસીએ વાદમા હરાવ્યા હતા.

---

૧ જુઓ **તત્ત્વસંગ્રહ**નુ અગ્રવચન (પૃ ૬૭)

૨ વિન્સન્ટ **સ્મિથ**ને મતે લગભગ ઇ સ. ૩૨૦થી ઇ. સ ૩૩૦ સુધી રાજ્ય કરનાર ગુપ્તવ શી **ચંદ્ર**ગુપ્ત પહેલો તે જ આ **વિક્રમાદિત્ય** છે. 'વિક્રમાદિત્ય' વિષે મે " જૈ સ. પ્ર. " (અ ક ૧૦૦)મા પ્રસિદ્ધ થયેલા મારા લેખ નામે " વિક્રમાદિત્ય અને જૈન સાહિત્ય "મા કેટલીક બાબતો વિચારી છે.

(૩) વસુબન્ધુએ [1]**પરમાર્થસપ્તતિ**મા વિન્ધ્યવાસી સામે પુષ્કળ પ્રવાહો કર્યા છે

કૃતિકલાપ—[2]**અભિધર્મકોશ**ની સંસ્કૃત પ્રસ્તાવના (પૃ. ૧૬-૧૭)મા શ્રી. **રાહુલ** સાંકૃત્યાયને **વસુબન્ધુ**ની કૃતિઓ ગણાવી છે. હું પણ અહી એમને નામે ઓળખાવાતી ત્રીસ કૃતિઓની નોધ લઉં છું :—

(૧) **અપરિમિતાયુસ્સૂત્રશાસ્ત્ર**—આ **સુખાવતીવ્યૂહ**ને અંગેની નાનકડી પુસ્તિકા છે.

(૨) **અભિધર્મકોશ**—આમા 'વૈભાષિક' મતનુ ખંડન છે. કેટલાકને મતે **વસુબન્ધુ**એ જાતે આ **અભિધર્મકોશ** ઉપર ટીકા રચી છે. **યશોમિત્રે** પણ એક ટીકા રચી છે એનુ નામ **સ્ફુટાર્થ** છે આમા બે પૂર્વકાલીન વૃત્તિકાર નામે **ગુણમતિ** અને **વસુમિત્ર** વિષે ઉલ્લેખ છે. આ **વસુમિત્ર** એ કનિષ્કની સભાના **વસુમિત્ર**થી ભિન્ન છે કે જેમના વિચારોનું **વસુબન્ધુ**એ ખંડન કર્યું છે. શ્રી **રાહુલ** સાંકૃત્યાયને **અભિધર્મકોશ** ઉપર **નાલંદિકા** નામની વૃત્તિ રચી છે.

ત૦સૂ૦ (અ. ૭, સૂ ૮)ની ટીકા (ભા. ૨, પૃ. ૬૫)માં **અભિધર્મકોશ** (કોશસ્થાન ૪)નું ૭૩મુ પદ્ય ઉદ્ધૃત કરાયું છે. એવી રીતે **અકલંકે** **તત્ત્વાર્થરાજવાર્તિક** (પૃ. ૨૨૧)મા કો. ૧, શ્લો ૧૭ અને પૃ. ૩૯મા કો. ૧, શ્લો ૩૨ અને **પ્રભાચન્દ્રસૂરિ**એ

---

૧ **તત્ત્વસંગ્રહ**ના અગ્રવચન (પૃ ૯૨)મા કહ્યુ છે કે 'यदेव दधि तत्'-વાળુ પદ્ય **પરમાર્થસપ્તતિ**માથી ઉદ્ધૃત કરાયુ સંભવે છે જુઓ **તત્ત્વસંગ્રહ**ની **પંજિકા** (પૃ ૨૨)

કેટલાકને મતે **પરમાર્થસપ્તતિ** એ **વસુબન્ધુ**ની કૃતિ નથી

૨ આ કૃતિ **નાલંદિકા** નામની ટીકા સહિત વિ સં. ૧૯૮૮મા પ્રકાશિત કરાઈ છે.

ન્યાયકુમુદચન્દ્ર (પૃ. ૩૯૫)મા પ્રથમ કોશસ્થાનમાથી શ્લો. ૧૭, ૩૨ ને ૩૩ અવતરણરૂપે આપ્યા છે.

(૩) **કર્મસિદ્ધિપ્રકરણશાસ્ત્ર.**

(૪) **જયશીર્ષસૂત્રટીકા.** આ મહર્ષિ બુદ્ધે ઉચ્ચારેલા સૂત્રની ટીકા છે.

(૫) [1]**તર્કશાસ્ત્ર.**

(૬) **ત્રિપૂર્ણસૂત્રોપદેશ.**

(૭) **દશભૂમિકશાસ્ત્ર.** આ **બુદ્ધાવતંસમહાવૈપુલ્યસૂત્ર**ના ૨૨મા અને ૨૬મા પ્રકરણો ઉપરની ટીકા છે.

(૮) **ધર્મચક્રપ્રવર્તનસૂત્રોપદેશ.**

(૯) **નિર્વાણસૂત્રપૂર્વભૂતોત્પન્નગાથાસૂત્ર.**

(૧૦) **પંચસ્કંધકશાસ્ત્ર.**

(૧૧) **બુદ્ધગોત્રશાસ્ત્ર.**

(૧૨) **બુદ્ધાન્તિમોપદેશસૂત્રવૃત્તિ.** આ નામ મેં યોજ્યું છે.

(૧૩) **બોધિચિત્તોત્પાદનશાસ્ત્ર.**

(૧૪) **મધ્યાન્તવિભા(ભં ?)ગશાસ્ત્ર.** કોઈ સ્થિરમતિએ **મધ્યાન્તવિભાગવૃત્તિ** ઉપર ટીકા રચી છે.[2]

(૧૫) **મહાપરિનિર્વાણસૂત્રશાસ્ત્ર.** આ નામના સૂત્ર ઉપરની આ ટીકા છે.

---

૧ આ "ગા પૌ. ગ્રં."મા ગ્રંથાક ૪૯ તરીકે પ્રકાશિત થયેલ છે.

૨ જુઓ "ગા. પૌ ગ્રં."માંના **ન્યાયપ્રવેશ** (ગ્રંથાક ૩૯)ની પ્રસ્તાવના (પૃ. ૧૭).

(૧૬) [1]**મહાયાનશતધર્મવિદ્યાદ્વારશાસ્ત્ર.** આને **મહાયાનશતધર્મવિદ્યામુખ** પણ કહે છે. [2]અસંગની કે પછી મતાતંર પ્રમાણે [3]મૈત્રેયનાથની **યોગાચારભૂમિશાસ્ત્ર** નામની કૃતિના પ્રથમ અંશમા વપરાયેલા પારિભાષિક શબ્દોની આ સૂચી છે.

(૧૭) **મહાયાનસંપરિગ્રહશાસ્ત્રવ્યાખ્યા.** અસંગની એક કૃતિની આ ટીકા છે.

(૧૮) **રત્નચૂડસૂત્રચતુર્ધર્મોપદેશ.**

(૧૯) **વજ્રચ્છેદિકાપ્રજ્ઞાપારમિતાસૂત્રશાસ્ત્ર.** આ પણ **અસંગ**ની કોઈક કૃતિની ટીકા છે.

(૨૦) **વજ્રચ્છેદિકાસૂત્રશાસ્ત્ર.**

[4](૨૧) [5]**વાદવિધિ** યાને **વાદવિધાન. પ્રમાણસમુચ્ચય** (૧-૧૪)મા અને ૧-૧૮ ઉપરની ટીકામાં આનો ઉલ્લેખ છે. **વાદવિધિ**માથી અવતરણો આપવાનું કાર્ય તેમ જ એમાના વિચારોની આલોચનાનું કાર્ય ભારદ્વાજ ઉદ્દ્યોતકરે કર્યું છે. **શાંતરક્ષિતે વિપંચિતાર્થા** (પૃ ૧૪૨)મા **વાદવિધિ**નો **વાદવિધાન**ના નામથી

---

૧ હુએનત્સંગના ચીની રૂપાંતર ઉપરથી આ સસ્કૃત લખાણ તૈયાર કરાયુ છે એ **આલંબનપરીક્ષા** ઇત્યાદિ સહિત "ધ અડિયાર લાઇબ્રેરી સિરીઝ"મા ગ્રંથાક ૩૨ તરીકે છપાવાયું છે.

૨ આ ડૉ. ભટ્ટાચાર્યનો મત છે. જુઓ **તત્ત્વસંગ્રહ**નું અગ્રવચન (પૃ. ૭૦).

૩ આ પ્રો. ટુસિનો મત છે. જુઓ JRAS (1929, October).

૪ ૨૧ થી ૨૩ ક્રમાંકવાળી કૃતિની નોધ **તત્ત્વસંગ્રહ**ના અગ્રવચનમાં નથી.

૫ આની નોધ પ્રો ટુસિએ લીધી છે. જુઓ IHQ (1928, December)

ઉલ્લેખ કર્યો છે. ઉદ્દ્યોતકરના લખાણ ઉપરથી જણાય છે કે **વાદ-વિધિ**મા પ્રત્યક્ષનું લક્ષણ અપાયું છે એટલે એનો વિષય કેવળ નિગ્રહસ્થાન નથી.

(૨૨–૨૩) **વિજ્ઞપ્તિમાત્રતાસિદ્ધિ.** આ નામની [૧]બે કૃતિઓ છે. એકમા વીસ પદ્યો છે અને બીજામા ત્રીસ છે. **વિંશિકા** એ નામની કૃતિમાંથી **અ૦જ૦પ૦** (ખંડ ૨, પૃ. ૬૨)મા જે અવતરણ અપાયુ છે તે પહેલી કૃતિનુ હોય એમ લાગે છે. આગમાનુસારી વિજ્ઞાનવાદની શાખાના પુરસ્કર્તા **સ્થિર**મતિએ ત્રીસ પદ્યની આ બીજી કૃતિ ઉપર [૨]ભાષ્ય રચ્યું છે [૩]

વિજ્ઞપ્તિમાત્રતાસિદ્ધિ નામની બીજી કૃતિનું આદ્ય પદ્ય **ત૦સૂ૦** (અ. ૫, સૂ. ૨૨)ની ટીકા (ભા. ૧, પૃ. ૩૫૪)મા **સિદ્ધસેન**ગણિએ ઉદ્ધૃત કર્યું છે.

(૨૪) **વિદ્યામાત્રસિદ્ધિ.**

(૨૫) **વિદ્યામાત્રસિદ્ધિત્રિદશશાસ્ત્ર.**

(૨૬) **વિશેષચિંતાબ્રાહ્મણપરિપૃચ્છાસૂત્રટીકા.**

(૨૭) **શતશાસ્ત્રવ્યાખ્યા.** બોધિસત્ત્વ દેવના **શતશાસ્ત્ર** ઉપરની આ ટીકા છે.

(૨૮) **શમથવિપશ્યનાદ્વારશાસ્ત્રકારિકા.** **તત્ત્વસંગ્રહ**ના અગ્રવચન (પૃ. ૭૦)મા **સમથ૦** છે.

(૨૯) **સદ્ધર્મપુંડરીકસૂત્રશાસ્ત્ર.**

(૩૦) **સદ્ધારોપદિષ્ટધ્યાનવ્યવહારશાસ્ત્ર.**

૧–૨ આ બણે કૃતિઓનુ સપાદન ડૉ સિલ્વન **લેવી**એ ઇ સ ૧૯૨૫માં કર્યું છે

૩ ગુણમતિના સહયોગી **સ્થિર**મતિની કોઈ એક કૃતિનુ ચીની ભાષાતર ઇ સ ૪૦૦મા થયુ હતુ.

આ ઉપરથી જોઈ શકાય છે કે **વસુબંધુએ** જેમ સ્વતંત્ર કૃતિઓ રચી છે તેમ કેટલીક કૃતિઓ ઉપર ટીકા પણ રચી છે એ કૃતિઓમાં એમના વડીલ બંધુ **અસંગની** પણ કૃતિઓ છે.

ઉપર જે ત્રીસ કૃતિઓ ગણાવાઈ છે તે પૈકી ૯, ૧૫, ૧૭, ૨૪ અને ૨૯ એ ક્રમાંકવાળી કૃતિઓનો ઉલ્લેખ **પરમાર્થે** કર્યો છે અને ૧, ૪–૯, ૧૧, ૧૪, ૧૫, ૧૭–૧૯, ૨૪, ૨૬ અને ૨૯ એ ક્રમાંકવાળી કૃતિઓ તેમ જ **મહાપરિનિર્વાણવ્યાખ્યા** એ **અસંગના** અવસાન બાદ રચાયેલી કૃતિઓ મનાય છે એમ બે બાબતો **અભિધર્મકોશની** સંસ્કૃત પ્રસ્તાવના (પૃ. ૧૬–૧૭)માં શ્રી. **રાહુલ** સાંકૃત્યાયને નોંધી છે.

(૩૦) વાયુ

એમના મતે દીક્ષાર્થી તેમ જ દીક્ષા આપનારમાં પૂરેપૂરી યોગ્યતા હોવી જોઈએ. જુઓ પૃ. ૧૦૨.

(૩૧) વાલ્મીકિ

આ અજૈન ઋષિનો દીક્ષા લેનાર અને આપનારની યોગ્યતા સંબંધી મત મેં પૃ. ૧૦૨માં નોંધ્યો છે. શું આ ઋષિ તે જ **રામાયણના** કર્તા છે?

(૩૨) વિન્ધ્યવાસી

શા૦વા૦સ૦ની દિક્પ્રદા નામની સ્વોપજ્ઞ ટીકા (પત્ર ૩૨અ)માં હરિભદ્રસૂરિએ આ નામનો ઉલ્લેખ કર્યો છે.

'વિન્ધ્યવાસી' એ તો ઉપનામ (nick-name) છે અને ખરું નામ તો '**રુદ્રિલ**' છે. એ હકીકત **તત્ત્વસંગ્રહની** કમલશીલકૃત **પંજિકા** (પૃ. ૨૨) જોતાં જણાય છે. **વિન્ધ્યવાસી વાર્ષગણ્યના** શિષ્ય છે એમ મનાય છે. **વસુબંધુનું** ચીની ભાષામાં જીવનચરિત્ર લખનારા **પરમાર્થનું** કહેવું એ છે કે **વસુબંધુના** ગુરુ **બુદ્ધમિત્રને વિન્ધ્યવાસીએ**

હરાવી ‘ અયોધ્યા ’ના વિક્રમાદિત્ય પાસેથી ઇનામ મેળવ્યું હતુ. પછી એઓ ‘ વિન્ધ્ય ’ પર્વત ઉપર આવેલા પોતાને ઘેર ગયા અને ત્યા એમનું અવસાન થયુ એમનો સમય ઇ સ ૨૫૦–ઇ. સ ૩૨૦નો ગણાય છે.

કુમારિલે **મીમાંસાશ્લોકવાર્તિક** (અનુમાન-પરિચ્છેદ, શ્લો. ૧૪૩)મા વિન્ધ્યવાસીનો મત નોંધ્યો છે.

અન્યયોગ૦ (શ્લો. ૧૫) ઉપરની **સ્યાદ્વાદમંજરી**મા, **તર્કરહસ્યદીપિકા** (પત્ર ૪૨અ)મા તેમ જ **ન્યાયાવતાર**ની વૃત્તિ ઉપરના દેરભદ્રકૃત **ટિપ્પન** (પૃ. ૯૭)મા વિન્ધ્યવાસીનો ઉલ્લેખ છે તેમ જ એમના નામે નીચે મુજબનુ પદ્ય રજૂ કરાયું છે :—

“ पुरुषोऽविकृतात्मैव स्वनिर्भासमचेतनम् ।
मन करोति सान्निध्यादुपाधि· स्फटिकं यथा ॥ ”

આ પદ્ય **લલિતવિસ્તરાની પંજિકા** (પત્ર ૬૧આ)મા જોવાય છે. ભોગને અંગેના આ પદ્યનો અર્થ એ છે કે જેમ ભિન્ન ભિન્ન રંગોના સંયોગથી નિર્મળ સ્ફટિક કાળું, રાતું, પીળું ઇત્યાદિ રંગવાળું બને છે તેમ અવિકારી ચેતન પુરુષ અચેતન મનને પોતાના સમાન ચેતન બનાવે છે ખરી રીતે વિકારી હોવાથી મન ‘ ચેતન ’ કહેવાય નહિ

(૩૩) વિશ્વ

ધર્મબિન્દુ (અ. ૪, સૂ ૧૮)મા એમનો નિર્દેશ છે. દીક્ષા સંબધી એમનો મત મે પૃ. ૧૦૪મા નોંધ્યો છે. એઓ કંઈક અંશે **સમ્રાટ્**ના મતને અનુસરે છે

(૩૪) વૃદ્ધાચાર્ય

નંદીની ટીકા (પત્ર ૫૨)મા એમને વિષે હરિભદ્રસૂરિએ ઉલ્લેખ કર્યો છે, અને એમને કેવલજ્ઞાન અને કેવલદર્શન એ બે ઉપયોગના અભેદના પુરસ્કર્તા ગણ્યા છે. **પ્રદેશવ્યાખ્યા** (પત્ર ૨૯)મા નિર્દેશેલા **વૃદ્ધાચાર્ય** આ જ હશે.

વૃદ્ધ (elder) વસુબન્ધુને ‘ વૃદ્ધાચાર્ય ’ કહે છે પણ એઓ તો અત્ર પ્રસ્તુત નથી

(૩૫) વૃદ્ધો

શા૦વા૦સ૦મા શ્લો. ૫૧૫–૫૧૮ તરીકે નજરે પડતા ચાર શ્લોકો એ **અ૦જ૦૫૦** (ખંડ ૧)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૭૧) જોતા વૃદ્ધોના કથનરૂપ છે. આ વૃદ્ધો તે કોણ ? **લલિતવિસ્તરાની પંજિકા** (પત્ર ૮૯આ)મા જે વૃદ્ધોનો ઉલ્લેખ છે એને અંગે પણ આ પ્રશ્ન ઊઠે છે.

(૩૬) વ્યાસ

ધર્મબિન્દુ (અ ૪, સૂ. ૧૦)મા એમને વિષે ઉલ્લેખ છે. મુનિચન્દ્રસૂરિ એમને કૃષ્ણ દ્વૈપાયન તરીકે ઓળખાવે છે. આ વ્યાસનો દીક્ષા લેનાર અને આપનારની લાયકાતના સબંધમાનો મત વાલ્મીકિથી ભિન્ન છે એ બાબત મેં પૃ. ૧૦૨–૧૦૩મા નોધી છે. આ વ્યાસ તે જ **મહાભારત**ના કર્તા હોય એમ લાગે છે.

(૩૭) શબર(સ્વામી)

અ૦જ૦૫૦ (ખંડ ૨)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૭૦)માં હરિભદ્રસૂરિએ એમનો ‘ ભાષ્યકાર ’ તરીકે ઉલ્લેખ કરી નીચે મુજબ પંક્તિ રજૂ કરી છે :—

“ ज्ञानं त्वनुमानादवगच्छति ”

આ **જૈમિનીયસૂત્ર** (૧–૧–૫) ઉપરના ભાષ્યની પંક્તિ છે.

શબરે **પૂર્વમીમાંસા**ના વૃત્તિકાર વિષે ઉલ્લેખ કર્યો છે. એ વૃત્તિકાર કાં તો [1]ઉપવર્ષ હશે કે પછી બોધાયન હશે. એ વૃત્તિકારે

[1] એમને વિષે તેમ જ ભવદાસ અને ભર્તૃમિત્ર વિષે વી. એ રામસ્વામી શાસ્ત્રીએ “ Old Vṛttikāras on the Pūrva Mīmāṃsā ”

બૌદ્ધોના શૂન્યવાદ અને નિરાલંબનવાદ એ બે પંથો વિષે ઉલ્લેખ કર્યો છે. આ બે પંથો **નાગાર્જુન** અને **વસુબંધુ**ની પહેલાના છે એમ મનાય છે એટલે એ હિસાબે તો **શબર**નો સમય ઇ. સ. ૪૦૦ની પૂર્વેનો ગણાય પ્રો. જી વી. દેવસ્થલિએ "On the probable date of Śabara-svāmin" નામનો [1]લેખ લખ્યો છે. એમના મતે **શબર**નો સમય ઇ. સ ની પહેલી સદીની આસપાસનો છે. આ લેખ (પૃ. ૮૫)મા એમણે કહ્યું છે કે ડૉ. **કીથે કર્મમીમાંસા** (પૃ. ૯)મા એવો નિર્ણય જાહેર કર્યો છે કે **શબર**ના સમય તરીકે ઇ. સ. ૪૦૦ એ એની પૂર્વાવધિ (earliest date) છે. ડૉ. મહોપાધ્યાય **ઝા**એ પણ **શાબર-ભાષ્ય** (ભા. ૩)ના અનુવાદની પ્રસ્તાવના (પૃ. ૬)મા આ જ મત ઉચ્ચાર્યો છે.

પ્રો. દેવસ્થલિએ ઉપર્યુક્ત લેખમા એવુ વિધાન કર્યું છે કે પતંજલિ અને એમની કૃતિથી **શબર** પરિચિત હતા એમ માનવા માટે કોઈ સબળ કારણ નથી, પણ આ વિધાન યોગ્ય જણાતું નથી એમ **મહાભાષ્ય** અને **શાબર-ભાષ્ય**ની તુલના કરતા જણાય છે:—

અષ્ટાધ્યાયી (૧–૧–૧૫)ના **મહાભાષ્ય**માથી **જૈમિનીયસૂત્ર** (૧૦–૨–૪૭)ના **શાબર-ભાષ્ય**મા અવતરણ છે

અષ્ટા૦ (૧-૨-૬૪) ઉપરના **મહાભાષ્ય**ની **જૈ૦સૂ૦** (૧-૩-૩૩)-ના **શાબર-ભાષ્ય**મા સમાલોચના છે. **જૈ૦સૂ૦** (૬-૭-૩૭) ઉપરના **શાબર-ભાષ્ય**ગત "द्विवचनबहुवचनानामसमास" પંક્તિ જે 'અભિ-યુક્ત'ને નામે અપાઈ છે તે **અષ્ટા૦** (૬-૩-૧)ના **મહાભાષ્ય**માથી ઉદ્‌ધૃત કરાઈ છે અને આ **અ**ભિયુક્ત તે પતંજલિ છે

નામના લેખમા ઉલ્લેખ કર્યો છે આ લેખ I H Q (Vol X, No 3)માં છપાયો છે

૧ આ લેખ A B O R Iના "Silver Jubilee Volume"મા છપાયો છે.

જૈ૦સૂ૦ (૯–૧–૩૩) ઉપરના **શાબર-ભાષ્ય**માના ઉદાહરણો તેમ જ નિમ્નલિખિત પંક્તિ એ **મહાભાષ્ય** (ભા. ૧, પૃ. ૨૨૮, ૨૪૬, ૪૧૦, ૪૨૨ અને ૪૩૦)ગત કથનના પ્રતિધ્વનિરૂપ છે:—

"गुणवचनाना हि शब्दानामाश्रयतो लिङ्गवचनानि भवन्ति"

મીમાંસાસૂત્ર (૩–૪–૧૩) ઉપરના **તંત્રવાર્તિક**માં કુમારિલે કહ્યું છે કે નીચે મુજબની પંક્તિ દ્વારા વાક્યકાર (કાત્યાયન) અને ભાષ્યકાર (પતંજલિ)નો નિર્દેશ છે:—

"आगमोऽपि चायमेव........विशेपणत्वेनेति"

આ ઉપરથી એ ફલિત થાય છે કે **શબર** ભાષ્યકાર પતંજલિની પછી થયા છે.

પ્રો. પી વી. કાણેના મતે **શબરે** ઇ. સ. ૧૦૦ થી ૫૦૦ના ગાળામા **શાબર-ભાષ્ય** રચ્યું છે.[1]

જૈ૦સૂ૦ (૧–૧–૫)ના ભાષ્યમા **શબરે** શૂન્યવાદ અને વિજ્ઞાનવાદનો ઉલ્લેખ કર્યો છે. વિશેપમા નિમ્નલિખિત પંક્તિ દ્વારા એમણે 'મહાયાનિક' પંથ વિષે સ્પષ્ટ નિર્દેશ કર્યો છે:—

"अनेन प्रत्युक्तो महायानिक. पन्था."

તત્ત્વસંગ્રહ (પૃ ૪૨૩, ૪૭૧ ઇ.)મા **શબર**ના મંતવ્યોનુ ખંડન છે.

(૨૮) શાંતરક્ષિત

શા૦વા૦સ૦ (શ્લો ૨૯૬)ની **દિક્પ્રદા** નામની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૪૨આ)મા ક્ષણિકવાદનુ નિરસન કરતી વેળા આ બૌદ્ધ ગ્રંથકારનુ નામ હરિભદ્રસૂરિએ નોધ્યુ છે મૂળમા શ્લો. ૨૯૬મા એમનો 'સૂક્ષ્મબુદ્ધિ' તરીકે અને '**દિક્પ્રદા**' (પત્ર ૪૨આ)માં

૧ જુઓ A Brief Sketch of the Pūrva-mīmāmsā (p. 13 f)

'શાતરક્ષિત' તરીકે ઉલ્લેખ છે. આ **શાંતરક્ષિત** તે [૧]**તત્ત્વસંગ્રહ**ના કર્તા જ હોવા જોઈએ. જો એમ જ હોય તો એમની બીજી બે કૃતિ તે **સંબંધપરીક્ષા** ઉપરની વૃત્તિ તેમ જ **વાદન્યાય** ઉપરની [૨]**વિપંચિતાર્થા** નામની વૃત્તિ છે એમનો સમય ઇ. સ. ૭૪૯ની આસપાસનો ગણાય છે **શા૦વા૦સ૦** (શ્લો ૨૯૬)મા નિમ્નલિખિત અવતરણ **શાંતરક્ષિત**ના નામે અપાયુ છે'—

"नासतो भावकर्तृत्वं तदवस्थान्तर न स"

આ પદ્યાર્ધ **તત્ત્વસંગ્રહ**માનુ હશે.

(૨૬) શુભગુપ્ત

અ૦જ૦પ૦ (ખડ ૧)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા(પૃ. ૩૩૭)માં હરિભદ્રસૂરિએ આ નામનો ઉલ્લેખ કર્યો છે. અહીં એમને 'વાર્તિકાનુસારિ' કહેવામા આવ્યા છે. એનો અર્થ હુ એમ કરુ છુ કે એઓ **પ્રમાણવાર્તિક**ને અનુસરે છે. મૂળમા **શુભગુપ્ત**ના નામ ઉપર પાચ પદ્યો અપાયા છે.

શા૦વા૦સ૦ (શ્લો. ૪૨૨)ની **દિક્પ્રદા** નામની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૫૯અ)મા હરિભદ્રસૂરિએ જે **શુભગુપ્ત**નો ઉલ્લેખ કર્યો છે તેઓ તેમ જ **તત્ત્વસંગ્રહની પંજિકા**મા [૩]અનેક સ્થળે ભદંત **શુભગુપ્ત**ના નામે જેમનો ઉલ્લેખ છે તેઓ પ્રસ્તુત **શુભગુપ્ત** જ જણાય છે. **પંજિકા**મા પૃ ૫૫૧ અને ૫૮૨મા એમની કોઈક કૃતિમાથી એકેક અવતરણ અપાયું છે.

તત્ત્વસંગ્રહના અગ્રવચન (પૃ. ૮૫)મા **શુભગુપ્ત**નો સમય ઇ. સ. ૬૫૦-ઇ. સ. ૭૦૦નો દર્શાવાયો છે. આ પૃષ્ઠમા એમનો બાહ્ય પદાર્થ વિષેનો મત પણ નોધાયો છે.

૧-૨ આ બ ને છપાયેલા છે. જુઓ અનુક્રમે પૃ. ૧૫૬, ટિ ૩-૪ અને પૃ ૨૯૦, ટિ ૧

૩ જુઓ પૃ. ૫૫૧, ૫૫૨, ૫૫૬, ૫૬૭, ૫૭૦, ૫૭૨, ૫૭૪ અને ૫૮૨.

(૪૦) સંતપન

લ૦વિ૦ (પત્ર ૬૦અ)માં એમને વિષે હરિભદ્રસૂરિએ ઉલ્લેખ કર્યો છે.

(૪૧) સમંતભદ્ર

અ૦જ૦પ૦ (ખંડ ૧, પૃ. ૩૭૫)મા મૂળમા ' વાદિમુખ્ય ' તરીકે અને એની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૩૭૫)મા ' સમતભદ્ર ' તરીકે નિર્દેશ છે. વિશેષમા મૂળમા આ **સમ**તભદ્રની કોઈક કૃતિમાંથી બે પદ્યો અવતરણરૂપે અપાયા છે. આ બે પદ્યો **શાંતિ**સૂરિએ **પ્રમાણ-કલિકા**મા અને વાદી દેવસૂરિએ **સ્યાદ્વાદરત્નાકર** (ભા. ૧, પૃ. ૯૨)મા આપ્યા છે. **સ્યાદ્વાદરત્નાકર** (પૃ. ૯૩)મા બીજાં [1]ત્રણ પદ્યો અવતરણરૂપે છે તે પણ શું આ **સમં**તભદ્રની કોઈક કૃતિમાંનાં છે ?

વાદન્યાય (પૃ. ૧)મા ' नम. समन्तभद्राय ' એવો ઉલ્લેખ છે તે કોને ઉદ્દેશીને છે ?

જિનવિજયજીએ એમના નિબંધમા **સમં**તભદ્રને ' જૈન ' કહ્યા છે તે શુ પ્રસ્તુત **સમં**તભદ્રને લક્ષીને છે ?

દિગબરોમા **સમંતભદ્ર** નામના એક વિદ્વાન ગ્રંથકાર થઈ ગયા છે. એઓ **સિદ્ધ**સેન દિવાકર પછી થયા છે. આ **સિદ્ધ**સેન દિવાકરની તૃતીય દ્વાત્રિંશિકાનુ ૧૬મુ પદ્ય પૂજ્યાપદે **ત૦સૂ૦** (અ. ૭, સૂ. ૧૩)ની ટીકા **સર્વાર્થસિદ્ધિ** (પૃ [2]૨૩૦)મા આપ્યું છે. આ દિગંબર **સમ**તં-

---

૧ આ પદ્યો મેં **અ૦જ૦પ૦** (ખ ડ ૨)ના ઉપોદ્ઘાત (પૃ ૯૭)મા આપ્યા છે.

૨ આ **સર્વાર્થસિદ્ધિ** સહિત " સખારામ નેમચદ ગ્રથમાલા "મા ગ્રંથાક ૧૨૮ તરીકે છપાયેલ મૂળની ઈ. સ. ૧૯૩૯ની ત્રીજી આવૃતિનો પૃષ્ઠાક છે.

ભદ્રે **આપ્તમીમાંસા** રચી છે. [1]વિદ્યાનંદે આને અંગે **અષ્ટસહસ્રી** રચી છે. એમા તેમ જ **આપ્તપરીક્ષા** (શ્લો. ૧૨૪)માં એમણે કહ્યું છે કે પૂજ્યપાદે જે આપ્તતાની પ્રશંસા કરી છે તેના સમર્થનાર્થે **આપ્તમીમાંસા** રચાઈ છે. **સર્વાર્થસિદ્ધિ**મા સપ્તભંગીનો નિર્દેશ નથી, જ્યારે **સમંતભદ્રે** તો એનુ વિસ્તૃત નિરૂપણ કર્યું છે. આમ કહી પં. સુખલાલે એવો મત દર્શાવ્યો છે કે **સમંતભદ્ર પૂજ્યપાદ** પછી થયા છે.[2] વિશેષમા એમણે આ **સમંતભદ્ર** તે **અકલંક**ના વિદ્યાગુરુ હોવાનો મોટો સંભવ છે એમ કહ્યું છે.[3] **તત્ત્વસંગ્રહની પંજિકા** (પૃ. ૪૦૫)મા જે **પાત્રસ્વામી**નો ઉલ્લેખ છે તે કદાચ આ **સમંતભદ્ર**ને અંગે હશે એમ એમણે કહ્યું છે.[4]

ગુર્વાવલી (શ્લો. ૨૮)મા **સામંતભદ્ર**નો ઉલ્લેખ છે. એઓ તો શ્વેતાંબર છે. એઓ 'ચંદ્ર' કુળના છે. એમના પછી વૃદ્ધ **દેવસૂરિ** થયા. એમનો સમય શ્લો. ૨૯મા વિ. સં. ૧૨૫નો દર્શાવાયો છે.

(૪૨) સમ્રાટ્

ધર્મબિન્દુ (અ. ૪, સૂ. ૧૨)મા એમને વિષે ઉલ્લેખ છે. મુનિચન્દ્રસૂરિએ એમને 'રાજર્ષિ' કહ્યા છે. દીક્ષા આપનાર અને લેનારની યોગ્યતા બાબત એમનો મત મેં પૃ. ૧૦૩–૧૦૪મા નોંધ્યો છે. એઓ **વ્યાસ**થી ભિન્ન મત ધરાવે છે.

---

૧ **તત્ત્વાર્થશ્લોકવાર્તિક** (પૃ. ૨૮૦)મા એમણે **શ્રી**દત્તનો અને એ **શ્રી**દત્તની કૃતિ **જલ્પનિર્ણય**નો ઉલ્લેખ કર્યો છે આ **શ્રી**દત્ત તે **પૂજ્યપાદ**કૃત **જૈનેન્દ્ર-વ્યાકરણ** (૧–૪–૩૪)મા નિર્દેશાયેલા **શ્રી**દત્ત હશે.

૨ જુઓ **અકલંકગ્રંથત્રય**નું "પ્રાક્કથન" (પૃ ૮–૯).

૩ એજન, પૃ. ૯.

૪ એજન, પૃ. ૯.

(૪૩) સિદ્ધસેન

નંદીની ટીકા (પત્ર ૫૨)મા હરિભદ્રસૂરિએ કેવલજ્ઞાન અને કેવલદર્શન એ બે ઉપયોગોને લગતી માન્યતાઓ વિચારતી વેળા એમનો ઉલ્લેખ કર્યો છે આ **સિદ્ધસેન**ને મતે કેવલજ્ઞાન અને કેવલદર્શન એ બે અભિન્ન નથી, જો કે એ બને સમકાળે હોય છે.[1] આથી આ **સિદ્ધસેન** તે **સિદ્ધસેન** દિવાકર નથી એમ ફલિત થાય છે, કેમકે એમને મતે તો કેવલજ્ઞાન અને કેવલદર્શન એ બે અભિન્ન છે કે જેવો મત **વૃદ્ધા**ચાર્યનો છે.

(૪૪) સિદ્ધસેન ([2]નીતિકાર)

ધર્મબિન્દુ (અ. ૪, સૂ. ૨૦)મા એમને વિષે ઉલ્લેખ છે. એઓ વૈદિક હોય એમ લાગે છે, અને એ હિસાબે એઓ ઉપર્યુક્ત **સિદ્ધસેન** તેમ જ **સિદ્ધસેન** દિવાકરથી ભિન્ન છે **ક્ષીર**કદંબક વગેરેની પેઠે એમણે પણ કોઈ કૃતિ રચી હોય એમ લાગે છે. દીક્ષા લેનારી વ્યક્તિની તેમ જ એ આપનારી વ્યક્તિની શી યોગ્યતા હોવી જોઈએ એ બાબતનો એમનો મત પૃ. ૧૦૪મા મેં નોધ્યો છે. એનો ઉલ્લેખ **ધર્મબિન્દુ** (અ. ૪, સૂ ૨૦)મા કરાયો છે. એના ઉપરની ટીકામા **મુનિચન્દ્રસૂરિ**એ એમને 'નીતિકાર' કહ્યા છે

---

૧ ઉમાસ્વાતિનો પણ આ મત છે જુઓ **તત્ત્વાર્થસૂત્ર** (અ. ૧, સૂ. ૩૧)નુ ભાષ્ય (ભા ૧, પૃ ૧૧૦) **સૂયગડ**ની ચુણ્ણિના કર્તાનો પણ આ મત છે. જુઓ આ ચુણ્ણિનું પત્ર ૯૭

૨ **અન્યયોગ**૦નું 'क्लप्रणाशा०'થી ગઙ થતુ ૧૮મુ પદ્ય **સર્વદર્શનસંગ્રહ** (પૃ. ૫૨)મા "तदुक्त सिद्धसेनवाक्यकारेण" એવા ઉલ્લેખ પૂર્વક ઉદ્ધૃત કરાયુ છે તો શુ આ કોઈ **સિદ્ધસેન**ની કૃતિમાનુ પદ્ય છે અને અહી 'વાક્યકાર'થી શું સમજવાનુ છે ? હેમચન્દ્રસૂરિને બદલે તો **સિદ્ધસેન**નું નામ ભૂલથી રજૂ નથી થયુ ?

અને એ આધારે મેં અહીં એમનો એ રીતે નિર્દેશ કર્યો છે. મુનિચન્દ્રસૂરિએ એમને 'પરતીર્થિક' કહ્યા છે.

(૪૫) સિદ્ધસેન દિવાકર

અ૦જ૦પ૦ (ખંડ ૧)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૯)માં 'સિદ્ધસેનદિવાકર' તરીકે અને બીજા ખંડની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૧૩૧)મા 'દિવાકર' તરીકે તેમ જ **પંચવત્થુગ**ની ગા. ૧૦૪૮મા 'આયરિયસિદ્ધસેણ' તરીકે અને એની ૧૦૪૭મી ગાથામા 'સુઅકેવલિ' (સં. શ્રુતકેવલિન્) તરીકે હરિભદ્રસૂરિએ એમનો ઉલ્લેખ કર્યો છે. ભદ્રેશ્વરની **કહાવલી**, વિ. સં. ૧૨૯૧ પહેલા રચાયેલો એક અજ્ઞાતકર્તૃક પ્રબંધ, **પ્ર૦ચ૦**, **પ્રબંધચિંતામણિ** અને **ચ૦પ્ર૦** એ પાચ કૃતિઓ **સિદ્ધસેન** દિવાકરની જીવનરેખા રજૂ કરે છે. એને આધારે હુ કેટલીક હકીકતો અહીં આપું છુ :

જન્મદાતા—**સિદ્ધસેન** દિવાકર 'કાત્યાયન' ગોત્રના બ્રાહ્મણ દેવર્ષિ અને એમની પત્ની દેવશ્રીના પુત્ર થાય છે.

વાદી—**સિદ્ધસેન**ને [1]વાદનો નાદ હતો. એ **વૃદ્ધ**વાદી સાથેના વાદમા ઊતરી ગયો.

દીક્ષા—**વૃદ્ધ**વાદી પાસે **સિદ્ધસેને** દીક્ષા લીધી હતી. એ વેળા એમનું નામ **કુમુદચન્દ્ર** પડાયું હતું.

---

૧ "અનેકાન્ત" (વ ૨, કિ ૧૦)મા પં. રતનલાલ સઘવીનો "સિદ્ધસેન દિવાકર" નામના લેખનો બીજો હપ્તો **વીર**સવત્ ૨૪૬૫માં છપાયો છે એમા એમણે લોકપ્રવાદ ચાલ્યો આવે છે એમ કહી હરિભદ્રસૂરિને અગે વાદી તરીકે જે વર્ણન મળે છે તેવું લગભગ એમને અંગે સંભળાય છે એમ કહ્યું છે. વિશેષ હકીકત માટે જુઓ પૃ ૧૮, ટિ **૧**ની અંતિમ કંડિકામા નિર્દેશાયેલા મારા લેખો.

વિહાર—સિદ્ધસેનનો વિહાર ‘ ઉજ્જૈન ’થી ‘ પૈઠાણ ’ સુધી એક યા બીજા પ્રસંગે પગપાળો થયો છે. એમા ‘ ભરૂચ ’ અગ્ર સ્થાન ભોગવે છે.

વિશેષતાઓ—આ નીચે મુજબ છે :—

(૧) પાઇય આગમોને સંસ્કૃત ભાષામા રૂપાંતરિત કરવાની ઇચ્છા એમને થઈ અને એ પ્રસિદ્ધ કરતા એમને બાર વર્ષ સુધી ‘ પારાચિક ’ પ્રાયશ્ચિતના ભાગી થવું પડ્યું.

(૨) એઓ તર્કાનુસારી આગમના પુરસ્કર્તા હતા. એઓ પ્રાચીનતાના અંધભક્ત ન હતા.

(૩) વૃદ્ધાચાર્યની જેમ એઓ કેવલજ્ઞાન અને કેવલદર્શન એ બે ઉપયોગોને અભિન્ન માનતા હતા.

(૪) નૈગમ નયનું કાર્ય સંગ્રહ અને વ્યવહાર એ બે નયથી થઈ શકે તેમ હોવાથી એમણે નૈગમ સિવાયના ૭ નયનુ પ્રતિપાદન કર્યું હતુ.

(૫) કેવળ શ્વેતાંબરોના જ ગ્રંથોમા નહિ પરંતુ દિગંબરોના ગ્રંથોમા પણ એમનો ગૌરવપૂર્વક ઉલ્લેખ થયો છે. **જૈનેન્દ્ર-વ્યાકરણ** (૫-૧-૭) એની સાક્ષી પૂરે છે.

સમય—શકસંવત્ ૫૯૮ (= ઇ સ ૬૭૬)મા **નંદી**ની ચુણ્ણિ સમાપ્ત કરનારા **જિનદાસગણિ**એ **સિદ્ધસેન** દિવાકર અને એમની કૃતિ **સમ્મઇપયરણ**નો જે રીતે ઉલ્લેખ કર્યો છે એ જોતાં એઓ એમનાથી દોઢસો-બસો વર્ષ જેટલા તો પુરોગામી હશે જ. એઓ **જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણથી પણ પહેલા અને તે પણ બસોએક વર્ષ જેટલાં પહેલા થયા હોય એમ લાગે છે. પૂજ્યપાદ કરતા પણ એઓ પૂર્વવર્તી છે, કેમકે **તત્ત્વાર્થસૂત્ર** (અ. ૭, સૂ. ૧૩)ની ટીકા નામે **સર્વાર્થસિદ્ધિ** (પૃ. ૨૩૦)મા સિદ્ધસેનીય **દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા**માથી દ્વા. ૩, શ્લો. ૧૬નો “ वियोजयति चासुभिर्न ”થી શરૂ થતો પૂર્વાર્ધ અવતરણરૂપે અપાયો છે.

કૃતિકલાપ—સિદ્ધસેને રચેલી તમામ કૃતિઓ આજે મળતી નથી. એમણે પાઇયમા જ૦મ૦મા તેમ જ સંસ્કૃતમા કૃતિ રચી છે. એ પૈકી અહી હુ એમની રચેલી મનાતી ૭ કૃતિઓ ગણાવું છું :—

(૧) [૧]**સમ્મઇપયરણ.** જૈન સાહિત્યમા તર્કશૈલી જે ફાલી-ફૂલી છે તે આ કૃતિને આભારી છે.

(૨) [૨]**ન્યાયાવતાર.** આ સસ્કૃતમાં ૩૨ પદ્યમા રચાયેલી કૃતિ છે. એ જૈન ન્યાયની કૃતિઓમા પ્રાથમિક છે. એના ઉપર [૩]**સિદ્ધર્ષિ**ની વિવૃતિ અને એ ઉપર [૪]દેવભદ્રકૃત **ટિપ્પન** છે.

(૩) **દ્વાત્રિંશદ્‌-દ્વાત્રિંશિકા—સિદ્ધસેને** બત્રીસ બત્રીસીઓ રચ્યાનું મનાય છે. આમા **ન્યાયાવતાર**નો સમાવેશ કરાય તો પણ આજે તો આ ઉપરાત બીજી [૫]એકવીસ [૬]દ્વાત્રિંશિકાઓ મળે છે. એમા ફક્ત એક જ ઉપર પ્રાચીન ટીકા મળે છે અને એના કર્તા સોળમી સદીના ઉદયસાગરસૂરિ છે વિજયલાવણ્યસૂરિજીએ પહેલી

---

૧ આના પરિચય માટે જુઓ પૃ. ૨૫૫–૨૫૯

૨ આના તેમ જ એના ઉપરની **સિદ્ધર્ષિ**કૃત વિવૃતિના પ્રકાશનો માટે જુઓ D C G C M (Vol XVIII, pt 1, p 40) એમા વિવૃતિ ઉપરના **ટિપ્પન**ના પ્રકાશનનો ઉલ્લેખ છે

૩–૪ આ પ્રકાશિત છે જુઓ ટિ ૨

૫ "સિદ્ધસેન દિવાકરકૃત ગ્રથમાલા" એ નામથી આ ૨૧ દ્વાત્રિંશિકાઓ "જૈ ધ પ્ર. સ." તરફથી વિ સ. ૧૯૬૫મા છપાવાઈ છે

૬ આ દ્વાત્રિંશિકાઓમાથી અન્યાન્ય ગ્રથકારોએ જે અવતરણો આપ્યા છે તેને અગે મે "સિદ્ધસેનીય દ્વાત્રિંશિકાઓમાથી અવતરણો" નામના લેખમા વિચાર કર્યો છે. આ લેખ "આ પ્ર" (પુ. ૫૦, અ ૫, ૬)મા છપાવાયો છે.

[1]ચાર દ્વાત્રિંશિકાઓ ઉપર **કિરણાવલી** નામની [2]વિવૃતિ રચી છે. એ ચારેનો ગુજરાતીમા [3]ભાવાર્થ પં. સુશીલવિજયગણિએ રચ્યો છે. પં. સુખલાલે **વેદદ્વાત્રિંશિકા** (નવમી દ્વા.) ઉપર ગુજરાતીમાં અને હિંદીમાં વિવેચન કર્યું છે.

સમ્મઇપયરણની વાદમહાર્ણવ નામની ટીકા (પૃ. ૭૫૭)-ગત જે પદ્ય " नयास्तव "થી શરૂ થાય છે તે, **વિસેસા**૦ની હેમચંદ્રીય ટીકા નામે **શિષ્યહિતા** (પત્ર ૧૧૯૮)માનુ ' एवं कल्पितमेद 'થી શરૂ થતુ પદ્ય તેમ જ **ત**૦**સૂ**૦ (અ. ૧, સૂ. ૧૦)ની **સિદ્ધસેનગણિ**કૃત ટીકા (પૃ. ૭૧)માં ઉદ્ધૃત [4]એક પદ્ય એ લુપ્ત થયેલી દ્વાત્રિંશિકાઓમાં હશે.

(૪) **પૂયાચઉવ્વીસી** (પૂજાચતુર્વિંશતિકા). " જૈ૦સ૦પ્ર૦ " (વ. ૫, અ . ૧૧)મા આ છપાવાઈ છે. એના સંપાદકના મતે આ **સિદ્ધસેન**ની કૃતિ છે. આ કોઈ પુવ્વમાથી ઉદ્ધૃત કરાઈ છે એમ મનાય છે.

(૫) [5]**કલ્યાણમંદિરસ્તોત્ર.** આ ૪૪ પદ્યોનુ સ્તોત્ર છે

---

૧ આ ચારે વિવૃતિ અને ભાવાર્થ સહિત " શ્રીવિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર " તરફથી બોટાદથી અનુક્રમે વિ સ ૨૦૦૮, ૨૦૦૯, ૨૦૧૧ અને ૨૦૧૨મા છપાવાઈ છે

૨-૩ આ પ્રકાશિત છે. જુઓ ટિ ૧.

૪ " अमित्रि मादृशा भाज्यमम्यात्म तु स्वयदृशाम् ।
एक प्रमाणमर्थैक्यादैक्य तल्लक्षणैक्यत ॥ "

આ પદ્યનો ભાવાર્થ વિચારી મેં જે કૃતિનુ એ પદ્ય છે તેનું નામ **પ્રમાણ-દ્વાત્રિંશિકા** યોજ્યું છે.

૫ આ મૂળ કૃતિ " કાવ્યમાલા " (ગુચ્છક ૭)મા છપાયેલી છે. એ પ્રો. **યાકોબી**ના જર્મન અનુવાદ સહિત " Indische Studien " (Vol. 14, p. 376 ff.)મા છપાઈ છે **કનકકુશલગણિ** અને **માણિક્યચન્દ્ર**ની ટીકા સહિત આ મૂળ કૃતિ " દે. લા જૈ પુ સ સ્થા " તરફથી ઇ. સ. ૧૯૩૨મા છપાવાઈ છે

(૬) [1]**શક્રસ્તવ.** આને [2]**જિનસહસ્રનામસ્તોત્ર** તેમ જ **સિદ્ધિશ્રેયઃસમુદયસ્તોત્ર** પણ કહે છે. આ ગદ્યાત્મક કૃતિની નિમ્ન-લિખિત પંક્તિઓ **યોગશાસ્ત્ર** (પ્ર. ૮)ની સ્વોપજ્ઞ વિવૃતિ (પત્ર ૩૭૨આ)માં જોવાય છે :—

---

૧ ઉપર્યુક્ત "દે. લા જૈ. પુ. સંસ્થા" તરફથી પ્રકાશિત આવૃત્તિ (પૃ ૨૪૨–૨૪૫)માં આ છપાયું છે. વળી એ "અનેકાંત" (વ ૧, કિ ૮–૧૦)માં વિ. સં. ૧૯૮૯માં પણ પ્રસિદ્ધ થયું છે.

૨ **જિનસહસ્રનામસ્તોત્ર** નામની વિવિધ કૃતિઓ છે —

(અ) જિનસેને ૧૬૦ શ્લોકોમાં રચેલી કૃતિ.

(આ) **આશાધરે** વિ સ. ૧૨૮૭મા રચેલી કૃતિ.

આ બ ને કૃતિ **બનારસીદાસ**કૃત **ભાષાજિનસહસ્રનામસ્તોત્ર** સહિત **મૂલચંદ** કિસનદાસ કાપડિયા તરફથી **વીર**સંવત ૨૪૭૭મા છપાઈ છે

(ઇ) 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિની કૃતિ આને **અર્હન્નામ-સહસ્રસમુચ્ચય** કહે છે. એમાં ૧૦૦૮ નામો છે. એ દસ પ્રકાશમા વિભક્ત છે **જૈનસ્તોત્રસંદોહ**(ભા. ૧, પૃ. ૧–૧૩)મા છપાયેલ છે.

(ઈ) દેવવિજયગણિએ વિ સં. ૧૬૫૮મા રચેલી કૃતિ એના ઉપર વિ સં. ૧૬૯૮મા સ્વોપજ્ઞ ટીકા રચાઈ છે

(ઉ) વિનયવિજયગણિએ વિ સ. ૧૭૩૧મા મુખ્ય તયા 'ભુજંગ-પ્રયાત' છદમા ૧૪૯ પદ્યમા રચેલી કૃતિ. પહેલાં ૧૪૩ પદ્યમાં સાત સાત વાર 'નમસ્તે' છે શ્લો. ૨૧–૧૧૭ તીર્થંકરના સ્વરૂપ ઉપર પ્રકાશ પાડે છે. આ કૃતિ ગુજરાતી ભાષાતર સહિત "જૈ. ધ પ્ર સ" તરફથી વિ સં. ૧૯૯૪મા છપાવાઈ છે.

(ઊ) સકલકીર્તિએ ૧૩૮ શ્લોકોમા રચેલી કૃતિ.

(ઋ) "स्वयम्भुवे नमस्तुभ्य"થી શરૂ થતી અજ્ઞાતકર્તૃક કૃતિ.

આ બધી કૃતિઓને તેમ જ **સૂર્યસહસ્રનામસ્તોત્ર**ને અંગે મે એક લેખમા વિચાર કર્યો છે એ લેખ "જિનસહસ્રનામસ્તોત્ર નામની કૃતિઓ" એ શીર્ષકપૂર્વક "દિગબર જૈન" (વ. ૪૪, અં. ૧૦–૧૧)માં પ્રસિદ્ધ થયો છે.

" नमोऽर्हते परमात्मने केवलिने परमयोगिने विस्फुरदुरुशुक्लध्यानाग्नि-निर्दग्धकर्मबीजाय प्राप्तानन्तचतुष्टयाय सौम्याय शान्ताय मङ्गलवरदाय अष्टादशदोषरहिताय संसृतविश्व(?)समीहिताय स्वाहा "

વિશેષમા આ **શક્રસ્તવ**ના ત્રીજા તેમ જ ત્યાર પછીના મંત્રમાનાં વિશેષણો **યોગશાસ્ત્ર** (પ્ર ૧, શ્લો. ૨)ની સ્વોપજ્ઞ વિવૃતિમાના **વી**રચરિત્રગત શ્લો. ૧૯–૩૫મા નજરે પડે છે. આ ઉપરાત **વીતરાગ-સ્તોત્ર**ના પ્રથમ પ્રકાશના આદ્ય પદ્યોમા **શક્રસ્તવ**ના પ્રથમ મંત્રમાના કેટલાક વિશેષણો એ જ ક્રમે દૃષ્ટિગોચર થાય છે આથી એમ અનુમનાય કે આ જ **શક્રસ્તવ** હેમચન્દ્રસૂરિની સામે હશે અને એમણે જ્યારે આવો આ પ્રમાણે ઉપયોગ કર્યો છે તો એ પ્રૌઢ લેખકની—**સિદ્ધસેન** દિવાકર જેવાની કૃતિ હશે.

સિદ્ધસેનની વિવિધ મનનીય કૃતિઓના અભ્યાસાર્થીને કયા કયા સાધનો મળે તેમ છે એ બાબત મેં " **સિદ્ધસેન** દિવાકરની કૃતિઓ અને એના અભ્યાસ માટેના સાધનો " એ નામના [૧]લેખમાં વિચારી છે.

(૪૬) સુચારુ

લ૦વિ૦ (પત્ર ૨૪આ)મા એમને વિષે ઉલ્લેખ છે

(૪૭) સુરગુરુ

ધર્મબિન્દુ (અ ૪, સૂ. ૧૯)મા એમને વિષે હરિભદ્રસૂરિએ ઉલ્લેખ કર્યો છે. મુનિચન્દ્રસૂરિએ એમને **બૃહસ્પતિ** તરીકે ઓળખાવ્યા છે. દીક્ષા સંબંધી એમનો મત મેં પૃ. ૧૦૪મા નોંધ્યો છે.

લ૦વિ૦ (પત્ર ૨૬અ)મા જે સુરગુરુનો ઉલ્લેખ છે તે આ જ છે ? અહી તો એમના શિષ્યોનો એ મત નોંધાયો છે કે એઓ ' ગુણ-

૧ આ લેખ છપાયો છે જુઓ પૃ. ૨૨૩, ટિ. ૧.

ક્રમાભિધાનવાદી' છે. જેમની હીન ગુણ વડે ઉપમા અપાઈ હોય તેમની જ અધિક ગુણ વડે આપી શકાય એમ એમનું કહેવુ છે.

ગૌરવપૂર્ણ ઉલ્લેખો—હરિભદ્રસૂરિને જૈન તેમ જ અજૈન સંપ્રદાયોના પ્રરૂપકો અને ગ્રંથકારોનો એક યા બીજા કારણે ઉલ્લેખ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતા એમણે પોતાના ઇષ્ટ દેવ વિષે તેમ જ એમના પુરોગામી જૈન મુનિવર્યો વિષે બહુમાનસૂચક નિર્દેશ કર્યો છે એ તો સ્વાભાવિક ઘટના છે, પરંતુ આનંદાશ્ચર્યની વાત તો એ છે કે અજૈન સંપ્રદાયોના સંસ્થાપકો અને પ્રરૂપકો વિષે પણ ગૌરવપૂર્ણ ઉલ્લેખ કર્યો છે અને તે પણ એમના મતોની આલોચનાના પ્રસંગે આ એમની સાચી ન્યાયવૃત્તિ અને ગુણગ્રાહકતા સૂચવે છે. અહીં હું એના કેટલા નમૂના રજૂ કરું છુ :—

નામ	બહુમાન	કૃતિ
કપિલ	દિવ્ય મહામુનિ	શા૦વા૦સ૦ (શ્લો. ૨૩૭)
ધર્મકીર્તિ	ન્યાયમાની	શા૦વા૦સ૦ (શ્લો. ૨૬૯)
	ન્યાયવાદી	અ૦જ૦પ૦ (ખંડ ૨, પૃ. ૩૯)
પતંજલિ	ભગવત્	યો૦દ૦સ૦ (શ્લો. ૧૬)ની ટીકા
બુદ્ધ	તત્ત્વવેદી	શા૦વા૦સ૦ (શ્લો. ૪૭૬)
	મહામુનિ	શા૦વા૦સ૦ (શ્લો. ૪૬૬)
ભગવદ્દત્ત	બંધુ	યો૦દ૦સ૦ (શ્લો. ૧૬)ની ટીકા
ભર્તૃહરિ	શબ્દાર્થતત્ત્વવિદ્	અ૦જ૦પ૦ (ખં. ૧, પૃ. ૩૬૬)
ભાસ્કર	ભદંત	યો૦દ૦સ૦ (શ્લો. ૧૬)ની ટીકા
વ્યાસ	મહાત્મા	અષ્ટકપ્રકરણ (અ. ૪, શ્લો. ૫)
શાંતરક્ષિત	સૂક્ષ્મબુદ્ધિ	શા૦વા૦સ૦ (શ્લો. ૨૯૬)[1]

---

૧ **યોગબિન્દુ** (શ્લો. ૧૦૦)ની સ્વોપજ્ઞ મનાતી કૃતિમાં **ગોપેન્દ્ર**ને 'ભગવત્' કહ્યા છે.

પ્રદેશ ૨: હરિભદ્રસૂરિ દ્વારા નિર્દિષ્ટ

સંપ્રદાયો અને ઉપસંપ્રદાયો

હરિભદ્રસૂરિએ ભારતીય દર્શનો વિષે પ્રસંગોપાત્ત ઉલ્લેખ કર્યો છે. એમા એમણે જૈન દર્શનના બે મુખ્ય સંપ્રદાયો શ્વેતાંબર અને દિગંબરના મંતવ્યો રજૂ કર્યાં છે વિશેષમા એમણે કેવલિ-ભુક્તિ અને સ્ત્રી-મુક્તિ જેવી બાબતમાં શ્વેતાંબરોની અને કેટલીક બાબતમા દિગંબરોની વિચારસરણી સાથે મળતા થતા યાપનીયોની પણ નોંધ લીધી છે શ્વેતાંબર શ્રમણો પૈકી જેઓ શાસ્ત્રોક્ત આચાર પાળવામાં શિથિલ બની મઠાધિકારીની જેમ વર્તતા હતા તેમની 'ચૈત્યવાસી'ને નામે એમણે ઝાટકણી કાઢી છે. આ ઉપરાત મહાવીરસ્વામીને હાથે દીક્ષિત થઈ આગળ ઉપર એમના પ્રતિસ્પર્ધી બનનાર ગોશાલક અને એમના દ્વારા સ્થપાયેલા [1]આજીવિક-મત વિષે પણ એમણે નિર્દેશ કર્યો છે.

બૌદ્ધ દર્શનની સૌત્રાતિક, વૈભાષિક, યોગાચાર યાને વિજ્ઞાનવાદી અને માધ્યમિક એ ચાર શાખાઓ વિષે પણ એમણે પ્રસંગ પૂરતુ વિવેચન કર્યું છે.

---

૧ ડૉ. પી એલ વૈદ્યે ઉવાસગદસાનું સપાદન કરી એને ઇ. સ. ૧૯૩૦માં પ્રકાશિત કર્યું છે. એમણે આનાં ટિપ્પણોમા "આજીવિકો" એ નામથી અંગ્રેજીમા પૃ. ૨૩૮-૨૪૪મા એમને વિષે કેટલુંક લખાણ કર્યું છે. એમાં ગોશાલકના વૃત્તાંત તેમ જ એમના તત્ત્વજ્ઞાન વિષે પણ નોધ લીધી છે. આ સબંધમા વિશેષ માહિતી માટે ડૉ. હર્નલનો E R E (Vol 1, pp 259-268)માં છપાયેલો લેખ, ડૉ. બી એમ બરુઆનું History of the Pre-Buddhistic Philosophy (ch XXI) નામનુ પુસ્તક તેમ જ આ ડૉ. બરુઆનુ આજીવિકો વિષેનો નિબધ (monograph) (કલકત્તા, ૧૯૨૦) જોવા ભલામણ છે.

વૈદિક હિંદુઓ પૈકી કેટલાક નીતિકારો તેમ જ વેદાંતી વગેરેને પણ ઉદ્દેશીને એમણે કથન કર્યું છે.

આ પ્રમાણે એમણે જે ભારતીય સંપ્રદાયો અને ઉપસંપ્રદાયોનો નામોલ્લેખ કર્યો છે તે તમામનો પરિચય તો હુ અહીં આપતો નથી પરંતુ **સક્કત્થયના** વિશેષણો દ્વારા એમણે જે જે મત-વાદ-સંપ્રદાયનો નિરાસ સૂચવ્યો છે તેને લક્ષ્યમા રાખી હુ થોડુંક એ વિષે કહુ છું:

અવિરુદ્ધધર્માધ્યાસિતવસ્તુવાદ—ઉપમેયરૂપ વસ્તુની અપેક્ષાએ વિરુદ્ધ એવી ઉપમા ઉપમેયને અપાય તો એ વિરુદ્ધ-વિજાતીય ધર્મની આપત્તિને લઈને ઉપમેયરૂપ વસ્તુ અવસ્તુ બને છે. ઉપમેય ઇત્યાદિ વસ્તુ અવિરુદ્ધ યાને એકજાતીય સ્વભાવવાળી છે. આ પ્રમાણેનો વાદ તે 'અવિરુદ્ધધર્માધ્યાસિતવાદ' કહેવાય છે. આ વાદને માનનારા સુચારુના શિષ્યો છે. એમની કોઈક કૃતિમાથી નીચે મુજબનુ અવતરણ **લ૦વિ૦** (પત્ર ૨૪આ-૨૫અ)મા અપાયું છે:—

"विरुद्धोपमायोगे तद्धर्मापत्त्या तदवस्तुत्वम्".

ભગવાનને—તીર્થંકરને 'પુરુષવરપુંડરીક' કહેવા તે એમને મતે ઇષ્ટ નથી કેમકે તીર્થંકર અને પુંડરીક એ બે ભિન્ન ભિન્ન જાતિના છે.

સુચારુના શિષ્યો **સાંકૃત્યોની** પેઠે ઉપમાના સર્વાંશે વિરોધી નથી, કેમકે કોઈ ઉપમા જ અપાય નહિ એવો એમનો મત નથી.

આગમધર્મવાદ—આગમને જ મુખ્યનયા પ્રમાણરૂપ માનવો એ આ વાદનો અર્થ છે. ધર્મ, અધર્મ ઇત્યાદિ અતીન્દ્રિય પદાર્થોને વિષે આગમ જ, નહિ કે પ્રત્યક્ષ વગેરે પ્રમાણભૂત છે એમ આ વાદના અનુયાયીઓનુ-આગમધાર્મિકોનું કહેવું છે. એમના મતે જ્યા સુધી સમસ્ત કર્મોનો ક્ષય થાય નહિ ત્યા સુધી કૈવલ્ય સંભવતું નથી-પ્રાપ્ત થતુ નથી; અને કૈવલ્ય પ્રાપ્ત થતા વેંત તો તરત જ મોક્ષ થાય છે એટલે એમના

મતે તીર્થની સ્થાપના સર્વજ્ઞને હાથે શક્ય નથી–એ માટે એમને સમય જ નથી આમ હોવાથી એઓ અરિહંતોને 'તીર્થંકર' માનવા ના પાડે છે.

એમના કોઈક ગ્રંથમાથી નિમ્નલિખિત અવતરણ લ૦વિ૦ (પત્ર ૧૮અ)મા અપાયું છે :—

" अकृत्स्नकर्मक्षये कैवल्याभावात् ".

આજીવિકનયમત—'આજીવિક' મતના પ્રરૂપક તરીકે **ગોશા**લકનો ઉલ્લેખ કરાય છે. એમની માન્યતા પ્રમાણે (પોતે સ્થાપેલ) તીર્થનો ઉચ્છેદ થતો હોય તો તેવે પ્રસંગે મુક્તાત્મા ફરીથી જન્મ લે છે–પાછા આવે છે, માટે ભગવાનને 'વ્યાવૃત્તછદ્મ' ન કહેવાય. 'આજીવિક' સંપ્રદાયની કોઈ કૃતિમાંથી નિમ્નલિખિત અવતરણ લ૦વિ૦ (પત્ર ૫૫અ)મા અપાયુ છે :—

" तीर्थनिकारदर्शनादागच्छन्ति ".

[1]**દર્શન–દિગ્દર્શન** (પૃ. ૪૮૯–૪૯૦)મા શ્રી. **રાહુલ** સાંકૃત્યાયને કહ્યુ છે કે **ગોશાલક**ની પહેલા **નંદ** વાત્સ્ય અને કૃશ સાંકૃત્ય આજીવિક સંપ્રદાયના આચાર્ય હતા

આવર્તકાલકારણવાદ—કાળ જ સમસ્ત જગતનું આવર્તન કરે છે—નર, નારક ઇત્યાદિ પર્યાયરૂપ પરિવર્તનનુ કારણ કાળ જ છે. આ પ્રમાણેનો વાદ તે 'આવર્તકાલકારણવાદ' તરીકે ઓળખાય છે. આ વાદને માનનાર **અનંત**ના શિષ્યો છે. એમને મતે ભગવાન ભવસાગરથી તરી ગયેલા એટલે કે 'તીર્ણ' ન કહેવાય તેમ જ અન્યને

૧ આની બીજી આવૃતિ "કિતાબ મહલ (ઇલાહાબાદ)"થી ઇ સ. ૧૯૪૭માં પ્રસિદ્ધ થઈ છે

તારનાર અર્થાત્ 'તારક' પણ ન જ કહેવાય. આ વાદીઓની કોઈક કૃતિમાંથી નીચે મુજબનું અવતરણ લ૦વિ૦ (પત્ર ૫૭આ)માં અપાયું છે:—

"काल एव कृत्स्नं जगदावर्तयति".

ઇષ્ટતત્ત્વદર્શનવાદ—કેટલાક બૌદ્ધોનું કહેવું એ છે કે ઇષ્ટ તત્ત્વનું દર્શન હો; એ હોય તો બીજાના દર્શનની શી જરૂર? આ સંબંધમાં લ૦વિ૦ (પત્ર ૫૩અ)માં તો નિમ્નલિખિત પદ્યનું દ્વિતીય જ ચરણ અપાયું છે, જ્યારે એની **પંજિકા** (પત્ર ૫૩આ)માં એ સંપૂર્ણ છે:—

"सर्वं पश्यतु वा मा वा तत्त्वमिष्टं तु पश्यतु ।
प्रमाणं दूरदर्शी चेदेते गृध्रानुपास्महे ॥"

આ મતના અનુયાયીઓની દૃષ્ટિએ ભગવાન "[1]અપ્રતિહત-વર-જ્ઞાન-દર્શન-ધર" ન કહી શકાય

કલ્પિતવિદ્યાવાદીઓનો તત્ત્વાંતવાદ-વિદ્યાને કલ્પિત કહેનારા અને તત્ત્વાંતની પ્રરૂપણા કરનારા—નિરાકાર ને સ્વચ્છ સંવેદન સિવાયનાં સંવેદનોને કેવળ ભ્રાંતિરૂપ ગણી એને 'અસત્' માનનારા બૌદ્ધોનો આ વાદ છે. આ બૌદ્ધો તે 'માધ્યમિકો' હોવા જોઈએ એમ **પંજિકા** (પત્ર ૫૬અ)માં કહ્યું છે આ જાતના તત્ત્વાંતવાદીઓને મતે ભગવાનને 'જિન' ન કહેવાય તેમ જ 'જાપક' એટલે રાગદ્વેષાદિ શત્રુઓને જિતાડનાર પણ ન કહેવાય.

ગુણક્રમવાદ—ગુણોનું ક્રમસર આલેખન થવું જોઈએ એ આ વાદનો અર્થ છે. સુરગુરુના શિષ્યો આ વાદના પક્ષપાતી છે. એમનું

૧ સર્વત્ર અસ્ખલિત એવા ઉત્તમ જ્ઞાન (કેવલજ્ઞાન) અને ઉત્તમ દર્શન (કેવલદર્શન)ને ધારણ કરનાર આવો એનો અર્થ છે. એમનાં જ્ઞાન અને દર્શનને હણનારી કોઈ ચીજ નથી.

કહેવું છે કે પ્રથમ હીન ગુણની ઉપમા અપાઈ હોય તો જ આગળ ઉપર અધિક ગુણની ઉપમા આપી શકાય. જો અભિધાનમાં એટલે કે વાચકના ધ્વનિમાં ક્રમ નહિ સચવાય તો અભિધેય એટલે વાચ્યનો પણ ક્રમ નહિ સચવાય. એમનો સિદ્ધાન્ત એ છે કે જે ક્રમ વિનાનું છે તે અસત્ છે. લ૦વિ૦ (પત્ર ૨૬આ)મા આ સંબંધમા નીચે મુજબ અવતરણ અપાયું છે:—

" अक्रमवदसत् ".

આ મતના અનુયાયીઓના અભિપ્રાય પ્રમાણે ભગવાનને 'પુરુષ-વરગંધહસ્તી' ન કહી શકાય, કેમકે આ પૂર્વે એમને 'પુરુષોત્તમ' 'પુરુષસિંહ' અને 'પુરુષવરપુંડરીક' કહ્યા છે.

જગત્કર્તૃલીનમુક્તવાદ—મુક્ત થયેલો જીવ જગત્કર્તામા લીન થઈ જાય છે એવો આ વાદનો અર્થ છે. **સંતપનના** શિષ્યો આ વાદને અનુસરે છે. આ સંપ્રદાયની કોઈક કૃતિમાથી લ૦વિ૦ (પત્ર ૬૦અ)માં નિમ્નલિખિત અવતરણ અપાયું છે :—

" ब्रह्मवद् ब्रह्मसङ्गताना स्थिति "

અર્થાત્ બ્રહ્મની સંગતિ કરનારાઓની સ્થિતિ બ્રહ્મ જેવી છે. એમના મતે ભગવાનને 'મુક્ત' કે 'મોચક' (અર્થાત્ કર્મબંધનથી વિમુક્ત બનાવનાર) ન કહી શકાય.

પરોક્ષજ્ઞાનવાદ—આ વાદના પુરસ્કર્તા કેટલાક મીમાસકો છે. એમની કોઈક કૃતિમાથી લ૦વિ૦ (પત્ર ૫૮આ)મા નીચે પ્રમાણેનું અવતરણ અપાયું છે :—

" अप्रत्यक्षा च नो बुद्धिः, प्रत्यक्षोऽर्थः "

અર્થાત્ આપણી બુદ્ધિ પ્રત્યક્ષ નથી એટલે કે પરોક્ષ છે અને અર્થ તો પ્રત્યક્ષ છે.

આ મતવાદીઓ ભગવાનને 'બુદ્ધ' કે 'બોધક' માનવા તૈયાર નથી.

પ્રત્યાત્મપ્રધાનવાદ—સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણની સામ્યાવસ્થાને 'પ્રકૃતિ' યાને 'પ્રધાન' કહે છે. આત્મદીઠ આ પ્રધાનનું અસ્તિત્વ છે એમ આ વાદનો અર્થ છે. એના પુરસ્કર્તા 'મૌલિક સાંખ્યો' છે. ઉત્તરકાલીન સાંખ્યોને મતે તો પ્રકૃતિ અનેક નથી પરંતુ સર્વ આત્માને લક્ષીને એક અને નિત્ય છે. જૈનોને મતે આત્માદીઠ કર્મ છે

મૌલિક સાંખ્યો આત્માને 'અકર્તા' માને છે. આ સંબંધમાં લ૦વિ૦ (પત્ર ૧૬અ)માં નીચે પ્રમાણેનું અવતરણ છે:—

"अकर्ताऽऽत्मा".

આ સાંખ્યોના મતે ભગવાન 'આદિકર' અર્થાત્ શ્રુતધર્મના કર્તા નથી,

બુદ્ધિયોગજ્ઞાનવાદ—આ વાદનો અર્થ એ છે કે આત્માને બુદ્ધિના યોગ વડે જ્ઞાન થાય છે. આ માન્યતા કાપિલોની અર્થાત્ સાંખ્યોની છે. એમના કથન મુજબ બુદ્ધિ વડે અધ્યવસિત યાને ગ્રહણ કરાયેલા શબ્દાદિ વિષયને–અર્થને પુરુષ યાને આત્મા જાણે છે. આ સંબંધમા લ૦વિ૦ (પત્ર ૬૧અ)માં નિમ્નલિખિત અવતરણ છે:—

"बुद्धयध्यवसितमर्थं पुरुषश्चेतयते".

આ સાંખ્યોના મતે ભગવાનને 'સર્વજ્ઞ' કે 'સર્વદર્શી' ન કહી શકાય

સદાશિવવાદ—મહેશની કૃપાથી બોધ અને નિયમની પ્રાપ્તિ થાય છે અથવા બોધનો નિયમ પ્રવર્તે છે એમ આ વાદનો અર્થ છે. સદાશિવોની આ માન્યતા છે. એમના આગમોમા નિષ્કારણ અનુગ્રહ

વડે થતા બોધને પ્રાધાન્ય અપાયું છે. આથી જૈન તીર્થંકરને 'સ્વયંબુદ્ધ' કહેવા એઓ તૈયાર નથી, કેમકે એથી તો મહેશના ઉપકાર માટે સ્થાન રહેતું નથી. લ૦વિ૦ (પત્ર ૧૯આ-૨૦અ)મા સદાશિવવાદને અંગેની કોઈક કૃતિમાથી નીચે મુજબનું અવતરણ અપાયું છે:—

" महेशानुग्रहात् बोधनियमौ ".

સર્વગતાત્મવાદ—આત્મા સર્વવ્યાપક છે એમ આ વાદનો અર્થ છે. આ મત દ્રવ્યાદિવાદીઓનો એટલે કે વૈશેષિકોનો છે. એમના મતે સ્વસ્વરૂપે સદા લોકાતે આવેલા શિવ ઇત્યાદિ સ્થાનમાં મુક્તાત્માઓ રહેલા છે, કેમકે એઓ સર્વવ્યાપક છે એટલે સ્થાનાતરનો પ્રશ્ન જ નથી. એમની કોઈક કૃતિમાંથી લ૦વિ૦ (પત્ર ૬૪આ)મા નિમ્નલિખિત અવતરણ અપાયું છે:—

" विभुर्नित्य आत्मा ".

આનો અર્થ આત્મા વિભુ એટલે કે સર્વવ્યાપી અને નિત્ય છે.

આ પ્રમાણેની માન્યતા ધરાવનાર વૈશેષિકાદિને મતે જૈન તીર્થંકર [1]શિવ, અચળ, [2]અરુજ, અનત, અક્ષય, [3]અવ્યાબાધ અને [4]અપુનરાવૃત્તિરૂપ 'સિદ્ધિગતિ' નામના સ્થાને ગયા એમ ન મનાય.

સર્વસત્ત્વૈવંભાવવાદ—સમસ્ત જીવોનો એકસરખો જ ભાવ છે. બધા વિવક્ષિત ભાવવાળા જ છે એમ આ વાદનો અર્થ છે. એને અનુસરનારા જે બૌદ્ધો છે તે વૈભાષિક સભવે છે એમ લ૦વિ૦ની

---

૧ વિઘ્નો અને ઉપદ્રવોથી મુક્ત

૨ વ્યાધિ અને વેદનાથી રહિત.

૩ કર્મજન્ય પીડાથી મુક્ત

૪ જ્યાંથી પાછા ફરવાનું નથી એવી

પંજિકા (પત્ર ૨૧આ)માં કહ્યું છે એમની કોઈક કૃતિમાંથી લ૦વિ૦ (પત્ર ૨૧આ)માં નિમ્નલિખિત અવતરણ અપાયું છે.—

"नास्तीह कश्चिदभाजनं सत्त्वः"

આનો અર્થ આ લોકમાં કોઈ જીવ અયોગ્ય–અપાત્ર નથી એમ છે.

આ માન્યતાને લઈને એઓ ભગવાનને 'પુરુષોત્તમ' માનવા ના પાડે છે.

સાંકૃતપ્રવાદ—સાંકૃત નામની વ્યક્તિનો વાદ તે 'સાકૃત-પ્રવાદ' છે. આ **સાંકૃત**ના શિષ્યોને લ૦વિ૦ (પત્ર ૨૩આ)માં 'સાકૃત્ય' કહ્યા છે. એમનું કહેવું એ છે કે બાહ્ય પદાર્થ સાથે જે સંગત આવે–જણાય તે 'સત્ય' છે. એથી એમની દૃષ્ટિએ હીન કે અધિક ઉપમાને સ્થાન નથી. આને અંગે એમનું નિમ્નલિખિત વચન લ૦વિ૦ (પત્ર ૨૩આ)માં અપાયું છે:—

"हीनाधिकाभ्यामुपमा मृषा".

આને લઈને આ **સાંકૃત્યો** ભગવાનને 'પુરુષસિંહ' જેવા વિશેષણ વડે વિભૂષિત કરવા સંમત નથી એઓ તો ભગવાનને નિરુપમ ગણે છે.

આ પ્રમાણે જે વિવિધ વાદો વિષે મેં આછી રૂપરેખા આલેખી છે તેના નિરસનરૂપે તાર્કિક દૃષ્ટિએ હેતુપુરસ્સર નિરાકરણ લ૦વિ૦માં કરાયું છે, પરંતુ ગ્રંથગૌરવના ભયે એ અહીં જતું કરાય છે

પ્રદેશ ૩: આચાર્ય હરિભદ્રનો

સમય-નિર્ણય

હરિભદ્રસૂરિએ જન્મ, દીક્ષા કે સૂરિપદ જેવા વિશિષ્ટ બનાવો પોતાના જીવનમાં ક્યારે બન્યા તેનો ઉલ્લેખ કર્યો નથી વળી એમણે એમની કોઈ પણ ઉપલબ્ધ કૃતિમા એ કૃતિનો રચનાસમય દર્શાવ્યો નથી. બહુમા બહુ એમણે યાકિની, જિનદત્તસૂરિ અને જિનભટસૂરિ સાથેનો પોતાનો એક યા બીજા પ્રકારનો સંબંધ પોતાની કોઈ ને કોઈ કૃતિની પુષ્પિકામા આપ્યો છે ખરો પરંતુ આ ત્રણમાંથી એકેનો સમય સ્વતંત્ર રીતે નિર્ણીત નથી. આથી એમને વિષે અન્ય કૃતિઓમાં મળી આવતા ઉલ્લેખો તેમ જ એમણે પોતાની કૃતિઓમાં નિર્દેશેલા ગ્રંથો અને ગ્રંથકારોનો વિચાર કરી એમનો સમય નક્કી કરવાનો રહે છે.

સિદ્ધર્ષિનો સંબંધ—સિદ્ધર્ષિએ ઉપમિતિભવપ્રપંચાકથા ૯૬૨માં—વિદ્વાનોના મતે વિ સં. ૯૬૨મા રચી છે. એમા અંતમા પ્રશસ્તિ છે. ચૌદમા પદ્ય પછીના ત્રણ પદ્યો સુધીનો ભાગ પ્રસ્તુત હોવાથી એ હુ અહી રજૂ કરું છુ :—

"अथवा

आचार्यहरिभद्रो मे धर्मबोधकरो गुरुः।
प्रस्तावे भावतो हन्त स एवाद्ये निवेदितः ॥ १५ ॥

विषं विनिर्धूय कुवासनामयं
व्यचीचरद् यः कृपया मदाशये।
अचिन्त्यवीर्येण सुवासनासुधां
नमोऽस्तु तस्मै हरिभद्रसूरये ॥ १६ ॥

अनागतं परिज्ञाय चैत्यवन्दनसंश्रया ।
मदर्थैव कृता येन वृत्तिर्ललितविस्तरा ॥ १७ ॥ ”

‘અથવા’થી અન્ય પક્ષ રજૂ કરતાં જે ઉપર્યુક્ત ત્રણ પદ્યો અપાયાં છે તેનો સારાંશ હું નીચે મુજબ આપું છું :—

આચાર્ય હરિભદ્ર ધર્મનો બોધ કરાવનારા મારા ગુરુ છે અર્થાત્ એમના દ્વારા મને ધર્મનો બોધ થયો છે.

પ્રથમ પ્રસ્તાવમાં મેં ખરેખર ભાવથી એમને જ વિષે નિવેદન કર્યું છે.

કુવાસનાથી પરિપૂર્ણ ઝેરને દૂર કરી જેમણે અચિન્ત્ય શક્તિથી મારે માટે કૃપા વડે સુવાસનારૂપ અમૃતની રચના કરી એ હરિભદ્રસૂરિને નમસ્કાર હોજો કે જેમણે ભવિષ્યમાં થનારા એવા મને જાણીને અર્થાત્ આગળ ઉપર મારો જન્મ થનાર છે એમ જાણીને મારે જ માટે **ચૈત્ય-વંદન** સાથે સંબંધ ધરાવનારી **લલિતવિસ્તરા** નામની વૃત્તિ રચી.

ઉપલક દૃષ્ટિએ આનો વિચાર કરનાર એમ માને કે હરિભદ્રસૂરિ એ **સિદ્ધર્ષિ**ના સાક્ષાત્ ગુરુ છે પરંતુ ‘અનાગત’ વિચારતાં એ વાત સંગત જણાતી નથી. વળી પ્રથમ પ્રસ્તાવનો જે અહીં નિર્દેશ છે તે પણ વાસ્તવિક નથી એમ **સિદ્ધર્ષિ**ના પોતાના કથનથી જાણી શકાય છે. આ ઉપરાંત હરિભદ્રસૂરિના સમય ઉપર પ્રકાશ પાડનારાં અન્ય સાધનો તપાસતાં પણ **સિદ્ધર્ષિ**ના સાક્ષાત્ ગુરુ તરીકે એમનો ઉલ્લેખ થઈ શકે નહિ. તેમ છતાં આવી ભૂલ **ચ૦પ્ર૦**ના કર્તાએ કરી છે, કેમકે એમણે **ચ૦પ્ર૦**માં હરિભદ્રસૂરિના પ્રબંધમાં જે ઉપર્યુક્ત **સિદ્ધર્ષિ**નો વૃત્તાંત આપ્યો છે તેમાં પૃ. ૫૩માં એમણે **સિદ્ધર્ષિ**ને હરિભદ્રસૂરિના સાક્ષાત્ શિષ્ય ગણ્યા છે. કેટલાક આધુનિક લેખકોએ પણ આવી ભૂલ કરી છે.

જેમની કૃતિ દ્વારા બોધ થાય તેમને ‘ગુરુ’ કહી શકાય. પછી ભલે

એ કૃતિના રચનાર અને એથી બોધ પામનાર વચ્ચે સૈકાઓનું અંતર હોય. વળી જેમના પાડિત્ય, પ્રભાવ ઇત્યાદિ જોઈને જેમના પ્રત્યે પુષ્કળ બહુમાન થાય તેમને પણ 'ગુરુ' કહેવાય. **મલયગિરિસૂરિએ** **આવસ્સય**ની વૃત્તિ (ભા. ૧, [1]પત્ર ૧૧આ)મા 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિ વિષે તેમ કર્યું છે.

જયન્તભટ્ટ અને હરિભદ્રસૂરિ—જયન્તભટ્ટે **ન્યાયમંજરી** ઇ. સ. ૮૦૦ની આસપાસમાં રચ્યાનું મનાય છે. **ષડ્૦સ**૦નું ૨૦મું પદ્ય આ **ન્યાયમંજરી**માંથી ઉદ્ધૃત કરાયું છે એમ કોઈ કોઈ કહે છે. જો એ હકીકત સાચી જ હોય તો હરિભદ્રસૂરિએ **ષડ્૦સ**૦ની રચના **ન્યાયમંજરી**ની રચના બાદ કરી અને એ હિસાબે હરિભદ્રસૂરિ ઇ. સ. ૮૦૦ પછી પણ વિદ્યમાન હતા એમ ફલિત થાય છે એટલે કે ઇ. સ. ૭૦૦થી ૭૭૦ સુધીનો એમનો જીવનકાલ ન માનતાં એ ઈ. સ. ૮૦૦ સુધી લંબાવવો પડે અને તેમ કરવા જતાં જો એમનું આયુષ્ય સિત્તેર વર્ષથી વધારે ન જ હોય તો ઇ. સ. ૭૦૦ને બદલે એમના જીવનની શરૂઆત થોડાંક વર્ષો મોડી થઈ એમ માનવું પડે.

હરિભદ્રસૂરિએ અનેક ગ્રંથો અને તેમાના કેટલાક તો ખૂબ જ મોટા રચ્યા છે એટલે એઓ સો વર્ષ જીવ્યા હોય તો નવાઇ નહિ. જો એમ જ હોય તો એમનો જીવનકાલ ઇ. સ. ૭૦૦ થી ૮૦૦ની આસપાસનો મનાય, અને તેમ થતાં **ન્યાયમંજરી** જોઈ જવાનું એમને માટે શકય ઠરે.

મારો નમ્ર મત તો એ છે કે **ષડ્૦સ**૦નું ૨૦મું પદ્ય **ન્યાયમંજરી**માંથી જ ગૂથી લેવાયું છે એમ માનવા માટે વિશેષ સબળ પ્રમાણ જોઈએ.

---

૧ "तथा चाहु स्तुतिषु गुरव" એવા ઉલ્લેખપૂર્વક **અન્યયોગ**૦નું ૩૦મુ પદ્ય અહીં ઉદ્ધૃત કરાયું છે.

શંકરાચાર્ય અને હરિભદ્રસૂરિ—દર્શન-દિગ્દર્શન (પૃ. ૮૧૪)માં **શંકરાચાર્ય**નો સમય ઇ. સ. ૭૮૮–૮૨૦નો દર્શાવાયો છે. એ હિસાબે હરિભદ્રસૂરિ **શંકરાચાર્ય**ના પુરોગામી છે.

ઉદ્દ્યોતનસૂરિના ગુરુ—ઉદ્દ્યોતનસૂરિએ જે **કુવલયમાલા** શકસંવત્ ૭૦૦માં એક દિવસ ઓછો હતો ત્યારે પૂર્ણ કરી તેની [1]પ્રશસ્તિનું [2]બારમું પદ્ય નીચે મુજબ છે:—

"सो सिद्धंतेण गुरू जुत्तीसत्थेहिं जस्स हरिभद्दो।
बहुसत्थवित्थरगन्थपयडपत्थारियसव्वत्थो ॥"

હરિભદ્રસૂરિ પાસે આ ઉદ્દ્યોતનસૂરિએ ન્યાયનો અભ્યાસ કર્યો હતો એવો પાઠાંતરપૂર્વકનો આનો ફલિતાર્થ છે એમ કેટલાક વિદ્વાનો માને છે. એ દૃષ્ટિએ હરિભદ્રસૂરિ ઇ. સ. ૭૭૮ની પૂર્વે વિદ્યમાન હતા એમ કહી શકાય.

કપ્પની વિસેસચુણ્ણિના કર્તા અને હરિભદ્રસૂરિ—

પ્રભાતની પ્રતિલેખના ક્યારે કરવી એ બાબત **કપ્પ**ની **નિજ્જુત્તિ** (? ભાસ)ની ૧૬૬૧મી ગાથા ઉપરની **વિસેસચુણ્ણિ**મા અને એના **વુડ્ઢભાસ**મા તેમ જ **પંચવત્થુગ** (ગા ૨૫૫–૨૫૮)ની હારિભદ્રીય ટીકામાં વિચારાઈ છે. **વિસેસચુણ્ણિ**ના કર્તાએ બે જ આદેશો આપ્યા છે,[3] જ્યારે **વુડ્ઢભાસ** અને **પંચવત્થુગ**ની ટીકા (પત્ર ૪૨આ)મા બેથી વધારે આદેશ છે. તો અહીં એ પ્રશ્ન ઊઠે છે કે હરિભદ્રસૂરિ ઉપર્યુક્ત **વિસેસચુણ્ણિ**ના કર્તા પછી થયા છે કે કેમ ?

---

૧ આ પ્રશસ્તિના તેર પદ્યો "श्रीहरिभद्राचार्यस्य समयनिर्णय" (પૃ. ૧૫–૧૬)માં અપાયેલા છે

૨ આને અંગે પાઠાંતરો જોવાય છે. જેમકે "सो सिद्धन्तगुरू पमाणनाए जस्स".

૩ જુઓ **બૃહત્કલ્પ** (ભા. ૨, પૃ. ૪૮૮).

કોટયાચાર્ય અને હરિભદ્રસૂરિ—વિસેસા૦ ઉપર કોટયાચાર્યે સંસ્કૃતમા ટીકા રચી છે. આના ઉપર આગમોદ્ધારકે સંસ્કૃતમા પ્રસ્તાવના લખી છે એમા એમણે ચાર મુદ્દા રજૂ કર્યા છે:—

(૧) **આવસ્સય** ઉપર **જિન**ભટે જે ટીકા રચી છે તેનો ઉપયોગ કોટચાચાર્યે કર્યો છે.

(૨) કોટચાચાર્ય **વીર**સવત્‌ના દસમા સૈકામા થયા છે.

(૩) કોટચાચાર્ય હરિભદ્રસૂરિ કરતા પ્રાયઃ પૂર્વવર્તી છે. આનું કારણ એમ છે કે હરિભદ્રસૂરિના સમયમા **અં**બા અને કુષ્માડી એમ બે વિદ્યાઓ અને **વિદ્યારાજ** અને હરિનૈકમિષિ એમ બે મત્રો હતા, જ્યારે કોટચાચાર્યે પ્રસ્તુત ટીકામા કુષ્માંડી નામની એક જ વિદ્યા અને હરિનૈકમિષિ નામના એક જ મત્રનો ઉલ્લેખ કર્યો છે.

(૪) કોટચાચાર્ય અને હરિભદ્રસૂરિ થયા તે સમયે એક પણ પુવ્વ અસ્તિત્વ ધરાવતુ નહિ હતું.

આ ચોથા મુદ્દાનો અર્થ એ થયો કે એઓ **વીર**સંવત્ ૧૦૦૦ પહેલા થયા નથી.

હરિભદ્રસૂરિ અને સિદ્ધસેનગણિ—હારિભદ્રીય ડુપડુપિકામા કેટલાક ઉલ્લેખો જોવાય છે કે જેને આધારે એઓ **સિદ્ધસેનગણિ**ની **તત્ત્વાર્થસૂત્ર**ની ટીકાથી પરિચિત હતા એમ અનુમનાય છે. આ અનુમાનને બાધક જતી હકીકતો ઇત્યાદિનુ પરિશીલન કરવા જેટલો અત્યારે મને સમય નથી. એથી આ બેમાં પહેલાં કોણ[1] એ પ્રશ્ન હું વિશેષજ્ઞોને હાલ તુરત તો ભળાવુ છું. બાકી એટલું તો જરૂર કહીશ કે આ સિદ્ધસેનીય ટીકામા **ધર્મકીર્તિ** અને **વિશેષાવશ્યકકાર**નો ઉલ્લેખ છે.

---

૧ આ સબધમા મે "હરિભદ્રસૂરિ પૂર્વવર્તી કે સિદ્ધસેનગણિ?" નામનો લેખ તૈયાર કર્યો છે એમાં કોઈ કોઈ બાબત મારે ઉમેરવી છે તેમ થતા એ પ્રસિદ્ધ કરાશે

નક્ષત્રનો ભોગ-કાળ—આવસ્સયના ઉપરની હરિભદ્રસૂરિકૃત ટીકા (પત્ર ૬૩૪આ) ઉપરના **ટિપ્પણ**માં 'મલધારી' હેમચન્દ્રસૂરિ કહે છે:—

"इह वक्ष्यमाणान्युत्तरादीनि नक्षत्राणि पञ्चचत्वारिंशन्मुहूर्तभोक्तॄणि सार्धक्षेत्राण्युच्यन्ते सार्धदिनभोक्तॄणि यावत् एवमश्विन्यादीन्यप्येकदिनभोक्तॄणि समक्षेत्राण्युच्यन्ते शतभिषगादीनि त्वर्धदिनभोक्तॄणि अपार्धभोगीण्याख्यायन्ते तेषा च किल चिरन्तनज्योतिष्कग्रन्थेष्वित्थमेव भुक्तिरासीत्, न तु यथा साम्प्रतं सर्वाण्यप्येकदिनभोगीनीति भाव"

આ દ્વારા એ વાત સૂચવાઈ છે કે અહીં ઉત્તરા વગરે નક્ષત્રનો ભોગકાળ ૪૫ મુહૂર્તનો એટલે કે દોઢ દિવસનો, **અ**શ્વિની વગેરેનો એક દિવસનો અને **શ**તભિષગ્ વગેરેનો અડધા દિવસનો દર્શાવેલ છે. આ પ્રમાણેનો ભોગકાળ જ્યોતિષના પ્રાચીન ગ્રન્થોમા હતો, પરંતુ અત્યારે તો બધા નક્ષત્રોનો ભોગકાળ એક જ દિવસનો જ ગણાય છે.

આથી સવાલ એ ઊભો થાય છે કે કેટલાંક નક્ષત્રોનો ભોગકાળ જે પૂર્વે ૪૫ મુહૂર્તનો, કેટલાકનો ૩૦નો અને કેટલાકનો ૧૫ એમ હતો એને બદલે બધાનો એક દિવસનો કયારથી થયો? હરિભદ્રસૂરિએ જે ભોગકાળ લખ્યો છે તે શુ એમની માન્યતા છે કે એમની પૂર્વેની માન્યતાને એમણે રજૂ કરી છે?

પજ્જોસવણાકપ્પનુ' કર્ષણ—હરિભદ્રસૂરિએ **આવસ્સય**ની ટીકા (પત્ર ૭૯૪આ)મા નીચે પ્રમાણે કથન કર્યું છે:—

"सवच्छरिए य आवस्सए कए पाओसिए **पज्जोसवणाकप्पो** कड्ढिज्जति।
सो पुण पुव्वि च अणागयं पञ्चरत्तं कड्ढिज्जइ य। एसा सामायारि त्ति।"

આ ઉપરથી એમ લાગે છે કે સાવત્સરિક આવશ્યક કર્યા બાદ રાત્રિના પ્રથમ ભાગમા **પજ્જોસવણાકપ્પ** (**કલ્પસૂત્ર**)નુ કર્ષણ

(કથન) કરાય છે. આ પણ રાત્રિએ જ અને તે પણ સાધુઓમા, અર્થાત્ સભામા કે સંઘ સમક્ષ કર્પણ કરવાનું એ સમયે ન હતું. આથી પ્રશ્ન ઉદ્ભવે છે કે **પજ્જોસવણાકપ્પ** સ્થળે સ્થળે સભાની સમક્ષ વાંચવાનુ કોણે કયારથી શરૂ કર્યું ?

એમ જણાય છે કે **નિસીહ**ની ચુણ્ણિની રચના પહેલાં અર્થાત્ એના કર્તા જિનદાસગણિ મહત્તરના સમય પૂર્વે **પજ્જોસવણાકપ્પ** 'આનંદપુર' નગરમા મૂળ ચૈત્યમાં સર્વ જનોની સમક્ષ વંચાતું હતું, અને બીજે બધે સાધુઓ રાત્રે સમુદાયની અંદર મોટેથી કહેતા હતા. પરંતુ અવસ્થાનરૂપ પર્યુષણમાં પાચ દિવસ અગાઉના (પહેલાના)- પાચ રાત્રિ અગાઉના કર્પણને માટે ઉલ્લેખ છે.

ઉપર્યુક્ત ભોગકાળ અને કર્પણની બાબતોને અંગે જે પ્રશ્નો સ્ફુરે છે તે પ્રત્યે હુ વિશેષજ્ઞોનું સાદર લક્ષ્ય ખેચું છું, કેમકે આગમોદ્ધારકનું કહેવું એ હતુ કે આ પ્રશ્નના ઉકેલથી હરિભદ્રસૂરિના સમયનિર્ણય ઉપર પ્રકાશ પડે તેમ છે.

પાઇય ઉલ્લેખ—કેટલેક સ્થળે નીચે મુજબનું પાઇય પદ્ય જોવાય છે:—

"पणपण्णवारसए हरिभद्दो सूरि आसि पुव्वकए।
तेरसयवीसअहिए वरिसेहिं बप्पभट्टपहू॥"[1]

આ ઉપરથી એ ફલિત થાય છે કે હરિભદ્રસૂરિ **વીર**સંવત્ ૧૨૫૫માં એટલે કે ઇ. સ. ૭૨૮માં કાલધર્મ પામ્યા. એ વખતે જો એમની વય લગભગ પોણોસો વર્ષની હોય તો એમનો સમય આશરે ઇ. સ. ૬૫૦ થી ઇ. સ ૭૨૮નો ગણાય.

---

૧ આ પદ્ય **પટ્ટાવલીસમુચ્ચય** (ભા. ૧, પૃ. ૧૯૬)મા અશુદ્ધ છે. વિશેષમાં એમા પાઠભેદ છે પરંતુ એ બાધક નથી

હરિભદ્રસૂરિના સમય પર પ્રકાશ પાડનારાં બીજાં પણ પાઇયમા કેટલાક પદ્યો મળે છે. આ પૈકી બે પદ્યો **પ્રદ્યુમ્નસૂરિએ** રચેલા **વિચારસાર**મા નીચે મુજબ છે:—

" पंचसए पणसीए विक्कमभूवाउ झत्ति अत्थमिओ।
हरिभद्दसूरिसूरो धम्मरओ देउ मुक्खपहं ॥ ५३२ ॥

पणपन्नदसराएहिं हरिसूरी आसि तत्थऽपुव्वकवी।
तेरसवरिससएहिं अहिएहि वि बप्पहट्टिपहू ॥ ५३३ ॥"

કોઈ કોઈ હાથપોથીમાં " पणसीए "ને બદલે " पणतीए " પાઠ જોવાય છે, પણ કુલમ ડનગણિકૃત **વિચારામૃતસંગ્રહ** અને ઉપાધ્યાય ધર્મસાગરગણિકૃત **ગુરુપરિવાડી** (ગા. ૯)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ. ૫૧) જોતા તેમ જ હરિભદ્રસૂરિની **લઘુક્ષેત્રસમાસ** ઉપરની વૃત્તિના નીચે મુજબના પદ્ય જોતા " पणसीए " પાઠ જ ઉચિત જણાય છે:—

" लघुक्षेत्रसमासस्य वृत्तिरेषा समासतः।
रचिताऽबुधबोधार्थं श्रीहरिभद्रसूरिभिः ॥

पञ्चाशीतिक(५८५)वर्षे विक्रमतो व्रजति शुक्लपञ्चम्याम्।
शुक्र(क्र)स्य शुक्रवारे पुष्ये शस्ये भनक्षत्रे ॥"

ઉપર્યુક્ત પાઇય પદ્યો ઉપરથી એ ફલિત થાય છે કે હરિભદ્રસૂરિ વિ. સં. ૫૮૫ એટલે કે **વીરસંવત** ૧૦૫૫માં સ્વર્ગે સંચર્યા. કેટલીક જૂની હાથપોથીમા જે નિમ્નલિખિત ગાથા જોવાય છે તે આ વાતનું સમર્થન કરે છે.

" वीराओ वयरो वासाण पणसए दससएण हरिभद्दो।
तेरसहिं बप्पभट्टी अट्ठहिं पणयाल 'वलहि 'खओ ॥"

વિશેષમા **પંચાસગ**ની વૃત્તિ (પત્ર ૧અ)મા **અભયદેવસૂરિએ**

નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે તે ઉપરથી પુવ્વનો સર્વથા ઉચ્છેદ ન થયો હોય—કંઈક પ્રકાશ જણાતો હોય એવે સમયે હરિભદ્રસૂરિ થયા એમ આગમોદ્ધારકાદિનું માનવું છે :—

" इह हि विस्फुरन्निखिलातिशयतेजोधामनि 'दु.षमा'कालविपुलजलद-पटलावलुप्यमानमहिमनि नितरामनुपलक्षीभूतपूर्वगतादिबहुतमग्रन्थसार्थतारका-निकरे पारङ्गतगदितागमाम्बरे पटुतमबोधलोचनतया सुगृहीतनामधेयो भगवान् श्रीहरिभद्रसूरि ॥"

ક્રિયારત્નસમુચ્ચયની પ્રશસ્તિ (શ્લો. ૧૫)મા, મુનિસુન્દરસૂરિ-કૃત **ગુર્વાવલી** (શ્લો. ૪૦)મા અને ' અચલ ' તેમ જ ' પૌર્ણમિક ' ગચ્છોની કેટલીક પટ્ટાવલીઓમા હરિભદ્રસૂરિને **માનદેવ**ના મિત્ર તરીકે ઓળખાવ્યા છે. એ ઉપરથી પણ હરિભદ્રસૂરિ વિક્રમની છઠ્ઠી સદીમા થયા એ વાત તરી આવે છે.

આગમોદ્ધારકે **પંચવત્થુગ**ના ઉપોદ્ઘાત (પત્ર ૨અ–૨આ)માં, **પંચવત્થુગ**ના પદ્યો ૧૦૧૯–૧૦૨૦ અને ૧૧૧૦ અને એની સ્વોપજ્ઞ વૃત્તિને આધારે એમ પ્રતિપાદન કર્યું છે કે હરિભદ્રસૂરિના સમયમા કોઈકને તો ઓછામા ઓછું એક પુવ્વ જેટલું જ્ઞાન હતુ.

આમ આ હકીકત ઉપર્યુક્ત નિર્દેશને બાધક બને છે, પરંતુ જે અજૈન ગ્રન્થકારો અને કૃતિઓનો ઉલ્લેખ હરિભદ્રસૂરિએ કર્યો છે તે ઉપરથી દોરાતા અનુમાનની પોષક બને છે. એ વાતો હવે આપણે વિચારીશું. તે પૂર્વે આ બાધકતાનું નિરાકરણ થાય એવી કલ્પના જે કેટલાક આધુનિક વિદ્વાનોએ કરી છે તે હુ નોધીશ

શ્રી. હીરાલાલ અ શાહે એમના ગુજરાતી લેખમાં એવો ઉલ્લેખ કર્યો છે કે **વિક્રમસંવત્** ૫૮૫ને બદલે **ગુપ્તસવત્** ૫૮૫ ગણાય તો હરિભદ્રસૂરિનું અવસાન વિ સં. ૮૪૨મા થયેલુ ગણાય, કારણ કે **જિનસેને હરિવંશપુરાણ**મા કહ્યુ છે કે **ગુપ્તસવત્ વીરસંવત્** ૭૨૭

(=શકસંવત્ ૧૨૨=વિક્રમસંવત્ ૨૫૭)માં શરૂ થયો એમણે આ લેખ (પૃ. ૪૧)માં એ વાતનો નિર્દેશ કર્યો છે કે શકસંવત્ ૨૪૧મા જે સંવત શરૂ થયો તે ગુપ્તસંવત્ નથી પરંતુ 'ગુપ્તવલભી' યાને 'વલભી' નામનો સંવત્ છે.

કેટલાકને મતે **વિચારસાર** (ગા. ૫૩૩)ગત 'હરિ'થી હારિલ સમજવાના છે, અને તેમ કરવાથી **યુગપ્રધાનપટ્ટાવલી**મા જે એમનું અવસાન **વીર**સંવત્ ૧૦૫૫મા થયાનો ઉલ્લેખ છે તેનો મેળ મળી રહે છે.

જિનભદ્રગણિનો વિ. સં. ૬૪૫મા દેહોત્સર્ગ થયાનું કેટલાક માને છે. એ માન્યતા જો સાચી જ હોય તો હરિભદ્રસૂરિનો સ્વર્ગવાસ વિ. સં. ૫૮૫મા થયાની વાત ગલત ઠરે, સિવાય કે આ જિનભદ્ર અન્ય જ હોય.

અજૈન ગ્રંથકારોના સમય પરત્વે કેટલાક આધુનિક વિદ્વાનોનું કથન નીચે મુજબ છે:—

અજૈન ગ્રન્થકાર	ગ્રન્થ	સમય ઇ. સ.	મતાંતર
ધર્મકીર્તિ	પ્રમાણવાર્તિક	૬૦૦-૬૫૦	ઇ. સ. ૬૦૦ કરતા પહેલાં
,,	ન્યાયબિન્દુ		
,,	હેતુબિન્દુ		
ધર્મપાલ	શતશાસ્ત્રવ્યાખ્યા	૬૩૫	ઇ. સ. ૫૭૦મા મૃત્યુ
ભર્તૃહરિ	વાકયપદીય	૬૦૦-૬૫૦	કુમારિલ કરતાં પ્રાચીન
કુમારિલ	મીમાંસા-શ્લોકવાર્તિક	૬૦૦-૬૮૦	ઇ. સ. ૬૩૦ કરતાં ઘણા પહેલા
શુભગુપ્ત		૬૫૦-૭૦૦	
શાંતરક્ષિત	વિપંચિતાર્થા	૭૦૫-૭૬૨ કરતાં કંઇક વધારે	

આ પ્રમાણે જે સમય આધુનિક વિદ્વાનો સૂચવે છે તે ભ્રાંત ન જ હોય તો હરિભદ્રસૂરિનો જીવનકાલ ઇ. સ. ૭૦૦થી પહેલાનો માની ન જ શકાય. આ જીવનકાલ લગભગ સો વર્ષનો હોય તો ના નહિ. એ હિસાબે એઓ ઇ. સ. ૮૦૦ની આસપાસમાં સ્વર્ગે સંચર્યા હશે. આ પ્રમાણેની ઉત્તર અવધિ મનાય તોપણ આ સૂરિરત્ન લગભગ બાર સદીઓ પૂર્વે થયા છે એ વાત તો નિર્વિવાદ ઠરે છે. પ્રાચીન પરંપરાને જ પ્રમાણભૂત માનનારા અને ધર્મકીર્તિ વગેરેના સમય પરત્વે શંકા સેવનારને મતે એઓ એથી પણ બેત્રણ સદી પૂર્વે થયેલા ગણાય.

ઉપસંહાર—જૈન શાસનના સાચા અને સમર્થ સેનાની હરિભદ્રસૂરિ વિષે સમય અને સાધન અનુસાર મેં કેટલીક વાનગીઓ પીરસી છે તેમ કરતાં મારે હાથે જે ન્યૂનતા રહેવા પામી હોય તેનું સપ્રમાણ નિરાકરણ કરવા વિશેષજ્ઞોને હુ સાદર વિનવુ છુ અંતમાં "શ્રીસયાજી સાહિત્યમાલા"મા આ કૃતિ પ્રકાશિત થતા તેનો લાભ લેવા હુ ગુજરાતી જનતાને સસ્નેહ નિમંત્રણ આપું છું.

પુરવણી

પૃષ્ઠ ૩, અંતિમ પંક્તિ. 'ત્યારે' પછી ઉમેરો: એટલે પૌર્ણિમાન્ત માસ તરીકેની ગણના પ્રમાણે ચૈત્ર કૃષ્ણ ચતુર્દશીએ = ઇ. સ. ૭૭૯ની ૨૧મી માર્ચે.

પૃ. ૩, અંતિમ પંક્તિ અને પૃ. ૪, ૫. ૧. 'અમુદ્રિત છે'ને બદલે વાંચો: "સિં. જૈ. ગ્ર."મા મૂળ પૂરતી ઇ. સ. ૧૯૫૯મા પ્રકાશિત કરાઈ છે. એના "કિંચિત્ પ્રાસ્તાવિક" (પૃ. ૧૨)મા જિનવિજયજીએ એવું અનુમાન કર્યું છે કે પ્રસ્તુત કૃતિની જે બે હાથ-પોથીઓ મળી છે તેમાંના પાઠભેદ ગ્રંથકારે પોતે કરેલા સુધારાવધારાને આભારી છે.

પૃ. ૬, પં. ૬. અંતમાં ઉમેરો:

[1]**શતાર્થી અને એની સ્વોપજ્ઞ** [2]**વૃત્તિ**—આ શતાર્થિક **સોમ**પ્રભસૂરિની વિ. સં. ૧૨૦૦ થી ૧૨૨૫ના ગાળાની રચના છે. પ્રસ્તુત પદ્ય નીચે મુજબ છે:—

"कल्याणसार! सवितान! हरेऽक्षमोह-
कान्तारवारण! समान! जयाद्यदेव! ।
धर्मार्थ! कामद! महोदयवीरधीर!
सोम! प्रभावपरमागमसिद्धसूरे! ॥"

૧–૨ આ બંનેને ગુજરાતી અનુવાદ સહિત "જૈન સાહિત્યોદ્ધાર ગ્રન્થાવલી"ના દ્વિતીય પુષ્પ નામે **અનેકાર્થસાહિત્યસંગ્રહ** (ભા. ૧)મા સ્થાન અપાયું છે આ પુસ્તક શ્રી **સારાભાઈ** મણીલાલ નવાબે ઇ સ ૧૯૩૫મા પ્રસિદ્ધ કર્યું છે.

આની વૃત્તિ (પૃ. ૧૨૨)મા હરિભદ્રસૂરિને ૧૪૦૦ પ્રકરણરૂપ ગંગા નદીના નિર્ગમન માટેના 'હિમાલય' કહ્યા છે. વિશેષમાં એમા આ સૂરિવર્યની જીવનપ્રભાનો સંક્ષેપમાં પરિચય અપાયો છે. એના ગુજરાતી અનુવાદ (પૃ. ૨૨૦)મા 'ભોજન આપવાથી' અને 'ભોજનાદિ આપવાની' એમ જે કથન છે તે વૃત્તિ વિચારતા ભૂલભરેલું છે. 'આપવા'ને બદલે 'અપાવવા' એમ સુધારો કરવો ઘટે. આ વૃત્તિમા કહ્યા મુજબ સાર્થવાહને મારી ચોરો બળદ ઉપરની ગુણો લઈ જતા હતા તે ગુણોમાંના મીણના પિંડોમા રત્નો હતા

સવારના શંખવાદનથી લોકોના સ્વપર શાસ્ત્રો વિષેના સંશયો દૂર કરતા, મધ્યાહ્નને દુઃખીઓને ઇષ્ટ ભોજનની પ્રાપ્તિ કરાવતા અને સમીસાજના પ્રતિવાદીઓની સાથે વાદવિવાદ કરનારા એમ આ સૂરિનુ અહીં વર્ણન છે.

પૃ. ૮, પં. ૫. 'હરગોવિંદદાસે'ને બદલે વાચોઃ હરગોવિંદદાસ ત્રિકમચંદ શેઠે.

પૃ. ૮, પં. ૭. અંતમા ઉમેરો :

(૧૩અ) [1]**ભવવિરહસૂરિ**—આ આગમોદ્ધારકની કૃતિ છે. એમા એમણે હરિભદ્રસૂરિની જે જે કૃતિના અંતમાં એ સૂરિએ 'ભવવિરહ'નો પ્રયોગ કર્યો છે તેને લગતા પદ્યો રજૂ કર્યાં છે. વિશેષમાં એ સૂરિની કૃતિઓના વિવરણકારોએ એ સૂરિને જ્યા જ્યા 'ભવવિરહ'થી સંબોધ્યા છે તેની નોધ લીધી છે. ૪૨ પદ્યોમાંથી ૨૦ પદ્યોમાં 'ભવવિરહ'નો પ્રયોગ છે અને ૧૫ પદ્યોમા [2]'વિરહ' શબ્દ છે.

---

૧ આ કૃતિનો પરિચય **આ૦ શુ૦** (વૃદ્ધિ, પૃ. ૧૩)માં અપાયો છે અરો, પરંતુ આ કૃતિની ભાષા કે એના રચનાવર્ષ વિષે એમા ઉલ્લેખ નથી

૨ આ શબ્દ પૂરતા કાર્ય માટે જુઓ પૃ. ૫૮, ટિ ૩.

ચ૦પ્ર૦ (પૃ. ૫૨) પ્રમાણે તો હારિભદ્રીય ૧૪૪૦ ગ્રંથો ‘ભવ-વિરહ’થી અંકિત છે.

પૃ. ૧૨, પં. ૪. અંતમા ઉમેરો:

(૧૫) **યોગશતકની પ્રસ્તાવના** (પૃ. ૪-૬૬) અને છઠ્ઠું **પરિશિષ્ટ** (પૃ. ૧૪૨-૧૪૪)—આ પ્રસ્તાવના અને ૭ પરિશિષ્ટ ડૉ. ઇન્દુકલા ઝવેરીએ લખ્યા છે. પ્રસ્તાવનામાં કથાકાર, તત્ત્વચિંતક, આચારસંશોધક અને યોગાભ્યાસી એમ ચાર પ્રકારે **હરિભદ્રસૂરિનો** વિશિષ્ટ ફાળો દર્શાવાયો છે. વિશેષમા **યો.** દ. સ , **યોગ**બિન્દુ, **યો**ગશતક અને **જો**ગવીસિયાનો પરિચય અપાયો છે પૃ. ૧૪૨-૧૪૪મા એમણે મને નિશ્ચિતપણે હારિભદ્રીય જણાતા ૪૧ ગ્રંથોનાં નામ આપી નિમ્નલિખિત ૭ ગ્રંથો પણ પુણ્યવિજયજીના મતે હારિભદ્રીય જ છે એમ કહ્યું છે:

(૧) યોગશતક, (૨) લઘુક્ષેત્રસમાસ યા **જ**બુદ્વીપક્ષેત્રસમાસ (અંતિમ પ્રશસ્તિના આધારે), (૩) દ્વિજવદનચપેટા, (૪) **વી**રસ્તવ, (૫) **શ્રા**વકપ્રજ્ઞપ્તિવૃત્તિ અને (૬) **શ્રા**વકધર્મતંત્ર

(૧૬) **સમદર્શી આચાર્ય હરિભદ્ર**—આ પં. સુખલાલ સંઘવીએ “શ્રી ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા”ને અંગે આપેલા પાચ વ્યાખ્યાનોનું મુદ્રિત સ્વરૂપ છે.[1]

પૃ. ૧૫, પં. ૧૭. “કર્યો છે” પછી ઉમેરો: પરંતુ **હ**રિભદ્રસૂરિની ઉપલબ્ધ કૃતિઓ પૈકી એકેમાં એમણે જાતે પોતાનાં [2]સાંસારિક માતા-પિતામાંથી એકેના નામનો નિર્દેશ કર્યો નથી. એનાં બે કારણ સંભવે છે:—

---

૧ એ “મુંબઇ યુનિવર્સિટી” તરફથી ઇ. સ. ૧૯૬૧માં છપાવાયું છે. એમાં **ષડ્.** સ , **શા.** વા સ અને યોગવિષયક ચાર ગ્રંથોનુ નિરૂપણ છે.

૨ ‘ધર્મમાતા’ તરીકે **યાકિની**નો ઉલ્લેખ છે આ **સિદ્ધર્ષિ**એ ૧૬,૦૦૦ શ્લોક જેટલી **ઉપમિતિ**૦નો પ્રથમાદર્શ લખનાર **ગણા** સાધ્વીના કરેલા ઉલ્લેખનુ સ્મરણ કરાવે છે.

(૧) સામાન્ય રીતે જૈન મુનિઓ પોતાની કૃતિમાં સાંસારિક સંબંધોનો ઉલ્લેખ કરે નહિ.

(૨) વિરલ અપવાદોને બાદ કરતા કોઈ પણ જૈન મુનિએ પોતાની કૃતિમા પોતાના માતાપિતાના નામ જણાવ્યા લાગતા નથી. આ અપવાદો નીચે મુજબ છે :

(અ) વિદ્યાવારિધિ ઉમાસ્વાતિએ **ત૦ સૂ૦**ના [1]ભાષ્યની પ્રશસ્તિ (શ્લો. ૩)મા અને વૈયાકરણ વિનયવિજયગણિએ **લોકપ્રકાશ**ના પ્રત્યેક સર્ગના અંતમાં પોતાના માતાપિતાનાં નામનો ઉલ્લેખ કર્યો છે.

(આ) બપ્પભટ્ટિસૂરિનું નામ એના માતાપિતાના નામનું દ્યોતન કરે છે એમ એ સૂરિનાં અંગેના ચરિત્રો જોતા જણાય છે.

પૃ. ૩૨, પં. ૨૭. ' કરાવે ' પછી ઉમેરો . ધ્યાની બુદ્ધની જવાની મૂર્તિમા જનોઈ છે. આનું ચિત્ર " The Cultural Heritage of India " (Vol. III)માં પૃ. ૫૪૭ની સામે અપાયું છે.

પૃ. ૩૯, પં. ૭. અંતમા ઉમેરો : આ નિમ્નલિખિત પ્રસંગનું સ્મરણ કરાવે છે :—

હંસધ્વજ રાજાએ પોતાના પુત્ર સુધન્વાને તપાવેલ તેલની કડાઈમાં હોમી દીધો હતો. જુઓ **જૈમિનિ અશ્વમેધ** (અ. ૧૭-૨૨) તેમ જ **નર્મકથાકોશ** (પૃ. ૨૭૨).

પૃ. ૪૫, પં. ૧૨. ' હતો ' ઉપર નીચે પ્રમાણે ટિપ્પણ ઉમેરો :

૧ જુઓ **પ્ર૦ચ૦** (શૃંગ ૮, શ્લો. ૬૬–૭૩)મા વર્ણવાયેલો ' ચિત્રકૂટ ' ઉપરનો સ્તંભ તેમજ મારો લેખ નામે " પ્રાચીન સમયના અદ્ભુત ભારતીય સ્તંભો ". આ લેખ " ગુ. મિત્ર તથા ગુ. દર્પણ "ના તા. ૨૮-૨-'૬૩ના અંકમા છપાયો છે

---

[1] કેટલાક આ ભાષ્યને સ્વોપજ્ઞ ગણતા નથી.

પૃ. ૪૫, પં. ૧૪. નીચે પ્રમાણેની કંડિકાઓ ઉમેરો :—

ઉપનામ—હરિભદ્રસૂરિને **કહાવલી**મા ‘ ભવવિરહસૂરિ ’ કહ્યા છે (જુઓ પૃ. ૪૩). આગમોદ્ધારકે પણ તેમ કર્યું છે. જુઓ પૃ. ૩૪૮

પોરવાડ જ્ઞાતિની સ્થાપના અને જૈન ધર્મનો અનુરાગ—ધર્મસંગ્રહણી (ભા. ૨)ની પ્રસ્તાવના (પત્ર ૭આ)માં કલ્યાણવિજયજીએ કહ્યું છે કે જૈન જ્ઞાતિઓ અને વંશોના વૃત્તાતોને અંગેના પુસ્તકોમા નીચે મુજબની મતલબનો ઉલ્લેખ જોવાય છે:—

મેદપાટમા યાને મેવાડમા હરિભદ્રસૂરિએ ‘ પ્રાગ્વાટ ’ (યાને પોરવાડ) વંશની સ્થાપના કરી હતી અને એના વંશ્યોને જૈન ધર્મના અનુરાગી બનાવ્યા હતા.

એમણે ઉમેર્યું છે કે જો આ કથન સત્ય હોય તો જૈન ધર્મ ઉપર અને ખાસ કરીને ‘ પ્રાગ્વાટ ’ જ્ઞાતિના જૈનો ઉપર મોટો ઉપકાર આ સૂરિએ કરેલો ગણાય.

પૃ. ૪૫, પં. ૨૦. નીચેની કંડિકા ઉમેરો :—

સ્વર્ગની પ્રાપ્તિ અને મુક્તિ—હરિભદ્રસૂરિ જ્યા કાલધર્મ પામ્યા અર્થાત્ એમનું અવસાન થયું ત્યા ‘ સૌધર્મ ’ દેવલોકમાથી દેવો આવ્યા અને એમણે ઉદ્દ્ઘોષણ કરી કે **ભ**વવિરહસૂરિ અમારા સ્વામી બન્યા છે અને એઓ ‘ સૌધર્મ ’ દેવલોકમા ‘ લીલ ’ વિમાનમા પાચ પલ્યોપમના આયુષ્યવાળા દેવ થયા છે. એઓ અમારી સાથે **સી**મંધર-સ્વામી પાસે આવ્યા અને એમને વંદન કરી એમને પૂછ્યું કે મને મુક્તિ ક્યારે મળશે ? **સી**મંધરસ્વામીએ એમને ઉત્તર આપ્યો કે ‘ સૌધર્મ ’ દેવલોકમાથી ચ્યવી અપર વિદેહમાં સમૃદ્ધ કુળમાં ઉત્પન્ન થઈ તમે મોક્ષે જશો. આ જાણી અમે દેવો રાજી થઈ અહીં આવ્યા છીએ અને હવે અમે અમારે સ્થાને જઈશું.

આ પ્રમાણેની [1]હકીકત **કહાવલી**મા પ્રથમ પરિચ્છેદના અંતમાં અપાઈ છે.

પૃ. ૪૭, પં. ૧૮. **પ્ર૦ચ૦** પહેલાં ઉમેરો: વિ. સં. ૧૩૨૭માં સ્વર્ગે સંચરેલા દેવેન્દ્રસૂરિકૃત **કમ્મવિવાગ** (ગા. ૮)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ. ૨૨).

પૃ. ૫૦, પં. ૧૨. અંતમાં નીચે મુજબનું શીર્ષક ઉમેરો :

ગ્રન્થો વિષે અર્વાચીન નામનિર્દેશ—

પૃ. ૫૩–૫૪. આમા નીચે મુજબના નામ યથાસ્થાન ઉમેરો :—

(૨૬ અ) **કુલય** [કુલક], (૩૪ અ) **જંબુ(બૂ)દ્દીપક્ષેત્રસમાસ**, (૪૨ અ) **જ્ઞાનચિત્રિકા**, (૪૩ અ) **જ્ઞાનપત્રક** (?), (૫૩ અ) **દરિસણસત્તરિ**, (૬૩ અ) **દ્વિજવદનચપેટિકા**, (૮૦ અ) **નાનાચિત્રિકા**, (૧૦૮ અ) **બોટિકનિરાકરણ**, (૧૪૮ અ–ઇ) **શિષ્યહિતા**, (૧૪૮ ઈ) **શ્રાવકધર્મ**, (૧૬૮ અ) [2]**સંબોધતત્ત્વ**, (૧૭૮ અ) **સાવગધમ્મ** અને (૧૮૦ અ) **સાવયપણ્ણત્તિ**.

પૃ. ૫૭, અંતિમ પં. અંતમા ઉમેરો: **કુલકો**, **શતક** અને **શિષ્યહિતા**ની સંખ્યા એકેક કરતા વધારે હોવા છતા તેને એકેક ગણી ૧૮૫ની સંખ્યા દર્શાવાઈ હતી.

પૃ. ૫૮, ટિ. ૩. અંતમાં ઉમેરો :

---

૧ આ મારી મુદ્રણાલયપુસ્તિકામા હતી, પરંતુ એનો એક અંશ છપાતી વેળા ગુમ થતા જે ફરીથી લખાણ માંડમાંડ હું તૈયાર કરી શક્યો તે વેળા આ હકીકત યાદ ન આવતા એ અહીં મે આપી છે

૨ જુઓ **જિ. ર. કો.** (વિ ૧, પૃ. ૪૨૨).

કલ્યાણવિજયજીએ મેં પૃ. ૫૮-૫૯મા જણાવેલી ૧૫ કૃતિઓ પૈકી **વીરત્થય** સિવાયની ૧૪ને વિરહાંકિત કહી છે. એમણે **જોગસયગ**નો ઉલ્લેખ કર્યો નથી, જો કે એ પણ વિરહાંકિત છે. આનુ શું કારણ ?

પૃ. ૬૩, પં. ૮ અંતમા ઉમેરો: **જોગસયગ** એ હારિભદ્રીય જ કૃતિ હોય[1] તો એમા 'જોગિનાહ ' એવુ વિશેષણ **મહાવીરસ્વામી**ને અંગે છે.

પૃ. ૭૫, અંતિમ પંક્તિ. અંતમા ઉમેરો : અષ્ટક ૧૨, શ્લો. ૮માં 'ગુરુલાઘવ'નો પ્રયોગ છે આ પ્રયોગ **મનુસ્મૃતિ** (અ. ૯, શ્લો. ૨૯૯), **ચરક** (સૂત્ર ૨૭), **નાટ્યશાસ્ત્ર** (અ. ૫, શ્લો. ૧૮૨, ૧૮૮ અને ૧૯૧; અ. ૩૧, શ્લો. ૧૩ અને ૪૫૬) તેમ જ **અભિજ્ઞાન-શાકુન્તલ** (અં. ૫, શ્લો. ૩૧ પછી)મા છે.[2] વ્યાકરણશાસ્ત્રની રચનામાં ગુરુલાઘવનો વિચાર સૌથી પ્રથમ કાશકૃત્સ્ને કર્યો છે.[3]

પૃ. ૭૭, ટિ. ૧. અંતમાં ઉમેરો :

'વાસીચન્દણકપ્પ' શબ્દગુચ્છ **જોગસયગ** (ગા. ૨૦ અને ૯૧)માં વપરાયો છે. આ **આવસ્સય**ની નિજ્જુત્તિ (ગા ૧૫૪૮)માં જોવાય છે અને એનો અર્થ એની ટીકા નામે **શિષ્યહિતા**મા એક પાઇય અવતરણ દ્વારા દર્શાવાયો છે. ધર્મદાસગણિકૃત **ઉવએસમાલા** (ગા ૯૨) પણ અત્ર પ્રસ્તુત છે.

પૃ. ૮૪, પં. ૧૦. અંતમા ઉમેરો :

અનુકરણ—જિનવિજયજીના મતે **ઉવએસપય** એ ધર્મદાસ-ગણિએ વિક્રમની ચોથીથી છઠ્ઠી સદીના ગાળામા રચેલી **ઉવએસ-માલા**ના અનુકરણરૂપ છે.[4]

---

૧ **યોગશતક** (પૃ. ૧) પ્રમાણે છે જ.

૨ અપતરણો માટે જુઓ શ્રી યુધિષ્ઠિર મીમાંસકે રચેલો संस्कृत व्याकरण-शास्त्रका इतिहास (પૃ. ૮૨-૮૩).

૩ એજન, પૃ. ૮૩.

૪ જુઓ "સિં. જૈ. ગ્રં."મા ઇ સ ૧૯૪૯માં પ્રકાશિત **ધર્મોપદેશ-માલા-વિવરણ**નુ પ્રાસ્તાવિક વક્તવ્ય (પૃ. ૧૩-૧૪).

પૃ. ૮૭, ૫. ૮. અંતમા ઉમેરો: આ સંબધમાં જુઓ પૃ. ૧૯૩–૧૯૪.

પૃ. ૮૭, ૫ં ૧૯. 'ટીકા' ઉપર નીચે પ્રમાણેનું ટિપ્પણ ઉમેરો:

આ ટીકા મૂળ (ગા ૧–૩૦) સહિત "જૈ૦ધ૦પ્ર૦સ૦" તરફથી વિ સ ૧૯૭૧મા છપાવાઈ છે, જ્યારે કેવળ મૂળ ભીમસી માણેકે ઇ. સ. ૧૯૦૮મા પ્રકાશિત કર્યું હતુ

પૃ. ૮૭, પં. ૨૦ અંતમા ઉમેરો: આ જો એમના સાક્ષાત્ ગુરુ હોય તો આ **જંબુદ્દીવસંગહણી** અન્ય હરિભદ્રસૂરિની કૃતિ ગણાય.

આ ટીકાના પ્રારભમા મંગલાચરણરૂપ પદ્ય બાદ હરિભદ્રસૂરિ વિષે નીચે મુજબ ઉલ્લેખ છે:

"दत्तैकान्तवादिसन्दोहापारसादाना गिरा स्वर्गापगानादानुवादाना"

અંતમા પ્રશસ્તિનુ નિમ્નલિખિત આદ્ય પદ્ય હરિભદ્રસૂરિના પુષ્કળ ગુણોત્કીર્તનરૂપ છે:—

"नित्यं श्रीहरिभद्रसूरिगुरवो जीयासुरत्यद्भुत–
ज्ञानश्रीसमलङ्कृता· सुविशदाचारप्रभाभासुराः ।
येषा वाक्प्रभया प्रसन्नजरया शास्त्राम्बुसम्पूर्णया
भव्यस्येह न कस्य कस्य विदधे सन्तापलोपोऽवनौ २ ॥ १ ॥"

આ ઉલ્લેખો એટલા બધા પ્રશંસાત્મક છે કે એ પ્રસ્તુત હરિભદ્રસૂરિને જ અગે સભવી શકે. જો એમ જ હોય તો 'ગુરુ'થી સાક્ષાત્ ગુરુ ન સમજવા, પરંતુ સમભાવભાવી હરિભદ્રસૂરિની આ કે અન્ય કૃતિથી પોતાને લાભ થયો હોવાથી એમનો 'ગુરુ' તરીકે નિર્દેશ સમજવો. આ પરિસ્થિતિમા હું આ કૃતિ વિષે કેટલુક કહીશ.

આ કૃતિમા જ૦મ૦માં રચાયેલા ૩૦ પદ્યો છે. એ 'જંબૂ'દ્વીપ વિષે નિમ્નલિખિત દસ દાર (દ્વાર) દ્વારા કેટલીક માહિતી પૂરી પાડે છે:—

(૧) ખંડ, (૨) યોજન, (૩) ક્ષેત્ર, (૪) પર્વત, (૫) કૂટ, (૬) તીર્થ, (૭) શ્રેણિ, (૮) વિજય, (૯) હ્રદ અને (૧૦) જળ.

સાતમી ગાથા બે કરણ (formula) પૂરાં પાડે છે: $C = \sqrt{10d^2}$ અને $A = C \times \frac{d}{4}$.

આ ગાથા નીચે મુજબ છે:—

" विक्खंभवग्गदहगुणकरणी वट्टस्स परिरओ होइ।
विक्खंभपायगुणिओ परिरओ तस्स गणियपयं ॥ ७ ॥"

આ જિનભદ્રીય **સમયક્ખેત્તસમાસ**ની પણ સાતમી ગાથા છે.

આ કૃતિના નામના અંતમા જેમ 'સંગહણી' શબ્દ છે તેમ 'ધમ્મસંગહણી' નામમા પણ છે[1] આ કૃતિના વિવિધ નામો જોવાય છે. જેમકે **જંબુદ્દીવખેત્તસમાસ** (જંબુદ્વીપક્ષેત્રસમાસ), **લઘુખેત્તસંગહણી** (લઘુક્ષેત્રસંગ્રહણી), **લઘુખેત્તસમાસ** (લઘુક્ષેત્રસમાસ) અને **લઘુસંગહણી** ([2]લઘુસંગ્રહણી).

વૃત્તિઓ—આ કૃતિ ઉપર **જિ૦ર૦કો૦** (વિ. ૧, પૃ. ૧૩૧)માં સૂચવાયા મુજબ બે અજ્ઞાતકર્તૃક વૃત્તિ છે એ પૈકી એકનો પ્રારંભ "श्रीसर्वज्ञमहं नत्वा"થી થાય છે.

પૃ. ૯૦. મથાળે ઉમેરો :

નામકરણ—આ કૃતિનું 'જોગસયગ' નામ એની પદ્યસંખ્યા અને એના વિષયનું દ્યોતક હોઈ સાર્થક છે. આ નામ **શિવશર્મસૂરિકૃત** **બંધસયગ**નું સ્મરણ કરાવે છે.

અનેકાર્થી શબ્દપ્રયોગ—પ્રથમ પદ્યગત 'જોગજ્ઝયણ'ના ત્રણ અર્થ સંભવે છે: (૧) આ નામની કોઈ કૃતિ, (૨) એનો અંશ

---

૧ જુઓ પૃ. ૩૫૮.

૨ જુઓ **જિ૦ર૦કો૦** (વિ. ૧, પૃ. ૩૩૬).

અને (૩) યોગોનું પરિશીલન.[1] આવો અનેકાર્થી શબ્દપ્રયોગ **બંધ-સયગ**ની નિમ્નલિખિત ૧૦૪મી ગાથાગત ' કમ્મપ્પવાય ' શબ્દ પૂરો પાડે છે:—

" एसो वन्धसमासो विन्दुक्खेवेण वन्निओ को वि ।
कम्मप्पवायसुयसागरस्स निस्सन्दमेत्तो य ॥ १०४ ॥"

જોગજ્ઝયણ નામ **ઉત્તરજ્ઝયણ** જેવા ગ્રંથોનુ સ્મરણ કરાવે છે.

હરિભદ્રસૂરિની પૂર્વે કે ત્યાર બાદ અત્યાર સુધીમા ' જોગજ્ઝયણ ' કે ' યોગાધ્યયન 'ના નામથી કોઈ કૃતિ કે ગ્રંથાશની કોઈ સ્થળે નોધ પણ જોવાતી નથી તો પછી એની હાથપોથીની તો વાત જ શી કરવી ? આ જ પરિસ્થિતિને લઈને જોગજ્ઝયણનો પ્રથમ અર્થ જતો કરવા હું તો તૈયાર નથી.

અનેક મહત્ત્વપૂર્ણ ગ્રંથો રચ્યા હોવા છતાં ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ પૈકી પ્રથમ યોગના પણ પોતાને અધિકારી માનતાં-મનાવતા ખંચાતા એવા હરિભદ્રસૂરિ ' મેં યોગનું અધ્યયન કર્યું છે ' એમ કહે ખરા ? અને જો કહે તો એ આત્મપ્રશંસા ન જ ગણાય ?

આઠ યોગદૃષ્ટિના નિરૂપણ માટે **જોગજ્ઝયણ** નામની કૃતિ હોય તો તેનો આધાર એ માટે લેવાયો હશે એમ મને લાગે છે.

જોગસયગ એ **યોગબિન્દુ**ના સંક્ષેપરૂપ છે એમ અન્યત્ર જે સૂચન કરાયું છે એ ' સત્યભામા 'ને બદલે ' સત્યા ' જેવા પ્રયોગને લક્ષીને મનાય.

યોગાચાર્ય નામના એક ગ્રંથકાર થયા હોય એમ ભાસે છે.[2] એમ જ હોય તો **જોગજ્ઝયણ** એમણે રચ્યું હશે.

૧ આ ત્રણે અર્થો આપી એ વિષે ચર્ચા કરી તૃતીય અર્થ **યોગશતક** (પૃ. ૨–૩)માં સ્વીકારાયો છે.

૨ જુઓ પૃ. ૧૩૩.

અર્થ અને સમજૂતી—આ બંને ગુજરાતીમા ડૉ. ઇન્દુકલા ઝવેરીએ તૈયાર કર્યાં છે અને [૧]મુદ્રિત છે. 'અર્થ'થી '[૨]ભાષાંતર' સમજવાનું છે.

પૌર્વાપર્ય—જો **જોગસયગ** હારિભદ્રીય જ કૃતિ હોય અને એના ૮૧મા પદ્યગત 'અન્નત્થ'થી **અષ્ટકપ્રકરણ** (અ. ૬) જ અભિપ્રેત હોય તો આ **જોગસયગ**ની રચના **અષ્ટકપ્રકરણ** પછી થયાની ગણાય.

સામ્ય—**જોગસયગ**ની ગા. ૧૩-૧૫ એ **પંચાસગ**ના ત્રીજા પંચાસગની ગા. ૪-૬ છે. **જોગસયગ**ની ગા. ૧૫ **ઉવએસપય**ની ગા. ૧૯૯ અને **વીસવીસિયા** (વી. ૯, ગા. ૨) સાથે બહુધા મળતી આવે છે, અને એનો ભાવાર્થ **યોગબિન્દુ**ના શ્લો. ૩૫૨-૩૫૩માં જોવાય છે.[૩] ગા. ૫૦ ઉપલબ્ધ **ચઉસરણ**ની ગાથારૂપે જોવાય છે.

પ્રયોગ—જેમ **જોગસયગ** (ગા. ૧)મા **મહાવીર**ને 'જોગિનાહ' કહ્યા છે તેમ **ઝાણજ્ઝયણ** (ગા ૧)મા **વીર**ને–**મહાવીરસ્વામી**ને 'જોગીસર' કહ્યા છે.

પૃ. ૯૪, ૫. ૧૨. 'છે.' પછી ઉમેરો: પ્રસ્તુત કૃતિનો પરિચય **સાવગધમ્મ**ના નામથી પૃ. ૧૭૯મા અપાયો છે.

પૃ. ૯૬, ૫. ૬. અંતમા ઉમેરો. આ વિચારતા અને ખાસ કરીને આ [૪]કૃતિનુ નામ લક્ષ્યમા લેતા હુ તો આને તેમ જ **ધુત્તક્ખાણ**ને

૧ જુઓ પૃ. ૮૯, ટિ ૧.

૨ કાલજ્ઞાનના ઉપાયો સૂચવનારી ગા. ૯૭–૯૮ પૈકી ગા. ૯૮ના દ્વિતીય પાદનું ભાષાતર યથાર્થ અપાયુ નથી. કોઈ કોઈ ગાથાના અર્થ સૂચવતી વેળા પ્રત્યંતરના અભાવે અને પ્રસ્તુત પ્રતિની અશુદ્ધતાને લઇને પાઠની કલ્પના કરી અર્થ કરાયો છે.

૩ જુઓ **યોગશતક** (પૃ. ૧૮, ટિ.),

૪ આ મુદ્રિત હોવાનો ઉલ્લેખ મળે છે.

પણ હારિભદ્રીય કૃતિ માનતા ખંચાઉ છુ.[1] એનું કારણ એ છે કે સમભાવભાવી અને શા૦વા૦સ૦મા અન્ય દર્શનકારોનો ગૌરવપૂર્વક ઉલ્લેખ કરનારા હરિભદ્રસૂરિ પાસે આવી આશા ભાગ્યે જ રાખી શકાય. હા, એમ કદાચ બન્યું હોય કે વૈદિક ધર્મનો ત્યાગ કરી હરિભદ્રસૂરિએ જૈન દીક્ષા ગ્રહણ કરી તેથી એમના ઉપર અને વિશેષતઃ જૈન ધર્મ ઉપર એક વખતના એમના સહધર્મીઓએ તેવામાં અઘટિત પ્રહારો કર્યા હોય તો તેથી નવદીક્ષિત અવસ્થામા વિહ્વલ બનતાં હરિભદ્રસૂરિએ એના પ્રતિકારરૂપે [2]'शठ प्रति शाठ्यं कुर्यात' એ ન્યાયે આ બને કે એ પૈકી ગમે તે એક કૃતિ રચી કેટલીક વૈદિક માન્યતાઓનો ઉપહાસ કર્યો હશે ગમે તેમ પણ એમની પોતાની ઉત્તરાવસ્થામા તો આ રચના નહિ જ કરાઈ હશે.

પૃ. ૯૬, પ. ૧૧. અંતમા ઉમેરો :

ટીકા—આ અજ્ઞાતકર્તૃક છે અને એની એક હાથપોથી અહીંના મોહનલાલજીના જ્ઞાનભંડારમા હોવાનો ઉલ્લેખ છે પણ એ અહીં નથી.

પૃ. ૯૬, પં ૧૪ 'છે.' પછી ઉમેરો : આ નામના તેમ જ 'જંબુદ્દીવસંગહણી' નામની કૃતિના અંતમા જે 'સંગહણી' શબ્દ છે તે શિવશર્મસૂરિકૃત [3]**કમ્મપયડિસંગહણી** અને જિનભદ્રગણિકૃત **સંગહણી** જેવા નામોને આભારી જણાય છે.

---

૧ આ સંબંધમા જુઓ પૃ ૧૧૦.

૨ અનેકાંતવાદને અંગે 'જડ' જનોને મોહિત કરનારી ઉક્તિઓને **અ૦જ૦પ૦** (શ્લો. ૬, ૭ અને ૯)મા 'શઠોક્તિ' કહી છે.

૩ **પણ્ણવણા**ની હારિભદ્રીય વૃત્તિ નામે **પ્રદેશવ્યાખ્યા** (પત્ર ૧૪૦)મા આવું નામ છે, જ્યારે શિવશર્મસૂરિકૃત **બન્ધસયગ**ની ચુણ્ણિ (પત્ર ૪૩)મા તેમ જ પ્રાચીન શ્વેતાંબરીય **સત્તરિયા**ની ચુણ્ણિ (પત્ર ૬૧આ, ૬૨આ, ૬૪અ તથા ૬૫અ)મા આ નામ છે આ બંને ચુણ્ણિ અજ્ઞાતકર્તૃક મનાય છે, જો કે પં. હીરાલાલ જૈને **કસાયપાહુડ**ની પ્રસ્તાવનામા આ બંને **યતિવૃષભે** રચ્યાનું કહ્યું છે.

પૃ. ૯૮, પં. ૧૪. 'છે.' પછી ઉમેરો : તેમ કરતી વેળા **ધમ્મસંગહણીનું** નિમ્નલિખિત ૩૭૦મું પદ્ય રજૂ કર્યું છે:—

" किरणा गुणा ण दव्वं तेसु पयासो गुणो, ण यादव्वो ।
जं नाण आयगुणो कहमदव्वो स अन्नत्थ ? ॥ ३७० ॥ "

આ પદ્યના પૂર્વાર્ધનું પાઠભેદપૂર્વકનું [1]ઉદ્ધરણ **બ્રહ્માંડપુરાણ** (અ. ૩૬)ગત [2]**લલિતસહસ્રનામના** નિમ્નલિખિત ૧૩૭મા પદ્ય ઉપરના [3]**ભાસ્કરાનંદનાથે** રચેલા [4]**સૌભાગ્યભાસ્કર** નામના ભાષ્યમાં જોવાય છે:—

---

૧ આ ઉદ્ધરણ આ જ પૃષ્ઠ ટિ. ૨મા નોંધેલી આવૃત્તિમા અશુદ્ધ છપાયુ છે.—

" किरणा गुणा न दव्व तेषु पयासो गुणो न सोदव्वो "

૨ આ હયગ્રીવ અને **અગસ્ત્યના** સંવાદરૂપે ૩૨૦ પદ્યમાં રચાયેલી કૃતિ છે. આ કૃતિ **સૌભાગ્યભાસ્કર** તેમ જ **ભાસ્કરરાયના** શિષ્ય **જગન્નાથકૃત** **ભુવનાલોગ** નામના **ભાસ્કરવિલાસ** કાવ્ય સહિત 'નિર્ણયસાગર' મુદ્રણાલય તરફથી દ્વિતીય સંસ્કરણ તરીકે ઇ સ ૧૯૧૯મા પ્રસિદ્ધ કરાઇ છે.

૩ એમના પિતાનુ નામ **ગંભીરરાય** દીક્ષિત અને માતાનું **કોનમામ્બા** છે. એમણે **પ્રકાશાનન્દને** (પૂર્વાવસ્થાના **શિવદત્ત** શુક્લને) હાથે અહીં (સુરતમા) 'પૂર્ણાભિષેક' દીક્ષા લીધી ત્યારે એમનુ 'ભાસ્કરરાય' નામ બદલીને 'ભાસ્કરાનંદનાથ' રખાયુ હતુ. એમણે **નૃસિંહ** યજ્વ પાસે વિદ્યાભ્યાસ કર્યો હતો. **નારાયણભટ્ટ** સાથે કાશીમા અને (વિ સ. ૧૭૧૪માં જન્મેલા) ગોસ્વામી **પુરુષોત્તમજી** સાથે અહીં એમણે વાદવિવાદ કર્યાનુ મનાય છે એમનો સમય **વિક્રમની** ૧૭મી–૧૮મી સદી છે એમણે અનેક ગ્રંથો રચ્યા છે. એનાં નામ **ભુવનાલોગમા** જોવાય છે આ અજૈન વિદ્વાન વિષે "ભવાનીનો વડ યાને શ્રીબહુચરખ્યાતિ" (પૃ. ૪૫ ઇ)મા કેટલીક બીના અપાઈ છે આ પુસ્તક અહીં થી ગોસ્વામી **ગણપતગીર** ચીમનગીરે ઇ. સ. ૧૯૫૫મા પ્રસિદ્ધ કર્યું છે.

૪ આ ભાષ્ય બાર કલામા વિભક્ત છે અને એ 'મોદચ્છાયા'થી સૂચિત વર્ષમા રચાયું છે.

"प्रभावती प्रभारूपा प्रसिद्धा परमेश्वरी।
मूलप्रकृतिरव्यक्ता व्यक्ताव्यक्तस्वरूपिणी ॥ १३७ ॥"

આ ઉદ્ધરણ બાદ ભાષ્યમા નીચે મુજબનો ઉલ્લેખ છે :—

"इति धर्मसंग्रहिण्यादौ ग्रन्थे हरिभद्रादिभिर्जैनसूरिभिरुट्टङ्कित"

પૃ ૧૦૦, પં. ૧૦. અંતમા ઉમેરો:

સૂત્રસંખ્યા—ધર્મબિન્દુમાં અધ્યાયદીઠ સૂત્રોની સંખ્યા નીચે મુજબ છે :—

૫૮, ૭૫, ૯૩, ૪૩, ૯૮, ૭૬, ૩૮ અને ૬૧

આમ કુલ્લે ૫૪૨ સૂત્રો છે.

વિશેષમાં પ્રત્યેક અધ્યાયમા ત્રણ પ્રારંભમા અને ત્રણ અંતમા એમ ૭ ૭ પદ્યો છે. આમ ૪૮ પદ્યો છે

પૃ. ૧૦૦, પં. ૧૨, 'છે' પછી ઉમેરો : 'સામાન્ય ગૃહસ્થધર્મ' તરીકે ૩૫ માર્ગાનુસારી ગુણો સૂત્ર ૩-૫૮મા ગણાવાયા છે આ બાબત 'કલિ૦' હેમચન્દ્રસૂરિએ **યોગશાસ્ત્ર** (પ્ર. ૧, શ્લો. ૪૭-૫૬) અને એની સ્વોપજ્ઞ વ્યાખ્યામા સંસ્કૃતમા, **જિનમંડનગણિ**એ આ દસ પદ્યોના વિવરણરૂપ વિ. સં. ૧૪૯૮મા રચેલા [1]**શ્રાદ્ધગુણવિવરણ**મા કથાઓ સહિત સંસ્કૃતમા, **માનવિજયગણિ**એ **ધર્મસંગ્રહ** (શ્લો. ૫-૧૪) અને એના સ્વોપજ્ઞ વિવરણમાં સંસ્કૃતમા, ન્યા. વિ. ન્યા. તી. ઉપાધ્યાય **મંગલવિજયજી**એ [2]**તત્ત્વાખ્યાન** (ઉત્તરાર્ધ, પ્રસ્તાવ ૧૬, પૃ.

---

૧ આ "જૈ. આ સ" તરફથી વિ સ. ૧૯૭૦માં અને એનુ ગુજરાતી ભાષાતર આ જ સભા તરફથી છપાવાયેલ છે

૨ આ પુસ્તક "ય. જૈ. ગ્ર"માં વિ. સ ૧૯૮૧મા છપાયુ છે.

૨-૧૭)મા ગુજરાતીમા અને હર્બર્ટ વૉરને [1]Jainism (pp. 68-80)મા અંગ્રેજીમા વિસ્તારથી વિચારી છે.[2]

પૃ. ૧૦૦, પં. ૧૬. 'છે'. પછી ઉમેરો: અ. ૪નું "पादार्द्धगुणहीनौ मध्यमावरौ" તરીકેનું પાંચમું સૂત્ર **અર્થશાસ્ત્ર** (અધિકરણ ૧, અધ્યાય ૯, પ્રક. ૫, પૃ. ૧૫)મા છે

પૃ. ૧૦૧, પં. ૭. 'સુવર્ણ' ઉપર ટિપ્પણ ઉમેરો:

અથર્વવેદ (૧-૩-૫-૨)મા કહ્યું છે કે જે સુવર્ણ ધારણ કરે છે તે પોતાનું આયુષ્ય વધારે છે.

પૃ ૧૦૧, પં. ૮. 'ગા. ૩૫૧' અને ગા. ૩૫૨ ઉપર ટિપ્પણ ઉમેરો:

આ ગાથાઓ નીચે મુજબ છે.—

"विसघाइ रसायण मङ्गलत्थ विणिए पयाहिणावत्ते।
गुरुए अडज्झऽकुत्थे अट्ठ सुवण्णे गुणा भणिआ ॥ ३५१ ॥

चउकारणपरिसुद्ध कसछेअणतावतालणाए अ।
ज त विसघाइरसायणाइगुणमञ्जुअ होइ ॥ ३५२ ॥"

ગા ૩૫૨ નિમ્નલિખિત પદ્યનુ સ્મરણ કરાવે છે —

"यथा चतुर्भिः कनक परीक्ष्यते निघर्षणच्छेदनतापताडनै ।
तथा चतुर्भि पुरुष परीक्ष्यते श्रुतेन शीलेन कुलेन कर्मणा ॥"

પૃ. ૧૦૧, પં. ૧૧. અંતમા ઉમેરો:

તત્ત્વસંગ્રહનુ નીચે મુજબનુ પદ્ય કદાચ કારણભૂત બન્યુ હશે:—

---

૧ આ પુસ્તક "ય જૈ ગ્ર"મા ઇ સ ૧૯૩૦મા પ્રસિદ્ધ કરાયું છે.

૨ આ બાબતો મે "માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો સબધી સાહિત્ય" નામના લેખમા રજૂ કરી છે. આ લેખ "જૈ૦ધ૦પ્ર૦" (પુ ૭૯, અ. ૫)માં છપાયો છે.

"तापाच्छेदाच्च निकषात् सुवर्णमिव पण्डितैः ।
परीक्ष्य भिक्षवो! ग्राह्यं मद्वचो न तु गौरवात् ॥ ३५८८ ॥"

બૃહન્નિઘણ્ટુરત્નાકર (પૃ. ૩૯૩)માના નિમ્નલિખિત બે પદ્યો[1] સુવર્ણની પરીક્ષા ઉપર પ્રકાશ પાડે છે :—

"दाहे रक्त सित छेदे निकषे कुङ्कुमप्रभम् ।
तार शुल्वोज्झित स्निग्धं कोमलं गुरु हेम सत् ॥
तच्छ्वेत कठिनं रूक्षं विवर्ण समलं दलम् ।
दाहे छेदे सितं श्वेतं कषे त्याज्य लघु स्फुटम् ॥"

પૃ. ૧૦૬, પં. ૧૭. અંતમા ઉમેરો : આ કૃતિનું નામ વિચારતાં એમ લાગે છે કે એમા ધર્મના લાભથી થતી સિદ્ધિ વર્ણવાઈ હશે. જૈન શ્રમણોને વંદન કરાતાં તેઓ "ધર્મલાભ'[1] એમ કહે છે. અન્ય આશીર્વાદોમા—શુભેચ્છાઓમા આ અનુપમ છે.

પૃ ૧૧૧, પ ૪. 'છે' ઉપર નીચે મુજબનુ ટિપ્પણુ ઉમેરો :

નંદીના આ પદ્યાક "સ્વ. શ્રે ચ દન જૈનાગમ ગ્રથમાલા"ના દ્વિતીય પુષ્પ તરીકે ઇ. સ ૧૯૪૨મા હિન્દી અનુવાદ સહિત છપાયેલા "શ્રીમન્નંદી-સૂત્ર" પ્રમાણેના છે, જ્યારે "આ સ "ની સટીક આવૃત્તિ પ્રમાણે તો એ ૬૧, ૭૭ અને ૮૧ છે જુઓ એના પત્ર ૧૪૪અ, ૧૮૪અ અને ૧૮૭આ

પૃ. ૧૧૩, પ. ૧૯. 'પ્રસિદ્ધિ'ની પૂર્વે ઉમેરો : વિશેષ.

'શકાય' પછી ઉમેરો : બાકી આ નામનો ઉલ્લેખ **સુમતિગણિ**એ વિ સં. ૧૨૯૫મા તો કર્યો જ છે

પૃ. ૧૧૪, અ તિમ પંક્તિ અંતમા ઉમેરો :

'દક્ષિણવિહારી' **અમરવિજયજી**એ **તત્ત્વત્રયીમીમાંસા** (ખ ડ ૧–૨)-માં આ બાબત ચર્ચી છે આ પુસ્તક શિનોરથી "જૈન સ ઘ સમસ્ત" તરફથી ઇ. સ. ૧૯૩૨મા છપાવાયુ છે.

---

૧ આ સ બ ધમા જુઓ મારો લેખ "ધર્મલાભ અને વર્તમાન યોગ". આ લેખ "જૈ૦ધ૦પ્ર૦" (પુ. ૭૨, અં ૨ અને ૩-૪)માં બે કટકે છપાયો છે.

પૃ. ૧૧૫, પં. ૮. ‘ભગવદ્‌ગીતા’ને અંગે નીચે મુજબનું ટિપ્પણ ઉમેરો :—

આ સંબંધમાં જુઓ મારો લેખ નામે “જૈન સાહિત્યમાં ભગવદ્‌ગીતા”. આ લેખ “જૈ૦ધ૦પ્ર૦” (પુ ૭૭, અ. ૧૦)માં છપાયો છે

પૃ. ૧૧૬, પં. ૯. અંતમાં ઉમેરો. આ શ્લોક **વિસેસા૦** (ગા. ૧૫૫૩)ની ‘મલધારી’ હેમચન્દ્રસૂરિકૃત **શિષ્યહિતા**માં જોવાય છે.

પૃ ૧૧૬, પં. ૧૮. અંતમાં ઉમેરો :

વૃત્તિ—આગમોદ્ધારકે **નૃતત્ત્વનિગમ** ઉપર ૧૧૨ શ્લોક જેવડી વૃત્તિ રચી છે. એ અપૂર્ણ છે [1]

પૃ. ૧૧૭, પં. ૧ આ નામ **ત૦સૂ૦** (અ. ૧, સૂ. ૩)ની સિદ્ધસેનગણિકૃત ટીકા (પૃ ૩૭)માં ઉલ્લેખાયેલ **સિદ્ધિવિનિશ્ચય**નું અને જિનદાસગણિકૃત **નિસીહવિસેસચુણ્ણિ** (ભા ૧, પૃ. ૧૬૨)-ગત [2]**સિદ્ધિવિણિચ્છય**નું સ્મરણ કરાવે છે. **સિદ્ધિવિનિશ્ચય** નામની દિગંબરીય કૃતિની જેમ શ્વેતાંબરીય અને યાપનીય કૃતિ પણ છે દા. ત. **શાકટાયને** રચેલા **સ્ત્રીમુક્તિપ્રકરણ**ની ટીકામાં **શિવસ્વામી**એ રચેલા **સિદ્ધિવિનિશ્ચય**ની બે કારિકા ઉદ્ધૃત કરાઈ છે. વળી **શાકટાયન**-કૃત **શબ્દાનુશાસન** (૧-૩-૧૬૮)ની **અમોઘવૃત્તિ**માં શિવાર્યકૃત **સિદ્ધિવિનિશ્ચય**નો ઉલ્લેખ છે

આ હિસાબે હરિભદ્રસૂરિએ **ન્યાયવિનિશ્ચય** નામની કૃતિ રચ્યાની વાતને અમુક અંશે સમર્થન મળે છે.

પૃ. ૧૨૦, પં. ૬. અંતમાં ઉમેરો: **થયપરિણ્ણા**ને અંગે મેં

---

૧ જુઓ **આ૦ શ્રુ૦** (પૃ ૪૮)

૨ આ નામ ‘**નિસીહ**ની પીઠિકા’ના ભાસ (ગા ૪૮૬)ની **નિસીહ-વિસેસચુણ્ણિ** (ભા, ૧, પૃ. ૧૬૨)માં છે.

"થયપરિણ્ણા (સ્તવપરિજ્ઞા) અને એની યશોવ્યાખ્યા" એ નામનો લેખ લખ્યો છે અને એ "જૈ૦સ૦પ્ર૦" (વર્ષ ૨૧, અં. ૧૨)માં છપાયો છે.

પૃ ૧૨૦, પં. ૭ અંતમા ઉમેરો :

શિલારૂઢ—પંચવત્થુગ તેમ જ **પંચાસગ** એ બને કૃતિઓને શિલારૂઢ કરાઈ છે.

પૃ. ૧૨૧, પં. ૭ અંતમા ટિપ્પણ ઉમેરો :

જુઓ "ભારતીય જ્ઞાનપીઠ, કાશી" તરફથી ઇ. સ ૧૯૬૦મા પ્રકાશિત **પંચસંગ્રહ**ની પ હીરાલાલ જૈનની હિન્દી પ્રસ્તાવના (પૃ ૧૪-૧૫)

પૃ ૧૨૫, પં. ૬. અંતમા ઉમેરો : આ ચુણ્ણિ અનેક દૃષ્ટાંતોથી તેમ જ **પંચવત્થુગ** વગેરે વિવિધ કૃતિઓમાના અવતરણોથી વિભૂષિત છે

પૃ. ૧૨૫, પં. ૧૬. અંતમાં ઉમેરો : **પંચાસગ** (પં ૨-૪)નો ગુજરાતી [1]અનુવાદ પં. **મેરુવિજયગણિએ** કર્યો છે

પૃ. ૧૩૨, પ. ૩. અંતમાં ઉમેરો : આ વિષયને અંગે મો. ગિ. કાપડિયાએ **જૈન દૃષ્ટિએ યોગ** નામનું [2]પુસ્તક રચ્યું છે.

પૃ ૧૩૩, પ . ૨. અંતમા ઉમેરો : શ્લો. ૧૮૧ **વિસેસા૦** (ગા. ૧૯૯૨) ઉપરની **શિષ્યહિતા**મા જોવાય છે.

---

૧ આ અનુવાદ "જૈ૦ગ્ર૦પ્ર૦સ૦" તરફથી ઇ સ ૧૯૫૧માં નિમ્નલિખિત નામથી પ્રકાશિત પુસ્તકના અંતમા (પૃ ૨૬૫–૩૦૦મા) અપાયો છે —

"શ્રીસંબોધપ્રકરણનો [તત્ત્વપ્રકાશાપરનામક] ગુજરાતી અનુવાદ".

૨ આ પુસ્તકની પહેલી આવૃત્તિ "જૈ૦ધ૦પ્ર૦સ૦" તરફથી વિ સં. ૧૯૭૧માં અને એની બીજી આવૃત્તિ "શ્રીમહાવીર જૈન વિદ્યાલય" તરફથી વિ. સ. ૨૦૧૦મા છપાવાઈ છે.

પૃ. ૧૩૫, પં. ૨. 'પૂર્વસેવા' ઉપર ટિપ્પણ ઉમેરો :

આ વિષય **અધ્યાત્મતત્ત્વાલોક** (પ્રકરણ ૨, શ્લો ૨–૪૩)મા તેમ જ એના ગુજરાતી અને અ ગ્રેજી વિવેચનમા નિરૂપાયો છે

પૃ. ૧૩૫, પં. ૩. 'અનુષ્ઠાન' ઉપર ટિપ્પણ ઉમેરો :

અ૦ત૦ (પ્ર. ૨)ના શ્લો ૪૪ના વિવેચનમા પાચ અનુષ્ઠાનો વિષે સમજણ અપાઈ છે **શ્રીપાલ રાજાનો રાસ** (ખ ડ ૪, ગા. ૭, કડી ૨૬–૩૩)મા ન્યાયાચાર્યે આ વિષય આલેખ્યો છે

પૃ ૧૩૬, પં. ૧૬. અ તમા ઉમેરો : **યોગબિન્દુ**નો શ્લો. ૪૩૨ **જયધવલા** (ભા. ૧, પૃ. ૬૬)મા કંઈક પરિવર્તનપૂર્વક જોવાય છે.

પૃ. ૧૩૭, પં. ૮–૯. આ પદ્ય **સૂયગડ** (૧, ૧, ૩, ૧૫)ની **શીલાંકસૂરિ**કૃત ટીકા (પત્ર ૪૮અ)મા અપાયુ છે.

પૃ. ૧૪૭, પં. ૧૮. 'વિવરણ' ઉપર ટિપ્પણ ઉમેરો :

વિ સ. ૧૯૬૧માં ૨૪૬૦ શ્લોક જેવડુ આ વિવરણ રચાયુ છે. ત્યાર બાદ વી. ૨ના આદ્ય પદ્ય ઉપર ૪૨૦૦ શ્લોક જેવડી અને પદ્ય ૨–૭ ઉપર ૨૫૦૦ શ્લોક જેવડી **દીપિકા** રચાઇ છે જુઓ **આ૦શ્રુ૦** (પૃ ૬૫–૬૬).

પૃ. ૧૫૨, પં. ૮. અ તમા ઉમેરો : શ્રીવિજયલાવણ્યસૂરિજીએ **શા૦વા૦સ૦** ઉપર **સ્યાદ્વાદવાટિકા** નામની સ સ્કૃતમા [1]ટીકા રચી છે અને તેમ કરવામા ઉપર્યુક્ત બંને ટીકાનો ઉપયોગ કર્યો છે.

---

૧ આ ટીકા મૂળ, સંક્ષિપ્ત ભાવાર્થ (ગુજરાતી), સટીક મૂળના સ સ્કૃત વિષયાનુક્રમ તેમ જ મૂળના પદ્યોના અકારાદિક્રમ સહિત કટકે કટકે "શ્રીવિજયનેમિસૂરીશ્વર ગ્ર થમાલા"મા છપાય છે અત્યાર સુધીમા ત્રણ ભાગ અનુક્રમે વિ. સ. ૨૦૧૦, ૨૦૧૨ અને ૨૦૧૬મા પ્રસિદ્ધ થયા છે. એમાં અનુક્રમે સ્તબક ૧ (શ્લો. ૧–૧૧૨), સ્ત ૨–૩ (શ્લો. ૧૧૩–૨૩૬) અને સ્ત ૪–૬ (શ્લો. ૨૩૮–૪૭૬)ને સ્થાન અપાયુ છે. ચતુર્થ સ્તબકનો શ્લોકાંક ૨૩૭ને બદલે ૨૩૮ અપાયો છે તે ભૂલ છે. વિશેષમા ત્રીજા ભાગમા પદ્યાનુક્રમણિકા નથી.

પૃ. ૧૫૨, પં. ૧૦. અંતમાં ઉમેરો :

પરિશિષ્ટ—આગમોદ્ધારકે **શા.વા.સ.**ને અંગે ૮૦ શ્લોક જેવડું આ **પરિશિષ્ટ** રચ્યું છે.[૧]

પૃ. ૧૫૨, પં. ૧૨. અંતમા ઉમેરો:

સંક્ષિપ્ત ભાવાર્થ—આ ગુજરાતી ભાવાર્થ પં. સુશીલવિજયગણિએ પહેલા ૭ સ્તબકો પૂરતો તૈયાર કર્યો છે અને એ છપાવાયો છે.[૨] આ સ્તબકોના પદ્યોની સંખ્યા અનુક્રમે ૧૧૨, ૮૧, ૪૩, ૧૩૭, ૩૯ અને ૬૩ છે.

પૃ. ૧૫૨, પં. ૧૭. અંતમા ઉમેરો :

(૧૪૮ અ) શ્રાવકધર્મ

આ **સાવગધમ્મ** નામની કૃતિનુ સંસ્કૃત નામ હોઈ એનો પૃ. ૧૭૯મા વિચાર કરાયો છે.

પૃ. ૧૫૩, પં. ૩. અંતમા ઉમેરો: **અને એની (૧૫૩) સ્વોપજ્ઞ ટીકા**

પૃ. ૧૫૩, પં. ૪. 'આ'ને બદલે 'શ્રાવકધર્મસમાસ' વાચો અને 'આનો' પછી ઉમેરો: અને એની સ્વોપજ્ઞ ટીકાનો

પૃ. ૧૫૩, પ. ૧૩. અંતમા ઉમેરો :

(૧૫૬) શ્રાવકસામાચારી

મ. કિ મહેતાના મતે આ **શ્રાવકધર્મવિધિનું** નામાતર છે. એ વાત સાચી જ હોય તો એનો પરિચય પૃ. ૧૭૯મા આવી જાય છે.

પૃ. ૧૫૬, પં. ૨. 'વૈશેષિક' પછી ઉમેરો: શ્લો. ૬૮-૭૭મા જૈમિનીય અને શ્લો. ૮૦-૮૬માં ચાર્વાક.

૧ જુઓ **આ૦શ્રુ૦** (પૃ. ૬૯).

૨ જુઓ પૃ ૮૫, ટિ. ૧.

પૃ. ૧૫૭, ટિ. ૪. અંતમાં ઉમેરો:

આ ટીકાનો જૈન દર્શન પૂરતો ગુજરાતી અનુવાદ થયેલો છે અને એ છપાયો છે. જુઓ પં. ૭.

પૃ. ૧૫૮, પં. ૬. અંતમા ઉમેરો :

અનુવાદ અને ભાષાંતર—પં. બેચરદાસે **ષડ્૦ સ૦**ગત જૈન દર્શન તેમ જ એને અંગેની **ત૦ર૦દી૦**નો ગુજરાતી અનુવાદ કર્યો છે, અને એ **જૈન દર્શન** (પૃ. ૧-૧૮૯)મા છપાયો છે. વિશેષમા અજૈન દર્શનોનું એમણે વિવેચનપૂર્વક કરેલુ સંક્ષિપ્ત ભાષાતર આની પહેલાના પૃ. ૬૩-૮૦મા અપાયું છે.

પૃ. ૧૫૯, પં. ૧૯. આ લેખ નીચે મુજબના અંકોમા છ કટકે છપાયો છે:—

વ. ૧૬, અ. ૨, ૩, ૫, ૭, ૧૦ અને ૧૧-૧૨.

પૃ. ૧૬૦, પં. ૮ અંતમા ઉમેરો: તેમ છતા **શ્રીકં**ઠના શિવાદ્વૈત વગેરે કેટલીક દાર્શનિક પરંપરાઓને એમા સ્થાન અપાયું નથી એમ પં. સુખલાલે કહ્યું છે.[૧]

પૃ. ૧૬૧, પં. ૨૪. અંતમા ઉમેરો :

બાકીના ગ્રંથો પૈકી નવમા નામે "धर्मविन्दुवृत्तिस्थपद्यानि" સિવાયના નવ ગ્રંથો હારિભદ્રીય છે. એના નામ મુખપૃષ્ઠ ઉપર નીચે મુજબ અપાયા છે.

યો૦દ૦સ૦, યોગબિન્દુપ્રકરણ, **શા૦વા૦સ૦**, ષડ્દર્શનસમુચ્ચય, **દ્વા**ત્રિંશદષ્ટકપ્રકરણ, **લો**કતત્ત્વનિર્ણય, **ધર્મ**બિન્દુપ્રકરણ, હિંસાફલાષ્ટક અને **સર્વ**જ્ઞસિદ્ધિ

નવમા (ધર્મ૦) ગ્રંથમા ૧૧૭ પદ્યો છે. એમા **યોગબિન્દુ** વગેરેના પદ્યોનો સમાવેશ કરાયો નથી.

પૃ. ૧૬૪, પં. ૨. અંતમા ઉમેરો :

૧ જુઓ "મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય" (વડોદરા) તરફથી ઇ. સ. ૧૯૫૮મા પ્રકાશિત **ભારતીય તત્ત્વવિદ્યા** (પૃ. ૩૦)

ષોડશકશ્લોક—આ નામની વ્યાખ્યા આગમોદ્ધારકે **ષોડશક** (ષો ૧-૨) પૂરતી ૧૪૨ (૫૯+૮૩) પદ્યમા વિ. સં. ૧૯૮૪માં રચી છે.[1]

પૃ ૧૬૪, પં. ૬. '૧૧૮' ઉપર ટિપ્પણ ઉમેરો :

આ૦શ્રુ૦ (પૃ ૧૨૩)માં તો ૫૮ મુદ્રિત થયાનો અને પૃ ૧૨૫માં ૨૭ અમુદ્રિત હોવાનો ઉલ્લેખ છે વ્યા. ૨૪-૫૮ "જૈ. પુ. પ્ર સ." તરફથી "આગમોદ્ધારસ ગ્રહ ૧૪" તરીકે વિ સ ૨૦૧૩મા છપાવાયા છે.

પૃ ૧૬૬, પં ૩. અંતમા ઉમેરો : આ સબંધમા મેં "સંસાર-દાવાનલસ્તુતિ અને એની પાદપૂર્તિ" નામના [2]લેખમાં વિશેષ વિચાર કર્યો છે.

પૃ. ૧૬૬, પં. ૧૦. અંતમા ઉમેરો :

પદ્યાત્મક અનુવાદો—મેં બે પદ્યાત્મક અનુવાદો ગુજરાતીમાં કર્યા છે અને એમાનો એક 'સમશ્લોકી' છે, અને એ બ ને છપાયા છે.[3]

પૃ. ૧૬૮, પં. ૮. 'છે.' ઉપર ટિપ્પણ ઉમેરો :

જુઓ **કુવલયમાલા** (ભા. ૧, પૃ. ૪)ગત નિમ્નલિખિત પદ્ય :—

"जो इच्छइ भवविरहं भवविरहं को ण वन्दए सुयणो ।
समयसयसत्थगुरुणो **समरमियङ्का कहा** जस्स ॥"

---

૧ જુઓ **આ૦શ્રુ૦** (પૃ ૭૨).

૨ આ લેખ "આ૦પ્ર૦" (પુ ૫૧, અ. ૬, ૭)માં છપાયો છે.

૩ સાદો અનુવાદ "આ૦પ્ર૦" (પુ ૫૦, અ. ૭), "ગુ મિત્ર તથા ગુ દર્પણ"ના તા. ૫-૧-'૫૩ના અક અને "દિગબર જૈન" (વ. ૪૬, અં ૩)માં છપાયો છે, જ્યારે 'સમશ્લોકી' અનુવાદ "આ૦પ્ર૦" (પુ. ૫૦, અ. ૮, ૯) તેમ જ "ગુ. મિત્ર તથા ગુ દર્પણ"ના તા. ૯-૨-'૫૩ના અકમા છપાયો છે

પૃ. ૧૭૦, પં. ૧૨. અંતમા ઉમેરો :

કષ ઇત્યાદિ—સ૦ચ૦ (ભવ ૮, પત્ર ૭૯૦ ઈ.)મા સુવર્ણના કષાદિ વિષે ઉલ્લેખ છે.

પંડુર-ભિક્ખુ—સ૦ચ૦માં કહ્યુ છે કે "गोरसवज्जणाइओ नियम-किरियाकलावो". અર્થાત્ ગોરસનો ત્યાગ વગેરે પાડુર-ભિક્ષુનુ મુખ્ય ક્રિયાવ્રત છે.

પંચતંત્ર (૩-૧)મા 'શ્વેતભિક્ષુ'ને ધૂર્ત કહ્યો છે. એ શ્વેતભિક્ષુ તે 'પંડુર-ભિક્ખુ' જ છે?

પૃ. ૧૭૦, ટિ. ૨. અંતમા ઉમેરો :

આ સબંધમા મેં નિમ્નલિખિત લેખ લખ્યો છે અને એ JUB (Vol. XXII, pt. 2)મા છપાયો છે.

"Detection of Poison in Food (by noting its effects on Birds and Beasts.)"

અર્થશાસ્ત્ર (અધિ. ૧, અ. ૨૦. પ્રક. ૧૭, પૃ. ૪૦-૪૧)મા વિષ-પરીક્ષા' છે.

પૃ. ૧૭૧, ટિ. ૧. અંતમા ઉમેરો :

ઉપમિતિ૦ (પૃ ૭૫૨, **ચાકોબી**)મા આ શબ્દાલંકારને સ્થાન અપાયુ છે

પૃ. ૧૭૪, પં. ૧૪. અંતમાં ઉમેરો :

અનુવાદ—સ૦ચ૦ (ભવ ૧, ૨ અને ૬)ના અંગ્રેજી અનુવાદો થયેલા છે અને એ છપાયા છે.[1] ચતુર્થ ભવગત "[2]યશોધરચરિત્ર"નો

૧ જુઓ પૃ ૧૬૭, ટિ. ૧.

૨ પ્રભંજને **યશોધરચરિત્ર** રચ્યાનો **કુવલયમાલા**મા ઉલ્લેખ છે.

અંગ્રેજીમા સારાશ પ્રો. કૃષ્ણકાન્ત હંડિકુઇએ[1] Yaśastilaka and Indian Culture નામના પુસ્તક (પૃ. ૪૩–૪૬)માં આપ્યો છે. વિશેષમા **સોમદેવ**કૃત [2]**યશસ્તિલક** સાથે એની તુલના કરી છે.

પૃ. ૧૭૯, પ. ૧૮. અંતમા ઉમેરો : પ્રસ્તુત કૃતિનો વિચાર પૃ. ૯૪મા કરાયો છે તે અહીં લક્ષ્યમાં લેવો.

પૃ ૧૭૯, પ. ૧૮. અંતમા ઉમેરો :

ઉદ્ધરણ—દેવેન્દ્રસૂરિએ સડ્ઢદિણકિચ્ચમા આ કૃતિની ગા. ૧૧૨–૧૧૬ ગા. ૨–૬ તરીકે ઉદ્ધૃત કરી છે, જ્યારે ગા ૧૧૨ **વન્દિત્તુ-સુત્ત** ઉપરની **શકસંવત્** ૮૨૦મા **પાર્શ્વસૂરિએ** રચેલી વૃત્તિ (પત્ર ૧૪-૧૫)મા જોવાય છે.

પૃ. ૧૮૦, પં. ૩. અતમાં ઉમેરો : ‘ સાવગધમ્મસમાસ ’ નામ જિનભદ્રગણિક્ષમાશ્રમણકૃત **સમયખિત્તસમાસ** અને ઉમાસ્વાતિએ રચેલા મનાતા **જંબૂદ્વીપસમાસ**નુ સ્મરણ કરાવે છે.

પૃ. ૧૮૫, પં. ૧૦. અતમા ઉમેરો :

(૧) **અંગવિજ્જા.** (અંગવિદ્યા).

પૃ. ૧૮૬, પં. ૧૨. અંતમા ઉમેરો :

અંગવિદ્યા ટીકા—અંગવિજ્જા ઉપર હરિભદ્રસૂરિએ ટીકા રચ્યાનો ઉલ્લેખ **જિ૦૨૦કો૦** (વિ. ૧, પૃ. ૨)મા છે, પણ એઓ કોણ તે જાણવું બાકી રહે છે.

---

૧ આમા પૃ. ૪૯૨, ટિ.મા **દીઘનિકાય** (XXI, ૨૬)માથી નીચે મુજબનું અવતરણ અપાયું છે —

“ चतुधा विभजे भोगे, सवे मित्तानि गंयति, एकेन भोगेन भुंजेय्य, द्वीहि कम्म पयोजये, चउत्थ च निधापेय्य आपदासु भविस्सति ”

૨ આના ત્રીજા ઉચ્છ્વાસના શ્લો. ૩૩૮-૩૪૦માં ‘ વિષપરીક્ષા ’ વિષેની હકીકત છે.

પૃ. ૧૮૯, પં. ૨૧. અંતમા નીચે મુજબની કંડિકાઓ ઉમેરો :

વીસ અનુયોગદ્વાર—મતિજ્ઞાનનું વીસ અનુયોગદ્વારપૂર્વકનું નિરૂપણ **શિષ્યહિતા** (પત્ર ૧૯–૨૧અ)માં છે.

વિધિ—**શિષ્યહિતા** (પત્ર ૭૮૫આ–૭૯૪આ)મા **આવસ્સય**ની ચુણ્ણિના સમય પૂર્વેની આવશ્યક ક્રિયાની–પ્રતિક્રમણની વિધિ દર્શાવાઈ છે. **યોગશાસ્ત્ર** (પ્ર. ૩)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૨૪૭આ–૨૫૦અ)માં આ વિધિને અંગે [1]૩૩ ગાથાઓ અપાઈ છે.

આદેશ—**આવસ્સય**ની નિજ્જુત્તિ (ગા. ૧૦૨૩)મા ૫૦૦ આદેશોનો બાધેભારે ઉલ્લેખ છે અને એ પૈકી **મરુદેવી** સબધી એક આદેશનો સ્પષ્ટ નિર્દેશ છે, જ્યારે આને અંગેની હારિભદ્રીય ટીકા (પત્ર ૪૬૫અ-૪૬૫આ)મા ચાર આદેશ સ્પષ્ટ દર્શાવાયા છે [2]

પૃ ૧૯૦, પં. ૨૩ અંતમા ઉમેરો .

સામ્ય—**શિષ્યહિતા** (પત્ર ૩૫૯આ–૩૬૦આ)મા ઇલાપુત્રની જે કથા અપાઈ છે તે બહુ થોડા ફેરફારપૂર્વક **આવસ્સય**ની ચુણ્ણિ (ભા. ૧, પત્ર ૪૮૪-૪૮૫)માં જોવાય છે. **લોગસ્સ**નાં પદોનો જે અર્થ **શિષ્યહિતા** (પત્ર ૪૯૪આ)માં છે અને આ **લોગ**સ્સના પ્રથમ પદગત ‘ અરિહંત ’ માટે વપરાયેલા વિશેષણોનું જે સાફલ્ય આ **શિષ્યહિતા** (પત્ર ૫૦૦આ–૫૦૧આ)મા દર્શાવાયુ છે એ બંને બાબતો લગભગ અક્ષરશઃ **લલિતવિસ્તરા**મા એકસાથે પત્ર ૯૦આ–૯૧આમા જોવાય છે

પૃ. ૧૯૩, પં. ૬, અંતમા ઉમેરો :

---

૧ આ ગાથાઓ એના અનુવાદ સહિત **શ્રીપ્રતિક્રમણસૂત્ર પ્રબોધ-ટીકા** (ભા ૩, પૃ. ૮૨૪–૮૩૨)મા અપાઈ છે.

૨ આદેશોને લગતા કેટલાક ઉલ્લેખોની નોંધ બૃહત્કલ્પ (ભા. ૧, પૃ. ૪૫, ટિ)મા અપાઇ છે.

[1]ટિપ્પન યાને પ્રદેશવ્યાખ્યાનક—'મલધારી' અભયદેવસૂરિના શિષ્ય અને ભૂતપૂર્વ રાજમંત્રી [2]હેમચન્દ્રસૂરિએ હારિભદ્રીય **આવશ્યકલઘુવૃત્તિ**ના દુર્ગમ સ્થળોના સ્પષ્ટીકરણરૂપે આ ૪૬૦૦ શ્લો જેવડું **ટિપ્પન** સંસ્કૃતમાં વિ. સં. ૧૧૫૦ના અરસામાં રચ્યું છે. આ **ટિપ્પન**માં પ્રારંભમાં જોકે એનું 'આવશ્યકટિપ્પન' નામ છે, છતાં પુષ્પિકા પ્રમાણે એનું નામ 'આવશ્યકવૃત્તિ-પ્રદેશવ્યાખ્યાનક' છે. આ **ટિપ્પન**ની શૈલી સુબોધ છે. પ્રથમ શબ્દાર્થ અને ત્યાર બાદ ભાવાર્થ અપાયેલ છે.

પૃ. ૧૯૫ પં. ૧. 'લોગસ્સ' ઉપર નીચે મુજબનું ટિપ્પણ ઉમેરો :

આનો પરિચય મે "લોગસ્સસુત્તનું વિહંગાવલોકન" નામના મારા લેખમાં આપ્યો છે આ લેખ "જૈન" (સાપ્તાહિક)ના તા ૧૧-૩-'૬૧ના અંકમાં છપાવાયો છે

પૃ. ૨૦૨, પં. ૧૦. અંતમાં ઉમેરો :

યાપનીય તન્ત્રમાંથી અવતરણ—લ૰વિ૰ (પત્ર ૧૦૯આ)મા નીચે મુજબ જોવાય છે.—

"णो खलु इत्थि अजीवो, ण यावि अभव्वा, ण यावि दंसणविरोहिणी, णो अमानुसा, णो अणारिउप्पत्ती, णो असङ्खेज्जाउया, णो अइकूरमई, णो ण उवसन्तमोहा, णो ण सुद्धाचारा, णो असुद्धवोन्दी, णो ववसायवज्जिया, णो अपुव्वकरणविरोहिणी, णो णवगुणठाणरहिया, णो अजोगा लद्धीए, णो अकल्लाणभावणं ति कहं न उत्तमधम्मसाहिग त्ति ।

પૃ. ૨૦૩, પં ૧૦. અંતમા ઉમેરો :

---

૧ આ "દે. લા. જૈ પુ. સંસ્થા" તરફથી ઈ. સ. ૧૯૨૦મા છપાવાયું છે.

૨ એમણે દસ ગ્રંથો રચ્યા છે. એના નામ DCGCM (Vol XVII, pt. 3, p 460)માં મેં નોંધ્યા છે. એ દસેનો પરિચય **ગણધરવાદ** (પૃ. ૫૩-૫૯)મા અપાયો છે. આ દસનું પરિમાણ પોણો લાખ શ્લોક કરતા કંઈક વધારે છે.

[1]**વિસ્તૃત વિવેચન**—આ ગુજરાતી વિવેચન ડૉ. **ભગવાનદાસ** મનઃસુખલાલ મહેતાએ તૈયાર કર્યું છે. એ ચૈત્યવન્દનના સૂત્રો તેમ જ **લ૦વિ૦**ના સ્પષ્ટીકરણરૂપ છે.

[2]**વિવેચના**—આ શ્રીવિજયપ્રેમસૂરિના પ્રશિષ્ય અને શ્રીવિજય-રામચન્દ્રસૂરિના શિષ્ય **ભાનુ**વિજયગણિએ તૈયાર કર્યું છે. એ દ્વારા એમણે **શક્રસ્તવ**ના 'લોગપજ્જોઅગરાણં' સુધીના ભાગનો અને સાથે સાથે એને લગતી **લ૦વિ૦**ના અંશનો ભાવાર્થ રજૂ કર્યો છે.

[3]**અનુવાદ**—આ શ્રીવિજયલબ્ધિસૂરિના પ્રશિષ્ય અને શ્રી-**વિ**જયભુવન તિલકસૂરિના શિષ્ય પં. **ભદ્ર**ંકરવિજયગણિની ગુજરાતી કૃતિ છે.

પૃ ૨૦૮, પં. ૫. 'ગાથાઓ' ઉપર નિમ્નલિખિત ટિપ્પણ ઉમેરો:

આ પાચે પદ્યો **પવયણસારુદ્ધાર**મા ગા ૬૬૪-૬૬૮ તરીકે જોવાય છે. એના ઉપરની **સિદ્ધસેન**સૂરિકૃત વૃત્તિ (પત્ર ૧૮૮આ)મા આ સબંધમાં

---

૧ આને **લલિતવિસ્તરા સવિવેચન**ના નામથી જે પુસ્તક શ્રીમતી **કં**ચનબહેન ભગવાનદાસ મહેતા અને "જૈન એસોસિએશન ઑફ ઇન્ડિયા" (મુબઈ) તરફથી ઈ.સ. ૧૯૬૦મા પ્રકાશિત કરાયુ છે તેમા સ્થાન અપાયું છે. આ પુસ્તકમા ચૈત્યવદનના સૂત્રો, **લ૦વિ૦** તેમ જ **મુનિચન્દ્ર**સૂરિકૃત પજિકામાના ઉદ્ધરણો અને એનું ડૉ. **મ**હેતાએ કરેલુ સ્પષ્ટીકરણ તથા એમનો ગુજરાતી ઉપોદ્ઘાત અપાયેલા છે વિશેષમા પ્રારભમા **શક્રસ્તવ** આઠ પાખડીના કમળ દ્વારા રજૂ કરાયો છે.

૨ આ **પરમતેજ** (ભા. ૧) કે જે "દિવ્ય દર્શન સાહિત્ય સમિતિ" તરફથી અમદાવાદથી ઈ સ. ૧૯૫૯મા છપાવાયુ છે તેનો એક અંશ છે. આ પુસ્તકમા **શક્રસ્તવ**નો ઉપર્યુક્ત ભાગ અને એને લગતી **લ૦વિ૦** છે.

૩ આને "લલિતવિસ્તરા (ભા. ૧)"ના નામથી ઈ સ ૧૯૫૯માં "લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રથમાલા"મા પ્રસિદ્ધ થયેલા પુસ્તકમા સ્થાન અપાયું છે. એમાં **શક્રસ્તવ**, અનુવાદકે લખેલ પ્રસ્તાવના અને ટિપ્પણો તેમ જ **હરિભદ્રસૂ**રિની સક્ષિપ્ત જીવનરેખા છે.

નિસીહવિસેસચુણ્ણિમાંથી પદ્યાત્મક [1]અવતરણ અપાયું છે એટલું જ નહિ પણ વણિક જનોના ઉદ્ધાર-નિક્ષેપાદિનો આધાર તે 'સંપુટક' નામનું ઉપકરણ એમ અહીં કહ્યું છે

પૃ. ૨૧૦, પં. ૭. 'છે' પછી ઉમેરો : આમ કરવું ઉચિત નથી. **ગણધરવાદ**ની પ્રસ્તાવના (પૃ. ૪૫)મા તો આને **આવસ્સય**ની નિજ્જુત્તિનો અંશ કહ્યો છે. વિશેષમા અહીં આના કર્તા જિનભદ્રગણિ નથી એમ સૂચવાયું છે પરંતુ આ [2]**ઝાણજ્ઝયણ**ના અંતિમ-૧૦૬મા પદ્યમાં જિણભદ્દ ખમાસમણનો [3]ઉલ્લેખ છે તેનુ શું ?

હારિભદ્રીય ટીકામા આ કૃતિને મહાર્થક હોઈ શાસ્ત્રાન્તરરૂપા કહી છે.

ટીકા—ઝાણજ્ઝયણ ઉપર એક અજ્ઞાતકર્તૃક ટીકા છે.[4]

પૃ. ૨૧૨, પં. ૪. અંતમા ઉમેરો :

ટિપ્પણ—'મલધારી' હેમચન્દ્રસૂરિએ **નન્દિ-ટિપ્પણ** રચ્યું છે. એ ટિપ્પણ હારિભદ્રીય **નન્દાધ્યયનવૃત્તિ**ને અંગેનું હશે એમ આ સૂરિકૃત **આવશ્યકટિપ્પણ** વિચારતા ભાસે છે ખરું, પરંતુ એ બાબત ચકાસી જોવા માટે તો **નન્દિ-ટિપ્પણ**ની એક પણ હાથપોથી મળવી જોઈએ, જોકે અદ્યાપિ તો એકે મળી આવી નથી

પૃ ૩૨૮, અંતિમ પ ૧૯૨૦ પછી ઉમેરો :

---

૧ આ અવતરણનો ઉપયોગ હરિભદ્રસૂરિએ પાચ પદ્યો રચવામાં કર્યો હોય એમ લાગે છે.

૨ **આવસ્સય**ની નિજ્જુત્તિ (ગા. ૧૨૯૭) પછી શરૂ કરાયેલી આ કૃતિ હારિભદ્રીય ટીકા તેમ જ એને લગતા 'મલધારી' હેમચન્દ્રસૂરિકૃત **ટિપ્પન** સહિત "શ્રીવિનય-ભક્તિ-સુન્દર-ચરણ-ગ્રન્થમાલા"ના ત્રીજા પુષ્પ તરીકે વિ. સં. ૧૯૭૯મા છપાવાઇ છે

૩ જુઓ DCGCM (Vol. XVII, pt. 3, p 416)

૪ જુઓ **જિ.ર.કો.** (વિ. ૧, પૃ. ૧૯૯).

Bashamના હાથે રચાયેલુ અને Luzac & Co. Ltd. તરફથી ઈ. સ. ૧૯૫૧મા પ્રકાશિત નિમ્નલિખિત પુસ્તક.

"History and Doctrine of the Ājīvikas: a vanished Indian Religion"

પૃ. ૨૧૫, પં. ૮. '૧૧૮૫' ઉપર ટિપ્પણ ઉમેરો :

જેસલમેરના ભંડારની એક તાડપત્રીય પ્રતિમા 'પચ્ચાસી' સૂચક અક્ષરો જ સ્પષ્ટ છે એટલે આ વર્ષ વિચારણીય મનાય—જુઓ **ગણધરવાદ** (પૃ. ૨૨૨).

પૃ. ૨૨૧, પં. ૧૭. અંતમા ઉમેરો: 'પૃથક્ત્વ'નો અર્થ વગેરે બાબત મેં "A Note on Pṛthaktva" નામના મારા [1]લેખમાં વિચારી છે.

પૃ ૨૨૩, પં. ૮. અંતમા ઉમેરો :

ન્યાયાવતારદીપિકા—આ આગમોદ્ધારકે **ન્યાયાવતાર** ઉપર વિ. સં. ૧૯૬૬મા ૩૨૧૫ શ્લોક જેવડી સંસ્કૃતમા રચેલી **દીપિકા** છે.[2]

પૃ. ૨૨૩, અંતિમ પંક્તિ. અંતમાં ઉમેરો :

શિલારૂઢ—જે કેટલાક અનાગમિક ગ્રન્થો શિલારૂઢ કરાયા છે તેમાં આ **પંચસુત્તગ**નો પણ સમાવેશ થાય છે

પૃ. ૨૨૫, પં. ૧૬. અંતમા ઉમેરો :

વાર્તિક અને તર્કાવતાર—આગમોદ્ધારકે **પંચસુત્તગ** ઉપર વિ. સં. ૨૦૦૫મા ૨૯૦૦ શ્લોક જેવડું [3]**વાર્તિક** અને એ જ વર્ષમાં ૧૦૦૧ શ્લોક જેવડો [4]**તર્કાવતાર** રચેલ છે

---

૧ જુઓ **આ૦ શ્રુ૦** (પૃ. ૫૦)

૨ આ લેખ J U B (Vol XXI, No. 2)માં છપાવાયો છે.

૩–૪ જુઓ **આ૦ શ્રુ૦** (પૃ. ૫૩).

પૃ. ૨૨૬, પં. ૬. અંતમા ઉમેરો : ગમે તેમ પણ **પ્રશમરતિની** ઉપર્યુક્ત વૃત્તિ વૃદ્ધ ટીકાઓ જોઈને રચાયાનો એની પ્રશસ્તિમા ઉલ્લેખ છે. એ વિચારતાં એ વૃદ્ધ ટીકાઓ પૈકી કોઈ એક ટીકા પ્રસ્તુત હરિભદ્ર-સૂરિએ રચી હોય તો ના નહિ.

પૃ. ૨૩૦, પ. ૧૧. અંતમા ઉમેરો :

આદર્શ અને એનો ઉદ્ધાર—દેવેન્દ્રસૂરિકૃત **ચેઇયવન્દણ-ભાસ** ઉપરની ધર્મઘોષસૂરિકૃત ટીકામા કહ્યું છે કે **મહાનિસીહનો** જે પ્રાચીન આદર્શ મથુરામા સુપાર્શ્વનાથના સ્તૂપમા હતો તે મેં (હરિભદ્રસૂરિએ) પંદર દિવસના ઉપવાસ કરવાથી શાસનદેવીએ મને આપ્યો. એ આદર્શ ખંડિત હોવાથી તેમ જ એના કેટલાંક પત્રો ઉધઈને લઈને સડી ગયા હતાં તે પ્રવચનના વાત્સલ્યથી, ભવ્ય જીવોને ઉપકારક થનાર હોવાથી તેમ જ આત્મકલ્યાણાર્થે આચાર્ય હરિભદ્રે પોતાની મતિ પ્રમાણે સુધારીને લખ્યા.

પૃ. ૨૪૦, પં. ૨. અંતમા ઉમેરો :

(૨૧ અ) પ્રતિક્રમણની વિધિ વ્યવસ્થિત રીતે દર્શાવનાર તરીકે હરિભદ્રસૂરિ સૌથી પ્રથમ હોય એમ લાગે છે.

પૃ. ૨૪૨, પં. ૩. અંતમા ઉમેરો :

(૩૨ અ) **થયપરિણ્ણા** જેવા અનુપલબ્ધ ગ્રંથમાથી ઉદ્ધરણ આપ્યાં છે. કળાકૌશલ્યાદિના કાર્ય કરનારાને પુરસ્કાર માગ્યા કરત પણ વિશેષ આપવાની અમૂલ્ય સૂચના હરિભદ્રસૂરિએ એ દ્વારા કરી છે

(૩૨આ) **પંચવત્થુગમા** ચર્ચાયેલા વિષયોનુ તાર્કિક દૃષ્ટિએ નિરૂપણ કરનાર તરીકે હરિભદ્રસૂરિ આદ્ય સ્થાન ભોગવે છે.

પૃ. ૨૪૨, પ. ૫. અંતમા ઉમેરો : આ ટીકામાંથી અવતરણ આપનાર તરીકે પણ હરિભદ્રસૂરિ પ્રથમ હશે.